
# અષ્ટપાહુડ અમૃત

## ભાગ ૬



ॐ

નમઃ સિદ્ધેભ્યઃ

# અષ્ટપાહુડ અમૃત

(ભાગ–૬)

(શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ પ્રણીત શ્રી અષ્ટપાહુડ પરમાગમ ઉપર અધ્યાત્મયુગપ્રવર્તક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ઈ.સ. ૧૯૭૩-૭૪ની સાલના પ્રવચનો)


પ્રકાશક

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ

સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

સહપ્રકાશક

શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ

મુંબઈ

વિક્રમ સંવત
૨૦૭૮

વીર સંવત
૨૫૪૮

ઈ. સન
૨૦૨૨

**પ્રકાશન**
ભાદરવા વદ-૧, તા. ૧૧-૯-૨૦૦૨
ક્ષમાવણી પર્વના પ્રસંગે

**પ્રાપ્તિ સ્થાન**
૧. શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ,
સોનગઢ (સૌરાષ્ટ્ર)-૩૬૪૨૫૦. ફોન-૦૨૮૪૬-૨૪૪૩૩૪
૨. શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ
૩૦૨, કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વી. એલ. મહેતા માર્ગ,
વિલે પાર્લા (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૬
ફોન-(૦૨૨) ૨૬૧૩૦૮૨૦, ૨૬૧૦૪૯૧૨, ૬૨૩૬૯૦૪૬
www.vitragvani.com, email-info@vitragvani.com

**ટાઈપ સેટિંગ**
**પૂજા ઈમ્પ્રેશન્સ**
ભાવનગર
મો. ૯૭૨૫૨૫૧૧૩૧

## પ્રકાશકીય નિવેદન

મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી,
મંગલં કુંદકુંદાર્યો, જૈન ધર્મોસ્તુ મંગલં.

ઉપરોક્ત મંગલાચરણમાં શાસનનાયક મહાવીરસ્વામી બાદ શ્રી ગૌતમ ગણધરને નમસ્કાર કરી જેમને ત્રીજા ક્રમાંકે નમસ્કાર કરવામાં આવે છે એવા ભરતના સમર્થ આચાર્ય શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ વર્તમાન જૈનશાસનના શાસનસ્તંભ છે, જેમણે મૂળ મોક્ષમાર્ગને શાસ્ત્રમાં જીવંત રાખી અનેકાનેક ભવ્ય જીવો પર અસીમ ઉપકાર કર્યો છે. સાંપ્રત જૈનસમાજ શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવથી સુચારુરૂપે પરિચીત છે જ. તેમ છતાં તેમના પ્રત્યેની ભક્તિથી પ્રેરાઈને તેઓશ્રી પ્રત્યે ઉપકાર વ્યક્ત કર્યા વિના રહી શકાતું નથી.

તેઓશ્રીએ સ્વયંની અનુભવગર્ભિત કલમ દ્વારા નિશ્ચય-વ્યવહાર મોક્ષમાર્ગનું સ્વરૂપ કેવું હોય તેને ભાવવાહી સ્વરૂપે અનેક પરમાગમોમાં પ્રસિદ્ધ કર્યું છે. જંગલમાં રહી સ્વરૂપારાધનમાં લીન રહેતાં રહેતાં, કેવળજ્ઞાનની તળેટીમાં પહોંચીને, સ્વસંવેદનમયી પ્રચુર સ્વસંવેદનમાં રહી પવિત્ર મોક્ષમાર્ગ પ્રસિદ્ધ કર્યો. અનુભવપ્રમાણ એ સર્વથી બળવાન પ્રમાણ ગણવામાં આવેલ છે, જે તેમના પ્રત્યેક વચનમાં પ્રસિદ્ધ થઈ રહ્યું છે. અનેક મહાન આચાર્યોએ પણ તેમનો ઉપકાર વ્યક્ત કરી કહ્યું છે કે ભગવાન કુંદકુંદાચાર્યદેવે આ કાળમાં જો મોક્ષમાર્ગને પ્રસિદ્ધ ન કર્યો હોત તો અમે મોક્ષમાર્ગને કઈ રીતે પામી શકત?

સંવત ૪૯માં વિદેહક્ષેત્રે વિહરમાન શ્રી સીમંધરસ્વામીની દિવ્ય દેશનાને પ્રત્યક્ષ સાંભળી, ભરતક્ષેત્રમાં આવી તેઓશ્રીએ અનેક પરમાગમોની રચના કરી છે. પંચ પરમાગમ સાંપ્રત જૈનસમાજમાં પ્રસિદ્ધ છે. તેમાં અષ્ટપાહુડ ગ્રંથ સમાવિષ્ટ છે. અષ્ટપાહુડ ગ્રંથની રચના જોતાં એમ જણાય છે કે આ ગ્રંથ દાર્શનિક દૃષ્ટિકોણથી રચવામાં આવેલ છે. આઠ અધિકારની રચનામાં પ્રત્યેકમાં ભિન્ન ભિન્ન વિષયાનુસાર સૂત્રોની રચના કરવામાં આવેલ છે. પ્રત્યેક અધિકારમાં વસ્તુનું સ્વરૂપ સ્પષ્ટ કરી વિપરીત અભિપ્રાયો ક્યા પ્રકારના હોય અને તેનું ફળ શું આવે અને સમ્યક્ અભિપ્રાયનું ફળ શું આવે તેનો સ્પષ્ટ ચિતાર કુંદકુંદાચાર્યદેવે ચિત્રિત કર્યો છે.

શાસ્ત્રોમાં તો આચાર્ય ભગવંતોએ નિષ્કારણ કરુણાથી ભવ્યજીવોના હિતને માટે રચના તો કરી પરંતુ વર્તમાન દુષમકાળમાં તેના ભાવ સમજવા અત્યંત વિકટ થઈ પડેલા અને વિપરીત અભિપ્રાયોની પ્રચલિતતા અને રૂઢિવાદમાં સમાજ જ્યારે ડૂબેલો હતો, તેવા આ કળિકાળમાં, વિદેહક્ષેત્રે વિહરમાન શ્રી સીમંધર ભગવાનની દિવ્યદેશના સાક્ષાત્ સાંભળીને ભરતે પધારનાર ભાવિ તીર્થાધિનાથ પરમકૃપાળુ સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો સૂર્ય સમાન અવતાર, મુમુક્ષુજીવોના મિથ્યાત્વ અંધકારને મટાડવા માટે થયો. અનેક રૂઢિચુસ્તતા, મિથ્યા અભિપ્રાયો, ક્રિયાકાંડમાં મોક્ષમાર્ગ સમજીને, કલ્પીને તેને આરાધવાનું ચાલતું હતું તેમાં પૂજ્ય ગુરુદેવશ્રીએ નિષ્કારણ કરુણાથી શાસ્ત્રોમાં નિહિત મોક્ષમાર્ગને સ્વયંની અંતરખોજ દ્વારા તથા શ્રુતજ્ઞાનની લબ્ધિ દ્વારા સત્ય મોક્ષમાર્ગનું સ્વરૂપ ખુલ્લું કર્યું. પૂજ્ય ગુરુદેવશ્રીએ ૪૫ વર્ષ સુધી અનેક પરમાગમો ઉપર પ્રવચનો કર્યા, જેમાં અનેકાનેક સિદ્ધાંતોને પ્રસિદ્ધ કરી આત્મકલ્યાણનો માર્ગ પ્રસિદ્ધ કર્યો. પ્રત્યેક પ્રવચનોમાં આત્માનું મૂળભૂત સ્વરૂપ, નિશ્ચય-વ્યવહાર મોક્ષમાર્ગનું

સ્વરૂપ, ક્રમબદ્ધપર્યાયનું સ્વરૂપ, મુમુક્ષુતા, સૈદ્ધાંતિક વસ્તુનું સ્વરૂપ, મુનિદશાનું સ્વરૂપ, નિમિત્ત-ઉપાદાનનું સ્વરૂપ, સર્વજ્ઞનનું સ્વરૂપ ઈત્યાદિ અનેક વિષયોને સ્પષ્ટ કરી ક્યાંય ભ્રાંતિ ન રહે તેવી રીતે પ્રકાશિત કર્યું.


પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોને અક્ષરશઃ પ્રકાશિત કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થવું એ આ મનુષ્યજીવનનો અમૂલ્ય આનંદસભર અવસર છે. પ્રસ્તુત ગ્રંથમાં અષ્ટપાહુડ ગ્રંથ ઉપર, ઈ.સ. ૧૯૭૪માં ચાલેલ પ્રવચનોને અક્ષરશઃ પ્રકાશિત કરવામાં આવેલ છે. છઠ્ઠા ભાગમાં મોક્ષપાહુડ, લિંગપાહુડ અને શીલપાહુડના કુલ ૨૪ પ્રવચનોને સમાવિષ્ટ કરવામાં આવેલ છે.

પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્ય દેશનાને ઓડિયો ટેપમાં ઉતારવાનું મહાન કાર્ય શરૂ કરનાર શ્રી નવનીતભાઈ ઝવેરીનો આ પ્રસંગે આભાર વ્યક્ત કરીએ છીએ. તેમજ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢે આ ઉમદા કાર્યને અવિરત ધારાએ ચાલુ રાખ્યું અને સાચવી રાખ્યું, તે બદલ તેમના આભારી છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્ય દેશનાની જાળવણી સી.ડી., ડી.વી.ડી., વેબ સાઈટ (**www.vitragvani.com**), **vitragvani app, vitragvanii YouTube channel** જેવા સાધનો વડે શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, વિલેપાર્લા, મુંબઈ દ્વારા કરવામાં આવેલ છે. આ કાર્ય પાછળ ટ્રસ્ટની એવી ભાવના છે કે વર્તમાનના આધુનિક સાધનો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા સમજાવેલ તત્ત્વજ્ઞાનનો બહોળો લાભ સામાન્યજન લે કે જેથી આ વાણી શાશ્વત જળવાઈ રહે. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યેક પ્રવચનો અક્ષરશઃ ગ્રંથારૂઢ થાય તેવી ભાવનાના ફળસ્વરૂપે આ પ્રવચનો પ્રકાશિત કરવામાં આવી રહ્યા છે. આ પહેલા ઈ.સ. ૧૯૭૦-૭૧માં ચાલેલા પ્રવચનો પ્રકાશિત થઈ ચૂક્યા છે. પ્રસ્તુત ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રી તથા તદ્ભક્ત પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનને સાદર સમર્પિત કરીએ છીએ.

સર્વ પ્રવચનોને સાંભળીને ગ્રંથારૂઢ કરવામાં ચીવટતા રાખવામાં આવેલ છે. વાક્યરચનાને પૂર્ણ કરવા અર્થે ક્યાંક ક્યાંક કૌંસ કરવામાં આવેલ છે. આ પ્રવચનો સાંભળી અને ગ્રંથારૂઢ કરવાનું કાર્ય પૂજા ઈમ્પ્રેશન્સ દ્વારા કરવામાં આવેલ છે. પ્રવચનોને તપાસવાનું કાર્ય શ્રીમતી પારૂલબેન શેઠ, વિલેપાર્લા, મુંબઈ, શ્રીમતી આરતીબેન જૈન, મલાડ, મુંબઈ, શ્રી અતુલભાઈ જૈન, મલાડ, મુંબઈ દ્વારા કરવામાં આવેલ છે. આ પ્રસંગે ટ્રસ્ટ તેમના પ્રત્યે આભાર વ્યક્ત કરે છે. જિનવાણી પ્રકાશનનું કાર્ય ગંભીર તથા જવાબદારીપૂર્ણ હોવાથી અત્યંત જાગૃતિપૂર્વક તથા ઉપયોગપૂર્વક કરવામાં આવેલ છે. તેમ છતાં પ્રકાશનકાર્યમાં પ્રમાદવશ કે અજાગૃતિવશ કોઈ ભૂલ રહી ગઈ હોય તો ત્રિકાળવર્તી વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે ક્ષમા યાચીએ છીએ. ટ્રસ્ટ મુમુક્ષુગણને વિનંતી કરે છે કે અશુદ્ધિઓ ટ્રસ્ટને પાઠવે જેથી તે આગળની આવૃત્તિમાં સુધારી શકાય. આ પ્રવચનો www.vitragvani.com તથા **vitragvani app** ઉપર ઉપલબ્ધ છે. પાઠકવર્ગ આ પ્રવચનોનો અવશ્ય લાભ લઈ આત્મકલ્યાણને સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. ઈતિ શિવમ્. પાઠકવર્ગ આ પ્રવચનોનો અવશ્ય લાભ લઈ આત્મકલ્યાણને સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. ઈતિ શિવમ્.

ટ્રસ્ટીગણ
શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,
વિલે પાર્લા, મુંબઈ



ભગવાનશ્રી કુંદકુંદાચાર્ય દેવ



અધ્યાત્મયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી

# અધ્યાત્મયુગસર્જક પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો સંક્ષિપ્ત જીવન પરિચય

ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના 'ઉમરાળા' ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી વણિક પરિવારના શ્રેષ્ઠીવર્ય શ્રી મોતીચંદભાઈના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, (તા. ૨૧-૪-૧૮૯૦) રવિવારે વહેલી સવારે આ બાળ મહાત્માનો જન્મ થયો.

જે સમયે આ બાળ મહાત્મા ધરતી પર પધાર્યા, તે સમયે જૈનોના જીવનનો શ્વાસ અંધશ્રદ્ધા, પાખંડ અને શુષ્ક ક્રિયાકાંડમાં જ રૂંધાઈ રહ્યો હતો. કોઈક સ્થળે આધ્યાત્મિક ચિંતન ચાલતું હતું, પણ તેમાં અધ્યાત્મ નહોતું. એવા એ અંધકારમય કળિકાળમાં આ તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થાય છે. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાય છે.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું. સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં. જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરતા બાર લીટીના કાવ્યની રચના કરે છે : 'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ...'

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કરે છે. સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કરે છે

અને ગુરુ પાસે આજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે. પછી ૨૪ વર્ષની વયે (વિ. સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયની દીક્ષા અંગીકાર કરે છે. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટે છે. તીક્ષ્ણ બુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના શોધક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતાંબર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી. કર્મ છે તો વિકાર થાય છે ને? જો કે પૂજ્ય ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં. છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓ દઢતાપૂર્વક સિંહગર્જના કરે છે 'જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ. સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના જિનશાસન-ઉદ્ધારનો અને હજારો મુમુક્ષુઓના મહાન પુણ્યોદય સૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બને છે.

૩૨ વર્ષની ઉંમરે, વિધિની કોઈ ધન્ય પળે શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ દામનગરમાં દામોદર શેઠ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના હસ્તકમળમાં આવે છે અને આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્ગાર નીકળે છે : 'શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.' એનું અધ્યયન અને ચિંતન કરતાં અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાય છે. આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પરમ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિ નિજ ઘર દેખે છે. ત્યારબાદ વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલા રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગ પ્રકાશક' ગ્રંથ પૂ. ગુરુદેવશ્રીને આપ્યો. જે વાંચતા, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં તેઓ તેના વાંચનમાં એવા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું ગમતું નહીં. ત્યારબાદ શ્રી પ્રવચનસાર, અષ્ટપાહુડ, દ્રવ્યસંગ્રહ, સમ્યગ્જ્ઞાન દીપિકા, વગેરે દિગંબર શાસ્ત્રોના અભ્યાસથી ૧૩ વર્ષ સુધી ખૂબ જ જ્ઞાનની પ્રગાઢતા બાદ તેઓશ્રીને નિઃશંક નિર્ણય થઈ જાય છે કે દિગંબર જૈનધર્મ જ મૂળ માર્ગ છે અને તે જ સત્ ધર્મ છે. તેથી અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેશ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડે છે. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કરે છે.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં કરતાં સોનગઢ આવી 'સ્ટાર ઑફ ઈન્ડિયા' નામના એકાંત મકાનમાં મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ. સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે સંપ્રદાયના ચિહ્ન મુહપત્તીનો ત્યાગ કરે છે અને જાહેર કરે છે : 'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈન ધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્ભુત પરાક્રમી

કાર્ય કર્યું.

'સ્ટાર ઑફ ઈન્ડિયા'માં ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખુબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી જૈન સ્વાધ્યાય મંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ. સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાય મંદિર' જીવન-પર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યા, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી છે. પ્રવચનસાર, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યા છે.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્‌ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને ભાઈશ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદૃષ્ટિને કારણે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા ઈ.સ.૧૯૫૯ થી ૧૯૮૦ સુધી નિયમિત રીતે ટેપમાં ઉતારી લેવામાં આવી હતી. જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. આ મંગલ વાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે. તેથી એટલું તો નક્કી છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમ કાળના અંત સુધી આ દિવ્યવાણી જ ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ. સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક આધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્‌ગુરુ પ્રવચન પ્રસાદ' સપ્ટેમ્બર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્યવિહારી મહાપુરુષની મંગળવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતાંબર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણપૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે..! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો-મુનિવરોના તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોને પુસ્તક રૂપે છપાવવાનું કાર્ય વિ. સં. ૧૯૯૯ (ઈ.સ. ૧૯૪૩)થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા

વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાન ગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

દસલક્ષણ પર્યુષણ પર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલા તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી છે. આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણ પર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ. સં. ૧૯૯૭ (ઈ. સ. ૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ. સં. ૨૦૦૩ના શ્રાવણ માસથી શરૂ કરવામાં આવેલ છે.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના રોજ નૂતન દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગળ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતાં. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બને છે અને બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિ થાય છે, જેમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહે છે. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

ઈ. સ. ૧૯૪૧ થી ઈ. સ. ૧૯૮૦ દરમ્યાન સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારત દેશના અનેક શહેરોમાં તથા વિદેશમાં (નાઈરોબીમાં) એમ કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગળ પ્રતિષ્ઠા, આ વીતરાગમાર્ગ પ્રવર્તક સત્પુરુષના પવિત્ર કરકમળ દ્વારા થઈ.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષની મંગળકારી જન્મજયંતી ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઈ. ૭૫મા હિરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી જડિત એક આઠસો પાનાનો દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવિ તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન ગૃહમંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા મુંબઈમાં દેશભરના હજારો ભક્તોની હાજરીમાં અર્પણ થયો.

શ્રી સમ્મેદશીખરજીની યાત્રા નિમિત્તે ઈ. સ. ૧૯૫૭ તથા ઈ. સ. ૧૯૬૭માં એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગળ વિહાર કર્યો. તે જ રીતે ઈ. સ. ૧૯૫૯ અને ઈ. સ. ૧૯૬૪માં  એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર કર્યો. આ મંગળ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યા અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની

દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. આ સત્પુરુષને અનેક સ્થાનોથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઈ. સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થ કાળનો જ અનુભવ થતો.

વિ. સં. ૨૦૩૭ના કારતક વદ ૭, (તા. ૨૮-૧૧-૧૯૮૦) શુક્રવારના રોજ, આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ પરમાત્મતત્ત્વમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રથી સ્વર્ગપુરી તરફ પ્રયાણ કર્યું. તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરી અધ્યાત્મયુગનું સર્જન કરતાં ગયાં.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતા. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખુબ જ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

આ વિદેહ દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર છે; પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય, તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહેતા. ભાવલિંગી મુનિઓના તેઓ દાસાનુદાસ હતા.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઈત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે, તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

સમગ્ર જીવન દરમ્યાન આ ગુણવંતા જ્ઞાનીપુરુષે બહુ જ અલ્પ લખ્યું છે, કેમકે તેઓશ્રીને તો તીર્થંકરની વાણી જેવો યોગ હતો. તેમની અમૃતમય મંગળવાણીનો પ્રભાવ જ એવો હતો

કે સાંભળનાર તેનું રસપાન કરતાં થાકતા જ નહિ. દિવ્યભાવશ્રુત જ્ઞાનધારી આ પુરાણપુરુષે પોતે જ પરમાગમના આ સારભૂત સિદ્ધાંતો લખાવ્યા છે :

૧. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ, સ્પર્શે નહિ.

૨. દરેક દ્રવ્યની દરેક પર્યાય ક્રમબદ્ધ જ થાય છે.

૩. ઉત્પાદ, ઉત્પાદથી છે, વ્યયથી કે ધ્રુવથી નથી.

૪. ઉત્પાદ પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે.

૫. પર્યાયના અને ધ્રુવના પ્રદેશ ભિન્ન છે.

૬. ભાવશક્તિના કારણે પર્યાય હોય જ છે, કરવી પડતી નથી.

૭. ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

૮. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે.

૯. સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ પાડવા તે અન્યવશપણું છે.

૧૦. ધ્રુવનું આલંબન, પણ વેદન નહિ, અને પર્યાયનું વેદન, પણ આલંબન નહિ.

આ અધ્યાત્મયુગસર્જક મહાપુરુષે પ્રકાશેલ સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન સ્તંભ શ્રી કહાન ગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

સત્પુરુષનો પ્રભાવના ઉદય જયવંત વર્તો!

# અનુક્રમણિકા


| પ્રવચન ક્રમાંક | તારીખ | શ્લોક/ગાથા | પૃષ્ઠ નંબર |
|---|---|---|---|
| ૧૪૩ | ૧૦.૦૫.૧૯૭૪ | મોક્ષપાહુડ ગાથા-૮૮ થી ૯૧ | ૦૧ |
| ૧૪૪ | ૧૧.૦૫.૧૯૭૪ | ગાથા-૯૧ થી ૯૫ | ૧૪ |
| ૧૪૫ | ૧૨.૦૫.૧૯૭૪ | ગાથા-૯૫ થી ૯૮ | ૨૬ |
| ૧૪૬ | ૧૩.૦૫.૧૯૭૪ | ગાથા-૯૯ થી ૧૦૨ | ૩૯ |
| ૧૪૭ | ૧૪.૦૫.૧૯૭૪ | ગાથા-૧૦૧ થી ૧૦૪ | ૫૧ |
| ૧૪૮ | ૧૬.૦૫.૧૯૭૪ | ગાથા-૧૦૪-૧૦૫-૧ | ૬૩ |
| ૧૫૩ | ૨૨.૦૫.૧૯૭૪ | ગાથા-૧૦૬ | ૭૫ |
| ૧૫૪ | ૨૩.૦૫.૧૯૭૪ | ગાથા-૧૦૬ | ૮૮ |
| ૧૮૬ | ૨૯.૦૬.૧૯૭૪ | ગાથા-૧૬૫, લિંગપાહુડ-૧-૨ | ૧૦૧ |
| ૧૮૭ | ૩૦.૦૬.૧૯૭૪ | ગાથા-૨-૩ | ૧૧૪ |
| ૧૮૮ | ૦૧.૦૭.૧૯૭૪ | ગાથા-૩ થી ૭ | ૧૨૬ |
| ૧૮૯ | ૦૨.૦૭.૧૯૭૪ | ગાથા-૮ થી ૧૦ | ૧૩૮ |
| ૧૯૦ | ૦૩.૦૭.૧૯૭૪ | ગાથા-૧૧ થી ૧૩ | ૧૫૧ |
| ૧૯૧ | ૦૫.૦૭.૧૯૭૪ | ગાથા-૧૩ થી ૧૮ | ૧૬૩ |
| ૧૯૨ | ૦૬.૦૭.૧૯૭૪ | ગાથા-૧૮ થી ૨૧ | ૧૭૭ |
| ૧૯૩ | ૦૭.૦૭.૧૯૭૪ | ગાથા-૨૧-૨૨, શિલપાહુડ-૧-૨ | ૧૯૦ |
| ૧૯૪ | ૦૮.૦૭.૧૯૭૪ | ગાથા-૨ | ૨૦૩ |
| ૧૯૫ | ૦૯.૦૭.૧૯૭૪ | ગાથા-૨ થી ૪ | ૨૧૪ |
| ૧૯૬ | ૧૦.૦૭.૧૯૭૪ | ગાથા-૫ થી ૭ | ૨૨૫ |
| ૧૯૭ | ૧૧.૦૭.૧૯૭૪ | ગાથા-૮ થી ૧૦ | ૨૩૭ |
| ૧૯૮ | ૧૨.૦૭.૧૯૭૪ | ગાથા-૧૧ થી ૧૩ | ૨૪૮ |
| ૧૯૯ | ૧૪.૦૭.૧૯૭૪ | ગાથા-૧૩ થી ૧૫ | ૨૬૦ |

| | | | |
|---|---|---|---|
| ૨૦૦ | ૧૫.૦૭.૧૯૭૪ | ગાથા-૧૬ થી ૧૮ | ૨૬૦ |
| ૨૦૧ | ૧૬.૦૭.૧૯૭૪ | ગાથા-૧૯-૨૦ | ૨૬૦ |
| ૨૦૨ | ૧૭.૦૭.૧૯૭૪ | ગાથા-૨૧ થી ૨૩ | ૨૬૦ |
| ૨૦૩ | ૧૮.૦૭.૧૯૭૪ | ગાથા-૨૪ થી ૨૬ | ૨૬૦ |
| ૨૦૪ | ૨૦.૦૭.૧૯૭૪ | ગાથા-૨૬ થી ૨૯ | ૨૭૨ |
| ૨૦૫ | ૨૧.૦૭.૧૯૭૪ | ગાથા-૩૦ થી ૩૨ | ૨૭૨ |
| ૨૦૬ | ૨૨.૦૭.૧૯૭૪ | ગાથા-૩૨ થી ૩૪ | ૨૮૩ |

શ્રીમદ્ ભગવાન કુંદકુંદાચાર્યદેવ વિરચિત

# અષ્ટપાહુડ અમૃત

(ભાગ-૬)
(અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
શ્રી અષ્ટપાહુડ ઉપરના સળંગ પ્રવચનો)

## મોક્ષપાહુડ
## ૬

**વૈશાખ વદ ૪, શુક્રવાર તા. ૧૦-૦૫-૧૯૭૪**
**ગાથા - ૮૮ થી ૯૧, પ્રવચન - ૧૪૩**

મોક્ષપાહુડ ચાલે છે. ૮૮ ગાથા. 'આગે ઈસકો સંક્ષેપ સે કહતે હૈં :-' સમકિતનું માહાત્મ્ય. સમ્યગ્દર્શનનું માહાત્મ્ય.

किं बहुणा भणिएणं जे सिद्धा णरवरा गए काले।
सिज्झिहहि जे वि भाविया तं जाणह सम्ममाहप्पं।।८८।।

'अर्थ :- આચાર્ય કહતે હૈં કિ બહુત કહને સે ક્યા સાધ્ય હૈ?' ઘણું કહેવાથી શું સાધ્ય છે એમાં? '**જો નરપ્રધાન...**' મનુષ્યોમાં મુખ્ય પ્રધાન '**અતીતકાલ મેં સિદ્ધ...**' પરમાત્મદશા પામ્યા. આગામી કાળમાં પરમાત્મદશા મોક્ષ પામશે '**વહ સમ્યક્ત્વ કા માહાત્મ્ય જાનો.**' ચૈતન્ય શુદ્ધ દ્રવ્યસ્વભાવ, પરિપૂર્ણ જેનો સ્વભાવ અંતર છે એની અંતરમાં અનુભવ કરીને પ્રતીત કરવી એ સમ્યગ્દર્શનનું માહાત્મ્ય. જુઓ! આચાર્ય તો અહીંયા સમ્યગ્દર્શનનું જ માહાત્મ્ય વર્ણવે છે. ઓલામાં એ કહ્યું હતું. સમ્યગ્દર્શન પરિણયો .. આઠ કર્મનો નાશ

કરે, મુક્તિ પામે. પછી અર્થમાં કહ્યું કે સ્વરૂપનું અંતર ભાન એને સહચર ચારિત્ર ને શુક્લધ્યાન પ્રાપ્ત થાય તો કેવળજ્ઞાનને પામે. અહીંયા એકલા સમકિતની વાત છે. મૂળ ચીજ છેને ઈ. આત્મા પરિપૂર્ણ વસ્તુ સ્વભાવ છે એનો. શરીરથી ભિન્ન, વાણીથી ભિન્ન, કર્મથી ભિન્ન, રાગથી ભિન્ન અને એક સમયની વર્તમાન દશા વર્તે છે એટલો પણ નહિ.

મુમુક્ષુ :- વર્તમાન પર્યાયથી ભિન્ન એમ આવ્યું.

ઉત્તર :- એટલો પણ નહિ એમ કીધુંને. એ કહ્યુંને. ભિન્ન થયોને, એટલો નહિ. એક સમયની અવસ્થા જે છે એટલો પણ નથી એ તો. ત્રિકાળ ધ્રુવ ચૈતન્યમૂર્તિ છે. એકલો જ્ઞાન અને આનંદના રસસ્વરૂપ છે. એવા ત્રિકાળી વસ્તુનું જ્ઞાન કરીને પ્રતીત કરવી એ સમકિત કહેવાય છે એને અને એ સમકિતને લઈને અનંત જીવો મોક્ષે ગયા અને ભવિષ્યમાં પણ એને લઈને જશે.

'**ભાવાર્થ :- ઈસ સમ્યક્ત્વ કા ઐસા માહાત્મ્ય હૈ કિ જો અષ્ટકર્મોં કા નાશકર મુક્તિપ્રાપ્ત અતીતકાલ મેં હુએ હૈં...**' એ તો સમકિતનું જ માહાત્મ્ય છે કે પૂર્ણ સ્વરૂપ, ભગવાન આત્માનું જે પૂર્ણ સ્વરૂપ છે એવું એને અંતરમાં ભાન થઈને પ્રતીત થવી એ સમકિતનું માહાત્મ્ય અષ્ટકર્મોનો નાશ કરી મુક્તિને આપે. '**અતીતકાલ મેં હુએ હૈં તથા આગામી કાલ મેં હોંગે વે ઈસ સમ્યક્ત્વ સે હી હુએ હૈં ઔર હોંગે,...**' આહાહા..! પરિપૂર્ણ આત્મતત્ત્વનું ભાન કરીને પ્રતીત (થવી) એનાથી અનંત જીવો મુક્તિને પામ્યા, ભવિષ્યમાં એ જ રસ્તે અનંત પામશે, બીજો કોઈ માર્ગ છે નહિ. આહાહા..!

'**ઈસલિયે આચાર્ય કહતે હૈં કિ બહુત કહને સે ક્યા? યહ સંક્ષેપ સે કહા જાનો કિ મુક્તિ કા પ્રધાન કારણ સમ્યક્ત્વ હી હૈ.**' શ્રેણિક રાજા સમ્યગ્દર્શન પામ્યા, કાંઈ બીજો હજી અવ્રતનો ત્યાગ નહોતો. દૃષ્ટિમાં સર્વનો ત્યાગ હતો. અસ્થિરતામાં અવ્રત આદિ પ્રમાદ-કષાયનો ત્યાગ નહોતો છતાં તીર્થંકરગોત્ર બાંધી ભવિષ્યમાં કેવળજ્ઞાન પામશે. લ્યો! એ સમ્યક્ત્વનું માહાત્મ્ય છે. આહાહા..! અને એ સમ્યગ્દર્શન વિના ગમે તેટલી વ્રત ને તપ ને આદિ ક્રિયા કરે એનાથી જન્મ-મરણ મટે એવું નથી. '**સંક્ષેપ સે કહા જાનો કિ મુક્તિ કા પ્રધાન કારણ સમ્યક્ત્વ હી હૈ.**' નહિતર તો મોક્ષનો માર્ગ તો ત્રણ છે—સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર. પણ એ જ્ઞાન અને ચારિત્રનું પણ મૂળ કારણ સમ્યગ્દર્શન છે. આહાહા..! વસ્તુ પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાન, પૂર્ણ સ્વચ્છતા, પૂર્ણ પ્રભુતાથી ભરેલો એ પદાર્થ આત્મા છે. એનું એની સમીપ-સન્મુખ જઈને પ્રતીત નિર્વિકલ્પ સમ્યગ્દર્શન થવું, રાગના ભેળસેળ વિનાની, સમ્યગ્દર્શન પ્રતીત થવી એ મોક્ષનું મૂળ કારણ છે. આહાહા..!

'**ઐસા મત જાનો કિ ગૃહસ્થ કે ક્યા ધર્મ હૈ,...**' લોકો કહે કે ભાઈ ગૃહસ્થાશ્રમમાં

અમારે તો બાયડી, છોકરા, કુટુંબ આ બધું (છે) એમાં ધર્મ અમારે શી રીતે હોય? કોઈ એમ કહે. **'વહ સમ્યક્ત્વ ધર્મ ઐસા હૈ કિ સબ ધર્મોં કે અંગો કો સફલ કરતા હૈ.'** લ્યો! બધા ધર્મનું સફળપણું એ સમ્યગ્દર્શનથી છે. નહિતર તો વ્રત ને તપ ને ત્યાગ ને જ્ઞાન શાસ્ત્રના એ બધા સમ્યક્ત્વ અંતર દૃષ્ટિ અનુભવ વિના નિષ્ફળ છે એમ કહે છે. આહાહા..! ગૃહસ્થને ધર્મ કેમ હોય? એમ ન જાણો એમ કહે છે. સમ્યક્ત્વ કે કારણ **'વહ સમ્યક્ત્વ ધર્મ ઐસા હૈ...'** ગૃહસ્થાશ્રમમાં રાજ-પાટમાં પડ્યા હોય એમાં પણ આત્માનું ભાન તો થાય છે. આહાહા..!

રાગ, વિકલ્પ અને કર્મ ને શરીરથી રહિત મહા માહાત્મ્યવાળી ચીજ છે એ પરને આધીન થઈ નથી. માની છે એણે. સ્વાધીન વસ્તુ છે. માન્યતામાં આવતા સ્વતંત્ર સુખી અને સાધન પોતાનું પોતામાં છે. એવો એ સ્વાધીન આત્મા છે. સમજાણું કાંઈ? અભ્યાસ નહિ એટલે આકરું પડે આ. બહારની પ્રવૃત્તિ આ વ્રત કરવા ને તપ કરવા ને એ બધું સહેલું લાગે આમ બહારમાં. રાગની મંદતાની ક્રિયા છે એ કંઈ ધર્મ નથી. એ વ્રતના વિકલ્પની પાછળ જેની નજરું અને પ્રતીતમાં અનંતકાળમાં આવ્યો નથી. કેમકે એની વર્તમાન અવસ્થા જે છે-પ્રગટ દશા એમાં એની બધી રમણતા, રુચિ અને રમણતા એમાં છે. એથી એક સમયની પર્યાય અવસ્થાની પાછળ પૂર્ણ શુદ્ધ છે તેની રુચિ ને રમણતા નથી. એની રુચિ કરે એટલે રમણતા પ્રગટ થયા વિના રહે નહિ. આહાહા..!

ઓલાએ પ્રશ્ન કર્યો હતોને ગઢડામાં, કે ભાઈ આ બીજામાં આમ કહ્યું છેને આત્માનું સ્વરૂપ? ગીતા ને કુરાન ને.. પણ એણે એટલું કહ્યું હતું કે પૂર્ણ સ્વરૂપ આત્માનું છે એમ નથી કહેતા એ લોકો. અહીં તો પૂર્ણ સ્વરૂપ. વસ્તુ એ અપૂર્ણ હોઈ શકે નહિ. વસ્તુ જે ચૈતન્ય પ્રભુ પોતાના અનંત ગુણ, એ ગુણ પણ પૂર્ણ. ગુણ હોય એમાં અપૂર્ણ અને વિપરીતતા હોઈ શકે નહિ. એવા ગુણનું સ્વરૂપ એવું તત્ત્વ આત્મા. એનું અંતરમાં નિઃસંદેહ—સંદેહ વિના, નિષ્ક્રિય એવો ભગવાન આત્મા જેમાં પરિણતિની પર્યાય નથી, વર્તમાન અવસ્થાની દશા પરિણતિરૂપ ક્રિયા જેમાં નથી. ચંદુભાઈ! એવો નિષ્ક્રિય ચૈતન્યઘન એની દૃષ્ટિ અને અનુભવ એ સમ્યક્ છે અને એનું આ માહાત્મ્ય છે. એનાથી જીવો મુક્તિને પામ્યા અને પામશે. આહાહા..!

**'યહ સમ્યક્ત્વ ધર્મ ઐસા હૈ કિ સબ ધર્મોં કે અંગો કો સફલ કરતા હૈ.'** એટલે? જ્ઞાન હોય, સ્થિરતા હોય એ બધું સમકિત હોય તો સફળ થાય. સમ્યગ્દર્શન અંદર પ્રતીતનું ભાન નથી. વસ્તુ આવી છે એની ખબરું નથી જ્યાં, એને સ્થિરતા અને જ્ઞાનના કામ કાંઈ થઈ શકે નહિ. જેમાં ઠરવું છે એ ચીજ શું છે? જેમાં રમવું છે એ શું ચીજ શું છે? એ ચીજના અંતરના ભાન વિના એની રમણતા અને ચારિત્ર પ્રતીત વિના એ બધું

નિષ્ફળ જાય છે. આહાહા..! એ પછી પડિમા ધારણ કરે કે મુનિવ્રત ધારણ કરે. અંતર દૃષ્ટિનો સ્વભાવ પરિપૂર્ણને અંતરમાં અનુભવ્યા વિના તે બધું નિષ્ફળ છે. અને આ પરિપૂર્ણ એવો ભગવાન આત્મા એની શ્રદ્ધા ને જ્ઞાન કર્યે બીજા ભાવો સ્થિરતા આદિના એને સફળ હોય છે.

'**आगे कहते हैं कि जो निरंतर सम्यक्त्व का पालन करते हैं, वे धन्य हैं :**' એ આત્મા પરિપૂર્ણ પરમાત્મસ્વરૂપે પૂર્ણ છે. આહાહા..! એવી જે જ્ઞાનદશા પ્રગટ કરીને પ્રતીત કરે છે તે પુરુષને ધન્ય છે. કુંદકુંદાચાર્ય કહે છે કે ધન્ય છે. આહાહા..! એ મુનિ છે, આચાર્ય છે. 'મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી, મંગલં કુંદકુંદાર્યો.' ત્રીજે નંબરે આવે. એ એમ કહે છે

**ते धण्णा सुकयत्था ते सूरा ते वि पंडिया मणुया।**
**सम्मत्तं सिद्धियरं सिविणे वि ण मइलियं जेहिं।।८९।।**

આહાહા..! '**अर्थ :- जिन पुरुषों ने...**' પુરુષ એટલે કોઈ આત્મા. '**मुक्ति को करनेवाला सम्यक्त्व को स्वप्नावस्था में...**' સ્વપ્ન અવસ્થામાં પણ જેણે સમ્યગ્દર્શનને મેલું કર્યું નથી. આહાહા..! ભગવાન પરિપૂર્ણ પરમાત્મા પોતે એની પ્રતીતને, એના ભાનને સ્વપ્નામાં પણ જેનો એનાથી વિરોધ થયો નથી. આહાહા..! '**अतिचार नहीं लगाया...**' એમ મલિનનો અર્થ કર્યો. '**मइलियं**' છેને? મેલું નથી એટલે અતિચાર નથી લગાડ્યો જેણે. '**वे पुरुष धन्य हैं,...**' આહાહા..! તે આત્માને ધન્ય છે. ભગવાન આત્મા શુદ્ધ ઘન પરિપૂર્ણ પરમાત્મા એની પ્રતીત અને જ્ઞાનનો અનુભવ એને જેણે મેલું—અતિચાર લગાડ્યો નથી... આહાહા..! એ ધન્ય છે. આ ધન્ય છે. પૈસા કોઈ કરોડ, બે કરોડ, પાંચ કરોડ થયા ને ધન્ય છે. છોકરા સાત-આઠ સારા પાક્યા એને ધન્ય છે. ધૂળેય નંબર ન મળે એનો. એનો ઊંધામાં નંબર છે. અધન્યમાં એનો નંબર છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પરીક્ષામાં પાસ થાય એને ધન્યવાદ આપેને.

ઉત્તર :- પરીક્ષા કઈ? દુનિયા પાસ કરે, પાગલ પાગલને ધન્યવાદ આપે. આહાહા..!

જુઓને! આચાર્ય પોતે કુંદકુંદાચાર્ય. 'મંગલં કુંદકુંદાર્યો.' એ કહે છે ધન્ય એ આત્મા. આહાહા..! જેણે સ્વપ્નમાં પણ શુદ્ધ ચૈતન્યના અનુભવની પ્રતીતિને મેલું કર્યું નથી, દોષ લગાડ્યો નથી, અતિચાર થયો નથી એવા આત્મદર્શનને ધરનારને ધન્ય કહે છે. આહાહા..!

તે '**धन्य हैं, वे ही मनुष्य हैं,...**' લ્યો! મુનિનો આ છેલ્લો શબ્દ છે. તે મનુષ્ય છે. એ મનુષ્ય છે એમ કહે છે. જેને આત્મ અનુભવની દૃષ્ટિ થઈ એણે અતિચાર લગાડ્યો નહિ અને તેમને મનુષ્ય કહીએ. લ્યો એમ કહે છે અહીં. જ્ઞાયતે ઈતિ મનુષ્યઃ. બાકી બધા પશુ. આહાહા..! 'મનુષ્યા સ્વરૂપેણ મૃગા ચરન્તિ' મનુષ્યના રૂપે મૃગલા જેવા છે. ભલે એ

બાળક હો, ભલે એ નિર્ધન હો, ભલે એ નારકી હો, ભલે એ શરીરનો રોગી અને બહારની સંપદા વિનાનો હો, પણ જેણે સમ્યગ્દર્શનને મેલું કર્યું નથી એને, કહે છે કે અમે મનુષ્ય કહીએ. એને અમે મનુષ્ય કહીએ. આહાહા..! કાલે આવ્યું હતુંને, માનવતાનો ઉપદેશ આપે છે. એવું આવ્યું હતું કાલે. કઈ માનવતા? વિદ્યાનંદજીનું આવ્યું હતું કાલે.

મુમુક્ષુ :- એ તો સમકિતને માનવતા કહે છે.

ઉત્તર :- એ જ કહું છુંને. એની સાથે હતો. માનવતાનો ઉપદેશ. માનવતાનો ઉપદેશ એટલે શું? આહાહા..!

અહીં તો વીતરાગી સ્વભાવ શુદ્ધ ચૈતન્યમૂર્તિનું ભાન અને પ્રતીત થઈ એ મનુષ્ય છે. એ મનુષ્યના ઉપદેશને આ ઉપદેશ છે. આહાહા..! લોકોને આમ મનુષ્યપણું બધું એને કેમ થાય ને કેમ રહે? નૈતિક બહારની નીતિ, પણ આ લોકોત્તર નીતિ જૈન આત્માની આ છે. આહાહા..! માનવનો ધર્મ તો સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શનથી એને માનવ કહેવામાં આવે છે. છેને પાઠ જુઓને. કુંદકુંદાચાર્યનો પાઠ છે. '**ते धण्णा ते मणुया**' એમ છેલ્લો શબ્દ લીધો. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, પછી લેશે ઈ. '**सुकयत्था**' પછી લેશે. આહાહા..! '**ते धण्णा मणुया**' એમ લીધું. તે ધન્ય મનુષ્ય કહેવાય છે. આહાહા..! ભલે એને ચારિત્રનો ત્યાગ આદિ ન હોય, પણ અંદર સ્વરૂપનું સ્વરૂપાચરણ અને સ્વરૂપની દૃષ્ટિ નિર્મળ હો એને અહીંયા મનુષ્યમાં ગણવામાં આવ્યા છે. આહાહા..! બાકી બધા સાધુ નામ ધરાવે, મોટા મહાત્મા નામ ધરાવે, પણ એ રાગની ક્રિયા અને દેહની ક્રિયા એ મારી છે એમ માને એ બધાને મનુષ્ય કહેતા નથી. લ્યો! આહાહા..!

'**ते मणुया कृतार्थाः**' એમ કહે છે જોયું! કૃત-અર્થ એણે પ્રયોજન સિદ્ધ કર્યું. આહાહા..! છેને '**सुकयत्था**' ભલે કૃતાર્થ, એમ. સુ છેને? કૃતાર્થ જેણે આત્મદર્શન શુદ્ધ ચૈતન્યઘનનું અંતર અનુભવ અને ભાન નામ નિર્વિકલ્પ પ્રતીતિ નિર્મળ રાખી એણે સુકૃત્ય—એને કરવા જેવા કરવા કાર્ય કર્યા એણે. કરવા જેવું હતું એ આ કાર્ય. આહાહા..! '**णियमेण य जं कज्जं**' નિયમસારમાં આવે છે. નિશ્ચયથી કરવાલાયક હોય તો એ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર. તો અહીં સમ્યગ્દર્શનને કૃતાર્થ કહેવામાં આવ્યું લ્યો. આહાહા..! તે કૃતાર્થ છે, સુકૃતાર્થ છે, ભલા કૃતાર્થ છે. ભલા કાર્ય એણે કર્યા એમ કહે છે. કહો ગીરધરભાઈ! કાલે ઓલું કોક પૂછતું હતું તમારું. માંડળથી કોક આવ્યું હતું. ગીરધરભાઈ અહીં છે? સાંજે આવ્યા હતા. માંડળથી-માંડળથી.

આ ભગવાન ચૈતન્ય અંદર નિર્મળ પ્રજ્ઞાબ્રહ્મ એનું જેને અંતર્મુખ થઈને, સ્વભાવની સમીપ જઈને, રાગ અને પર્યાયથી દૂર હટીને... આહાહા..! જેણે ઊંડે જઈને આત્મા આવો એવી પ્રતીત કરી છે. જેણે ઊંડે એટલે આત્માના દ્રવ્યસ્વભાવ સમીપ જઈને (પ્રતીત કરી છે)... આહાહા..! એણે સુકૃતાર્થ-ભલા કાર્ય પ્રયોજનભૂત કર્યા એમ કહે છે. એણે પ્રયોજનભૂત ભલા કાર્ય કર્યા. આ તમારા બધા કામ નહિ? કાર્યવાહક બધા. કાર્યકર.

મુમુક્ષુ :- ભલા કામ કર્યા તેના ફળ તો ભોગવે છે.

ઉત્તર :- શું દેખાય છે? બધું. કાંઈ ઠેકાણા ન મળે. આહાહા..! કહો, આવું તો આટલા વર્ષમાં ચાલ્યું નહોતું. કાલે કોક કહેતું કેટલું? સાડા ચાર રૂપયે શેર દૂધ. આહાહા..! આટલા વર્ષમાં ક્યાંય સાંભળ્યું નથી. આ બધા કાર્યકર્તાઓ. આ તમે બધા ભેગા થઈને આવું થયું. આહાહા..! આ તો દાખલો હોં! આહાહા..! દેશસેવા કરી ને જુઓને આવું. લોકોની જાવ-આવ અટકી ગઈ. લાખો માણસો. કેટલા કાલે કહેતા હતા, નહિ? ૧૫ લાખ. ૩૦ લાખ જાવું-આવવું. પરામાંથી ગામમાં અને ગામમાંથી પરામાં બધું અટકી ગયું. આહાહા..! કેવળીથી થાય તો એ સારું નથી અને ન થાય તો પણ સારું નથી. સારું તો આત્મા પરમાત્મા સ્વરૂપે બિરાજમાન છે એનો સ્વીકાર, સત્કાર થઈને અંતર પ્રતીત થવી એ સુકૃત અને ભલું કાર્ય એ છે. આ છેને પાઠ કર્યો છે '**सुकयत्था**' છેને? સુ-ભલું કૃતાર્થ છે, કૃતાર્થ છે. આહાહા..! પ્રયોજન સિદ્ધ થઈ ગયું એનું. એ મોક્ષ થવાનો, થવાનો અને થવાનો. આહાહા..! અંશે તો મુક્ત મોક્ષસ્વરૂપ છે એવું ભાન થયું તો મોક્ષ તો છે જ દૃષ્ટિમાં. અને પર્યાયમાં પણ જેટલો મિથ્યાત્વ અને અનંતાનુબંધી ગયો એટલો એટલો મુક્ત પર્યાયમાં પણ છે. વસ્તુએ મુક્ત છે અને પર્યાયમાં પણ મુક્ત છે એટલો. પૂર્ણ મુક્તને થોડીવાર હોય. આગળ થઈ જશે. આહાહા..!

'**सुकयत्था ते सूरा**' તેને શૂરવીર કહીએ. આહાહા..! સેનાના લાખો-કરોડો માણસને મારે અને એને શૂરવીર કહીએ, એ તો મરીને નરકે જનારા છે. આહાહા..! આને વીર અને શૂર (કહેવાય). શૂરવીર પાછો એમ. આહાહા..! પોતાના વીર્યસ્વભાવ એનું શૌર્ય ચૈતન્ય સન્મુખ કર્યું એણે. આહાહા..! એમાં કહ્યું હતુંને, શુભભાવની રચના એ તો પાવૈયાની રચના, નપુંસકની છે એમ કહે છે. આહાહા..! અને એ શુભભાવની રચના સારી એ તો નપુંસકમાં નપુંસક છે. કહો, બહારની વાત અહીં છે નહિ. અહીંયા તો એ શુભભાવ દયા, દાન, વ્રતનો શુભભાવ એની રચના (કરે એ) નપુંસક છે. એના વીર્યને હણી નાખ્યું એણે. આહાહા..!

મુમુક્ષુ :- આપ આમ કહેશો તો કોઈ કરશે નહિ.

ઉત્તર :- કોણ કરતું હતું? એવો ભાવ આવ્યા વિના રહેશે નહિ. શુભભાવ આવે તો

ખરોને. જાય ક્યાં? છે એ નપુંસકતા છે. આહાહા..! એ વ્રતનો ભાવ અને પડિમાનો ભાવ એ વિકલ્પ છે એ નપુંસકતા છે. આહાહા..! વીર્યનું આત્માના બળનું સ્વરૂપ તો એ છે કે શુદ્ધતાની રચના કરે. અશુદ્ધતાની રચના કરે એ બળ આત્મનું કહેવાય? વીર્ય કહેવાય? આહાહા..! એ અહીં વીર કહેવામાં આવે છે. પોતાના પરમાત્મસ્વરૂપને જેણે રચ્યું પર્યાયમાં, રચના કરી, જે પર્યાયમાં રાગની અને મિથ્યાત્વની રચના હતી એને ઠેકાણે સમ્યગ્દર્શન અને સ્વરૂપની સ્થિરતાની રચના કરી એને અહીંયા વીર કહેવામાં આવે છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? બહારમાં તો જરી પાંચ-પચાસ લાખ મળે, મોટી પદવી મળે ત્યાં એમ થઈ જાય કે ઓહોહો..! ભાઈ! કર્મી જાગ્યા. કર્મી જાગ્યા એમ કહેને? કે ધર્મી જાગ્યો એમ કહે? આહાહા..!

આ તો પરમાત્મા... અહીં તો પછી આગળ કહેશે બધું. સમકિતની વ્યાખ્યા કરશે વ્યવહારની. જે પુરુષે પોતાના શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ એના સ્વ આશ્રયે સમ્યગ્દર્શન પરના અવલંબન વિના પ્રગટ કર્યું તેને અહીંયા શૂરવીર કહે છે. ઓહોહો..! એ સુભટ છે. આહાહા..! આ દુનિયાના લાખો માણસને મારે એને સેનાપતિ કહેવાય. પાવૈયા છે, હીજડા છે એ તો, કહે છે. આહાહા..! સંઘમાં અગ્રેસર થાય, લ્યો! સંઘમાં પહેલું નામ આવે. આહાહા..! અહીં તો શૂરવીર. શૂરો વીર. જેણે આત્માના સ્વરૂપની અનુમાન પહેલા કરીને, વિકલ્પથી નિર્ણય કરીને પછી નિર્વિકલ્પ નિર્ણય કર્યો... આહાહા..! એને અહીંયા શૂરવીર કહે છે, એને અહીંયા પંડિત કહે છે. લ્યો! ભલે શાસ્ત્ર બહુ આવડતા ન હોય. પણ ભગવાન આત્મા આવડ્યો. આહાહા..! એ ચૈતન્યનું ભાન થયું એનું જ્ઞાન અનુભવમાં આવ્યું, કહે છે કે એ જીવને અમે પંડિત કહીએ છીએ. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- લોક મેં કુછ દાનાદિક કરે...**' પાંચ-દસ લાખ રૂપિયા આપે, મકાન ધર્મશાળા આદિ બનાવી દ્યે '**ઉનકો ધન્ય કહતે હૈં...**' ઓહો..! ધન્ય ભાઈ તમે કામ કર્યા આવા. ધર્મના મકાન બનાવ્યા, મંદિર બનાવ્યા, દાન કર્યા. એને લોકો ધન્ય કહે. '**તથા વિવાહાદિક યજ્ઞાદિક કરતે હૈં ઉનકો કૃતાર્થ કહતે હૈં,...**' લગ્ન કર્યા તો કહે ઓહો..! બહુ સારું કામ કર્યું. લગન વખતે નથી મા-બાપને, બાપને, વડીલોને પગે લાગે કે ઠીક મને નાખ્યો આમાં હવે. તમે જેમાં પડ્યા એમાં મને નાખ્યો. લગન કર્યા પછી પગે લાગે. છે હિન્દુસ્તાનમાં એવું? હિન્દુસ્તાનમાં એવો રિવાજ છે? બધે ઠેકાણે ચૂલામાં રાખ જ હોયને. વડીલોના આશીર્વાદ. આહાહા..! સો વર્ષના થાજો. શું પછી કાંઈક કહે છે ખરું. બાયડીને. સાત પેઢી સુખી રહેજો લ્યો. દીકરા થાજો એમ કહે. સાત દીકરાની મા થાજો, એની વહુને કહે. પછી હું ઘરડો થઈશ એમ કહે. આહાહા..!

અહીં પરમાત્મા કહે છે, જેણે વિવાહાદિક કામ કર્યા એને લોકો કૃતકૃત્ય કહે. '**યુદ્ધ મેં**

**પીછા ન લૌટે ઉસકો શૂરવીર કહતે હૈં,...'** ખરો શૂરવીર બાપુ માથું મૂકીને આવ્યો. '**બહુત શાસ્ત્ર પઢે ઉસકો પંડિત કહતે હૈં.**' ખુલાસો કર્યો જુઓને. '**યે સબ કહને કે હૈ...**' આહાહા..! '**જો મોક્ષ કે કારણ સમ્યક્ત્વ કો મલિન નહીં કરતે હૈં,...**' આહાહા..! જેણે આત્માના પરમ આનંદના લાભરૂપી મોક્ષ, પરમ આનંદના લાભરૂપી મોક્ષ એનું કારણ જે સમ્યગ્દર્શન... આહાહા..! એને મલિન જેણે કર્યું નથી. એ '**નિરતિચાર પાલતે હૈં...**' આહાહા..! '**ઉનકો ધન્ય હૈ, વે હી કૃતાર્થ હૈં, વે હી શૂરવીર હૈં, વે હી પંડિત હૈં, વે હી મનુષ્ય હૈ.**' લ્યો! છેલ્લું ત્યાં લીધું. '**ઈસકે બિના મનુષ્ય પશુ સમાન હૈ,...**' લ્યો! આવ્યુંને આમાં જુઓ! 'મનુષ્યા સ્વરૂપેણ મૃગા ચરન્તિ.' મનુષ્યના રૂપે મૃગલા છે. આહાહા..! એ અબજોપતિ હોય મોટા રાજા-મહારાજા હીરાના સિંહાસનમાં બેઠા હોય. રાજાઓ ચામરો ઢાળતા હોય. ખમ્મા-ખમ્મા. મૃગલાઓ છે, કહે છે અહીં તો. આહાહા..!

અને નારકીનો જીવ પણ જેણે સમ્યગ્દષ્ટિને મલિન કર્યું નથી... આહાહા..! એ મનુષ્ય છે, મનુષ્ય છે. આહાહા..! 'જ્ઞાયતે ઈતિ મનુષ્યઃ' ગોમ્મટસારમાં આવે છેને. મનુષ્ય એને કહેવો કે જાણે તે, જાણનારને જાણે. જાણનારને ઓળખે તેને મનુષ્ય કહીએ. જાણનાર બીજાને જાણે છે એ તો એકાંત મૂર્ખાઈ છે અનાદિની. જાણનારને જાણે તેને મનુષ્ય કહીએ. આહાહા..! જેને રાગના ભાવથી વિવેક થઈને ચૈતન્યનું ભાન કર્યું છે એને અહીંયા શૂરવીર કહે છે. લ્યો! આહાહા..! એને પંડિત કહે છે, એને મનુષ્ય કહે છે. આહાહા..!

'**ઈસકે બિના મનુષ્ય પશુ સમાન હૈ,...**' આગળ આવે છેને એમાં? સમ્યગ્દર્શન વિનાના પ્રાણી ચાલતા મડદા છે. ચાલતા મડદા. આહાહા..! હજી સમ્યગ્દર્શન શું એની વાત સાંભળી ન હોય. કોને કહેવું એનું ભાન ન મળે. આ અમે માનીએ. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા અને એને જ્ઞાન (માને). આહાહા..! '**ઈસપ્રકાર સમ્યક્ત્વ કા માહાત્મ્ય જાનો.**' આ પ્રકારે સમકિતનું માહાત્મ્ય કહ્યું. સમ્યક્ એટલે જેવું સ્વરૂપ છે આત્માનું તેવું સાચું, પ્રશસ્ત પ્રતીતિ, પણ એ જાણીને પ્રતીતિ, જ્ઞાનમાં આવીને પ્રતીતિ. જ્ઞાનમાં આવ્યા વિના શું ચીજ છે એ આવ્યા વિના પ્રતીત કોની કરવી? આહાહા..! બહુ સારી ગાથા છે.

'**આગે શિષ્ય પૂછતા હૈ કિ સમ્યક્ત્વ કૈસા હૈ?**' એનું લક્ષણ શું કાંઈ બાહ્ય? '**ઈસકા સમાધાન કરને કે લિયે સમ્યક્ત્વ કે બાહ્ય ચિહ્ન બતાતે હૈં :-**' અંદર ચિહ્ન તો સ્વરૂપનું જ્ઞાન કરીને પ્રતીત તે. બાહ્ય ચિહ્ન છે.

हिंसारहिए धम्मे अट्ठारहदोसवज्जिए देवे।
णिग्गंथे पव्वयणे सद्दहणं होइ सम्मत्तं।।९०।।

એ રાગાદિમાં હિંસા છે અને રાગરહિત આત્માનો ધર્મ તે અહિંસા છે.

**'અર્થ :- હિંસારહિત,...'** ધર્મ માને. જેમાં રાગ દયા, દાનનો વિકલ્પ ઉઠે એ પણ હિંસા છે. આહાહા..! એ હિંસારહિત ધર્મ માને.

મુમુક્ષુ :- હિંસા તો બીજાને ન મારવા એ.

ઉત્તર :- એની અહીંયા વાત જ નથી. મારે કોણ અને જીવાડે કોણ? પરની સાથે સંબંધ શું છે? સ્વતંત્ર પદાર્થ બધા. એને કારણે ટકીને બદલી રહ્યા. એને બીજો બદલાવે ને મારે કે જીવાડે, વાતમાં માલ ક્યાં છે? આહાહા..! અભિમાન છે માણસને. આને મારું છું અને આને જીવાડું છું. અભિમાન અજ્ઞાન છે. આહાહા..!

**'हिंसारहिए धम्मे'** રાગરૂપી વિકલ્પથી રહિત, ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ એની દૃષ્ટિમાં નિર્મળતા થવી એનું નામ ધર્મ છે. એમ સમ્યગ્દૃષ્ટિ માને છે, ધર્મી આમ માને છે. આહાહા..! **'અઠારહ દોષરહિત દેવ,...'** લ્યો ક્ષુધા આદિ. એ દોષ હોં! ક્ષુધા આદિ. પરમાત્માને ક્ષુધા હોય નહિ, તૃષા હોય નહિ, રોગ શરીરમાં હોય નહિ. આહાહા..! જેની પરમાત્મદશા પ્રગટ થઈ. શરીર ભલે હો, અરિહંતપણા હોય તો. પણ એના શરીરમાં રોગ ન હોય, ક્ષુધા ન હોય, તૃષા ન હોય. એવી પરમાત્મદશા મનુષ્યદેહે પ્રગટ અંદરમાં થાય એને આવા દોષ હોય નહિ. પરમાત્મા થયા અને અમારે ભૂખ લાગે માટે ખાવું. પાણી પીવું માટે સાકરના પાણી પીવે. આહાહા..!

મુમુક્ષુ :- ભગવાન સાકરના પાણી પીવે?

ઉત્તર :- હા, તૃષા લાગે તો શું કરે? એવા કાંઈ તમારા જેવા પાણી પીવે? ભગવાન કોને કહે? ઊંચા મોસંબીના પાણી એવા આપે. આહાહા..! માણેકની ઘોડીએ ચડે. આવે છેને એ સ્વામિનારાયણમાં. માણેકની ઘોડી. શું હશે કાંઈક. માણકી ઘોડી. ઊંચી જાત, બહુ ઊંચી જાત. આમ હાથ લગાવે ત્યાં વેગી કરે. એને આમ ચાબખું મારવું ન પડે. આમ ઊંચુ કરે ત્યાં ભાગે એટલી ગતિ. પણ એ ભગવાનને વળી ઘોડી કેવી? ભગવાનને આહાર કેવા? ભગવાનને પાણી કેવા? આહાહા..! ભગવાનને લૂગડાં કેવા અંદર? સાધુ થાય ત્યારે લૂગડા ન હોય તો વળી ભગવાન થાય એને લૂગડાં ક્યાંથી આવ્યા પાછા? એને તો એ કહેવાય છે શ્વેતાંબરમાં, ભરતને કેવળજ્ઞાન થયું અરીસાભુવનમાં. 'ઓઘા મોહપતિ લીધા, દેવે દીધા ઓઘા મોહપતિ, જિનધર્મના રાગી.' એવું આવ્યું છે. મારી દીક્ષા વખતે ગાતા હતા ત્યાં ઉતારામાં. એ.. માણસો હજાર, બે હજાર ભેગું થયું હતું. 'જિનશાસનના રાગી, ભરતેશ્વર ઘરમાં થયા વૈરાગી.' દીક્ષા લીધી, પણ વસ્ત્ર-પાત્ર એને દેવોએ આપ્યા. કહો, હજી એને કેવળ થયું એને વસ્ત્ર-પાત્ર દેવે આપ્યા. ગાંડા તે કાંઈ. કેવી ભૂલ!

એ તો અઢાર દોષ રહિત હોય છે. એને ક્ષુધા હોય નહિ, તૃષા ન હોય, શરીરમાં રોગ

ન હોય, દવા ન હોય એને, એને વાહનમાં બેસવું ન હોય. આહાહા..! પૂર્ણ દશા પ્રાપ્ત થાય આત્મામાં એને કોઈ અઢાર દોષ માહ્યલો દોષ ન હોય. એવા દેવને સમકિતી દેવ માને. અજ્ઞાની તો ગમે તેવા દેવને માને એમ કહે છે. આહાહા..!

'**અઠારહ દોષરહિત દેવ, નિર્ગ્રંથ પ્રવચન અર્થાત્ મોક્ષ કા માર્ગ તથા ગુરુ ઈનમેં શ્રદ્ધાન...**' એ નિર્ગ્રંથ મુનિને ગુરુ માને. આહાહા..! જેને એક વસ્ત્રનો ધાગો ન હોય, અંતરમાં ત્રણ કષાયનો અભાવ હોય, રાગની ગાંઠ જેને ગળી ગઈ હોય. આહાહા..! માતાએ જન્મ્યા એવું જેનું શરીરનું રૂપ હોય એવાને સમકિતી ગુરુ માને. આહાહા..! ધર્મી એને માને. છે? '**णिग्गंथे पव्वयणे**' નિર્ગ્રંથ પ્રવચન મોક્ષનો માર્ગ એમ. તથા ગુરુ, તથા પ્રવચનની શ્રદ્ધા બધું આવી ગયું અંદર. '**सद्दहणं होइ सम्मत्तं**' લ્યો! આવી વાસ્તવિક એની શ્રદ્ધા હોય તે બાહ્ય ચિહ્નથી એને ખબર પડે, ઓળખાણ.

અંદર ચિહ્ન તો અનુભૂતિ છે. સમ્યગ્દર્શનનું અંતર લક્ષણ-ચિહ્ન તો અનુભૂતિ છે. અવિનાભાવ છે માટે. ખરું ચિહ્ન તો એનું પ્રતીત છે. પણ સમ્યગ્દર્શનની સાથે અનુભૂતિ હોય છે. તેથી એને અનુભૂતિને પણ લક્ષણ કહ્યું છે. પંચાધ્યાયીમાં લીધું છે, બાહ્ય લક્ષણ છેને એનું. સમ્યગ્દર્શનની અપેક્ષાએ. પણ આ બાહ્ય લક્ષણ સ્થૂલ, ઓલું બાહ્ય લક્ષણ અવિનાભાવી. આહાહા..! અનુભૂતિની પર્યાયથી સમકિતને જોવું એ બધું બાહ્ય લક્ષણ છે. અંતર વસ્તુ છે એવી અંદર પ્રતીત થઈ એ પ્રતીત એનું મૂળ લક્ષણ છે. એ પ્રતીત તો ધારાવાહી ચાલે. એ લડાઈમાં ઉભો હોય સમકિતી કે ધ્યાનમાં હોય, પણ પ્રતીત તો એને નિરંતર ચાલી આવે. જ્ઞાનનો ઉપયોગ ફેરફાર થાય. અંતરમાં હોય ત્યારે નિજ સ્વરૂપમાં ઉપયોગ હોય, બહારમાં હોય ત્યારે લબ્ધરૂપ અનુભવ રહે. શુભ-અશુભ રાગમાં ઉપયોગ કામ કરે ત્યારે... છતાં એ વખતે પણ રાગરહિત છું એવું અનુભવમાં હોય છે. રાગ હોવા છતાં. લ્યો! ધર્મ, દેવ અને ગુરુ. '**णिग्गंथे पव्वयणे**' એ નિર્ગ્રંથના વચનો જે સર્વજ્ઞના, એમાં કહેલો અનેકાંત ધર્મ એને એ માનતો હોય. આહાહા..!

'**ભાવાર્થ :- લૌકિકજન તથા અન્ય મતવાલે જીવોં કી હિંસા સે ધર્મ માનતે હૈં...**' યજ્ઞમાં હિંસા કરે, અશ્વમેધ, નરમેધ આવે છેને. '**ઔર જિનમત મેં અહિંસા ધર્મ કહા હૈ...**' અન્ય જીવોની અહિંસા. એ રાગ એ હિંસા જ છેને રાગ એ. આહાહા..! શુભરાગ છે એ હિંસા છે. અજ્ઞાની એને શુભરાગમાં ધર્મ માને તો હિંસામાં ધર્મ માન્યો એણે. પુરુષાર્થસિદ્ધિમાં કહ્યું છે, રાગ તે હિંસા છે. ચંદુભાઈ! પુરુષાર્થસિદ્ધિમાં છે. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ અપરાધ છે અને એ ભાવ રાગ છે અને એ ભાવ હિંસા છે. આહાહા..! એવા રાગરહિત આત્માનો સ્વભાવ એનું નામ ધર્મ, એને સમકિતી એમ માને. પણ જેમાં

રાગ થાય અને લાભ માને એ માને નહિ. આહાહા..!

'**ઉસી કા શ્રદ્ધાન કરે, અન્ય કા શ્રદ્ધાન ન કરે વહ સમ્યગ્દષ્ટિ હૈ. લૌકિક અન્ય મતવાલે જિન્હેં દેવ માનતે હૈં વે સબ દેવ ક્ષુધાદિ તથા રાગદ્વેષાદિ દોષોં સે સંયુક્ત હૈં,...**' ભગવાન હોય પણ એ ખાય, પાણી પીવે, .. ઓલા જુનાગઢમાં સ્વામીનારાયણનું નીકળ્યું હતુંને મોટી? સહજાનંદના વખતમાં. મોટી નીકળી હતી. હાથી ઉપર બેઠા હતા સહજાનંદ. કાકડી ખાતા હતા ત્યાં. કોઈએ કીધું કે આ..? નવાબ કહે કે ખુદા તો ઐસા હી હોતા હૈ. ખુદા. ખુદાને શું.. આવા ને આવા રાજા. સહજાનંદની હયાતીમાં એમનું માહાત્મ્ય હતું હોં! લોકો બહુ માનતા હતા.

મુમુક્ષુ :- નવાબે કીધુંને.

ઉત્તર :- હા, કીધુંને. એણે કીધું. હાથીને હોદ્દે નીકળે, કાકડી ખાતા હતા. વરઘોડો નીકળ્યો મોટો. બ્રહ્મચારી બહુ પાક્કો અને પછી એને કલ્પિત થઈ ગયું. ઓલા નવાબે કીધું કે ખુદા તો ઐસા હોતા હૈ, ઉસકી ક્યા પરવાહ ઉસકો? આવા ને આવા રાજા. પરમાત્માને વસ્ત્ર ન હોય, એને ક્ષુધા ન હોય, એને તૃષા ન હોય, રોગ ન હોય, એને હાથીને હોદ્દે બેસવાનું ન હોય. એ તો ગૃહસ્થ છે. આહાહા..! પુણ્ય પણ એટલું કામ કરે છેને. પુણ્ય તત્ત્વ છેને. એને અને આત્માને શું?

'**લૌકિક અન્ય મતવાલે જિન્હેં દેવ માનતે હૈં વે સબ દેવ ક્ષુધાદિ...**' તૃષા, રોગ '**રાગદ્વેષાદિ દોષોં સે સંયુક્ત હૈં, ઈસલિયે વીતરાગ સર્વજ્ઞ અરહંતદેવ સબ દોષોં સે રહિત હૈં...**' લ્યો! વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા. ત્યારે (કોઈ) કહે, એવા દેવ તો અત્યારે દેખાતા નથી અહીં. અમારે શી રીતે માનવા? ન્યાયથી માનવુંને એણે જ્ઞાનથી જોઈને કે જે કોઈ આત્મા પૂર્ણ દશાને પામે એને તો સર્વજ્ઞ અને પૂર્ણ આનંદ હોય. એને ક્ષુધા-તૃષા આદિ હોય નહિ. તો એવા આત્માઓ થઈ ગયા છે કે નહિ? છે કે નહિ? ક્યાં છે એ વળી પછી. પૂર્ણ દશા પામેલા જીવો થયા છે. છે તો ક્યાંક છે. કહો, સમજાણું કાંઈ? આ તો પરમાત્મદશા પામેલા છે. સિદ્ધપણે તો ઉપર છે, અરિહંતપણે મહાવિદેહમાં છે. વર્તમાન મોજૂદ છે. અહીં કહે છે '**ઉનકો દેવ માને, શ્રદ્ધાન કરે વહી સમ્યગ્દષ્ટિ હૈ.**'

'**યહાં અઠારહ દોષ કહે વે પ્રધાનતા કી અપેક્ષા કહે હૈં...**' મુખ્યની અપેક્ષા. '**ઈનકો ઉપલક્ષણરૂપ જાનના, ઈનકે સમાન અન્ય ભી જાન લેના. નિર્ગ્રંથ પ્રવચન અર્થાત્ મોક્ષમાર્ગ વહી મોક્ષમાર્ગ હૈ,...**' લ્યો! '**મોક્ષમાર્ગ વહી મોક્ષમાર્ગ હૈ, અન્ય લિંગ સે અન્ય મતવાલે શ્વેતાંબરાદિક જૈનાભાસ મોક્ષ માનતે હૈં,...**' અન્ય લિંગ હોય વસ્ત્રાદિનું કે બાવાનું અને મોક્ષ થાય એ વાત સાચી નથી. આહાહા..!

મુમુક્ષુ :- પંદર પ્રકારે થાય.

ઉત્તર :- પંદરમાં એકેય પ્રકારે નહિ. નગ્નપણે થાય. એવી વાત છે. કોઈ વસ્ત્ર નાખી દીધું હોય એ જુદી વાત છે. પણ મન, વચન અને કાયા, કરણ, કરાવન, અનુમોદન નવ કોટીથી વસ્ત્ર છૂટી જાય, ત્યારે કાયામાં વસ્ત્ર રહે શેનું? આહાહા..!

'અન્યલિંગ સે...' પંદર ભેદે આવે છે. શ્રીમદ્‌માં પણ આવે છે. પંદર ભેદે લિંગ મોક્ષ કર્યો એનો અર્થ એમ કે વીતરાગતા છે એમ. અન્ય લિંગમાં કેવળજ્ઞાન થાય જ નહિ. નગ્નપણું હોય અને અંતરમાં વીતરાગતા હોય એને કેવળજ્ઞાન થાય. આહાહા..! **'અન્યલિંગ સે અન્ય મતવાલે શ્વેતાંબરાદિક...'** ઠીક! સ્થાનકવાસી, દેરાવાસી એ બધા શ્વેતાંબર જૈનાભાસ છે. જૈન નથી એ. છે? જૈન નથી, જૈનાભાસ છે. જૈન જેવો દેખાવ છે. શાહુકાર ન હોય અને શાહુકારાભાસ લિબાસ હોય છેને? શ્વેતાંબર, સ્થાનકવાસી જૈનાભાસ. ઓલા તમારા ધ્રુવ છેને ધ્રુવ નહિ લીંબડીના? ધ્રુવ ડોક્ટર-વૈદ નહોતા? અને અત્યારે શાંતિભાઈ ધ્રુવ નથી? વાંકાનેર. લીંબડીના વિશાશ્રીમાળી. નહિ તમે ઓળખતા હો. એના બાપ પણ ત્યાં લીંબડીમાં વૈદ હતા વિશાશ્રીમાળી. એ જગજીવન અને પ્રેમચંદ. પ્રેમચંદ વૈદ હતા. અહીં આવતા પહેલાં. એ ગુજરી ગયા. આ જગજીવન છે. એનો દીકરો અહીંયા આંખનો હસમુખ, રાજકોટ. મોટો ડોક્ટર છે. વિશાશ્રીમાળી છે લીંબડીના. વાંચે છે ત્યાં. પછી વાત નીકળતા કહે કે હું તો શ્વેતાંબર, સ્થાનકવાસીને જૈનેતર માનું છું. જૈનેતર-જૈન નહિ. એમ કીધું. જગજીવનભાઈ છે વિશાશ્રીમાળી. એનો દીકરો ત્યાં આંખનો મોટો પ્રસિદ્ધ થઈ ગયો રાજકોટમાં છે. નાની ઉંમરમાં. આપણે અહીં આવી ગયો છે. આંખનો પ્રસિદ્ધ છે પુણ્યને લઈને. ઓળખો છો ચંદુભાઈ? નથી ઓળખતા. તમારા વિશાશ્રીમાળી. પરિચય નહિ. એ વાંચે છે. એમાં ઓલા ધીરૂભાઈ નહિ? વાંકાનેરવાળો સ્થાનકવાસી, એ ત્યાં સાંભળવા જાય. સ્થાનકવાસી છે અગ્રેસર મોટો. વાહ! બહુ સરસ વાંચે છે. માર્ગ તો આ છે. એમ સ્થાનકવાસીમાં થઈ ગયું. એ છે. ધીરૂભાઈએ કહ્યું. ભાઈ! માર્ગ તો આ છે, બાપા! વાડા બાંધીને બેઠા એ કાંઈ માર્ગ નથી. માર્ગ તો આ છે. એને પહેલી...

મુમુક્ષુ :- કુંદકુંદાચાર્ય કહે છે ઈ.

ઉત્તર :- બીજા આચાર્યે કહ્યું નથી. બીજા આચાર્યોએ તો જે જૈનના આચાર્યો છે એમણે તો કુંદકુંદાચાર્યે કહ્યું એવું જ કહ્યું છે. બીજા જે આચાર્ય એ તો આચાર્ય જ હતા કે દિ'? આહાહા..! કુંદાકુંદાચાર્ય સિવાયના આચાર્યોનું બલિદાન એમ કહે છે જૈન દિગંબરના. ત્યારે કીધું, ગેંડાલાલ ત્યાં બહુ કહેતા હતા. પણ ત્યારે આ વૃંદાવનદાસે એમ કહ્યું છે કે આવા કુંદકુંદાચાર્ય ન હુએ, ન હોએંગે. નથી આવતું? તો ત્યાં બલિદાન થઈ ગયું બીજાનું? આહાહા..!

ઘણું કહ્યું છેને. એ પણ કહ્યું છે. આ કુંદકુંદાચાર્ય ભગવાન પાસે જઈને જો આ માર્ગ ન કહ્યો હોત તો અમે મુનિધર્મ શી રીતે પામત? મુનિ કહે છે. ત્યારે હવે એની સામે બલિદાન થઈ ગયું બીજા સાધુનું? એમ ગેંડાભાઈ કહેતા હતા બહુ, ગેંડાલાલ. આવ્યા હતાને ગઢડા. મોટો લેખ લખ્યો છે વિરોધનો. એ ..ની સામે કૈલાસચંદજી. આપણને એવું વિરૂદ્ધ-બિરૂદ્ધની.. તત્ત્વની વાત સમજવા માટે ભલે હો. લેખમાં-બેખમાં વિરોધ કરવો નહિ. ...

માર્ગ તો દિગંબર સંતોએ જે અનાદિ સનાતન જૈનધર્મ એટલે વસ્તુનો સ્વભાવ જે હતો તે જાણીને, અનુભવીને કહ્યો છે બસ. એવી વાત બીજે નથી. ૧૪મી ગાથામાં તો શ્વેતાંબર અને સ્થાનકવાસીને જૈનમાં જ ગણ્યા નથી, પહેલાં દર્શનપાહુડમાં. બહુ ફેર, હજારો ફેર બોલોમાં. આખો જૈનમાર્ગ જ ફેરવી નાખ્યો આખો. પણ લોકોની મોટી સંખ્યા એ. દુઃખ લાગે એને બિચારાને. એ સત્ય કહેતા દુઃખ લાગે એ કાંઈ સત્યને કારણે નથી, એની ઊંધી શ્રદ્ધાને કારણે છે.

અહીં કહે છે, શ્વેતાંબર આદિ છેને? રાતા કપડા પહેરવાવાળા, પીળા કપડા પહેરવાવાળા, ધોળા કપડા પહેરવાવાળા એ '**જૈનાભાસ મોક્ષ માનતે હૈં, વહ મોક્ષમાર્ગ નહીં હૈ.**' એ મોક્ષમાર્ગ નથી. આહાહા..! '**ઐસા શ્રદ્ધાન કરે વહ સમ્યગ્દષ્ટિ હૈ,...**' આહાહા..! જેટલા વસ્ત્રસહિત સાધુ માને છે એ બધા મિથ્યાદષ્ટિ, ગૃહીત મિથ્યાદષ્ટિ છે. આહાહા..! જૈનાભાસ છે. આકરી વાતું. મોટા આચાર્ય નામ ધરાવે. ...

મુમુક્ષુ :- અઠ્યાવીસ મૂળગુણ પાળે છે.

ઉત્તર :- પાલતે હૈં દિગંબર સાધુ. ત્યાં ક્યાં અઠ્યાવીશ મૂળગુણ છે? આહાહા..! એના સત્યાવીશ ગુણ કહેવાય છે સાધુના. પણ બીજા, આ નહિ. આહાહા..! આવી વાત છે, ભાઈ!

'**આગે ઈસી અર્થ કો દૃઢ કરતે હુએ કહતે હૈં -**' દેખો!

**जहजायरूवरूवं सुसंजयं सव्वसंगपरिचत्तं।**
**लिंगं ण परावेक्खं जो मण्णइ तस्स सम्मत्तं।।९१।।**

'**અર્થ :- મોક્ષમાર્ગ કા લિંગ-ભેષ ઐસા હૈ કિ યથાજાતરૂપ...**' જેવી માએ જન્મ્યા એવું રૂપ એનું હોય નગ્ન. આહાહા..! બાળકની પેઠે નિર્વિકારી જેનું આખું શરીર. આહાહા..! જેના ઉપશમરસના-શાંતરસના ઢાળા શરીરમાં દેખાય. આહાહા..! '**બાહ્ય પરિગ્રહ વસ્ત્રાદિક કિંચિત્ માત્ર ભી...**' નહિ. એક તલના તુષ-ફોતરા જેટલો પણ જેને વસ્ત્રનો, પાત્રનો (પરિગ્રહ) આહાહા..! ન હોય. '**સમ્યક્ પ્રકાર ઈન્દ્રિયોં કા નિગ્રહ...**' હોય. '**सुसंजयं**' છેને? ઈન્દ્રિયોનો નિગ્રહ પાંચેય. અણીન્દ્રિય આત્મા એનું જેને વેદન હોય. આહાહા..! '**જીવોં કી દયા પાયી**

**જાતી હૈ...'** **'सुसंजयं'** છેને? કોઈપણ પ્રાણીને એકેન્દ્રિયને પણ દુઃખ દેવો એવો ભાવ એને હોય નહિ. **'ઐસા સંયમ હૈ,...'** **'सुसंजयं'** શબ્દ પડ્યો છેને.

**'સર્વસંગ અર્થાત્ સબ હી પરિગ્રહ તથા સબ લૌકિક જનોં કી સંગતિ સે રહિત હૈ...'** પરિગ્રહથી રહિત, વસ્ત્રથી રહિત, સંગતિ લૌકિકથી રહિત. **'જિસમેં પર કી અપેક્ષા કુછ ભી નહીં હૈ,...'** એવું લિંગ. અપેક્ષા જ ન મળે જેને. નિર્વિકલ્પ. માતાએ જન્મ્યો એવું શરીર. એને અહીંયા મુનિપણું ગણવામાં આવ્યું છે. એને સમકિતી માને, બીજાને માને નહિ. **'મોક્ષ કે પ્રયોજન સિવાય અન્ય પ્રયોજન કી અપેક્ષા નહીં હૈ. ઐસા મોક્ષમાર્ગ કા લિંગ માને-શ્રદ્ધાન કરે ઉસ જીવ કે સમ્યક્ત્વ હોતા હૈ.'** લ્યો! એને સમ્યગ્દૃષ્ટિ કહેવામાં આવે. લ્યો! વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**વૈશાખ વદ ૫, શનિવાર તા. ૧૧-૦૫-૧૯૭૪**
**ગાથા - ૯૧ થી ૯૫, પ્રવચન - ૧૪૪**

આ અષ્ટપાહુડ. કુંદકુંદાચાર્ય કૃત મોક્ષસાર અધિકાર ચાલે છે. મોક્ષનો પાહુડ એટલે મોક્ષસાર. ૯૧નો ભાવાર્થ. **'મોક્ષમાર્ગ મેં ઐસા હી લિંગ હૈ,...'** .. કહ્યુંને. મોક્ષમાર્ગ જેને પ્રગટ્યો છે, અંતરમાં આત્માનું સમ્યગ્દર્શન-અનુભવ સહિત પ્રતીત થઈ છે અને તે ઉપરાંત એને સ્વસંવેદનજ્ઞાન અને સ્વરૂપમાં રમણતારૂપ ચારિત્ર જેને પ્રગટ્યું છે, એનો ભેખ તો માતાએ જન્મ્યો એવો હોય છે. એમાં આવ્યુંને? **'जहजायरूववरूवं'** નગ્ન લિંગ હોય છે દિગંબર. એ મોક્ષમાર્ગમાં જૈનધર્મમાં એટલે સત્ય ધર્મમાં અંતર આત્માના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસહિત એનો ભેખ નગ્ન દિગંબર હોય છે.

**'અન્ય અનેક ભેષ હૈં વે મોક્ષમાર્ગ મેં નહીં હૈ...'** જેને વસ્ત્રનો એક ધાગો પણ ન હોય એવો માર્ગ અનાદિનો વીતરાગનો છે. શ્વેતાંબર અને સ્થાનકવાસી તો પછી જૈનધર્મમાંથી ભ્રષ્ટ થઈને નીકળ્યા છે. આવી વાત છે ઝીણી બહુ. આકરું કામ છે. અનાદિ વીતરાગ સર્વજ્ઞ

પરમેશ્વર, એણે જે માર્ગ કહ્યો એ માર્ગની વાત કરે છેને. એને અંતરમાં અનુભવ (હોય છે). એકલું નગ્નપણું એકલું નહિ, પણ અંતરમાં આત્માના વીતરાગી સ્વભાવને જેણે જાણ્યો, માન્યો, અનુભવ્યો હોય, એ ઉપરાંત જેને સ્વરૂપમાં આરૂઢતાનું ચારિત્ર પ્રગટ થયું હોય એવા મુનિને લિંગ નામ બાહ્ય ભેખ તદ્દન નગ્ન હોય છે. આવો માર્ગ છે. '**મોક્ષમાર્ગ મેં અન્ય ભેષ નહીં...**' જેમ વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર...

મુમુક્ષુ :- ઉત્સર્ગ માર્ગ અને અપવાદ માર્ગ...

ઉત્તર :- ઉત્સર્ગ અપવાદનો તો આ. મોરપીંછી, કમંડળ આદિ અપવાદિત માર્ગ છે. એ કહ્યું છે કૈલાસચંદજીએ... ત્રણ કાળમાં બાપુ માર્ગ એવો ઝીણો છે.

જેને આત્માનો અનુભવ પ્રગટીને જેને અંતરમાં ચારિત્રદશા પ્રગટ થઈ છે. અહો..! એ મોક્ષમાર્ગીને ભેખમાં તો નગ્ન દશા જ હોય. શ્રીમદ્દે પણ અપૂર્વ અવસરમાં એમ નથી કહ્યું? એક શરીર માત્ર સંયમ હેતુ હોય જો. દેહમાત્ર સંયમ હેતુ હોય જો. માર્ગ આવો અનાદિનો છે. લોકોને ખબર નથી તત્ત્વની અને ભેખ કેવો હોય મુનિઓનો (એની ખબર નથી). અને એકલું નગ્નપણું ધારણ કરે એ નહિ. આગળ આવશે ઈ. અંતરમાં જેને ચૈતન્યસ્વભાવ સર્વજ્ઞ વીતરાગી સ્વરૂપ એનું-આત્માનું, એનું જેણે અંતર સન્મુખ થઈને રાગથી ભિન્ન પડી સ્વરૂપમાં સમીપ જઈને અનુભવ્યું છે જેણે. આહાહા..! આવું તો જેને સમ્યગ્દર્શન હોય છે. એ ઉપરાંત સ્વરૂપમાં જેને અતીન્દ્રિય આનંદનું ઘોલન, રમણતા, વેદન પ્રગટતા ઘણી હોય છે. આહાહા..! એને અંતરમાં સાચો મોક્ષમાર્ગ કહીએ. એને લિંગમાં તો નગ્નપણું જ હોય છે. આહાહા..! વસ્ત્રાદિને રાખે છે એ મોક્ષમાર્ગમાં નથી. વીતરાગ ધર્મમાં એ નથી. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જિનકલ્પી અને સ્થવિરકલ્પી બેય. બેય નગ્ન હોય. એ વાત ૮૩માં થઈ હતી. ઓલો મુનિ આવ્યો હતોને? મુનિન્દ્રસાગર, ભાવનગર. એ ગોટાવાળો હતો. મેં કીધું, .. જોઈએ તો ખરા એને. ... આ સ્થવિરકલ્પી કહેવાય અને આ જિનકલ્પી. એમ કરીને ગોટો વાળ્યો. હવે સ્થવિરકલ્પી સાધુ એ નગ્ન હોય છે. જિનકલ્પી એકલા હોય છે, સ્થવિરકલ્પી ઘણા સાધુના સમુદાયમાં હોય છે. બાકી હોય છે તો તદ્દન (નગ્ન). જેને પરિગ્રહ પાંચ ઈન્દ્રિયનું વલણ છૂટી ગયું છે. દૃષ્ટિમાં તો પાંચેય ઈન્દ્રિયને જીતી છે એ જુદી, પણ હવે આસક્તિની વૃત્તિનું જે વલણ છે એ અણીન્દ્રિયના આનંદના ઝમવટમાં એ આસક્તિ પણ છૂટી ગઈ છે. આહાહા..! એ મુનિપણું ક્યાં છે? સમજાણું કાંઈ? એવા અંતરમાં મુનિને ભેખ ઉપર કહ્યો હોય એવો હોય છે. 'जहजायरूवरूवं'.

'**અન્ય અનેક ભેષ હૈં વે મોક્ષમાર્ગ મેં નહીં હૈં ઐસા શ્રદ્ધાન કરે ઉસકો સમ્યક્ત્વ**

**હોતા હૈ.'** આવી જે શ્રદ્ધા કરે તેને સમ્યગ્દર્શન થાય છે. આહાહા..! **'યહાં પરાપેક્ષ નહીં હૈ...'** એમ કહ્યું છેને પાઠમાં. **'યહાં બતાયા હૈ કિ ઐસે નિર્ગ્રંથ રૂપકો જો કિસી અન્ય આશય સે ધારણ કરે...'** દુનિયામાં માન મેળવવા, આબરૂ મેળવવા, મોટપ મેળવવા એવા (આશયથી) નિર્ગ્રંથ નગ્નપણું ધારણ કરે તો એ ભેખ મોક્ષમાર્ગ નહિ. એ પણ મોક્ષમાર્ગમાં નહિ. આહાહા..! કાંઈક બીજા કરતા અધિક બતાવવા ભેખ ફેરવે, નગ્ન થાય, ..ધારણ કરે એ ભેખ નિર્ગ્રંથ મુનિનો નહિ. આહાહા..!

**'કેવલ મોક્ષ હી કી અપેક્ષા જિસકે હો...'** જેમાં પરમ આનંદના લાભની જ (અપેક્ષા) જેને અભિપ્રાયમાં હોય છે. આહાહા..! મોક્ષ એટલે પરમ અતીન્દ્રિય આનંદનો લાભ એનું નામ મોક્ષ. અતીન્દ્રિય પરમ આનંદનો લાભ એવા મોક્ષની જ જેને અભિલાષા છે. આહાહા..! એવી **'અપેક્ષા જિસકે હો...'** કેવળ એકલું, એમ કહે છે. જેમાં સ્વર્ગ પણ નહિ, પુણ્ય પણ નહિ. આહાહા..! ઐસા ઉસકો માને **'વહ સમ્યગ્દૃષ્ટિ હૈ, ઐસા જાનના.'** આહાહા..! આવી વાત છે જરી, ભાઈ! સંપ્રદાયના પક્ષવાળાને ભારે કઠણ પડે એવું છે. તમે ક્યાં સંપ્રદાયના પક્ષમાં રહ્યા છો? આ તમારા બધા કુટુંબી છે આ. ... આહાહા..! માર્ગ આવો છે. એથી આ પરિવર્તન કર્યું છે. કાંઈ મફત નહોતું કર્યું. આ માર્ગ જ, સ્થાનકવાસી અને શ્વેતાંબર એ માર્ગ જ જૈનધર્મનો નથી. ના પાડે છેને જુઓને અહીંયા. આહાહા..! કહો. મુહપતિ ને લૂગડાં રાખીને સાધુપણું માને એ તો મિથ્યાદષ્ટિ છે, જૈનધર્મને એ માનતા જ નથી, એને જૈનધર્મની ખબર નથી. આવી વાત છે, બાપુ!

મુમુક્ષુ :- અનેકાંત છે.

ઉત્તર :- અનેકાંત એટલે આ જ હોય અને બીજું ન હોય એનું નામ અનેકાંત. આવું પણ હોય અને આવું પણ હોય એનું નામ અનેકાંત નહિ. આહાહા..! અનાદિ તીર્થંકર સર્વજ્ઞ પરમેશ્વરે કેવળજ્ઞાનીએ તો આ માર્ગ કહ્યો છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સાંભળો, આપણે કોઈનું કામ નથી. અહીં તો સત્ય શું છે એ (સમજવું). દુનિયામાં બધું ચાલે. આ માર્ગ મળવો મહા (દુર્લભ છે). સંસારને કાંઠે આવ્યો હોય એને આ બેસે એવું છે. આ પક્ષની વાત નથી. વસ્તુના સ્વરૂપની યથાર્થતાની વાત છે આ. આહાહા..! ભગવાન કુંદકુંદાચાર્ય ત્યાં ગયા હતા ભગવાન પાસે. આઠ દિન રહ્યા હતા. ત્યાંથી આવીને આ શાસ્ત્ર રચ્યા છે. એમાં કુંદકુંદાચાર્ય પોતે એમ ફરમાવે છે જુઓને. આહાહા..!

અંતર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વીતરાગતા જેને પ્રગટી છે. ઓહોહો..! ધન્ય અવતાર, ધન્ય સફળ કર્યા એણે! એને ભેખમાં તો નગ્નપણું જ હોય છે. એને વસ્ત્રનો તાણો પણ

લેવાનો વિકલ્પ અને રાગ હોતો નથી. આહાહા..! એ તે મુનિપણું કંઈ સાધારણ છે? આ તો આલીદુઆલી લઈ લે. રાંડી રાંડ બાઈને સાધ્વી.. નમો લોએ સવ્વ સાહુણં.

મુમુક્ષુ :- સાહુણંમાં આવેને?

ઉત્તર :- સાહુણંમાં ધૂળમાંય આવે નહિ. ધૂળમાં એટલે? એને સારા પુણ્ય પણ બંધાય નહિ. આહાહા..! આવો માર્ગ અંતર ચૈતન્ય સ્વરૂપ આનંદનો ભંડાર આહાહા..! એકલો જ્ઞાનસાગર આત્મા પરિપૂર્ણ વસ્તુ એની શ્રદ્ધા સમ્યક્, સમ્યક્-જેવું છે તેવું જ્ઞાનમાં ભાસીને પ્રતીત થઈ, ચારિત્રદોષ ભલે હો, પણ આ રીતે એને ભાન થતાં, એને અંતરમાં અનુભવ થઈને સમ્યગ્દર્શન કહેવાય છે. આહાહા..! એને ચારિત્રદોષ હોય છે. અહીં તો હવે ચારિત્રદોષ રહિતની વાત કરવી છે. આહાહા..! જેને ચારિત્રના દોષો જે વસ્ત્ર રાખવા, પાત્ર રાખવા, એને માટે કરેલો આહાર લેવો સમિતિ આદિમાં, એ બધો ચારિત્રદોષ છે. એ ચારિત્રદોષ ધર્મીને હોય નહિ, ચારિત્રવંતને એ હોય નહિ. આહાહા..! એને સાચો મોક્ષનો માર્ગ શું છે એની એને પ્રતીત કરાવે છે. આહાહા..!

**'આગે મિથ્યાદષ્ટિ કે ચિહ્ન કહતે હૈં :-'**

**कुच्छियदेवं धम्मं कुच्छियलिंगं च बंदए जो दु।**
**लज्जाभयगारवदो मिच्छादिट्ठी हवे सो हु।।९२।।**

જેને ક્ષુધા, તૃષા અને રોગ હોય અને રાગદ્વેષ હોય એ દૂષિત એ દેવ નથી, એ કુત્સિત દેવ છે. આહાહા..! એ કુત્સિત નામ જૂઠા દેવ છે. ભગવાનને શરીરને રોગ થાય, એ દવા લાવે, એને ક્ષુધા લાગે, એ આહાર લે. આવ્યું છે. બીજું આવ્યું હતું. આદિપુરાણમાં આવ્યું હતું. પોતે ભિક્ષા માટે ગયા, તીર્થંકર હતા. કેમકે પાછળથી મુનિઓ પણ એ રીતે ભિક્ષા લેશે. એ ભીક્ષાની વાતમાં આદિપુરાણમાં છે. તીર્થંકર એટલે મહા પૂર્ણ સ્વરૂપ પ્રાપ્ત કરવાની તીવ્ર અભિલાષાથી તો મુનિ થયા છે. એને તો આહારની પણ કંઈ દરકાર નથી. જેને આહાર ગૃહસ્થાશ્રમમાં પણ ઈન્દ્રો લાવતા. તીર્થંકર જે હોય, તીર્થંકરપણે જે અવતરે એને આહાર અને પાણી, વસ્ત્ર બધા દેવલોકમાંથી આવે. આહાહા..! એ જ્યારે મુનિ થાય ત્યારે એને કહે છે કે ઓલો આહાર તો ન હોય એને. હવે એને આહાર લેવાની વૃત્તિ ઉઠે તો આદિપુરાણમાં એમ કહ્યું છે, બીજા મુનિઓ પણ આત્મધ્યાની, જ્ઞાનીને આહાર લેવાની વૃત્તિ હોય અને આહાર લે, એનું અનુકરણ કરવા આ .. એ વ્યવહાર છે. એમ છે આદિપુરાણમાં. પણ એ વ્યવહાર છે. એ તો પોતાને એવો વિકલ્પ આવે. છદ્મસ્થ તીર્થંકર છે, કેવળી ન હોય ત્યારે આહાર લેવાની વૃત્તિ હોય, પણ એને આમ ખતવ્યું જરી. પણ વસ્ત્ર રાખીને, બીજા વસ્ત્ર રાખે એ માર્ગ વીતરાગનો નથી.

કેવળી જિનેશ્વર ત્રણલોકના નાથ પરમાત્મા વીતરાગના માર્ગમાં નગ્નપણા સિવાય (મોક્ષ થાય નહિ). પંદર ભવે મોક્ષ થાય એ બધી વાતું આવે છે. શ્રીમદ્‌માં પણ આવે છે. ... પંદર ભેદે સિદ્ધ થાય. એનો હેતુ એવો છે કે વીતરાગભાવ.. એમ કરીને લખ્યું છે પાછળના બોલમાં. પત્રો નથી. બોલ છે. અહીં તો કહે છે, પ્રભુ! ભાઈ! આહાહા..! જેને આત્મા અનુભવ આનંદની દશા અનુભવ થઈ અને જેને અંતર આહાહા..! સમ્યગ્દર્શન થયું એ જીવનું ચારિત્ર કેવું હોય? એ તો સ્વરૂપમાં જે થોડો આશ્રય લીધો હતો સમ્યગ્દર્શનમાં, એ ચારિત્રમાં એણે ઉગ્ર આશ્રય લીધો. આમ વાત છે. આહાહા..! ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ એનો ઉગ્ર આશ્રય લઈને જે સ્થિરતા ચારિત્રની પ્રગટી છે એ ચારિત્ર કંઈ પરના લક્ષે પાંચ મહાવ્રતના પરિણામ એ ચારિત્ર નથી કાંઈ. આહાહા..! અરે! એને માર્ગની રીત શું છે એની ખબરું ન મળે. એવો જે આત્મસ્વરૂપ જે પૂર્ણ ધ્રુવ એનો અનુભવ તો હતો, પણ જેણે એમાં ઉગ્ર અંદર આશ્રય લઈને અવલંબન લીધું ત્યારે એને એની દશામાં વીતરાગતારૂપી ચારિત્રદશા પ્રગટ થઈ. આહાહા..! આ વાત તો છે જ નહિ ક્યાંય. આ કરો ને આ કરો, એમને એમ... સમજાણું કાંઈ? પૂર્ણ સ્વરૂપ પરમાત્મા ઉપર જેણે ઉગ્ર આશ્રય લઈને સ્વરૂપ ઉપર રમણતાની પ્રગટ દશા કરી. આહાહા..! એવા મોક્ષમાર્ગી સંતને ભેખમાં નગ્નદશા હોય. આહાહા..! બીજી દશા હોય એ મોક્ષમાર્ગ નહિ. એ વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ એના માર્ગમાં એ નથી. આહાહા..! ચંદુભાઈ! ભારે આકરું પણ આવું. સંપ્રદાયમાં શું સમજવું?

મુમુક્ષુ :- આપે સહેલો કરી દીધો છે.

ઉત્તર :- ... સ્થાનકવાસી? .. એનો બાપ .. એનો બાપ .. નો છોકરો છેને. ભાઈ. ...મલૂકચંદ, મલૂકચંદ... બધા સ્થાનકવાસી. શું નામ ભાઈનું? દિલીપ. કહો, રતિભાઈ! આ બધા એમાં હતાને. આહાહા..! માર્ગ પ્રભુ એવો છે. આહાહા..! શું છે? કો'કને દુઃખ લાગે... માર્ગ તો આ છે. અરે! અહીંયા તો એ બધા વસ્ત્ર રાખીને મુનિપણું માને, મનાવે, કુંદકુંદાચાર્ય તો કહે છે કે એને નિગોદગામી ભલે હો ... છે. આહાહા..!

એમ જેણે આત્માના દર્શન કરીને જેણે અંતરમાં ચારિત્ર પ્રગટ કર્યું. આહાહા..! ભલે એને એકાદ ભવ કોઈ બાકી સ્વર્ગ આદિનો હોય, પછી મોક્ષ છે એને. આહાહા..! પંચમ આરાના સાધુ. ... કેવળ તો નથી અત્યારે. આહાહા..! ધન્ય અવતાર! ધન્ય જન્મ જેના!! જેણે જન્મીને સમ્યગ્દર્શન પ્રગટ કરીને.. આહા..! જે ચારિત્રની રમણતા આત્મબાગમાં રમણતામાં જામી ગયા છે. આહાહા..! એને કહે છે કે વસ્ત્રનો કટકો પણ હોઈ શકે નહિ. આહાહા..! કહો, સમજાણું આમાં? ઓલું તો સમજાણું જ છેને પહેલેથી. આમાં સમજાણું? એમ કહ્યું. ..ભાઈ! આ બધા તો ઘણા તો એ જ છેને જુઓને. કો'ક દેરાવાસી હોય, બાકી ઘણાં

સ્થાનકવાસી.

એકલું નગ્નપણું એ નહિ, પાછું એમ કહે છે. અંદર મોક્ષની અભિલાષથી જેણે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કર્યા છે અને એની અભિલાષમાં જેને નગ્નદશા સહજ થઈ ગઈ છે. દુનિયામાં મને આચાર્યના, ઉપાધ્યાયના પદ મળશે, બધા કરતા મને પૂજશે વિશેષ એવી આશાએ જે ભેખ (ધરે) એ ભેખ નથી. નગ્નપણું પણ એ મોક્ષમાર્ગમાં નથી. આહાહા..!

'**જો ક્ષુધાદિક...**' જોયું! ભગવાનને ક્ષુધા લાગે, આહાર લેવા જાય, એને રોગ થાય, સાધુને દવા લેવા મોકલે. ભગવતીમાં પંદરમા શતકમાં છે. ...અણગારને મોકલ્યા આહાર લેવા, આહાર લાવ્યા, ખાધો. શરીર પુષ્ટ-પુષ્ટ થઈ ગયા અને બધા ખુશ થઈ ગયા દેવો. બધી કલ્પનાઓ. આહાહા..! ભગવતીના પંદરમા શતકમાં આ લેખ છે. એ વળી ... આહાહા..! એને બાર મહિના.. મુનિને. કેવળીને તો આહાર હોય જ નહિ. સર્વજ્ઞ પૂર્ણ આનંદ. આહાહા..! જેના સ્વભાવમાં પૂર્ણ અતીન્દ્રિય આનંદનો રસ પૂર્ણ સત્ત્વ સોળ આના પડ્યું છે એમાંથી ઉકેલ થઈને શક્તિમાંથી વ્યક્તતા જ્યાં અનંત આનંદ જેને આવ્યો એને ક્ષુધા શું? એને શરીરમાં રોગ શા? એને દવાઓ કેવી? આહાહા..!

મુમુક્ષુ :- શરીરની દવા જોઈએને, શરીરથી ધર્મ થાય.

ઉત્તર :- શરીરથી ધર્મ કે દિ' થાતો હતો? 'શરીર આદ્યં ખલું ધર્મ સાધનં.' એમ ન કહ્યું? ... બધી ગપેગપ વાતું છે. આહાહા..! ... અંતરની દૃષ્ટિ થઈ નથી. અલૌકિક માર્ગ છે.

'**ક્ષુધાદિક ઔર રાગદ્વેષાદિક દોષોં સે દૂષિત હો...**' લ્યો! આહાર લેવાની વૃત્તિ થાય એ તો રાગ છે. ત્યારે કહે, વૃત્તિ વિના, ઈચ્છા વિના કેમ ચાલે છે? એમ ઈચ્છા વિના એને આહાર આવે છે. એમ એ કહે છે. દલીલ છે એની. આહાહા..! અરે! ભગવાન! બાપુ ભાઈ! સત્યના શરણ લે બાપુ! એ અસત્યને શરણે હાથ નહિ આવે કાંઈ. દુનિયા ભલે માનશે, દુનિયા માને, દુનિયા પૂજે એથી કાંઈ તારી પૂજ્યતા વધી જશે અંદર? આહાહા..! કહે છે, એ ખોટા દેવ. જેને ક્ષુધા લાગે, તૃષા લાગે, રોગ થાય, આહારની વૃત્તિ હોય પાણીની, દવા લેવાનો ભાવ (હોય) એ બધા ખોટા દેવ છે. એ દેવ જ નથી સાચા.

'**જો હિંસાદિ દોષોં સે સહિત હો વહ કુત્સિત ધર્મ હૈ,...**' જે ધર્મમાં રાગભાવથી ધર્મ મનાવે એ હિંસાધર્મ છે. આહાહા..! એ પુણ્યભાવથી ધર્મ થાય એમ મનાવે એ હિંસાધર્મ છે. આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા જે શુભભાવ એમાં ધર્મ મનાવે એ હિંસાધર્મ છે. આહાહા..! જેમાં રાગ થતાં આત્માના સ્વરૂપની હિંસા થાય છે. એને ધર્મ માનવો એ મિથ્યાત્વભાવ છે. '**જો પરિગ્રહાદિ સહિત હો વહ કુત્સિતલિંગ હૈ.**' જેને વસ્ત્ર હોય,

પાત્ર હોય. પીળા કપડા, લાલ કપડા અને ધોળા કપડા. એ કુત્સિતલિંગ એ જૈનધર્મનું ખોટું લિંગ છે, જૂઠું લિંગ છે, લિંગ સાચું છે નહિ. **'જો ઈનકી વંદના કરતા હૈ,...'** આવા દેવ-ગુરુની, ખોટા શાસ્ત્રોની વંદના કરે **'પૂજા કરતા હૈ, વહ તો પ્રગટ મિથ્યાદષ્ટિ હૈ.'** ભારે આકરું પડે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... પ્રગટ મિથ્યાદષ્ટિ છેને. હવે નાખવું છે બીજું. ... તેથી આ કહે છે. આ તો પ્રગટ મિથ્યાદષ્ટિ છે જ, પણ લજ્જા, ભય ને ગારવથી પણ જો વંદન કરે તો મિથ્યાદષ્ટિ છે એમ કહે છે. આહાહા..! બહુ સરસ છે વાત. એય..! શું કરે, મોઢા આગળ ત્યાં શેઠિયા કહેવાઈએ અને ત્યાં ન જઈએ, પગે ન લાગે તો શેઠાઈ રહેશે નહિ, મોટપ આપણી રહેશે નહિ, મોટપમાં ગણે છે એમાંથી હીણી દશા થઈ જશે. જય ભગવાન, જય ભગવાન લ્યો! ભગવાન નહિ તો મહારાજ. જય મહારાજ! ક્યાં મહારાજ હતો? આહાહા..!

**'યહાં અબ વિશેષ કહતે હૈં...'** આ તો પ્રગટ મિથ્યાદષ્ટિ છે જ, પણ હવે વધારે (કહે છે). **'જો ઈનકો ભલે-હિત કરનેવાલે માનકર...'** આવા સાધુ મારું હિત કરશે, **'હિત કરનેવાલે માનકર વંદન કરતા હૈ, પૂજા કરતા હૈ વહ તો પ્રગટ મિથ્યાદષ્ટિ હૈ, પરંતુ...'** આહાહા..! **'જો લજ્જા ભય ગારવ ઈન કારણોં સે ભી વંદના કરતા હૈ પૂજા કરતા હૈ વહ ભી પ્રગટ મિથ્યાદષ્ટિ હૈ.'** આહાહા..! .. હોય, શેઠિયાઓને ઘરે .. હોય. હવે ઈ આવે તો શું કરવું? આહાહા..! દીક્ષા ક્યાં હતી? દખ્યા છે બધી. આ ટોળા બધા જુદા નથી થાતા જુઓને. આહાહા..! એને હજી વ્યવહારધર્મની પણ ખબર નથી. વીતરાગ માર્ગનો વ્યવહાર કેવો હોય? આહાહા..!

કહે છે, **'લજ્જા તો ઐસે કિ લોગ ઈનકી વંદના કરતે હૈં, પૂજા કરતે હૈં, હમ નહીં પૂજેંગે તો લોગ હમકો ક્યા કહેંગે?'** જૂઠા દેવ, જૂઠો ધર્મ અને જૂઠું લિંગ. ત્રણ. લિંગ ખોટા લિંગની વાત છે હોં આ. **'ઈનકી વંદના કરતે હૈં, પૂજા કરતે હૈં, હમ નહીં પૂજેંગે તો લોગ હમકો ક્યા કહેંગે? હમારી ઈસ લોક મેં પ્રતિષ્ઠા ચલી જાયેગી...'** મોટપ નહિ રહે. તમે શેના શેઠિયા ત્યારે? અમારા મહારાજને તો તમે પગે લાગતા નથી. એટલે એને પગે લાગવું પડે. જય મહારાજ! આહાહા..! એવો માર્ગ છે, ભાઈ! આકરી વાત બહુ. વીતરાગનો માર્ગ. એ દિગંબર માર્ગ એ જ વીતરાગમાર્ગ છે. બાકી વીતરાગમાર્ગ બીજો કોઈ ક્યાંય નથી. આહાહા..!

**'ભય ઐસે કિ ઈનકો રાજાદિક માનતે હૈં, હમ નહીં માનેંગે...'** કુત્સિત લિંગવાળાને, કુત્સિત ધર્મને અને કુત્સિત દેવને **'તો હમારે ઉપર કુછ ઉપદ્રવ આ જાયેગા,...'** અને

આહાહા..! '**ઈસપ્રકાર ભય સે વંદના વ પૂજા કરે.**' એ પણ મિથ્યાદષ્ટિ છે. કહો, ચંદુભાઈ! 'ધાર તલવારની દોહ્યલી, સોહ્યલી, ચૌદમા જિનતણી ચરણ સેવા.' આહાહા..! ભગવાનની આજ્ઞા એવી છે કે જેણે સમ્યગ્દર્શન-જ્ઞાન નથી અને .. કુત્સિત છે એવા ભેખીઓને સાધુ માનીને પગે લાગવું, સાધુ માન્યા વિના મિથ્યા ભયથી પગે લાગવું એ પણ મિથ્યાદષ્ટિપણું છે. આહાહા..! '**તો હમારે ઉપર કુછ ઉપદ્રવ આ જાયેગા, ઈસપ્રકાર ભય સે વંદના વ પૂજા કરે.**' એ પણ ...

'**ગારવ ઐસે કિ હમ બડે હૈં, મહંત પુરુષ હૈં, સબ હી કા સન્માન કરતે હૈં,...**' બધાનું અમે તો માનીએ છીએ. અમારે છેને ભગવાન.. ભગવાનલાલ. ભગવાનલાલ નહિ શું? સાગરવાળા. બધા પાસે જાવું પડે. શેઠિયા માણસ છે. પહેલા જાતા, હવે નથી. મોટું માણસ, પૈસાવાળા માણસ. બધામાં બેઠા હોય તો શોભે. કરોડપતિ ભગવાનદાસ શોભાલાલ, બીડીવાળા. એનું આવ્યું છે છાપામાં. અન્યમતિમાં ... ન્યાં ગયા હતા. '**ઈન કાર્યોં સે હમારી બડાઈ હૈ,...**' માટે એવા કાર્યો આપણે કરીએ, સન્માન કરીએ. બધા સમાન રહેવું આપણે. '**ઈસપ્રકાર ગારવ સે વંદના વ પૂજના હોતા હૈ. ઈસપ્રકાર મિથ્યાદષ્ટિ કે ચિહ્ન કહે.**' આહાહા..! આકરી વાતું બહુ. એય..! ..ભાઈ! આહાહા..! હવે શું કરવું આ વાડામાં ત્યારે આ? સ્થાનકવાસી, દેરાવાસી. એ.. વિમલચંદજી! એકલા નગ્નની અહીં વાત નથી હોં! આહાહા..! અંતરમાં આત્માના સ્વરૂપનો અનુભવ સમ્યગ્દર્શન અને સ્વસંવેદનજ્ઞાન અને સ્વરૂપમાં રમણતાનો આનંદ વિશેષ (આવ્યો હોય) એને અહીંયા મુનિમાર્ગને વીતરાગમાર્ગ કહે છે. એવાઓનું લિંગ આવું હોય બસ. એકલા બહાર નગ્ન થઈને બેસે (એ નહિ). આહાહા..! ઘણું આવે છે, કોઈને સાધુ માનતા નથી. તો સાધુ કોઈ છે જ નહિ હિન્દુસ્તાનમાં? એમ વળી કહે છે. ભાઈ! ... બાપા! આહાહા..!

સંપ્રદાયમાં સાધુપણાની માનેલી જે ક્રિયાઓ હતી એવી ક્રિયા તો અત્યારે દિગંબર સાધુમાં પણ દેખાતી નથી આહારની. ચેતનજી! વ્હોરવા જઈએ તો આમ ધ્રુજે. રાયચંદ ગાંધી મોટા ગૃહસ્થ હોં! પચાસ-પચાસ હજારની ઊપજ ... શું કામની? પચાસ પચાસ માણસ ઘરે. વેપારી આવે માલ પડ્યો હોય એટલો. કેરીના રસ ને લાડવાના થાળ ભરેલા મોટા. જો કાંઈક અડી જાય હાથ એનો. અરેરે! હાય! હાય! એ વખતે માન્યું હતુંને. .. કઠંસ્થ કર્યું હતું દીક્ષા લીધા પહેલા. ... એ વખતે તો લોકો ધ્રુજે. રાયચંદ ગાંધી જેવા પણ. મહારાજ! ... એક તો નાની ઉંમર, ૪૦ વર્ષ, ૪૫ વર્ષની ઉંમર જુવાન એમાં આવી કડક ક્રિયા. બધું કલ્પિત હતું. આહાર એના માટે કરેલો હોય, બનાવેલો શું? વેચાતું કાંઈક લાવેલી ચીજ હોય. મોસંબી ક્યાંથી તમારે? બિલકુલ આહાર ન લઈએ. અહીં તો દિગંબર સાધુ મોસંબી પાણી, એના

માટે ચોકા કરીને બનાવેલા આહાર લે. આહાહા..! ભાઈ! માર્ગ આવો નથી. માર્ગ બીજો છે. ચારિત્ર એટલે શું? ઓહોહો..! પરમેશ્વરપદમાં ભળ્યો એ તો. પંચ પરમેષ્ઠી છેને. ધન્ય અવતાર જેના! આહા..! સ્ત્રીને તો સાધુપણું હોય જ નહિ. આહાહા..! એવી વાત છે.

અહીં તો કહે છે, પંદર ભેદે સિદ્ધનો ભેદ કહે છે એ વીતરાગમાર્ગમાં નથી. મુનિનો ભેખ તો તદ્દન નગ્નદશા અનાદિ-અનંત સંતના માર્ગમાં. આહાહા..! એણે ઈન્દ્રિયોથી જીતેલી દશા હોય, પાંચેય ઈન્દ્રિયો જેને વશ થઈ ગઈ છે અંદર. આહાહા..! અતીન્દ્રિય આનંદમાં જેણે વાસ કર્યા છે. ઓહોહો..! મહેલમાં જેમ વાસ કર્યો, અતીન્દ્રિય આનંદના મહેલમાં જેણે વાસ કર્યો. આહાહા..! આનું નામ ચારિત્ર છે. ચારિત્ર તે શું કાંઈ રમત છે? એ વાતું લોકોને સાંભળવી પણ મુશ્કેલ પડે એવું ચારિત્રનું સ્વરૂપ છે. આહાહા..! એવા ચારિત્રવંતને તો ભેખમાં તદ્દન નગ્નદશા હોય એ મોક્ષમાર્ગમાં કહેવામાં આવ્યું છે. આહાહા..! આજે તો આ ગાથાઓ છે ભાઈ! ...

'આગે ઈસી અર્થ કો દૃઢ કરતે હુએ કહતે હૈં -' ૯૩.

**सपरावेक्खं लिंगं राई देवं असंजयं वंदे।**
**मण्णइ मिच्छादिट्ठी ण हु मण्णइ सुद्धसम्मत्तो।।९३।।**

'**અર્થ :- સ્વપરાપેક્ષ તો લિંગ-આપ કુછ લૌકિક પ્રયોજન મન મેં ધારણકર ભેષ લે...**' માન માટે, દુનિયા માટે, કાંઈક રોટલા માટે, આજીવિકા માટે કે બડાઈ માટે વગેરે, મુનિપણું ધારણ કરે એ મુનિપણું નહિ. '**ઔર કિસી કી અપેક્ષા સે ધારણ કરે,...**' જુઓ! '**રાજિદક કે ભય સે ધારણ કરે...**' .. દેણું બહુ થઈ ગયું અને એવું થઈ ગયું હોય. ચાલો દીક્ષા લઈ લઈએ હવે. નગ્ન હોં. એ પરાપેક્ષ એ લિંગ સાચું નથી. '**રાગી દેવ...**' જેને અંદર રાગ છે કોઈ પ્રકારના આહારનો, રોગનો ટાળવાનો એ બધો. '**રાગી દેવ ઔર સંયમરહિત કો ઈસપ્રકાર કહે...**' અને સંયમ જેને નથી એને કહે કે '**મૈં વંદના કરતા હૂં...**' આહાહા..! '**તથા ઈનકો માને, શ્રદ્ધાન કરે વહ મિથ્યાદષ્ટિ હૈ.**' એની દૃષ્ટિ જૂઠી છે, પાપદૃષ્ટિ છે. આહાહા..! મિથ્યાત્વના પાપનો કેટલો દોષ છે એ લોકોને એના માપની ખબર પડતી નથી અને સમ્યગ્દર્શનમાં કેટલો લાભ છે (એની ખબર નથી). પછી આવશે. આહાહા..!

'**શુદ્ધ સમ્યક્ત્વ હોને પર ન ઈનકો માનતા હૈ,...**' સંયમ રહિત કુત્સિત લિંગ દેવનું, ગુરુનું. સંયમ તો છે નહિ અને વસ્ત્રાદિ ધારણ કર્યા હોય છે એનું કુત્સિત લિંગ છે એને પણ '**મૈં વંદના કરતા હૂં તથા ઈનકો માને, શ્રદ્ધાન કરે વહ મિથ્યાદષ્ટિ હૈ. શુદ્ધ સમ્યક્ત્વ હોને પર ન ઈનકો માનતા હૈ,...**' એવા કુત્સિત દેવ, ખોટા દેવ, ખોટા

લિંગી ગુરુ એને એ ન માને સમકિતી. આહાહા..! એ '**असंजयं वंदे**' નો અર્થ આ કર્યો. કુત્સિત લિંગવાળા ગુરુ, એમ. આમ સમ્યગ્દષ્ટિ છે, અસંયતિ છે છતાં... છ ઢાળામાં આવે છેને. ચારિત્રમોહવશ લેશ ન સંયમ, પણ સુરનાથ જજે છે. એ અપેક્ષા અહીં નથી. અહીં તો અસંયતિનું લિંગ કુત્સિત છે એની વાત છે. સમજાણું કાંઈ? આહાહા..! આ તો ભાઈ જેને સાચી સમજણ કરવી હોય, સાચી શ્રદ્ધા એની વાત છે આ. આ કોઈ મારા-તારાના વાડાની વાત નથી અહીં. રાજા તરીકે હોય એની .. પછી એ જુદી વસ્તુ છે. એ લૌકિક વ્યવહાર કહેવાય. ધર્મના નામે ... લૌકિક વ્યવહાર કેવો? એથી તો લજ્જા ગારવ...

'**ભાવાર્થ :- યે ઉપર કહે ઈનસે મિથ્યાદષ્ટિ સે પ્રીતિ ભક્તિ ઉત્પન્ન હોતી હૈ, જો નિરતિચાર સમ્યક્ત્વાન્ કો વહ ઈનકો નહીં માનતા હૈ.**' આહાહા..! અસંયતિ દેવ, અસંયતિ ગુરુ કુત્સિત લિંગવાળા. આહાહા..! એને સમ્યગ્દષ્ટિ, શુદ્ધ સમ્યગ્દષ્ટિ ન માને. ૯૪.

सम्माइट्ठी सावय धम्मं जिणदेवदेसियं कुणदि।
विवरीयं कुव्वंतो मिच्छादिट्ठी मुणेयव्वो।।९४।।

મોક્ષનો અધિકાર છેને એટલે બધી જેટલી વિપરીતતા છે એ બધાનો નિષેધ કરે છે.

'**અર્થ :- જો જિનદેવ સે ઉપદેશિત...**' સર્વજ્ઞ પરમાત્મા વીતરાગપણાના ભાવથી જેણે ઉપદેશ્યો માર્ગ. '**જિનદેવ સે ઉપદેશિત...**' વીતરાગદેવથી કહેલો. આહાહા..! આચાર્યને પણ એમનો આધાર દેવો પડે છે દુનિયાને કહેવા માટે. પોતે કહે છે એ વીતરાગ ...? છતાં સર્વજ્ઞ વીતરાગ જેણે પૂર્ણ વીતરાગતા, નિર્દોષતા, અનંત જ્ઞાનાનંદ પ્રગટ્યું છે, એમણે કહેલો ઉપદેશ. એ '**ઉપદેશિત ધર્મ કા પાલન કરતા હૈ વહ સમ્યગ્દષ્ટિ શ્રાવક હૈ...**' લ્યો! આહાહા..! ઓલું કહેલું વીતરાગદેવનું નથી એમ કહ્યુંને. કુત્સિત લિંગ, વેશ ને વસ્ત્ર રાખીને. ત્યારે એ શું કહે છે હવે બધા? બચાવ કરે છે. એ અમારા શાસ્ત્રમાં આમ છે, એના શાસ્ત્રમાં ભલે એમ હો. આહાહા..! અમારા શાસ્ત્રમાં પાંચ મહાવ્રતને સંવર કહ્યો છે, અમારા શાસ્ત્રમાં વસ્ત્રસહિતને સાધુ કહ્યા છે. અમે એને શાસ્ત્ર માનીએ ભગવાનના કહેલા. તમારા શાસ્ત્ર .. ના પાડી, અમે એને માનતા નથી. આહાહા..! શાસ્ત્ર આ છે. તમારા શાસ્ત્રમાં .. એ દિગંબરના શાસ્ત્ર છે, અમારા શાસ્ત્ર ક્યાં છે? એમ કહે છે. બહાર આવી બધી વાતુંને એટલે બચાવ કરવા માટે. અમારા શાસ્ત્રમાં તો આમ કહ્યું છે. અમારા શાસ્ત્રમાં એને સાધુ કહીએ. કેવળ પામવાનું કહ્યું છે, અમારે એ માન્ય છે. તમે કહો કે વસ્ત્ર સહિતને સાધુ .. સ્ત્રીને સાધુપણું ન હોય, સ્ત્રી કેવળ ન પામે એ તમારા શાસ્ત્રમાં. એય..! ચંદુભાઈ! આહાહા..! બાપુ! તમારા-મારા.. વસ્તુનો વીતરાગમાર્ગ એના શાસ્ત્ર છે. એથી '**जिणदेवदेसियं**' એમ કહ્યું જોયું! જિનવર

ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા એણે દેખાડ્યો માર્ગ એ પ્રમાણે પાલન કરે એ સમ્યગ્દૃષ્ટિ શ્રાવક છે. આહાહા..!

**'ઔર જો અન્યમત કે ઉપદેશિત ધર્મ કા પાલન કરતા હૈ...'** સર્વજ્ઞ પરમેશ્વરે તો આ લિંગ ને આ ભેખ અને આ માર્ગ કહ્યો છે. એ સિવાય અન્યમતમાં, જૈન વીતરાગ સિવાય અન્યમત કે ઉપદેશિત... લ્યો! **'विवरीयं कुव्वंतो'** અન્યમતનું કહેલું. ત્યારે એને મોક્ષમાર્ગ .. **'અન્યમત કે ઉપદેશિત ધર્મ કા પાલન કરતા હૈ ઉસે મિથ્યાદષ્ટિ જાનના.'** લ્યો! **'विवरीयं'** છેને? **'जिणदेवदेसियं कुणदि'** એનાથી વિપરીત એટલે અન્યમત, એમ. આહાહા..! એથી મોક્ષમાર્ગપ્રકાશકમાં તો અન્યમતમાં જ નાખ્યા છે. એ.. વિમલચંદજી! કોને?

મુમુક્ષુ :- શ્વેતાંબર, સ્થાનકવાસીને.

ઉત્તર :- એ. શ્વેતાંબર, સ્થાનકવાસીને અન્યમતમાં નાખ્યા છે. વીતરાગ માર્ગમાં નહિ, વીતરાગ માર્ગ એ છે જ નહિ. આકરી વાતું બાપુ!

મુમુક્ષુ :- આકરી નથી બહુ સહેલી.

ઉત્તર :- આ નવા માણસને એકદમ નવા આવ્યા હોયને. અહીં તો સત્ય છે એ વાત છે. સંપ્રદાયમાં હોય કે અન્ય..માં હોય, વસ્તુ આ છે.

**'ભાવાર્થ :- ઈસપ્રકાર કહને સે યહાં કોઈ તર્ક કરે કિ યહ તો અપના મત પુષ્ટ કરને કી પક્ષપાતમાત્ર વાર્તા કહી,...'** તમારા મતના પુષ્ટની વાતું કરી. **'અબ ઉસકા ઉત્તર દેતેં હૈ કિ ઐસા નહીં હૈ, જિસસે સબ જીવોં કા હિત હો વહ ધર્મ હૈ...'** જેમાં બધા જીવનું હિત (થાય) એ ધર્મ. **'ઐસે અહિંસારૂપ ધર્મ કા જિનવદેવ હી ને પ્રરૂપણ કિયા હૈ,...'** દેખો! આહાહા..! જેમાં રાગની ઉત્પત્તિ નથી અને આત્મા આનંદની ઉત્પત્તિ છે એ અહિંસા ધર્મ છે. એવો અહિંસાધર્મ વીતરાગદેવે કહ્યો છે. આહાહા..! જુઓને! પંચ મહાવ્રતના પરિણામ પણ ધર્મ નહિ એમ જિનદેવ કહે. એ રાગ છે. પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં કહ્યું છેને કે રાગ એટલે ... રાગનો અપ્રાદુર્ભાવ, રાગની ઉત્પત્તિ નથી. આહાહા..! એટલે જ્ઞાનાનંદ સ્વભાવ ચૈતન્ય ભગવાનનો સ્વભાવ એવો શુદ્ધ આનંદનો સ્વભાવ પ્રગટ થાય એને અહિંસા ધર્મ કહ્યો છે. આહાહા..! રાગનો કણ પણ ઉત્પન્ન થાય એ પ્રાદુર્ભાવ હિંસા છે અને રાગ ઉત્પન્ન ન થાય એ અપ્રાદુર્ભાવ છે. આહાહા..!

એક કોઈ એમ કહેતા હોય કે, તમારો મત પુષ્ટ કર્યો. મતની વાત નથી, ભાઈ! અહિંસા ધર્મ જ જિનદેવે આવો કહ્યો છે. આહાહા..! અહીંયા તો આહાર લેવાનો ભાવ સંતોને આવે એ પણ વિકલ્પ છે. આહાહા..! એને ભગવાને ધર્મ નથી કહ્યો. જયધવલમાં તો એ આવે છે, મેં તો શુદ્ધ ઉપયોગ ધર્મ કહ્યો છે, વીતરાગભાવ ગ્રહણ કર્યો છે. એમાં આ પંચ મહાવ્રતના

વિકલ્પ આવ્યા વચ્ચે. (તેથી) મારું પચ્ચખાણ ભંગ થઈ ગયું. આહાહા..! વાણી તો જુઓ દિગંબર સંતોની સનાતન સત્યની! મેં તો વીતરાગભાવ ગ્રહણ કર્યો છે. સાધુપણું એટલે શુદ્ધ ઉપયોગ. એ મેં ગ્રહણ કર્યો. એમાં આ પંચ મહાવ્રતના ભાવ આવ્યા, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ ને વિનય ને એવો ભાવ આવ્યો એ તો મારું પચ્ચખાણ તૂટ્યું. આહાહા..! ગજબ વાતું છેને! એવી વાત છે ક્યાંય?

મેં તો અરાગી—વીતરાગી પરિણામ ગ્રહણ કર્યા છે એના મને પચ્ચખાણ છે રાગના ત્યાગ છે. આહાહા..! વાહ રે વાહ મુનિ! આવા મારા મુનિપણામાં મને આ જે શુભરાગ આવ્યો અને એમાં વર્ત્યો એ મારી વીતરાગતામાં ભંગ પડ્યો. પચ્ચખાણ મારું તૂટ્યું. આહાહા..! જુઓ તો એક વાણી! ચંદુભાઈ! .. કરીને પચ્ચખાણ કરું છું હવે. એમ કહે છે જયધવલમાં. સમાધિમરણ વખતે. આહાહા..!

શ્રીમદ્‌માં આવે છેને. દિગંબરના તીવ્ર વચનોને લીધે રહસ્ય કાંઈક સમજી શકાય છે. ઓહોહો..! શું કહેવા માગે છે આ! શ્વેતાંબરના મોળાશને લઈને રસ ઠંડાતો ગયો. આહાહા..! હજી જેને શ્રદ્ધાના ઠેકાણા નથી, દેવ-ગુરુ-શાસ્ત્ર કેવા હોય એના ઠેકાણા નથી, એને સમ્યક્‌દૃષ્ટિ નથી, એને વળી સાધુપણું ક્યાં આવ્યું? આહાહા..! આ તો 'હરિનો માર્ગ છે શૂરાનો, કાયરના નહિ કામ.' વીતરાગ માર્ગ તો શૂરવીરોનો છે. કાયરના હીજડા જેવાનો આ માર્ગ નથી એમ કહે છે. આહાહા..!

જુઓ તો વીતરાગનું કથન! મેં તો સમ્યગ્દર્શનના આનંદના ભાનસહિતની ભૂમિકામાં, મેં તો શુદ્ધ ઉપયોગરૂપી વીતરાગતા ગ્રહણ કરી છે. આહાહા..! એમાં આ વિકલ્પો આવ્યા, આહાર લેવાના, મહાવ્રત પાળવાના,.. આહાહા..! ઉપદેશ દેવાનો વિકલ્પ, સાંભળવાનો વિકલ્પ... આહાહા..! એ મારું વીતરાગી પર્યાયનું પચ્ચખાણ તૂટી ગયું. ઓહોહો..! કેવી શૈલી અને કેવી રચના! ઓહોહો..!

હું એક શુદ્ધ ચૈતન્ય આનંદસ્વરૂપ, મારા આનંદમાં આ વિકલ્પ આવ્યો એ તો દુઃખરૂપ છે. આહાહા..! મારા પચ્ચખાણ તૂટ્યા. આહાહા..! ગજબ વાત છેને! મારા શુદ્ધ ઉપયોગમાં ભંગ પડ્યો. હવે આ કહે છે કે શુદ્ધ ઉપયોગ અત્યારે હોય નહિ. રતનચંદજી. આ શુભનો ઉપયોગ. લ્યો! આહાહા..! હવે એ તો અનાદિથી છે વાત એમાં શું નવી છે? આહાહા..! એને કાંઈક ધર્મ પામે એવી વાત તો કર. આહાહા..! પણ પોતાને રુચે નહિ એટલે બીજાને બતાવવું કે એ નહિ. સભા જોઈને ઉપદેશ શુભનો દેવો. અરે! ભગવાન! સભા ઈ તો આત્મા જોઈને આત્માનો ઉપદેશ દેવો એમ કહેને. આહાહા..! અરે! બાપુ! આવા ટાણા ક્યારે આવશે? દુનિયાની લજ્જા, મોટપે દુનિયાની મહત્તા તું છોડી દે. દુનિયાના મહંતના માનપણાના પદ

લેવા હોય એમાં આ વાતનો વિરોધ આવે તો ઈ છોડી દે ભાઈ! આહાહા..!

**'ઐસે અહિંસારૂપ ધર્મ કા જિનવદેવ હી ને પ્રરૂપણ કિયા હૈ,...'** વીતરાગભાવની પ્રરૂપણા પરમાત્માએ કરી એમ કહે છે. આનંદનો નાથ પરમાત્મા પોતે. આહાહા..! એમાં જે વીતરાગતા પ્રગટ કરે, રાગરહિત દશા પ્રગટ કરે એને ભગવાને અહિંસા ધર્મ કીધો છે. આહાહા..! **'ઐસે અહિંસારૂપ ધર્મ કા જિનદેવ હી ને પ્રરૂપણ કિયા હૈ, અન્યમત મેં ઐસે ધર્મ કા નિરૂપણ નહીં હૈ,...'** આહાહા..! **'ઈસપ્રકાર જાનના ચાહિયે.'**

**'આગે કહતે હૈં કિ જો મિથ્યાદૃષ્ટિ જીવ હૈ વહ સંસાર મેં દુઃખસહિત ભ્રમણ કરતા હૈ -'** આહાહા..! આવી મિથ્યા દૃષ્ટિ-શ્રદ્ધા જેની જૂઠી છે. કુત્સિત લિંગ, ખોટા લિંગને માને, ખોટા દેવને માને. અસંયતિ અને ખોટા દેવને ધર્મી તરીકે માને. એવા મિથ્યાદૃષ્ટિ.

मिच्छादिट्ठी जो सो संसारे संसरेइ सुहरहिओ।
जम्मजरमरणपउरे दुक्खसहस्साउले जीवो।।९५।।

**'અર્થ :- જો મિથ્યાદૃષ્ટિ જીવ હૈ વહ જન્મ જરા મરણ સે પ્રચુર...'** જન્મ, જરા, વૃદ્ધાવસ્થા અને મરણ એના દુઃખોનો પાર નથી. એમાં એ રખડવાના છે કહે છે. આહાહા..! **'મિથ્યાદૃષ્ટિ જીવ હૈ વહ જન્મ જરા મરણ સે પ્રચુર...'** જેમાં જન્મ અને મરણ, જન્મ અને મરણ અને વૃદ્ધાવસ્થા **'હજારોં દુઃખોં સે વ્યાપ્ત...'** હજારો, લાખો અનંત દુઃખથી વ્યાપ્ત, **'સંસાર મેં સુખરહિત...'** એ સુખરહિત **'દુઃખી હોકર ભ્રમણ કરતા હૈ.'** આવી મિથ્યા દૃષ્ટિના ફળ તો આ છે કહે છે. આહાહા..! વિશેષ કહેશે...

**વૈશાખ વદ ૬, રવિવાર તા. ૧૨-૦૫-૧૯૭૪**
**ગાથા - ૯૫ થી ૯૮, પ્રવચન - ૧૪૫**

૯૫ થઈ ગઈ? ભાવાર્થ બાકી છે. **'મિથ્યાભાવ કા ફલ સંસાર મેં ભ્રમણ કરના હી હૈ.'** શું કહે છે? ચૈતન્યસ્વભાવ જે શુદ્ધ પૂર્ણ પરમાત્મસ્વરૂપ, એનાથી જેની માન્યતા વિપરીત છે, એવો ભગવાનસ્વરૂપી પ્રભુ જેને દૃષ્ટિમાં આવ્યો નથી અને જેને મિથ્યા, રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, એક સમયની પર્યાય એટલો જેણે આત્માને માન્યો એ મિથ્યાભાવ છે. એ મિથ્યાભાવનું ફળ સંસારમાં ભ્રમણ કરવાનું છે. કેમકે મિથ્યાભાવ એ દોષરૂપ છે, એ દોષનું

ફળ સંસારમાં પરિભ્રમણ છે.

'**યહ સંસાર જન્મ જરા મરણ આદિ હજારોં દુઃખોં સે ભરા હૈ,...**' એ તો હજાર શબ્દ મૂક્યા છે બાકી અનંત-અનંત છે. એ જન્મ જરા મરણ જેમાં આત્માની શાંતિ નથી, જેમાં આત્માનું સુખ નથી એવા ભાવને પોતાના માનીને મિથ્યાભાવથી જન્મ જરા મરણના દુઃખો સહન કરી રહ્યો છે ઈ. આહાહા..! '**ઈન દુઃખોં કો મિથ્યાદષ્ટિ ઈસ સંસાર મેં ભ્રમણ કરતા ભોગતા હૈ. યહાં દુઃખ તો અનંત હૈં હજારોં કહને સે પ્રસિદ્ધ અપેક્ષા...**' બહારમાં કહેવાય ને આ બહાર? એ અપેક્ષાએ હજાર શબ્દ, બાકી તો અનંત દુઃખ છે. કેમકે આત્મા અનંત આનંદ અને શાંત, જ્ઞાનસ્વરૂપ છે. એના વિરુદ્ધની માન્યતામાં પણ અનંત દુઃખ છે. આત્મા પોતે વસ્તુ... આગળ દાખલો આવશે આગળ. તલમાં જેમ તેલ છે, દૂધમાં જેમ ઘી છે, લાકડામાં જેમ અગ્નિ છે, એમ દેહમાં શિવસ્વરૂપ ભગવાન બિરાજે છે. આગળ તો ઘણું કહેશે. પંચ પરમેષ્ઠી પોતે જ છે. દ્રવ્યસ્વભાવ-વસ્તુસ્વભાવ, પરિપૂર્ણ એનાથી જેની માન્યતા ઊલ્ટી છે, કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રને માને છે, પોતાનું સ્વરૂપ પણ વિપરીત માને છે એને અનંત દુઃખ સહન કરવા પરિભ્રમણ કરે છે. આહાહા..!

'**આગે સમ્યક્ત્વ મિથ્યાત્વ ભાવ કે કથન કા સંકોચ કરતે હૈં** -' ૯૬.

**सम्म गुण मिच्छ दोसो मणेण परिभाविऊण तं कुणसु।**
**जं ते मणस्स रुच्चइ किं बहुणा पलविएणं तु।।९६।।**

'**અર્થ :- હે ભવ્ય! ઐસે પૂર્વોક્ત પ્રકાર સમ્યક્ત્વ કે ગુણ...**' બહુ વ્યાખ્યાન કર્યું સમકિતના ગુણનું. પૂર્ણ ભગવાન સ્વભાવ એની જે અંતરમાં ભાન થઈને પ્રતીતિ થવી એવું જે સમ્યક્ એના ઘણાં ગુણ ગાયા અને મિથ્યાત્વના દોષોનું વર્ણન પણ કર્યું. એવો જે પૂર્ણાનંદનો નાથ પ્રભુ પોતે શિવસ્વરૂપ છે અંદર. દેહના રજકણની મધ્યમાં મોક્ષસ્વરૂપ, શિવસ્વરૂપ, અબંધસ્વરૂપ ચૈતન્યદ્રવ્ય પડ્યું છે આખું. આહાહા..! એનું સમ્યગ્દર્શન, પ્રતીતિ, અનુભવના વખાણ કર્યા અને એના સ્વભાવથી વિપરીત માન્યતાની અવગુણની પરિભ્રમણની પણ વાતું થઈ. એ '**અપને મન સે ભાવના કર...**' આહાહા..! અંતર મનથી ભાવના કર. '**જો અપને મન કો રુચે, પ્રિય લગે વહ કર,...**' આહાહા..! ભગવાન આત્મા આનંદસ્વરૂપ છે એની જો પ્રીતિ કર તો એ રુચિ કર. '**પ્રિય લગે વહ કર,...**' અજ્ઞાન અને રાગનું પ્રિયપણું તો કરે જ છે, એનો તો કાંઈ પ્રશ્ન નથી. આહાહા..! જે તને મનને રુચે '**પ્રિય લગે વહ કર, બહુત પ્રલાપરૂપ કહને સે ક્યા સાધ્ય હૈ?**' શું ઘણું કહેવું? શું ઘણું કહીએ? ભગવાન દેહમાં બિરાજે છે ચૈતન્યસ્વરૂપ આહાહા..! એનો અનુભવ કરીને પ્રતીત કરવી, એનાથી વિરુદ્ધ ભાવનો એ રાગનો અનુભવ કરીને પ્રતીત કરવી એ મિથ્યાભાવ

ચાર ગતિનું કારણ છે. આહાહા..! કહો, ચંદુભાઈ! લ્યો આ સમવસરણનો દિવસ છે આજે. ભગવાનના સમવસરણમાં આ વાત કહેવાણી હતી. આહાહા..!

ભાઈ! કોઈ રીતે પણ પુરુષાર્થથી તારું વસ્તુ ભગવાનસ્વરૂપ અંદર... આહાહા..! એને જ્ઞાનમાં જ્ઞેય કરીને પ્રતીત કરવી-સમ્યગ્દર્શન એ જ સંસારથી મુક્ત થવાનો ઉપાય છે. અને એનાથી વિપરીત—પોતાનું સ્વરૂપ છે એનાથી વિપરીત, કાં એનો કોઈ કર્તા છે, કાં એ રાગ જેટલો છે, કાં કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર અને કુલિંગોને માનવા એ બધો મિથ્યાત્વભાવ અનંત જન્મ-જરા-મરણના દુઃખનું કારણ છે. રુચે તે કર. એમ કહ્યું અહીં. આહાહા..! એમ કર ભાઈ! આહાહા..! આ માર્ગ છે પ્રભુ! અંતર રુચે તો ત્યાં જા, બહાર રુચે તો ત્યાં ગયેલો જ છે. એ તો એક શબ્દ કહ્યો કે રુચે ત્યાં જા. કાંઈ મિથ્યાત્વમાં જા એમ કહેવાય? આહાહા..! તને ઠીક પડે એમ કર. એટલે આ કર બીજું શું બાપુ? કરવાનું તો આ છે. 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો, છોડી જગત દ્વંદ્વ ફંદ નિજ આતમ ધ્યાઓ.' આતમ ઉર આણો. આત્મા-આત્મા શું ચીજ છે! એકલું જ્ઞાન ને સુખનું સ્વરૂપ એવી દૃષ્ટિ કર, એને અનુભવ. એ સંસારથી મુક્ત થવાનો ઉપાય છે. દૂધમાં ઘી છે એ એને વાત બેસે. લાકડામાં અગ્નિ છે, આ અરણીના લાકડામાં અને તલમાં તેલ ભર્યું છે. એમ આ દેહમાં ભગવાન ચૈતન્ય સ્વરૂપે બિરાજમાન છે. શિવસ્વરૂપ છે એ, મોક્ષસ્વરૂપ છે એ, અબંધસ્વરૂપ છે એ, પૂર્ણ આનંદ અને જ્ઞાન સ્વભાવસ્વરૂપ છે એનો અનુભવ કરીને દૃષ્ટિ કર. આહાહા..! કરવાનું તો આ છે. બાકી બધી થોથેથોથાં. **'ઈસપ્રકાર આચાર્યને ઉપદેશ દિયા હૈ.'**

**'ભાવાર્થ :- ઈસપ્રકાર આચાર્યને કહા હૈ કિ બહુત કહને સે ક્યા?'** ભાઈ! શું કહીએ? **'સમ્યક્ત્વ મિથ્યાત્વ કે ગુણ-દોષ પૂર્વોક્ત જાનકર...'** સમકિતમાં લાભ અને મિથ્યાત્વમાં નુકસાન. આહાહા..! સમ્યક્ સત્ય જે વસ્તુ છે એનો અનુભવ, સત્ય વસ્તુ પરમ પરમાત્મસ્વરૂપ એની દૃષ્ટિ, જ્ઞાન, ભાન કરીને એ ગુણ છે એનો કે જેનાથી જન્મ-મરણરહિત થવાય છે. અને મિથ્યાત્વનો દોષ છે. આહાહા..! એનાથી વિપરીત મિથ્યાશ્રદ્ધા, વેદન રાગનું એકલું અને એ સંસાર, એ હું, એવી મિથ્યા માન્યતા એ દોષ છે એમાં મોટો કે જે નરક અને નિગોદમાં લઈ જાય છે. આહાહા..! ઊંડે ઊંડે લઈ જાય છે, જ્યાં મનુષ્યનો ભવ ન મળે ત્યાં. અને સમ્યગ્દર્શન ઊંડે ઊંડે અંતર લઈ જાય છે જ્યાં પરમાત્મસ્વરૂપ પડ્યું છે ત્યાં. આહાહા..! તને ઠીક પડે એમ કર, ભાઈ! અમે શું કહીએ તને? એમ કહે છે. ત્યાં કેમ બેઠો? મનીષ! લાવ્યો છો? ચોપડી લાવ્યો છો કે નહિ? મોડો આવ્યો. કહો, સમજાણું? આ બધું લખવા જેવું છે આ, જાણવા જેવું છે આ, કોતરવા જેવું છે આ. આહાહા..!

મોક્ષ અધિકાર છેને. મોક્ષનું કારણ તો વસ્તુસ્વભાવ છે કહે છે. આહાહા..! દુનિયાની

લાજ શરમ છોડી દે. દુનિયા કેમ માનશે અને ક્યાં માનશે? આહાહા..! આ કર, કરવા જેવું તો આ છે. '**સમ્યક્ત્વ મિથ્યાત્વ કે ગુણ...**' સમકિતનો ગુણ અને મિથ્યાત્વનો દોષ. બહુ ટૂંકી વાત કરી. એ '**જાનકર જો મન મેં રુચે, વહ કરો. યહાં ઉપદેશ કા આશય ઐસા હૈ કિ મિથ્યાત્વ કો છોડો,...**' એમ કહે છે મૂળ તો. રુચે એમ કર એટલે મિથ્યાત્વ કર એમ કહે છે? આહાહા..! અને '**સમ્યક્ત્વ કો ગ્રહણ કરો,...**' વસ્તુસ્વભાવ પરિપૂર્ણ ચૈતન્ય ભગવાન (છે) પણ એનો ભરોસો આવવો, અંતર નિર્વિકલ્પ પ્રતીતિથી એનો ભરોસો આવવો. આહાહા..! એ ચીજ જે છે એનો લાભ—ગુણ જન્મ-મરણને ટાળવાનો છે. '**ઈસસે સંસાર કા દુઃખ મેટકર મોક્ષ પાઓ.**' આહાહા..!

'**આગે કહતે હૈં કિ યદિ મિથ્યાત્વ ભાવ નહીં છોડા તબ બાહ્ય ભેષ સે કુછ લાભ નહીં હૈ :-**' આહાહા..!

**बाहिरसंगविमुक्को ण वि मुक्को मिच्छभाव णिग्गंथो।**
**किं तस्स ठाणमउणं ण वि जाणदि अप्पसमभावं।।९७।।**

આહાહા..! બાહ્ય પરિગ્રહ રહિત થવાથી શું લાભ છે? આહાહા..! નગ્ન મુનિ થયો, પંચ મહાવ્રત ધારણ કર્યા. '**મિથ્યાત્વભાવ સહિત નિર્ગ્રંથ ભેષ ધારણ કિયા હૈ...**' પણ રાગની પ્રીતિના પ્રેમમાં પડ્યો. આહાહા..! મિથ્યાદૃષ્ટિના ભાવમાં રહ્યો. ભેખ ધારણ કર્યા વ્રતના, તપના. '**વહ પરિગ્રહરહિત નહીં હૈ,...**' આહાહા..! કહે છે કે જેને અંદર મિથ્યાત્વભાવ પડ્યો છે, રાગબુદ્ધિ, રાગરુચિ, પર્યાયબુદ્ધિ, અંશબુદ્ધિ એવા મિથ્યાત્વભાવ સહિતનું નિર્ગ્રંથલિંગ પરિગ્રહરહિત નથી. એ પરિગ્રહ જ નથી કહે છે. વસ્ત્ર છોડ્યા, પાત્ર છોડ્યા, હજારો રાણી છોડી, નગ્ન થયો, છતાં એ પરિગ્રહરહિત નથી. કેમકે રાગનો વિકલ્પ જે સૂક્ષ્મ અંદર છે એને પકડ્યો છે એ જ પરિગ્રહ છે. આહાહા..! રાગનો વિકલ્પ જે સૂક્ષ્મ વ્રત આદિનો જે છે એને પકડ્યો છે એ જ પરિગ્રહ અનંત સંસારનું કારણ છે. આહાહા..! છે?

'**બાહ્ય પરિગ્રહરહિત ઔર મિથ્યાભાવસહિત નિર્ગ્રંથ ભેષ ધારણ કિયા હૈ વહ પરિગ્રહરહિત નહીં હૈ,...**' આહાહા..! જેણે આત્મા આનંદનો નાથ પકડ્યો નથી, સ્વભાવ સન્મુખ થઈને જેને આત્મદર્શન થયા નથી એવા નિર્ગ્રંથને વ્રતધારી થાય તો, કહે છે કે એ પરિગ્રહરહિત નથી. આહાહા..! કે જે જેમાં નથી એવા વિકલ્પને પોતાનો માની, પકડીને બેઠો છે અંદર. આહાહા..! એ નિર્ગ્રંથ નથી. એ રાગની ગાંઠથી જુદો નથી પડ્યો.

મુમુક્ષુ :- બાહ્ય નિવૃત્તિ.

ઉત્તર :- બાહ્ય નિવૃત્તો એ ક્યાં નિવૃત્તો હતો? ઈ તો કીધું કાલે વિકલ્પથી... બાહરથી નિવર્ત્યો એ નિવર્ત્યો ક્યાં હતો? આહાહા..! આમ આવો નજીક. ઓલા ગઢડાવાળા આવ્યા.

જેને આત્મા શુદ્ધ ચૈતન્ય પવિત્ર પિંડ છે, વસ્તુ મહાપ્રભુ છે, પરમાત્મસ્વરૂપ જ છે આહાહા..! એની જેને દૃષ્ટિ, અનુભવ, સમીપતા થઈ નથી અને રાગનો વિકલ્પ જે સૂક્ષ્મ હોય એને પોતાનો માન્યો છે, એ નિર્ગ્રંથ મુનિ નગ્ન થાય તોપણ એ પરિગ્રહરહિત નથી. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના ના. ધૂળેય નથી. એ તો શબ્દથી વાત કરી છે એમણે. એ તો રાતનો પ્રશ્ન હતોને. એ નિવૃત્તિ જ નથી. એમ કે બાહ્યથી ઘણું એકાંત સેવે, એમ. પણ એમાં શું વસ્તુસ્થિતિ? અંતરમાં રાગથી ભિન્ન પડીને આહાહા..! શુદ્ધ ચૈતન્યઘન પરમાત્મા પોતે મહાપ્રભુના મહેલમાં ન ગયો, એનું સમીપપણું એણે અંતર ન કર્યું અને રાગના વિકલ્પનું સમીપપણું કરીને મિથ્યાશ્રદ્ધામાં રોકાઈ ગયો, એ બાહ્યથી નિર્ગ્રંથ હો, છતાં એ પરિગ્રહરહિત નથી. આહાહા..!

મુમુક્ષુ :- મિથ્યાત્વનો પરિગ્રહ છે.

ઉત્તર :- મિથ્યાત્વનો પરિગ્રહ મહા અભ્યંતર પડ્યો છે એને એમ કહે છે. ઝીણી વાત છે, ભગવાન! આહાહા..! અહીં તો જન્મ-મરણ રહિતની વાતું છે. આ ધૂળ મળે સ્વર્ગ ને રાજ ને ફાજ ને, એ બધા રખડવાના રસ્તા. નિગોદ ને નરક જાશે. આહાહા..!

અહીં તો પ્રભુ એમ કહે છે કુંદકુંદાચાર્ય કે બાહ્યથી '**संगविमुक्को**' છેને શબ્દ પાઠમાં? '**बाहिरसंगविमुक्को**' નિર્ગ્રંથ મુનિ થયો સાધુ, હજારો રાણી છોડી, રાજપાટ છોડ્યા, વસ્ત્ર-પાત્ર છોડ્યા, નિર્ગ્રંથ થયો... આહાહા..! છતાં '**ण वि मुक्को मिच्छभाव णिग्गंथो**' જેણે અંદર રાગની પ્રીતિનો મિથ્યાત્વભાવ છોડ્યો નથી એણે પરિગ્રહ કાંઈ છોડ્યો નથી એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? આ તો મુદ્દાની વાત છે, ભાઈ! આહાહા..!

મુમુક્ષુ :- ભગવાનના સમવસરણમાં મુદ્દાની જ વાત હોય.

ઉત્તર :- હા, સમવસરણનો દિવસ છેને આજે. આજ તો સમવરણનો દિવસ છે. એય..! તમારો તાર આવ્યો હતો. ચંદુભાઈનો છે આજે. આહાહા..!

અહો..! અંતરના પરિગ્રહને જેણે પોતાનો માન્યો છેને રાગને, પુણ્યને... આહાહા..! એ શુભભાવને પણ પોતાનો માન્યો છે એણે અનંતો પરિગ્રહ પકડ્યો છે. મિથ્યાત્વ એ જ પરિગ્રહ છે. આહાહા..! એની ખબરું ન મળે, એના દોષનું કેટલું ફળ છે, મિથ્યાત્વના દોષનું કેટલું ફળ છે એની ખબર ન મળે અને સમ્યગ્દર્શનના ગુણનું શું ફળ છે (એની ખબર ન મળે). અહીં કહે છે કે મેં તને બે વાત તો કરી, પ્રભુ! સમ્યગ્દર્શન ગુણની વાત કરી, મિથ્યાત્વભાવના દોષની વાત કરી. '**बाहिरसंगविमुक्को**' હવે તું બહાર સંગ છોડીને કદાચ નિર્ગ્રંથ થઈ ગયો,

નગ્ન મુનિ થયો, જંગલમાં રહ્યો, હજારો રાણીનો ત્યાગ કર્યો, પણ પ્રભુ! '**वि मुक्को मिच्छभाव**' પણ રાગની પ્રીતિ અને પુણ્યના પ્રેમમાં પડ્યો, મિથ્યાત્વભાવમાં પડ્યો, એ તું પરિગ્રહરહિત નથી થયો. આહાહા..! કહો, પંડિતજી! ભગવાન આત્મા તો વીતરાગસ્વરૂપ છે, અકષાયસ્વરૂપ આત્મા છે, વીતરાગમૂર્તિ છે, પરમેશ્વરસ્વરૂપે પ્રભુ છે આત્મા. એમાં રાગનો કણ નથી. એવા રાગના કણ વિનાની ચૈતન્યની દૃષ્ટિ વિના તેં બાહ્યથી નિર્ગ્રંથપણું ધારણ કર્યું એ બધું પરિગ્રહરહિત અમે કહેતા નથી એને, એમ કહે છે. આહાહા..! કહો, જયંતિભાઈ!

મુમુક્ષુ :- પરિગ્રહની આવી વ્યાખ્યા ક્યાંય સાંભળી જ નથી.

ઉત્તર :- સાંભળી નથી. વાત સાચી. પણ હવે તો સંભળાય છે કે નહિ? આહાહા..!

શુદ્ધ ચૈતન્ય પરમાત્મસ્વરૂપ શિવસ્વરૂપ પ્રભુ અંદર... આહાહા..! એને રાગવાળો અને પુણ્યની ક્રિયાવાળો માનવો અથવા એ પુણ્યની ક્રિયાથી ચૈતન્યને લાભ થશે એમ માનવું એ મોટો મિથ્યાત્વનો પરિગ્રહ છે. આહાહા..! કહો, વજુભાઈ! આવી વાતું ભારે આકરી! આગળ તો કહેશે કે તું પરમાત્મા પંચ પરમેષ્ઠી સ્વરૂપે જ પ્રભુ છો. આહાહા..! અરિહંત સ્વરૂપે તું, સિદ્ધ સ્વરૂપે તું, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ. આચાર્ય-ઉપાધ્યાય એટલે પવિત્રતાની પર્યાય તે. ઓલા વિકલ્પમાં એની અહીં વાત નથી. આહાહા..! અરિહંતપણું, સિદ્ધપણું, આચાર્યપણું ગુણની દશાવાળો. ઉપાધ્યાયના ગુણ અને સાધુના ગુણદશાવાળો. વિકલ્પ છે એ કાંઈ સાધુપણું નથી. એવા પંચપરમેષ્ઠી પદ તો તારા સ્વરૂપમાં પડ્યા છે. આહાહા..! ભાઈ! તને તારી કિંમત નથી. તારી તને મોટપ અંદર સૂઝતી નથી, સૂઝ પડતી નથી. આહાહા..!

કહે છે કે અંતરના સ્વભાવની મોટપ અને મહિમા આવ્યા વિના બાહ્યનો ત્યાગ તેં ગમે તેટલો કર્યો હોય, હજારો રાણીના રાજ છોડીને, ભોગ છોડીને દીક્ષા લીધી નગ્ન. આહાહા..! કહે છે કે એને પરિગ્રહરહિત અમે કહેતા નથી. આહાહા..! એણે આ છોડ્યું એમ અમે નથી કહેતા, એમ કહે છે. ચંદુભાઈ! આહાહા..! કેમકે જે વસ્તુમાં નથી એવા વિકલ્પ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિનો વિકલ્પ છે... આહાહા..! એમાં તારી એકત્વબુદ્ધિ એ જ મોટો પરિગ્રહ છે. આહાહા..! એ જ મિથ્યાત્વનો મહા પરિગ્રહ છે. આહાહા..! ભગવનના સમવસરણમાં આમ કહેવાણું હતું. એ કુંદકુંદાચાર્ય કહે છે જગતને જાહેર કરીને, બાપુ! માર્ગ તો આ છે ભાઈ! સમજાણું કાંઈ?

અને જેણે અંતર વસ્તુ સ્વભાવે પરિપૂર્ણ પ્રભુ, અનંત આનંદ અને જ્ઞાનનો સાગર એની અંતરમાં ભાન થઈને દૃષ્ટિ કરી નથી અને બાહ્ય ત્યાગ કર્યો હોવા છતાં રાગની રુચિમાં પડ્યો છે, એનું ખડા રહીને કાયોત્સર્ગ કરવું એ નિરર્થક છે. આહાહા..! ઊભા-ઊભા કાયોત્સર્ગ કરે નગ્ન થઈને. કાયોત્સર્ગ. એ કાયોત્સર્ગથી સાધ્ય શું છે તને? શું સાધ્ય છે? જે સાધ્ય

સિદ્ધદશા એને પ્રગટવાનું સાધન તો વસ્તુસ્વભાવ છે. આહાહા..! એ સ્વભાવની રુચિ, દૃષ્ટિ, અનુભવ તો કર્યો નથી, તો આવા કાયોત્સર્ગથી સાધ્ય શું છે તને? ઊભો આમ મહિના-મહિનાના અપવાસ કરીને કાયોત્સર્ગમાં ઊભો રહે. આહાહા..! એથી સાધ્ય શું છે? આહાહા..! મોક્ષ અધિકાર છેને.

**'ઔર મૌન ધારણ કરને સે ક્યા સાધ્ય હૈ?'** બોલવું નહિ. મૌન... મૌન.. મૌન... મૌન... મૌન... બાર-બાર વર્ષ સુધી કાષ્ટમૌન. કાષ્ટમૌન એટલે સમજાણું? લાકડું બોલે તે બોલે એમ. મૌન વ્રત. એથી શું સાધ્ય છે? આહાહા..! જેને રાગ વિકલ્પથી રહિત આત્મા નિર્વિકલ્પ આનંદમૂર્તિ પ્રભુ એની સન્મુખના અને એની દૃષ્ટિ તો કરી નથી અને એ સ્વભાવના ભાન વિના આ તારા મૌનપણાથી શું છે સાધ્ય? એમાંથી શું તને લાભ છે? આહાહા..! સમજાણું કાંઈ? છે? **'ण वि मुक्को मिच्छभाव' 'ण वि तस्स ठाणमउणं'** નથી તેનું સ્થાન કાયોત્સર્ગ અને મૌનપણું કાંઈ લાભદાયક નથી. નુકસાન છે કહે છે. આહાહા..! અહીં કરે ને તાવકાયં ઠાણેણં માણેણં જાણેણં પાઉણં. આવડે છે કે નહિ? તસ્સઉતરી કર્યું છે? નથી કર્યું. નવા આવ્યા છેને. જગજીવનભાઈ તો જૂના માણસ છે. બધું આવે છે કે નહિ એમાં? ઈચ્છામી પડિક્કમણું તસ્સઉતરી. એ બેય આવે છે. જૂના માણસને. આ તો બધા નવા પલોઠિયા છેને બધા. કાંતિભાઈએ કર્યું હશે.

મુમુક્ષુ :- ૧૮ હજાર સામાયિક કરી છે.

ઉત્તર :- ૧૮ હજાર સામાયિક લ્યો! આહાહા..!

કહે છે કે જેને આત્મા શુદ્ધ ચૈતન્ય ભગવાન અંતર દૃષ્ટિમાં જ્ઞેયમાં જ્ઞાન થઈને આવ્યો નથી અને એ તારા બાહ્યના ત્યાગ એ સામાયિક ને પડિક્કમણા ને પોષા ને, અહીં તો મુનિ નગ્નદશા સુધી લઈ ગયા છે, એ તારું મૌનપણું મૌન રહે બસ, જંગલમાં મૌન રહે મૌન, બોલાય નહિ. એથી શું થયું? એથી શું સાધ્ય છે? આહાહા..!

સમયસાર નાટકમાં તો કહે છે કે ધર્મી જીવને અનુભવની દૃષ્ટિ છે એ જીવ બોલે તે મૌન છે. આહાહા..! કારણ કે એ તો જડની ક્રિયા છે બોલવાની. સમજાણું કાંઈ? આવે છે? સમયસાર નાટકમાં આવે છે. આહાહા..! ચાલે તો સમાધિ છે. આહાહા..! હાલે ચાલે એ સમાધિ, બોલે તે મૌન. આહાહા..! કેમકે હાલવા-ચાલવાની ક્રિયા તો જડની થાય છે. એ કંઈ આત્મા નથી કરતો. આત્મા જેને ભાનમાં છે... આહાહા..! એ આત્મા તો આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે. એ નથી હાલતો, નથી ચાલતો, નથી બોલતો. જેને એ આત્માનું જ્ઞાન છે એ, કહે છે કે ગૃહસ્થાશ્રમમાં હો કે જંગલમાં હો, હાલતો-ચાલતો હોય કે મૌન હો, પણ એને સમાધિ શાંતિ જ છે. આહાહા..! મણિભાઈ! આવી વસ્તુ છે ભાઈ! આહાહા..!

'**ક્યોંકિ આત્મા કા સમભાવ જો વીતરાગ પરિણામ ઉસકો તો નહીં જાનતા હૈ.**' આહાહા..! એમ કહે છે. શું કહે છે? આ તારા કાયોત્સર્ગ અને મુનિપણામાં શું સાધ્ય? કેમકે ભગવાન આત્મા તો જ્ઞાતા-દૃષ્ટા સમભાવી વીતરાગસ્વરૂપ છે. એવી સમતા પુણ્ય-પાપના વિકલ્પથી ભિન્ન પડીને સમતા તો પ્રગટી નથી. આહાહા..! છે? '**આત્મા કા સમભાવ જો વીતરાગ પરિણામ...**' આહાહા..! એ શુભ-અશુભ રાગરહિત આત્માનો જે સ્વભાવ શુદ્ધ વીતરાગ એના પરિણામ જે પર્યાય થાય, સમભાવી વીતરાગી પર્યાય થાય... આહાહા..! એવા સમભાવના ભાન વિના આ તારા મૌનપણા ને એ શું છે? કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- આત્મા કે શુદ્ધ સ્વભાવ કો જાનકર સમ્યગ્દૃષ્ટિ હોતા હૈ...**' પહેલું તો આત્મા ચૈતન્ય શુદ્ધ પૂર્ણ દ્રવ્યસ્વભાવ એકલો પરમાનંદ ને જ્ઞાનના સ્વભાવથી ધ્રુવપણે ભરેલો (છે) એવી અંતર દૃષ્ટિ કરીને પ્રથમ તો સમ્યગ્દૃષ્ટિ થાય છે. આ રીતે પ્રથમમાં પ્રથમ સમ્યગ્દર્શનમાં આ સ્થિતિ ઊભી થાય છે. આહાહા..! '**ઔર જો મિથ્યાભાવસહિત પરિગ્રહ છોડકર નિર્ગ્રંથ ભી હો ગયા હૈ,...**' પણ એ રાગ અને દેહની ક્રિયા મારી, એ હું કરું છું એવા મિથ્યાભાવ સહિત... આહાહા..! નિર્ગ્રંથ થઈ ગયો. નિર્ગ્રંથ એટલે? વસ્ત્ર વિનાનો નગ્ન મુનિ થઈ ગયો. '**કાયોત્સર્ગ કરના, મૌન ધારણ કરના...**' ત્રણે વાત લીધી. નિર્ગ્રંથ થઈ ગયો, કાયોત્સર્ગ કર્યો અને '**મૌન ધારણ કરના ઈત્યાદિ બાહ્ય ક્રિયાયેં કરતા હૈ તો ઉનકી ક્રિયા મોક્ષમાર્ગ મેં સરાહને યોગ્ય નહીં હૈ,...**' એ ક્રિયા ધર્મમાં સરાહને યોગ્ય, પ્રશંસાને યોગ્ય છે નહિ. આહાહા..!

'**ક્યોંકિ સમ્યક્ત્વ કે બિના બાહ્ય ક્રિયા કા ફલ સંસાર હી હૈ.**' એ બધી કાયોત્સર્ગ ને વ્રત ને તપ ને.. એ આગળ કહેશે, બાળવ્રત અને બાળતપ છે એ તો બધા. આહાહા..! કેમકે જેણે '**अप्पसमभावं ण जाणदि**' '**अप्पसमभावं ण जाणदि**' એમ કહ્યું છેને? એનો સ્વભાવ જ સમભાવ, વીતરાગ... વીતરાગ... વીતરાગ... જિન જિનસ્વરૂપી પ્રભુ ભગવાન આત્મા. એવા જિનસ્વરૂપી આત્માને તો જાણ્યો નહિ અને આવા બાહ્ય નિર્ગ્રંથપણા, નગ્ન મુનિપણા ગ્રહણ કર્યા. અહીંયા વસ્ત્ર સહિતવાળાને તો લીધા નથી, એ તો કુલિંગમાં છે. એ તો દ્રવ્ય અને ભાવે મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? વસ્ત્રસહિત સાધુપણું માને છે એ તો મિથ્યાદૃષ્ટિ-જૈનના તત્ત્વથી વિરુદ્ધ દૃષ્ટિવાળા છે. ... આહાહા..!

અહીંયા તો નગ્ન મુનિ થાય છે વસ્ત્ર વિનાના, એ પણ જેને આત્મા અંદર ચૈતન્ય વીતરાગ સ્વરૂપ છે એને જેણે જાણ્યો નથી, માન્યો નથી, ઓળખ્યો નથી, અંદર ગયો નથી... આહાહા..! અને બાહ્ય પરિગ્રહ ત્યાગ કરીને બેઠો એનું ફળ સંસાર છે. આહાહા..! નગ્ન મુનિ પંચ મહાવ્રત

પાળે. કહે છે કે ચાર ગતિમાં રખડવાનું છે ફળ એનું. આહાહા..! સમજાણું કાંઈ?

**'આગે આશંકા ઉત્પન્ન હોતી હૈ કિ સમ્યક્ત્વ બિના બાહ્યલિંગ નિષ્ફલ કહા, જો બાહ્યલિંગ મૂલગુણ બિગાડે ઉસકે સમ્યક્ત્વ રહતા યા નહીં?'** જરી સૂક્ષ્મ વાત છે અંદર.

मूलगुणं छित्तूण य बाहिरकम्मं करेइ जो साहू।
सो ण लहइ सिद्धिसुहं जिणलिंगविराहगो णियदं।।९८।।

**'અર્થ :- જો મુનિ નિર્ગ્રંથ હોકર...'** નગ્ન મુનિ થઈને પણ. બીજા જે આ વસ્ત્રવાળા એ તો દ્રવ્યલિંગ પણ નથી અને ભાવલિંગ પણ.. નથી, તદ્દન જૈનદર્શનથી વિરુદ્ધ દૃષ્ટિવાળા છે. હવે તમારે ક્યાં છોકરા-છોડીયું છે? છોકરા-છોડીયું હોય એને હોય કે આ બધું માનવા જઈએ અને આ બધુ મૂકીએ તો છોકરા પરણશે કે નહિ એવી વાતું કરે છે લોકો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળેય નથી મફતનો. આહાહા..! બાપુ! સર્વજ્ઞ વીતરાગ તીર્થંકરદેવ ત્રિલોકનાથનો તો આ હુકમ છે કે વસ્ત્ર સહિત જે સાધુ માને એ તો મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. એ જૈનદર્શનના વેરીઓ છે.

અહીંયા તો નિર્ગ્રંથ ધારણ કરે નગ્નપણું... આહાહા..! પણ જેને આત્મા વીતરાગ સ્વરૂપી પ્રભુ જ્ઞાતા-દૃષ્ટા એ કોઈ ક્રિયા રાગની કરે એ કોઈ સ્વરૂપ જ નથી એનું. રાગની ક્રિયા અને શરીરની ક્રિયા કરે એ એનું સ્વરૂપ જ નથી. એવો સમભાવી ભગવાન આત્મા જેણે જાણ્યો નથી અને બાહ્ય નગ્નપણા ધારણ કરીને-અચેલપણું ધારણ કરીને, મૌન અને કાયોત્સર્ગ કરે એના ફળ સંસાર છે. આહાહા..! આવો માર્ગ છે, ભાઈ! સોનગઢને પાદર આવી વાતું હવે. આહાહા..! વીતરાગનો માર્ગ તો આ છે.

**'જો મુનિ નિર્ગ્રંથ હોકર મૂલગુણ ધારણ કરતા હૈ...'** અઠ્યાવીશ મૂળગુણ. કહેશે. **'ઉનકા છેદન કર,...'** મૂળગુણમાં દોષ લગાડે. **'બિગાડકર કેવલ બાહ્ય ક્રિયા કર્મ કરતા હૈ...'** અને બીજી ક્રિયાઓ બધી કરે. **'વહ સિદ્ધ અર્થાત્ મોક્ષ કે સુખ કો પ્રાપ્ત નહીં કર સકતા હૈ, ક્યોંકિ ઐસા મુનિ નિશ્ચય સે જિનલિંગ કા વિરાધક હૈ.'** નગ્નપણું ધારણ કરી અને અઠ્યાવીશ મૂળગુણ જે એષણા નિર્દોષ આહાર લેવો, એને માટે કરેલો આહાર ન લેવો એવા જેના ઠેકાણા નથી, એ બધા મિથ્યાદૃષ્ટિઓ સંસારમાં રખડનારા છે. કહો, સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ! મૂળગુણ છેને? **'ઉનકા છેદનકર, બિગાડકર કેવલ બાહ્ય ક્રિયા કર્મ કરતા હૈ...'** સામાયિકની, ચોવિસંથોની, વ્રતની, સમિતિની, ગુપ્તિની. પણ અઠ્યાવીશ મૂળગુણ જે છે એમાં જેનું છેદન છે. **'વહ સિદ્ધિ અર્થાત્ મોક્ષ કે સુખ**

**કો પ્રાપ્ત નહીં કર સકતા હૈ,...'** એ મુનિ લિંગનો વિરાધક છે એમ કહે છે. નગ્નપણું એનો વિરાધના કરનારો છે. આહાહા..!

**'ભાવાર્થ :- જિન આજ્ઞા ઐસી હૈ કિ સમ્યક્ત્વસહિત મૂલગુણ ધારણ કર ધન્ય જો સાધુ ક્રિયા હૈ, ઉનકો કરતે હૈં.'** આહાહા..! આત્મજ્ઞાન, આત્મદર્શન સહિત મૂળગુણ ધારણ (કરે છે), અઠ્યાવીશ મૂળગુણ જે છે, છે વિકલ્પ, એ હોય છે ભૂમિકામાં એ ધન્ય જો સાધુ ક્રિયા એ કરે છે. **'મૂલગુણ અઠ્ઠાઈસ કહે હૈં - પાંચ મહાવ્રત,...'** અહિંસા. કોઈ એકેન્દ્રિય પ્રાણીને પણ દુઃખ ન આપે એવો એને મહાવ્રત હોય છે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, એને માટે આહાર બનાવે અને લે એ મહાવ્રતધારી નથી. એય..! શાંતિભાઈ!

મુમુક્ષુ :- પોલ ખુલ્લી કરી નાખી.

ઉત્તર :- છેને પણ જુઓને. અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય અને પરિગ્રહરહિત એવો જે ભાવ એને પંચ મહાવ્રત કહે છે. આ તો મૂળગુણ વ્યવહારની વાત છે હોં.

**'પાંચ સમિતિ,...'** જોઈને ચાલવું, વિચારીને બોલવું, એષણા-નિર્દોષ આહાર હોય તો લેવો. એને માટે કર્યો (હોય), આ ચોકા બનાવીને લે છે એની સમિતિનો ભંગ છે, મૂળગુણમાં દોષ છે. તો મૂળગુણમાં દોષ અને બીજી ક્રિયા કરે એ બધી નિરર્થક છે એમ કહે છે. એય..! સુકનચંદજી! હૈ ઉસમેં? આહાહા..! આ તો વસ્તુસ્થિતિ છે, ભાઈ! આહાહા..! એષણા-નિર્દોષ આહાર-પાણી. જેને માટે કરેલો ન લે. મુનિ, નગ્ન મુનિ અને એને માટે કરેલો, પણ શંકા પડે કે આ મારા માટે બનાવ્યું હશે? અને લે તો મૂળ દોષનો છેદ કરનાર છે. એ બધી ક્રિયા ગમે તેટલી સાચવે તપસ્યા ને અપવાસ ને, એ જિનલિંગનો વિરાધક છે. આહાહા..! આ લોકો રાડું પાડે બધી. અમારા સાધુ આ બધા છે માનતા નથી. બાપુ! પણ જો તો ખરો એમાં એકેય પાંચ સમિતિવાળો છે કોઈ?

મુમુક્ષુ :- આ કાળે હોય નહિ, ...

ઉત્તર :- ખોટા પણ આ કાળે હોય... પણ હંસ ન દેખાય તો બગલાને હંસલા મનાય? એ દાખલો આપ્યો છે મોક્ષમાર્ગ પ્રકાશકમાં. આહાહા..!

મુમુક્ષુ :- શાસ્ત્રમાં લખ્યું છે પણ આ કાળમાં...

ઉત્તર :- લખ્યું તે પણ શું? એના લક્ષણવાળા હોય એને ને? પણ લક્ષણવાળા નથી એને માનવા? આવી વાત આકરી બાપુ બહુ છે.

અહીં તો એવા કુલિંગી છે એ જિનલિંગના વિરાધક કીધાને જુઓને. એને માટે ચોકા કરે અને લે એ કુલિંગી છે, એ લિંગનો વિરાધક છે. આહાહા..! એય..! શાંતિભાઈ! તો

આ શું તમારે ત્યાં કરતા હશે બધા? સાધુ આવે તો કરીને દેતા હશે? બિચારા કંઈ ભૂખ્યા મરે? ... કહે છે કે એ માર્ગના વિરાધક છે. જિનલિંગના વિરાધક અહીં તો કહ્યું. માર્ગ તો અંદર છે નહિ. આહાહા..! સમ્યગ્દર્શનના જ હજી ઠેકાણા ન મળે એના વ્યવહાર શ્રદ્ધાના ઠેકાણા નથી. આહાહા..! વ્યવહાર શ્રદ્ધા હોં! પછી નિશ્ચય સમ્યગ્દર્શન જુદી ચીજ. આહાહા..!

**'પંચ મહાવ્રત, પાંચ સમિતિ,...'** એમાં એષણા નાખી. જોઈને ચાલવું, વિચારીને બોલવું, નિર્દોષ આહાર-પાણી (લે), એને માટે બિલકુલ કરેલા લે નહિ. વાંધા એમાં અત્યારે ઉદ્દેશિકના એ છે. એ ઉદ્દેશિક ન કહેવાય હવે. લોકો એને માટે કરે અને આને માટે શું છે? પણ એને માટે કરે પણ એ તો ઉદ્દેશિક થયું એને માટે. એને ખબર નથી કે અહીં ક્યાં આહાર હતા? અમે આવ્યા ને આ બધા બનાવે છે આહાર.

મુમુક્ષુ :- મંદિરમાં બનાવ્યા.

ઉત્તર :- મંદિરમાં બનાવે. એય..! શાંતિભાઈ! મંદિરમાં બનાવે જ્યાં ઓલા ચોકા બહારના નગ્ન છે ને... એમાં બનાવે. કોના માટે બનાવ્યું છે? માર્ગ વીતરાગનો એ નથી. એ જિનલિંગના વિરાધકો છે. આહાહા..! મોટા મિથ્યાદૃષ્ટિ ગુનેગાર છે બાપુ! શું થાય? માર્ગ તો જે હશે એ રહેશે. દુનિયા ફેરવી નાખશે એટલે બીજુ કાંઈ થાય એવું છે?

કહે છે કે ઈન્દ્રિયોનો નિરોધ, **'પાંચ ઈન્દ્રિયોં કા નિરોધ,...'** છે જેને. આહાહા..! **'છહ આવશ્યક,...'** હંમેશા સામાયિક, વીતરાગસ્તુતિ, ગુરુવંદન, પ્રત્યાખ્યાન, કાયોત્સર્ગ આદિ હંમેશા છ આવશ્યક કરે. **'ભૂમિશયન,...'** એ જમીન ઉપર સૂવે. એને ખાટલા અને પાટુ ન હોય. લાકડાની પાટુ પડી હોય એ જુદી વાત છે, પણ એને માટે કોઈ પાટુ બનાવીને રાખે (એમ ન હોય). એય..! કેટલી પાટુ રાખી છે તમારે જુઓને. એ કહ્યુંને પહેલું ૬૮-૬૮. પાળિયાદ ચોમાસું હતું હીરાજી મહારાજને. ત્રણ મહિના રહ્યો ત્યાં. ત્યાં આવીને બોટાદ આવ્યા. પાલેજ જાવું હતું. બોટાદ આવ્યા અને ગુલાબચંદજી ત્યાં. આ ગુલાબચંદજી ગાંધી. એ કહે કે આ સાધુ માટે અપાસરા કરીને વાપરે તો સાધુ નહિ. ઓય મારું આ શું? કીધું આપણે તો કોઈ દિ' સાંભળ્યું નથી. હીરાજી મહારાજ જેવા તો અપાસરા વાપરે છે. આ વળી આવું કહે છે. પહેલું ૬૮. ૬૮નો આસો મહિનો હશે. આસો મહિનો હતો. ત્રણ મહિના પાલેજ રહીને એક ઠેકાણે વીશી કરીને મહિને પૈસા દઈને ત્યાં આહાર કરતા હતા. પછી પાલેજ જાવું હતું આજ્ઞા લેવા દીક્ષાની. એ ત્યાં વચ્ચે બોટાદ આવ્યું. એ ગુલાબચંદજીએ એમ કહ્યું કે આ અપાસરા સાધુ માટે કરે એ સાધુ વાપરે એ સાધુ નહિ. આ ક્યાંથી આવી વાત? હીરાજી મહારાજ જેવા વાપરે તો એ સાધુ નહિ? હીરાજી મહારાજ તે કોણ છે! આહાહા..! એમ. તે દિ' હીરાજી મહારાજ એટલે તો... ગમે તે હોય. આ અપાસરા એના

માટે કરે અને એમાં રહે એ સાધુ નહિ. આપણે આવું સાધુપણું લેવું નથી કીધું. અટકાવ્યું. આઠ મહિના અટકાવી વાત. ૬૯. ગઢડા રહ્યા હતા આઠ મહિના પછી. ૬૯-૬૯ની સાલ. તમારા જન્મ નહિ હોય તે દિ', નહિ? ત્યાં ડેલો છેને તમારો ડેલો નહિ આ? મંદિરની પાસે. ત્યાં આઠ મહિના રહ્યા હતા. ત્યાં અમારા કાકાને ઘરે સૂતા. ... તમારા મેડીની પાછળ મકાન. રામપરાવાળા. ત્યાં આઠ મહિના રહ્યા હતા. ધર્મધ્યાન અહીં કરતા. એ મેડીએ. આહાહા..! પછી વિચાર આવ્યો કે હવે દીક્ષા લ્યો તો ખરા... આહાહા..!

અહીં તો નગ્ન મુનિ થઈને પણ જો નિર્દોષ આહાર-પાણી ન લે અને સદોષ લે, ભૂમિશયન ન કરે અને કાંઈ પણ.. આ જુઓને અહીં તો બધા ઓલા રાખે. લૂગડાના ઓલા શું કહેવાય બધા? તંબુ. લૂગડાના તંબુ રાખે એમાં સૂતા હતા. માર્ગ આવો નથી, બાપુ! આ તો કોઈ વ્યક્તિ માટેની વસ્તુ નથી. વસ્તુનું સ્વરૂપ આવું છે. '**સ્નાન કા ત્યાગ,...**' હોય. મુનિને સ્નાન ન હોય. નગ્ન મુનિ તો જેવા હોય એવા. આહાહા..! આ તે કાંઈ વાત છે. મોક્ષનો માર્ગ જેણે પૂર્ણ પ્રગટ કર્યો છે. '**વસ્ત્ર કા ત્યાગ,...**' હોય. એને વસ્ત્ર જરીએ ન હોય. એક અંશ પણ વસ્ત્રનો તિલતુષમાત્ર ન હોય. '**કેશલોચ,...**' હોય. લોચ કરે. એ કાતરે કપાવે એમ ન હોય એને. હવે તો દવાઓ એવી આવે છેને. ચોપડે તો વાળ ખરી જાય. એવું આવે છે કાંઈક. નહિ? ચંદુભાઈ! આવે છે, જોયું છે. ચૂડામાં એ હતી. એ સાધુ એ પહેલા હતા. અમે ઉતર્યા પહેલા સાધુ કોક હતું. એણે એ રીતે કરેલું અંદર. ડાબલી પડેલી. પાણી લગાડીને ચોપડે તો વાળ ખરી જાય. એવું ન હોય કહે છે. આ તો નગ્ન મુનિની વાત છે. આ તો મુનિ વ્યવહારે પણ નથી. આ તો નગ્ન મુનિ થઈને કેશલોચ કરે.

'**એક બાર ભોજન,...**' એક વાર ઊભા-ઊભા આહાર દિવસનો. લ્યો! આ મૂળગુણ છે. ખડા ભોજન-ઊભા ઊભા આહાર. ધ્યાનમાં આનંદસ્વરૂપમાં છે. એકવાર આહાર. આહાહા..! '**દંતધોવન કા ત્યાગ...**' એ આહાર વખતે આંગળી પાણી નાખીને દંત ન ધોવે. આહાહા..! '**ઈસ પ્રકાર અઠ્ઠાઈસ મૂલગુણ હૈં, ઈનકી વિરાધના કરકે કાયોત્સર્ગ મૌન તપ ધ્યાન અધ્યયન કરતા હૈ...**' આ અઠ્યાવીશ મૂળગુણનો તો ભંગ કરે અને પછી કાયોત્સર્ગ ને મૌન ને અપવાસ આદિ કરે '**ઈન ક્રિયાઓં સે મુક્તિ નહીં હોતી હૈ.**' એનાથી ધર્મ થતો નથી. આહાહા..!

'**જો ઈસપ્રકાર શ્રદ્ધાન કરે કિ હમારે સમ્યક્ત્વ તો હૈ હી, બાહ્ય મૂલગુણ બિગડે તો બિગડો,...**' આહાહા..! આકરી વાત છે. આચાર્ય પરમસત્યને જાહેર કરે છે. '**મૂલગુણ બિગડે તો બિગડો, હમ મોક્ષમાર્ગી હી હૈં...**' લ્યો! અમારે સમકિત તો છે. મૂળગુણ બિગડે તો બિગડો. '**તો ઐસી શ્રદ્ધા સે તો જિન આજ્ઞા ભંગ કરને સે સમ્યક્ત્વ**

**કા ભી ભંગ હોતા હૈ...'** એને સમકિત પણ છે નહિ. આહાહા..! **'સમ્યક્ત્વ કા ભી ભંગ હોતા હૈ તો મોક્ષ કૈસે હો...'** તો એને મોક્ષ તો હોઈ શકે નહિ. **'ઔર કર્મ કે પ્રબલ ઉદય સે ચારિત્ર ભ્રષ્ટ હો ઔર...'** એટલે કે અંદરમાં કર્મના નિમિત્તમાં જોરાવરથી જોડાઈ જાય અને ચારિત્ર ભ્રષ્ટ (થાય), કદાચ ચારિત્ર ન હો **'ઔર યદિ જિન આજ્ઞા કે અનુસાર શ્રદ્ધાન રહે...'** માર્ગ તો બાપુ આ નથી, અમે એમાં નથી. એવી સમ્યગ્દર્શન શ્રદ્ધા રહે **'તો સમ્યક્ત્વ રહતા હૈ,...'** તો સમકિત રહે. મૂળગુણ વિરાધક થાય, ચારિત્ર અમારે નથી એમ જાણે. આ મૂળગુણનો વિરાધક છે. સમ્યગ્દર્શન-, સાચી દૃષ્ટિ અનુભવ થયો હોય તો એ સમકિતને વાંધો આવે નહિ.

**'કિંતુ મૂલગુણ બિના કેવલ સમ્યક્ત્વ હી સે મુક્તિ નહીં હૈ...'** જોયું! એકલું સમ્યકત્વ છે અને મૂળગુણ નથી મુનિને તો એનાથી કાંઈ મુક્તિ ન હોય. મૂળગુણ જોઈએ અઠ્યાવીશ એને. **'ઔક સમ્યક્ત્વ બિના કેવલ ક્રિયા હી સે મુક્તિ નહીં હૈ,...'** સમ્યગ્દર્શન વિના એકલા નિર્ગ્રંથ શરીરથી બાહ્ય ક્રિયા, તપસ્યા, અપવાસ આદિ ખૂબ કરે, રસ પડે, રસ ન ખાય, બે રસ લે, બીજા રસ નહિ એવા ત્યાગ કરે. પણ જેને સમ્યગ્દર્શન જ નથી અને આવા લિંગને વિરાધે છે એને ધર્મ મુક્તિ છે નહિ. **'ઐસે જાનના.'** આહાહા..! ભાઈ માર્ગ આવે ત્યારે બધી વાત થાય અંદર.

**'પ્રશ્ન :- મુનિ કે સ્નાન કા ત્યાગ કહા ઔર હમ ઐસે ભી સુનતે હૈં કિ યદિ ચાંડાલ આદિ કા સ્પર્શ હો જાવે તો દંડસ્નાન કરતે હૈં.'** શિષ્યનો પ્રશ્ન છે. એણે સ્નાનનો ત્યાગ કર્યો, પણ અમે તો એવું સાંભળ્યું છે કે ચંડાળ આદિને સાધુ અડી જાય તો સ્નાન કરે એવો શાસ્ત્રમાં પાઠ છે.

**'સમાધાન :- જૈસે ગૃહસ્થ સ્નાન કરતા હૈ વૈસે સ્નાન કરને કા ત્યાગ હૈ,...'** ગૃહસ્થ જે સ્નાન કરે પાણી ચોપડે આમ આમ કરીને બધું આમ આમ કરે એમ ન સ્નાન હોય એને. ચંડાળને અડી જાય તો દંડસ્નાન. આમ પાણી શરીર ઉપર નાખે બસ એટલું. **'ક્યોંકિ ઈસમેં હિંસાકી અધિકતા હૈ, મુનિ કે સ્નાન ઐસા હૈ કિ કિંમડલુ મેં પ્રાસુક જલ રહતા હૈ...'** પ્રાસુક-નિર્દોષ. **'ઈસમેં મંત્ર પઢકર મસ્તક પર ધારામાત્ર દેતે હૈં...'** લ્યો! ચંડાળ આદિને અડી જાય. **'ઉસ દિન ઉપવાસ કરતે હૈં...'** પછી એ દિવસે અપવાસ કરે. **'તો ઐસા સ્નાન તો નામમાત્ર સ્નાન હૈ,...'** એ ખરું સ્નાન નહિ. **'યહાં મંત્ર ઔર તપસ્નાન પ્રધાન હૈ, જલસ્નાન પ્રધાન નહીં હૈ,...'** એવું આવે છે કોઈ અડી જાય અને એવું થઈ જાય, .. એ કાંઈ સ્નાન કહેવાય નહિ એમ કહે છે. એટલે અઠ્યાવીશ મૂળગુણમાં સ્નાનનો ત્યાગ કીધોને, એનું અહીં વધારે સ્પષ્ટીકરણ કર્યું.

અહીંયા તો આત્માના ભાન વિના અને ભાન હોવા છતાં જે મૂળગુણ અઠ્યાવીશ છેદે છે અને પાછું માને છે કે એમાં કાંઈ અમારે સમકિતને વાંધો નથી, તો એ સમ્યગ્દૃષ્ટિ જ નથી. આહાહા..! આવો માર્ગ આકરો ભારે ભાઈ! જગતને સાંભળવો કઠણ પડે. એ ૯૮ ગાથા કીધી લ્યો! હવે બીજી કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**વૈશાખ વદ ૭, સોમવાર તા. ૧૩-૦૫-૧૯૭૪**
**ગાથા - ૯૯ થી ૧૦૨, પ્રવચન - ૧૪૬**

૯૯ ગાથા. **'આગે કહતે હૈં કિ જો આત્મસ્વભાવ સે વિપરીત બાહ્ય ક્રિયાકર્મ હૈ વહ ક્યા કરે? મોક્ષમાર્ગ મેં તો કુછ ભી કાર્ય નહીં કરતે હૈં :-'**

**किं काहिदि बहिकम्मं किं काहिदि बहुविहं च खवणं तु।**
**किं काहिदि आदावं आदासहावस्स विवरीदो।।९९।।**

જેને આત્મસ્વભાવ શુદ્ધ ચૈતન્ય આનંદનો અનુભવ નથી, જેને આત્માનું અંતર સ્વસન્મુખનું જ્ઞાન નથી અને આત્માનું અંતર દૃષ્ટિસહિત આચરણ જેને સ્વરૂપાચરણ કહીએ એવો આત્મસ્વભાવ જેને પ્રગટ્યો નથી એવા આત્મસ્વભાવથી વિપરીત. મૂળ ચીજ અનુભવી નથી, હાથ આવી નથી એમ કહે છે. એનાથી વિપરીત ક્રિયાકાંડ કરે, અપવાસ કરે કહે છે. **'પ્રતિકૂલ બાહ્યકર્મ મેં જો ક્રિયાકાંડ વહ ક્યા કરેગા?'** ક્રિયાકાંડ—શરીરની ક્રિયાઓ અપવાસ આદિની અને અંદરના... અપવાસ આદિ, રસત્યાગ આદિ, કાયક્લેશ આદિ ક્રિયા કરે, વ્રતની ક્રિયા કરે એથી શું થાય? જે વસ્તુ છે આત્મા, એનો સ્વભાવ એનાથી વિપરીત દૃષ્ટિવંતને બાહ્ય ક્રિયા શું કામ કરે?

મુમુક્ષુ :- બાહ્ય ક્રિયાકાંડ ..

ઉત્તર :- પ્રયોજન કરે છે રાગથી. રાગ વિનાની ચીજ છે એની તો દૃષ્ટિ નથી. શુદ્ધ સ્વભાવ આનંદનો તો સ્વાદ છે નહિ. આનંદનો સ્વાદ હોય તો જે ક્રિયા થાય એને તો જ્ઞાતા તરીકે જાણે. આહાહા..! સુખબુદ્ધિ એમાંથી ઊડી ગઈ હોય એને તો. આત્માના આનંદના સ્વભાવથી વિપરીત ક્રિયાઓ બધી.

ત્રણ શબ્દ લીધા. '**बाह्यकर्म में जो क्रियाकांड वह क्या करेगा? कुछ मोक्ष का कार्य तो किंचित्‌मात्र भी नहीं करेगा,...**' આહાહા..! અને '**बहुत अनेक प्रकार क्षमण अर्थात् उपवासादि...**' રસત્યાગ, કાયક્લેશ, કાયોત્સર્ગ આદિ બાહ્યનો ત્યાગ ઘણો કરે, પણ અંતર સ્વરૂપની જ્યાં દૃષ્ટિ અને અનુભવ નથી. એનાથી વિપરીત ભાવમાં કોઈ કલ્યાણ નથી. '**उपवास...**' બાહ્ય દેવ-ગુરુ-શાસ્ત્રનો વિનય આદિ બહુમાન કરે લ્યોને. આહાહા..! પણ વસ્તુની દૃષ્ટિથી તો જેની દૃષ્ટિ વિપરીત છે. એવા આત્મસ્વભાવથી વિપરીત, એમ શબ્દ પડ્યો છે. ચોથું પદ. એને એ '**उपवासादि बाह्य तप भी क्या करेगा?**' આહાહા..! મહિના-મહિનાના અપવાસ હોય, મહિના-મહિનાના સંથારા હોય, ઝાડની ડાળ પડી રહે એમ પડ્યો રહે સંથારાની ક્રિયામાં, પણ આત્મસ્વભાવથી તો એ બધું વિપરીત છે. રાગની પર્યાય, એનો કર્તા થઈને એ ક્રિયા કરે એ બધી એની ધર્મ માટે નથી. આહાહા..!

'**कुछ भी नहीं करेगा, आतापनयोग...**' શરીરને તડકે બેસાડે રાખે, આતાપન લે, આસન લગાવે. શું કરે પણ એ ક્રિયા? આહાહા..! એ શરીરની ક્રિયા અને અંદર શુભભાવ હોય લ્યોને. એ ક્રિયા, ભગવાન આત્માના સ્વભાવથી વિપરીત દૃષ્ટિ જ્યાં રાગ ને પર્યાય બુદ્ધિ ઉપર પડી છે રુચિ, એને આ ક્રિયાઓ શું કરે આત્માને લાભ? કેમકે આત્મસ્વભાવ જાણ્યો નથી એથી રાગાદિ સર્વથી જેને વૈરાગ્ય અંદર થયો નથી. આહાહા..! ચૈતન્યસ્વભાવ શુદ્ધ આનંદ સમભાવની મૂર્તિ પ્રભુ એવા ભાવને જેણે જાણ્યો નથી, એને પરથી વૈરાગ્ય હોતો નથી. દયા, દાનના વિકલ્પો છે એનાથી વૈરાગ્ય. આત્મસ્વભાવ જાણ્યો નથી તો વૈરાગ્ય નથી એને. આહાહા..! બાહ્ય શરીરથી બ્રહ્મચર્ય પાળે લ્યો! કહે છે. આહાહા..! પણ એ બધું (વ્યર્થ છે). અને કદાચિત રાગની મંદતાના પરિણામ પણ કરે, પણ સ્વભાવ ચૈતન્ય શુદ્ધ આનંદનો નાથ પ્રભુ એનાથી બધી વિપરીત પરિણતિ કરી છે એણે. આહાહા..! એથી એ ક્રિયાકાંડના ભાવમાં કંઈ પણ મુક્તિનું કારણ નથી. છેને? '**किंचित्‌मात्र भी नहीं करेगा,...**' કાંઈ નથી. માર્ગ ઝીણો ભારે. આહાહા..!

ત્રણ બોલ છેને. આત્મસ્વભાવથી વિપરીત પ્રતિકૂળ, બાહ્ય ક્રિયાકાંડ અને અપવાસ આદિ બે અને આતાપનયોગ ત્રણ. ત્રણ બોલ લીધા છે. આહાહા..! '**कुछ भी नहीं करेगा,...**' આહાહા..! '**किं काहिदि**' એમ શબ્દ છેને? પાઠ. '**किं काहिदि बहिकम्मं**' '**किं काहिदि बहुविहं च खवणं**' ત્રણેમાં મૂક્યું છે. અને '**किं काहिदि आदावं**' ત્રણેમાં શબ્દ મૂક્યો છે. ઓહોહો..! જેને આત્માના સ્વભાવનું ભાન જ નથી, અનુભવ નથી, આનંદના સ્વાદ જેને આવ્યા નથી એને પરમાં પ્રીતિ કેમ ખસે? ગમે તે ક્રિયા કરશે પંચ મહાવ્રતની, બાર વ્રતની, બાળબ્રહ્મચારી તરીકે શરીર(થી) બ્રહ્મચર્ય (પાળે) પણ એને પરમાં પ્રેમ એને ખસશે

નહિ. ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્મા એના સ્વભાવની તો ખબર નથી, એના સ્વભાવ ઉપર વિપરીતભાવથી એ રાગાદિની ક્રિયા અને દેહાદિની ક્રિયા હો, 'किं काहिदि' શું કરશે એના આત્માને લાભ? એમ કહે છે. આહાહા..!

કેમકે જ્યાં આત્મસ્વભાવ ચૈતન્ય મહાપ્રભુ પરમેશ્વરપદ છે એનો તો એને અંતર અનુભવ છે નહિ અને તેથી એને પુણ્ય અને પાપના વિકલ્પો જે રાગ દયા, દાન, વ્રત આદિની ક્રિયા એના પ્રત્યેનો એને વૈરાગ્ય નથી. આહાહા..! ઝીણો માર્ગ બહુ, ભાઈ! અંતરમાં ચૈતન્યના... અહીં તો એક જ શબ્દ મૂક્યો, આત્મસ્વભાવથી વિપરીત. ભગવાન જ્ઞાન અને આનંદનો સ્વભાવ છે એનાથી વિપરીત વિભાવની ક્રિયા અને દેહની ક્રિયા, એમ કહે છે. એ આત્માના સ્વભાવને લાભ કંઈપણ કરશે (એમ નથી). ગમે તેવા બબ્બે મહિનાના સંથારા કરે, સમાધિમરણ કહે છેને વ્યવહારે બાહ્ય. એવી ક્રિયાઓ કરે, રસપરિત્યાગ કરે, સ્નાન આદિ ન કરે, વસ્ત્ર આદિ ન રાખે એવી ક્રિયાઓ (કરે), પણ જેને આત્મસ્વભાવથી દૃષ્ટિ જ વિપરીત છે... આહાહા..! એને એ શું કરશે? સંસાર કરશે એને એમ કહે છે. આવો માર્ગ છે, ભાઈ! ઓલામાં પહેલું તો આવ્યું હતું સાધુનું નહિ? એ રાતે વિચાર ઘણા કર્યા હતા. ... તમે નહોતા કાલે. કાલે ઘણી ચર્ચા ચાલી હતી. અઠ્યાવીશ મૂળગુણ મૂળ.. જેને માટે (કરેલો) આહાર લે એનું મહાવ્રત પહેલું રહેતું નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આવે એ તો ચોખ્ખી લે એમ. અહિંસા મહાવ્રત રહેતું નથી, જૂઠું મહાવ્રત રહેતું નથી સત્યનું. કેમ? કે એ આહાર એને માટે બનાવેલો (છે). અને ઓલા કહે કે આહાર શુદ્ધ, મન શુદ્ધ શું કાંઈ કહે છેને? એ શુદ્ધ બોલે છે એને માન્ય રાખે છે. એ જૂઠું છે. માન્ય રાખે. ભગવાનની આજ્ઞા બહાર છે. એ ચોરી પણ છે અને પરિગ્રહ પક્કડ છે એને. સદોષ આહાર લેવો અને માનવું કે આ મને લાભદાયક છે અથવા મને કાંઈ વાંધો નથી. સમિતિમાં બગાડ બધો છે. ભાષાસમિતિમાં બગાડ, એષણાસમિતિમાં બગાડ. ભાષામાં જૂઠું આવ્યુંને.

મુમુક્ષુ :- એટલે તો અદત્ત કહેવાય છે.

ઉત્તર :- અદત્ત કહેવાય બધું. આહાહા..! એક તો શ્વેતાંબરમાં કાંઈક આવ્યું હતું. લખ્યું હતું નહિ? પાંચેય મહાવ્રત તૂટે છે. સાધુ જાય છે વ્હોરવા. તો એ સ્ત્રી ગમે તે સ્થિતિમાં બેઠી ઊભી હોય અને જાય તો એને બ્રહ્મચર્યનો ભંગ લાગે. એવું આવે છે ... ..માં આવે છે. આહાહા..! બહુ માર્ગ એવો છે અંદર.

ચૈતન્ય ભગવાન આત્મા આનંદના સ્વાદે જ્યાં પ્રગટ્યો નથી જ્ઞાન જેને. આહાહા..!

એને પરમાં પ્રેમ છૂટતો નથી. એ દયા, દાન, વ્રતના પરિણામ કરે, પણ એના પ્રત્યેનો એને પ્રેમ છૂટતો નથી. કારણ કે આનંદનો નાથ પ્રભુ દૃષ્ટિમાં, અનુભવમાં, જ્ઞાનમાં, શ્રદ્ધામાં તો આવ્યો નથી. આહાહા..! આમાં કાંઈ કોઈ સિફારિશ કામ કરે એવું અહીં નથી. આહાહા..! બહુ વાત સરસ છે. ઓહોહો..! '**आदसहावस्स विवरीदो**' આટલો શબ્દ છે. આહાહા..! એનો ભગવાનનો સ્વભાવ તો જ્ઞાતા-દૃષ્ટા અને આનંદ, એનો સ્વભાવ જાણવું-દેખવું અને આનંદ. આહાહા..! એ આનંદમાં ઠરવું એ આવી ગઈ શાંતિ. એવા સ્વભાવથી વિપરીત ક્રિયાકાંડના વિકલ્પો. આહાહા..! અને દેહાદિ ને આતાપન યોગ ને ત્યાગ બધો બાહ્યનો. આહાહા..! સાધુ ઉઘાડે પગે ચાલે, માથે લોચ કરે, આતાપન યોગ કરે, મહિના-મહિનાના અપવાસ કરે એ શું કરે એને? કહે છે. એને લાભ શું કરે? નુકસાન કરે છે, સંસાર (વધારે છે). આહાહા..! મોક્ષનું કારણ તો જે આત્મસ્વભાવ છે એ તો જાણે જગાડ્યો નથી. આહાહા..! અને આંધળી દોડે આ બધી ક્રિયાકાંડમાં જોડાઈ જાય છે.

'**ભાવાર્થ :- બાહ્ય ક્રિયાકર્મ શરીરાશ્રિત હૈં...**' આ રસ છોડવો, ઉઘાડે પગે ચાલવું, લોચ કરવો વગેરે. એ શરીરાશ્રિત છે. '**ઔર શરીર જડ હૈ, આત્મા ચેતન હૈ,...**' આહાહા..! '**જડ કી ક્રિયા તો ચેતન કો કુછ કરતી નહીં હૈ,...**' દેહની ક્રિયા કાંઈ આત્માને જરીએ લાભ કરે એ બિલકુલ નહિ. આહાહા..! '**જૈસા ચેતના કા ભાવ જિતના ક્રિયા મેં મિલતા હૈ...**' ઓહોહો..! ચેતનાનો જે ભાવ એ બેય શુભ-અશુભ કે શુદ્ધ ક્રિયામાં. એ ક્રિયામાં જેટલા ભાવ હોય શુભ કે અશુભ કે શુદ્ધ '**ઉસકા ફલ ચેતન કો લગતા હૈ.**' એ કહે છે. '**ચેતન કા અશુભ ઉપયોગ મિલે તબ અશુભકર્મ બંધે...**' આહાહા..! ક્રિયા ભલે શરીરની ગમે તે હો. બ્રહ્મચર્યની હો, દેહની ક્રિયા ન હો, પણ અંદર અશુભભાવ છે... આહાહા..! તો અશુભભાવથી તો એને અશુભ કર્મ બંધાશે. આહાહા..! શરીરથી બ્રહ્મચર્ય પાળતો હોય લ્યો! આહાહા..! એમ કહે છે અહીં. પણ એ ક્રિયા શરીરની છે એની સાથે ચેતનાને શું? એનો જે ભાવ હશે એ પ્રમાણે હવે જો શુભભાવ હોય, અશુભ હોય તો પુણ્યબંધ થશે અને પાપ (બંધાશે). આહાહા..! શુભભાવ હોય તો પુણ્ય થશે. લ્યો!

'**શુભ ઉપયોગ મિલે તબ શુભકર્મ બંધતા હૈ ઔર જબ શુભ-અશુભ દોનોં સે રહિત ઉપયોગ હોતા હૈ, તબ કર્મ નહીં બંધતા હૈ,...**' આહાહા..! ચેતનામાં શુભ-અશુભ પરિણામથી રહિત વસ્તુના સ્વભાવનો ઉપયોગ, વસ્તુના સ્વભાવનો ઉપયોગ-શુદ્ધ ઉપયોગ એ કર્મબંધનના નાશનું કારણ છે. આહાહા..! આટલા અપવાસ કર્યા માટે એને કર્મનો નાશ થાય છે એમ છે નહિ. સમજાણું કાંઈ? એના પરિણામ કઈ જાતના હતા? શુભ હતા, અશુભ હતા કે શુદ્ધ હતા એ ઉપર એનું ફળ છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ. એ માટે તો કહે છે.

મુમુક્ષુ :- એક પોરસી ચડાવે તો કેટલા અપવાસ?

ઉત્તર :- પચ્ચીસ. અઠમ કરે અને એક પહોર ચડાવે તો પચ્ચીસ અપવાસનું પુણ્ય. પુણ્ય શું ધર્મ લ્યોને. એવું કહ્યું છે. કરતા આ લોકો. આહાહા..! અને અમારે ત્યાં એક પ્રાયશ્ચિત આવેને ચાર મહિનાનું, બાર મહિનાનું. તો અઠમ કર્યો હતો. એક વાર ચોવિહારો અઠમ કર્યો હતો. એકવાર કર્યો હતો એ લ્યો. ત્રણ દિ', ચાર રાત અને સવારે દસ વાગે આહાર. એટલે પહોર થયોને? પહોર આવી ગયો. જુવાન શરીર નાની ઉંમર. ઓહોહો..! લોકો વાહ! વાહ! એ વખતે એ લાઈન હતી એવી. જૈનશાળા છેને જોડે. બોટાદના અપાસરામાં. કાંઈક અપાસરે કામ ચાલતું હતું તો ત્યાં હતા. ત્રણ દિ' અને ચાર રાત હોં, પાણીનો બિંદુ નહિ. ચોવિહાર અઠમ. પ્રાયશ્ચિત આવેને સાધુના આવે. ચોમાસું ને પછી કાંઈ કરે. અમારા હીરાજી મહારાજ કરતા. મારે માટે છૂટ આપતા. એને છૂટ.. કે આપણે સ્વાધ્યાય વધારે કરીએ. તમારે રસ-બસ લેવો એમ કહેતા હીરાજી મહારાજ. અમારા બેને માટે હોં! એને અને હું. એમ કહેતા. સ્વાધ્યાય કરવી આપણે હંમેશા. પંદરસો પંદરસો શ્લોક બબ્બે કલાક, ત્રણ કલાક. પણ એ બધી બહારની વાતું. આહાહા..! એ ચીજ શું છે? અંતર વસ્તુના સ્વભાવના ભાન વિના એ બધી ક્રિયાકાંડો તો બંધનું કારણ છે. આહાહા..! શું થાય? એ ચીજ જ્યાં સુધી મળી ન હોય એને એટલે ત્યાં માનીને બેસે. આહાહા..!

(સંવત) ૧૯૭૧ની સાલ. આખું ચોમાસું એકાંતરા અપવાસ. એ કાનજીભાઈના ગામમાં. એય..! કાનજીભાઈ! ક્યાં એ સાંભળે છે? ૭૧-૭૧, લાઠી ચોમાસું હતુંને? આખું ચોમાસું એકાંતરા. એક ટંક ખાવું અડતાલીસ કલાકે. ઉપધાન કર્યા હતા. આખા... એ ન હોય સ્થાનકવાસીમાં, પણ અમે એ જાતનું (કર્યું હતું). તે દિ' ત્યાં વરસાદ ઓછો હતો અને છાશ ઓછી મળતી હતી. એટલે પછી ત્રણ જણા અપવાસ કરતા. મેં કર્યો, એક મારી સાથે હીરાજી મહારાજ કરે, મૂળચંદજી કરે. એને શરમ થાય કે આ નાનું બાળક પચ્ચીસ વર્ષની ઉંમર આવા કરે એટલે આપણે ન ખવાય. એ ત્રણેય કરતા. એક જગજીવનજી નહિ. એ નહોતા કરતા. પણ એ બધી લાંઘણું. આહાહા..! એ આત્મા ચૈતન્ય છે એની દૃષ્ટિ વિનાની બાહ્ય ક્રિયા એને કરે શું? જેમાં ઠરવું છે એ ચીજની તો ખબર નથી. આહાહા..! જેમાં રમવું છે એ રામ રમતિયાળો આત્મા કોણ છે એની તો ખબર નથી. આહાહા..! એ અહીં કહે છે.

**'શુભ-અશુભ દોનોં સે રહિત ઉપયોગ હોતા હૈ,...'** ક્યારે એને ઉપયોગ હોય એવો?

કે જેને આત્મા સ્વભાવનું ભાન થયું હોય, જેને શાંતિનું વેદન હોય... આહાહા..! એને શુદ્ધ ઉપયોગ થાય. કહો, ગીરધરભાઈ! આવો માર્ગ ભારે માર્ગ! લોકોને એમ થઈ જાય કે અરેરે! અમારી વાત આ બધી ખોટી પાડે છે. એમ નથી, ભાઈ! જેમ છે એમ આ તો વાત છે, ભાઈ! તારા સ્વરૂપમાં વિપરીતતા શું છે, વાસ્તવિક તત્ત્વ શું છે ઈ વાત ચાલે છે. તારા અનાદર માટે નથી.

ભગવાન આત્મા સુખસ્વરૂપ, આનંદસ્વરૂપ, સમતાસ્વરૂપ છે. એના પ્રત્યે વિષમતા નથી. પર્યાયની દૃષ્ટિ વિરુદ્ધ છે એને લઈને એને આત્માનો લાભ કાંઈ થતો નથી. આહાહા..! આ શરીરે એક બ્રહ્મચર્ય લઈ લીધું લ્યોને. એમ થઈ ગયું કે આહાહા..! હવે આપણે જાણે (ધર્મ થઈ ગયો). પણ બાપા! એ તો એક શુભભાવ હોય છે. હો. એની મર્યાદા એટલી. પણ એમાંથી એમ માની લે કે આપણે બસ હવે તો તરી ગયા. બાપુ! એ વાત જુદી છે. ગીરધરભાઈ! હોય છે એ શુભભાવ તો હોય છે. એ લોકો એમ કહે છે કેટલાય. જુઓ! તમારે કેમ પચ્ચખાણ આપો છો એને? અને અમારા પચ્ચખાણને તમે ખોટા ઠરાવો છો. પણ અમે પચ્ચખાણ જ માનતા નથી એને. સાંભળને. એ તો એક શુભભાવ હોય છે. આહાહા..! પણ જ્યાં આત્માના સ્વભાવનું ભાન નથી ત્યાં એ શુભભાવ કરે શું? એમ કહે છે. આહાહા..! ત્રણ બોલ લીધા છેને? બહિર્ કાર્ય, ઉપવાસ આદિ ક્ષમણ અને આતાપ યોગ. ત્રણે. ત્રણે શું કરે? બાપુ ભાઈ! આહાહા..! '**તબ કર્મ નહીં બંધતા હૈ, પહિલે બંધે હુએ કર્મોં કી નિર્જરા કરકે મોક્ષ કરતા હૈ.**'

'**ઈસપ્રકાર ચેતના ઉપયોગ કે અનુસાર ફલતી હૈ,...**' લ્યો! ચેતના. જ્ઞાનચેતના, કર્મચેતના, કર્મફળચેતના. જે એમાં હોય એ પ્રમાણે ફળે છે. આહાહા..! અરે! દેહ છોડવાના ટાણા આવશે અને એ શરીરમાં રોગ થાશે અને એ ખેંચાઈને હાય.. હાય.. થઈ જાય. બાપા! એ આત્માના સ્વભાવ વિના ત્યાં કોઈ નહિ ગ્રહી શકે. આહાહા..! બહારની ક્રિયા લાખ અપવાસ આદિ કર્યા હશે તો એ શુભભાવ હોય તો પુણ્યબંધન એ તો રજકણમાં પડ્યા, તને વર્તમાનમાં શું? આહાહા..! સમજાણું? શુભભાવ કોઈ કર્યો હોય તો એના પુણ્ય બંધાણા હોય. અત્યારે તો એ ભાવ પણ નથી, અત્યારે તો નવો કર તો થાય. એમાં પણ જ્યાં આત્મા અને એ શરીર છૂટવાના કાળ હોય. આહાહા..! એ સમય આવશે કે નહિ? આહાહા..! એ આંતરડા તણાય, શૂળ આવે, ધાર્યા રહે નહિ, પગ પછાડા મારે. આહાહા..! ભાઈ! એ વખતે કોઈ શરણ કોણ છે ત્યાં? જેણે રાગથી અને શરીરથી ભગવાનને ભિન્ન કરીને જાણ્યો હશે તો ત્યાં એની નજર જશે તો શરણ છે. આહાહા..! ત્યાં પછી પુણ્ય પણ નહિ કામ આવે બહારમાં. આહાહા..!

આત્મસ્વભાવથી વિપરીત ક્રિયાઓ એ બધી. ભલે ત્યાં શુભભાવ રાખે ણમો અરિહંતાણં, ણમો અરિહંતાણં. એથી શું? ભગવાનની સમીપે જાવ ભાઈ, પ્રતિમા પાસે જાવ. એથી શું? એ તો શુભભાવ છે. આહાહા..! મને ત્યાં લઈ જાવ, ભગવાન પાસે લઈ જાવ. ન ચાલી શકે તો ડોલીમાં લઈ જાવ. પણ શું છે? ત્યાં કાંઈ ધર્મ છે? આવે છે શાસ્ત્રમાં હોં એવું. ઓલા દેવ હોય છેને દેવ. સમ્યગ્દ્રષ્ટિ દેહ છૂટવાનો કાળ દેખે તો ભગવાનની મૂર્તિ પાસે જાય. ભગવાનની પ્રતિમા છેને. એ તો એક બહારની અંદર સ્મૃતિમાં રહે એ માટે. એવું આવે છે. પ્રતિમા રત્નની હોય છે શાશ્વત ભગવાનની. એને આયુષ્યની ખબર પડી જાય કે હવે ખલાસ આ બધું થોડો કાળ છે. સમકિતીની વાત છે હોં! ઓલો મિથ્યાદષ્ટિ તો ક્ષોભ કરે હાય.. હાય..! ઓલો તો ભગવાન પાસે સ્મરણ કરે. પણ મૂળ ઈ તો શુભભાવ છે. અંદરમાં સ્વભાવનો અનુભવ હોય એને સ્મરે. એ અનુભવ થયો હોય એને યાદ કરે કે ઓહો..! આ વસ્તુ તો આનંદનાથ છે. એને એ શરણ થાય ત્યાં. ભગવાનની પ્રતિમા અને ભગવાન પ્રત્યેનું વંદન એ કાંઈ શરણભૂત નથી. આહાહા..! કહો, ચંદુભાઈ! એ વખતે શું આ છોકરા-બોકરા કાંઈ મદદ કરશે કે નહિ? અત્યારે નથી કરતા?

**'ચેતના ઉપયોગ કે અનુસાર ફલતી હૈ,...'** આહાહા..! એ ચેતનામાં જેટલો રાગનો ઉપયોગ થાય તો એ ફળે બંધન, અશુભનો થાય તો એ ફળે બંધન. જ્ઞાનની ચેતના જ્ઞાનમાં રહે તો એ ફળે, મુક્તિ અને નિર્જરા થાય. આહાહા..! **'બાહ્ય ક્રિયા કર્મ સે તો કુછ મોક્ષ હોતા નહીં હૈ. શુદ્ધ ઉપયોગ હોને પર મોક્ષ હોતા હૈ.'** સ્વભાવનો ઉપયોગ, શુભાશુભ પરિણામ વિનાનો એ શુદ્ધ ચૈતન્ય જ્ઞાનના સ્વભાવનો જે ઉપયોગ એનાથી મોક્ષ થાય છે, એનાથી નિર્જરા થાય છે. આહાહા..! મોક્ષમાર્ગપ્રકાશકમાં નથી આવ્યું? કે ભાઈ તીર્થંકરની શક્તિ તો ઘણી હતી અને કોઈએ ... કર્યો. આવ્યું છે? આહાહા..! એમ કે જો એનાથી નિર્જરા થતી હોય તો વધારે કરવાની શક્તિ તો ઘણી હતી. પણ જેવો અંદર ઉપયોગ કામ કર્યું એટલું કામ લીધું બસ. આહાહા..! મોક્ષમાર્ગમાં આવે છે. મોક્ષમાર્ગમાં બહુ ખુલાસો. બહુ ખુલાસો. સાધારણ જીવને માટે સ્પષ્ટતા, સામાન્યમાંથી ગૂઢભાવ છે આ એવો ખુલ્લો મૂક્યો છે. હવે જો અપવાસથી લાભ થાય તો ભગવાનની શક્તિ તો ઘણી હતી. અપવાસ કરી નાખે નહિ ઘણા? પણ જેટલો ઉપયોગ શુદ્ધ કામ કરે એટલી નિર્જરા થાય. આહાહા..! અપવાસની સંખ્યાએ, રસના ત્યાગે કે ભાઈ આ તો બત્રીસ કવળમાંથી આઠ જ કવળ લે છે માટે બહુ લાભ થાય. એવું છે નહિ. આહાહા..! અને આ ભગવાનનો બહુ વિનય દેવ-ગુરુનો કરે છે, બહુ વિનય (કરે) માટે એને લાભ થાય અંદર. એમ નથી. આ તો વાતું (વીતરાગ થવાની છે). આહાહા..!

'**ઈસલિયે દર્શન જ્ઞાન ઉપયોગ કા વિકાર મેટકર...**' સમ્યગ્દર્શન જ્ઞાનમાં, ઉપયોગમાં વિકાર અને શુભાશુભભાવ છોડી દઈને '**શુદ્ધ જ્ઞાન ચેતના કા અભ્યાસ કરના...**' લ્યો! જ્ઞાન શુદ્ધ ચૈતન્યનો અભ્યાસ કરવો. લ્યો આ અભ્યાસ. જ્ઞાન જાણકસ્વભાવ એના ઉપયોગનો અભ્યાસ કરવો. જ્ઞાનચેતના, જ્ઞાનસ્વરૂપમાં એકાગ્ર થવું એ અભ્યાસ કરવો. રાગની એકાગ્રતા એ તો અનંત વાર કરી અને અત્યારે કરે તો એથી કાંઈ છે નહિ. આહાહા..! એ '**મોક્ષ કા ઉપાય હૈ.**'

'**આગે ઈસી અર્થ કો ફિર વિશેષરૂપ સે કહતે હૈં :-**'

**जदि पढदि बहु सुदाणि य जदि काहिदि बहुविहं च चारित्तं।**
**तं बालसुदं चरणं हवेइ अप्पस्स विवरीदं।।१००।।**

ભાષા ત્યાં એ છે. ઓલામાં '**आदासहावस्स विवरीदो**' અહીં '**अप्पस्स विवरीदं**' આ આત્મા ચિદાનંદ જ્ઞાતા-દૃષ્ટાના ભાન વિના... આહાહા..! એ '**આત્મસ્વભાવ સે વિપરીત...**' શાસ્ત્રો ભણે બધા લાખો. શાસ્ત્રો લાખો ભણે, કંઠસ્થ કરે અને દુનિયાને આમ રાજી રાજી કરે સમજાવીને. એની સાથે શું સંબંધ છે? આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! '**આત્મસ્વભાવ સે વિપરીત...**' ભગવાન ચૈતન્યનો નાથ જ્ઞાતા-દૃષ્ટાના સ્વભાવવાળું સ્વરૂપ, એની દૃષ્ટિ વિના વિપરીત ભાવ એના ભણતર શું કામના? કહે છે. આહાહા..! એ બધા આચારાંગ ને સૂયગડાંગ ને અગિયાર અંગ ભણે, નવપૂર્વ ભણે. નવ પૂર્વ કોને કહે? આહાહા..! એક હાથી ઊભો રહે એટલી શાહી અને મોટા કલમોથી લખે તોપણ પૂરું ન લખી શકાય. એથી એ શું ચીજ? કહે છે. આહાહા..! જેને ભગવાન આત્મા ચૈતન્યસ્વરૂપ શુદ્ધ આનંદસ્વરૂપ જ્યાં દૃષ્ટિમાં, વેદનમાં, અનુભવમાં આવ્યો નથી, એના આ ભણતર શું કામના? કહે છે. આહાહા..! કોઈ કહે કે ભાઈ! એ ક્રિયાકાંડ ઉપરનું જોર છોડવું. તો અહીં ભણતરની વાત છોડી દેવી. આહાહા..! એ બાહ્યની ક્રિયા છે. આહાહા..! શાસ્ત્રના ભણતર.

'**બાહ્ય બહુત શાસ્ત્રોં કો પઢેગા...**' આહાહા..! પાણીના પૂરની પેઠે શાસ્ત્રોની યાદી રહે એને પ્રવાહમાં. એમાં શું થયું પણ? જ્યાં આત્મા આનંદ ને જ્ઞાન સ્વરૂપ છે એનાથી તો ઊલટી દૃષ્ટિમાં પડ્યો છે. '**આત્મસ્વભાવ સે વિપરીત બાહ્ય...**' એ બાહ્ય છે બધું ભણતર. આહાહા..! '**બહુત શાસ્ત્રોં કો પઢેગા ઔર બહુત પ્રકાર કે ચારિત્ર કા આચરણ કરેગા...**' ચારિત્ર એટલે આ પાંચ મહાવ્રત, સમિતિ, ગુપ્તિ વ્યવહાર હોં બધો. એ ચારિત્રની વાત છે. આહાહા..! મહાવ્રત પાળે, પાંચ સમિતિ બરાબર વ્યવહાર ચોખ્ખો હોય. ઓહોહો..! તેર પ્રકારના. પાંચ મહાવ્રત, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ એ વ્યવહાર તેર ચારિત્ર એ વ્યવહાર ચારિત્ર હોં! ઓલું ચારિત્ર ક્યાં છે? '**વહ સબ હી બાલશ્રુત...**' છે. મૂર્ખાઈના ભણેલા,

મૂર્ખના ભણેલા શાસ્ત્ર. આહાહા..! છે. બાળશ્રુત અને બાલચારિત્ર આવે છેને આપણે? (પુણ્ય-પાપ) અધિકારમાં આવે છે. આહાહા..! બોલતા આવડે, કાંઈક કંઠ એવો હોય તો મીઠી ભાષાથી શાસ્ત્રની વાતું કરે. એથી શું? આહાહા..! જેને આત્મા આનંદનો નાથ પ્રભુ હાથમાં આવ્યો નથી. આહાહા..! અને એનાથી વિપરીતના પરિણામો આવા બધા એ શું કરે તને? કહે છે, ભાઈ! આહાહા..! એ તારા અંતર તળને કેમ પહોંચી શકે એ વાત? બાહ્યના શાસ્ત્રજ્ઞાન અને બાહ્યનું ચારિત્ર આચરણ-આચરણ. ચારિત્ર એટલે આ બહારનું આચરણ.

'**વહ સબ હી બાલશ્રુત ઔર બાલચારિત્ર હોગા.**' એ તો મૂર્ખાઈ ભરેલું જ્ઞાન અને મૂર્ખાઈ ભરેલા વ્રત છે. આહાહા..! દિગંબર સંતોની વાણી તો ચોખ્ખી. ચોખ્ખી વાણી, ગડબડ જરીએ નહિ. આહાહા..! સક્કડ ચૈતન્ય ભગવાન ધ્રુવ પ્રભુ એની તો નજરું કરી નથી, એના ભાન કર્યા નથી અને આ બધા ક્રિયા આચરણ શાસ્ત્રના ભણતરો અને બીજાને ભણાવે મોટી પાઠશાળાઓ બનાવીને અમે દરરોજ તમને બે કલાક આપશું. પાઠશાળાના છોકરાઓને ભણાવે સાધુ થઈને. શું છે પણ હવે આ? કહે છે કે એ તો બધું બાલશ્રુત છે. અજ્ઞાન શાસ્ત્ર છે, અજ્ઞાન પરિણામ છે. આહાહા..! અને બાળવ્રત છે બધા. બાર વ્રત ને પંચ મહાવ્રત ને, એ આત્માના સ્વભાવથી વિપરીતભાવવાળાના બાળવ્રત છે. આહાહા..!

'**આત્મસ્વભાવ સે વિપરીત બાહ્ય બહુત શાસ્ત્રોં કા પઢના...**' એમાં તો ભણતરનું એને અભિમાન થઈ જશે. મને આટલું આવડે છે, મને આટલું આવડે છે, અમને આની ખબરું છે. આહાહા..! દુનિયા અમને જાણે કે અમે કાંઈક શાસ્ત્રના ભણતરવાળા છીએ. આહાહા..! એ મિથ્યાદૃષ્ટિ એના ભણતર બધા બાળ છે. આહાહા..! મોક્ષમાર્ગમાં નથી આવતું એક ઠેકાણે? એ સાચું જ્ઞાન હોય પણ પ્રયોજન જો અન્ય હોય તો એ પણ અજ્ઞાન કહેવાય છે. ચોથા અધ્યાયમાં આવે છે. આહાહા..! એણે તો બહુ ખુલાસા કર્યા છે જ્યાં જોઈએ ત્યાં. સાચું જ્ઞાન થયું હોય બરાબર શાસ્ત્ર ભણીને, પણ એના પ્રયોજન માનનું અને બીજો મને ગણે, એ અજ્ઞાન છે. આહાહા..! એ પણ મિથ્યાજ્ઞાન છે, મિથ્યાશ્રદ્ધા છે.

આત્મસ્વભાવ, ભાષા બેય ગાથામાં આત્મસ્વભાવ લીધું છે. એનાથી વિપરીત શાસ્ત્રનું ભણવું અને ચારિત્ર એટલે આ વ્યવહાર વ્રત આદિ. એનું '**આચરણ કરના યે સબ હી બાલશ્રુત વ બાલચારિત્ર હૈં,...**' આહાહા..! આપણે આવે છે. બંધ અધિકારમાં આવે છે. બાળસંયમ, બાળતપ, સમ્યગ્દર્શન આત્માના ભાન વિનાના એ ભણતર અને એ વ્રત બાળશ્રુત છે, બાળ અજ્ઞાનશ્રુત છે. આહાહા..! મૂર્ખાઈ ભરેલા વ્રત અને મૂર્ખાઈ ભરેલા એ જ્ઞાન. '**અજ્ઞાની કી ક્રિયા હૈ,...**' લ્યો, એ તો બધી અજ્ઞાનની ક્રિયા છે. '**ક્યોંકિ ગ્યારહ અંગ ઔર નવ પૂર્વ તક તો અભવ્યજીવ ભી પઢતા હૈ...**' અગિયાર અંગનું જ્ઞાન,

લ્યો ઠીક! એક અંગમાં અઢાર હજાર પદ અને એક પદમાં એકાવન કરોડ ઝાઝેરા શ્લોક. એટલું એક આચારાંગનું ભણતર, એવા અગિયાર અંગના ભણતર. આહાહા..! એ ક્ષયોપશમ જ્ઞાન એ કાંઈ વાસ્તવિક જ્ઞાન નથી એમ કહે છે. આહાહા..! ચૈતન્યનો દરિયો પડ્યો છે અંદર, એમાં પર્યાયનું દબાણ એકાગ્ર થઈને જે આવે જ્ઞાન, એ જ્ઞાનને આત્મજ્ઞાન અને આત્મદૃષ્ટિ કહે છે. આ બધા બહારના ભણતરના ખોખા કર્યા. આહાહા..! એ અભવ્ય જીવ પણ એટલું તો ભણે છે એમ કહે છે.

'**બાહ્ય મૂલગુણરૂપ ચારિત્ર ભી પાલતા હૈ...**' અભવિ નથી પાળતો? પંચ મહાવ્રત એવા કે ચામડા તોડે તોપણ ક્રોધ ન કરે એવા તો મહાવ્રત પાળે. એથી શું થયું? અંતરાત્મા જ્યાં, અંતરાત્મા જ્યાં ભાસ્યો નથી એમાં બાહ્ય આવા ક્રિયાકાંડથી શું જીવને લાભ થાય? '**બાહ્ય મૂલગુણરૂપ ચારિત્ર ભી પાલતા હૈ...**' કોણ? અભવિ. '**તો ભી મોક્ષ કે યોગ્ય નહીં હૈ,...**' આહાહા..! '**ઈસપ્રકાર જાનના ચાહિયે.**' આમ જાણવું જોઈએ, એણે નક્કી કરવું જોઈએ.

'**આગે કહતે હૈં કિ ઐસા સાધુ મોક્ષ પાતા હૈ –**' બેમાં કહ્યું. આત્માના ભાન વિના આ બધું શું કામનું? હવે કહે છે, અસ્તિથી વાત કરે છે. સાધુ—સ્વરૂપને સાધે એ સાધુ. આહાહા..! આનંદસ્વરૂપ ભગવાન આત્મા પરમેષ્ઠી સ્વરૂપ પોતે પ્રભુ છે. આહાહા..! એના સ્વરૂપને સાધે તે સાધુ કહીએ. આવી ક્રિયા કરે અને આમ આચરણ કરે અને નગ્ન થઈ જાય માટે સાધુ એમ નહિ. આહાહા..! આ બધા કેટલાક પંડિતોને આવું આકરું પડે. ભાઈ! આ તો તમારી એકલી નિશ્ચય-નિશ્ચયની વાત છે. એમ કહે છે. ભાઈ! તું કહે કુંદકુંદાચાર્યને કે આ તમે શેની માંડી બધી? સ્વદ્રવ્યના આશ્રય વિના જેટલી પરદ્રવ્યને આશ્રયે ક્રિયા થાય શુભ આદિ, બધી સંસાર ખાતે છે.

वेरग्गपरो साहू परदव्वपरम्मुहो य जो होदि।
संसारसुहविरत्तो सगसुद्धसुहेसु अणुरत्तो।।१०१।।
गुणगणविहूसियंगो हेयोपादेयणिच्छिदो साहू।
झाणज्झयणे सुरदो सो पावइ उत्तमं ठाणं।।१०२।।

'**અર્થ :- ઐસા સાધુ ઉત્તમ સ્થાનરૂપ મોક્ષ કી પ્રાપ્તિ કરતા હૈ...**' પરમાનંદના લાભને આવો સાધુ પ્રાપ્ત કરે. પરમ અતીન્દ્રિય આનંદનો લાભ એને મોક્ષ કહીએ, એને આવા સંતો લાભ કરે-મેળવે. '**જો સાધુ વૈરાગ્ય મેં તત્પર હો...**' આહાહા..! '**સંસાર-દેહ ભોગોં સે પહિલે વિરક્ત...**' શરીરથી વિરક્ત, ભોગથી વિરક્ત, સંસાર—ઉદયભાવ

આદિ. આહાહા..! સંસારનો ઉદયભાવ છે એનાથી પણ સાધુ વિરક્ત છે. આહાહા..! દેહથી વિરક્ત છે અને ભોગથી વિરક્ત છે. કાંઈપણ બાહ્ય પદાર્થની અનુકૂળતા, રૂપ સુંદર આદિ ચેષ્ટા દેખીને વીર્યમાં ઉલ્લસિત થવું એ જેને ટળી ગયું છે કહે છે. આહાહા..! ચાહે તો ઈન્દ્રના ઈન્દ્રાસનો હોય, ઈન્દ્રાણીઓ હોય, પણ પર તરફનું ઉલ્લસિત વીર્ય જ્યાં ખસી ગયું છે. ત્યાં હોંશ ને હરખ (નથી આવતો). પર તરફનો વૈરાગ્ય થઈ ગયો છે કહે છે. હોંશ હરખ વયા ગયા છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! આવી વાતું ભારે ઝીણી પણ ભાઈ!

**'वेरग्गपरो'**. વૈરાગ્યનો અર્થ એ નથી કે આ બાયડી-છોકરા છોડ્યા માટે વૈરાગ્ય છે. એ નહિ. અંદર પુણ્ય અને પાપના ભાવથી પણ જે ઉદાસ છે અને દેહ, સંસારભોગ... આહાહા..! કર્તા ને ભોક્તા ને શરીર લીધું છે. એકલો જ્ઞાતા-દ્રષ્ટા એને કર્તા ઉદયભાવથી જેને વૈરાગ્ય થઈ ગયો છે. જ્ઞાતા-દ્રષ્ટા શરીર જેનું, એને દેહ શરીરથી જેને વૈરાગ્ય થઈ ગયો છે. જ્ઞાતા-દ્રષ્ટાના અનુભવના ભોગ આગળ વિષયના ભોગથી જેની વિરક્તિ થઈ છે. આહાહા..! જેને અતીન્દ્રિય ભોગ જાગ્યો છે. બહુ માર્ગ એવો ઝીણો છે. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવના આ કહેણ છે. આહાહા..! આચાર્ય પોતે વૈરાગ્ય... ઉદયથી માંડીને શરીર અને ભોગ પ્રત્યેનો જેને ઉપેક્ષા વૈરાગ્ય થઈ ગયો છે.

અને **'મુનિ હુઆ ઉસી ભાવનાયુક્ત હો,...' 'વિરક્ત હોકર મુનિ હુઆ ઉસી ભાવનાયુક્ત હો,...'** એટલે? ઉદયભાવ દેહ અને ભોગથી ઉદાસીનભાવની ભાવના હોય છે એને. આહાહા..! શરીરનો એક રજકણ પણ કેમ કામ કરશે એ તો જડને આધીન છે. એનાથી ધર્મીની ઉદાસીનતા છે એમ કહે છે. આહાહા..! શરીરમાં આકરો રોગ આવે, પ્રતિકૂળતાના ઉપસર્ગો આવે, પણ પર તરફથી તો એનો વૈરાગ્ય છે. પર તરફના લક્ષથી તો એ છૂટી ગયો છે. આહાહા..! જેના બાણ માર્યા દ્રવ્ય ઉપર. આહાહા..! વસ્તુને જેણે સાધ્યો છે. એને પર તરફનો તો વૈરાગ્ય વર્તે છે. આહાહા..! એ ઈન્દ્રના ભોગો પણ જેને દુઃખદાયક લાગે છે. આહાહા..!

**'પરદ્રવ્ય સે પરાङमुખ હો,...'** બીજો શબ્દ. સામાન્ય વાત હતી એમાંથી વિશેષ સ્પષ્ટ કરી નાખ્યું. આત્માના સ્વદ્રવ્ય સિવાય પરદ્રવ્ય જેટલા ત્રણ લોકનો નાથ તીર્થંકર હો... આહાહા..! કે સ્ત્રી, કુટુંબ હો **'પરદ્રવ્ય સે પરાङमुખ હો,...'** આહાહા..! પરદ્રવ્યથી તો પરાङमुખ છે. સ્વદ્રવ્યથી સન્મુખ છે, પરદ્રવ્યથી પરાङमुખ છે. આહાહા..! અજ્ઞાની સ્વદ્રવ્યથી વિમુખ છે, પરદ્રવ્યથી સન્મુખ છે. આહાહા..! અજ્ઞાની મિથ્યાત્વી સ્વદ્રવ્યથી વિમુખ છે, પરદ્રવ્યથી સન્મુખ છે. ધર્મી સાધુ કે સમકિતી આદિ માંડીને, સ્વદ્રવ્યથી સન્મુખ છે અને પરદ્રવ્યથી

વિમુખ છે. આહાહા..! અસ્તિ-નાસ્તિ કરી. પરદ્રવ્યથી પરાઙ્મુખ, જેણે પૂંઠ દીધી છે. આહાહા..! એ ઈન્દ્રના ઈન્દ્રાસનો અને અબજો રૂપિયાની કિંમતના પૈસા, પણ એના પ્રત્યે ઉદાસ થઈ ગયો છે. ઈન્દ્રના અને ચક્રવર્તીના માન મળે, પણ પરદ્રવ્યથી પરાઙ્મુખ છે. આહાહા..!

**'જૈસે વૈરાગ્ય હુઆ વૈસે હી પરદ્રવ્ય કા ત્યાગ કર...'** જેવો અંતરમાં વૈરાગ્ય થયો તે રીતે પરદ્રવ્યનું લક્ષ છોડી દઈને **'ઉસસે પરાઙ્મુખ રહે,...'** આહાહા..! અંતરને જોવાની દૃષ્ટિ અનંત નેત્રને ખોલે. પરને જોવાની દૃષ્ટિ બંધ કરી દે. આહાહા..! આ સંતોના મોક્ષના માર્ગ આ છે. આહાહા..! આ ઓલા કહે, લડ્ડુ ખાના અને મોક્ષ જાના, સોનગઢીયા એમ કહે છે. અરે! ભગવાન! એમ કે આ ક્રિયાકાંડો કરવી નથી અને એને વ્રત અને તપસ્યાને ધર્મ મનાવવો નથી. અરે! પ્રભુ! તારા સ્વભાવને નુકસાન થાય છે, પ્રભુ! તને ખબર નથી. તું કોને માટે કહે છો એની તને ખબર નથી.

અહીંયા તો પ્રભુ ચૈતન્ય સ્વદ્રવ્યના સન્મુખપણે પરદ્રવ્યથી વિમુખ થાય. આહાહા..! એની અંદરમાં સ્વવસ્તુની અસ્તિની ક્રિયા, પરની નાસ્તિની ક્રિયા ઊભી થાય તેને સમ્યગ્દર્શન-જ્ઞાન અને વૈરાગ્ય કહે છે. બાયડી-છોકરા છોડ્યા અને બ્રહ્મચર્ય શરીરનું પાળ્યું માટે વૈરાગી છે એમ નહિ. આહાહા..! પરદ્રવ્યમાત્ર-શરીરથી માંડીને ત્રણલોકનો નાથ એના પ્રત્યે પણ જેની વિમુખતા છે. આહાહા..! વિપરીતતા છે. વિમુખતા પરાઙ્મુખ છે. એની સન્મુખ નથી દૃષ્ટિ એટલી વાત છે. આહાહા..! અહીંયા દૃષ્ટિ પડી છે તો પરથી વિમુખ થઈને એમાં ઠરે છે.

એ જંગલના પહાડોમાં પડ્યો સાધુ. આહાહા..! વાઘ ને વરુના ત્રાડ વચ્ચે બેઠો. ક્યાંય નજરું ન જાય. બે બાજુ મોટા પહાડ, સો સો, બસ્સો બસ્સો હાથના, વચ્ચે નહેર નીકળતી હોય. ક્યાંય ક્યાંથી નીકળવું એનો રસ્તો હાથ ન આવે, ત્યાં જઈને પડ્યો હોય અંદર. આહાહા..! જેને બાહ્યની બધા પદાર્થની ઉપેક્ષા વર્તે છે. ભગવાન આનંદનો નાથ જેને નજરમાં તરે છે. એની નજરુંમાં બધી બહારની ઉપેક્ષા થઈ ગઈ છે. આને સાધુ કહીએ. આહાહા..! આચાર્ય મહારાજ... છેલ્લી ગાથાઓ છેને, ૧૦૧-૧૦૨ છેને. બસ, હવે ચાર રહી મોક્ષ અધિકારની.

**'જૈસે વૈરાગ્ય હુઆ વૈસે હી પરદ્રવ્ય કા ત્યાગ કર ઉસસે પરાઙ્મુખ રહે, સંસાર સંબંધી ઈન્દ્રિયોં કે દ્વારા વિષયોં સે સુખ-સા હોતા હૈ,...'** જુઓ! શું કહે છે? પાઠમાં છેને એ? **'संसारसुहविरत्तो'** સંસાર સંબંધી ઈન્દ્રિયો દ્વારા સુખ જેવું દેખાય. એમ કહે છે. આહાહા..! પાંચેય ઈન્દ્રિયો તરફના વલણમાં આમ કાંઈક ઠીક જેવું દેખાય. આહાહા..! **'ઉસસે વિરક્ત હો,...'** એમાં પાંચ ઈન્દ્રિયની અનુકૂળતામાં સુખ જેવું છે જ નહિ. આહાહા..! સમજાણું? આકરો રોગ હોય અને એની દવા અનુકૂળ એવી આવી હોય કે સુખ જેવું લાગે ઈન્દ્રિય તરફ. (કહે છે), એનાથી વિરક્ત છે. સાધુને તો કાંઈ દવા ન હોય પણ એના આહારમાં

આવી ગઈ હોય દવા એવી. આહારમાં આપી દેને કોઈ અને એમાં લાગે આમ આહાહા..! બહુ આકરો રોગ એટલે એમ જરી ઈન્દ્રિય તરફના વલણનું ઠીક જેવું, સુખ જેવું લાગે. એનાથી વિરક્ત છે. આહાહા..! અતીન્દ્રિય આનંદમાં તત્પર છે. આહાહા..! જેની જાગૃતિ અતીન્દ્રિય આનંદમાં છે. સાધુ છેને આ! આહાહા..! '**સંસાર સંબંધી ઈન્દ્રિયોં કે દ્વારા વિષયોં સે સુખ-સા હોતા હૈ,..**' સુખ-સા એટલે ઠીક જેવું લાગે. પાંચેય ઈન્દ્રિયના વલણમાં બાહ્યની અનુકૂળતામાં ઠીક જેવું લાગે (એનાથી) વિરક્ત છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હોય છે એ તો. તડકો આવે તોપણ સુખ જેવું લાગે એનાથી વિરક્ત છે એમ કહે છે. આ તો દાખલો આપ્યો છે. ટાઢ હડહડતી થતી હોય. તળાવને કાંઠે બેઠા હોય એમાં એકદમ સૂર્યનો તડકો આવ્યો, સુખસા જેવું લાગે. વિરક્ત છે. ... પરદ્રવ્યથી તો પરાઙ્મુખ છે. આહાહા..! સ્વદ્રવ્યની સન્મુખ છે. એને અહીંયા વૈરાગ્યસહિત પરદ્રવ્યથી મુક્ત થયો છે એમ કહે છે.

'**અપને આત્મીક શુદ્ધ અર્થાત્ કષાયોં કે ક્ષોભ સે રહિત...**' '**सगसुद्धसुहेसु अणुरत्तो**' એમ છે. ચોથું પદ પહેલી ગાથાનું ૧૦૧નું. શુદ્ધ આત્મીક શુદ્ધ સુખ એમ. '**કષાયોં કે ક્ષોભ સે રહિત નિરાકુલ, શાતંભાવરૂપ જ્ઞાનાનંદ મેં અનુરક્ત હો,...**' ઓહોહો..! '**શુદ્ધ અર્થાત્ કષાયોં કે ક્ષોભ સે રહિત નિરાકુલ, શાંતભાવરૂપ જ્ઞાનાનંદ...**' જેનો અંતર ભગવાન શાંતભાવરૂપી આનંદ પ્રગટ્યો છે એમાં અનુરક્ત છે. આનાથી વિરક્ત છે, આનાથી અનુરક્ત છે એમ કહે છે. સંસારથી વિરક્ત છે, '**सगसुद्धसुहेसु**' અનુરક્ત છે એમ. અસ્તિ-નાસ્તિ કરી. એવી ભાવનાવાળો સાધુ મોક્ષને સાધે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**વૈશાખ વદ ૮, મંગળવાર તા. ૧૪-૦૫-૧૯૭૪**
**ગાથા - ૧૦૧ થી ૧૦૪, પ્રવચન - ૧૪૭**

અષ્ટપાહુડમાં ૧૦૧-૧૦૨ એનો ભાવાર્થ છે. કેવા સાધુ મોક્ષને પ્રાપ્ત થાય? કે કેવા સાધક જીવ શું સાધતા અનંત આનંદરૂપી મોક્ષની પ્રાપ્તિ કરે? ઈ વ્યાખ્યા છે આ. '**જિસકા આત્મપ્રદેશરૂપ અંગ ગુણ સે વિભૂષિત હો,...**' આહાહા..! જેના અસંખ્ય પ્રદેશ અંગ

અથવા પ્રદેશો અંગ, એના અવયવ એ છે. ... નિર્મળ ગુણની પર્યાયના સમૂહથી વિભૂષિત હો. આહાહા..! કેમકે પ્રદેશ જે અનંત ગુણથી ભરેલા છે એવા જે પ્રદેશો—અંગ. આ અંગ નહિ, આ તો જડના અંગ છે. જે એના અસંખ્ય પ્રદેશરૂપ અંગ છે એનાથી વિભૂષિત.

'**આત્મપ્રદેશરૂપ અંગ ગુણ...**' એ ગુણની પર્યાયનો સમૂહ. અનંત જ્ઞાનાદિ અનંત ગુણોની નિર્મળ પર્યાય એનાથી અસંખ્ય પ્રદેશ(રૂપ) અંગ જેનું શોભિત છે. આહાહા..! સ્વભાવમાં તો અનંત ગુણ હતા અસંખ્ય પ્રદેશમાં. જેણે અંતર્મુખ થઈને જેણે પર્યાયમાં ગુણની પર્યાય નિર્મળ પ્રગટ કરી એવી નિર્મળ પર્યાયના સમૂહથી જેના અસંખ્ય પ્રદેશો એટલે અંગ વિભૂષિત (છે), એ વિભૂષાધીન છે. આ સ્નાન કરે છે અને આ ચોપડે છે નહિ બહારમાં શરીરમાં. સવારમાં સ્નાન કરે તો ચોપડે. તાંબુલ ચોપડે, રૂપાળું દેખાય... આ તો અમૃતસ્વરૂપ ભગવાન આત્મા એના અસંખ્યપ્રદેશ એ એનું અંગ છે. આહાહા..! એના ધ્રુવમાં પડેલા પરિપૂર્ણ અનંત ગુણ છે. એવી જેને પર્યાયમાં—અવસ્થામાં ગુણના ગણ-એ નિર્મળ પર્યાયનો સમૂહ. ગુણ શબ્દે પર્યાય છે અહીં, એનાથી જે અંગ વિભૂષિત છે. આહાહા..!

એ ગુણની વ્યાખ્યા કરે છે. '**જો મૂલગુણ ઉત્તરગુણોં સે આત્મા કો અલંકૃત-શોભાયમાન કિયે હો,...**' જ્ઞાન-દર્શન આનંદ આદિ મૂળગુણ, વ્યવહાર વિકલ્પ આદિ જે પંચ મહાવ્રતના અને ઉત્તરગુણો નિર્મળ સમિતિ, ગુપ્તિ વગેરે એનાથી આત્મા અંલકૃત, એણે અંલકાર કર્યો આત્મામાં. આહાહા..! દાગીના ને લૂગડા પહેરે છેને. આ આત્માના ગુણના ગુણથી જેણે અલંકૃત નામ શોભાયમાન કર્યો છે. આહાહા..!

'**જિસકે હેય-ઉપાદેય તત્ત્વ કા નિશ્ચય હો,...**' જેને ઉપાદેય શું-અંગીકાર કરવાલાયક શું અને હેય કરવાલાયક શું, એનો જેને અંતરમાં નિર્ણય થયો છે. '**નિજ આત્મદ્રવ્ય તો ઉપાદેય હૈ...**' એ બેની વ્યાખ્યા કરે છે. ભગવાન આત્મા પરિપૂર્ણ દ્રવ્યસ્વભાવ ધ્રુવ સ્વભાવ જેમાં સર્વજ્ઞસ્વભાવ ... અનંત આનંદ છે એવું જે દ્રવ્ય-તત્ત્વ-પદાર્થ એ જ ઉપાદેય નામ આદરણીય છે. એવો નિર્ણય જેણે... હજી તો આ સમ્યગ્દર્શનની વ્યાખ્યા ચાલે છે. આહાહા..! નિજદ્રવ્ય જે વસ્તુ પોતે શુદ્ધ ચૈતન્યઘન એ જ ઉપાદેય છે એમ જેણે નિર્ણય કર્યો છે. અને '**ઐસા જિસકે નિશ્ચય હો કિ અન્ય પરદ્રવ્ય કે નિમિત્ત સે હુએ...**' હેયની વ્યાખ્યા કરે છે. '**જિસકે નિશ્ચય હો કિ અન્ય પરદ્રવ્ય કે નિમિત્ત સે હુએ અપને વિકારભાવ...**' કર્મના સંગથી થતી વિકૃત અવસ્થા શુભ-અશુભભાવ એ પોતાનો ભાવ એમ કહે છે. '**અપને વિકારભાવ...**' એમ કહ્યુંને? '**પરદ્રવ્ય કે...**' કર્મના નિમિત્તે પોતામાં (થતાં) શુભ-અશુભભાવ '**યે સબ હેય હૈં.**' બધા હેય—છોડવાલાયક છે. આહાહા..! એવો જેને અંતરમાં હેય અને ઉપાદેયનો નિર્ણય અંતર દૃષ્ટિથી થયો છે. આહાહા..! શુદ્ધ ચૈતન્ય વસ્તુ

તેના સમીપમાં જઈને ઉપાદેયપણું જેણે ગ્રહણ કર્યું છે અને રાગાદિ ભાવ નિમિત્તના સંગે થતાં એના તરફથી ખસી ગયો છે. એથી એને હેય કરી નાખ્યા છે એમ. ચાહે તો પંચ મહાવ્રતના વિકલ્પ આવે મુનિને, એને હેય કર્યા છે. એટલે તેના ઉપર દૃષ્ટિ અને એના ઉપર લીનતા નથી. લીનતા ચૈતન્ય દ્રવ્યસ્વભાવ એમાં દૃષ્ટિ અને એમાં લીનતાને કારણે જેને રાગાદિ હેય થઈ જાય છે.

હવે વિશેષ કહે છે. આટલું તો સમ્યગ્દૃષ્ટિ જીવને પણ હોય છે. આહાહા..! હવે એ ઉપરાંત સાધુ. '**સાધુ હોકર આત્મા કે સ્વભાવ કે સાધને મેં ભલીભાંતિ તત્પર હો,...**' છેને? '**झाणज्झयणे सुरदो**' એ ત્રીજા પદની વ્યાખ્યા છે. '**આત્મા કે સ્વભાવ કે સાધને મેં...**' આહાહા..! આત્માનો સ્વ-ભાવ જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ, વીતરાગતા, પ્રભુતા એવો જે આત્માનો અંતર સ્વભાવ અવિનાશી સ્વભાવ, અવિનાશી દ્રવ્ય અને અવિનાશી એનો ભાવ એને સાધવામાં '**ભલીભાંતિ તત્પર હો,...**' '**सुरदो**' '**झाणज्झयणे सुरदो**' એ પછી કહેશે વિશેષ. '**ભલીભાંતિ તત્પર હો,...**' આહાહા..! જેને ભગવાન આત્મા એનો જે અવિનાશી ત્રિકાળી સ્વભાવ એના સાધવામાં જ એની તત્પરતા છે. અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પ આવે એની સાધનામાં તત્પર નથી. આહાહા..! માર્ગ એવો છે અલૌકિક. છેલ્લી ગાથાઓ છેને. બહુ જ મર્મ ભર્યો છે અંદર.

'**ધર્મ-શુક્લધ્યાન ઔર અધ્યાત્મશાસ્ત્રોં કો પઢકર...**' ધર્મ-શુક્લધ્યાન ધ્યાવે છે અથવા '**અધ્યાત્મ શાસ્ત્રોં કો પઢકર જ્ઞાન કી ભાવના મેં તત્પર હો,...**' એમ કહે છે. વસ્તુસ્વરૂપ જે જ્ઞાનસ્વરૂપ, આનંદપણું એના સન્મુખમાં એકાગ્રતામાં જેની તત્પરતા છે. આહાહા..! વ્યવહાર આવે છે તેને હેય તરીકે એટલે કે આદરણીય તરીકે ન માનતા, સ્વભાવ સન્મુખની દશામાં જે તત્પર છે. આહાહા..! એનો અર્થ વિશેષ કર્યો. '**સુરત હો,...**' વિશેષ.. સુર નામ ભલા પ્રકારે લીન છે. એ સુરતની વ્યાખ્યા કરી. ભલી રીતે એટલે? કે આત્મા જે આનંદ અને જ્ઞાનસ્વભાવ ધ્રુવસ્વભાવ એની ભાવના—એની એકાગ્રતામાં સુર—લીન છે. આહાહા..!

'**ઐસા સાધુ...**' ઐસા સાધકજીવ. આત્માના ત્રિકાળી સ્વભાવનું સાધન કરનારો જીવ. આહાહા..! '**ઉત્તમસ્થાન...**' એટલે મોક્ષ તેને પામે છે. '**લોકશિખર પર સિદ્ધક્ષેત્ર...**' એ ક્ષેત્ર કહ્યું. '**તથા મિથ્યાત્વાદિ આદિ ચૌદહ ગુણસ્થાનોં સે પરે શુદ્ધસ્વભાવરૂપ...**' એ ભાવ લીધો. ઓલું ક્ષેત્ર લીધું ઉત્તમ. '**ઐસા સાધુ ઉત્તમસ્થાન લોકશિખર પર સિદ્ધક્ષેત્ર...**' જ્યાં બિરાજે છે સિદ્ધો ત્યાં એ સ્થાનને પામે છે. અને અંતરમાં '**મિથ્યાત્વ આદિ ચૌદહ ગુણસ્થાનોં સે પરે...**' ચૌદ ગુણસ્થાનથી પર. આહાહા..! એવા શુદ્ધ સ્વભાવરૂપ એકલો શુદ્ધસ્વભાવ, પરમાનંદસ્વભાવ, પૂર્ણ જ્ઞાનસ્વભાવ, પૂર્ણ વીતરાગસ્વભાવ એવા

મોક્ષસ્થાનને પામે છે. એવા મોક્ષસ્થાનને પામે છે. વ્યાખ્યા કરી આ મોક્ષસ્થાન. પર્યાયમાંથી પૂર્ણ વિકાર નીકળી ગયો અને પૂર્ણ શુદ્ધ સ્વભાવ (પ્રગટ્યો), ચૌદમું ગુણસ્થાન પણ નીકળી ગયું એમ કહે છે. એ ગુણસ્થાન તારું નથી. આહાહા..! શુદ્ધસ્વભાવરૂપ. એમ. '**ચૌદ ગુણસ્થાનોં સે પરે શુદ્ધસ્વભાવરૂપ મોક્ષ...**' વ્યાખ્યા આ. ... ક્ષેત્રે રહેવું એકલું એમ નહિ એમ કહે છે. '**શુદ્ધસ્વભાવરૂપ મોક્ષસ્થાન કો પાતા હૈ.**' લ્યો! આ સાધકજીવની દશા. મોક્ષ પ્રાપ્ત કરે એના ઉપાયો આ. ભારે!

'**ભાવાર્થ :- મોક્ષ કે સાધને કે યે ઉપાય હૈં,...**' પૂર્ણ આનંદની પ્રાપ્તિનો આ ઉપાય છે કે આત્મસ્વભાવની એકાગ્રતા, એમાં લીનતા એ જ મોક્ષને પામવાનું આ સાધન છે. '**અન્ય કુછ નહીં હૈ.**' બીજી રીતે રીત અને પદ્ધતિ કે ઉપાય બીજો છે જ નહિ. લ્યો આ અનેકાંત કર્યું. વ્યવહાર પણ સાધન છે અને આવું સ્વભાવનું સાધન પણ સાધન છે. એમ નથી. આહાહા..!

'**આગે આચાર્ય કહતે હૈં કિ—સર્વ સે ઉત્તમ પદાર્થ શુદ્ધ આત્મા હૈ...**' દેહમાં રહેલો આત્મા. દેહના સ્થાન આ તો દેહ, જડ, માટી એમાં રહેલો ભગવાન આત્મા. એ '**દેહ મેં હી રહ રહા હૈ...**' એમાં રહ્યો છે શુદ્ધ સ્વરૂપે પ્રભુ. દેહમાં પરમાત્મા પોતે આત્મા બિરાજમાન છે કહે છે. આહાહા..! દ્રવ્યસ્વભાવે વસ્તુ સ્વભાવે પરમ સ્વરૂપે પરિણામિકભાવે એટલે સહજસ્વભાવે બિરાજમાન છે. આહાહા..! '**ઉસકો જાનો.**' એને જાણો. ભગવાન અંદર દેહમાં બિરાજમાન (છે) ત્યાં એણે અનાદિથી લક્ષ કર્યું નથી. અનાદિથી એને ધ્યેય કર્યું નથી, એનું એણે ધ્યાન જ કર્યું નથી. ધ્યાન કર્યું હોય તો એક રાગની એક સમયની પર્યાય આદિનું કર્યું. આહાહા..! એવો એક સમયમાં ભગવાન દેહસ્થ-દેહમાં રહ્યો એમ કહેવું એ તો વ્યવહાર છે. અહીં છે ભિન્ન એમ કહેવું છે. અહીં છે એ ભિન્ન છે. આહાહા..!

**णविएहिं जं णविज्जइ झाइज्जइ झाइएहिं अणवरयं।**
**थुव्वंतेहिं थुणिज्जइ देहत्थं किं पि तं मुणह।।१०३।।**

'**અર્થ :- હે ભવ્યજીવ! તુમ ઈસ દહે મેં સ્થિત ઐસા...**' દેહમાં રહેલો '**કુછ ક્યોં હૈ, ક્યા હૈ, ઉસે જાનો,...**' ઐસા કુછ ક્યોં હૈ? શું છે આત્મા? દેહમાં રહેલો ભગવાન આત્મા છે કેવો? આહાહા..! '**વહ લોક મેં નમસ્કાર કરને યોગ્ય ઈન્દ્રાદિ હૈં,...**' ઈન્દ્ર નરેન્દ્ર આદિ મોટા નમસ્કાર કરવા ... એનાથી પણ નમસ્કાર કરને યોગ્ય આ આત્મા છે. આહાહા..! જેને મહા મોટા ઈન્દ્રો આદિને નમસ્કાર કરે છે જગત, એ ઈન્દ્રોને પણ નમસ્કાર કરવાલાયક એ આત્મા છે. આહાહા..! એ વસ્તુસ્વભાવ પદાર્થ છેને આત્મા?

તત્ત્વ છે, વસ્તુ છે, ભાવ તેનો ત્રિકાળી છે. એવો જે ભગવાન આત્મા એને નમસ્કાર કરવાયોગ્ય ઈન્દ્રો આદિ એ પણ એને નમે છે. આહાહા..! નમસ્કાર કરવાયોગ્ય મહાપુરુષો એ પણ આત્માને નમે છે. આહાહા..!

**'णविएहिं जं'** નમન કરવાલાયક જીવો એ પણ નમન જેને કરે છે. આહાહા..! એવો ભગવાન આત્મા અંદર. બેસવું ભારે કઠણ જગતને. વસ્તુ છેને? વસ્તુ છે તો એનો ભાવ છેને. ભાવ છે તેનો એકરૂપ દ્રવ્ય શુદ્ધ છેને? એ એની એકતાના શુદ્ધભાવને શું કહેવું! આહાહા..! જેમાંથી કેવળજ્ઞાનની પર્યાયો અનંતી આવે, જેમાંથી અનંત આનંદનો પ્રવાહ અનંત-અનંત આવે એવી નિધાન-ખાણ પ્રભુ, એને ઈન્દ્રો આદિ પણ નમે છે એમ કહે છે. આહાહા..! તું હવે શું કરવા નમતો નથી અંદર? એમ કહે છે. આહાહા..! ત્યાં પ્રભુ બિરાજે છે અંદર શાંત... શાંત... શાંત... અનંત આનંદ અને અનંતી શાંતિના ભાવસ્વરૂપ બિરાજમાન છે. એને-નમવાયોગ્યને નમ ને. આહાહા..!

આ મોક્ષ અધિકારની છેલ્લી ગાથાઓ છે. રત્ન છે એકલા રત્ન! આહાહા..! દેહમાં સ્થિત એવો જે ભગવાન આત્મા... આહાહા..! જેમાં અનંત બેહદ અપરિમિત સ્વભાવ ભરેલો છે. એ અનાદિનો એ શુદ્ધ ચૈતન્યઘન એમને એમ છે. એ ઈન્દ્ર આદિને પણ નમન કરવાલાયક (છે). ઈન્દ્રોને બીજા નમન કરે, ઈન્દ્રો એ આત્માને નમન કરે. આહાહા..! એકાવતારી શક્રેન્દ્ર આદિ છે, એકભવતારી મોક્ષ જનારા ઈન્દ્ર અને ઈન્દ્રાણીઓ છે એક ભવે મોક્ષ જનારા. એને અસંખ્ય દેવો આમ. .. ઉભા હોય ખમ્મા... ખમ્મા... ખમ્મા... હાથ જોડીને અસંખ્ય દેવો આમ (ઊભા હોય). એ દેવ પણ જેને અંતર નમે છે કહે છે. આહાહા.! એવી ચીજ તું છો એમ કહે છે. તું એવું સત્ છો. સત્સ્વભાવ તારો એવો ... કે જે નમવાલાયક છે. આહાહા..! વર્તમાન દશાને ત્યાં વાળવાલાયક છે કહે છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

વસ્તુસ્વભાવ અપાર શક્તિનું સત્ત્વ છે. ક્ષેત્ર નાનું એમ નહિ, એની શક્તિનું સ્વભાવનું સામર્થ્ય કેટલું છે! એવા અનંત-અનંત સામર્થ્યવાળી એક એક શક્તિ, એવી અનંત શક્તિરૂપ તત્ત્વ ત્યાં ઢળવાલાયક છે. 'નમઃ સમયસારાય.' આવા સમયસારને હું નમુ છું. મારું ઢલણ, વલણ આ બાજુ છે. આહાહા..! અંતરની ચીજ જે આનંદનો નાથ પ્રભુ બિરાજે છે એમાં મારું વલણ અને ઢલણ, એમાં હું નમું છું, નમન કરું છું. આહાહા..! એને ધ્યાન કરવાલાયક એવા તીર્થંકરો આદિ, એ તીર્થંકરો પણ જેનું ધ્યાન કરતા હતા. આહાહા..!

તીર્થંકર સર્વજ્ઞ હોય ત્યારે તો પૂર્ણ છે. એને તો કાંઈ ધ્યાન કરવું નથી. પણ જ્યારે છદ્મસ્થ હતા ત્યારે એ તીર્થંકરોને ઈન્દ્રો પણ એનું ધ્યાન કરતા. તે તીર્થંકરો પણ જેનું ધ્યાન કરતા. આહાહા..! એ મહા મહાત્માસ્વરૂપ, માહાત્મ્યસ્વરૂપ, મહાત્મ્યસ્વરૂપ, માહાત્મયસ્વરૂપ.

મહાત્મ્યસ્વરૂપ, માહાત્મ્યસ્વરૂપ એને તીર્થંકરો વંદન કરતા. આહાહા..! દીક્ષા લે ત્યારે તો સિદ્ધને નમસ્કાર કરે. ણમો સિદ્ધાણં. ત્યારે અંતર નમસ્કાર કરતા. આહાહા..! એ ધ્યાન કરવાલાયક પુરુષો તીર્થંકરો આદિ, એવા પુરુષને પણ જે ધ્યાન કરવા લાયક ભગવાન છે અંદર. આહાહા..! આ મોક્ષ અધિકારમાં આ વાતું કરે છે. આહાહા..!

તેં લક્ષ કર્યું નથી, પ્રભુ! ... છે એના લક્ષના દોર બાંધ્યા નથી કોઈ દિ'. આહાહા..! લક્ષ આમ વિકલ્પ ને પર્યાય ને બાહ્ય ઉપર લક્ષ બાંધેલું છે. એ લક્ષને હવે અહીં નાખને, કરને એમ કહે છે. ત્યાં પ્રભુ પૂર્ણ સ્વરૂપે બિરાજમાન છે, જેમાં અનંતા સિદ્ધોની અનંતી પર્યાય જેમાં પડી છે. આહાહા..! એક સિદ્ધની અવસ્થા એવી અનંતી અવસ્થાઓ જેમાં શક્તિ-સ્વભાવ-સત્ત્વ-સત્નું સત્પણું એમાં પડ્યું છે. એનું ધ્યાન કરને. આહાહા..! એમાં તો એમ કહે છે કે મારું ધ્યાન છોડીને પણ તારું કર એમ કહે છે. આહાહા..! એ દેવ બિરાજે એનું આરાધન કરને. આરાધન આવશે પછી ૧૦૫માં. એ દેવને આરાધે છેને લોકો? આ દેવ-દેવીને આરાધ્યા, દેવને આરાધ્યા. ગપેગપ છે બધા. આહાહા..! દેવ તો અહીં તારો બિરાજે છે અંદર શુદ્ધ આનંદનો નાથ એની આરાધના કરને, એની સેવા કરને. આહાહા..!

ધ્યાન કરવાયોગ્ય સંતો, મુનિઓ, તીર્થંકરો છદ્મસ્થ આદિ, એ તીર્થંકરો અને મુનિઓ પણ જેનું અંતર ધ્યાન કરે છે. જેને વર્તમાન દશામાં ધ્યેય બનાવી જેના લક્ષના દોર ધ્રુવ ઉપર નાખ્યા છે. આહાહા..! એવા આત્માનું એ ધ્યાન કરે છે. એવો એ આત્મા બિરાજે છે, ભાઈ! તું બાહ્યમાં ક્યાં વલખા મારવા જા છો કે અહીં સુખ છે ને અહીંયા આ છે ને અહીં આ છે. સુખનો સાગર ભગવાન બિરાજે છે ત્યાં જાને. એનું ધ્યાન કરને. એમ કહે છે. આહાહા..! આર્ત અને રૌદ્રધ્યાન કર્યાને બહારમાં, શરીર માટે, ઇન્દ્રિયો માટે. આહાહા..! બહારના લક્ષના ... તારું વસ્તુનું લક્ષ રહી ગયું. ભગવાનનો તેં અનાદર કર્યો. અને મહિમા વિનાની ચીજો એનો તેં આદર કર્યો, એમ કહે છે. અહીંયા ભગવાન અંદર બિરાજે છેને, ભાઈ! જેના સંતો, ગણધરો ધ્યાન કરતા અને ગણધરોનું ધ્યાન બીજા કરતા, એ ગણધરો અંતરનું ધ્યાન કરતા. આહાહા..! લ્યો આ ૩૭મું વર્ષ બેસે છે અહીં. સ્વાધ્યાય મંદિર. ૩૬ પૂરા થયા. ૧૨ ત્રણ ગયા. ૧૨ વર્ષ ત્રણ રહ્યા. પરમાણંદભાઈ આવ્યા હતા, મહારાજ! ૧૨ વર્ષ થઈ ગયા અહીંયા. ત્રણ વાર તો થઈ ગયા. પછી ... અરે! બહાર નહિ, બહાર નહિ. આહાહા..!

અહીં તો કહે છે કે બહારનું સર્વ છોડીને અંદરમાં જાને. આહાહા..! જે ચીજ છે તેને ધ્યાનમાં તેં લીધી જ નથી, જ્ઞાનમાં એને તેં ગણી જ નથી એમ કહે છે. આહાહા..! ગણવા જેવી જે જ્ઞાનમાં એક ચીજ હતી એ ગણવા જેવી હતી. બહારના પ્રકાર, ઉઘાડના ભાવ

એને ગણવામાં (સ્વને) ગણ્યું નથી તેં. ઓલો ગણવાયોગ્ય હતો એ છોડી દીધો. આહાહા..! થોડોક ઉઘાડ કાંઈક થાય શાસ્ત્રના ભણતરનો, રાગાદિ મંદની ક્રિયા હોય ત્યાં એની ગણતરી થઈ જાય છે. એને અહીં ગુણ ભાવે છે, ગુણ એમાં ભાવે છે. આહાહા..! એમ કહ્યું. તીર્થંકર જેની સ્તુતિ કરતા હતા. આહાહા..! છદ્મસ્થ મુનિ તીર્થંકરો પણ જેની સ્તુતિ કરતા હતા અથવા તીર્થંકરોની જે સ્તુતિ કરતા હતા એ તીર્થંકરો પણ એની સ્તુતિ કરે છે. આહાહા..!

**'સ્તુતિ કરને યોગ્ય જો તીર્થંકરાદિ હૈં ઉનસે ભી સ્તુતિ કરને યોગ્ય હૈ,...'** આહાહા..! મોક્ષ અધિકાર. આવા જીવને મોક્ષનો અધિકાર છે. આહાહા..! માણસને એવું લાગે આ બધું આવું છે. નિશ્ચય... નિશ્ચય... પણ નિશ્ચય એટલે સત્ય. વ્યવહાર હોય છે પણ એ તો હેય તરીકે છે. આહાહા..! એ જે હેય તરીકે છે એની મહિમા અને એની હોંશ ને હરખ, જે ઉપાદેય છે એની હોંશ ને હરખ ન મળે. **'જો તીર્થંકરાદિ હૈં ઉનસે ભી સ્તુતિ કરને યોગ્ય હૈ, ઐસા કુછ હૈ વહ ઈસ દેહ મેં સ્થિત હૈ,...'** એવો કોઈ છે તે આ દેહમાં બિરાજમાન છે એમ કહે છે. એવો કોઈ છે એમ .. એટલે. જે તીર્થંકરોથી સ્તુતિ કરવાલાયક, ઈન્દ્રોથી સ્તુતિ કરવાલાયક છે, ગણધરોથી ધ્યાન કરવા લાયક છે એવું કાંઈક છે. એવી વસ્તુ છે અંદર. આહાહા..! **'વહ ઈસ દેહ મેં સ્થિત હૈ,...'** તે આ દેહમાં અંદર છે બિરાજમાન શક્તિનું આખું તત્ત્વ છે. એના સામર્થ્યનું શું કહેવું? અને એનામાં સામર્થ્ય ન હોય તો બીજામાં શેમાં સામર્થ્ય હોય? આહાહા..!

એવો ભગવાન આત્મા આહાહા..! ભગવાન એમ કહે છે કે તારા આત્માનું સામર્થ્ય એટલું છે કે અમારી ભગવાનની પર્યાયો જે છે એનાથી અનંતગણું તો તારું સામર્થ્ય છે અંદર. આહાહા..! તારે ત્યાં જવાનું છે, તારે ત્યાં વળવાનું છે, તારે ત્યાં ઢળવાનું છે અને એની સેવા સ્તુતિ તારે કરવાની છે એમ કહે છે. આહાહા..!

એ કાંઈક છે વસ્તુ. એ **'કુછ હૈ...'** એટલે કાંઈક છે આત્મા એમ. **'વહ દેહ મેં સ્થિત હૈ,...'** આ દેહના પરમાણુ માટી જડમાં ભગવાન બિરાજે છે જુદો. આહાહા..! દેવનો દેવ દેવાધિદેવ એવો તું છો કહે છે. આહાહા..! **'ઉસકો યથાર્થ જાનો.'** એ દેહમાં ભગવાન બિરાજે છે તેને યથાર્થ જેમ છે તેમ જાણો એમ. યથાર્થ એટલે જેમ છે તેમ જાણો. આહાહા..! પર્યાયમાં આવો કેવો છે તેવો એને જાણવો એમ કહે છે. જાણવું તો પર્યાયમાં છેને? પણ પર્યાયમાં કેવો? કે યથાર્થ જાણવો. એટલે કે આવો પૂર્ણાનંદ પ્રભુ છે, પૂર્ણ જ્ઞાન ધ્રુવ સામાન્ય એકરૂપ અભેદ જેના સ્વભાવ અને શક્તિની કોઈ મર્યાદા નથી, હદ નથી એવો જે આત્મા તેને યથાર્થ-છે તેમ જાણો. એને પર્યાયમાં જાણ, તને આનંદ થશે. આહાહા..!

**'ભાવાર્થ :-'** આ હીરા-માણેક ને ઝવેરાતને જાણ અને એને ઓળખાણ કર અને વેપાર

કર એમ નથી કહેતા. આહાહા..! વસ્તુ તે વસ્તુ છેને. આહાહા..! '**शुद्ध परमात्मा है यद्यपि कर्म से आच्छादित है...**' ભગવાન તો શુદ્ધ પરમાત્મસ્વરૂપ જ છે અંદર. ફક્ત કર્મનું પર્યાયમાં નિમિત્તપણું છે ... '**तो भी भेदज्ञानी ईस देह ही में स्थित का ध्यान करके...**' આ દેહમાં રહેલો ભગવાન ભિન્ન, પરમાત્મ શુદ્ધ સ્વરૂપ... આહાહા..! એનું ધ્યાન કરીને... એનું જ્ઞાન કરીને, ધ્યાન કરીને, ધ્યેય બનાવીને '**तीर्थंकरादि भी मोक्ष प्राप्त करते हैं,...**' તીર્થંકરો પણ આ રીતે ધ્યાન કરીને મોક્ષ પ્રાપ્ત કરે છે. વ્યવહાર-બ્યવહાર વચ્ચે આવે એ કાંઈ મોક્ષનું કારણ નથી, આહાહા..! એમ કહે છે. આવી તો ચોખ્ખી વાત છે છતાં એમ કે સાધારણ જનતા એને માટે આ? પણ જનતા બાપુ! જે સત્‌પણું કાયમ ન રહે, આહાહા..! જે પ્રગટેલી દશા સત્‌રૂપે કાયમ ન રહે એ શું વસ્તુ? પહેલા એની પ્રતીતમાં અને એના જ્ઞાનમાં એનું વજન તો આપે કે આ નહિ. વસ્તુ જે ત્રિકાળી આનંદનો નાથ પ્રભુ દ્રવ્યસ્વભાવ એની રુચિ, જ્ઞાન અને રમણતા. આહાહા..! એની રુચિ, જ્ઞાન અને રમણતા એટલે દર્શન, જ્ઞાન અને ચારિત્ર. આ કરવાનું છે. રાગ અને પર્યાયની રુચિ, જ્ઞાન અને રમણતા છોડવા જેવી છે.

'**ईसलिये ऐसा कहा है कि लोक में नमने योग्य तो ईन्द्रादिक हैं और ध्यान करने योग्य तीर्थंकरादि हैं...**' ત્યાં ધ્યાન કરવાયોગ્યમાં આ વિષય જુદો નહોતો પાડ્યો. **नमस्कार करने योग्य और ध्यान करने योग्य ईन्द्रादि है** એટલી વાત રાખી હતી. અહીં જુદું પાડ્યું. આ જગતમાં નમવાયોગ્ય, બહુમાન કરવાયોગ્ય ઈન્દ્ર આદિ છે અને ધ્યાન કરવાયોગ્ય તીર્થંકરાદિ છે. આહાહા..! '**तथा स्तुति करने योग्य तीर्थंकरादि हैं...**' આહાહા..! તીર્થંકર, ગણધર, સંતો, મુનિ '**वे भी जिसको नमस्कार करते हैं,...**' આહાહા..! એ ચીજને આદરે છે કહે છે. એ જીવો પણ અંદર શુદ્ધ ચૈતન્યને આદરે છે. એનો આદર ત્યાં છે. આહાહા..! વીતરાગી વાત છે ભાઈ, આ તો લુખ્ખી વાત લાગે. આહાહા..! શાંતસ્વભાવથી ભરેલી મૂર્તિ પ્રભુ છે એની સ્તુતિ અને આરાધના કરને, એમ કહે છે. એને નમને, એનું ધ્યાન કર અને એની સ્તુતિ કર. સ્તુતિનો અર્થ એમાં એકાગ્ર થા એમ. આહાહા..!

'**ऐसा कुछ वचन के अगोचर...**' વચનને અગમ્ય, વિકલ્પને અગમ્ય-ગમ્ય નહિ. આહાહા..! મનને ગમ્ય નહિ, વાણીને ગમ્ય નહિ, દેહને ગમ્ય નહિ. આહાહા..! એ તો જ્ઞાનગમ્ય, એ જ્ઞાનસ્વરૂપથી જ્ઞાનગમ્ય છે. આહાહા..! આમાં ક્યાં સંપ્રદાય ને વાડાની વાત છે? આ તો વસ્તુસ્વરૂપ છે. પરમસત્ય તો આ છે. તમારામાં આમ કહ્યું અને અમારામાં આમ (કહ્યું છે). પણ અરે! તમારા અને અમારાની વાત ક્યાં છે? ભગવાન! આહાહા..! વસ્તુ જ્યાં એવી છે એનું ધ્યાન ને સ્તુતિ ને સ્તવન. આહાહા..! એમાં ક્યાં પક્ષ અને વાડો? એ તો

વસ્તુનો સ્વભાવ આવો છે. પૂર્ણ સ્વભાવ ત્યાં જા, નમ અને વંદન કર એને. આહાહા..! વંદન કરવાલાયક છદ્મસ્થ તીર્થંકરો પણ જેને વંદન કરે છે અંદર. એવો અહીંયા ભગવાન આત્મા વચનને અગમ્ય છે. વાણીથી કેટલું કહીએ? કહે છે. આહાહા..!

'**ભેદજ્ઞાનિયોં કે અનુભવગોચર પરમાત્મા વસ્તુ હૈ,...**' આહાહા..! રાગથી ભિન્ન પાડનારને તે અનુભવગમ્ય છે. આહાહા..! સ્વભાવની સન્મુખતા કરનાર અને રાગથી ઉપેક્ષા કરનાર એને અનુભવગમ્ય છે. આહાહા..! વચનથી અગમ્ય છે, વિકલ્પથી અગમ્ય છે. ભેદજ્ઞાનીઓ, એ વિકલ્પ આદિ જે છે એનાથી ખસીને સ્વભાવ સન્મુખ ગયા છે એને અનુભવગમ્ય છે, પરમાત્મવસ્તુ છે. એવી અનુભવગમ્ય એ પરમાત્મવસ્તુ છે. આહાહા..! પરમાત્મા—પરમસ્વરૂપ, પરમસ્વરૂપ વસ્તુ છે. આવી વાત સાંભળી નહોતી ત્યાં. આહાહા..! અરે! 'વાડા બાંધી બેઠા રે, પોતાનો પંથ કરવાને'. આ ભગવાન આત્મા અંદર... આહાહા..! એની સામું જોયું નહિ, એની મહિમા આવી નહિ, એના લક્ષમાં ગયા નહિ, એના ધ્યાન કર્યા નહિ, એને ધારણામાં રાખ્યો નહિ કે આ જ આત્મા છે. આહાહા..! આવી વાત છે, ભાઈ! જગતને પછી ઠીક લાગે, ન લાગે. એમ કે ઓલા વ્યવહાર કાંઈક સાધન-ફાધન ખરા? એમ માને છે. ભાઈ! સાધન જ આ છે. એ ઉપાય કહ્યોને માથે. '**મોક્ષ કે સાધન કે યે ઉપાય હૈં,...**' એક લીટીમાં છે. આહાહા..!

'**ઉસકા સ્વરૂપ જાનો...**' આહાહા..! '**કુછ વચન કે અગોચર ભેદજ્ઞાનીયોં કે અનુભવગોચર...**' પરમાત્મા પદાર્થ છે, પરમાત્મા વસ્તુ છે, પરમસ્વરૂપ પદાર્થ છે '**ઉસકા સ્વરૂપ જાનો...**' એનું સ્વરૂપ જ્ઞાનમાં લ્યો. બીજા સ્વરૂપને જાણવાની વાત નથી, આવા સ્વરૂપને જાણો. આહાહા..! '**ઉસકો નમસ્કાર કરો,...**' એવો પરમાત્મસ્વરૂપ વસ્તુ છે, પદાર્થ છે, પદાર્થ છે, પદાર્થ છે. અસ્તિ છે, તત્ત્વ છે, સત્ત્વ છે, સત્‌નું સત્ત્વસ્વરૂપ છે એને નમસ્કાર કરો. '**ઉસકા ધ્યાન કરો,...**' આહાહા..! ત્યાં દોરાઈ જા. બીજે ન દોરાતા ત્યાં દોરાઈ જા એમ કહે છે. આહાહા..! '**બાહર કિસલિયે ઢૂંઢતે હો,...**' બહાર ક્યાં છે એ ચીજ જે બહારમાં ગોતે છે? શેત્રુંજય જાશું તો મળશે, સમ્મેદશિખર જાશું તો મળશે. ક્યાંય નથી બાપા! એ છે તો અહીં. આહાહા..! મારો પ્રભુ આવે છેને? ટૂંકે ચઢીને જોયું ... મારો પ્રભુ તો અહીં છે અંદર. .. આવે છેને એમાં કાંઈક. મેરો ધણી.. આહાહા..! એ તો શુભભાવ હોય પુણ્યનો ત્યારે એવી વાત હોય છે, પણ એ કાંઈ વસ્તુ નથી. નથી તો શું કરવા કરવું? કરવું નહિ, એવો ભાવ આવી જાય. આવી જાય એવો, આવ્યા વિના રહે નહિ, પણ છતાં એને હેય જાણે. આહાહા..! ભગવાન શુદ્ધ ચૈતન્ય પરમાત્મસ્વરૂપ વસ્તુસ્વરૂપ એને ઉપાદેય આદરણીય આદર એનો કરે. આદર કરવાલાયક હોય તો એ આદરણીય ચીજ છે. '**બાહર**

**કિસલિયે ઢૂંઢતે હો, ઈસપ્રકાર ઉપદેશ હૈ.**’ લ્યો! બહુ સરસ. મંગળિકની ગાથા મોટી આવી લ્યો. ૧૦૩. એ ૧૦૨નો ભાવાર્થ હતો અડધો. આ ૧૦૩ ગાથા થઈ.

આચાર્ય મહારાજ તો હવે કહે છે કે પંચ પરમેષ્ઠી જે કહેવાય છેને. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ એ બધી નિર્મળ આત્માની નિર્મળ દશાઓ હતી. આહાહા..! અરિહંત એ નિર્મળ દશા કેવળજ્ઞાનની હતી, સિદ્ધની પૂર્ણ નિર્મળ દશા, આચાર્યની ત્રણ કષાયના અભાવ આદિની નિર્મળ દશા. ઉપાધ્યાયની, સાધુની પણ એ. એ આત્માની નિર્મળ દશાના પરિણામની એ પાંચ દશા છે. એ શક્તિ તારામાં પડી છે. એ પાંચેય પદ થવાને લાયક તારો આત્મા છે. આહાહા..! સમજાણું કાંઈ? એ અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ તારા સ્વભાવમાં બિરાજમાન છે. આહાહા..! કહો, ગીરધરભાઈ! આહાહા..! તારા ચૈતન્ય મહેલમાં એટલી શક્તિઓ છે કે એ બધા પંચ પરમેષ્ઠી એમાં બિરાજે છે. એની યોગ્યતા થવાની તાકાત છે પાંચ પરમેષ્ઠીની, પરમેષ્ઠી થવાની એનામાં શક્તિ છે. એ સ્વરૂપ ત્યાં પડ્યું છે. આહાહા..!

આચાર્યે પણ કામ કર્યા છેને. ગજબ કર્યા છે! ઓહોહો..! કુંદકુંદાચાર્ય. ત્યારે વળી બીજા કહે છે, બીજા આચાર્યનું બલિદાન થાય છે. એય..! દેવાનુપ્રિયા! તો પછી ઓલું કહ્યું નહિ? હે કુંદકુંદ આદિ આચાર્ય! આચાર્યો નહિ, આચાર્ય પોતે એકની વાત છે. ત્યાં આદિ પણ નથી અને બીજા સાથે પણ નથી. કુંદકુંદાચાર્ય. તમે પ્રભુ પાસે જઈને આ માર્ગ જો ન લઈ આવ્યા હોત અને ન સમજાવ્યો હોત તો અમે ધર્મ ક્યાંથી સમજત? આહાહા..! એ સિવાય બીજા કોઈ નહોતા? પણ એ માહાત્મ્ય આપવા માટે એમ જ હોય. એથી બીજા આચાર્યોનું બલિદાન છે એવો અર્થ ન હોય, ભાઈ! એમ ન હોય. તને ગોઠતું નથી. આહાહા..! ફૂલચંદજી કહેતા એકવાર કે આ લોકો હળવે-હળવે કુંદકુંદાચાર્યને પણ ઉડાવશે. કારણ કે એની વાત ગોઠતી નથી, રુચતી નથી અને આ બધું વધી ગયું અને એને માનેલાઓને આ ધક્કા લાગે છે. આહાહા..!

મુમુક્ષુ :- તું માનને કોણ ના પાડે છે?

ઉત્તર :- માનવાનું ગળે ઉતરવું કઠણ પડે. બહારથી તો આ કરીએ છીએ, આ વ્રત પાળવા, અપવાસ કરવા આ બધું કરવું બસ, કાંઈ નહિ? બિચારા ઉઘાડા પગે ચાલે, લોચ કરાવે, આ શિયાળાની આવી ટાઢ હડહડતી અને ઉઘાડે શરીરે રહે એવી ક્રિયાઓની કાંઈ કિંમત નહિ? બાપુ! એ શરીર પણ એ વસ્તુ એમાં ક્યાં હતી તે એની કિંમત હોય? આહાહા..! એ તો વાત આવી ગઈ કે દેહની ક્રિયાથી આત્માને કાંઈ પુણ્ય-પાપનું કારણ નથી. અહીં ત્રણ શુભ, અશુભ અને શુદ્ધ. શુભભાવ હોય તો પુણ્ય બંધાય, અશુભ હોય તો પાપ અને

શુદ્ધ હોય તો ધર્મ થાય. આહાહા..! એ ક્રિયા સાથે શું સંબંધ છે?

**'आगे आचार्य कहते हैं कि अरहंतादिक पंच परमेष्ठी भी आत्मा में ही हैं...'** આહાહા..! પંચ પરમેષ્ઠીને નમસ્કાર કરે છેને? એ ઉત્કૃષ્ટ મંગળિક છેને જગતમાં? કહે છે કે એ પણ તું પોતે છો પંચ પરમેષ્ઠી અંદર. આહાહા..! તારા સ્વભાવમાં એ પંચપરમેષ્ઠી થવાની યોગ્યતા અંદર પૂરી પડી છે. એ આત્મામાં એ પંચ પરમેષ્ઠી બિરાજમાન છે. આહાહા..! અરેરે! અમે પામર પ્રાણી એમ બિચારા કહે છે. અને ભગવાન અમને ન કહો. ભાઈ! તને ભગવાન ન કહે તો પામર કહે? આહાહા..! એક ભગવાને પણ તારું પૂરું પડે એવું નથી એવો તું ભગવાન છો. આહાહા..! અરે! એને એ કેમ માહાત્મ્ય આવે? પરના માહાત્મ્યમાં ઢળી ગયો એને આવા સ્વભાવનું માહાત્મ્ય કેમ આવે?

**अरुहा सिद्धायरिया उज्झाया साहु पंच परमेठ्ठी।**
**ते वि हु चिठ्ठहि आदे तम्हा आदा हु मे सरणं।।१०४।।**

એ પણ રહે છે આત્મામાં, એમ. આહાહા..! એ માટે મને મારો આત્મા શરણ છે. કેમકે પંચ પરમેષ્ઠીને જે શરણમાં કીધા હતા, 'અરિહંતા શરણં, સિદ્ધા શરણં' કહ્યું હતુંને? એની વ્યાખ્યા કરે છે. 'અરિહંતા શરણં, સિદ્ધા શરણં, સાહુ શરણં, કેવળી પણ્ણંતો ધમ્મો શરણં.' બાપુ! શરણ તો આ આત્મા છે. એ તો વ્યવહારની વાતું છે. આહાહા..! કેમકે એ બધા અરિહંત, સિદ્ધ આદિ તો પડ્યા છે તારામાં. તારી શક્તિ, તારો સ્વભાવ એમાં બધું પડ્યું છે, ભાઈ! આહાહા..! એવા પાંચ પરમેષ્ઠી જે છે... લ્યો આ ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં, ણમો આઈરિયાણં, ણમો ઉવજ્ઝાયણં, લ્યો આજે ઓલો છોકરો આવીને બોલતો હતો અહીં. એની માએ શીખવ્યું હશે. અહીં બોલતો હતો. યશવંત-યશવંત. સવારમાં આવીને બોલ્યો હતો અહીં. ણમો અરિહંતાણં. એ નવું બોલ્યો. કોઈ નહોતું બોલતું. એ બધા ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં એ પાંચ પદ થઈ ગયા છે અને છે. પણ એ પદ બધા તારામાં છે. આહાહા..! એ આત્મામાંથી આવેલી દશા છે. આહાહા..! આત્મામાંથી થયેલી દશાઓ છે. માટે એ આત્મામાં એ પાંચેય પદ પડ્યા છે. આ કેમ બેસે? આહાહા..! આવડો મોટો આત્મા. પામર થઈને માને એને આવી પ્રભુતા કેમ બેસે? આહાહા..!

વસ્તુ વસ્તુ છેને? આખો પદાર્થ છેને? અસંખ્ય પ્રદેશી અનંત ગુણનું ધામ. પ્રદેશ અસંખ્ય, ગુણ અનંત, વસ્તુ એક. એક, અસંખ્ય અને અનંત બધું ત્યાં સમાઈ ગયું. આહાહા..! વસ્તુ એક, પ્રદેશ અસંખ્ય, ગુણ અનંત. ગુણ અનંતનું ધામ એવી જે વસ્તુ એમાં પાંચ પરમેષ્ઠી પડ્યા છે. આહાહા..! પંચ પરમેષ્ઠીનું સ્વરૂપ જ તારું છે. એનાથી ઓછું, અધિક, વિપરીત ન માન. આહાહા..!

'**અર્થ :- અર્હંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય ઔર સાધુ યે પાંચ પરમેષ્ઠી હૈં યે ભી આત્મા મેં ચેષ્ટારૂપ હૈં,...**' એટલે આત્માની જ દશા છે બધી. અહીં તો '**તે વિ હુ ચિટ્ઠહિ**' શબ્દ છે મૂળ તો. ત્યાં તો '**ચિટ્ઠહિ**' શબ્દ છે પાઠમાં. ચેષ્ટા છે પર્યાયની બધી. પાંચેય આત્માની જ પર્યાયો છે, એમ. પાંચેય આત્માની. ઓલા વિકલ્પ જે અઠ્યાવીશ મૂળગુણ એ કાંઈ પરમેષ્ઠીપદમાં આવતા નથી. આહાહા..! કેવળજ્ઞાન, કેવળદર્શન પરમાત્મદશા અને સિદ્ધદશા પણ અશરીરી. આચાર્ય દશા ત્રણ કષાયના અભાવમાં નિર્મળદશા, ઉપાધ્યાય પણ વીતરાગભાવ, સાધુ પણ આનંદની દશાની વીતરાગદશા. આહાહા..! એને પંચ પરમેષ્ઠી કહીએ. રાગ અને શરીરની નગ્ન અવસ્થાને કાંઈ કહેતા નથી.

'**તે વિ હુ ચિટ્ઠહિ આદે**' એમ કહ્યું છે અહીં તો. આવા પંચ પરમેષ્ઠી પણ મારા આત્મામાં રહ્યા છે કહે છે. '**ઈસલિયે મેરે આત્મા કા હી શરણ હૈ,...**' મારે તો ભગવાન મારો આત્મા એનું મને શરણ છે. આહાહા..! અર્હંતા, સિદ્ધા, સાહુ શરણં એ તો કહે છે વ્યવહાર થઈ ગયો. આહાહા..! અરે..! આ કેમ બેસે? સાધારણ અનુકૂળતામાં હોંશ આવી જાય, સાધારણ એક પ્રતિકૂળતામાં ખેદાઈ જાય. એને આવો ભગવાન પરિપૂર્ણ વસ્તુ... આહાહા..! જેમાં હરખ અને શોક છે જ નહિ. આહાહા..! એ પાંચેય પદ વીતરાગી પદ છે. અને એ પાંચેય પદ વીતરાગસ્વભાવ આત્મામાં પડ્યા છે અંદર. આહાહા..!

એ માટે આચાર્ય મહારાજ પોતે કહે છે '**મેરે આત્મા કા હી શરણ હૈ,...**' આહાહા..! ત્યાં ધ્યાન દેવાથી મને આનંદ આવે એ તો શરણ આ છે. આહાહા..! બીજે ધ્યાન કરવાથી તો રાગ થશે. આહાહા..! ભગવાનનું ધ્યાન કરવા જશે તો વિકલ્પ ઉઠશે કહે છે. આવો મારો ભગવાન આત્મા મને શરણ છે. '**મેરે આત્મા કા હી શરણ હૈ,...**' આહાહા..! '**ઈસપ્રકાર આચાર્યને અભેદનય પ્રધાન કરકે કહા હૈ.**' લ્યો! એ પંચપરમેષ્ઠી એ જ હું છું એમ અભેદથી કીધું. એ નિર્મળ વીતરાગતા છે એ બધા વીતરાગતાના પદો છે, એ વીતરાગની દશાઓ તો મારામાં બધી પડી છે. આહાહા..! એવો એ હું આત્મા એ મને શરણ છે. આહાહા..! છેલ્લી ગાથાઓ છેને? વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**વૈશાખ વદ ૧૦, ગુરુવાર તા. ૧૬-૦૫-૧૯૭૪**
**ગાથા - ૧૦૪-૧૦૫, ૧, પ્રવચન - ૧૪૮**

ભાવાર્થ છે. ૧૦૪ લઈ લીધી છે. પાંચ આવ્યુંને? અરિહંત સિદ્ધ આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ. એ બધી આત્માની દશા છે. અરિહંત, સિદ્ધ એ પૂર્ણ નિર્મળ દશા છે, આચાર્ય, ઉપાધ્યાય, સાધુની પણ નિર્મળ એને યોગ્ય દશા છે. એ બધી આત્મામાં છે. આત્મા એને લાયક અને યોગ્ય છે. એથી પંચ પરમેષ્ઠીનું શરણ એ આત્માનું શરણ છે. એટલે કે એનું શરણ એ આત્માનું શરણ એમ નહિ. આહાહા..! પંચ પરમેષ્ઠી એટલે જ પોતે આત્મા એમ. આહાહા..! '**યહ પાંચ પદ આત્મા હી કે હૈં,...**' ભાવાર્થ છે. પાંચેય પદ આત્માની દશાઓ છે. '**જબ યહ આત્મા ઘાતિકર્મ કા નાશ કરતા હૈ તબ અરિહંતપદ હોતા હૈ,...**' એ પર્યાય જીવની છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ. એ તો અહીં છેને વસ્તુ. સમુચ્ચય ભલે વાત, પણ આ આત્માનો સ્વભાવ છેને એ. ચાર ઘાતિકર્મ નાશ કરે, તો આત્મા પોતે અરિહંતપદપણે પ્રાપ્ત થાય છે.

'**વહી આત્મા અઘાતિ કર્મોં કા નાશ કર નિર્વાણ કો પ્રાપ્ત હોતા હૈ તબ સિદ્ધપદ કહલાતા હૈ,...**' શુદ્ધ સિદ્ધ સ્વરૂપ, પોતાનું એનું ધ્યાન કરીને આઠેય કર્મનો નાશ થઈ જાય ત્યારે પોતે સિદ્ધ થાય છે. અવસ્થા એ સિદ્ધની, આત્માની છે કે કોઈ પરની છે? આહાહા..! એ આત્મામાં પાંચેય પદ થવાને લાયક એની શક્તિ અંદર પડી છે. એથી આત્મામાં પાંચ પદ છે એમ કહેવામાં આવે છે. '**જબ શિક્ષા દીક્ષા દેનેવાલા મુનિ હોતા હૈ...**' આચાર્ય. '**તબ આચાર્ય કહલાતા હૈ,...**' શિક્ષા સમજાવે, દીક્ષા દે. એ તો વિકલ્પ વ્યવહારથી વાત કરી છે. '**પઠનપાઠન મેં તત્પર મુનિ હોતા હૈ તબ ઉપાધ્યાય કહલાતા હૈ...**' મૂળ તો અંદર વીતરાગદશા રૂપી પરિણતિ જેની એને અહીં ઉપાધ્યાય કહેવામાં આવે છે. એ પાંચેય પદ આત્માની દશા છે. નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં કોક કાંઈક છે એમ નથી. ભગવાન આત્મા પોતાના સ્વરૂપનું અંતર ધ્યાન કરીને ચાર ઘાતિનો નાશ કરીને અરિહંતપદને પ્રાપ્ત થાય છે એ પોતે આત્મા જ છે. સિદ્ધને પ્રાપ્ત થાય એ પણ પોતે આત્મા જ છે. આહાહા..! આચાર્યપદને પ્રાપ્ત થાય એ પણ પોતે આત્મા છે. ઉપાધ્યાય પદને પ્રાપ્ત થાય એ આત્મા છે.

'**સો આચાર્ય વિચાર કરતે હૈં...**' આહાહા..! એ બહારથી વાત લીધી છે. કીધુંને

પહેલું થઈ ગઈ છે વાત. પઠનપાઠન વિકલ્પથી વાત કરી છે. એનો વ્યવહાર સમજાવ્યો છે. એ તો કહ્યું હતું. એ અંતરની નિર્મળતા તે ઉપાધ્યાય પદ છે. કહ્યુંને એ વ્યવહારથી વાત કરીને. પઠનપાઠન વિકલ્પ. એની ભૂમિકામાં એમાં એવો વ્યવહાર હોય છે, પણ એ કાંઈ પદ નથી.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હોશિયાર-બોશિયાર નહિ. વીતરાગ પરિણતિ એને જ્ઞાનની એવી વળેલી હોય છે. હોશિયાર શું અર્થ થાય? કહે છે એ તો નિમિત્તનું કથન છે. લ્યો! પહેલું કહ્યું હતું. '**પઠનપાઠન મેં તત્પર...**' એનો અર્થ એ કે એની દશામાં એવો વિકલ્પ હોય છે, પછી છે તો તત્પર સ્વરૂપમાં. આહાહા..! આવું હોય એ વ્યવહાર-નિશ્ચયને જણાવે છે, એમ. એ વ્યવહાર પોતે જે છે એ પદ નથી. આહાહા..! પણ એવું જ્યાં પઠન આદિ વ્યવહાર હોય, ત્યાં આવી નિશ્ચય નિર્મળ વીતરાગદશા હોય એ દશા આત્મામાં છે. એ પદ આત્મામાં છે એમ કહ્યું.

અને '**જબ રત્નત્રયસ્વરૂપ મોક્ષમાર્ગ કો કેવલ સાધતા હૈ...**' એ સાધુ એટલે સાધવું. સાધવું એટલે? અંતર સન્મુખની દર્શન-જ્ઞાન-ચારિત્રની સાધના કરવી એનું નામ સાધુ. આહાહા..! '**રત્નત્રયસ્વરૂપ મોક્ષમાર્ગ...**' ભાષા છેને. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આ નિશ્ચયની વાત છે. એવો જે મોક્ષમાર્ગ... ૧૦૫માં નાખશે નિશ્ચય વ્યવહાર બે. આ તો નિશ્ચય છે. કેવળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષનો માર્ગ એને કેવળ-એકલો સાધે છે એમ કહે છે. '**તબ સાધુ કહલાતા હૈ...**' અંતર આનંદસ્વરૂપ ભગવાન આત્મા એની પ્રતીત, જ્ઞાન અને રમણતા દ્વારા સાધે છે એ સાધુ. '**ઈસ પ્રકાર પાંચો પદ આત્મા હી મેં હૈં.**' લ્યો! પાંચેય દશાઓ એ આત્મામાં છે. એ વિકલ્પની અને શરીરની અવસ્થા એ કાંઈ આત્માની નથી. એ આત્મા જ પોતે અંદરમાં આનંદ અને જ્ઞાનથી ભરેલો પદાર્થ એ પરિણતિએ-વીતરાગ પરિણતિએ પરિણમે છે એ પોતે. એ પાંચ પદે પરિણમે એ આત્મા છે. આહાહા..!

'**સો આચાર્ય વિચાર કરતે હૈં કિ જો ઈસ દેહ મેં આત્મા સ્થિત હૈ...**' આવ્યું હતુંને ૧૦૩માં? '**देहत्थं**' ૧૦૩ ગાથામાં આવ્યું હતું. '**देहत्थं**' દેહમાં ભગવાન આત્મા પૂર્ણ જ્ઞાન, દર્શન અને આનંદસ્વભાવથી સ્થ-રહેલો છે. દેહમાં રહ્યો છે એનો અર્થ કે દેહથી ભિન્ન તત્ત્વ રહ્યું છે અંદર એમ. '**આચાર્ય વિચાર કરતે હૈં કિ જો ઈસ દેહ મેં આત્મા સ્થિત હૈ સો યદ્યપિ (સ્વયં) કર્મ આચ્છાદિત હૈ...**' નિમિત્તરૂપે. '**તો ભી પાંચો પદોં કે યોગ્ય હૈ,...**' તો એ પાંચેય પદ થવાને પોતે લાયક છે. આહાહા..! એ '**પાંચો પદોં કે યોગ્ય હૈ, ઈસી કે શુદ્ધસ્વરૂપ કા ધ્યાન કરના...**' એટલે કે પૂર્ણ શુદ્ધ સ્વરૂપમાં

દૃષ્ટિ લગાવીને એકાગ્ર થવું. ‘**પાંચો પદ કા ધ્યાન હૈ...**’ અંતરમાં શુદ્ધ દ્રવ્ય સ્વભાવને દૃષ્ટિમાં લઈને એમાં સ્થિર થવું, ધ્યાન કરવું એ પાંચ પદનું ધ્યાન છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ત્યાં-ત્યાં. બીજે ક્યાં? જ્યાં છે ત્યાં લઈ જાય છે. વસ્તુ ત્યાં છે બધી. આહાહા..! વિકલ્પમાં પણ નથી અને નિમિત્તમાં પણ નથી, દેહમાં નથી, કર્મમાં નથી, વસ્તુમાં પડ્યું છે અંદર. આહાહા..! પદાર્થ છે ચૈતન્યસ્વરૂપ, આરાધવાયોગ્ય હવે કહેશે. છેલ્લેથી .. મરણ વખતે આરાધના કરવી છેને. છેલ્લીમાં આરાધનાની વ્યાખ્યા લે છે. અહીંયા પાંચ પદ મારામાં છે માટે એનું હું ધ્યાન કરું છું. મારા શુદ્ધસ્વરૂપનું ધ્યાન કરું છું. મારા શુદ્ધસ્વરૂપને ધ્યેય બનાવીને ધ્યાન કરું છું એ પંચ પરમેષ્ઠીનું જ ધ્યાન છે એમ કહે છે. ઓલામાં પણ આવે છેને. તત્ત્વાનુશાસનમાં નહિ ગાથા? વાત કરી હતી. જે અરિહંતનું ધ્યાન કરે છે... અરિહંત તો નથી અત્યારે. તત્ત્વાનુશાસનમાં આવે છે. અરિહંતનું ધ્યાન કેમ કરે છે આ? એ અરિહંત થવાને લાયક છે, અંદરનું ધ્યાન એ અરિહંત થવાને લાયકની દશાનું ધ્યાન કરે છે. તત્ત્વાનુશાસનમાં છે ગાથા. એ વાત થઈ ગઈ છે. ઘણીવાર અહીં તો ઘણી વાતું થઈ ગઈ.

એમ કે અરિહંતનું ધ્યાન તો પોતે અરિહંત તો નથી. અરિહંતનું ધ્યાન શી રીતે કરે એ? કે અરિહંત થવાને લાયક છે, પોતે અરિહંત જ છે. એના ધ્યાન કરવાથી શાંતિ મળે છે એનો અર્થ શું? એમ લખ્યું છે એમાં. તત્ત્વાનુશાસનમાં, જુઓ! અરિહંતનું ધ્યાન કરવું એટલે કે આત્માનું ધ્યાન કરવું, એને જો આત્માનું ધ્યાનમાં જો શાંતિ ન મળતી હોય તો એ આત્માનું ધ્યાન ક્યાં છે એ? અરિહંતનું ધ્યાનનો અર્થ એ પોતે આત્મા એવો છે એનું ધ્યાન કરે માટે શાંતિ મળે. ફોગટ નથી. અરિહંતનું ધ્યાન એટલે કે એ મારું ધ્યાન એમ. એ છે. શ્લોક છે. ચર્ચા થઈ ગઈ હતી.

પોતાનો સ્વભાવ અરિહંત થવાનો અથવા અરિહંતસ્વરૂપ જ એનું સ્વરૂપ છે. ‘જિન સોહી હૈ આત્મા.’ વીતરાગ સ્વરૂપ તે આત્મા. એના ધ્યાનમાં એ અરિહંતનું જ ધ્યાન છે. જો એ કહેશે અરિહંતનું ધ્યાન ન હોય, (ધ્યાન) ફોગટ જાશે. ત્યારે શાંતિ મળે છેને. આહાહા..! એમ ત્યાં લખ્યું છે તત્ત્વાનુશાસનમાં. એમ કે અરિહંતનું ધ્યાન કરવાથી... તો અરિહંત તો છે નહિ. એ ધ્યાન કરવાથી અરિહંત છે. સાંભળને. અરિહંતપણે જો ન હોય તો એનું અરિહંતનું ધ્યાન કરવાથી શાંતિ ક્યાંથી મળે? એમ છે એમાં. આહાહા..! ભગવાન પોતે અરિહંત સ્વરૂપે બિરાજમાન, સિદ્ધસ્વરૂપે બિરાજમાન છે. આહાહા..! એ વાત કેમ બેસે એને? આ બધી બાહ્ય ક્રિયાઓના ફળમાં જુઓને એવું લાગે માળું. દયા, દાન, ભક્તિ, પૂજા, સેવા કરવી

એ નિર્જરા છે કહે છે. અરે..! ભગવાન! ભાઈ! તને ખબર નથી, બાપુ! એવી તો ક્રિયાઓ અનંતવાર કરી છે. નિર્જરા થાય તો તો ધર્મ થઈને મોક્ષ થયા વિના રહે જ નહિ એને. શું કરે? એને મળ્યું નથી કાંઈ. ઉંધે રસ્તે ચડી ગયા છેને.

મુમુક્ષુ :- એ એમ માને છે કે આપણે બધા...

ઉત્તર :- એ એમ માને છે. એને બેસતું હોય તે એમ જ કહેને. બહારની હુશિયારી દેખાય, ભાષણ કરતો હોય, ૧૦-૧૦ હજાર, પાંચ હજાર માણસમાં ભાષણ કરે. લોકો આમ મોઢું જોવે, તાકે, શું બોલશે. આવા હુશિયાર માણસને. પણ દુનિયામાં તો એવું વકીલ હતાને. અરેરે! એની સાથે શું સંબંધ? ભાષા હોય ન હોય, વાણી નીકળે ન નીકળે એની સાથે શું સંબંધ? વિકલ્પ છે એની સાથે સંબંધ નથી. અસંગતત્ત્વનું ધ્યાન કરવું, એમાં રાગનો પણ સંગ નથી એને. એવા અસંગનું ધ્યાન તે જ અરિહંતનું ધ્યાન છે. આહાહા..! એવો અસંગ ભગવાન આત્મા એના તરફનું વલણ એ સિદ્ધનું જ ધ્યાન છે, એ આચાર્ય, ઉપાધ્યાય, સાધુનું ધ્યાન છે. આહાહા..! અરે..! એવો મોટો પ્રભુ પોતે સર્વોત્કૃષ્ટ જગતમાં. સર્વોત્કૃષ્ટ, એવું તત્ત્વ એને દૃષ્ટિમાં ન આવે અને બહારની વાતુંમાં રોકાઈ જાય. આહાહા..! સત્ નહિ ફળે ત્યાં. રાગાદિની ક્રિયા તો બધી અસત્ છે. સત્ ફળે ક્યારે? એ સત્‌ના મૂળિયા-મૂળ પકડે ત્યારે. આહાહા..!

ઊંડે-ઊંડે તત્ત્વનો સ્વભાવ ધ્રુવ આખી અસંખ્ય પ્રદેશે ઉપર પર્યાય છે. એટલે એ પર્યાય અહીં ઉપર અહીં ઉપર જ છે અને અંદરના પ્રદેશમાં ઉપર નથી એમ નથી. બધે ઉપર છે અને બધે અંદર ધ્રુવ છે. આહાહા..! એ અસંખ્ય પ્રદેશી ચૈતન્ય તત્ત્વ અનંતગુણનું સ્વરૂપ, એનું ધ્યાન કરવું એ કર્તવ્ય છે. એ તો આવ્યું હતું કાલે, નહિ? અનુભવ કરવો એ કર્તવ્ય છે અને એનો અનુભવ થવો એ અરિહંતનું જ ધ્યાન છે. એ સિદ્ધનું જ ધ્યાન છે અને પાંચેય પરમેષ્ઠીનું પણ એ જ ધ્યાન છે. આહાહા..!

'**પાંચો પદોં કે યોગ્ય હૈ, ઈસી કે શુદ્ધસ્વરૂપ કા ધ્યાન કરના પાંચો પદોં કા ધ્યાન હૈ...**' ઉસીકા એટલે આત્માનું એમ. આત્મા પાંચ પદને યોગ્ય છે. આહાહા..! 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' એ પાંચેય પદ સ્વરૂપ આત્મા છે. આહાહા..! અહીં તો ભાષાની યોગ્યતા લીધી છેને? '**પાંચો પદોં કે યોગ્ય હૈ,...**' એમ લીધું. '**ઈસી કે શુદ્ધસ્વરૂપ કા ધ્યાન...**' એ પાંચ પદને યોગ્ય એવો ભગવાન આત્મા. આહાહા..! એનું ધ્યાન એ પાંચ પદનું ધ્યાન છે. આહાહા..! '**ઈસલિયે મેરે ઈસ આત્મા હી કા શરણ હૈ...**' ભગવાન આચાર્ય કહે છે. '**तम्हा आदा हु मे सरणं।**' આવ્યુંને? '**ते वि हु चिट्ठहि आदे**' આત્મામાં પાંચ પદ છે માટે મને મારો આત્મા શરણ છે. આહાહા..! 'અરિહંતા

શરણં, સિદ્ધા શરણં,' મંગળિકમાં આવે છેને? એ બધા હું છું, કહે છે અહીં. આહાહા..!

એ ફોજદારે પ્રશ્ન કર્યો હતો એકફેરી ૯૦ની સાલમાં. ભાઈ નહિ? ફોજદાર. ૯૦ની સાલમાં નહોતા પાંજરાપોળના ફોજદાર હતા આપણો દશાશ્રીમાળી. એ બિચારો હુશિયાર હતો બહુ. છેલ્લી સ્થિતિએ લોહીનું પાણી થઈ ગયું છેલ્લું. બેઠા હતા. બોલાવો બોલાવો કહે મંગળિક સાંભળવા. મંગળિક કહે પછી પૂછયું. આનો અર્થ શું? કહે ડાહ્યો માણસ હતો હોં! છેલ્લી સ્થિતિ .. એમ લાગ્યું. ફોજદાર હતો. પાંજરાપોળમાં. ભાઈ! કીધું મંગળિક એટલે તો આ ભગવાને જે કહ્યું એ માર્ગને અંદરમાં લાવવો, પ્રગટ કરવો એનું નામ મંગળિક છે. અરિહંત કાંઈ શરણ દેવા નથી આવતા. અરિહંતે કહેલો માર્ગ એ અંતરમાં સાધવો એનું નામ અરિહંતનું શરણ છે. ૯૦ની સાલની વાત છે. ડાહ્યો માણસ હતો.

મુમુક્ષુ :- જયચંદભાઈ.

ઉત્તર :- જયચંદભાઈ. બસ જયચંદભાઈ. એના મોઢામાં ડાહ્યો માણસ લાગતો. પ્રશ્ન કરે. પરિચય નહિ બહુ એટલો પણ, એને એમ થયું કે ઓહો..હો..! દેહ છૂટવાના ટાણા આવ્યા હવે. લોહી ઓલું થઈ ગયેલું. પીળું ફટ એવું બધું કહેને. શું કાંઈ કહે છે? એનીમા જેવું કાંઈક. હા એવું થઈ ગયું હતું. બેઠા હતા.

મુમુક્ષુ :- આપણે પાંડુરોગ કહે.

ઉત્તર :- હા પાડુંરોગ. હા એ પાંડુરોગ કહે છે. બૈરા બેઠા હતા બિચારા. બહુ ધ્યાન રાખતા હતા. ભાઈ! કીધું, આ પાંચ પરમેષ્ઠીનું ભગવાન કાંઈ શરણ નથી દેવા આવતા. અરિહંત શરણ નથી દેવા આવતા. અરિહંતે કહેલો માર્ગ આત્માનો એને અંતરમાં લક્ષમાં લેવું એનું નામ શરણ છે. આહાહા..! આ બહુ ... છે હોં! ખુશી થયો... થોડા દિ'માં વધી ગયું. અરે..! દેહને છૂટવાના ટાણા તે દિ' અરિહંતનું ધ્યાન કે આ અરિહંત, આ સિદ્ધ, ત્યાં જાશે તો વિકલ્પ છે. એમ કહે છે આ. હવે આ માણસો ભેગા થયા હોય અને છેલ્લે શ્વાસ ચાલતા હોય. આહાહા..! અને પુણ્ય પ્રકૃતિ ઘટી ગઈ હોય શરીરની. આહાહા..! કેટલા હજારો રોગ, કરોડો રોગ શરીરમાં. શરીરમાં કરોડો રોગ. બે-પાંચ લાખ ફાટ્યા હોય. આહાહા..! કોઈ શરણ નથી, ભાઈ! અંદર આત્મા આનંદનો નાથ પ્રભુ છે. આહાહા..! એના માહાત્મ્ય કર્યા નથી, એની સામું જોયું નથી. એવા સ્વભાવનો સત્કાર, સ્વીકાર અંતર દષ્ટિએ કર્યો નથી એને શરણ ક્યાંથી હોય? ભગવાન .. નિહાલભાઈમાં એક આવે છે. પ્રશ્ન આવે છે. કે મરણ વખતે નિર્વિકલ્પપણે મરે એ અલ્પકાળમાં મુક્તિને પામશે. પણ કદાચિત્ નિર્વિકલ્પપણું ન રહે તો વિકલ્પમાં એનું સાધકપણું જે આધાર છે ધ્રુવ, એનું ધ્યેયપણું નહિ છૂટે એને. એક ઠેકાણે એમ કહ્યું, મને સંભળાવો. તો એને એવી યોગ્યતા હશે તો સંભળાવું થશે. એને

તો મૂળ અંતરની જ વાતું કરી છે બધી. મને સંભળાવશો. પણ એને સાંભળવું જ નથી. અંતર્મુખ થાવું છે જેને. આહાહા..!

ત્યાં દામોદરભાઈ હતાને વકીલ, નહિ? બાબરાવાળા એ છેલ્લે મરતા... અહીં હીરાભાઈના મકાનમાં. ગુજરી ગયા. છેલ્લે કહે સંભળાવશો નહિ કોઈ, એમ કહ્યું. મને કોઈ સંભળાવશો નહિ હું મારા ધ્યાનમાં આવી ગયો છું. માળા લોકો મૂકે નહિ. એ છોકરાને દેખાડ્યો. નાનો છોકરો હતોને. એટલે કાંઈક કહે છે એમ. સામું જોયું નહિ નાનો છોકરો હતોને. મોટો .. ત્યારે બતાવ્યું કે કાંઈ કહે છે. સામું જોયું નહિ. ના પાડી હતી કે મને સંભળાવશો નહિ, છતાં ધૂન લગાવી છે. હીરાભાઈના મકાનમાં. નરભેરામભાઈના ભાઈ હતા. વકીલ. એ અહીં વકીલ હતા. આહાહા..! શું સાંભળવું? સાંભળનારો જે અંદર છે. જાણનારો જે અંદર છે, એને સાંભળને એ શું કહે છે એ. બહારના સાંભળે, ત્યાં ક્યાં સમાધિ રહે એવું છે. આવે ભગવતી આરાધનામાં આવે છેને. ભગવતી આરાધનામાં. એને સંભળાવવું, આ કરવું. આવે છે. પણ આત્મા અંદરમાં જ્યાં છેલ્લી સ્થિતિના પ્રકાર છે ત્યાં ક્યાં જવું એને. દુનિયા ગણે, ન ગણે, માને, ન માને, એની સાથે શું સંબંધ છે? મારો આત્મા મને શરણ છે એમ કીધુંને. અહીં શું કીધું? **'મેરે ઈસ આત્મા હી કા શરણ હૈ...'** આહાહા..! તે આત્મામાં આ પાંચ પદની યોગ્યતાનું સત્ત્વ પડ્યું છે. એવું જેને દૃષ્ટિમાં બેઠું છે. એ પોતે પોતાના આત્માનું ધ્યાન કરે તે આત્માનું એને શરણ છે. એમ સંભળાવો મને, ધૂન લગાડો. એમાં ધૂન લગાડવામાં તારું લક્ષ જશે ત્યાં, એ તો વિકલ્પ છે. આહાહા..!

દેહ છૂટવાના ટાણા તો આ ભવમાં આવશે કે નહિ? આહાહા..! ચારેકોરથી વ્યાધિઓ ઘેરાય, આ વળી કોકને બિચારાને એકદમ થઈ જાય છે આ શું? હાર્ટ ફેઈલ. મોહન વાગજી ગુજરી ગયા સાંભળ્યુંને. તાર આવ્યો હતો. એના ભાઈ બીજું સમજ્યા હતા. પછી બધી વાત કરી. મોહન વાગજી. અહીંયા .. માણસ સામે કાયમ રહેનારા.

મુમુક્ષુ :- છોકરા છોકરાની વહુ ..

ઉત્તર :- બધાને. આ સમજ્યો આ કરવા જેવું છે. જરી પૈસા થોડા .. ગયા થડો. છ છોકરાને એ વખતે આ કરે. એ ચાલે છે. આ કરવા જેવું છે. આ .. માણસ હતો. આહાહા..! છેટે ગયા હતાને. ઓપરેશન કરાવ્યુંને મુંબઈમાં. નાણાવટી–નાણાવટીને? નાણાવટીની હોસ્પિટલ છે. ત્યાં ગયા હતા. ત્યાં ગયા હતા. આવી શકે એમ નહોતા. આહાહા..! મોહનભાઈ નહિ? ઓળખો છો કે નહિ? એના બાપે મકાન બનાવ્યું, પણ એ લાભ ન લઈ શક્યા બિચારા. પણ આ તો ઘણો વખત બૈરાને દમ છે, જવાની તૈયારીવાળા. હવે એ રહી ગયા અને એ ઉપડી ગયા. આમાં કોને કહેવું પહેલા પછી. આહાહા..!

જેણે આવો આત્મા ભગવાન પૂર્ણ શુદ્ધ ચૈતન્ય એમાં પાંચ પદની યોગ્યતા પડી છે. એનું જે ધ્યાન કરે તે પાંચ પદનું જ ધ્યાન કરે છે. આહાહા..! અને દેહ છૂટતા નિર્વિકલ્પતા થઈ જાય એ તો અલૌકિક વાતું છે. આહાહા..! જ્ઞાતા-જ્ઞેય અને જ્ઞાન-ત્રણ ભેદ ભૂલી જાય. ધ્યાન કરું છું એ ભૂલી જાય વિકલ્પ. એ તો અલૌકિક વાત છે. એ જ હોવું જોઈએ. પણ એ ન હોય તો? અંતરના ધ્યાનના ઘોલનમાં ભલે વિકલ્પ હોય છે, પણ અંતરમાં ધ્યાનના ઘોલનમાં પરમેષ્ઠીનું શરણ એટલે કે મારું શરણ. આહાહા..! કહો, ગમે તેવા જુવાન હો, વૃદ્ધ હો, પૈસાવાળા હો, નિર્ધન હો-ગરીબ હો, બધાને છેલ્લે આ સ્થિતિ છે. બહારના ડહાપણ કર્યા હશે, કેળવ્યા હશે, બધું કર્યું હશે, પણ અંતે આ સ્થિતિ છે. આહાહા..! અત્યારે તો ૩૫-૩૫ વર્ષના માણસને હાર્ટ ફેઈલ થઈ જાય. બેસી જાય ઘડીકમાં થઈ જાય. આહાહા..!

એ વાતનું હવે **'ઈસલિયે મેરે ઈસ આત્મા હી કા શરણ હૈ ઐસી ભાવના કી હૈ...'** આચાર્યે. **'ઔર પંચપરમેષ્ઠી કા ધ્યાનરૂપ અંતમંગલ બતાયા હૈ.'** એમ અંત મંગલિક એટલે ગાથાનું છેલ્લું છેને?

**'આગે કહતે હૈં કિ જો અંતસમાધિમરણ મેં ચાર આરાધના કા આરાધન કહા હૈ...'** આહાહા..! હવે આવ્યું. **'અંતસમાધિમરણ મેં ચાર આરાધના કા આરાધન કહા હૈ...'** સેવા ચાર ધર્મ. જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ. **'યહ ભી આત્મા હી કી ચેષ્ટા હૈ...'** જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ. એ આત્માની દશા છે. એ કોઈ બહારની દશા નથી. આહાહા..! **'ઈસલિયે આત્મા હી કા મેરે શરણ હૈ -'** બેયમાં એ શબ્દ આવ્યો. 'तम्हा आदा हु मे सरणं।' 'तम्हा आदा हु मे सरणं।' આહાહા..!

દુનિયામાં બહુ પ્રશંસા અને વખાણ ચાલતા હોય તો અહીં સમાધિમરણ થાય એમ છે? આહાહા..! મુનિ તો દુઃખની .. અહીં કહેશે પહેલી સવારમાં. આ મોક્ષમાર્ગ છેને. મોક્ષનો અધિકાર છેને. ધ્વનિ છે. પહેલી શરૂઆત ગાથામાં એ કરશે.

**सम्मत्तं सण्णाणं सच्चारितं हि सत्तवं चेव।**
**चउरो चिट्ठहि आदे तम्हा आदा हु मे सरणं।।१०५।।**

આહાહા..! **'અર્થ :- સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ ચારિત્ર ઔર સમ્યક્ તપ યે ચાર આરાધના હૈં...'** એ ચારની સેવા કરવી, નિર્મળ આરાધન કરવું એ આત્માની ચેષ્ટા છે. 'चउरो चिट्ठहि' શબ્દ આમ છે અને ચેષ્ટા કરે છે. ઓલામાં એમ કર્યું હતું. 'ते वि हु चिट्ठहि आदे' એને ઠેકાણે આત્માની ચેષ્ટા છે એમ કહ્યું હતું. આત્મામાં 'चिट्ठहि' રહે છે એટલે આત્માની ચેષ્ટા છે એમ આત્માની પર્યાય છે એમ લેવું. અહીં એવો અર્થ કર્યો. 'चउरो चट्ठहि आदे' એ કહ્યું હતું 'ते वि हु चिट्ठहि आदे' એ સમ્યગ્દર્શન આત્માની

અનુભવની પ્રતીતિ. આહાહા..! સમ્યગ્દર્શન આત્માને જ્ઞાનની પર્યાયમાંથી જ્ઞેય બનાવીને અનુભવ થઈને જે પ્રતીતિ થાય એ સમ્યગ્દર્શન. એ આત્મામાં છે. એ આરાધના એ બધી આત્મામાં છે. કોઈ મને સંભળાવો અમને, એમ નથી અહીંયા કહે છે. આહાહા..!

**'સમ્યગ્જ્ઞાન,...'** નીચે અર્થ કરશે. નિશ્ચય-વ્યવહાર બેય કરશે. **'સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર ઔર સમ્યક્ તપ...'** 'સ' શબ્દો પડ્યો છેને બધે? **'सम्मत्तं सण्णाणं सच्चारितं हि सत्तवं'** એમ છેને? **'યે ચાર આરાધના હૈં યે ભી આત્મા મેં હી ચેષ્ટારૂપ હૈં,...'** હવે આવ્યું એ. **'આત્મા મેં હી ચેષ્ટારૂપ હૈં,...'** **'चिट्ठहि'** આત્મામાં **'चिट्ठहि'** રહે છે. **'યે ચારોં આત્મા હી કી અવસ્થા હૈં,...'** આહાહા..! એ નિર્વિકલ્પ રાગના આશ્રય વિનાની ચૈતન્યના આશ્રયવાળી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને તપ એ આત્માની દશા છે, આત્માની પર્યાય છે, આત્માની ચેષ્ટા એટલે કે એની અવસ્થા છે. આત્મામાં **'चिट्ठहि'** એટલે આત્મામાં એ રહે છે. આહાહા..! **'ઇસલિયે આચાર્ય કહતે હૈં કિ મેરે આત્મા હી કા શરણ હૈ.'** મારે તો ભગવાન આત્માનું શરણ છે. આહાહા..! ભાવાર્થમાં બેય નાખશે.

**'ભાવાર્થ :- આત્મા કા નિશ્ચય-વ્યવહારાત્મક તત્વાર્થ શ્રદ્ધાનરૂપ...'** બેય લીધા છે જયચંદ પંડિતે. આત્માનું નિશ્ચય-વ્યવહારસ્વરૂપ તત્ત્વાર્થશ્રદ્ધાન. નિશ્ચયસ્વરૂપ નિર્વિકલ્પ અનુભવ પ્રતીતિ એ તત્ત્વાર્થ સમ્યક્ નિશ્ચય અને નવ ભેદોની વિકલ્પમાં શ્રદ્ધા એ વ્યવહાર. બે સાથે લીધા છે. સાથે હોય છેને. **'दुविहं पि मोक्खहेउं'** સાથે હોય છે. આત્માનો નિશ્ચય અને વ્યવહાર સ્વરૂપ તત્ત્વાર્થશ્રદ્ધાનરૂપ પરિણામ, એ પરિણામ છે એ સમ્યગ્દર્શન છે. શુદ્ધ ચૈતન્ય દ્રવ્યની અનુભવમાં નિર્વિકલ્પ પ્રતીતિ એ નિશ્ચય સમ્યગ્દર્શન છે અને નવ તત્ત્વની ભેદવાળી શ્રદ્ધા એ વ્યવહાર શ્રદ્ધા છે. બંને સાથે રહેલ... રાત્રે નહોતું કહ્યું? નિશ્ચય અને વ્યવહાર બંને સાથે રહ્યા છે એનો અર્થ શું થયો? કે વ્યવહારથી નિશ્ચય થાય એમ તો આવ્યું નહિ એમાં. આ નિશ્ચય થાય તો આને વ્યવહાર કહેવાય. ત્યાં એમ કહ્યું. દ્રવ્યસંગ્રહ. **'दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा'** ધ્યાનમાં એ આત્માના સ્વરૂપમાં લીન થતાં નિશ્ચય અને વ્યવહાર બેય ત્યાં પમાય છે. આહાહા..! બાકી રાગ રહી ગયો એને વ્યવહાર કહેવાય. વસ્તુના સ્વભાવનો આશ્રય લઈને નિર્વિકલ્પતા થઈ એટલો નિશ્ચય કહેવાય.

**'સંશય-વિમોહ-વિભ્રમ સે રહિત ઔર નિશ્ચય વ્યવહાર સે નિજસ્વરૂપ કા યથાર્થ જાનના સમ્યગ્જ્ઞાન હૈ,...'** જોયું! પાછું નિશ્ચય-વ્યવહાર એ નિજસ્વરૂપનું છે એમ ભાષા લખી. સંશય છોડી. .. દોષ છે અજ્ઞાનના. **'સંશય-વિમોહ-વિભ્રમ સે રહિત...'** ત્રણ દોષ રહિત. **'નિશ્ચયવ્યવહાર...'** નિજ સ્વરૂપનો નિશ્ચય અને નિજસ્વરૂપનો વ્યવહાર જ્ઞાન

**'યથાર્થ જાનના સમ્યગ્જ્ઞાન હૈ,...'** આમાં કાંઈ બીજાને સમજાવતા આવડે, તો એ જ્ઞાન ઘણું કહેવાય એમ નથી. આહાહા..! એવી વાત છે. સમજાણું કાંઈ? ઘણું જ્ઞાન આરાધન તો સ્વભાવ સન્મુખ થઈને લીનતા એ જ્ઞાન છે. આરાધના છેને અહીંયા? આચાર્ય પોતે પણ આ મોક્ષ અધિકાર વર્ણવીને આખિરની છેલ્લી ગાથામાં આરાધના... પછી છેલ્લી ગાથાએ પૂરું કરશે. બધું કહ્યું એ હવે. પણ અહીં તો...

**'સંશય-વિમોહ-વિભ્રમ સે રહિત નિશ્ચયવ્યવહાર સે નિજસ્વરૂપ કા યથાર્થ...'** ભગવાન આત્મા નિશ્ચય શુદ્ધ અખંડ આનંદ અભેદ એનું જ્ઞાન, આત્મજ્ઞાન. હવે ઓલો લખે છે કે જ્ઞાન તો પહેલું ચારિત્ર થાય, પછી આત્મજ્ઞાન થાય. શું કહ્યું? આ મેં ઉતાવળથી નથી લખ્યું. ઘણાં વિચારો કરીને. ઘણા વર્ષનું મંથન કરીને. અરેરે..! જગતમાં આમ ને આમ જીવે. એમ ને એમ અનાદિથી. હું કાંઈક જાણું છું અને મને જણાણું એ મારું સાચું જ્ઞાન. આ દયા ને વ્રત ને તપમાં ધર્મ માનતા નથી. એ ધર્મને સમજતા નથી એ. એને ધર્મની સમજણ જ નથી એમ લખ્યું છે. એકકોર વેદાંતની શ્રદ્ધા, એકકોર આવી વાતું કરે. કાંઈ કોઈને મેળ છે? એક જ સર્વવ્યાપક છે એનો અંશ છે આ. ભગવાનની પ્રાર્થના કરે તો ભળી જાય એમાં. એનું ધ્યાન કરેને ભળી જાય એમ નથી લખ્યું, પ્રાર્થના કરે. આહાહા..! શું કહે છે? જૈનસંપ્રદાયમાં આવું પણ ચાલે છે? અરેરે..! આવું સાક્ષાત્ તત્ત્વ પ્રભુ પોતે, એક સમયમાં પૂર્ણ પદાર્થ, એવા ક્ષેત્રમાં પૂરો ભાવ, આ ક્ષેત્રમાં પૂરું છે. આહાહા..! એનું પૂરું ક્ષેત્ર કાંઈ આખા લોકમાં વ્યાપે તો પૂરું ક્ષેત્ર નથી. અસંખ્ય પ્રદેશી દેહ પ્રમાણે જેના પૂરા ક્ષેત્રમાં પૂરા ભાવથી ભરેલો પદાર્થ છે. એનું જ્ઞાન કરવું એમ કહે છે. શાસ્ત્રનું જ્ઞાન અને ભણતરનું જ્ઞાન એ કાંઈ વસ્તુ નથી. આહાહા..!

**'નિશ્ચયવ્યવહાર સે નિજસ્વરૂપ કા યથાર્થ જાનના...'** પાછું બેય એમ કહે. આહાહા..! નિજસ્વરૂપ નિશ્ચયથી અભેદ. ગુણગુણીના ભેદ અને પર્યાયભેદ એ વ્યવહાર છે. **'સમ્યગ્જ્ઞાન સે તત્ત્વાર્થોં કો જાનકર...'** પછી હવે ચારિત્ર લેશેને. સમ્યગ્જ્ઞાનથી તત્ત્વાર્થોને-જીવસ્વભાવને, સંવર-નિર્જરા આદિને, રાગાદિને યથાર્થ જાણીને **'રાગદ્વેષાદિક રહિત પરિણામ...'** પછી રાગદ્વેષરહિત પરિણામ તેને ચારિત્ર કહીએ. આહાહા..!

મુમુક્ષુ :- એમાં વ્યવહાર...

ઉત્તર :- ન લીધો. પરિણામોના સમ્યક્ચારિત્ર. આહાહા..!

**'સમ્યગ્જ્ઞાનોં સે તત્ત્વાર્થોં કો જાનકર...'** રાગદ્વેષના વિકલ્પો જે છે શુભ-અશુભ એનાથી રહિત પરિણામ વીતરાગી થવા. આહાહા..! એને અહીંયા સમ્યક્ ચારિત્ર કહે છે. વ્રતનો વિકલ્પ એ કાંઈ ચારિત્ર નથી. એ તો વિકલ્પ છે, રાગ છે, અનિષ્ટ છે. આવ્યું હતુંને રાત્રે. અનિષ્ટ

ફળદાયક છે. દુષ્ટના ઉપદેશનું કહેવું જેમ અનિષ્ટ છે, એમ આનું ફળ અનિષ્ટ છે. આહાહા..! જુઓને એમ લાગે કે આટલું બધું? બાપુ! વસ્તુ જ એવી છે. રાગનો વિકલ્પ એ તો સ્વરૂપની ઘાત, પર્યાયમાં. પર્યાયમાં ઘાત. દ્રવ્ય તો ક્યાં? છે એ છે. દ્રવ્યને શું ઘાત કરે? રાગનો વિકલ્પ છે એ તો સ્વરૂપની વર્તમાન પર્યાયને ઘાત કરે છે. એથી એને વિકલ્પને તો ઝેરનો ઘડો કીધો છે, વિષકુંભ. આહાહા..! જીરવવું કઠણ ભારે આ લોકોને.

'**અપની શક્તિ અનુસાર સમ્યગ્જ્ઞાનપૂર્વક...**' હવે તપની વાત લે છે. તપ કોને કહેવું? સત્‌તપ-સત્‌તપ. '**અપની શક્તિ અનુસાર...**' સામર્થ્યને અનુસાર. હઠ કરીને નહિ. શક્તિ અનુસાર '**સમ્યગ્જ્ઞાનપૂર્વક...**' આત્મજ્ઞાનના ભાનપૂર્વક. એમ કહે છે. એકલી તપસ્યા આત્મજ્ઞાન અને સમ્યક્‌જ્ઞાન વિના એ તો બાળતપ અને બાળવ્રત છે. '**કષ્ટ કા આદર કર...**' એટલે કે પ્રતિકૂળતા ક્ષુધાનો, આહારનો ત્યાગ, પાણીનો ત્યાગ એમાં જરી પ્રતિકૂળતા હોય છેને, એને અહીંયા કષ્ટ એટલે પ્રતિકૂળતાનો સંયોગ થાય છે. એનો આદર કરીને '**સ્વરૂપ કા સાધના સમ્યક્ તપ હૈ,...**' સ્વરૂપનું સાધવું અંદરમાં એ સમ્યક્ તપ છે. આહાહા..! આનંદસ્વરૂપ છે ભગવાન, એની આનંદદશા તો ચારિત્ર પ્રગટી છે, પણ ઉગ્રપણે એને આનંદની દશાનું પ્રતપન થવું, તપવું, આનંદને તપવું, તપવું એટલે પ્રકાશ થવો વિશેષ, એને અહીંયા સત્‌તપ કહે છે. આહાહા..!

ચારિત્ર ઉપરાંત તપની વાત કરે છે એ. તપની એટલી વ્યાખ્યા એ કાંઈ. અપવાસ કરવા કે આ કરવા એ કાંઈ વાત નથી. એના સ્વરૂપમાં ઉગ્રપણે સાધના, સાધકપર્યાયને વધારવી, આનંદની પર્યાયને વધારવી એને અહીંયા સત્‌તપ, આરાધવાલાયક છે એમ કહ્યું છે. આહાહા..! '**ઈસપ્રકાર યે ચારોં હી પરિણામ આત્મા કે હૈં,...**' ઓલા પાંચેય પદ આત્માના હતા એમ કીધું. આ ચારેય આત્માના છે. આહાહા..! ચારેય પરિણામ છે. પરિણામ છે, આ પર્યાય છે. સમ્યગ્દર્શન સાચું નિશ્ચય, સમ્યગ્જ્ઞાન, સમ્યક્‌ચારિત્ર અને તપ એ પરિણામ છે-પર્યાય છે. ચારેય અવસ્થા છે. એ આત્માની દશા છે ચારેય. આહાહા..! રાગની દશા, કર્મની જાતનો રાગ એની દશા નથી. આ તો અકર્મ એવો ભગવાન આત્મા, કર્મની જાતથી ભિન્ન પડેલું તત્ત્વ, એની જાતના પરિણામ છે. આહાહા..!

'**ઈસલિયે આચાર્ય કહતે હૈં કિ મેરી આત્મા હી કા શરણ હૈ,...**' આહાહા..! કુંદકુંદાચાર્ય વિકલ્પ હશે લખવા ટાણે, તોપણ કહે, મારું તો આ છે. મારું તો આ છે. ઓલો સ્વનો વિકલ્પ એ શરણ નથી. '**ઈસી કી ભાવના મેં ચારોં આ ગયે.**' ભગવાન આત્મા અનંતશક્તિવંત એટલે ગુણવંત. ગુણવંત પ્રભુ, એમાં એકાગ્રતા એ આરાધના. એ ચારેયની આરાધના એમાં આવી ગઈ. એકાગ્રતા છે એ ભાવના, છે એ પર્યાય, છે એ પરિણામ.

**'ઈસી કી ભાવના...'** કીધીને? ભાવના એટલે? વિકલ્પથી ચિંતવના એમ નહિ. એકાગ્રતા. શુદ્ધ સ્વભાવમાં શુદ્ધની એકાગ્રતા એને અહીંયા આરાધના (કહી). આહાહા..! છેલ્લો સરવાળો કેવો લીધો જુઓ! આવા આરાધકે દેહ છૂટે એનો મોક્ષ અલ્પકાળમાં છે.

**'અંતસલ્લેખના મેં ચાર આરાધના કા આરાધન કહા હૈ,...'** અંત સંલ્લેખના છેલ્લું. કષાય મંદ કરી દેવો અભાવ અને શરીરનું કૃશ કરવું અને કષાયનું કૃશ કરવું. **'ચાર આરાધના કા આરાધન કહા હૈ, સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર તપ ઈન ચારોં કા ઉદ્યોત, ઉદ્યવન, નિર્વહણ, સાધન ઔર નિસ્તરણ ઐસે પાંચ...'** બોલ છે. ભગવતી આરાધનામાં છે. જયસેનાચાર્યની ટીકામાં છે. પંચાસ્તિકાયની પાછળ. ટીકામાં છે પાછળ. ઉદ્યોત ચારનો અંદર કરવો, ઉદ્યવન કરવું, વિશેષ નિર્વાહ કરવો, સાધન બનાવવું, પાર પાડવું-નિસ્તરણ. આહાહા..! પાર પાડવું. નિસ્તરણ છેલ્લું. પૂરું કરું. પૂરું કરું. નિસ્તાર કરવો-પૂરું કરવું. આહાહા..! છે એમાં ઓલામાં અર્થ. મારા પંચાસ્તિકાયમાં. છેલ્લી ટીકા જયસેનાચાર્યની. આમાં ભગવતી આરાધના છે.

**'ઐસે પંચપ્રકાર આરાધના કહી હૈ,...'** આ પાંચ પ્રકારની આરાધના કહી છે. **'વહ આત્મા કો ભાને મેં (આત્મા કી ભાવના-એકાગ્રતા કરને મેં) ચારોં આ ગયે...'** એ ભાવના શબ્દ આવી ગયો હતો પહેલો. ભાવના શબ્દ આવી ગયો. ભાવના શબ્દે એમાં અંતર ભાવની ભાવના. ત્રિકાળી ભાવસ્વભાવ એની ભાવના એટલે એકાગ્રતા. વિકલ્પ નહિ, ચિંતવન નહીં. **'ચારોં આ ગયે ઐસે અંતસંલ્લેખના કી ભાવના...'** જુઓ! પાછું આવ્યું. **'ઈસી મેં આ ગઈ, ઐસે જાનના...'** ઉચિત ખુલાસો બહુ સરસ કર્યો છે. **'તથા આત્મા હી પરમ મંગલરૂપ હૈ...'** આ છેલ્લું. ઓલા પાંચ પરમેષ્ઠીનું મંગલરૂપ હતું. એને કહ્યું હતું આત્મા એ પરમમંગલ છે. આહાહા..! 'અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં, સાહુ મંગલં, કેવળી પણ્ણતો ધમ્મો મંગલં.' તો આત્મા પણ મંગલ છે. આહાહા..!

ભગવાન આત્મા પૂર્ણ સ્વભાવથી ભરેલો પરમાત્મા પોતે એનું આરાધન મેં છેલ્લું કહ્યું. એનો અર્થ કે આત્મા જ અંતમંગલ છે. મંગળમાં મંગળિક એ આત્મા છે. આહાહા..! **'આત્મા હી પરમ મંગલરૂપ હૈ,...'** 'અરિહંત મંગલં, સિદ્ધ મંગલ, સાહુ મંગલં' એ તો વ્યવહારિક મંગળિક કીધા. અને એ તો પહેલા કહી ગયા કે એ તો પાંચ પદ મારામાં છે. હું આત્મા જ મારી દશાઓ છે એ. એમ આ પરમ મંગળ લીધું. **'ઐસા ભી બતાયા હૈ.'** લ્યો! છેક સુધી લઈ ગયા. હવે આપણે ૧૨ ગાથા બાકી છે પહેલાની. ત્યાંથી લઈએ. આ છેલ્લું પછી લઈશું. સરવાળો પછી લેશું.

મોક્ષપાહુડ. ૧૩ ગાથાથી લીધું હતું નહિ? ૧૩થી લીધું હતુંને? તે દિ' ઝાઝા માણસ હતાને. અથ મોક્ષપાહુડ. છઠ્ઠો અધિકાર આમાં. સાતમો અને આઠમો બે પછી. ભાવપાહુડ

પણ આપણે રહી ગયું છે. આ કહ્યા પછી. '**ॐ नमः सिद्धेभ्यः।**' ॐ ભગવાનનું સ્મરણ કરીને, પંચ પરમેષ્ઠીનું ॐ. '**नमः सिद्धेभ्यः।**' સિદ્ધ ભગવાન પરમાત્માનું. '**अथः मोक्षपाहुडकी वचनिका लिख्यते।**' મોક્ષપ્રાભૃતની ચાલતી ભાષામાં એનો અર્થ કરીએ છીએ. '**પ્રથમ હી મંગલ કે લિયે સિદ્ધોં કો નમસ્કાર કરતે હૈં.**'

**अष्ट कर्म को नाश करि, शुद्ध अष्ट गुण पाय।**
**भये सिद्ध निज ध्यानतैं, नमूं मोक्षसुखदाय।।१।।**

આઠ કર્મનો નાશ કરી '**શુદ્ધ અષ્ટ ગુણ પાય.**' જેણે આઠ ગુણની એટલે પર્યાય નિર્મળ જેને પ્રગટ કરી. '**ભયે સિદ્ધ નિજ ધ્યાનતૈં,...**' વળી થયા સિદ્ધ શી રીતે? કહે છે. પોતાના ધ્યાનથી-નિજધ્યાનથી. ભગવાનનું, પંચપરમેષ્ઠીના ધ્યાનથી નહિ. આહાહા..! '**ભયે સિદ્ધ નિજ ધ્યાનતૈં, નમૂં મોક્ષસુખદાય.**' એને હું નમસ્કાર કરું છું. મોક્ષરૂપી સુખદાતા એનો અધિકાર લખું છું. એમાં નમન કરું છું. લ્યો! '**ઈસપ્રકાર મંગલ કે લિયે સિદ્ધોં કો નમસ્કાર કર...**' હવે વ્યવહાર આવ્યો મંગળિક. ત્યાં છેલ્લું આત્માને મંગળિક કહ્યું. ૧૦૫ ગાથા. શરૂઆત કરવી છેને મંગળિકની. '**શ્રી કુંદકુંદાચાર્યકૃત મોક્ષપાહુડ ગ્રંથ પ્રાકૃત ગાથાબંધ હૈ,...**' પ્રાકૃત ગાથાબંધ છે. એ ગાથાઓ બધી પ્રાકૃત છે એમ કહ્યું. '**ઉસકી દેષભાષામય વચનિકા લિખતે હૈં.**' ચાલતી ભાષામાં એના વચન લખું છું. '**પ્રથમ હી આચાર્ય મંગલ કે લિયે પરમાત્મા કો નમસ્કાર કરતે હૈં -**'

**णाणमयं अप्पाणं उवलद्धं जेण झडियकम्मेण।**
**चइऊण य परदव्वं णमो णमो तस्स देवस्स।।१।।**

ઉપાડ્યું ત્યાંથી લ્યો પાધરું. આહાહા..! જ્ઞાનવાળો એમ ન કીધું. આહાહા..! જેણે સ્વદ્રવ્યને પ્રાપ્ત કર્યું અને પરદ્રવ્યને છોડી દીધું એમ કહે છે. આહાહા..! મોક્ષપાહુડની શરૂઆત કરતા ભગવાન કુંદકુંદાચાર્ય મંગળિક કરે છે.

'**અર્થ :- આચાર્ય કહતે હૈં કિ જિસને પરદ્રવ્ય કો છોડકર કે દ્રવ્યકર્મ, ભાવકર્મ ઔર નોકર્મ ખિરા દિયે હૈં,...**' '**झडियकम्मेण**' '**ઐસે હોકર નિર્મલ જ્ઞાનમયી આત્મા કો પ્રાપ્ત કર લિયા હૈ...**' '**णाणमय अप्पाणं उवलद्धं**' એકલું જ્ઞાનમય સ્વરૂપ ભગવાન આત્મા, નિર્મળ જ્ઞાનમય આત્મા. એકલું નિર્મળજ્ઞાનમય રહી ગયું. '**ઐસે પ્રાપ્ત કર લિયા હૈ.**' સિદ્ધ ભગવાને આઠ કર્મને ખરી નાખ્યા. એ નિમિત્તથી કથન છે. ખરી ગયા એની મેળાએ. પણ રહિત થયા એટલું બતાવવું છે. પરદ્રવ્યનો નાશ કર્યો અને સ્વદ્રવ્ય એવો જ્ઞાનમય આત્મા એને પ્રાપ્ત કરી લીધો. વસ્તુ એટલે જ્ઞાનમય આત્મા. આહાહા..! '**ઈસપ્રકાર કે દેવ**

કો **હમારા નમસ્કાર હો–નમસ્કાર હો.**' નમો–નમો બે વાર કહ્યું છે. ઓહો..! મોક્ષ અધિકાર શરૂ કરતા સિદ્ધ ભગવાનને અતિપ્રીતિથી નમસ્કાર નમો–નમો. '**દેવ કો હમારા નમસ્કાર હો–નમસ્કાર હો. દો બાર કહને મેં અતિપ્રીતિયુક્ત ભાવ બતાયે હૈં.**' સિદ્ધ ભગવાન પ્રત્યેનો પ્રેમ બતાવે છે એમ કહ્યું. આહાહા..! મંગળિક છેને બહારનું? અંતમંગળમાં તો આત્મા મંગળિક કહ્યો ૧૦૫માં, પણ આ તો શરૂઆત છેને અહીંયા. આહાહા..! વાત કરવી એ કરે છે. વંદિતુ સવ્વ સિદ્ધે ત્યાંથી કરી છે. આહાહા..! જેણે પરદ્રવ્યનો નાશ કર્યો અને સ્વદ્રવ્ય એવું જે, પણ કેવું સ્વદ્રવ્ય? '**णाणमय अप्पाणं**' જ્ઞાનસ્વરૂપ આત્મા, ચૈતન્ય સ્વભાવી આત્મા એને પ્રાપ્ત કર્યો. બસ, જ્ઞાનમય આત્મા રહી ગયો એકલો. એને સિદ્ધ કહે છે. બે વાર કહેવાથી પ્રીતિ બતાવી. ભાવાર્થ કહેવાશે.. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જ્યેષ્ઠ સુદ ૧, બુધવાર તા. ૨૨-૦૫-૧૯૭૪**
**ગાથા - ૧૦૬, પ્રવચન - ૧૫૩**

આ અષ્ટપાહુડમાં મોક્ષપાહુડની છેલ્લી ગાથા છે. ૧૦૬. '**આગે યહ મોક્ષપાહુડ ગ્રંથ પૂર્ણ કિયા, ઈસકે પઢને-સુનને-ભાને કા ફલ કહતે હૈં –**'

**एवं जिणपण्णत्तं मोक्खस्स य पाहुडं सुभत्तीए।**
**जो पढइ सुणइ भावइ सो पावइ सासयं सोक्खं।।१०६।।**

'**અર્થ :- પૂર્વોક્ત પ્રકાર જિનદેવ કે કહે હુએ મોક્ષપાહુડ...**' નીચે પાઠાંતર કારણ પણ કહ્યું છે. મોક્ષનું કારણ .. એમ. પાહુડ શબ્દ છેને. .. નીચે છે. '**मोक्खस्स य पाहुडं सुभत्तीए**' એમ. '**જિનદેવ કે કહે હુએ મોક્ષપાહુડ ગ્રંથ...**' કુંદકુંદાચાર્ય પણ ભગવાનનો આશ્રય ભગવાનનું નામ લઈને કહે છે કે ભાઈ! ભગવાને કહ્યો છે આ મોક્ષમાર્ગ. '**જો જીવ ભક્તિભાવ સે પઢતે હૈં,...**' પઢતે હૈં એકલા નહિ પણ '**ભક્તિભાવ સે પઢતે હૈં,...**' એમ. બહુ પ્રેમથી, ભક્તિભાવથી પઢે, સાંભળે એમ બીજો શબ્દ છે, અહીં '**भावइ**' એણે

નાખ્યો છે અને **'ઈસકી વારંવાર ચિંતવનરૂપ ભાવના કરતે હૈં...'** વારંવાર સ્વરૂપની એકાગ્રતા કરે છે એનું નામ વારંવાર ભાવનાનું સ્વરૂપ. ચૈતન્યસ્વરૂપ શુદ્ધ પૂર્ણ આનંદ (એમાં) વારંવાર એકાગ્રતા કરે છે અને સાંભળે છે પછી લીધું. **'વે જીવ શાશ્વત સુખ, નિત્ય અતીન્દ્રિય જ્ઞાનાનંદમય સુખ કો પાતે હૈં.'** **'सासयं सोक्खं'**ની વ્યાખ્યા કરી. શાશ્વત સુખ આત્માનું પર્યાયમાં નિત્ય અતીન્દ્રિય જ્ઞાનાનંદમય, અતીન્દ્રિય જ્ઞાનનો આનંદ એવી પર્યાયને પ્રાપ્ત કરે છે.

**'ભાવાર્થ :- મોક્ષપાહુડ મેં મોક્ષ ઔર મોક્ષ કે કારણ કા સ્વરૂપ કહા ઔર જો મોક્ષ કે કારણ કા સ્વરૂપ અન્ય પ્રકાર માનતે હૈં...'** મોક્ષના કારણનું સ્વરૂપ અનેરા પ્રકારે માને છે **'ઉનકા નિષેધ કિયા હૈ...'** એનો નિષેધ કર્યો કે બીજા કહે છે, એ વીતરાગ માર્ગ સિવાય અજ્ઞાનીએ કલ્પનાથી મોક્ષમાર્ગ કહ્યો એનો નિષેધ કર્યો. **'ઈસલિયે ઈસ ગ્રંથ કે પઢને,...'** આ ગ્રંથને ભણવાથી જાતે. **'સુનને સે ઉસકે યથાર્થ સ્વરૂપ કા જ્ઞાન શ્રદ્ધાન આચરણ હોતા હૈ...'** લ્યો અહીં તો સાંભળવાથી થાય છે એમ કીધું. નિમિત્તથી કથન છેને. સાંભળવાથી એને અંદરમાં સ્વરૂપ તરફ જાય એટલે એને સાંભળવાથી થયું એમ કહેવામાં આવે છે. કારણ કે સાંભળવામાં એ એને આવ્યું હતું કે શુદ્ધ સ્વરૂપ છે તેના તરફ એકાગ્રતા કર. ચૈતન્ય નિત્યાનંદ પ્રભુ એની એકાગ્રતા કર, એમ એણે સાંભળ્યું હતું અને ભણ્યો હતો એ. એ એણે અંતરમાં એકાગ્રતા કરી. યથાર્થ સ્વરૂપનું જ્ઞાન થાય છે એને. એ ચૈતન્ય સન્મુખ થઈને જે જ્ઞાનની દશા પ્રગટ થાય છે એ યથાર્થ સ્વરૂપનું જ્ઞાન થાય છે. શ્રદ્ધાન- જેવું આત્માનું સ્વરૂપ છે એવી યથાર્થ શ્રદ્ધા સ્વ-આશ્રયથી થાય છે. અને આચરણ- -એ શુદ્ધ સ્વરૂપમાં આચરણ રમણતારૂપી આચરણ. એ દર્શન, જ્ઞાન અને ચારિત્ર ત્રણની ક્રિયા કીધી લ્યો. **'આચરણ હોતા હૈ...'** યથાર્થ સ્વરૂપ કા જ્ઞાન, યથાર્થ સ્વરૂપ કા શ્રદ્ધાન, યથાર્થ સ્વરૂપ કા આચરણ એટલે આ આચરણ. આહાહા..! શુદ્ધ આનંદઘન પ્રભુ ધ્રુવ સ્વરૂપ નિત્યાનંદ એમાં એકાગ્રતા કરવી એ વીતરાગની આજ્ઞા છે. શાસ્ત્રમાં એ કહ્યું છે. એ જેણે કર્યું, **'ઉસસે કર્મ કા નાશ હોતા હૈ...'** એ સ્વરૂપના અંતરના એકાગ્રતાથી (કર્મોનો નાશ થાય છે). સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ સ્વરૂપની એકાગ્રતાનું ધ્યાન છે. આહાહા..!

**'ઉસસે કર્મ કા નાશ હોતા હૈ...'** કહ્યુંને **'આચરણ હોતા હૈ ઉસસે...'** એમ એ ધ્યાન છે એનું. આહાહા..! **'ઔર ઈસકી બારંબાર ભાવના કરને સે...'** શુદ્ધ સ્વરૂપ નિત્ય અસંખ્ય પ્રદેશમાં, પવિત્રધામ એવા સ્વરૂપમાં વારંવાર એકાગ્રતા કરવાથી અંતર. **'ઉસમેં દૃઢ હોકર એકાગ્ર ધ્યાન કી સામર્થ્ય હોતી હૈ,...'** એમ કહે છે. અંતરમાં એકાગ્રના અભ્યાસથી એને એકાગ્ર દૃઢ થવાની ધ્યાનની ભાવના થાય છે. **'એકાગ્ર ધ્યાન કી સામર્થ્ય**

**હોતી હૈ,...'** અંતરમાં એકાગ્ર થવાની તાકાત ખીલે છે. આહાહા..! આ મોક્ષનો માર્ગ. સ્વરૂપ જે શુદ્ધ ચૈતન્ય એની શ્રદ્ધા, એનું જ્ઞાન અને એમાં રમણતા એ ધ્યાનથી જ એ ત્રણ પ્રાપ્ત થાય છે અને ધ્યાનથી જ કર્મનો અભાવ થાય છે. આહાહા..! **'ઉસ ધ્યાન સે કર્મ કા નાશ હોકર...'** એ અંતરના સ્વરૂપમાં એકાગ્રતા દ્વારા કર્મનો નાશ થઈને **'શાશ્વત સુખરૂપ મોક્ષ કી પ્રાપ્તિ હોતી હૈ.'** જે સુખ કાયમ રહે એવો જે મોક્ષ એની પ્રાપ્તિ થાય છે. આહાહા..! **'ઈસલિયે ગ્રંથ કો પઢના...'** કહો, આચાર્ય મહારાજ એમ કહે છે. આ ગ્રંથને ભણવું, સાંભળવું, **'નિરંતર ભાવના રખની...'** એની સન્મુખતાની એકાગ્રતા નિરંતર કરવી એમ કહે છે. આહાહા..!

**'ઈસપ્રકાર શ્રીકુંદકુંદાચાર્ય ને યહ મોક્ષપાહુડ ગ્રંથ સંપૂર્ણ કિયા.'** લ્યો! **'ઈસકા સંક્ષેપ ઈસપ્રકાર હૈ...'** એના ટૂંકામાં કહે છે કે આ છે. ગાથા તો બહુ થઈ ગઈ. ૧૦૬ ગાથા. એનો સંક્ષેપ આ પ્રકારે છે કે **'યહ જીવ શુદ્ધ-દર્શન જ્ઞાનમયી ચેતનાસ્વરૂપ હૈ...'** ચેતનાસ્વરૂપ ... વારંવાર. એ ચેતના એટલે આ દર્શન-જ્ઞાનમયી ચેતના એમ. એ આત્મા, ભગવાન આત્મા એ તો શુદ્ધ દર્શન-જ્ઞાનમયી ચેતનાસ્વરૂપ છે. **'તો ભી...'** આવો હોવા છતાં. એનું સ્વરૂપ અને એનું સામર્થ્ય તો આટલું અને આવડું છે. **'જીવ શુદ્ધ દર્શન-જ્ઞાનમયી ચેતનાસ્વરૂપ હૈ...'** ચેતનાસ્વરૂપ. દર્શન જ્ઞાનમયી ચેતનાસ્વરૂપ આત્મા. એવો હોવા છતાં **'અનાદિ સે પુદ્‌ગલ કર્મ કે સંયોગ સે...'** કર્મના નિમિત્તના સંબંધમાં **'અજ્ઞાન મિથ્યાત્વ રાગદ્વેષાદિક વિભાવરૂપ પરિણમતા હૈ...'** અજ્ઞાન લીધું પહેલું. એ સ્વરૂપનું ભાન નહિ (એ) અજ્ઞાન, સ્વરૂપની શ્રદ્ધા નહિ-વિપરીત શ્રદ્ધા અને રાગ-દ્વેષ આદિનું વિભાવ પરિણમન એ અનાદિથી છે. જેમ વસ્તુ દર્શન-જ્ઞાનમય ચેતનાસ્વરૂપ અનાદિની છે, એમ આ ભૂલ પણ અનાદિની છે કહે છે. આહાહા..! કર્મના સંગે-સંબંધે ગયો એમાં અજ્ઞાન, મિથ્યા શ્રદ્ધા અને રાગ-દ્વેષનું આચરણ એ અનાદિનું છે. **'ઈસલિયે નવીન કર્મબંધ કે સંતાન સે...'** એવા મિથ્યાજ્ઞાન, મિથ્યાશ્રદ્ધા, મિથ્યા રાગ-દ્વેષનું આચરણ એને કારણે કર્મબંધનું સંતાન એક પછી એક, એક પછી એક પ્રવાહ. **'સંસાર મેં ભ્રમણ કરતા હૈ.'** ચોર્યાસી લાખના અવતારમાં રખડે છે ઈ. આહાહા..!

**'જીવકી પ્રવૃત્તિ કે સિદ્ધાંત મેં...'** જીવની પર્યાયની પ્રવૃત્તિના સિદ્ધાંતમાં **'સામાન્યરૂપ સે ચૌદહ ગુણસ્થાન નિરૂપણ કિયે હૈં,...'** પર્યાયમાં પ્રવૃત્તિના ચૌદ પ્રકાર ગુણસ્થાનના. જેમ મેડીએ ચડવામાં દાદરો હોય છે ચૌદ પગથિયા, એમ આ ચૌદ ગુણસ્થાનનું સામાન્યપણે કથન કર્યું. **'ઈનમેં મિથ્યાત્વ કે ઉદય સે...'** વિપરીત માન્યતા. પોતે આનંદ અને જ્ઞાન પરિપૂર્ણ હોવા છતાં પોતાને રાગ ને શરીર ને કર્મવાળો માનવો એ મિથ્યાશ્રદ્ધા છે. **'મિથ્યાત્વ**

**ગુણસ્થાન હોતા હૈ.**' કહો, મિથ્યાત્વના ઉદયથી... ઉદયનો અર્થ જ એ છે મૂળ તો, પરિણમન થયું વિપરીત એને કારણે મિથ્યાત્વ ગુણસ્થાન હોય છે. પહેલું ગુણસ્થાન. આમ તો પહેલો નંબર સારો કહેવાય. નહિ? અહીં તો પહેલું ગુણસ્થાન ખરાબ કહેવાય. એ જુદી વાત છે, આ જુદી વાત છે. અનાદિથી ભગવાન પૂર્ણાનંદનો નાથ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ, દર્શન-જ્ઞાનમય ચૈતન્યસ્વરૂપ એવી ચીજ પોતાને તે રીતે ન જાણતા, ન માનતા, ન આચરણ કરતાં વિપરીત શ્રદ્ધા કરીને, વિપરીત જ્ઞાન અને વિપરીત આચરણમાં પરિભ્રમણ કરી રહ્યો છે. એમાં એની પહેલી દશા મિથ્યાત્વ હોય છે કહે છે.

'**મિથ્યાત્વ કી સહકારિણી અનંતાનુબંધી કષાય હૈ,...**' એ કષાય હોય છે. અનંત સંસારનું કારણ અથવા મિથ્યાત્વને સહચર—સાથે. '**કેવલ ઉસકે ઉદય સે સાસાદન...**' અહીં ગુણસ્થાનની વ્યાખ્યા કરે છે. એને બીજું ગુણસ્થાન કહીએ. સાસાદન. અનંતાનુબંધીનો એકલો કેવળ ઉદય એને બીજું ગુણસ્થાન, બીજી ભૂમિકા (કહે છે). '**ઔર સમ્યક્ત્વ મિથ્યાત્વ દોનોં કે મિલાપરૂપ મિશ્રપ્રકૃતિ કે ઉદય સે મિશ્રગુણસ્થાન હોતા હૈ,...**' એ મિશ્ર ત્રીજું. '**તીન ગુણસ્થાનોં મેં તો આત્મભાવના કા અભાવ હી હૈ.**' ત્રણે ગુણસ્થાનમાં આત્મભાવનાનો અભાવ છે, ત્રણેમાં આત્માની ભાવના નથી.

'**જબ કાલલબ્ધિ કે નિમિત્ત સે...**' એ તો લીધું છેને મોક્ષમાર્ગ પ્રકાશકમાં. કાળલબ્ધિ હશે ત્યારે થાશે, ભવિતવ્યતાથી થાશે, કર્મનો ઉપશમ હોય તો થશે કે પુરુષાર્થ કર્યે થશે, કઈ રીતે થશે? ત્યાં એ લીધું. વાત બરાબર છે. જ્યારે એ આત્માના સ્વભાવનો પુરુષાર્થ કરશે ત્યારે તેને પાંચેય કારણ સાથે મળી જશે. એ વસ્તુનો ખુલાસો શાસ્ત્ર આધારે જોઈએને. સમજાણું કાંઈ? મોક્ષમાર્ગપ્રકાશકમાં એ ખુલાસો કર્યો છે. ભાઈએ પણ એ આધાર આપ્યો છે. નેમિચંદ પાટણી, ભાઈ ઓલા. આત્માવલોકન. આત્માવલોકન છેને? એમાં આવ્યું છેને કાળલબ્ધિ. હેઠે ખુલાસામાં એણે આ આધાર આપ્યો છે. મોક્ષમાર્ગપ્રકાશકનો આખો, આખો આધાર છેને એ. એક કારણ હોય ત્યાં પાંચેય કારણ હોય જ છે. જે આ ભગવાને કહેલો સ્વભાવ સન્મુખનો પુરુષાર્થ કરે એને પાંચેય કારણ ત્યાં હોય છે. એ જે કાળે જે કાર્ય થયું તે કાળલબ્ધિ, એમ ખુલાસો કર્યો છે. આ અમારે બહુ વર્ષ પહેલાં ચાલતું દામોદર શેઠની સાથે. દામોદર શેઠ કહે કે અત્યારે આપણે પુરુષાર્થ કાંઈ નહિ ચાલે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ વળી એમ કહેતા હતા એ તો. સર્વજ્ઞ છેને એ તો? પુરુષાર્થ ન હોય. કીધું, પુરુષાર્થ વિના એકેય કામ જ ન હોય લ્યો! જુઓ, કીધું, આ શું કીધું ...? આ તો ૮૩ની અંદર વાત ચાલી હતી. ૮૩ની સાલ. મોક્ષમાર્ગપ્રકાશકમાં તો એમ કહ્યું, કાળલબ્ધિ

કુછ વસ્તુ નહિ. જે સમયે પુરુષાર્થથી પાકે પર્યાય—કાર્ય એનું નામ કાળલબ્ધિ. મોક્ષમાર્ગપ્રકાશકમાં એ ખુલાસો છે. શાસ્ત્ર આધારનો ખુલાસો છે.

મુમુક્ષુ :- ... એકલો પુરુષાર્થ કરે તો એકાંત થઈ જાય.

ઉત્તર :- એકલો પુરુષાર્થ નહિ, આ તો સાથે કીધુંને. પુરુષાર્થ સ્વભાવનો કરતા પાંચેય ભાવ સાથે હોય છે. સ્વભાવ સન્મુખ પુરુષાર્થ કરતા સ્વભાવ આવ્યો, પુરુષાર્થ આવ્યો. એ સમયે કાળ પાકવાનો કાળ આવ્યો, ભવિતવ્ય એ જાતનો ભાવ અને એ વખતે કર્મનો એવો જ અભાવ હોય અંદર એ નિમિત્ત આવ્યું. પાંચેય આવી ગયું. આ તો મોટો પ્રશ્ન હતોને આ તો અમારે ત્યાં. દામોદર શેઠની શ્રદ્ધા એવી, મૂળચંદજીની એવી બધી લાઈન. મૂળચંદજી વળી (કહે), કેવળીએ દીઠું એમ થાશે. અત્યારે આપણે કાંઈ ન કરી શકીએ. આ વળી કહે, જે ભગવાન જ્યારે થયા જે જે કાળે, જુઓ! ચોવીસ તીર્થંકર થયા, ચક્રવર્તી, એ ફરે એવું છે? એમ જે સમયે જે થાશે તે થાશે. એમાં પુરુષાર્થ શું? પણ ક્યારે થશે ઈ? આ જે સમયે થશે એ જાણ્યું ક્યારે? અને જાણવામાં આવે ક્યારે ચારેય? એ આત્માના સ્વભાવ સન્મુખ થાય, એકાગ્ર થાય ત્યારે પાંચેય સમવાય સાથે આવી જાય છે. આહાહા..! પાંચેય સમવાયની વાત આવે છે એમાં નિહાલભાઈમાં.

‘**કાલલબ્ધિ કે નિમિત્ત સે**...’ એટલે કે સ્વભાવ સન્મુખ પુરુષાર્થ કરવાથી જે સમયે જે પ્રકારનો સ્વકાળ થવાનો હોય છે તે થાય છે ત્યાં. બીજી રીતે કાળલબ્ધિ કહીએ તો દરેક દ્રવ્યની એ સમયનો પર્યાય એ કાળલબ્ધિ. આ વસ્તુસ્થિતિ એમ છે. એ સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષાનો આધાર. તે સમયનો તે પર્યાય તે એની કાળલબ્ધિ છે. તે કાળલબ્ધિનું જ્ઞાન ક્યારે થાય? આહાહા..! સ્વભાવ ચૈતન્ય પૂર્ણ શુદ્ધ ધ્રુવ એમાં એકાગ્ર થાય ત્યારે તેનું જ્ઞાન થાય. આહાહા..! આનંદઘનજીએ કહ્યું ‘કાળલબ્ધિ લઈ પંત નિહાળશું એ આશા અવલંબ, એ જન જીવે રે જિનજી જાણજો. આનંદઘન મત...’ આનંદઘનજીમાં આવે છે ઈ. આ બધી ચર્ચાઓ તો બધી ૪૫ વર્ષ પહેલા થઈ હતી ખૂબ. પણ એ વસ્તુસ્વરૂપ જે સર્વજ્ઞે એમ કહ્યુંને? એણે પણ ખુલાસો કર્યો મોક્ષમાર્ગપ્રકાશકમાં કે જિનદેવે કહેલા જે કારણો મોક્ષના એ સેવે એને પાંચેય સમવાય સાથે પાકી ગયા. આહાહા..! વસ્તુ આમ (છે). તારે વાતું કરવી છે એકલી?

જેણે જિનદેવે કહેલો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો માર્ગ, એ માર્ગ સેવતા પાંચેય સમવાય સાથે પાકી જાય છે. આહાહા..! ત્યાં તો એમ કીધું છે કે કાળલબ્ધિ કુછ વસ્તુ નહિ. તો એમાં ભડકતા હતા એ. આ કેવળી થઈ ગયો ટોડરમલ? એમ બોલ્યા હતા. કાળલબ્ધિ કુછ વસ્તુ નહિ એમ કહે છે. જે કાળે જે કાર્ય થાય તે કાળલબ્ધિ. વાત તો એ છેને. દરેક

દ્રવ્યની પર્યાયનો સ્વકાળ હોય છેને? તે સ્વકાળ એની કાળલબ્ધિ. આહાહા..! પણ એનો પુરુષાર્થ કરે ત્યારે તેનું જ્ઞાન થાય. શ્રીમદ્દે કહ્યું નહિ? 'ભવસ્થિતિ આદિ નામ લઈ છેદો નહિ આત્માર્થ.' આત્માના પ્રયોજનના અર્થને છેદો નહિ. ભવસ્થિતિ હશે, ફલાણું હશે. રહેવા દે ભાઈ! 'જો ઈચ્છો પરમાર્થ તો કરો સત્ય પુરુષાર્થ.' એમ આવ્યુંને? એ પહેલી લીટી છે. 'જો ઈચ્છો પરમાર્થ તો' બાપુ! તારે પરમાર્થ ઈચ્છવો છે? 'કરો સત્ય પુરુષાર્થ' સ્વભાવ સન્મુખનો પુરુષાર્થ કર, ભાઈ! આહાહા..! 'ભવસ્થિતિ આદિ નામ લઈ છેદો નહિ આત્માર્થ.' એટલે કે આત્મા તરફનું વજન છોડી દઈને પર ઉપર વજન જાય છે એ આત્માના પુરુષાર્થને છેદી નાખે છે. આહાહા..!

'**જીવાજીવ પદાર્થોં કા જ્ઞાન-શ્રદ્ધાન હોને પર...**' જીવ અને અજીવ. ભગવાન આત્મા ચૈતન્યસ્વરૂપ જીવ અને રાગાદિ શરીર આદિ બધા અજીવ. બેમાં ભેદ પાડે તો આટલા જ ભેદ છે, બસ. આહાહા..! '**જીવાજીવ પદાર્થોં કા જ્ઞાન-શ્રદ્ધાન હોને પર...**' જીવ અને અજીવ બેનું સાચું જ્ઞાન અને સાચી શ્રદ્ધા '**હોને પર સમ્યક્ત્વ હોતા હૈ...**' ત્યારે એને સમ્યક્ થાય છે. આહાહા..! '**તબ ઈસ જીવ કો અપના ઔર પર કા,...**' ત્યારે તે જીવને પોતાનું અને પરનું, હિત-અહિતનું '**તથા હેય-ઉપાદેય કા જાનના હોતા હૈ,...**' ઉપાદેય ત્રિકાળી સ્વભાવ છે, આસ્રવ આદિ હેય છે એવું એને સાચું જ્ઞાન થાય છે. હિત-અહિત અને હેય-ઉપાદેય. ઓલામાં લીધું છેને? સંવર હિતકર છે, મોક્ષ પરમ હિતકર છે. નિર્જરા હિતકર છે, મોક્ષ પરમ હિતકર, સંવર ઉપાદેય છે. એમ લીધું છે. સંવર ઉપાદેય છે, નિર્જરા હિતકર છે, બંધ હેય છે, અહિતકર છે, મોક્ષ પરમ હિતકર છે. મોક્ષમાર્ગપ્રકાશકમાં એ શબ્દ (છે). આ તો હિત-અહિત શબ્દ આવ્યોને અંદર? હિતકર તો નિર્જરા અને મોક્ષ છે. અહિતકર આસ્રવ, પુણ્ય-પાપ અને બંધ છે. હેય-ઉપાદેય. એ આસ્રવ, બંધ આદિ હેય છે અને સંવર આદિ ઉપાદેય પ્રગટ કરવાની અપેક્ષાએ, નિશ્ચયથી ઉપાદેય ભગવાન આત્મા છે. આહાહા..!

'**હેય-ઉપાદેય કા જાનના હોતા હૈ, તબ આત્માકી ભાવના હોતી હૈ,...**' એટલે ત્યારે આત્મામાં એકાગ્ર થાય છે. ભાવનાનો અર્થ એ. જ્યારે જીવ અને અજીવનું, હેય-ઉપાદેયનું, હિત-અહિતનું જ્ઞાન થાય ત્યારે સ્વસ્વભાવ સન્મુખની એકાગ્રતા થાય. આહાહા..! ચૈતન્યદળ ભગવાન આત્મા એમાં જેની એકાગ્રતા થાય. આ એનું કર્તવ્ય છે. ત્યારે એને સમ્યગ્દર્શન '**તબ અવિરત નામ ચૌથા ગુણસ્થાન હોતા હૈ.**' લ્યો! ત્યારે એને અવિરતિ નામનું ચોથું ગુણસ્થાન હોય છે. આહાહા..! ત્રિકાળી શુદ્ધ આત્મા ઉપાદેય છે, આદરણીય પર્યાયમાં સંવર અને નિર્જરા અને મોક્ષ એ ઉપાદેય છે, સંવર, નિર્જરા હિતકર, મોક્ષ પરમ હિતકર

છે. એવું ભાન થતાં એને આત્માના અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવતા એને અવિરત નામનું ચોથું ગુણસ્થાન કહેવામાં આવે છે.

'**જબ એકદેશ પરદ્રવ્ય સે નિવૃત્તિ કા પરિણામ હોતા હૈ,...**' હવે પાંચમાની વાત કરે છે. સ્વરૂપમાં આનંદના સ્વાદ સહિત હેયાહેય અને ઉપાદેયનું જ્ઞાન થાય છે ત્યારે આત્મામાં એકાગ્ર થાય છે, આત્મામાં એકાગ્ર થાય છે ત્યારે અવિરત ચોથું ગુણસ્થાન હોય છે. લ્યો! આ નિશ્ચય છે એ વ્યવહાર ... વ્યવહાર કેવો? આ તો નિશ્ચય ગુણસ્થાન છે ચોથું. એમ કે ચોથે વ્યવહાર સમ્યગ્દર્શન હોય છે. વીતરાગભાવ થાય ત્યારે નિશ્ચય (સમ્યગ્દર્શન). એ તો અપેક્ષા રાગની અપેક્ષાએ. અહીં ક્યાં? વસ્તુની અપેક્ષાએ તો નિશ્ચય છે. જેવું સિદ્ધનું સમકિત છે એવું તિર્યંચનું સમકિત છે. આહાહા..! તિર્યંચને ચોથે સમકિત છે એ વ્યવહાર? અને સિદ્ધને સમકિત નિશ્ચય? તો બેને એક કેમ કહ્યા? તો એ તો એમ કહે છેને કે ભૂલ્યા છે ઈ. ટોડરમલજીની ભૂલ થઈ છે, શ્રીમદ્‌ની ભૂલ થઈ છે એમ કહે છે. સ્વતંત્ર છે. એને બેસે એવું (કહે). આહાહા..! મોક્ષમાર્ગ પ્રકાશકવાળાની ભૂલ થઈ, શ્રીમદ્‌ની ભૂલ થઈ છે, એમ તમારી આ બધી ભેગી થાય છે ચોથે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- માને બિચારા, એને એ જાતનું વલણ હોય છેને. અમારે ચેતનજીના એ તો સહચારી હતા. નહિ? ત્રણ વર્ષ રહ્યા હતા. .. દિશાએ હું જતો હતો, તમે જતા હતા, નહિ? એ જીથરીના રસ્તા સુધી. વાવ હતી વાવ ત્યાં. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના ના. એ એને ઘરે. આહાહા..!

અહીં તો કહે છે, સમ્યગ્દર્શન એ તો આત્માનો અનુભવ થઈને આત્માના સ્વાદનો આનંદ આવીને પ્રતીત થાય એને અવિરત ચોથું ગુણસ્થાન કહે છે. આહાહા..!

એ ઉપરાંત '**જબ એકદેશ પરદ્રવ્ય સે નિવૃત્તિ કા પરિણામ હોતા હૈ, તબ જો એકદેશચારિત્રરૂપ પાંચવા ગુણસ્થાન હોતા હૈ...**' લ્યો! અંદર સ્વરૂપની શાંતિ, રાગની નિવૃત્તિ, બીજા કષાયની નિવૃત્તિ અને શાંતિની પ્રાપ્તિ. આહાહા..! '**પાંચવા ગુણસ્થાન હોતા હૈ...**' ત્યારે એને પાંચમું ગુણસ્થાન હોય છે. અંતર અહીં તો એ લીધું. '**પરદ્રવ્ય સે નિવૃત્તિ કા પરિણામ...**' એમ લીધુંને? '**એકદેશ પરદ્રવ્ય સે નિવૃત્તિ કા પરિણામ...**' એમ. એ તો ઓલો રાગ વચ્ચે બાર વ્રતનો આવે એને ન લીધું. ફક્ત એનાથી રાગથી નિવૃત્તિરૂપ શાંતિના પરિણામ જે વધી ગયા આનંદ. આહાહા..! એકદેશ રાગથી નિવૃત્તિને દેશસંયમ કહીએ એવું પંચમ ગુણસ્થાન એને કહેવામાં આવે છે. આહાહા..! '**ઉસકો શ્રાવકપદ કહતે હૈં.**'

લ્યો! એને શ્રાવકપદ કહીએ.

'**સર્વદેશ પરદ્રવ્ય સે નિવૃત્તિરૂપ પરિણામ હો...**' સર્વ પ્રકારે પરદ્રવ્યથી '**નિવૃત્તિરૂપ પરિણામ હો તબ સકલચારિત્રરૂપ છઠ્ઠા ગુણસ્થાન હોતા હૈ,...**' જયચંદ પંડિતની શૈલી બહુ (સરસ). શબ્દોની તુલના કરી કરીને શબ્દ... બહુ ભાઈ! '**સર્વદેશ પરદ્રવ્ય સે નિવૃત્તિરૂપ પરિણામ હો તબ સકલચારિત્રરૂપ છઠ્ઠા ગુણસ્થાન હોતા હૈ,...**' આહાહા..! '**ઈસમેં કુછ સંજ્વલન ચારિત્રમોહ કે તીવ્ર ઉદય સે...**' ચારિત્રમોહનો તીવ્ર ઉદય છેને હજી છઠ્ઠે? '**સ્વરૂપ કે સાધને મેં પ્રમાદ હોતા હૈ...**' એ વિકલ્પ આવે છેને એમાં પ્રમાદ (છે), પર તરફ ઢળી જાય છે એટલો. આહાહા..! છઠ્ઠા ગુણસ્થાનમાં પંચ મહાવ્રતના વિકલ્પ આદિ, દેવ-ગુરુ-શાસ્ત્ર તરફનું ઝુકવું એ ભાવ પણ સંસાર તરફ ઝુકેલો છે કહે છે. આહાહા..! એટલો પ્રમાદભાવ છઠ્ઠા ગુણસ્થાનમાં હોય છે. આહાહા..! માર્ગ તે માર્ગ પણ. આ ક્યાં નવો કરેલો છે? આ તો અનાદિનો છે જ.

'**ઈસલિયે ઈસકા નામ પ્રમત્ત હૈ, યહાં સે લગાકર ઉપર કે ગુણસ્થાનવાલોં કો સાધુ કહતે હૈં.**' લ્યો! છઠ્ઠેથી માંડીને. જુઓને પ્રમત્તથી માંડ્યુંને? '**ઉપર કે ગુણસ્થાનવાલોં કો સાધુ કહતે હૈં.**' '**જબ સંજ્વલન ચારિત્રમોહ કા મંદ ઉદય હોતા હૈ...**' હવે છઠ્ઠા પછી સાતમાની વ્યાખ્યા. '**સંજ્વલન ચારિત્રમોહ કા મંદ ઉદય હોતા હૈ તબ પ્રમાદ કા અભાવ હોકર...**' ત્યારે પ્રમાદ જે છઠ્ઠે ગુણસ્થાને. આહાહા..! પંચ મહાવ્રતના પરિણામ એ પ્રમાદ. વ્યવહાર પાંચ સમિતિ, ગુપ્તિ એ પ્રમાદ. આહાહા..! દેવ-ગુરુ-શાસ્ત્રનો વિનય કરવો એ પ્રમાદ. આહાહા..! એવો પ્રમાદભાવ છઠ્ઠે ગુણસ્થાને હોય છે મુનિને. આહાહા..! પણ જેની પરદ્રવ્યથી નિવૃત્તિ ઘણી થઈ ગઈ છે કહે છે. એટલે કે સ્વદ્રવ્યમાં રતિ અને રમણતા ઘણી વધી ગઈ છે એમ. પરદ્રવ્યથી ખસી ગયો એમ સ્વદ્રવ્યમાં લીનતામાં વધી ગયો એમ કહે છે. આહાહા..! એને કહીએ સાધુ.

અને '**જબ સંજ્વલન ચારિત્ર કા મંદ ઉદય હોતા હૈ તબ પ્રમાદ કા અભાવ હોકર સ્વરૂપ કે સાધને મેં બડા ઉદ્યમ હોતા હૈ...**' આહાહા..! કહો, હજી છઠ્ઠે પણ સ્વરૂપના સાધનમાં મોટો ઉદ્યમ નથી એમ કહે છે. આહાહા..! કહો, ચોથે, પાંચમે તો એટલો છે નહિ. આહાહા..! પણ છઠ્ઠે ગુણસ્થાને પણ એટલો મોટો પુરુષાર્થ નથી. આહાહા..! છે? બહુ સરસ લખ્યું છે. ઓહોહો..! અરે! કહે છે કે છઠ્ઠે ગુણસ્થાને પણ મોટો સાવધાન નથી. અહીંયા તો અભાવ થઈને. આહાહા..! લખ્યુંને? '**તીવ્ર ઉદય સે સ્વરૂપ કે સાધને મેં પ્રમાદ હોતા હૈ...**' છઠ્ઠે. '**સ્વરૂપ કે સાધને મેં પ્રમાદ હોતા હૈ...**' આહાહા..! ત્યારે સાતમામાં '**બડા ઉદ્યમ હોતા હૈ...**' એની સામે છે એ શબ્દ. '**તબ ઈસકા નામ અપ્રમત્ત,**

**ઐસા સાતવાં ગુણસ્થાન હૈ,...**' લ્યો! એનું નામ અપ્રમત્ત ગુણસ્થાન. પણ એ છઠ્ઠું-સાતમું ગુણસ્થાન મુનિને અનેક વાર આવે. ક્ષણમાં છઠ્ઠું, ક્ષણમાં સાતમું, ક્ષણમાં છઠ્ઠું, ક્ષણમાં સાતમું. એવી દશા મુનિને હોય છે.

'**ઈસમેં ધર્મધ્યાનકી પૂર્ણતા હૈ.**' લ્યો! ધર્મધ્યાન તો ચોથેથી શરૂ થઈ ગયું છે કહે છે. પણ અપ્રમત્તદશામાં પૂર્ણ ધર્મધ્યાન છે. પછી શુક્લધ્યાન થાશેને. આઠમાથી તો શુક્લધ્યાન થાય છે. ત્યારે ઓલા રતનચંદજી કહે, શુભભાવમાં ધર્મધ્યાન હોય છે. અરે! પ્રભુ! કંઈક માણસોને પોતાની કલ્પનાથી માર્ગને ... બાપુ! માર્ગ જે છે એને કેમ ફેરવાય? ભાઈ! પાળી ન શકે તેથી કાંઈ બચાવ કરવો એવો માર્ગ નથી. આ તો અનાદિ કેવળી પરમાત્મા તીર્થંકરદેવનો ધોખ માર્ગ પ્રવર્તે છે. એમાં બીજાના ગજા નહિ અંદર. ફેરફાર કરવો એમ ન કામ આવે, ભાઈ! આહાહા..!

'**જબ ઈસ ગુણસ્થાન મેં સ્વરૂપ મેં લીન હો તબ સાતિશય અપ્રમત્ત હોતા હૈ,...**' એ ગુણસ્થાનથી પાછો પડી જાય છેને કોઈ છઠ્ઠે? એમ ન લેતા હવે આગળ વધારે છે. '**સ્વરૂપમેં લીન હો તબ સાતિશય અપ્રમત્ત હોતા હૈ, શ્રેણી કા પ્રારંભ કરતા હૈ.**' ગુણસ્થાન સાતમામાં ખૂબ આનંદમાં લીન (થાય) '**તબ સાતિશય અપ્રમત્ત હોતા હૈ,...**' સાતિશય એટલે ખાસ અપ્રમત્ત કે જે આગળ વધી જશે, એમ. આઠમામાં જશે એવું એ અપ્રમત્ત હશે એમ. સાતિશય—વિશેષ અતિશયવાળું. વિશેષ. આહાહા..! શ્રેણીનો પ્રારંભ એટલે પછી સ્વરૂપમાં સ્થિરતાની ધારા વહે છે. આનંદસ્વરૂપ ભગવાનમાં સ્થિરતાની શ્રેણી, શ્રેણી એટલે ધારા (વહે છે). જેમ નીસરણી ચડતો હોય માણસ એમ શુદ્ધતાની ધારાએ વધતો હોય છે ત્યાં. આહાહા..!

'**તબ ઈસસે ઉપર ચારિત્રમોહ કા અવ્યક્ત ઉદયરૂપ...**' રહે, થોડો ચારિત્રનો ઉદય તો છે હજી, કહે છે. અવ્યક્ત—પ્રગટ બુદ્ધિપૂર્વક નહિ. '**અપૂર્વકરણ...**' આઠમું ગુણસ્થાન. '**અનિવૃત્તિકરણ,...**' નવમું. '**સૂક્ષ્મસાંપરાય...**' દસમું લ્યો! એમાં ચારિત્રમોહનો અવ્યક્ત ઉદય છે. બુદ્ધિપૂર્વક નહિ, અબુદ્ધિપૂર્વક છે અંદર રાગ. રાગ આઠમે, નવમે, દસમે (છે). આહાહા..! '**યે તીન ગુણસ્થાન હોતે હૈં. ચૌથે સે લગાકર દસવેં સૂક્ષ્મસાંપરાય તક કર્મ કી નિર્જરા વિશેષરૂપ સે ગુણશ્રેણીરૂપ હોતી હૈ.**' લ્યો! અહીં તો લીધું. ચોથામાં લીધું. અનંતાનુબંધી મિથ્યાત્વ ગયું છેને, એ ધારા શુદ્ધતા કાયમ રહે છેને એમ. એને લઈને અશુદ્ધતા અંશે અંશે ઘટતી જાય છે. ચોથા ગુણસ્થાનથી લઈને દસમા ગુણસ્થાન સુધી કર્મની નિર્જરા, પૂર્વના કર્મ છે તે નિર્જરી જાય, ખરી જાય છે. '**વિશેષરૂપ સે ગુણશ્રેણીરૂપ હોતી હૈ.**' લ્યો!

‘**ઈસસે ઉપર મોહકર્મ કે અભાવરૂપ ગ્યારહવાં, બારહવાં, ઉપશાંતકષાય ક્ષીણકષાય ગુણસ્થાન હોતે હૈં.**’ લ્યો! ઓલામાં ચારિત્રમોહના અવ્યક્ત ઉદયરૂપ એમ કહ્યું હતું. અહીંયા મોહકર્મના અભાવરૂપ. અગિયાર, બાર ને ઉપશાંત અને ક્ષીણ. એટલે અગિયાર-બારના બે ભાગ પાછા એમ. ઉપશાંત અને ક્ષીણ. એ ચાર ગુણસ્થાન નથી. અગિયારમું ઉપશાંત ક્ષીણ અને બારમું ક્ષીણ એમ. અગિયારમું ઉપશાંત અને બારમું ક્ષીણ એમ. અગિયારમું ઉપશાંત છે એકલું અને બારમું એકલું ક્ષીણકષાય છે. ‘**ઈસકે પીછે શેષ તીન ઘાતિયા કર્મોં કા નાશ કર અનંત ચતુષ્ટય પ્રગટ હોકર અરહંત હોતા હૈ...**’ ત્યારે અરિહંતપદ પ્રાપ્ત થાય. અર્હંત શબ્દ વાપર્યો છે. આહાહા..! અગિયારમું-બારમું છેને. ઓલી શ્રેણી લક્ષમાં રહી ગઈ. આઠમે, નવમે, દસમે ઉપશમશ્રેણી, ક્ષપકશ્રેણી છેને બે. અહીં તો એકલું અગિયારમું ઉપશમ અને બારમું ક્ષય. આઠ, નવ, દસમું ઉપશમ અને ક્ષપક બેય શ્રેણી હોય છે. કોઈને ઉપશમ શ્રેણી પણ હોય, કોઈને ક્ષપક શ્રેણી પણ હોય. શ્રેણી કીધી તે સમુચ્ચય.

‘**યહ સયોગી જિન નામ ગુણસ્થાન હૈ,...**’ તેરમું ગુણસ્થાન કેવળી પરમાત્મા. જેને ત્રણકાળ ત્રણલોકનું જ્ઞાન થાય, અનંત આનંદ આવે, અનંત વીર્યની જાગૃતિ હોય અને અનંત દર્શી શક્તિ અનંત દૃષ્ટા પ્રગટી હોય. લ્યો! ‘**યહ સયોગી જિન નામ ગુણસ્થાન હૈ...**’ ત્યાં યોગની પ્રવૃત્તિ હોય છે હજી. કંપન્ન હોય છે કંપન્ન, પ્રદેશનું કંપન્ન. ‘**યોગોં કા નિરોધકર અયોગી જિન નામ કા ચૌદહવાં ગુણસ્થાન હોતા હૈ,...**’ હવે લ્યો! પછી ચૌદમું છેલ્લું. અયોગી ભૂમિકા ચૌદમી. ‘**યહાં અઘાતિયા કર્મોં કા ભી નાશ કરકે લગાતાર હી અનંતર સમય મેં નિર્વાણપદ કો પ્રાપ્ત હોતા હૈ, યહાં સંસાર કે અભાવ સે મોક્ષ નામ પાતા હૈ.**’ લ્યો! આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભોજન... એ તો છઠ્ઠે બંધ, સાતમેથી બંધ છે. અમથું સાતમું હોય તો એ વખતે ભોજનનો બંધ નથી. અમથું સાતમું હોય તોપણ. આહાહા..! એ અંદર આવી જાય છે. એ વખતે ત્યાં લક્ષ હોતું નથી. ઝીણી વાત છે. બહુ થોડો કાળ છે. એ કોળિયો-બોળિયો (લીધો) ત્યાં અપ્રમત્તમાં ગયા. અપ્રમત્તપણું હોય ત્યારે એ ઉપર લક્ષ હોતું જ નથી. ક્રિયા દેખાય બહારની. બહુ સૂક્ષ્મ કાળ છેને. છઠ્ઠું-સાતમું... છઠ્ઠું-સાતમું તો એક અંતર્મુહૂર્તમાં હજારો વાર આવે. એવું કહ્યું છે. લ્યો! પહેલા ગુણસ્થાનથી ચૌદ સુધી લઈ ગયા અને મોક્ષ સુધી લઈ ગયા.

‘**ઈસપ્રકાર સબ કર્મોં કા અભાવરૂપ મોક્ષ હોતા હૈ,...**’ લ્યો! આ પ્રકારે બધા કર્મનો અભાવ થઈને આત્માની મોક્ષદશા, સિદ્ધદશા, પરમાત્મદશા થાય. ‘ઈસકે કારણ...’

એ મોક્ષનું કારણ '**સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહે. ઈનકી પ્રવૃત્તિ ચૌથે ગુણસ્થાન સે સમ્યક્ત્વ પ્રગટ હોને પર એકદેશ હોતી હૈ,...**' જયસેનાચાર્યનો શબ્દ એ છે ભાઈ! જયચંદ પંડિતનો. '**હોને પર એકદેશ કહે.**' અહીં '**હોતી હૈ,...**' એમ લખ્યું છે. એકદેશ કહીએ એવો શબ્દ છે. જયચંદ પંડિતનું મૂળનું. એને એકદેશ કહીએ એમ. '**સબ કર્મોં કા અભાવ મોક્ષ હોતા હૈ, ઈસકે કારણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહે ઈનકી પ્રવૃત્તિ...**' હવે ત્રણની. '**ચૌથે ગુણસ્થાન સે સમ્યક્ત્વ પ્રગટ હોને પર એકદેશ હોતી હૈ,...**' એકદેશ એને કહીએ. લ્યો! ચોથે ગુણસ્થાને પણ દર્શન-જ્ઞાન-ચારિત્ર એકદેશ કહે છે. આહાહા..! અનંતાનુબંધી ગયો એટલી સ્થિરતા છેને એટલી. આગ્રહ ઘણા માણસને.

મુમુક્ષુ :- એ ત્રણે ભેદરૂપ તો...

ઉત્તર :- એ ભેદ નહિ, અભેદ સાથે ભેગું હોય છે. ત્રણે અભેદ છેને.

**दंसणणाणचरित्ताणि सेविदव्वाणि साहुणा णिच्चं।**
**ताणि पुण जाण तिण्णि वि अप्पाणं चेव णिच्छयदो।।१६।।**

૧૬મી. પણ અંશે છે અહીં તો. એકદેશ કીધુંને? એને એકદેશ કહીએ, એમ. બસ.

'**યહાં સે લગાકર આગે જૈસે જૈસે કર્મ કા અભાવ હોતા હૈ વૈસે-વૈસે સમ્યગ્દર્શન આદિ કી પ્રવૃત્તિ...**' સમ્યગ્દર્શન આદિ, સમ્યગ્જ્ઞાન-ચારિત્ર આદિ. '**બઢતી જાતી હૈ...**' ત્રણેની વધે છે લ્યો! ચોથે ત્રણે છે. એકદેશ. પાંચમે એથી વધે છે, છઠ્ઠે એથી વધે છે એમ કહે છે. આહાહા..! ભાષા એમ લીધી છે, એ બે અરસપરસ લેશે. ઓલામાં આવ્યું છેને. જેમ જેમ વિજ્ઞાનઘન થતો જાય છે તેમ તેમ... આહાહા..! ભાવાર્થમાં. એમ એ શૈલી લીધી અહીં. એ એની જ છેને એ? જયચંદ્રદ પંડિતની છે. બસ એ શૈલી છે આ.

'**જૈસે જૈસે કર્મ કા અભાવ હોતા હૈ વૈસે-વૈસે સમ્યગ્દર્શન આદિ કી પ્રવૃત્તિ બઢતી જાતી હૈ ઔર જૈસે-જૈસે ઈનકી પ્રવૃત્તિ બઢતી હૈ, વૈસે-વૈસે કર્મ કા અભાવ હોતા જાતા હૈ,...**' અવિનાભાવ સાથે છે. એમ છેને એમાં? આ તો એની શૈલી એની ઢબ જે છે. '**જૈસે-જૈસે કર્મ કા અભાવ હોતા હૈ...**' અહીંયા તો પુરુષાર્થથી જૈસે-જૈસે પ્રવૃત્તિ નિર્મળ થઈ એટલો એ કર્મનો અભાવ થાય છે અને જેમ કર્મનો અભાવ તેમ તેમ સમ્યક્ આદિની પ્રવૃત્તિ વધતી જાય છે. '**જૈસે-જૈસે ઈનકી પ્રવૃત્તિ બઢતી હૈ, વૈસે-વૈસે કર્મ કા અભાવ હોતા જાતા હૈ,...**' એ તો એક સમય છે. એ તો કથનની શૈલી છે. આહાહા..!

'**જબ ઘાતિકર્મ કા અભાવ હોતા હૈ...**' આહાહા..! '**તબ તેરહવેં ગુણસ્થાન મેં અરહંત હોકર જીવનમુક્ત કહલાતે હૈં...**' ભાષા તો ટૂંકી કરવી છે તો શું બોલાય? ત્યારે

પછી એમ કહે છે કે કર્મનો અભાવ ઘાતિનો થાય ત્યારે તેરમું ગુણસ્થાન થાય, પણ એ પુરુષાર્થથી કેવળજ્ઞાન કરે ત્યારે ઘાતિનો અભાવ થાય. ટૂંકામાં બોલવું હોય તો શું (બોલે)? એમ જ હોયને, ભાષા શું હોય? તેરમા ગુણસ્થાનમાં '**અરહંત હોકર...**' અર્હંત શબ્દ વાપર્યો છે. ત્યાં પણ એમ છે. '**જીવનમુક્ત કહલાતે હૈં...**' શરીર અને આયુષ્ય હોય છતાં અંદર મુક્ત છે. કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદ એવી દશા જેને પ્રગટ થઈ ગઈ છે. '**ઔર ચૌદહવેં ગુણસ્થાન કે અંત મેં રત્નત્રય કી પૂર્ણતા હોતી હૈ...**' લ્યો! ત્યાં રત્નત્રયની પૂર્ણતા. સમ્યગ્દર્શન. અંશે એકદેશ ચોથેથી શરૂઆત. ત્રણે સમ્યગ્દર્શન, આત્માની શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતાનો અંશ ચોથેથી. ચૌદમે પૂરું. '**અંત મેં રત્નત્રય કી પૂર્ણતા હોતી હૈ...**' ચૌદમા ગુણસ્થાનને છેડે એમ. પહેલે નહિ. છેને.

'**ઈસલિયે અઘાતિ કર્મ કા ભી નાશ હોકર...**' નામકર્મ આદિનો નાશ થઈને '**સાક્ષાત્ મોક્ષ હોકર...**' એકલું જીવસ્વરૂપ, એકલો જીવ રહી જાય શુદ્ધ ચૈતન્ય બસ. પૂર્ણાનંદનો નાથ. વળી એક જણો પૂછતો હતો જુવાન કે ત્યાં સિદ્ધમાં શું કરતો હશે જીવ? લે! એને ખબર ન મળે બિચારાને મોક્ષ એટલે. આ આત્મા અહીં શું કરે છે? અહીં રાગ ને દ્વેષ ને વિકાર કરે. બીજું કાંઈ કરતો નથી શરીર, વાણી-બાણીનું. એ રાગ-દ્વેષ ને વિકારનો અભાવ થઈને વીતરાગ સર્વજ્ઞપણું એને પરિણમે, એ એને આનંદરૂપ અનુભવે. બીજું શું? આહાહા..! અહીંયા મિથ્યાત્વ અને રાગ-દ્વેષને અનુભવે, મિથ્યાત્વ ગયા પછી રાગ-દ્વેષને અનુભવે, રાગ-દ્વેષ ગયા પછી એકલો યોગ બાકી રહે, એનો અભાવ થઈને અયોગ થઈ જાય. એકલો આત્મા શુદ્ધ ચૈતન્યઘન એનો આનંદ અને શાંતિનું પરિણમન એકલું રહી ગયું. એને એમ કે કાંઈક કરતા હશેને સિદ્ધ ત્યાં જઈને. શું કરતા હશે પણ? આવા મોટા થઈને કાંઈ કરે કે નહિ? એ ઓલો એ છે નહિ તમારો ટી.જી. શાહ.

મુમુક્ષુ :- કોકનું કરે કે નહિ?

ઉત્તર :- હા એમ. એકલા સિદ્ધ... એ તો વળી કોકનું કરે કે નહિ? ટી. જી. શાહ એમ કહે, સિદ્ધ શું કરે? કીધું, કાંઈ ન કરે પરનું. પોતાના આનંદને અનુભવે. અરે! આવા સિદ્ધ? ક્યાં હતું પણ તમારે? કહો, ઓળખતા હતા કે નહિ ચીમનભાઈ? ટી.જી. શાહ. નહિતર ઓલી કોર રહેતા હતા. પહેલા ઓલી કોર રહેતા કાનજીભાઈની, કાનજીભાઈની શેરીમાં. કાનજીભાઈની શેરીમાં રહેતા. આહાહા..! કાંઈ ખબર ન મળે બિચારાને. સિદ્ધ ભગવાન શું કરતા હશે? એમ પૂછ્યું અહીં હીરાભાઈના મકાનમાં. સિદ્ધ ભગવાન પોતાના આનંદની દશાને અનુભવે છે. પરનું કાંઈ કરે છે? કે પરનું હરામ કરે છે કીધું. અહીં કોઈ કરતું નથી. અહીં તો પરનું કરે એ માણસ મોટો કહેવાય. એ.. કાર્યકર! આ તો પૂર્વની અપેક્ષાએ. કો'કનું કરી

દે તો એ મોટો માણસ કહેવાય.

મુમુક્ષુ :- તો કાંઈક કર્યું કહેવાય.

ઉત્તર :- તો કર્યું કહેવાય. પણ પોતાનું કરે પૂરું એ મોટો કહેવાય એની એને ખબર નથી. આહાહા..! દર્શન-જ્ઞાનમય ચૈતન્ય સ્વરૂપ પ્રભુ પોતે આનંદનો નાથ છેને. આહાહા..! એ આનંદની પૂર્ણ દશા રહી જાય, પરિણમે એનું એ કરે છે પરિણમન બસ.

'**સાક્ષાત્ મોક્ષ હોકર સિદ્ધ કહલાતે હૈં.**' લ્યો! એ સિદ્ધ થઈ ગયા. પૂર્ણ દશા પ્રાપ્ત. એકલો આત્મા જેની અપૂર્ણતા નહિ, વિપરીતતા નહિ, પૂર્ણ દશા આનંદ અને પૂર્ણ જ્ઞાન થઈ જાય આ એનું નામ મોક્ષ અને એનું નામ સિદ્ધદશા. આહાહા..! '**ઈસપ્રકાર મોક્ષ કા ઔર મોક્ષ કે કારણકા સ્વરૂપ જિન આગમ સે જાનકર...**' લ્યો! સર્વજ્ઞ ભગવાન પરમેશ્વર જેને ત્રણ કાળ ત્રણ લોકનું જ્ઞાન (થયું) એ કોણ છે એને એણે ઓળખવા જોશે. પછી એણે કહેલા આગમ... આહાહા..! એને આગમથી જાણીને '**સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષ કે કારણ કહે હૈં ઈનકો નિશ્ચય વ્યવહારરૂપ યથાર્થ જાનકર...**' નિશ્ચય સમ્યગ્દર્શન, વ્યવહાર સમ્યગ્દર્શન, નિશ્ચય સમ્યગ્જ્ઞાન, વ્યવહાર સમ્યગ્જ્ઞાન, નિશ્ચય ચારિત્ર, વ્યવહાર ચારિત્ર એને બરાબર જાણીને. '**યથાર્થ જાનકર સેવન કરના.**' લ્યો! ભાષા તો એમ આવેને. વ્યવહારનું સેવન કરવું એમ આવે. જાણે છે એ. વ્યવહારથી કહેવાયને. આહાહા..!

નિશ્ચય સમ્યગ્દર્શન એટલે આત્મા શુદ્ધ પૂર્ણ દર્શન-જ્ઞાન-ચારિત્રમય, આનંદમય છે એનો અંતરમાં શ્રદ્ધાનો ભાવ ભાન થઈને થવું અનુભવ થઈને, એનું નામ નિશ્ચય સમ્યગ્દર્શન. અને દેવ-ગુરુ-શાસ્ત્ર અને નવ તત્ત્વના વિકલ્પવાળી શ્રદ્ધા એ વ્યવહાર સમકિત. આહાહા..! એ કહેવામાત્ર આરોપ આપીને. નિશ્ચય જ્ઞાન સ્વરૂપનું સ્વસંવેદન, આત્માનું જ્ઞાન અંતર થાય એનું નામ નિશ્ચય જ્ઞાન. શાસ્ત્ર આદિનું જ્ઞાન એ બધો વ્યવહાર. એમ નિશ્ચય ચારિત્ર સ્વરૂપમાં રમણતા, ચરવું, રમવું, આનંદનું ભોજન કરવું, અતીન્દ્રિય આનંદના પીણા પીવા. આહાહા..! નિર્વિકલ્પ રસ આનંદનું પીણું એનું નામ ચારિત્ર. વ્યવહારમાં પંચ મહાવ્રતના વિકલ્પ આદિ છે એને વ્યવહાર કહેવામાં આવે છે. હોય છેને નીચે છઠ્ઠે, સાતમે આદિ હોય છે.

'**યથાર્થ જાનકર સેવન કરના. તપ ભી મોક્ષ કા કારણ હૈ ઉસે ભી ચારિત્ર મેં અંતર્ભૂત કર ત્રયાત્મક હી કહા હૈ.**' તપને મોક્ષના કારણમાં ચારિત્રમાં ભેળવી દીધું છે. કારણ કે સ્વરૂપની રમણતા ઉગ્ર એનું નામ તપ છે. તપ કાંઈ બીજી કોઈ ચીજ નથી. ઈચ્છાની ઉત્પત્તિ ન થાય અને અણિચ્છક નિર્મળ વીતરાગી દશા ઉત્પન્ન થાય તેને તપ કહીએ. તપયંતે ઈતિ તપઃ. આનંદનો નાથ પોતાની પરિણતિમાં તપે એટલે શોભે એને તપ કહેવામાં આવે. બધી વ્યાખ્યા ભારે ઝીણી, ભાઈ! આહાહા..! નવાને તો સાંભળવા બેસે તો સમજાય

નહિ, આ શું કહે છે આ? એમાં જાત્રા કરવા ગયા હોય માંડ શેત્રુંજયની. હવે જાત્રા કરવાને ધર્મ માનતા હોય. અહીં (કહે ધર્મ નથી). એ તો એક શુભભાવ છે. અશુભથી બચવા હોય. ધર્મ તે સ્વઆશ્રયે થાય કે પર આશ્રયે થાય? ધર્મી એવો ભગવાન આત્મા પોતાના આશ્રયમાં જાય, એના આશ્રમમાં જાય. આહાહા..! આવે છેને આશ્રમ નહિ? પ્રવચનસારમાં. ગજબ વાત! સંતોની, દિગંબર મુનિની કોઈપણ કથનની પદ્ધતિ અપૂર્વ વાત!! આનંદનું ધામ ભગવાન આત્મા છે એના આશ્રમમાં જાય ત્યારે તેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય. આહાહા..! લ્યો!

'**ચારિત્ર મેં અંતર્ભૂત કર ત્રયાત્મક હી કહા હૈ. ઈસપ્રકાર ઈન કારણોં સે પ્રથમ તો તદ્ભવ હી મોક્ષ હોતા હૈ.**' કોઈને તો આ કારણો પૂર્ણ થઈ જાય તો તે ભવે મોક્ષ થાય. '**જબતક કારણ કી પૂર્ણતા નહીં હોતી હૈ ઉસસે પહલે કદાચિત્ આયુકર્મ કી પૂર્ણતા...**' એ પછી આવશે વાત હવે. બાકી છે એ વાત.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જયેષ્ઠ સુદ ૨, ગુરુવાર તા. ૨૩-૦૫-૧૯૭૪**
**ગાથા - ૧૦૬, પ્રવચન - ૧૫૪**

મોક્ષપાહુડનો ભાવાર્થ ચાલે છે. ૨૯૪ છેને? '**ઈસપ્રકાર ઈન કારણોં સે પ્રથમ તો...**' ત્યાં આવ્યું. બીજા પેરેગ્રાફની ચોથી લીટી. '**ઈસપ્રકાર ઈન કારણોં...**' એટલે સમ્યગ્દર્શન -જ્ઞાન-ચારિત્ર એમાં તપસ્યા ચારિત્રમાં આવી ગઈ. '**પ્રથમ તો તદ્ભવ હી મોક્ષ હોતા હૈ.**' એ પૂર્ણતા કરે સ્વ આત્માના આશ્રયની તો તેને તે ભવે મોક્ષ થાય. '**જબ તક કારણ કી પૂર્ણતા નહીં હોતી હૈ...**' આત્મામાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષનું કારણ એવી પૂર્ણતા જ્યાં સુધી ન થાય '**ઉસસે પહલે કદાચિત્ આયુકર્મ કી પૂર્ણતા હો જાયે...**' એમ કહે છે. સમ્યક્ આત્માનું દર્શન, આત્મજ્ઞાન અને આત્માનો અનુભવ સ્થિરતા, એ દશા પૂર્ણ ન થાય તે પહેલાં જો કદાચિત્ આયુષ્ય બંધ જાય, એમ કહે છે. '**આયુકર્મ કી પૂર્ણતા હો જાયે...**' એમ. '**તો સ્વર્ગ મેં દેવ હોતા હૈ,...**' આત્માનો મોક્ષનો માર્ગ પૂર્ણ ન થાય અને આયુષ્ય બંધાઈ જાય તો સ્વર્ગમાં જાય, દેવ થાય.

'**વહાં ભી યહ વાંછા રહતી હૈ...**' સ્વર્ગમાં જાય. આત્માના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામના સંસ્કાર તો છે. ચારિત્ર ભલે ન હોય ત્યાં, પણ એ ત્યાં જઈને પણ વાંછા

તો એવી રહે છે કે આ શુભયોગનો અપરાધ છે. આયુષ્ય બંધ થઈ ગયું, પૂર્ણતા મારામાં ન આવી, મારો મોક્ષમાર્ગ પૂર્ણ ન થયો, મેં ન કર્યો એથી વચ્ચે આયુષ્ય બંધાઈ ગયું એ શુભ ઉપયોગનું ફળ છે. સ્વર્ગ એ શુભ ઉપયોગનું ફળ છે. '**યહાં સે ચયકર મનુષ્ય હોઉંગા...**' અહીંથી દેવભવ છોડી મનુષ્ય થઈશ. '**તબ સમ્યગ્દર્શનાદિ મોક્ષમાર્ગ કા સેવન કર...**' ત્યારે સમ્યગ્દર્શન-જ્ઞાન, આત્માનું દર્શન એટલે પ્રતીતિ, જ્ઞાન અને સ્થિરતા એને પૂર્ણ કરીને '**સેવન કર મોક્ષ પ્રાપ્ત કરુંગા, ઐસી ભાવના રહતી હૈ,...**' લ્યો! '**તબ યહાં સે ચયકર મોક્ષ પાતા હૈ.**' અહીંયા આત્માનું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું આરાધન કરી અપૂર્ણતા રહી, આયુષ્ય બંધાઈ ગયું અને સ્વર્ગમાં ગયો. ત્યાં પણ ભાવના તો એ જ રહે કે હું ક્યારે મનુષ્ય થાઉં અને મારી દર્શન-જ્ઞાન-ચારિત્રની ભાવના પૂર્ણ થાય. એવી ભાવના સ્વર્ગમાં પણ રહે. '**મોક્ષ પાતા હૈ.**' લ્યો! એ ઉપરનું નાખ્યું છે. એટલે આવું પુસ્તક સાંભળીને કેટલાકને એમ થાય કે આ તો સોનગઢીયું છે, ઘરનું નાખે છે. એટલે એને વિશ્વાસ ન રહે.

'**ઈસ પંચમકાલ મેં...**' આ પંચમ કાળમાં '**દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ કી સામગ્રી કા નિમિત્ત નહીં હૈ ઈસલિયે તદ્ભવ મોક્ષ નહીં હૈ...**' આ ભવમાં મોક્ષ નથી, એમાં પૂર્ણ નિમિત્ત નથી. પૂર્ણ ભાવ એ નિમિત્ત નથીને. શુદ્ધ પૂર્ણ ભાવ જોઈએ એ પણ નથી. તેથી આ ભવમાં મોક્ષ નથી. '**તો ભી જો રત્નત્રય કા શુદ્ધતાપૂર્વક પાલન કરે...**' રત્નત્રયનું શુદ્ધતાપૂર્વક. જુઓ! આ ભવમાં પણ. અહીં પંચમકાલની વાત કરે છે. આમાં પણ સમ્યક્ રત્નત્રયની શુદ્ધતાપૂર્વક પાલન કરે '**તો વહાં સે દેવપર્યાય પાકર પીછે મનુષ્ય હોકર મોક્ષ પાતા હૈ.**' અહીંથી દેવ થાય અને ત્યાંથી મનુષ્ય થઈને મોક્ષ જાય.

'**ઈસલિયે યહ ઉપદેશ હૈ કિ જૈસે બને વૈસે રત્નત્રયકી પ્રાપ્તિ કા ઉપાય કરના,...**' જેમ બને તેમ ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ ધ્રુવ એનું આરાધન કરવું. કહો, બહુ ટૂંકી કીધી. ટૂંકી છે, સહેલી તો છે પણ,.. મોંઘી તો છે, પણ સહેલી આ રીતે થઈ શકે છે. વસ્તુ પોતે શુદ્ધ જ્ઞાનઘન અનંત ગુણનું ધામ વસ્તુસ્વભાવ એની સન્મુખ થઈને આરાધન કરે ત્યારે આ સન્મુખ થયો કહેવાયને? એમાં એકાગ્ર થાય કહો ભાષા. એકાગ્રતાની વાત લીધી છેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. એ વસ્તુનો દ્રવ્યસ્વભાવ એને લક્ષમાં લે ત્યારે એની સન્મુખતા થાય ત્યારે એમાં એકાગ્રતા થાય.

'**ઈસલિયે યહ ઉપદેશ હૈ કિ જૈસે બને વૈસે રત્નત્રયકી પ્રાપ્તિ કા ઉપાય કરના,...**' તો આ ધંધા-વેપાર ક્યારે કરવો? ઈ કહેશે આગળ. અન્ય ચારિત્ર મત હી કરો. હિન્દીમાં છેને છેલ્લું. '**ઈસ માનુષભવ કૂં પાય કૈ અન્ય ચારિત મતિ ધરો.**' ઉપદેશમાં તો એમ જ આવેને. આહાહા..! અરે! વસ્તુ પોતે ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ છે, આખું અનંત ગુણનું

નિધાન છે. એની શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર, એનું આરાધન કરો. આહાહા..! એની સેવા કરો એમ છેને? આહાહા..!

'**ઈસમેં...**' ત્રણમાં પણ. હવે પાછું વિશેષ લે છે. આહાહા..! સમ્યગ્દર્શન આત્માના પૂર્ણ સ્વભાવની પ્રતીતિનું આરાધન, સમ્યગ્જ્ઞાન આત્માના સ્વસંવેદનજ્ઞાનનું આરાધન અને આત્માના સ્વરૂપની રમણતાનું આરાધન. કરવાનું તો આ છે. લ્યો આ પંચમ આરાના પ્રાણીને માટે પણ આ કહ્યું. '**ઈસમેં સમ્યગ્દર્શન પ્રધાન હૈ...**' આ ત્રણમાં પણ સમ્યગ્દર્શન તો મુખ્ય છે. આહાહા..! '**ઈસકા ઉપાય તો અવશ્ય કરના ચાહિયે...**' લ્યો! આહાહા..! પૂર્ણ શુદ્ધ ધ્રુવ વસ્તુ એની એકાગ્રતા સમ્યગ્દર્શનની તો જરૂર જોઈએ એમ કહે છે. ભલે ત્રણ ન થઈ શકે પૂર્ણ અથવા વિશેષ, પણ આ તો જરૂર કરવું જોઈએ. સ્વદ્રવ્યની એકતા-દૃષ્ટિની એકતા, રાગની એકતા તૂટીને આ એકતા થવી એ સમ્યગ્દર્શન તો જરૂર કરવું. સમજાણું કાંઈ?

'**ઈસમેં...**' એમ કે ત્રણમાં પણ સમ્યગ્દર્શન મુખ્ય છે. એ રાજા છે. આહાહા..! એનાથી બધું શોભે છે. શુદ્ધ ચૈતન્યદળ પરમ પદાર્થ સહજ સ્વભાવ એની એકાગ્રતા પહેલા દરજ્જાની. એનું નામ સમ્યગ્દર્શન છે. એનો તો જરૂર અવશ્ય ઉપાય કરીએ. લાખ વાતની વાત પણ આનો તો ઉપાય કરવો. 'લાખ વાતની વાત...' આવે છેને? 'નિશ્ચય ઉર આણો.' છ ઢાળા. 'છોડી જગત દ્વંદ-ફંદ નિજ આતમ ધ્યાવો.' આહાહા..! ધ્યાનમાં એને ધ્યેય બનાવો. ઓલા રાતે કહેતા હતાને, રજનીશ આમ ધ્યાનનું .. બતાવે. પ્રેમચંદનો દીકરો હતોને. એ બિચારા ચડી ગયા છે બધાય. અહીં પ્રેમચંદ હીરાચંદ. હીરાચંદ શું, ત્રિભુવન. એના બે છોકરા આવ્યા હતાને. તમારા .. એ કહે રજનીશ ધ્યાન બતાવે છે. પણ શેના ધ્યાન? વસ્તુ શું છે એની ખબર વિના ધ્યાન કોના? આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ એ ધ્યાન શું? કોનું પણ? ધ્યાનમાં ધ્યેય કેવી ચીજ છે? કેવડી છે? કોણ છે? ક્યાં છે? સર્વજ્ઞ ભગવાને કહેલી ચીજ...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ ભગવાન છે. મારી નાખ્યા જગતને, મરી જશે. આમ તો લોકો બહારનો પ્રભાવ દેખીને.. મુંબઈમાંથી કોઈક તો એમ કહેતું હતું કે સરકારે કાઢ્યો છે એને. કોક એમ કહેતું હતું. અને પૂનામાં થાણું નાખ્યું હવે. મુંબઈ છોડી દીધું. પૂના પૂનામાં નાખ્યું. પહેલા તો એમ કહેતા હતા એ કે કોઈ ધર્મ આચાર્યે અત્યાર સુધી આપણને છેતર્યા છે બધાએ. વળી કરતા પછી ગીતાને માન્ય રાખીને લોકોને.. વળી મહાવીરની દેશના એમ કરીને ઓલા

અઢાર દિ'માં...

બાપુ! સર્વજ્ઞે કહેલો આત્મા પરમેશ્વર... મૂળ આવશે અંદર. અનાદિ સનાતન સર્વજ્ઞસ્વરૂપ છે, એ સર્વજ્ઞ સ્વરૂપે જાણીને જે કહ્યું એ સિવાયની બધી વાતું કલ્પિત છે. ધ્યાનની કહે, આત્માની કરે, બધી વાતું કરે. પૂર્ણ વસ્તુ જાણવામાં જેને આવી નથી એ પૂર્ણની વાત શી રીતે કરશે? અને પૂર્ણમાં પહેલું સાધન કરવું, એ પૂર્ણ સ્વરૂપ છે એવું જાણ્યું નથી એ સાધન શી રીતે કરશે? એને સાધન શી રીતે બતાવશે? આહાહા..! સમજાણું કાંઈ?

અહીંયા તો સમ્યગ્દર્શનનું પ્રધાન **'ઈસકા ઉપાય તો જરૂર કરના ચાહિયે...'** આહાહા..! **'ઈસલિયે જિનાગમ કો સમજકર...'** સર્વજ્ઞ પરમેશ્વરના આગમો એમ પાછા કહ્યા. એનો નિર્ણય કરવો પડશેને કે આગમ-પરમાગમ કોને કહેવા? સર્વજ્ઞ કોણ છે અને પરમાગમ કોને કહેવા? આહાહા..! એને **'સમજકર સમ્યક્ત્વ કા ઉપાય અવશ્ય કરના યોગ્ય હૈ,...'** લ્યો! કહો, સમજાણું કાંઈ? બીજું હજી ચારિત્ર ને વિશેષ વાત ન થઈ શકે એમ કહે છે, પણ આ તો એણે જરૂર કરવું. આહાહા..! સમકિતનો ઉપાય તો જરૂર કરવો યોગ્ય છે. **'ઈસ પ્રકાર ગ્રંથ કા સંક્ષેપ જાનો.'** આ ગ્રંથનો સંક્ષેપ. આ ગ્રંથનો સંક્ષેપ સાર.

(छप्पय)

सम्यग्दर्शन ज्ञान चरण शिवकारण जानूं,
ते निश्चय व्यवहाररूप नीकैं लखि मानूं।
सेवो निशदिन भक्तिभाव धरि निजबल सारू,
जिन आज्ञा सिर धारि अन्यमत तजि अघकारूँ।।
इस मानुषभवकूं पायकै अन्य चारित मति धरो।
भविजीवनिकूं उपदेश यह गहिकरि शिवपद संचरो।।१।।

**'સમ્યગ્દર્શન જ્ઞાન ચરણ શિવકારણ...'** શિવ નામ મોક્ષ. પરમાનંદનો લાભ એવો જે મોક્ષ એનું કારણ તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. **'તે નિશ્ચય વ્યવહાર...'** નિશ્ચય અને વ્યવહાર બે રૂપે છે. એને **'નીકૈં...'** નામ બરાબર રીતે **'લખિ...'** નામ જાણીને માનો. બરાબર જાણીને માનો એમ કહે છે. સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ નિશ્ચય અને વ્યવહાર એને બરાબર જાણીને માનો. આહાહા..! વ્યવહારરૂપ અંદર આવે છેને વિકલ્પ? દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચ મહાવ્રતના વિકલ્પ, શાસ્ત્રના ભણવાનો ભાવ, વિકલ્પ હોય છે. એ વ્યવહાર છે. અને સ્વદ્રવ્ય ભગવાન આત્મા પૂર્ણ સ્વરૂપની અંતર દૃષ્ટિ થવી એ સમ્યગ્દર્શન, અંતર જ્ઞાન થવું સમ્યગ્જ્ઞાન, અંતર સ્થિરતા થવી એ સમ્યક્ચારિત્ર. બેય નિશ્ચય અને વ્યવહાર **'નીકૈં...'** બે જેમ છે તેમ બરાબર લખી નામ જાણીને માનો. જાણ્યા વિના શું માનવું? આહાહા..!

**'સેવો નિશદિન ભક્તિભાવ ધરિ નિજબલ સારૂ,...'** પોતાની નિજ નામ શક્તિને અનુસારે, નિજ નામ પોતાના શક્તિને અનુસારે **'સેવો નિશદિન ભક્તિભાવ ધરિ...'** એ પોતાનો નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર અને વ્યવહાર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વિકલ્પ આદિ એને નિશદિન ભક્તિભાવથી શક્તિ પ્રમાણે સેવો. આહાહા..! **'જિન આજ્ઞા સિર ધારિ...'** સર્વ પરમેશ્વર ત્રિલોકનાથ એની આજ્ઞા સિર પર ધારી. આ જુઓ! આહાહા..! સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ જિનદેવ એ સર્વજ્ઞ છે એની આજ્ઞા સિર પર ધારી. આહાહા..! મસ્તક ઉપર ધારી એટલે અંતરમાં મુખ્યપણે લક્ષમાં, દૃષ્ટિમાં લઈ **'અન્યમત તજિ...'** અને વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યો માર્ગ એથી **'અન્યમત તજિ અઘ કારૂ'** અઘ નામ પાપના કરનારા બીજા મત છે એમ કહે છે. અઘ કારૂં. સર્વજ્ઞ પરમેશ્વર જિનદેવ વીતરાગ પરમેશ્વર એમની આજ્ઞા શિર ધારો, અન્યમતને તજો. આને રાખો અને આને છોડો એમ કહે છે. આહાહા..! અઘ કારું. બાકી તો મિથ્યાત્વના કરનારા છે બીજા મતો. એ બેસવું...

**'ઈસ મનુષભવ કૂં પાય કૈ...'** ઓહોહો..! અનંતે કાળે આવો મનુષ્યભવ મળ્યો માંડ. **'અન્ય ચારિત મતિ ધરો.'** એ સિવાય અન્ય આચરણ મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, મિથ્યા એ અન્ય આચરણ **'મતિ ધરો.'** ભગવાન સ્વરૂપનું આચરણ, શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ એનું આચરણ કરો. આહાહા..! **'અન્ય ચારિત...'** એટલે અન્ય આચરણ. મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન, મિથ્યા રાગ-દ્વેષ. **'અન્ય ચારિત મતિ ધરો.'** **'ભવિજીવનિકૂં ઉપદેશ યહ...'** ભવ્ય પ્રાણીને માટે. આહાહા..! સંસાર નિકટ છે જેને, મોક્ષ પ્રાપ્ત કરવાની તાલાવેલી છે જેને, એવા ભવ્ય જીવને માટે આ ઉપદેશ છે. આહાહા..! એ ઉપદેશ **'ગહિકરિ શિવપદ સંચરો.'** આ ભગવાનનો આ ઉપદેશ ગ્રહણ કરીને શિવપદ-મોક્ષના પદે સંચરો-મોક્ષના પંથે જાવ. આહાહા..! આત્માના આનંદના પંથે અને આનંદની પૂર્ણતાના પંથને પામો. આહાહા..!

હવે પોતે વિશેષ કહે છે. પંચ પરમેષ્ઠીનું સ્વરૂપ બતાવે છે કે ભાઈ! આ પંચ પરમેષ્ઠીને બહુ વંદન કર્યું, પંચ પરમેષ્ઠી સ્વરૂપ તું છો એમ કહ્યું. આ શું? પંચ પરમેષ્ઠીની આટલી બધી વિશેષતા શું છે આમાં?

दोहा

बंदूं मंगलरूप जे अर मंगलकरतार।
पंच परम गुरु पद कमल ग्रंथ अंत हितकार।।२।।

મંગળરૂપ, મંગળ કરનાર પંચ પરમેષ્ઠી. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ એ ધર્મના સાધકો અને ધર્મનું સાધ્ય જેણે પ્રગટ કર્યું છે એવા પંચ પદ મંગળ કરતાર છે, મંગળરૂપ છે અને મંગળના કરનાર છે. એ પાંચ પદ મંગળરૂપ છે. આહાહા..! અને બીજાને પણ

મંગળના કરનાર છે. વ્યવહારથી. '**પંચ પરમ ગુરુ પદ કમલ...**' એ પંચ પરમગુરુના ચરણકમળમાં વંદુ છું ચરણકમળ એમ કહે છે. '**પંચ પરમ ગુરુ પદ કમલ...**' ચરણકમળ એને હું વંદુ છું કહે છે. આહાહા..! '**ગ્રંથ અંત હિતકાર.**' ગ્રંથના અંતે હિતના કરવા માટે આ પંચ પરમેષ્ઠીના ચરણકમળને હું વંદુ છું. કેમકે એ મંગળરૂપ છે અને મંગળના કરનાર છે. મંગળની વ્યાખ્યા કરશે.

'**યહાં કોઈ પૂછે કિ ગ્રંથો મેં જહાં તહાં પંચ ણમોકાર કી મહિમા બહુત લિખી હૈ,...**' પાંચ નવકાર છે એ તો ધર્મનું પૂર્ણ સ્વરૂપ છે એનું સ્વરૂપ છે અને સાધકનું સ્વરૂપ છે. એ કોઈ પક્ષની વાત નથી. ણમો અરિહંતાણં. ઓલા કહે, એ તો જૈનના છે. અહીં તો કહે છે કે જેણે અજ્ઞાન અને રાગ-દ્વેષરૂપી અરિ—દુશ્મન હણ્યા અને જેણે વીતરાગ વિજ્ઞાનદશા પૂર્ણ પ્રગટ કરી એને હું નમસ્કાર કરું છું. એ તો ગુણવાચક શબ્દ છે. જેણે અનિષ્ટનો નાશ કરીને ઈષ્ટ દશા પૂર્ણ પ્રાપ્ત કરી, એને અહીંયા અરિહંત આત્મા કહેવામાં આવે છે. એ તો ગુણ સ્વરૂપની દશાની વાત છે. ણમો સિદ્ધાણં. એ સિદ્ધપદ છે. એ તો આઠ કર્મરહિત એકલા શરીરરહિત અશરીરી થઈ ગયા. શરીરરહિત અશરીર થઈ ગયા. જ્ઞાન-શરીર એકલું રહ્યું. એવો એક આત્મા એને સિદ્ધ કહીએ. આચાર્ય જે સ્વરૂપનું સાધન કરીને, આચાર પાળે અને બીજાને પળાવે સમ્યક્ એને આચાર્ય કહીએ. ઉપાધ્યાય-પોતે શાસ્ત્ર પઢે અનુભવસહિત, ત્રણ દશા સહિત, સમ્યગ્દર્શન-જ્ઞાન. ભણે, બીજાને ભણાવે એને ઉપાધ્યાય કહીએ. સાધુ-આત્માના સ્વરૂપને સાધે તેને સાધુ કહીએ. આહાહા..!

'**મહિમા બહુત લિખી હૈ, મંગલકાર્ય મેં વિઘ્ન કો દૂર કરને કે લિયે...**' મંગળના કાર્યમાં.. મંગળિક કાર્ય કરે ત્યારે બોલેને જ્યાં ત્યાં ણમો અરિહંતાણં. '**વિઘ્ન કો દૂર કરને કે લિયે ઈસે હી પ્રધાન કહા હૈ...**' એને જ પાંચ પદને જ મુખ્ય કહ્યા છે. આહાહા..! '**ઈસમેં પંચ પરમેષ્ઠી કો નમસ્કાર હૈ વહ પંચ પરમેષ્ઠી કી પ્રધાનતા હુઈ,...**' પંચ પરમેષ્ઠીને નમસ્કાર એ પંચ પરમેષ્ઠીની મુખ્યતા થઈ. '**પંચ પરમેષ્ઠી કો પરમગુરુ કહે...**' પરમગુરુ છે એ ધર્મના, પૂર્ણ દશાને પ્રાપ્ત થયા એ બે પદ અરિહંત અને સિદ્ધ. અને અરિહંત અને સિદ્ધની પ્રાપ્તિ જેની નજીકમાં છે એવા છદ્મસ્થ આચાર્ય, ઉપાધ્યાય, સાધુ સ્વરૂપના સાધક એ મંગળિક છે અને એ નમસ્કારમાં મુખ્યતા છે. એ પંચ પરમેષ્ઠી નમસ્કાર કરવાલાયકમાં એ મુખ્ય છે.

'**પંચ પરમેષ્ઠી કો પરમગુરુ કહે ઈસમેં ઈસી મંત્ર કી મહિમા...**' એમાં આ મંત્રની મહિમા '**તથા મંગલરૂપપના ઔર ઈસસે વિઘ્ન કા નિવારણપના, પંચ પરમેષ્ઠી કા પ્રધાનપના...**' આટલા શબ્દ વાપર્યા. '**ગુરુપના...**' એ પંચ પરમેષ્ઠી ગુરુ છે મોટા. એ '**નમસ્કાર**

**કરને યોગ્યપના કૈસે હૈ?'** એમ પ્રશ્ન કર્યો છે. મંત્રની મહિમા મંગલપણારૂપ વિઘ્ન નિવારણ, પંચ પરમેષ્ઠીની પ્રધાનતા, ગુરુપણું, નમસ્કાર કરવા યોગ્યપણું કેમ છે? પોતે ખુલાસો કરે છે.

'**ઈસકે સમાધાનરૂપ કુછ લિખતે હૈં - પ્રથમ તો પંચ ણમોકાર મંત્ર હૈ,...**' આહાહા..! ણમો અરિહંતાણં. શાસ્ત્રમાં તો એમ આવે છે ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતાણં. શું કીધું? ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતાણં એમ આવે છે. ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સિદ્ધાણં, ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી આઈરિયાણં, ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી ઉવજ્ઝાયણં, ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહુણં. એમ આવે છે. પણ ટૂંકું કરીને ણમો લોએ સવ્વ અરિહંતાણં આવે, એનું ટૂંકું કરીને ણમો અરિહંતાણં આવે.ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં, છેલ્લે પછી ણમો લોએ સવ્વ સાહુણં ત્યાં આવે. સવ્વ સાહુણં એ બધાને લાગુ પડે. આહાહા..!

મુમુક્ષુ :- .. જ કરવું?

ઉત્તર :- શું કરવું? જ્ઞાન, જ્ઞાન અને જ્ઞાન. સર્વજ્ઞ એ જ્ઞાનસ્વરૂપ છે, જાણે છે. બીજું છે શું? જાણવાનો સ્વભાવ છે એ જાણ્યા કરે. એ જાણવું. સાચી સમજણ કરવી પહેલી યથાર્થ. કેમકે એ જ્ઞાનસ્વરૂપ છે એનું યથાર્થપણું થવું જોઈએ. યથાર્થ જ્ઞાન થવું જોઈએને? બીજું કરવું હતું શું એને? અહીં તો વિકલ્પ કરવો એ કર્તાપણું એ પણ નથી. આહાહા..!

અહીં તો પંચપરમેષ્ઠી આવા મંગળરૂપ છે, મંગળના કરનાર છે, વિઘ્નના હરનાર છે અને પંચ પરમેષ્ઠીની પ્રધાનતા છે, ગુરુ છે, એ નમસ્કાર કરવાયોગ્ય છે. કેમ? કે '**પ્રથમ તો પંચ ણમોકાર મંત્ર હૈ,...**' ણમો અરિહંતાણં. એ તો કહે જૈનનો મંત્ર છે. જૈનનો એટલે શું? આહાહા..! જેણે ભગવાન આત્માને અનુભવીને જેણે મિથ્યાત્વ ટાળ્યું અને સ્વરૂપમાં સ્થિર થઈને જેણે અસ્થિરતા, અનિષ્ટતા, વિકારતા ટાળી અને જેણે નિર્વિકારતા ને સર્વજ્ઞતા અને વીતરાગતા પ્રગટ કરી એને અરિહંત કહેવામાં આવે છે. આહાહા..! એ તો ગુણનો દરિયો ભગવાન છે સ્વરૂપે, એની પરિણતિમાં ગુણનો દરિયો ઉછાળ્યો જેણે. શક્તિમાંથી જેણે ગુણની પરિણતિ પ્રગટ કરી પૂરી. એવા અરિહંત એ મંત્રમાં એનો મહામંત્ર છે. આહાહા..! લ્યો!

'**ઈસકે પૈંતીસ અક્ષર હૈં,...**' એકલા આ તો લીધા. ણમો અરિહંતાણં એમ. સવ્વ કાઢી નાખ્યું, નહિતર ૩૫ અક્ષર ન થાય. સર્વ કાઢી નાખીને અને ત્રિકાળવર્તી કાઢીને. ણમો અરિહંતાણં બસ એમ. ણમો સિદ્ધાણં, ણમો આઈરિયાણં, ણમો ઉવજ્ઝયાણં, ણમો લોએ સવ્વ સાહુણં. આ ૩૫ અક્ષર. '**ઈસકે પૈંતીસ અક્ષર હૈં, યે મંત્ર કે બીજાક્ષર હૈં...**' મંત્રનો બીજ અક્ષર છે એ. આહાહા..! બધા મંત્રની ઉત્પત્તિ અહીંથી છે. જેણે આત્માની દશા પૂર્ણ પ્રગટ કરી અને આત્માની પૂર્ણ દશાની પ્રાપ્તિને નજીક છે એ પંચ પરમેષ્ઠી મંત્ર

છે, મંત્રમાં બીજા બધા મંત્રનું બીજ એ છે. આહાહા..!

'**તથા ઈનકા યોગ સબ મંત્રો સે પ્રધાન હૈ,...**' દેખો! એનો સંબંધ પાંચ પરમેષ્ઠીનો '**સબ મંત્રો સે પ્રધાન હૈ, ઈન અક્ષરોં કા ગુરુ આમ્નાય સે...**' એ ૩૫ અક્ષરને વાસ્તવિક રીતે ગુરુ આમ્નાયથી '**શુદ્ધ ઉચ્ચારણ હો...**' શુદ્ધ ઉચ્ચારણ. '**તથા સાધન યથાર્થ હો તબ યે અક્ષર કાર્ય મેં વિઘ્ન દૂર કરને મેં કારણ હૈ...**' પહેલું કહ્યુંને? આ મંત્રની મહિમા, મંગલરૂપપણું અને એનાથી વિઘ્નનું નિવારણ એમ. પંચ પરમેષ્ઠીનું શુદ્ધ ગુરુ આમ્નાયથી શુદ્ધ ઉચ્ચારણ એ મંગળરૂપ છે. '**યે અક્ષર કાર્ય મેં વિઘ્ન દૂર કરને મેં કારણ હૈ ઈસલિયે મંગલરૂપ હૈં.**'

મંગળરૂપ એટલે? ''**મમ્' અર્થાત્ પાપ કો ગાલે ઉસે મંગલ કહતે હૈં.**' '**મંગ' અર્થાત્...**' '**પાપ કો ગાલે ઉસે મંગલ કહતે હૈં.**' મંગળ. 'મમ' નામ પાપ એને 'ગળ' નામ ગાળે, ટાળે એવા પંચ પરમેષ્ઠીને મંગળ કહેવામાં આવે છે. અર્થાત્ '**મંગ' અર્થાત્ સુખ...**' મં-ગલ હવે આવ્યું. પહેલું મમ અને ગલ. મંગળ. મં-ગળ. મમ નામ પરનો અહંકાર એને ગાળે અને સ્વરૂપની પ્રાપ્તિ કરે એવી એને મંગળ કહીએ. અથવા મંગ નામ આનંદ, સુખ એને આપે. મંગલ. લ. એ મંગ એટલે સુખ, લનું નામ દે, આપે. '**ઉસકો મંગલ કહતે હૈં, ઈસસે દોનોં કાર્ય હોતે હૈં.**' કહો, વિઘ્ન ટળે અને મંગળિકરૂપ થાય એમ.

'**ઉચ્ચારણ સે વિઘ્ન ટલતે હૈં, અર્થ કા વિચાર કરને સે સુખ હોતા હૈ,...**' એમ બે લીધું. '**ઉચ્ચારણ સે વિઘ્ન ટલતે હૈં, અર્થ કા વિચાર કરને સે સુખ હોતા હૈ,...**' આહાહા..! આનંદનું ભાન થાય અંદર એમ કહે છે. પંચ પરમેષ્ઠી સાધારણ થઈ ગયું માણસને. બે વર્ષના છોકરાથી નમો અરિહંતાણં... ણમો અરિહંતાણં... ણમો અરિહંતાણં.. એટલે કાંઈ નહિ એની કિંમત. મહા જગતના આત્માના પદ ઊંચા છે. એ પદના નામ છે બધા. આત્માની પવિત્રતાના પદની દશાના નામ છે. ગુણવાચક છે. આહાહા..! '**ઈસી સે ઈસકો મંત્રો મેં પ્રધાન કહા હૈ, ઈસપ્રકાર તો મંત્ર કે આશ્રય કી મહિમા હૈ.**' એ પંચ પરમેષ્ઠીની મંત્રને આશ્રયે તો આટલી મહિમા ગાઈ.

'**ઈસમેં પંચ પરમેષ્ઠી કો નમસ્કાર હૈ, વે પંચપરમેષ્ઠી અરહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ યે હૈં, ઈનકા સ્વરૂપ તો ગ્રંથો મેં પ્રસિદ્ધ હૈ તો ભી કુછ લિખતે હૈં -**' લ્યો! પાંચેયના પદનું સ્વરૂપ લખે છે થોડું. જુઓ આ મુખ્ય નાખ્યું. '**યહ અનાદિ નિધન અકૃત્રિમ સર્વજ્ઞ કી પરંપરા...**' આહાહા..! '**સે સિદ્ધ આગમ મેં કહા હૈ. યહ અનાદિ નિધન અકૃત્રિમ સર્વજ્ઞ કી પરંપરા...**' સર્વજ્ઞપદ તો અનાદિનું છે. આહાહા..! જેમ સર્વજ્ઞસ્વભાવ અનાદિનો છે જીવનો, એમ પર્યાયપણે પ્રગટ સર્વજ્ઞ પણ અનાદિના છે.

મુમુક્ષુ :- પહેલા નક્કી કરી લેવા દ્યો.

ઉત્તર :- આ નક્કી થઈ ગયુંને. સર્વજ્ઞપદ છે સ્વરૂપ એ તો એનું ધ્રુવ એ અનાદિ છે. તો એની પર્યાય પણ અનાદિની પ્રગટ થયેલી સર્વજ્ઞ અનાદિના છે. અનાદિ-અનંત અકૃત્રિમ પદ છે. આહાહા..!

મુમુક્ષુ :- સંસારનો અભાવ કરીને થાય છે...

ઉત્તર :- નહિ. અહીં એ વાત નહિ. નહિ, નહિ. અકૃત્રિમ એટલે કોઈએ કર્યું નથી, અનાદિનું છે એમ. સર્વજ્ઞપદ અનાદિનું છે એમ. વસ્તુ છે અનાદિની એમ. અનાદિ-અનંત અને અકૃત્રિમ સર્વજ્ઞની પરંપરા. અનાદિની છેને એ અપેક્ષાએ. એ અપેક્ષાએ. પરિણતિ કરે એની અહીં વાત નથી. સિદ્ધ છે એ, પરંપરાથી સિદ્ધ છે. આહાહા..!

**'આગમ મેં કહા હૈ...'** જોયું! સિદ્ધાંતમાં એમ કહ્યું છે. **'ઐસા ષટ્દ્રવ્યસ્વરૂપ લોક હૈ,...'** જુઓ! આવા **'પરંપરા સે સિદ્ધ આગમ મેં કહા હૈ...'** શું? કે **'ષટ્દ્રવ્યસ્વરૂપ લોક...'** આ જગત છે એ છ દ્રવ્યસ્વરૂપ છે. **'ઈસમેં જીવદ્રવ્ય અનંતાનંત હૈ...'** છ દ્રવ્યમાં જીવદ્રવ્ય તો અનંતાનંત. **'ઔર પુદ્ગલદ્રવ્ય ઈસસે અનંતાનંત ગુણો હૈં,...'** અનંતા અનંત ગુણરૂપ છે સંખ્યાએ. **'એક-એક ધર્મદ્રવ્ય, અધર્મદ્રવ્ય, આકાશદ્રવ્ય હૈં ઔર કાલદ્રવ્ય અસંખ્યાત દ્રવ્ય હૈં.'** આ સર્વજ્ઞના આગમમાં આ વાત છે. **'જીવ તો દર્શનજ્ઞાનમયી ચેતના સ્વરૂપ હૈ.'** હવે એની વ્યાખ્યા કરી જરી. જીવ અનંતાનંત. પણ કેવા? કે દર્શનજ્ઞાનમયી ચેતના સ્વરૂપ. અનંતા જીવો ભવિ કે અભવિ દર્શન જ્ઞાનમયી ચેતનાસ્વરૂપ જીવ છે. આહાહા..! બધે ઠેકાણે એ આવે છેને. દર્શન-જ્ઞાન આવ્યું હતુંને, પહેલું આવ્યું હતું. દર્શન જ્ઞાનમયી ચેતના સ્વરૂપ તે જીવ, એમ ઘણી વખત પોતે લખે છે. આહાહા..! દ્રષ્ટા અને જ્ઞાતાના સ્વભાવવાળું ચેતનાસ્વરૂપ આવું. એમ એકલું ચેતન નહિ. દર્શન અને જ્ઞાનસ્વરૂપ એવું ચેતનસ્વરૂપ એમ. સામાન્ય ને વિશેષને દેખવા-જાણવાવાળું એવું ચેતના સ્વરૂપ તે જીવ. એને પુણ્યવાળો જીવ, દયાવાળો જીવ, વ્યવહારવાળો જીવ એમ નથી કહ્યો. એ તો જાણનાર, દેખનાર એવું જે ચૈતન્યસ્વરૂપ તે જીવ. આને જીવ કહીએ. એ હાલે તો જીવ અને સ્થિર થાય તો જીવ એમ નહિ.

**'અજીવ પાંચ હૈં યે ચેતનારહિત જડ હૈં,...'** બસ, અહીં ચેતનાસ્વરૂપ કીધું. આત્મામાં દર્શન-જ્ઞાનસ્વરૂપ ચેતનસ્વરૂપ. એ રહિત તે જડ પાંચ દ્રવ્ય. **'અજીવ પાંચ હૈં યે ચેતનારહિત જડ હૈં, ધર્મ,...'** ધર્માસ્તિકાય જડ, **'અધર્મ...'** અધર્માસ્તિકાય જગતમાં એક પદાર્થ છે. **'આકાશ...'** જડ, **'કાળ..'** જડ **'યે ચાર દ્રવ્ય તો જૈસે હૈં વૈસે હી રહતે હૈં. ઈનકે વિકાર પરિણતિ નહીં હૈ,...'** ચારમાં વિકાર નથી. **'જીવ-પુદ્ગલદ્રવ્ય કે પરસ્પર નિમિત્ત**

**નૈમિત્તિકભાવ સે વિભાવપરિણતિ હૈ...**' બેમાં છે આ. કર્મ અને આત્મા, શરીર અને આત્મા એના સંબંધ. વિકાર પરિણતિ '**વિભાવપરિણતિ હૈ ઈનમેં ભી પુદ્ગલ તો જડ હૈ, ઈસકે વિભાવપરિણતિ કા દુઃખ-સુખ કા સંવેદન નહીં હૈ...**' કહો, આ વિભાવરૂપ છે આ જુઓ બધું. પણ આને કાંઈ દુઃખ છે? આ વિભાવિક દશા છે આ. રજકણ એકલો નથી. છતાં એને વિભાવરૂપે દુઃખ છે, સ્વભાવરૂપે સુખ છે એવું નથી કાંઈ. આહાહા..! '**દુઃખ-સુખ કા સંવેદન નહીં હૈ...**' આહાહા..! '**ઔર જીવ ચેતન હૈ...**' ભગવાન જાણનાર-દેખનાર ચેતનસ્વરૂપ એને સુખ-દુઃખનું સંવેદન છે. આકુળતાનું સુખ-દુઃખનું વેદન. એ સુખ એટલે કલ્પના જગતની. પૈસામાં સુખ છે, બાયડીમાં સુખ છે ને ધૂળમાં સુખ છે. એવી જે કલ્પના એ આકુળતા, એ જીવને આકુળતાનું વેદન છે, જડને હોતું નથી. આને શું? આ તો માટી છે. '**ઔર જીવ ચેતન હૈ ઈસકે સુખ-દુઃખ કા સંવેદન હૈ.**'

'**જીવ અનંતાનંત હૈં,...**' જીવની સંખ્યા અનંતાનંત છે. એક જ જીવ કરીને જે કલ્પે છે એ વિપરીત છે દૃષ્ટિ. '**ઈનમેં કઈ તો સંસારી હૈં,...**' સામાન્ય જીવની સંખ્યા અનંતાઅનંત. એમાંથી કેટલાક તો સંસારી છે. '**કઈ સંસાર સે નિવૃત્ત હોકર સિદ્ધ હો ચુકે હૈં.**' લ્યો! મોક્ષ પામ્યા છે કેટલાક. '**સંસારી જીવોં મેં કઈ તો અભવ્ય હૈં...**' અને '**અભવ્ય કે સમાન હૈં.**' કોઈ દિ' મોક્ષ નહિ જાય એવા અભવિ છે. આહાહા..! મોટી ખાણ છે જીવની. એક તો અભવિ છે કોરડું મગ જેવા. મગ-મઠ હોય છેને? કોરડું-કોરડું. શું કહે છે? કોરડું. એ પાણીથી બફાય નહિ, ચડે નહિ. ભરડે ભૂકો થાય, પાપડ થાય, પણ ઓગળે નહિ. ઓગળીને આમ રાળ જેવા ન થાય. એમ કેટલાક જીવ એવા છે કે જેનો મોક્ષ ન થાય. ભૂકો થાય, ચાર ગતિ મળે એને, ક્રિયાકાંડ કરે ક્લેશ. આહાહા..! સ્વર્ગ આદિ મળે. ઊંધી ક્રિયા કરે તો નરક મળે.

'**તથા અભવ્ય કે સમાન હૈં.**' અભવિ છે નહિ, પણ અભવિ જેવા ભવિ અનંતા છે. '**યે દોનોં જાતિ કે સંસાર સે નિવૃત્ત કભી નહીં હોતે હૈં.**' લ્યો! એ અભવિ અને સંસારી અભવિ જેવા કોઈ દિ' એની મુક્તિ નહિ થાય. કહેવા ભવિ અને મોક્ષ કોઈ દિ' નહિ થાય એવા જીવ છે. આહાહા..! અનંત... અનંત... અનંત... પડ્યા છે એવા. '**ઈનકે સંસાર અનાદિનિધન હૈ.**' અભવિ જીવનો સંસાર રખડવાનો અને ભવિ જીવનો અભવિ જેવાનો પણ સંસાર અનાદિઅનંત. આહાહા..! ક્યાંથી આવ્યો નીકળીને બહાર આવ્યો હવે, કહે છે. આવા સંસારમાં ... રખડતો ભાઈ! આહાહા..! કેટલાક જીવ તો હજી ત્રસ થયા નથી. એવા નિગોદના જીવ પડ્યા છે. ઈયળ થયા નથી ઈયળ, કીડી. આહાહા..! એટલી જીવની સંખ્યા. એને પાખંડે એક જ જીવ મનાવ્યો. પાખંડી કીધા છે એને. પાખંડીને પ્રસિદ્ધ આકારવાળું

લોકવ્યાપક સ્વરૂપ તે અલિંગગ્રહણ નથી. એવું લિંગ નથી. આહાહા..! મોટી વાત એ થઈ પડી છે અત્યારે આ સુધરેલાઓમાં વાતું કરનારમાં. એટલો નથી વિચાર કરતો કે આમ અંતર આમ ધ્યાન કરે તો એટલામાં છે આત્મા? બહારથી છોડીને અંતરમાં આમ જાય તો એટલામાં છે ઈ. એમાં અંતરમાં આમ જતા એને એકાગ્રતા થાય છે. જેટલામાં પોતે છે ત્યાં થાય છે. એ સ્વતંત્ર અસંખ્ય પ્રદેશી એક એક શરીરમાં ભિન્ન જીવ છે. એવા અનંતા જીવ છે.

'**કઈ ભવ્ય હૈં,...**' કેટલાક ભવ્ય એવા છે કે '**સંસાર સે નિવૃત્ત હોકર સિદ્ધ હોતે હૈં,...**' કઈ ભવ્ય એટલે કેટલાક ભવ્ય તો પહેલા કીધા અભવિ જેવા. પણ કોઈ ભવ્ય એવા છે કે '**સંસાર સે નિવૃત્ત હોકર સિદ્ધ હોતે હૈં,...**' નિર્વાણ... નિર્વાણ... નિર્વાણ... શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... પૂર્ણ શાંતિપદને પામશે એવા પણ ભવ્ય જીવ છે. '**ઈસપ્રકાર જીવોં કી વ્યવસ્થા હૈ.**' લ્યો! આ પ્રકારે જીવની વ્યવસ્થા સંસારમાં રહેલાની (છે).

'**અબ ઈનકે સંસાર કી ઉત્પત્તિ કૈસે હૈ, વહ કહતે હૈં –**' કે આ સંસાર છે શું ત્યારે? જીવ તો પોતે દર્શન-જ્ઞાન ચેતનાસ્વરૂપ છે. એમાં આ સંસાર શું છે આ વળી? '**જીવોં કે જ્ઞાનાવરણાદિ આઠ કર્મોં કા અનાદિબંધપર્યાય હૈ,...**' આઠ કર્મનો જડનો અનાદિ બંધપર્યાય છે જોડે. જેમ સોનાની ખાણમાં સોનું અને પત્થર બે ભેગા છે, એમ અનાદિથી આત્મા અને કર્મબંધનની પર્યાયનો સંબંધ છે. કર્મબંધનની પર્યાયનો સંબંધ છે. આહાહા..! '**ઈસ બંધ કે ઉદય કે નિમિત્ત સે...**' એ બંધની પર્યાયનો જે ઉદય થાય જડનો, એના નિમિતથી '**જીવ રાગદ્વેષમોહાદિ વિભાવપરિણતિરૂપ પરિણમતા હૈ,...**' '**ઉદય કે નિમિત્ત સે...**' એટલે પરિણમે ત્યારે ઓલાને નિમિત્ત કીધુંને? આહાહા..! ઓલા તો કહે, જુઓ! '**ઉદય કે નિમિત્ત સે જીવ રાગદ્વેષમોહાદિ વિભાવપરિણતિરૂપ પરિણમતા હૈ,...**' પણ એનો અર્થ શું કીધો? કર્મનો ઉદય છે એ નિમિત્ત. ઉપાદાન પોતાનું છે ત્યારે રાગ, દ્વેષ અને મોહપણે પરિણમે છે.

મુમુક્ષુ :- ઉપાદાને કાર્ય કર્યું ત્યારે નિમિત્ત...

ઉત્તર :- ત્યારે તેને નિમિત્તથી પરિણમ્યો એમ કહેવામાં આવ્યું. આહાહા..! સ્વતંત્ર છે. નિમિત્ત આધીન થવું કે સ્વભાવ આધીન થવું એ તો સ્વતંત્ર છે. કોઈની દખલ એમાં છે નહિ. કોઈની મદદ નથી. વસ્તુનું સ્વરૂપ જ એવું છે ત્યાં. આહાહા..!

'**બંધ કે ઉદય કે નિમિત્ત સે જીવ રાગદ્વેષમોહાદિ વિભાવપરિણતિરૂપ...**' એ વિકારી દશારૂપ રાગ, દ્વેષ, મોહ એટલે મિથ્યાત્વ આદિ વિકારદશારૂપ પરિણમે છે એટલે પર્યાયમાં એ દશા થાય છે એને. આહાહા..! '**ઈસ વિભાવપરિણતિ કે નિમિત્ત સે...**' લ્યો એ નિમિત્ત સામે લીધું. '**નવીન કર્મબંધ હોતા હૈ.**' આ નિમિત્તને વિભાવ અહીં અને આ

વિભાવ નિમિત્ત ત્યાં બંધન એનું ઉપાદાનનું. અરસપરસ વાત કરી છે એ તો. સમજાણું કાંઈ? **'નવીન કર્મબંધ હોતા હૈ.'**

**'ઈસપ્રકાર ઈનકે સંતાનપરંપરા સે...'** આ રીતે પરંપરા અનાદિ. કર્મબંધનની પર્યાયનું નિમિત્ત અને અહીંયા રાગ-દ્વેષ-મોહનું થવું. રાગ-દ્વેષ-મોહનું થવું નિમિત્ત અને કર્મબંધનનું એને કારણે બંધાવું. આવો અનાદિ પ્રવાહ સંસારનો ચાલ્યો આવે છે. આહાહા..! **'ઈસપ્રકાર ઈનકે સંતાનપરંપરા સે જીવ કે ચતુર્ગતિરૂપ સંસાર કી પ્રવૃત્તિ હોતી હૈ,...'** એ જીવને ચાર ગતિમાં રખડવું આ પ્રમાણે થાય છે. ઢોરમાં, માણસમાં, દેવમાં અને નરકમાં. ચારેય ગતિમાં રખડતો-રખડતો ... છે ભાઈ! **'ચતુર્ગતિરૂપ સંસાર...'** જોયું! ચારેય ગતિ સંસાર. એની પ્રવૃત્તિ એ સંસાર. **'ઈસ સંસાર મેં ચારોં ગતિયોં મેં અનેક પ્રકાર સુખ-દુઃખરૂપ હુઆ ભ્રમણ કરતા હૈ,...'** સુખ એટલે આ કલ્પનાનું. ક્યાંક રાગની મંદતાથી એમ લાગે કે એમ પૈસાવાળા છીએ, સુખી છીએ ખાધે-પીધે, બાદશાહી છે, ધંધા સારા ચાલે છે. એ કલ્પના. એ રીતે **'સુખ-દુઃખરૂપ હુઆ ભ્રમણ કરતા હૈ,...'** આહાહા..! એ કલ્પનાનું સુખ માન્યું એ ભ્રમણ કરે, વળી પાછી પ્રતિકૂળતા આવે તો દુઃખની કલ્પનાનું (દુઃખ ભોગવે). આહાહા..! ક્ષણમાં શેઠિયો અને ક્ષણમાં નારકી, ક્ષણમાં રંક અને ક્ષણમાં દેવ. શુભભાવ હોય તો દેવ થાય મોટો, અશુભભાવ હોય તો નરકમાં જાય. આહાહા..! આ ચાર ગતિના પરિભ્રમણથી દુઃખી છે કહે છે, એમ કહે છે. સંસારી જીવની સ્થિતિ આ કેમ થઈ? એમ કહે છે. છે તો ચૈતન્યસ્વરૂપ દર્શન અને જ્ઞાન, જીવ સ્વરૂપ ચૈતન્ય સ્વરૂપી પ્રભુ છે. પણ કર્મનો સંબંધનો બંધનું નિમિત્તપણું એના સંબંધે એમાં પોતામાં થતાં રાગ-દ્વેષ અને મિથ્યાત્વભાવ અને એનું નિમિત્તપણું અને કર્મનું બંધાવું એને કારણે, જડને કારણે. આ રીતે ચાર ગતિમાં રખડી રહ્યો છે. આહાહા..! ક્યાંય એને શાંતિ નથી.

મુમુક્ષુ :- આ મનુષ્યગતિમાં પણ રખડવું?

ઉત્તર :- રખડવું નહિતર શું છે આ? મનુષ્યગતિ છેને આ? ભવ છેને આ ભવ? જડ. જડ નહિ હોં, અંદર ગતિ. આહાહા..! મનુષ્યગતિ એ રખડવું, દેવગતિ એ રખડવું, નારકી અને ઢોર. ચાર છે ગતિઓ. આહાહા..! એને તો માણસપણું મળવું મુશ્કેલ, એમાં સાચી વાત સાંભળવી મુશ્કેલ. હવે એ કે દિ' સમજે? આહાહા..! એમને એમ ભવ પૂરા કરી, ભવભ્રમણમાં ચાલ્યા જાય છે. આહાહા..!

**'ભ્રમણ કરતા હૈ, તબ કોઈ કાલ ઐસા આવે...'** આહાહા..! હવે ધર્મ. ચાર ગતિમાં રખડતા-રખડતાં આ પ્રમાણે રખડી રહ્યો છે. આહાહા..! **'તબ કોઈ કાલ ઐસા આવે જબ મુક્ત હોના નિકટ હો...'** જેને મોક્ષ થવાને નજીક કાળ હોય છે. આહાહા..! 'જબ

**મુક્ત હોના નિકટ હો તબ સર્વજ્ઞ કે ઉપદેશ કા નિમિત્ત પાકર...**' ત્યારે સર્વજ્ઞનો ઉપદેશ... પહેલી ભાષા આ છે જોયું! આહાહા..! જેને સર્વજ્ઞસ્વભાવ પ્રગટ થયો છે એનો ઉપદેશ એને પહેલો જોઈએ. ત્રણ કાળ ત્રણ લોક જેણે કેવળીએ જાણ્યા એના '**ઉપદેશ કા નિમિત્ત પાકર...**' લ્યો! '**સર્વજ્ઞ કે ઉપદેશ કા નિમિત્ત...**' એનો અર્થ-ગુરુથી મળે પણ એ સર્વજ્ઞનો જ ઉપદેશ છે. ઉપદેશ સર્વજ્ઞનો કહેલો છે. છદ્મસ્થે પૂરું બધું આમ જાણ્યું નથી કાંઈ. અસંખ્ય પ્રદેશી, પ્રદેશ-પ્રદેશમાં અનંત ગુણ એવા પ્રત્યક્ષ (જાણ્યા નથી). સર્વજ્ઞે જાણ્યું તે ઉપદેશ ગુરુ કરે છે અને તે ગુરુ અને સર્વજ્ઞના ઉપદેશને પામીને જીવ '**અપને સ્વરૂપ કો...**' લ્યો! પોતાના સ્વરૂપને જાણે. પહેલી વાત એ આવી. હું તો ચૈતન્યસ્વરૂપ જાણનાર-દેખનાર (છું) એમ જાણે. '**ઔર કર્મબંધ કે સ્વરૂપ કો જાને,...**' આ પુણ્ય-પાપના ભાવથી કર્મબંધન થાય એને એ જાણે. આહાહા..!

'**અપને ભીતરી વિભાવ કે સ્વરૂપ કો જાને,...**' એટલે કહે છે કે જીવનું સ્વરૂપ જાણે, અજીવ એવા કર્મનું જાણે અને કર્મના નિમિત્તે થતાં વિકારી પરિણામનું સ્વરૂપ જાણે, એમ કહે છે. જીવસ્વરૂપને જાણે, દ્રવ્યકર્મને જાણે અને એનાથી ઉત્પન્ન થતાં '**ભીતરી વિભાવ કે સ્વરૂપ કો જાને,...**' આહાહા..! મિથ્યાત્વભાવ, રાગ-દ્વેષભાવ, હરખ-શોકભાવ, ભીતર આત્માની પર્યાયમાં થાય એને જાણે. કર્મને જાણે, જીવને જાણે અને વિભાવને જાણે. એમ.

મુમુક્ષુ :- બધું જાણવું પડે?

ઉત્તર :- હા. જાણ્યા વિના માનશે કોને? વસ્તુ પોતે.. આ તો ટૂંકી વાત છે કે જીવ સ્વરૂપ શું છે ઈ? અને એ વિકારનું નિમિત્ત શું છે ઈ અને વિકાર શું છે? બસ આ વાત છે. એમાં પુણ્ય-પાપ, આસ્રવ, બંધ બધું આવી ગયું. આહાહા..!

'**કર્મબંધ કે સ્વરૂપ કો, અપને ભીતરી વિભાવ કે સ્વરૂપ કો જાને, ઈનકા ભેદજ્ઞાન હો,...**' એ જીવસ્વરૂપ ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી ચૈતન્ય, જડકર્મ અને નિમિત્તથી થતા વિભાવ દુઃખ, એ બેથી જુદો પડીને ભેદજ્ઞાન થાય. આહાહા..! '**ઈનકા ભેદજ્ઞાન હો, તબ પરદ્રવ્ય કો સંસાર કા નિમિત્ત જાનકર,...**' લ્યો! પરવસ્તુને તો સંસારનું નિમિત્ત જાણે. ચાહે તો ગમે તે દ્રવ્ય હોય પર. આહાહા..! પરદ્રવ્યનું લક્ષ થાય ત્યાં તો રાગ જ થાય, માટે સંસારનું કારણ જાણે એ તો. આહાહા..! ત્રિલોકનાથ તીર્થંકરની અને એની મૂર્તિ પણ સંસારનું કારણ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- રાગ છેને રાગ? પોતે. આ તો કારણ કહ્યું, રાગ તો પોતે સંસાર છે. પણ એનું એ કારણ નિમિત્ત છે. આહાહા..! એનાથી કોઈ મોક્ષનું કારણ ઉત્પન્ન થાય એમ નથી

એમ કહે છે. આકરી વાત.

**'પરદ્રવ્ય કો સંસાર કા નિમિત્ત જાનકર,...'** જાણે હોં નિમિત્ત જાણે. **'ઈસસે વિરક્ત હો,...'** પરદ્રવ્યથી તો વિરક્ત (થાય). આહાહા..! ખસી જાય, લક્ષ છોડી દે. **'અપને સ્વરૂપ કે અનુભવ કા સાધન કરે...'** પોતાનું સ્વરૂપ જે ચૈતન્યસ્વરૂપ તેના અનુભવનું અંતર સાધન કરે. આહાહા..! રાગ અને અજીવ એનાથી ભિન્ન પડીને અને અજીવના નિમિત્તથી થતો ભાવ વિભાવ, એટલે ત્યાં આસ્રવ, બંધ, પુણ્ય, પાપ આવ્યા. ઓલું અજીવ, દ્રવ્યકર્મ અજીવ આવ્યું અને આ બાજુ એનાથી ભેદજ્ઞાન થયું, એનાથી ભેદ થયો ત્યારે સંવર-નિર્જરા થઈ અને પૂર્ણ ભેદ થઈને મોક્ષ થાય. આહાહા..! કહો, સમજાય છે કે નહિ આમાં? છોકરાને આ તૈયાર થવું પડશે. એય..! પરાગ! એનું નામ પરાગ રાખો, આપણે ઓલું નામ ન યાદ આવે. એન્ડ્રુ આપણને યાદ ન આવે. આપણે તો દેશી નામ. હેં ચેતન! એનું નામ ચેતન છે. આહાહા..! ચેતન એને કહીએ એમ કહે છે. જાણવા-દેખવાનું ચેતન સ્વરૂપ એને ચેતન કહીએ. આ શરીર ને વાણીને ચેતન (ન કહીએ), એ તો જડ છે. આહાહા..! **'અપને સ્વરૂપ કે અનુભવ કા સાધન કરે...'** લ્યો! શી રીતે કરે એ વિશેષ આવશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ સુદ ૧૦, શનિવાર તા. ૨૯-૦૬-૧૯૭૪**
**ગાથા - ૧૬૫, લિંગપાહુડ-૧-૨, પ્રવચન - ૧૮૬**

ભાવપાહુડનું છેલ્લું છે છપ્પય.

छप्पय

जीव सदा चिदभाव एक अविनाशी धारै।
कर्म निमितकूं पाय अशुद्धभावनि विस्तारै।।
कर्म शुभाशुभ बांधि उदै भरमैं संसारै।
पावे दुःख अनंत च्यारि गतिमैं डुलि सारै।।
सर्वज्ञदेशना पायकै तजै भाव मिथ्यात्व जब।
निजशुद्धभाव धरि कर्महरि लहै मोक्ष भरमैं न तब।।

**'જીવ સદા ચિદભાવ એક અવિનાશી ધારૈ,...'** જીવનો સ્વભાવ તો જ્ઞાનભાવ છે.

એ ત્રિકાળ જેમ વસ્તુ પોતે છે એમ ત્રિકાળ એનો ચિદ્દભાવ-જ્ઞાનભાવ છે. '**એક અવિનાશી ધારૈ,...**' એક સ્વરૂપ છે જ્ઞાનભાવ. એવા અવિનાશી ગુણને—સ્વભાવને જીવ ધારે છે. એને જીવ કહીએ. આહાહા..! જીવ એને કહીએ કે જે એક ચિદ્દભાવ-જ્ઞાનભાવ-જાણવાની શક્તિરૂપ ભાવ એક, સામાન્ય, અવિનાશી—નાશ ન થાય એવો એને એ જીવ ચિદ્દભાવને ધારે છે. આહાહા..! એકરૂપ રહેનાર. એવો જે જીવ જ્ઞાનભાવ સ્વભાવ એક અવિનાશી સામાન્યને ત્રિકાળ ધારે છે, એને આત્મા કહીએ. એવો આત્મા જ્ઞાનભાવ અવિનાશી છે એવી જેને દૃષ્ટિ થાય એને સમ્યગ્દર્શન થાય. કેમકે જે જ્ઞાનસ્વભાવ- જાણકસ્વભાવ એને ધારે છે જે જીવ, એવા સ્વભાવની જે દૃષ્ટિ કરે એને પર્યાયમાં સમ્યગ્દર્શન થાય. આવી વાત છે.

જીવ એટલે આત્મા. એ તો જ્ઞાનભાવ, આત્મા ભાવવાન છે, સ્વભાવવાન છે. એનો સ્વભાવ જ્ઞાનભાવ ત્રિકાળ જ્ઞાનભાવ છે. એવા અવિનાશી સ્વભાવને ધારી રાખે તે જીવ. ખરેખર તો એ શરીરને, કર્મને, રાગને પણ ધારી રાખે નહિ. આહાહા..! ખરેખર તો એની એક સમયની પર્યાય બદલે એને પણ ન ધારી રાખે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સદા. એ જીવ જ્ઞાનભાવ-જ્ઞાનસ્વભાવ, જે ધ્રુવ પોતે એનો જ્ઞાનસ્વભાવ એ ધ્રુવ ત્રિકાળ અવિનાશી એવા સ્વભાવને ધારે એને જીવ કહીએ. આહાહા..! એ શરીરને ન ધારે, વાણીને ન ધારે, એ કર્મને ન ધારે, એ પુણ્ય-પાપના વિકલ્પને પણ રાખે નહિ. આહાહા..! એમ એક સમયની પર્યાય છે એ તો બદલતી છે. સદાય એનું ધારવું તો ચિદ્દભાવ-જ્ઞાનભાવનું ધરવું છે. ઝીણી વાતું છે. કાલે છોકરા બે આવ્યા નહોતા તમારા? ઉજ્જૈનથી. ઓલો નાનો કહેતો હતો કે મારું મન તો કોઈને માને નહિ. ધર્મ- બર્મની આપણને કાંઈ ખબર નહિ. પણ તમે કીધું કે અંદર જુઓ કાંઈક છે. ત્યારથી કાંઈક લાગ્યું છે કહે છે. બે છોકરા આવ્યા હતા ને કાલે. ઉજ્જૈનથી આવ્યા હતા. દિગંબર હતા? એ નાનો છોકરો જરી... અંદર છે કાંઈક. મેં કીધું, બહાર જુએ છે એ નહિ પણ અંદર ચીજ છે. કાંઈક લાગ્યું ખરું કાંઈક. લઈ ગયો કેટલાક ફોટા અને લઈ ગયો થોડા... અરે..! ભાઈ! તું જે છો એ ક્યાં છો? શેમાં છો? તું છો એ જ્ઞાનમાં છો—ચિદ્દભાવમાં છો. એવા જ્ઞાનસ્વભાવ, એવી ભાવને ધરનાર ચીજ એને સર્વજ્ઞના ઉપદેશ દ્વારા પહેલું જાણી અને પછી અનુભવમાં લાવવું એનું નામ ધર્મની પહેલી શરૂઆત, સમ્યગ્દર્શન એને કહે છે.

'**કર્મ નિમિતકૂં પાય...**' પણ પર્યાયમાં કર્મરૂપી નિમિત્ત એક જડ છે એના સંગને લઈને '**અશુદ્ધભાવનિ વિસ્તારૈ.**' આહાહા..! એ પુણ્ય ને પાપ ને સંકલ્પ-વિકલ્પ એ અશુદ્ધ નિમિત્તને કારણે અશુદ્ધતા વિસ્તારે છે. સ્વભાવમાં એ અશુદ્ધતા વિસ્તારવાનો કોઈ ગુણ નથી, કોઈ

શક્તિ નથી એની કે અશુદ્ધતા વિસ્તરે. આહાહા..! અશુદ્ધતાનો વિસ્તાર થાય, અશુદ્ધતા જન્મે એવો એનો કોઈ ગુણ નથી અંદર. આહાહા..! ફક્ત એ કર્મના નિમિત્તના સંગે વર્તમાન પર્યાય--હાલત સંગમાં જોડાઈ જાય છે તેથી અશુદ્ધભાવનો વિસ્તાર કરે. આહાહા..! શુભ-અશુભના અસંખ્ય પ્રકાર છે એ બધા કર્મના નિમિત્તના સંગે, સ્વભાવનો સંગ, સ્વભાવનો સંગ ભૂલીને પર્યાયનો સંગ કરે, પહેલા નિમિત્તનો સંગ કરે એટલો એને અશુદ્ધભાવનો વિસ્તાર થાય. અશુદ્ધભાવ એટલે કે શુભાશુભભાવ બેય. આહાહા..! એ કહે છે હવે.

'**કર્મ શુભાશુભ બાંધિ...**' એ અશુદ્ધભાવને લઈને, અશુદ્ધના બે પ્રકાર—એક શુભ-દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, ... આદિ અને એક અશુભ—કામ, ક્રોધ, માન, માયા, લોભ, રાગ આદિ. એ અશુદ્ધનો એક પ્રકાર જે શુભભાવ એનાથી શુભકર્મ બાંધે અને અશુદ્ધનો એક (પ્રકાર) અશુભભાવ એ અશુભ કર્મ બાંધે. '**કર્મ શુભાશુભ બાંધિ ઉદૈ ભરમૈ સંસારૈ.**' અને એનો ઉદય થતાં વળી પોતે રાગ-દ્વેષને કરે અને સંસારમાં રખડે. આહાહા..! '**પાવૈ દુઃખ અનંત...**' આહાહા..! જુઓ! અહીં શુભાશુભ કર્મ, શુભાશુભભાવ એ અશુદ્ધભાવ, એ દુઃખરૂપ અને એનાથી બંધાય કર્મ, એના ફળ પણ દુઃખરૂપ. આહાહા..! ચારેય ગતિ દુઃખરૂપ. સ્વર્ગમાં જાય તોપણ દુઃખ છે, નરકમાં પણ દુઃખ છે. આત્માના આનંદ, જ્ઞાન ત્રિકાળ સ્વભાવ એવો અતીન્દ્રિય આનંદનો ત્રિકાળ સ્વભાવ એને ધરનારો ભગવાન આત્મા, એ આનંદના સ્વભાવને પકડીને જે દર્શનશુદ્ધિ પ્રગટ કરે એને આનંદનો સ્વાદ આવે એટલે કે એને દુઃખ ન થાય અને સુખ થાય. આહાહા..! પણ કર્મના નિમિત્તના સંગે દોરાતા અનાદિથી એને શુભાશુભભાવ અશુદ્ધ થાય, એ શુભ-અશુભથી શુભાશુભ કર્મ બંધાય. એને લઈને ચાર ગતિમાં રખડે. આહાહા..! એ ક્યાંય સુખી નથી. શુભ અને અશુભભાવથી બંધન કરે અને બંધનના ફળમાં ચાર ગતિ મળે. ક્યાંય સુખ નથી. સુખસ્વરૂપ તો ભગવાન આત્મા છે. જેમ જીવ અવિનાશી જ્ઞાનને ધરે છે, એવો જ અવિનાશી આનંદને આત્મા ધરે છે. એને આત્મા કહીએ. જેને આત્મા જાણવો હોય એણે અવિનાશી આનંદના ધરનારને પકડવો. આહાહા..!

'**પાવૈ દુઃખ અનંત ચ્યારિ ગતિમૈં ડુલિ સારૈ.**' ચાર ગતિમાં ડુલે, રખડે. આહાહા..! મનુષ્યગતિ હો, દેવગતિ હો, નરક હો કે તિર્યંચ હો, એ બધી દુઃખની ગતિઓ છે. આહાહા..! કાંઈક મનુષ્યપણું મળે, શરીર ઠીક રહે, એમાં જુવાનીની અવસ્થા હોય શરીરની તો એમાં એને મજા લાગે. અરે..! ભગવાન! એ તો માટી છે ને પ્રભુ! એ માટીનો માટી તું નથી. તું તો આનંદ અને જ્ઞાનનો માટીનો સ્વભાવ છે તું. આહાહા..! જ્ઞાન અને આનંદ એવો જે ત્રિકાળ ધ્રુવ સ્વભાવ એને ધરનારો ભગવાન એના સમીપમાં જાને ભાઈ! આહાહા..! એના સમીપને છોડીને કર્મના સમીપમાં જઈશ તો શુભ-અશુભભાવ એવા અશુદ્ધભાવ ઉત્પન્ન

થશે, બંધાશે કર્મ અને ચાર ગતિમાં રખડશે. આહાહા..!

'**સર્વજ્ઞદેશના પાયકૈ...**' સર્વજ્ઞદેશના. સર્વજ્ઞ જે જ્ઞાનસ્વભાવ અવિનાશી એને ધરનારો ભગવાન એ જ્ઞાન સંપૂર્ણ સ્વરૂપ શક્તિ એની છે. એની જેને વ્યક્તિ પ્રગટ દશા સર્વજ્ઞ પરમેશ્વરને થઈ. તીર્થંકરદેવ કેવળજ્ઞાની ભગવાન એ સર્વજ્ઞ જ્ઞસ્વભાવને જે ધારતો હતો આત્મા ત્રિકાળ, એનો આશ્રય લઈ અને જે ત્રિકાળ જ્ઞાનસ્વભાવ પૂર્ણ સર્વજ્ઞશક્તિ હતી એને પર્યાયમાં પ્રગટ કરી. એમનો દેશના પામીને... જેણે ભગવાન આત્માને ત્રિકાળી જોયો અને ત્રિકાળી જાણનારની પર્યાયમાં ત્રિકાળી જાણવું પ્રગટ કર્યું. આહાહા..! એવા ભગવાને જે ઉપદેશ આપ્યો.

'**સર્વજ્ઞદેશના પાયકૈ તજૈ ભાવ મિથ્યાત્વ જબ.**' એનો અર્થ એ કીધો કે સર્વજ્ઞની દેશના એવી હોય છે કે સ્વભાવની દૃષ્ટિ કર, મિથ્યાત્વને ટાળ એટલે કે સુખને પ્રગટ કર, દુઃખને ટાળ. આહાહા..! સમજાણું કાંઈ? સુખી થવું હોય તો સર્વજ્ઞની દેશના એવી છે કે એ સર્વજ્ઞસ્વભાવ તરફ જવાની વાત કરે છે એ. એ રાગ ને નિમિત્ત ને અલ્પજ્ઞથી ખસી ત્રિકાળ સ્વભાવની સમીપમાં જા, તને સુખ થશે અને દુઃખ ટળશે. મિથ્યાત્વ એટલે દુઃખ, સમકિત એટલે સુખ. આહાહા..! '**સર્વજ્ઞદેશના પાયકૈ તજૈ ભાવ મિથ્યાત્વ જબ.**' એનો અર્થ કે ભગવાનની દેશનામાં એ આવ્યું હતું કે સર્વજ્ઞસ્વભાવી ભગવાન આત્મા તું, જેણે અનંત અવિનાશી જ્ઞાનસ્વભાવને ધારી રાખ્યો છે એવો જે ભગવાન આત્મા એની સન્મુખ જો. આહાહા..! એની સન્મુખ જોતા તને સુખ થશે અને મિથ્યાત્વરૂપી દુઃખનો તને નાશ થશે. આહાહા..! આ ભગવાનનો ઉપદેશ આ હતો. આહાહા..!

'**તજૈ ભાવ મિથ્યાત્વ જબ.**' એમ છે ને? મિથ્યાત્વ એટલે વિપરીત માન્યતા. એટલે રાગ મને લાભ કરશે, નિમિત્ત મને લાભ કરશે, અલ્પજ્ઞ દશા એટલો હું એવી જે મિથ્યા શ્રદ્ધા. એ સર્વજ્ઞની દેશનામાં એ આવ્યું કે એ નિમિત્ત, રાગ અને અલ્પજ્ઞની જે દૃષ્ટિ છે એ દુઃખરૂપ છે. આહાહા..! ત્રિકાળ ધ્રુવસ્વભાવ નિત્યાનંદ પ્રભુ એની દૃષ્ટિ કરવાથી તને સુખ થશે, તું સુખને પંથે પડીશ. આહાહા..! આવો માર્ગ ભગવાનનો. અહીં તો પહેલું જ એ કીધું. '**સર્વજ્ઞદેશના પાયકૈ તજૈ ભાવ મિથ્યાત્વ જબ.**' આહાહા..! જ્ઞાનસ્વભાવથી ભરેલો ભગવાન એને પકડવાથી, એની સન્મુખ થવાથી પર્યાય ને રાગ ને નિમિત્તથી વિમુખ થાય છે અને સ્વભાવની સન્મુખ થાય છે એને સુખ થાય છે. સમ્યગ્દર્શન થતાં એને દુઃખ, મિથ્યાત્વનો નાશ થાય છે. આહાહા..! આવો માર્ગ વીતરાગનો. લોકોને નામે ભગવાનને નામે બીજું સાંભળ્યું બધું. વ્રત કરવા, અપવાસ કરવા, ભક્તિ કરવી, પૂજા કરવી એ તો સર્વજ્ઞદેશનામાં ન આવ્યું આમાં. આમાં તો એ આવ્યું કે સ્વભાવની સન્મુખ થા અને વિમુખ જે છો સ્વથી એનો નાશ કર. આહાહા..! કર્મના નિમિત્તના સંબંધે થતા અશુદ્ધભાવ એની એકતાબુદ્ધિ તોડ

અને સ્વભાવની એકતાબુદ્ધિ કર. આ ભગવાનની દેશના હતી. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

અરે..! તારું વીર્ય પરમાં અશુદ્ધભાવમાં ઉલ્લસિત થયું છે, કર્મના સંગમાં તારું વીર્ય ઉલ્લસિત થયું છે એ મિથ્યાત્વભાવ ને એ સંસાર ને એ દુઃખરૂપ છે. આહાહા..! તારો નાથ આનંદથી ભરેલો અંદર સચ્ચિદાનંદ પ્રભુ છે તું, એમાં વીર્યને વાળ. તારી આનંદદશા જે સુખરૂપ શક્તિ છે એમાંથી આનંદનો પ્રવાહ આવશે અને એકતાબુદ્ધિનું જે દુઃખ છે એ ટળી જશે. આહાહા..! આ ચાર અનુયોગમાં સર્વજ્ઞની દેશના આ છે. આહાહા..! વીતરાગતા કીધી છે ને તાત્પર્ય? એનો અર્થ એ. ચારેય અનુયોગમાં તાત્પર્ય તો વીતરાગતા છે. એટલે કે પર તરફના રાગ ને વિકલ્પથી હઠી જઈ અને સ્વભાવ સન્મુખ થતાં જ વીતરાગતા પ્રગટ થાય છે. અને એ ચારેય અનુયોગોનો અને ભગવાનની આગમની દેશનાનો આગમનો આ સાર છે. સમજાણું કાંઈ?

'**નિજશુદ્ધભાવ ધરિ...**' જોયું! જ્યારે સર્વજ્ઞની દેશના મળી કે પ્રભુ! તું તો પૂર્ણ આનંદ અને જ્ઞાન-જ્ઞાન સ્વભાવ, ચિદ્ભાવ એનો ધરનાર છો ને તું. રાગાદિની અને એક સમયની પર્યાય પણ રાખનાર તું નથી. આહાહા..! અવ્યક્તમાં આવે છે ને છઠ્ઠો બોલ અવ્યક્તનો. પોતે પોતાથી બાહ્ય અભ્યંતર અનુભવમાં આવતો છતાં વ્યક્ત પ્રત્યે ઉદાસીન છે. આહાહા..! એ પર્યાયની આનંદની દશા એક સમયની એનાથી ઉદાસ છે. ત્યાં ટકતો નથી. આમ વળે છે. છઠ્ઠો બોલ છે ને અવ્યક્તનો? આહાહા..! પાંચમો બોલ એમ છે કે વ્યક્ત અને અવ્યક્ત એ બંનેનું જ્ઞાન એક સાથે હોવા છતાં વ્યક્તને સ્પર્શતો નથી, પર્યાયને અડતો નથી કહે છે. આહાહા..! એવો તારો સ્વભાવ આહાહા..! એક સમયની પર્યાયને એ સ્પર્શતો નથી એમ કહે છે. વ્યક્ત જે પ્રગટ દશા.. આહાહા..! એવો જે ત્રિકાળી દ્રવ્યસ્વભાવ ચૈતન્યભર્યું સત્ત્વ એને અવ્યક્ત કહીએ, પર્યાયની-પ્રગટ અવસ્થાની અપેક્ષાએ. આહાહા..! એવા અવ્યક્ત ભગવાન આત્માની સન્મુખ થતાં, આદર થતાં, સ્વીકાર થતાં જે દશા થાય એને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહે છે. સમજાણું કાંઈ? ભગવાનની દેશના આ છે. આહાહા..!

બાર સભામાં ઈન્દ્રો અને ગણધરોની હાજરીમાં ઈચ્છા વિનાનો દિવ્યધ્વનિ, દિવ્ય એટલે પ્રધાન અવાજ એવો આવ્યો એને સર્વજ્ઞની દેશના કહે છે. એને પામીને પણ, એમ. એ જેને મળી છે એને પામીને આ સ્વભાવસન્મુખ થાય છે. આહાહા..! એ '**નિજશુદ્ધભાવ ધરિ...**' પર્યાયની અંદર હવે. '**કર્મહરિ...**' પોતાનો ત્રિકાળ શુદ્ધ ધ્રુવ સ્વભાવ જ્ઞાનભાવ એ ત્રિકાળ ધરનારો જીવ એને પકડી અને જેણે નિજ શુદ્ધભાવ ધારણ કર્યો. કર્મહરિ—અને કર્મને નાશ કર્યા. '**લહે મોક્ષ...**' એ મોક્ષને પામે છે. આહાહા..! '**ભરમૈ ન તબ.**' તે

ભ્રમણામાં આવતો નથી, સંસારમાં રખડતો નથી. આહાહા..! ટૂંકામાં ઘણું કહ્યું. આહાહા..! છપ્પય કર્યો છે એમાંથી.

दोहा

मंगलमय परमातमा, शुद्धभाव अविकार।
नमूँ पाय पाऊँ स्वपद, जाचूँ यहै करार।।

કહે છે, ભાવપાહુડ પૂર્ણ કરતા હું મંગળમય પરમાત્માને, શુદ્ધભાવ અવિકારી જે છે પૂર્ણ એને હું નમું છું. મારું નમન, વલણ પૂર્ણ પરમાત્માદશા જેને પ્રાપ્ત થઈ છે, અવિકારી શુદ્ધદશા જે ભગવાનને મળી-પ્રાપ્ત છે, એ મારે પ્રાપ્ત કરવી છે, માટે એવા પરમાત્માને હું નમું છું. આવા પરમાત્માને મારો વિનય એને ત્યાં જાય છે. આહાહા..! ભારે ઝીણી વાતું ને એટલે માણસને સાંભળવા નવા સાંભળવા આવે એને તો એવું લાગે કે શું કહે છે આ? માર્ગ એવો ઝીણો છે. જેને આ શરીર, વાણી, મનની ક્રિયા સાથે કાંઈ સંબંધ નથી. એ તો નથી, પણ દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ એની સાથે ચૈતન્યને સંબંધ નથી. આહાહા..! એ તો નિમિત્ત (આધીન) ઉત્પન્ન થયેલો વિકારી ભાવ, કૃત્રિમ ભાવ છે. અકૃત્રિમ ત્રિકાળી જ્ઞાન, આનંદ જે નહિ કરાયેલા સ્વભાવવાળું તત્ત્વ એની દૃષ્ટિ કર, અને રાગની એકતાનું મિથ્યાત્વ ત્યાં ટળી જશે. ત્યાં શુદ્ધભાવ રહેશે. આગળ વધીને સ્થિરતા થઈને પૂર્ણ શુદ્ધ થશે. આહાહા..! આ માર્ગ છે.

**'નમૂં પાય પાઊં સ્વપદ,...'** જોયું! હું તો મારા સ્વપદને પામું એ મારી (ભાવના) છે. આહાહા..! પરમપદ એવા પરમાત્માને નમું ખરો, પણ મારે પામવાનું તો સ્વપદ છે. આહાહા..! 'નિજપદ જિનપદ એકતા.' આહાહા..! 'ભેદભાવ નહિ કાંઈ' એવો મારો નિજપદ, જિનપદ સ્વરૂપે એને હું પર્યાયમાં પામું એ મારી ભાવના છે. દુનિયા ગણે, ન ગણે, માને ન માને એની સાથે મારે કાંઈ સંબંધ નથી. **'જાચૂં યહૈ કરાર.'** હું તો મારા સ્વપદને જાચું એમ કહે છે. એ મારો કોલકરાર છે. આહાહા..! ભગવાનને વંદન કરીને પણ મારા સ્વપદને જાચું એ મારો કોલકરાર છે. આહાહા..! જુઓ! એક આ જયચંદ પંડિત ગૃહસ્થાશ્રમમાં રહેલા પણ કેવા ભાવને સ્પષ્ટ કરે છે. **'જાચૂં યહૈ કરાર.'** મારો કોલકરાર તો આ છે. મારું નિજપદ ભગવાન આત્મા એની પર્યાયમાં મને પ્રાપ્ત પૂર્ણ થાઓ એ મારી જાચના, એ મારો કોલકરાર છે. સ્વર્ગ પણ જોઈતું નથી, પુણ્યભાવ પણ જોતા નથી. આહાહા..! ભગવાનને વંદન કરતા વિકલ્પ ઊઠે એના ફળને મારે જોઈતું નથી કહે છે. મારે તો નિજપદની પ્રાપ્તિ એ જોઈએ છે.

**'ઇતિ શ્રી કુંદકુંદસ્વામીવિરચિત ભાવપ્રાભૃતકી જયપુરનિવાસી પં. જયચંદ્રજી છાવડા કૃત દેશભાષામય વચનિકા સમાપ્ત'** થઈ લ્યો! ભાવપાહુડ પૂરું થયું લ્યો.

# લિંગ પાહુડ
# ૭

હવે લિંગપાહુડ. મોક્ષપાહુડ થઈ ગયું છે. સાતમું લિંગપાહુડ. છ પાહુડ થઈ ગયા. '**અથ લિંગપાહુડકી વચનિકાકા અનુવાદ લિખતે હૈં :-**'

दोहा

जिनमुद्राधारक मुनी निजस्वरूपकूं ध्याय।
कर्म नाशि शिवसुख लियो बंदूं तिनके पांय।।१।।

જેણે વીતરાગ મુદ્રા ધારણ કરી. આહાહા..! બાહ્ય વીતરાગમુદ્રા નગ્ન દશા, અંતર વીતરાગમુદ્રા અવિકારી દશા. જેવો જિનનો સ્વભાવ જીવનો, જિન એનો નિજ સ્વભાવ એવી મુદ્રા જેને પર્યાયમાં પ્રગટ થઈ. આહાહા..! જેને ત્રણ કષાયનો અભાવ એવી વીતરાગમુદ્રા પ્રગટ થઈ એને મુનિ કહીએ.

મુમુક્ષુ :- પંચમકાળમાં મુનિ જ ક્યાં છે?

ઉત્તર :- મુનિ તો આ હોય, પંચમકાળ હોય કે ચોથો કાળ હોય. ત્રણે કાળમાં મુનિપણાની દશામાં ફેર નથી.

'**જિનમુદ્રાધારક...**' અહો! જીવનું સ્વરૂપ જ જિનસ્વરૂપ છે. અવિનાશી જ્ઞાનને ધારનાર કહો કે વીતરાગી સ્વભાવને ધારનાર કહો. ચારિત્રને ધારનાર એટલે વીતરાગસ્વભાવને ધારનાર એવો જે આત્મા એનો આશ્રય લઈને, એને પડખે આવીને જેણે વીતરાગતા પ્રગટ કરી. એ અંદરમાં હતી તે પ્રગટ કરી. એને જિનમુદ્રા કહેવામાં આવે છે. બાહ્યમાં નગ્ન મુદ્રા. આહાહા..! મુનિને વસ્ત્રનો ધાગો ન હોય. ઓહો..! પાત્ર, વસ્ત્ર ન હોય. અંદરમાં વીતરાગતા પ્રગટી છે એને એક શરીરમુદ્રા રહી ગઈ છે. આહાહા..! એને એક વિકલ્પ ઊઠે પંચ મહાવ્રતના આદિ તો એ દ્રવ્યલિંગ છે. એ હો. પણ '**જિનમુદ્રાધારક મુનિ...**' જોયું! '**જિનમુદ્રાધારક મુની નિજસ્વરૂપકૂં...**' પોતાનું નિજસ્વરૂપ છે તેનું ધ્યાન કરે છે. મુનિ તો નિજસ્વરૂપના ધ્યાની હોય છે. શુદ્ધ ઉપયોગવાળા હોય છે ને. આહાહા..! હવે એની તો અત્યારે ના પાડે છે કે શુદ્ધ ઉપયોગ હોય નહિ. અરે..! ભગવાન! તો પછી થઈ રહ્યું. સમ્યગ્દર્શન પણ નથી અને સાધુ પણ નથી કોઈ.

‘**નિજસ્વરૂપકૂં ધ્યાય.**’ ભગવાન પૂર્ણ આત્મા-પરમાત્મા એવું જે નિજસ્વરૂપ એનું એને ધ્યાન હોય છે. એને રાગનું, પુણ્યનું એનું ધ્યાન હોતું નથી એમ કહે છે. આવે વચ્ચે ખરું, ધ્યાન એનું નથી, ધ્યાન તો આત્માના સ્વરૂપનું છે. આહાહા..! ‘**જિનમુદ્રાધારક મુની નિજસ્વરૂપકું ધ્યાય,...**’ નિજસ્વરૂપ વીતરાગમૂર્તિ આનંદનો નાથ ભગવાન એને જેણે ધ્યાનમાં વિષય કર્યો છે, ધ્યાનમાં જેણે વિષય એને બનાવ્યો છે એ એનું ધ્યાન કરે છે. આહાહા..! મુનિની વાત છે ને.

મુનિ પંચ પરમેષ્ઠીમાં ભળે છે. આહાહા..! ણમો લોએ સવ્વ સાહુણં. જેને ગણધર નમસ્કાર કરે. તીર્થંકરના વજીર, દીવાન એ નમસ્કાર (કરે) એ મુનિપણું કેવું હોય ભાઈ! જેને અંતરમાં વીતરાગતાની છોળું ઊઠે છે. આહાહા..! જેને અતીન્દ્રિય આનંદની ધારા (વહે છે). મુનિ એને કહીએ કે અતીન્દ્રિય ધારા સ્વસંવેદન પ્રત્યક્ષ (હોય). પ્રચુર સ્વસંવેદન આવે છે ને? સ્વ નામ આત્માનું સંવેદન-પ્રત્યક્ષ(વેદન). આનંદનું, અતીન્દ્રિય આનંદનું વેદન જેને ધારાવાહી હોય છે. આહાહા..! એને ભાવલિંગરૂપી જિનમુદ્રા કહીએ. આવી વાતું કેવી? ઓલી તો કહે ભગવાનની ભક્તિ કરવી, જાત્રા કરવી, પાલિતાણે જાવું, સમ્મેદશિખર જાવું. ચૈત્ર સુદ પૂનમ. અષાઢ સુદ પૂનમ આવશે આ હવે. ભાઈ! એ તો બધો શુભભાવ હોય છે, એ કાંઈ ધર્મ નથી. આહાહા..! એ તો અશુદ્ધભાવનો એક ભાગ છે. એનાથી પુણ્યબંધ થાય અને એનાથી સંસાર મળે. આહાહા..!

મુમુક્ષુ :- સંસાર તો મીઠો ન લાગે?

ઉત્તર :- મીઠો ધૂળ મીઠો કીધો અહીં તો. ચાર ગતિ મળે, દુઃખની દશા છે. આહાહા..! અશુભ હોય તો નરક અને ઢોર. શુભ કાંઈક થોડું હોય તો મનુષ્ય અને વિશેષ હોય તો દેવ (થાય). રખડવાના બધા દુઃખના સ્થાન છે. આહાહા..! અતીન્દ્રિય આનંદનું ધામ ભૂલાઈને જે શુભાશુભ ભાવ થાય, અરે..! ભૂલ્યા વિના પણ થાય. આહાહા..!

મુમુક્ષુ :- ચારિત્રનો દોષ.

ઉત્તર :- ચારિત્રનો દોષ. તોપણ છતાં ફળ તો દુઃખ છે ને. આહાહા..! (સમયસાર ગાથા) ૭૪માં કહ્યું નહિ? શુભભાવ એ દુઃખ છે અને દુઃખનું ફળ છે. આહાહા..! ગજબ વાત! વીતરાગની વાતું. પોતે કહે છે કે મારી વંદના, વિનય કરતા તને શુભભાવ થશે. એ શુભભાવ વર્તમાન પણ દુઃખ છે અને ભવિષ્યમાં એનાથી સંયોગ મળશે વીતરાગની વાણી કે વીતરાગ, એ પરદ્રવ્ય મળશે ત્યાં તારું લક્ષ જશે તો તને રાગ થાશે. ત્યાં પણ દુઃખ છે. આહાહા..! વીતરાગ એમ કહે હોં!

મુમુક્ષુ :- .. વીતરાગી જ થાય.

ઉત્તર :- વીતરાગ. આહાહા..!

કહે છે, આવા નિજસ્વરૂપને ધ્યાય કરી મુનિઓ... પરમેશ્વર કહે છે કે મારું ધ્યાન નહિ. એનું નિજ સ્વરૂપ અંદર આનંદનો નાથ ભગવાન છે, શુદ્ધ ચૈતન્યઘન છે... આહાહા..! જેને ધ્યાનમાં લેવાથી આનંદ આવે એને ધ્યાનમાં લે નહિ. જેને ધ્યાનમાં લેતા રાગ થાય એ તો દુઃખ થાય. આહાહા..! માર્ગ એવો છે ભાઈ!

'**નિજસ્વરૂપકૂં ધ્યાય.**' જુઓ! મુનિઓ તો પોતાના સ્વરૂપનું ધ્યાન કરે છે એમ કહે છે. એ પંચ મહાવ્રત પાળે અને અઠ્યાવીશ મૂળગુણ પાળે એની વાત નથી અહીં. આહાહા..! હોય છે એને એ જાણે છે. કારણ કે જીવનો જ્ઞાનસ્વભાવ છે અને એ જ્ઞાનસ્વભાવ ધ્રુવ છે. એમાંથી પ્રગટેલી દશા પણ જ્ઞાન છે. એ જ્ઞાન રાગ થાય, વ્યવહાર થાય એને જાણે. આહાહા..! સવારમાં એક પ્રશ્ન કહ્યો હતો સવારમાં દસ્ત જતાં. કીધું, આ લોકની તૃષ્ણા.. ચૈતન્ય સર્વને જાણે એવો સ્વભાવ છે એવું જેને ભાન નથી એની તૃષ્ણા અનંતગુણી આમ પરમાં ગઈ. આહાહા..! કારણ કે વસ્તુ ત્રણ કાળ, ત્રણ લોકને જાણે એક સમયમાં એવી એની શક્તિ અને એટલું એનું સ્વરૂપ છે. એ જ્યારે લક્ષમાં આવ્યું નહિ ત્યારે પર તરફ દ્રવ્યને મેળવવાની ઈચ્છા ઉત્પન્ન થઈ. એ ઈચ્છા પણ અનંતી થઈ. આહાહા..! તૃષ્ણા. એ તો આવ્યું છે ને આશા ગર્ત નથી આવતું? આશારૂપી ખાડામાં. બાપુ! આ લોક તો એક જ છે અને તારી તૃષ્ણા આખા લોકને લેવાની છે. આખા લોકને જાણવાની જે (શક્તિ) છે એ ગુલાંટ ખાઈ ગઈ વાત. એથી આખા લોકને લેવાની તૃષ્ણા છે. કોને ભાગ આવશે? એમ આવ્યું છે ને ભાઈ! આશા લોક. ..માં આવે છે આ લોકોમાં, ઉત્તરાધ્યયનમાં પણ આવે છે. તૃષ્ણા તારી આવી અનંત, અનંતને લઉં. તો લોક તો એક જ ચીજ છે અને આવી તૃષ્ણા જીવની અનંત ઘણાને... એને કેટલો ભાગ આવશે આ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. એ. પણ હા, તારો ભગવાન જ્ઞાનસ્વભાવ છે એ એક એક આત્મા પરિપૂર્ણને જાણે એમાં વહેંચવાનું કાંઈ નથી. સૌ જાણો. આહાહા..! એ સાધક જ્યારથી થયો ત્યારથી રાગથી માંડીને આખી દુનિયાને જાણો. બીજો પણ જાણે, ત્રીજો પણ જાણે, અસંખ્ય સમકિતી જાણે. આહાહા..! એમાં કાંઈ ભાગ પાડવાની જરૂર નથી. આહાહા..! શું વસ્તુની મર્યાદા!

'**જિનમુદ્રાધારક મુની નિજસ્વરૂપકૂં ધ્યાય, કર્મ નાશિ...**' એ નિજસ્વરૂપના ધ્યાનથી કર્મનો નાશ થાય. આહાહા..! કોઈ વ્રત ને તપ ને અપવાસ-બપવાસથી કાંઈ કર્મ નાશ થાય નહિ. એ તો શુભની ક્રિયા રાગ છે. આહાહા..! '**કર્મ નાશિ શિવસુખ લિયો...**' કર્મનો નાશ કરી, જેણે મુનિપણું, વીતરાગપણું ધારણ કરી અને જે પોતાના સ્વરૂપનું ધ્યાન કરીને

શિવપદને પામ્યા. **'વંદુ તિનકે પાંય.'** તેના ચરણકમળને હું વંદું છું. કારણ કે મારે પણ એ મુક્તિ જોઈએ છે. આહાહા..! તું પામ્યો તેને મારે પામવું છે એટલે તારા ચરણકમળને વંદન કરું છું. એમ કરીને લિંગપાહુડ એની વચનિકા શરૂ કરે છે.

**'ઈસપ્રકાર મંગલ કે લિયે જિન મુનિયોંને શિવસુખ પ્રાપ્ત કિયા...'** જિન એટલે જેણે. **'ઉનકો નમસ્કાર કરકે શ્રીકુંદકુંદાચાર્યકૃત પ્રાકૃત ગાથા...'** છે આ બધી. **'પ્રાકૃત ગાથાબદ્ધ લિંગપાહુડનામક ગ્રંથકી દેશભાષામય વચનિકાકા...'** ચાલતી ભાષામાં એનો **'અનુવાદ લિખા જાતા હૈ—પ્રથમ હી આચાર્ય મંગલકે લિયે ઈષ્ટકો નમસ્કાર કર ગ્રંથ કરનેકી પ્રતિજ્ઞા કરતે હૈં :—'** હવે કુંદકુંદાચાર્ય મંગળિક કરે છે.

**काऊण णमोकारं अरहंताणं तहेव सिद्धाणं।**
**वोच्छामि समणलिंगं पाहुसत्थं समासेण।।१।।**

**'અર્થ :- આચાર્ય કહતે હૈં કિ મૈં અરહંતોકો નમસ્કાર કરકે...'** આહાહા..! જેણે સર્વજ્ઞપણું પ્રગટ કર્યું કેવળી ભગવાન પરમાત્મા એને હું નમસ્કાર કરું છું. **'ઔર વૈસે હી સિદ્ધોંકો નમસ્કાર...'** જે શરીરરહિત થઈ એકલી સિદ્ધદશા પામ્યા એવા સિદ્ધ ભગવાનને પણ નમસ્કાર કરું છું. **'તથા જિસમેં શ્રમણલિંગકા નિરૂપણ હૈ ઈસ પ્રકાર પાહુડશાસ્ત્રકો કહૂંગા.'** એમ કહે છે. આમાં સાધુનું લિંગ કેવું હોય બાહ્ય અને અભ્યંતર. બાહ્ય નગ્ન દશા, અભ્યંતર વીતરાગ દશા. એ વીતરાગ દશાના લિંગ વિના એકલા નગ્નપણા અને પંચ મહાવ્રતની ક્રિયા એ બધી નિરર્થક છે. એમ આ લિંગપાહુડમાં કહેવામાં આવશે. ભાવપાહુડમાં પણ ઘણું એ જ કહ્યું હતું. બીજી ગાથાથી ઉપાડ્યુ હતું ને. લિંગં નહિ? દ્રવ્યલિંગં. બીજી ગાથાથી. ભાવલિંગથી શરૂ કર્યું હતું.

કુંદકુંદાચાર્ય થયા ત્યારે બધો ફેરફાર ઘણો થઈ ગયો હતો. શ્વેતાંબર પંથ નીકળી ચૂક્યો હતો અને એ વસ્ત્ર-પાત્ર રાખીને મુનિપણું મનાવવા લાગ્યા હતા એ માટે આ બધું બનાવ્યું છે. માર્ગ આ નથી ભાઈ! અને સંપ્રદાયમાં પણ એકલું દ્રવ્યલિંગ ધારણ કરી, ભાવલિંગની ખબર ન મળે, પ્રગટ દશા ન મળે અને એકલા નગ્નપણા ધારણ કરે એને પણ નિષેધ્યા છે. એ પણ વસ્તુ નથી, વસ્તુ નથી. જેમાં શ્રમણલિંગનું કથન છે. પાઠ છે ને **'पाहुसत्थं'**. એ પાહુડ નામ પ્રાભૃત શાસ્ત્રને કહ્યું. લિંગ પ્રાભૃતશાસ્ત્ર. એવા લિંગના પ્રાભૃત કહેવાના શાસ્ત્રને હું કહીશ. અથવા એનો સાર છે.

**'ભાવાર્થ :- ઈસ કાલમેં મુનિકા લિંગ જૈસા જિનદેવને કહા હૈ ઉસમેં વિપર્યય હો ગયા,...'** આહાહા..! આ કાળ પંચમકાળ ભગવાન કુંદકુંદાચાર્ય હતા ત્યારે. બે હજાર વર્ષ પહેલાં. સંવત્ ૪૯. અરે..! આ કાળમાં મુનિનું લિંગ જેવું જિનદેવે કહ્યું એનાથી વિપરીત

'ઉસકા નિષેધ કરનેકે લિયે યહ લિંગનિરૂપણ શાસ્ત્ર આચાર્યને રચા હૈ, ઉસકી આદિમેં ઘાતિકર્મકા નાશકર અનંતચતુષ્ટય પ્રાપ્ત કરકે અરહંત હુએ,...' એને હું નમસ્કાર કરું છું કહે છે. 'ઉન્હોંને યથાર્થરૂપસે શ્રમણકા માર્ગ પ્રવર્તાયા...' એ અરિહંત પરમેશ્વર સર્વજ્ઞ વીતરાગદેવે જે યથાર્થરૂપે શ્રવણનો માર્ગ પ્રવર્તાવ્યો. 'ઔર ઉસ લિંગકો સાધકર સિદ્ધ હુએ, ઈસપ્રકાર અરહંત સિદ્ધોંકો નમસ્કાર કરકે ગ્રંથ કરનેકી પ્રતિજ્ઞા કી હૈ.' લ્યો! આહાહા..!

'આગે કહતે હૈં કિ જો લિંગ બાહ્યભેષ હૈ વહ અતરંગધર્મસહિત કાર્યકારી હૈ :—' લ્યો! ત્યાંથી ઉપાડ્યું.

धम्मेण होइ लिंगं ण लिंगमत्तेण धम्मसंपत्ती।
जाणेहि भावधम्मं किं ते लिंगेण कायव्वो।।२।।

આહાહા..! 'અર્થ :- ધર્મ સહિત તો લિંગ હોતા હૈ...' ધર્મ નામ વીતરાગભાવ. આહાહા..! ધર્મ એ વીતરાગભાવ. જેવો વીતરાગ સ્વભાવ છે એવો જ વીતરાગભાવ પર્યાયમાં પ્રગટ કર્યો છે. એવો જે ધર્મ હોય તો 'ધર્મ સહિત તો લિંગ હોતા હૈ...' તો તો અભ્યંતર અને બાહ્ય લિંગ બરાબર છે. 'પરંતુ લિંગમાત્ર હી સે ધર્મકી પ્રાપ્તિ નહીં હૈ,...' આહાહા..! પણ દ્રવ્યલિંગ ધારણ કરે, મુનિ નગ્ન દશા, અઠ્યાવીશ મૂળગુણ, પંચ મહાવ્રત એવા દ્રવ્યલિંગથી કાંઈ ધર્મની પ્રાપ્તિ નથી. આહાહા..! 'ધર્મ સહિત તો લિંગ હોતા હૈ...' વીતરાગી સ્વભાવનો જે ધર્મ અંતર હોય એને તો બાહ્યલિંગ હો નગ્ન આદિ. 'પરંતુ લિંગમાત્ર હી સે ધર્મકી પ્રાપ્તિ નહીં હૈ,...' આહાહા..! નગ્ન(પણું) ધારણ કરે. એ વખતે પણ ગોટો તો ઉઠ્યો હોય ને થોડો. આહાહા..! મુનિપણું કોને કહેવું એ જગતને ખબર નથી. આહાહા..!

અહીં તો કહે છે કે નગ્નપણું થયું. હજારો રાણીઓને છોડી અને નગ્ન થયા, અઠ્યાવીશ મૂળગુણ પાળે તો એ લિંગથી કાંઈ ધર્મની પ્રાપ્તિ નથી. આહાહા..! એ દ્રવ્યલિંગ છે એ તો બધું. બાહ્ય નગ્નપણું, અંદરમાં વ્યવહારના પંચ મહાવ્રતના ભાવ, આ છ આવશ્યકના ભાવ એ લિંગમાત્રથી ધર્મની પ્રાપ્તિ નથી કાંઈ. એવા લિંગને ધારણ કરવાથી સમ્યગ્દર્શન અને જ્ઞાન, ચારિત્રની પ્રાપ્તિ નથી. આહાહા..!

'ઈસલિયે હે ભવ્યજીવ! તૂ ભાવરૂપ ધર્મકો જાન...' અંતરમાં ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવી આનંદસ્વરૂપી પ્રભુ એના અનુભવમાંથી જે વીતરાગતા પ્રગટ થાય એ ભાવલિંગ અને ધર્મ છે. એવા ધર્મને તું પ્રાપ્ત કર, જાણ. આવા ધર્મને પહેલો જાણ. આહાહા..! ચૈતન્યસ્વભાવને આશ્રયે વીતરાગતા પ્રગટ થાય એ ધર્મ છે, એને તું જાણ. આહાહા..! 'ઔર કેવલ લિંગ હી સે તેરા ક્યા કાર્ય હોતા હૈ...' એકલું નગ્નપણું ધારણ કર્યું. આ વસ્ત્ર

રાખવાની વાતું તો ક્યાંય રહી ગઈ. એ તો લિંગ પણ નથી, એ તો કુલિંગ છે. ઝીણી વાતું ભાઈ! પણ જેણે નગ્નપણું ધારણ કર્યું, પંચ મહાવ્રતના ભાવ રાખ્યા, એ દ્રવ્યલિંગથી તને શું કાર્ય છે? એનાથી તને શું લાભ છે? કહે છે. આહાહા..! લ્યો! કુંદકુંદાચાર્ય પોતે આચાર્ય મુનિ છે એ આમ કહે છે.

'**ભાવરૂપ ધર્મકો જાન...**' ભાવ જે વીતરાગ સ્વભાવ, જે પંચ મહાવ્રતના વિકલ્પથી પાર વસ્તુ જે છે એવા આત્માના સ્વભાવનો જે ધર્મ વીતરાગભાવ એને જાણ. વીતરાગભાવ એ ધર્મ છે. વીતરાગમાર્ગમાં વીતરાગભાવ એ ધર્મ છે. વીતરાગમાર્ગમાં વીતરાગી સ્વભાવની દશા શ્રદ્ધા-વીતરાગી સમકિત એ સમકિત છે અને આત્માનું જ્ઞાન-સ્વસંવેદન જ્ઞાન એ વીતરાગી જ્ઞાન અજ્ઞાન છે અને એ સ્વરૂપમાં રમણતા, અકષાયતા-વીતરાગતા એ ચારિત્ર છે. એવા ધર્મને જાણ પહેલો. આની ટીકા નથી, સૂત્ર(પાહુડ)ની ટીકા નથી પણ પોતે ભર્યું છે જયચંદ્ર પંડિતે. છની ટીકા છે.

'**લિંગ હી સે તેરા ક્યા કાર્ય હોતા હૈ અર્થાત્ કુછ ભી નહીં હોતા હૈ.**' ઓહોહો..! અંતરંગ ધર્મ વીતરાગ સ્વભાવ ચૈતન્ય સ્વભાવથી ભરેલો ભગવાન એની સમીપ, પડખે જઈને જે પર્યાય પ્રગટ થાય તે વીતરાગધર્મ છે. એવા વીતરાગધર્મને બાહ્યલિંગથી શું તારે કામ છે? એનાથી કાંઈ પ્રગટ થાય એવું નથી. આહાહા..! બહારને આશ્રયે પંચ મહાવ્રત, છ આવશ્યક, વંદન-સ્તુતિ વગેરે બધું આવે છે ને. સામાયિક, ચોવિસંથો, વંદન (આદિ) છ આવશ્યક, બાહ્ય આવશ્યક ક્રિયા. આહાહા..! એવા બાહ્યલિંગથી તને શું લાભ છે? '**કુછ ભી નહીં હોતા હૈ.**' એ પંચ મહાવ્રતની ક્રિયાના ભાવ, અઠ્યાવીશ મૂળગુણ એનાથી તને કાંઈ લાભ નથી. આહાહા..! જુઓ આ વીતરાગી મુનિઓના કથન. આહાહા..! અહીં તો હજી પંચ મહાવ્રતના ઠેકાણા ન મળે અને અમે સાધુ છીએ.

મુમુક્ષુ :- અમને સાધુ ન માને એ બધા મૂર્ખ.

ઉત્તર :- મૂર્ખ છે એ બધા. રામજીભાઈ પણ એમાં આવ્યા. મૂર્ખ મંડળ ઠરાવ્યું છે. શું થાય? આહાહા..! એવી વાત છે. જગતને બહારને પસંદ પડે એ બહારના ભભકા હોય તો લોકોને ઠીક લાગે. આહાહા..! ઉપદેશ કરતા ભાષા, ભભકા માણસને ૨૦-૨૦ હજાર ભેગા થાય. એમ કે આહાહા..! શું છે એમાં? બાપુ! આહાહા..! અને તારા પંચ મહાવ્રત હોય કદાચ, તો એથી શું કાર્ય છે? ભાઈ! એ તો શુભરાગ એના શુભબંધન, એ તો સંસાર. એ તો પહેલું કહી ગયા. આહાહા..! અનંત વાર કર્યું છે. નવું શું છે? ભગવાનમાંથી વીતરાગના અંકુરા ફોડ્યા નથી તેં. એ તો રાગ નીકળ્યો. આહાહા..! નિજસ્વરૂપના ધ્યાન કરીને જેણે વીતરાગતા પ્રગટ કરી છે તે ધર્મ છે. પરના આવા ધ્યાન શુભના રાખીને શું કાર્ય છે તને?

એમાંથી વીતરાગતા ક્યાંથી આવશે? એમ કહે છે. આહાહા..!

મુમુક્ષુ :- .. નગ્નપણું.

ઉત્તર :- નગ્નપણું શું પણ શુભભાવ શું? એ શુભભાવમાંથી વીતરાગતા ક્યાંથી આવશે? આહાહા..! કાંઈપણ કાર્યકારી નથી એમ કહે છે. '**भावधम्मं किं ते लिंगेण कायव्वो।**' બાહ્યલિંગ કાંઈ કાર્યકારી નથી એમ કહ્યું. આહાહા..! એ શું કરશે બાહ્યલિંગ તારા?

ચૈતન્યમૂર્તિ ભગવાન એ રાગની ક્રિયાથી ભિન્ન રહેલો છે, એને ભિન્ન કર્યા વિના તને પ્રાપ્તિ શી રીતે થશે? રાગની ક્રિયાથી એ પ્રાપ્તિ થશે? આહાહા..! આકરું કામ. માણસને એમ લાગે કે આ અમારી નિંદા કરે છે. કુંદકુંદાચાર્ય તો વસ્તુનું સ્વરૂપ વર્ણવે છે. એમાં એને પણ સમજાવે છે, બાપુ! દ્રવ્યલિંગ કંઈ તારું કાર્ય નહિ કરી શકે. આહાહા..! અમે લાખો માણસને સમજાવ્યા માટે તને લાભ થાય કાંઈ, (એમ નથી). એ તો શુભરાગ છે. અને ઓલા સમજ્યા હોય તો એની પર્યાયથી સમજ્યા છે, એમાં તને કાંઈ લાભ મળે (એવું નથી). આહાહા..! આવો વીતરાગ માર્ગ. રાગથી વીતરાગતા ન પ્રગટે. દ્રવ્યલિંગ બધી ક્રિયાઓ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ તો રાગની ક્રિયાઓ છે. એ દ્રવ્યલિંગથી તને શું કાર્ય છે? એમ કહે છે. આહાહા..! '**किं ते लिंगेण कायव्वो**' ભાવધર્મને જાણ. '**किं ते लिंगेण कायव्वो**' આહાહા..! ભગવાન રાગની ક્રિયાથી પાર અંદર છે ને પ્રભુ! પૂર્ણ વીતરાગ સ્વભાવથી ભરેલો મહાપ્રભુ છે એને જાણ ને. એને જાણ ને ત્યાં ધર્મ થાશે. આવા બહાર ક્રિયાકાંડથી તને શું કાર્ય થાશે? આહાહા..! '**તેરા ક્યા કાર્ય હોતા હૈ અર્થાત્ કુછ ભી નહીં હોતા હૈ.**'

'**ભાવાર્થ :- યહાં ઐસા જાનો કિ લિંગ ઐસા ચિહ્નકા નામ હૈ, યહ બાહ્ય ભેષ ધારણ કરના મુનિકા ચિહ્ન હૈ, ઐસા યદિ અંતરંગ વીતરાગસ્વરૂપ ધર્મ હો તો ઉસ સહિત તો યહ ચિહ્ન સત્યાર્થ હોતા હૈ...**' દેખો! આહાહા..! જેને રાગની એકતા તૂટીને ધર્મસ્વભાવ પ્રગટ થયો છે, જેને સ્વભાવની એકતા થઈ ને ધર્મ પ્રગટ થયો છે... આહાહા..! જે જ્ઞાનસ્વભાવી ભગવાનમાં એકાગ્ર થયો, એકાગ્ર થઈને જે વીતરાગતા પ્રગટી છે એવા લિંગવાળાને દ્રવ્યલિંગ નગ્ન હો, પંચ મહાવ્રત તો ઠીક કહેવાય છે. એ તો વ્યવહાર એવો હોય, પણ ધર્મના ભાન વિનાના આવા લિંગ તને શું લાભકારક છે? વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ સુદ ૧૧, રવિવાર તા. ૩૦-૦૬-૧૯૭૪**
**ગાથા – ૨-૩, પ્રવચન – ૧૮૭**

બીજી ગાથાનો ભાવાર્થ. '**યહાં ઐસા જાનો કિ લિંગ ઐસા ચિહ્ન કા નામ હૈ...**' સાધુનું ચિહ્ન નગ્ન હોય છે. જૈન સાધુ જેને કહીએ એનું બાહ્યલિંગ તો નગ્ન હોય છે. અને એને પંચ મહાવ્રતાદિના ભાવ હોય છે એ બાહ્યલિંગ કહેવામાં આવે છે. એ બાહ્ય ભેખ ધારણ કરવો એ મુનિનું ચિહ્ન છે. '**યદિ અંતરંગ વીતરાગ સ્વરૂપ ધર્મ હો તો ઉસ સહિત તો યહ ચિહ્ન સત્યાર્થ હોતા હૈ...**' શું કહે છે? અંતર આત્મા પુણ્ય-પાપના રાગથી રહિત છે અને એ વીતરાગ સ્વરૂપે પ્રભુ આત્મા છે. એની દૃષ્ટિ, જ્ઞાન અને ચારિત્ર જો હો, એટલે ધર્મ હો, એ વીતરાગભાવ હો તો તો બાહ્યલિંગ સત્યાર્થ કહેવામાં આવે છે. પણ અંદર ભાવ ધર્મ તો નથી અને એકલા લિંગ ધારણ કરે એને નિરર્થક છે, સંસારમાં રખડવાનું અટકતું નથી એને.

'**યદિ અંતરંગ વીતરાગ સ્વરૂપ ધર્મ હો...**' ભાષા પાઠમાં '**ધમ્મેણ**' છે. ધર્મનો અર્થ ચારિત્ર અને ચારિત્રનો અર્થ વીતરાગતા. આહાહા..! પંચ મહાવ્રતના ભાવ એ રાગ છે, એ કાંઈ ધર્મ નથી. એમ નગ્નપણું એ તો અજીવની દશા છે. ઓલી આસ્રવની દશા, આ અજીવની દશા. જીવ જે છે અંદર એ તો પૂર્ણ શુદ્ધ ચૈતન્યમૂર્તિ એની જેને દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા નથી એટલે કે આ આત્માને અવલંબે ધર્મ જેને નથી એને આ બાહ્યલિંગ કાંઈ પણ લાભકારી નથી. સમજાણું કાંઈ? આચાર્યે લિંગપાહુડ કહ્યું છે એ આ કારણે.

'**ઔર ઈસ વીતરાગસ્વરૂપ આત્મા કે ધર્મ બિના...**' ઓહો..! ધર્મ તો વીતરાગસ્વરૂપી આત્મા એની અંતરમાં સ્વભાવ ચૈતન્યજ્યોત પ્રભુ, એને આશ્રયે થતી દૃષ્ટિ, એને આશ્રયે થતું જ્ઞાન, એને આશ્રયે થતી લીનતા, રમણતા એ વીતરાગ ધર્મ છે. આહાહા..! અને એ '**ધર્મ કે બિના લિંગ જો બાહ્ય ભેષમાત્ર સે ધર્મ કી સંપત્તિ-સમ્યક્ પ્રાપ્તિ નહીં હૈ,...**' ભલે એ લિંગ ધારણ કરે નગ્નપણું, પંચ મહાવ્રત ધારણ કરે, પણ અંતરમાં આનંદસ્વરૂપ ભગવાન આત્મા એનું જેને વીતરાગી સમ્યગ્દર્શન નથી. વીતરાગી સમ્યગ્દર્શન એટલે? રાગરહિત સ્વરૂપની દૃષ્ટિ અનુભવની. ચૈતન્ય શુદ્ધ પવિત્ર ભગવાન આત્માનો સ્વભાવ છે એને અનુસરીને જેને સમ્યગ્દર્શન નથી, એને અનુસરીને જેને સમ્યગ્જ્ઞાન નથી, એવા ચૈતન્ય શુદ્ધ પવિત્ર સ્વભાવને અનુસરીને જેને અંતરમાં ચારિત્ર રમણતા નથી, એ જીવના ભેખ કાંઈ લાભદાયક નથી. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ!

વસ્ત્રસહિત જે છે એ તો દ્રવ્યલિંગ પણ શાસનમાં એને ગણવામાં નથી આવ્યું. જયંતિભાઈ! જે આ સંપ્રદાય શ્વેતાંબરમાં કે સ્થાનકવાસીમાં જે વસ્ત્રસહિત સાધુ કહેવાય છે એને જૈનદર્શનમાં દ્રવ્યલિંગી પણ કહેતા નથી. વીતરાગમાર્ગ તો એ છે. પરમેશ્વર તીર્થંકરદેવે કહેલો આ માર્ગ છે. એ પંથ તો ભગવાન પછી છસ્સો વર્ષે શ્વેતાંબર પંથ નીકળ્યો દિગંબરમાંથી, એમાંથી પંથ આ સ્થાનકવાસી તો હમણાં પાંચસો વર્ષ પહેલા નીકળ્યો. એ શ્વેતાંબરમાંથી નીકળ્યો. આહાહા..! એવી વાત છે. ઝીણી વાતું બહુ ભાઈ! એટલે એ લિંગને તો લિંગ જ ગણ્યું નથી. એ તો કુલિંગ છે. એ જૈનદર્શનનું વ્યવહારલિંગ પણ એ નહિ. એને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પણ હોતા નથી. આહાહા..! પણ જેણે નગ્નપણું ધારણ કર્યું, બાહ્યભેખ અને પંચ મહાવ્રતના ભાવ પણ જેણે ધારણ કર્યા એ પણ બાહ્ય ભેખ છે. આહાહા..! એવા બાહ્ય ભેખમાં જો આત્મા આનંદસ્વરૂપ ભગવાન પૂર્ણ સ્વરૂપ એનો જેને ધર્મસ્વભાવ-વસ્તુનો સ્વભાવ જે વીતરાગતા અને ધર્મ એ જેને પ્રગટ્યો નથી એને કંઈ પણ લાભ છે નહિ. એવી વાત છે, ભાઈ!

ચોર્યાસીના અવતારમાં અનાદિથી દુઃખી છે. એ રખડે છે, એ દુઃખમાં પચે છે ભાઈ! જેને આત્માના આનંદની ખબર નથી એવા રાગના પુણ્ય-પાપના ભાવમાં મચ્યા છે એ બધા દુઃખી છે. પછી રાજા હો કે શેઠ હો કે દેવ હો. એ બધા બિચારા દુઃખી છે. એ વિકલ્પ જે શુભ-અશુભ રાગ એમાં એ જલી રહ્યા છે, બળી રહ્યા છે.

વીતરાગ પરમાત્મા એમ કહે છે, જેણે અમારા બાહ્યલિંગને ધારણ કર્યું, પણ અંતર ભાવલિંગ જેને પ્રગટ્યું નથી. આહાહા..! ભગવાન શુદ્ધ ચૈતન્ય ધ્રુવ એમાંથી જેણે વીતરાગતા, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ વીતરાગભાવ છે, એ વીતરાગભાવરૂપી ધર્મ જેને નથી એને આત્માનો લાભ કાંઈ નથી. એને જન્મ-મરણ મટતા નથી. આહાહા..! આવી વાત છે, ભાઈ! આહાહા..!

કહે છે કે ગૃહસ્થાશ્રમમાં એકલા મિથ્યાત્વના પાપ અને રાગ-દ્વેષના પાપ સેવે છે એ તો પરિભ્રમણ કરનારા દુઃખી પ્રાણી છે. પણ જેણે મુનિલિંગ ધારણ કર્યું છે, હજારો રાણી આદિને, દુકાન, ધંધા, વેપારને છોડીને બેઠો છે અને પંચ મહાવ્રતના ભાવ જેને કહીએ એ રાગ છે, પુણ્ય છે, એ કાંઈ ધર્મ નથી, આહાહા..! એમાં આવીને બેઠો છે, પણ જેને ભગવાન આત્મા એ રાગની ક્રિયાથી ભિન્ન ચૈતન્ય છે એવી ચૈતન્યની વીતરાગ સત્તાની જેને શ્રદ્ધા નથી, વીતરાગી સત્તાનું જેને જ્ઞાન નથી, એ વીતરાગી સ્વરૂપની જેને રમણતા નથી એને ધર્મ નથી. બહુ ભારે આકરી વાત, ભાઈ! સમજાણું કાંઈ? અને એ ધર્મ વિના ચાર ગતિમાં રખડે છે. નરક ને નિગોદ એ તિર્યંચના અવતાર કીડી, કાગડા, કૂતરા... આહાહા..! એવા પરિભ્રમણમાં રખડતો જીવ...

વીતરાગ પરમેશ્વર એમ કહે છે, જેને આ આત્મા આનંદસ્વરૂપ છે, એ અતીન્દ્રિય જ્ઞાનથી ભરેલો પ્રભુ આત્મા છે. આહાહા..! અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય શાંતિ એટલે વીતરાગતા, ચારિત્ર એથી સંપન્ન ભરેલો એ પદાર્થ છે આત્મા. એવા આત્માની જેને અંતર્મુખ થઈને સ્વભાવની સમ્યગ્દર્શન દશા જેને વીતરાગભાવ કહીએ, સમ્યગ્દર્શન એટલે વીતરાગભાવ. આહાહા..! લોકો માને છે કે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, નવ તત્ત્વની શ્રદ્ધા તે ધર્મ. બિલકુલ ધર્મ નથી. લોકોને ધર્મ વીતરાગ પરમેશ્વર તીર્થંકરદેવનો જે વાણી અને પરમાગમમાં આવ્યું.. અહીં કહે છે કે એ લિંગ ધારણ કર્યા કદાચિત મુનિના, નગ્ન રહ્યો, પંચ મહાવ્રત પાળ્યા, પણ એ બધું બાહ્યલિંગ છે એ વસ્તુ નથી. આહાહા..! અંતરમાં ચૈતન્ય વસ્તુ જે આત્મા જેને કહીએ એ આત્મા તો નિર્વિકલ્પ વીતરાગમૂર્તિ આત્મા છે. એવા મહાન પ્રભુ આત્માને જેણે અંતર્મુખ થઈને સમ્યગ્દર્શન પ્રગટ કર્યું નથી, અંતર્મુખ ચૈતન્યનું જેણે અંતર વીતરાગી જ્ઞાન, વીતરાગી સ્વરૂપનું જ્ઞાન પ્રગટ કર્યું નથી અને એ વીતરાગ સ્વરૂપમાં રમણતા કરી નથી એવા ધર્મ વિનાના પ્રાણીઓ, ભલે એ નગ્ન (દશા) અને પંચ મહાવ્રત હોય, તોપણ એ ચાર ગતિમાં રખડવાના છે. જયંતિભાઈ! આવી વાત ઝીણી ભાઈ! આહાહા..!

અરેરે..! ચોર્યાસીના અવતાર અનંત-અનંત કરીને દુઃખી છે એ. એને ખબર નથી. બહારમાં એક જન્મ થયો, કાંઈક શરીર ઠીક હોય, પૈસા પાંચ-દસ લાખ મળે, છોકરા કાંઈક ઠીક થાય, માને કે અમે સુખી છીએ. મૂઢ છે, મૂઢ મોટો પાગલ છે, ગાંડો છે, પાગલ છે કહે છે. આહાહા..! સુખ નથી બાહ્યમાં, સુખ નથી શરીરમાં, સુખ નથી સ્ત્રી, કુટુંબ, પરિવારમાં, સુખ નથી અંદર પુણ્ય અને પાપના ભાવમાં. આહાહા..! જે દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજાનો ભાવ થાય એ રાગ છે, એમાં સુખ નથી. હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગની વાસનાનો ભાવ થાય એ પાપ છે, એ રાગ છે, એ દુઃખ છે. આહાહા..! એમાં સુખ નથી.

સુખ ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મા, એ સુખ વીતરાગી સુખથી ભરેલો આત્મા છે કહે છે. આહાહા..! આ જે કલ્પનાનું સુખ તો રાગના દુઃખમાં સુખ એણે માન્યું છે. આહાહા..! એ તો મિથ્યાદૃષ્ટિ જીવ જેને વીતરાગ માર્ગની ખબર નથી એ પરમાં સુખ માનીને મૂઢતા મિથ્યાત્વમાં પડ્યો, મહા મિથ્યાત્વના શલ્યમાં પડ્યો, ચાર ગતિમાં નરક અને નિગોદમાં જવાના છે એ બધા. આહાહા..! એને કહે છે કે કદાચ છોડ્યું બહારનું અને મુનિ થયો, નગ્ન મુનિ હોં! એને કહે છે.

જૈનદર્શનમાં લિંગને નગ્નને લિંગ કહેવામાં આવે છે. વીતરાગ માર્ગમાં વસ્ત્રસહિત જે સાધુ એને સાધુ તો કહેતા નથી, એને મિથ્યાદૃષ્ટિ કહે છે, પણ એને કુલિંગી કહે છે. વીતરાગમાર્ગમાં

આ વાત છે, ભાઈ! સમજાણું કાંઈ? આકરી વાત પડે એવી છે, ભાઈ! આહાહા..! અહીં તો એમ કહે છે કે જેણે નગ્નપણું ધારણ કર્યું, હજારો રાણી છોડી, કરોડોના વેપારના ધંધા છોડ્યા અને પંચ મહાવ્રતના ભાવ અંગીકાર કર્યા, જે પંચ મહાવ્રતના ભાવ અહિંસા, સત્ય એ તો રાગભાવ છે. આહાહા..! પણ જેણે અંદર વીતરાગ ધર્મ જેણે... ધર્મ શબ્દ પડ્યો છેને અહીંયા? જેણે અંદર વીતરાગતા ધર્મરૂપી પર્યાય પ્રગટ કરી નથી. આહાહા..! એના બધા લિંગો બહારના દુઃખના કારણો છે. ઝીણી વાત છે, ભગવાન!

તારી મહિમાનો પાર નથી પણ એની એને ખબર નથી. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ આત્માને વર્ણવે છે ત્યારે પ્રભુ કહે છે કે એ તારા વર્ણન શું કરું હું? એ તો તને વેદાય ત્યારે તને ખબર પડે. આહાહા..! એમ કહે છે. અમે વાણીથી ગમે એટલી વાત કરી, પણ એ તત્ત્વ વાણીમાં આવે એવું નથી. આહાહા..! એ સત્ સ્વરૂપ છે આત્મા અને એમાં ચિદ્ એટલે જ્ઞાન અને આનંદથી ભરેલો એ પદાર્થ છે. આહાહા..! એ અતીન્દ્રય આનંદનો સ્વાદિયો આત્મા છે. આહાહા..! એ જ્યારે સમ્યગ્દર્શન થાય છે ત્યારે અતીન્દ્રિય આનંદનો સ્વાદ એને આવે છે. આહાહા..! હજી તો સમ્યગ્દર્શન. આહાહા..! એને વીતરાગી દૃષ્ટિ કહે છે. અને આત્માના અંતર સ્વભાવને સ્પર્શીને સ્વસંવેદનજ્ઞાન જે થાય, સ્વ નામ પોતાનું, સં નામ પ્રત્યક્ષ. જ્ઞાનનું આનંદ સાથે વેદન જ્ઞાન થાય એ જ્ઞાનને વીતરાગી જ્ઞાન કહે છે. એ ધર્મ એને પ્રગટ્યો નથી અને બાહ્ય લિંગમાં પડ્યો એ બધા નિરર્થક છે. આહાહા..! એના શાસ્ત્રના જ્ઞાન કર્યા હોય, એ બધા નિરર્થક છે. શાસ્ત્રજ્ઞાન એ પણ એક રાગવાળું, વિકલ્પવાળું જ્ઞાન છે, એ વીતરાગી જ્ઞાન નહિ. આહાહા..!

એ અહીં ધર્મ શબ્દમાં આચાર્ય મહારાજ પહેલે જ ઉપાડે છે લિંગમાં. આહાહા..! અરે! જેને આત્મા આવો ધર્મ શુદ્ધ ચૈતન્યપ્રભુ એની શ્રદ્ધા સમ્યગ્દર્શન, એનું જ્ઞાન સ્વસંવેદન, એની લીનતા, ચારિત્ર એવો ધર્મ જેને નથી, એને બાહ્યલિંગ પંચ મહાવ્રત અને નગ્નપણું શું કામનું? આહાહા..! અને '**આત્મા કે ધર્મ બિના લિંગ જો બાહ્ય ભેષમાત્ર સે ધર્મ કી સંપત્તિ–સમ્યક્ પ્રાપ્તિ નહીં હોતી હૈ, ઈસલિયે ઉપદેશ દિયા હૈ કિ અંતરંગ ભાવધર્મ રાગદ્વેષ રહિત...**' દેખો! આહાહા..! એ શુભ-અશુભ દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ એ શુભરાગ છે, હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગના ભાવ એ અશુભરાગ પાપરાગ છે. બેય રાગથી ભિન્ન આત્મા છે. આહાહા..! એવા રાગ-દ્વેષથી રહિત. આહાહા..! '**આત્મા કા શુદ્ધ જ્ઞાન દર્શનરૂપ સ્વભાવ ધર્મ હૈ,...**' લ્યો! એવા પુણ્ય અને પાપના ભાવરહિત વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરે કહેલો ધર્મ, એ પુણ્ય અને પાપની ક્રિયાથી ભિન્ન આત્મા એનું જ્ઞાન. છે? '**રાગદ્વેષ રહિત આત્મા કા શુદ્ધ જ્ઞાન...**' આહાહા..! શાસ્ત્રજ્ઞાન નહિ, આ લૌકિક જ્ઞાન તમારા

ડોક્ટરના, વકીલના એ તો બધા કુજ્ઞાન છે, દુર્ગતિ આપવાનું એ જ્ઞાન છે.

આ તો શુદ્ધ આત્મા ચૈતન્ય વસ્તુ ભગવાને કેવળીએ જે જોઈને જાણી અને પ્રગટ કરી, એવો જે આત્મા શુદ્ધ ચૈતન્ય એનું જ્ઞાન અને એનું દર્શન. આહાહા..! બહુ ઝીણી વાત, બાપા! શું થાય? માર્ગને સમજ્યા વિના અનંત કાળથી રખડે છે. માંડ વખત પણ મળે નહિ. એક તો .. કલાક જોવે એને સૂવામાં આઠ કલાક, ખાવા-પીવામાં બે-ત્રણ કલાક સાંજ-સવાર, બાકી વેપારમાં પાપમાં આઠ-દસ કલાક. આહાહા..! હવે કે દિ' એ ધર્મ સાંભળે? સાંભળવા જાય તો એને આ ધર્મ પુણ્ય દયા, દાન એને બતાવે ધર્મ. આહાહા..! આ એવી વાત છે ભાઈ! આ તો વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથનો ધર્મ એ શુદ્ધ વસ્તુ આત્મા એનું જ્ઞાન, એનું દર્શન અને એનું ચારિત્ર એ ધર્મ છે. આહાહા..! કહો, શાંતિભાઈ! આવો માર્ગ ભારે ઝીણો, ભાઈ! સાધારણ તો બિચારાને વખત જ નથી. એમને એમ વર્ષોના વર્ષો (વીતી જાય). એક તો વેપાર-ધંધાની મજૂરીયું. એય..! હિંમતભાઈ! મજૂર મોટા. ભલે પાંચ-પાંચ લાખ પેદા કરતા હોય, મોટા મજૂર. આહાહા..! રાગની ક્રિયા અશુભની કરીને મજૂરી કરે છે. એ તો ઠીક પણ, કહે છે કે એને છોડીને જેણે દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ ગ્રહણ કર્યા એ પણ એક શુભરાગની મજૂરી છે. આહાહા..! ભાઈ! તને ખબર નથી. જન્મ-મરણથી ઉદ્ધરવાનો રસ્તો પ્રભુ એ આ આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદસ્વરૂપ પ્રભુ, એવા આનંદનું, શુદ્ધનું જ્ઞાન, એ આનંદની શ્રદ્ધા અને એ આનંદમાં રમણતા એવો જે વીતરાગ ધર્મ એ સ્વભાવધર્મ છે. એ સ્વભાવધર્મ વીતરાગ માર્ગમાં કહ્યો છે. છે?

**'અંતરંગ ભાવધર્મ રાગદ્વેષ રહિત આત્મા કા શુદ્ધ જ્ઞાન દર્શનરૂપ સ્વભાવ ધર્મ હૈ,...'** આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો, જાત્રાનો ભાવ એ રાગભાવરૂપી વિભાવધર્મ છે. આહાહા..! આવી વાત છે. આકરી વાત બહુ જગતને પડે. અરેરે..! એણે પોતાની ચીજ શું છે? વીતરાગ પરમેશ્વર શું કહેવા માગે છે એની ખબરું ન મળે. એને કહે છે... પરમાત્મા, ભગવાન બિરાજે છે મહાવિદેહક્ષેત્રમાં. સીમંધર ભગવાન બિરાજે છે. એમની પાસે આ કુંદકુંદાચાર્ય ગયા હતા. ત્યાં આગળ આઠ દિ' રહ્યા હતા. ત્યાંથી આવીને આ શાસ્ત્ર રચ્યા છે કે ભગવાને વીતરાગ ધર્મ તો આને કહ્યો છે. આહાહા..! એ દયા, દાન, વ્રત, તપના ભાવ બધા છે એ તો રાગ વિકલ્પ છે, એવું તો અભવિ પણ કરે છે. એ કાંઈ નવી ચીજ નથી. આહાહા..! એ રાગરહિત આત્માનો જે સ્વભાવ... અરે! ક્યાં આત્માનો સ્વભાવ હશે આવો?

ભાઈ! તું આત્મા છો અને આત્મા છે એમાં એના અવિનાશી ગુણોથી ભરેલો છે ઈ. વસ્તુ છે આત્મા, એ અવિનાશી છે એમ એની જ્ઞાન, દર્શન, આનંદ એવી અનંત શક્તિઓ સ્વભાવરૂપ કાયમનો અંતર સ્વભાવ ધર્મ એ ભર્યો છે. એ ધર્મને આશ્રયે જે દશા પ્રગટ

થાય, વીતરાગી જ્ઞાન, વીતરાગી દર્શન, વીતરાગી ચારિત્ર એને ધર્મ કહે છે વીતરાગ. એ ધર્મથી જન્મ-મરણનો અંત આવે એવો છે, બાકી અંત આવે એવો નથી. આહાહા..!

'**હે ભવ્ય! તૂ જાન,...**' આવા જુઓ આચાર્ય કહે છે. હે ભવ્ય! હે લાયક પ્રાણી! આહાહા..! સંબોધનમાં કહેને, હે ભવ્ય! આહાહા..! '**जाणेहि**' શબ્દ છેને ત્રીજા પદમાં? '**जाणेहि**' ત્યારે કો'કને કહે છેને? એટલે ભવ્યને. '**હે ભવ્ય! તૂ જાન,...**' આહાહા..! ભાઈ! તેં અનંત કાળમાં કોઈ દિ' આવું કર્યું નથી. તેં આત્માને જાણવાનો પ્રયત્ન કર્યો નથી, આત્માની શ્રદ્ધા કરવાનો સમ્યગ્દર્શન કરવાનો પ્રયત્ન કર્યો નથી. આહાહા..! તો સ્વરૂપમાં રમણતારૂપ ચારિત્ર તો ક્યાંથી હોય? '**હે ભવ્ય!**' '**जाणेहि**' શબ્દ પડ્યોને માટે કહે છે. એનો અર્થ કર્યો છે. '**जाणेहि**' હે જીવ! જાણ, એમ. તો કહે '**હે ભવ્ય! તૂ જાન, ઈસ બાહ્ય લિંગ ભેષમાત્ર સે ક્યા કામ હૈ?**' આહાહા..! એ નગ્નપણું ધારણ કર્યું, પંચ મહાવ્રત ધારણ કર્યા એ તો બહારની રાગની ક્રિયા અને અજીવની ક્રિયા છે એ તો. આહાહા..! એ કંઈ આત્માની ક્રિયા ધર્મની નથી. આહાહા..!

'**ભેષમાત્ર સે ક્યા કામ હૈ? કુછ ભી નહીં. યહાં ઐસા ભી જાનના કિ જિનમત મેં લિંગ તીન કહે હૈં** –' વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ અરિહંતદેવે ત્રણ લિંગ કહ્યા છે જૈનમાં. '**એક તો મુનિ કા યથાજાત દિગંબર લિંગ,...**' નગ્ન દિગંબર મુનિનું લિંગ ભગવાનના શાસ્ત્રમાં કહ્યું છે. યથાજાત એટલે જેવો જન્મ્યો એવી નગ્ન મુનિ દશા. આહાહા..! એ વીતરાગમાર્ગમાં આને લિંગ કહેવામાં આવે છે. આહાહા..! બીજું, '**ઉત્કૃષ્ટ શ્રાવક કા,...**' દસમી, અગિયારમી પડિમાધારી એક કોપીન લંગોટી હોય, નાનું કપડું એક હોય. એવા ઉત્કૃષ્ટ શ્રાવક દસમી, અગિયારમી પડિમાવાળાને. એને એક બીજું લિંગ કહ્યું છે. '**તીજા આર્જિકા કા,...**' અર્જિકા હોય છે. એને એક કપડું હોય પાંચ હાથનું, બસ, સ્ત્રીનું લિંગ એ સાધ્વી ન હોઈ શકે. અર્જિકા, શ્રાવિકા પંચમ ગુણસ્થાનમાં હોય, એનું લિંગ બાહ્યમાં અર્જિકા એક પાંચ હાથનું કપડું એક જ બસ. આવો વીતરાગ માર્ગ. ભારે આકરી વાત. આ ત્રણ લિંગને લિંગ જૈનદર્શનમાં કહ્યા છે. છે?

'**ઈન તીનોં હી લિંગો કો ધારણ કર ભ્રષ્ટ હોકર...**' આવા લિંગ ધારણ કરીને પણ જે શ્રદ્ધા-જ્ઞાનથી ભ્રષ્ટ થાય છે. આહાહા..! અને '**જો કુક્રિયા કરતે હૈં,...**' વિકથાઓ, રાગની કથા, પુણ્યને પામવાની કથા એ બધી કુકથા છે. પુણ્ય કરો ને પુણ્યથી લાભ થાય એ બધી કુકથા છે. આહાહા..! '**ઈસકા નિષેધ હૈ.**' આવા લિંગ ધારણ કરીને કુક્રિયા કરે એનો નિષેધ છે. આહાહા..! '**અન્યમત કે કઈ ભેષ હૈં...**' જૈન સિવાય અન્યમતમાં તો બાવાના ઘણા ભેખ છે. '**ઈનકો ભી ધારણ કરકે જો કુક્રિયા કરતે હૈં, વહ ભી નિંદા**

**હી પાતે હૈં,...'** આહાહા..! અન્યમતમાં તો આ બધા આવી ગયા. નગ્નપણા સિવાયના જેટલા માર્ગ એ અન્યમત છે. આકરું લાગે ભાઈ!

મુમુક્ષુ :- નામ ન પાડ્યું.

ઉત્તર :- નામ ન પાડ્યું, ઢીલું રાખ્યું. એટલે ખરેખર તો સ્થાનકવાસી, દેરાવાસી જે શ્વેતાંબર છે એનો ભેખ છે એ અન્યમતનો ભેખ છે, એ જૈનમતનો ભેખ છે જ નહિ. જૈનમતમાં તો ઓલા ત્રણ કીધા એ જ ભેખ છે. આકરી વાત પ્રભુ! એણે સાંભળી નથીને. વાડામાં પડ્યા. જે જે વાડામાં પડ્યા એનું સાંભળ્યું હોય, એનું પોષણ મળ્યું હોય. આહાહા..!

ત્રિલોકનાથ વીતરાગ પરમેશ્વરે તો આ પંથના ત્રણ લિંગ કહ્યા છે. કાં દિગંબર સંત હોય મુનિ, કાં ક્ષુલ્લક હોય અગિયાર-બાર પડિમાવાળા એક લંગોટી જ રાખે. નાનું કપડું હોય ફરતું. માથે ઓઢે તો નીચે ન આવે અને નીચે આવે તો માથે ન આવે એવું નાનું કપડું. ભીક્ષા આહાર કરે. એવું એનું લિંગ હોય છે શ્રાવકનું. અને એક અર્જિકા. સાધ્વી થાય. સાધ્વી એટલે સાધુ (માંહ્યલી) સાધ્વી નહિ, પણ પંચમ ગુણસ્થાનની દશાવાળા એ ત્યાગી એને આવી અર્જિકાનો ભેખ હોય છે. આ સીતાજી ને બધા એ પાંચમા ગુણસ્થાનવાળા અર્જિકા થયેલા. આવો અનાદિથી વીતરાગમાર્ગ ચાલ્યો આવે છે. એમાંથી આ બધા પંથ નીકળ્યા નવા એને અન્યમત કહેવામાં આવે છે.

**'ઈસલિયે ભેષ ધારણ કરકે કુક્રિયા નહીં કરના ઐસા બતાયા.'** ઓહોહો..! વીતરાગ માર્ગનું લિંગ ધારણ કરીને પણ કુક્રિયા, રાગની ક્રિયા, પાપની ક્રિયા વીતરાગ ભાવના સ્વભાવને મૂકીને આ ન કરવું એમ કહે છે. આ તો માર્ગ બાપા! ઓહો..! મહા ચૈતન્ય આનંદનો સાગર અતીન્દ્રિય આનંદથી ભરેલો એ આત્મા છે એમાં પ્રવેશ કરવો એટલે સન્મુખ થવું, એ જ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રનો ધર્મ છે. આહાહા..! આવા ધર્મને છોડીને એણે કુક્રિયા ન કરવી. ન પળી શકે તો એને ગૃહસ્થાશ્રમમાં રાખવું, પણ આવા ભેખ ધારણ કરીને કુક્રિયા કરવી એ કાંઈ જૈનદર્શનને શોભે નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અમારાથી તો સારા કે નહિ?

ઉત્તર :- સારા કોને કહેવા? તમે જો ખરાબ હોય તો એનાથી એ ખરાબ હોય તો સારા કહેવાય.

મુમુક્ષુ :- વેપાર કરવા બંધ કર્યા.

ઉત્તર :- વેપાર કરે શું ધૂળ કરે? ખાટી છાશ બગડેલા દૂધમાંથી ખાટી છાશ જાય, પણ સારી છાશ મોળી એના કરતા બગડેલું દૂધ ખરાબ. બગડેલા દૂધ કરતા મોળી છાશ સારી કે રોટલો ચાલે. એમ બગડેલા સાધુ કરતાં સમકિતી જીવ ગૃહસ્થાશ્રમમાં મોળી મીઠી છાશ

જેવા છે એ. આહાહા..! વાતું એવી બાપુ! એ વીતરાગના માર્ગ પરમેશ્વરે કહ્યા. એ ઈન્દ્રો અને ગણધરોની વચ્ચે ત્રિલોકનાથ વીતરાગની વાણી નીકળી એ આ વાણી છે, બાકી બધી તો કલ્પિત પછી કર્યા શાસ્ત્રો. પોતાની બુદ્ધિએ કલ્પિત કરીને માર્ગ ચલાવ્યો. આહાહા..!

**'આગે કહતે હૈં કિ જો જિનલિંગ નિર્ગ્રંથ દિગંબર રૂપ કો ગ્રહણ કર...'** જોયું! જિનલિંગ એટલે નિર્ગ્રંથ દિંગબર મુનિ. જેવો માતાએ જન્મ્યો એવો. એને અહીંયા દ્રવ્યલિંગ કહેવામાં આવે છે. આહાહા..! જેણે વસ્ત્રનો ધાગો નહિ, પાત્રનો કટકો નહિ. આહાહા..! એક મોરપીંછી અને કમંડળ હોય. દયા માટેનું મોરપીંછી, જંગલ જતાં શરીર બગડ્યું હોય એને ધોવા માટે પાણીનું. પીવા માટે નહિ. આહાહા..! આવો માર્ગ સાંભળ્યો કઠણ પડે. આવો માર્ગ છે, ભાઈ! પરમેશ્વરે તો આ કહ્યું છે. બાકી તો પછી પંથ નીકળીને એક પછી એક નીકળ્યા એ બધા મિથ્યાત્વના પોષક છે.

**'આગે કહતે હૈં કિ જો જિનલિંગ નિર્ગ્રંથ દિગંબર રૂપ કો ગ્રહણ કર કુક્રિયા કરકે હંસી કરાતે હૈં, વે જીવ પાપબુદ્ધિ હૈ -'**

**जो पावमोहिदमही लिंगं घेत्तूण जिणवरिंदाणं।**
**उवहसदि लिंगिभावं लिंगिम्मिय णारदो लिंगी।।३।।**

આહાહા..! આ તો છ તો કહેવાય ગયા છેને. આ તો સાતમો પાહુડ છેને? છ પાહુડ તો કહેવાઈ ગયા. ઘણા વખતથી ચાલે છે. દર્શનપાહુડ, જ્ઞાનપાહુડ, ચારિત્રપાહુડ, બોધપાહુડ, ભાવપાહુડ અને મોક્ષપાહુડ. છ થઈ ગયા. આ તો સાતમું ચાલે છે. કાલથી શરૂ કર્યું છેને સાતમું?

આ ભગવાનની વાણી કુંદકુંદાચાર્ય લાવ્યા હતા. ભગવાન સીમંધર પરમાત્મા બિરાજે છે મહાવિદેહમાં. જેને વિહરમાન ભગવાન કહે છે, જીવતા સ્વામી બિરાજે છે. મહાવીર ભગવાન આદિ તો મોક્ષ પધાર્યા. એને તો શરીર, વાણી નથી. એ તો સિદ્ધપદમાં ણમો સિદ્ધાણંમાં અને આ ણમો અરિહંતાણંમાં છે. મહાવિદેહમાં ભગવાન બિરાજે છે વીસ તીર્થંકર એ નમો અરિહંતાણંમાં છે. કેમકે શરીર છે, વાણી છે, સમવસરણ હોય છે, ધર્મસભા હોય છે. ચાર કર્મ બાકી છે હજી. અને સિદ્ધ ભગવાન જે આ મહાવીર ભગવાન થઈ ગયા એને તો આઠેય કર્મરહિત અશરીરી સિદ્ધ થઈ ગયા. ણમો સિદ્ધાણં. લોકને અગ્રે (બિરાજે છે). અરિહંત તો લોકને અગ્રે ન હોય, એ ક્ષેત્રમાં હોય છે. આહાહા..! મહાવિદેહમાં ભગવાન બિરાજે છે. સાક્ષાત્ કેવળજ્ઞાની તીર્થંકરદેવ હાજરાહજૂર. એમની પાસે ગયા હતા ભગવાન કુંદકુંદાચાર્ય. બે હજાર વર્ષ થયા. ત્યાંથી આવીને આ શાસ્ત્ર રચ્યા છે. ભગવાન તો આમ કહે છે, ભાઈ! વીતરાગ પરમાત્માનો તો ધર્મ આ છે.

'**અર્થ :- જો જિનવરેન્દ્ર અર્થાત્ તીર્થંકર દેવ કે લિંગ...**' તીર્થંકરદેવ એ પોતે મુનિ થયા તીર્થંકર ત્યારે નગ્ન થયા હતા. તીર્થંકરદેવ પણ સાધુ થયા ત્યારે એને વસ્ત્ર ન હોય. એ '**જિનવરેન્દ્ર અર્થાત્ તીર્થંકર દેવ કે લિંગ નગ્ન દિગંબરરૂપ કો ગ્રહણ કરકે લિંગીપને કે ભાવ કો ઉપહસતા હૈ, હાસ્યમાત્ર સમજતા હૈ...**' આહાહા..! અંતરની વીતરાગતા ન મળે અને બાહ્યનું નગ્ન ધારણ કરી અને મશ્કરી કરાવે દુનિયા પાસે. હાસ્યનું પાત્ર છે કહે છે. આહાહા..! '**વહ લિંગી અર્થાત્ ભેષી જિસકી બુદ્ધિ પાપ સે મોહિત હૈ, વહ નારદ જૈસા હૈ...**' નારદ. નારદ છેને? થઈ ગયા છેને એ લોકોમાં? નારદ ક્લેશીયા હતા. આ નાટકમાં નારદનું પહેલું રૂપ આપે. નારદ—નારદ.

વડોદરે જોયું હતું નાટક. ૬૨-૬૩ની વાત હશે. સંવત ૧૯૬૨-૬૩. પાલેજમાં દુકાન હતીને? છેને દુકાન છે. પાલેજ, ભરૂચ અને વડોદરા વચ્ચે. ત્યાં પિતાજીની દુકાન હતી. ત્યાં માલ લેવા ગયેલા. દિવસે માલ લઈ લીધેલો વડોદરામાં. રાતે જોવા ગયા ત્યારે એ નાટક હતું. અનસુયાનું. અનસુયા એક સતી થઈ ગઈ. ભરૂચને કાંઠે નર્મદા છેને? એ નર્મદા અને અનસુયા બે બહેનો હતા. એનું મોટું નાટક હતું. આ તો ૬૨-૬૩ની વાત છે. એમાં મોઢા આગળ બેસીને (જોઈએ). ભાઈ! તમારું નાટક કેવું છે? લાવો એ ચોપડી લાવો, એ વિના અમે નહિ સમજીએ. એટલે ચોપડી લીધી બાર આનાની અને બાર આનાની ટિકિટ હતી. બેઠા એમાં. એમાં આવ્યો નારદ ચોટલી ને હાથમાં તંબુરો. 'બ્રહ્મા સુત હું નારદ કહાવું' એ ચોપડી લીધી હતી વાંચવા. કારણ કે હું પહેલેથી કાંઈ પણ જે સમજ્યા વિના એમને એમ જોવું (નહિ), શું કહે છે પણ? 'બ્રહ્મા સુત હું નારદ કહાવું, જ્યાં હોય સંપ ત્યાં કુસંપ કરાવું.' એમ બોલ્યો હતો લ્યો! એય..! શશીભાઈ! હું બ્રહ્મા સુત એટલે નારદ છું. રાજાઓમાં જ્યાં સંપ હોય ત્યાં એને કુસંપ કરાવું એ હું નારદ છું. એમ અહીં કહે છે... આહાહા..! આ તો બધું જોયેલું હોં બધું. મોટા મોટા નાટક પણ જોતા. અમારા પાલેજમાં નાટક આવતા મોટા. રાતે નવરા હોય તો જઈએ જોવા.

અહીં કહે છે કે આવા નગ્નપણાના વેષધારી નારદની જેવા છે. દાંત કાઢે, મશ્કરી કરે, રાગની કથાઓ કરે, સ્ત્રીઓને ભેળી કરે, સ્ત્રીની સમીપ બેસે આ બધા નારદ જેવા છે કહે છે. આહાહા..! સાધુને તો સ્ત્રીનો સંગ ન હોય, દૂર હોય સ્ત્રીઓ. એને ઠેકાણે જોડે બેસાડીને ભણાવે, શીખાવે એ કુતૂહલ કરનારા નારદ જેવા છે કહે છે. આહાહા..! વીતરાગી સંતને તો પરની સાથે સંબંધ શો છે? જયંતિભાઈ! ગાથા આપે. આમ નગ્ન મુનિ અને આમ ગાથા આપે જોડે બેસાડીને. બાપુ! નારદની જેવો તું મશ્કરી કરાવે લિંગને હોં કહે છે. આહાહા..! બ્રહ્મચારી સંતને સ્ત્રીના સંગ કેવા? સમજાય છે કાંઈ? એની સાથે વાર્તાલાપ રાગની કરે

એ તો લિંગને લજવે છે કહે છે. આહાહા..! જેને બ્રહ્મચારી અંતરથી બ્રહ્મચર્ય પ્રગટ્યા છે, વીતરાગભાવના બ્રહ્મચર્ય હોં! એકલા શરીરનું નહિ. અંતર વીતરાગી બ્રહ્માનંદ સ્વરૂપ ભગવાન આત્માની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા થઈ છે, એને આવી ચીજ હોઈ શકે નહિ. કહે છે. આહાહા..! એ તો જંગલમાં ઉદાસ થઈને વિચરતા હોય છે. એ ગામમાં પણ ન હોય. આહાહા..! આત્માનુશાસન...

મુમુક્ષુ :- ચોથા આરાની વાત કરો છો?

ઉત્તર :- આ પાંચમા આરાની. ચોથાની, સદાયની. આ આત્માનુશાસનમાં નથી કહ્યું? એ પાંચમા આરાના સાધુ છે. જેમ શિયાળીયા ગામમાંથી દૂરથી સાંજ પડે એટલે ગામની નજીક આવીને વસે. .. બીક લાગે એને. એમ સાધુ નગ્ન જંગલમાં વસનારા હોય છે. એ ગામની પાસે આવીને વસે તો શિયાળિયા જેવા ભયવાળા છે એ. છેને ભાઈ એમાં? એય..! ગાથાઓ છે. શાસ્ત્રમાં બધી ગાથા છે. આ મોક્ષમાર્ગપ્રકાશકમાં છે. આત્માનુશાસનને? આત્માનુશાસન. આહાહા..! કહે છે કે નગરની સમીપે વસે એ શિયાળિયા જેવા છે. શિયાળિયા જંગલમાં વસતા એને ડર લાગે એટલે ગામની પાસે ઝાડ મોટા હોય, ધર્મશાળા હોય કે એવું હોય ત્યાં આવે. એમ સાધુ તો જંગલમાં હોય, બાપુ! જેને વીતરાગદશા પ્રગટી છે. આહાહા..! જેને એક ભવે તો મોક્ષ જાવું છે. સંસાર જેનો અંત લાવવો છે. આહાહા..! એવા મુનિઓ તો જંગલમાં વસતા હોય છે. પણ આચાર્ય કહે છે, અરેરે..! શિયાળિયા જેવા, એ નગરની સમીપે ભય પામે અને બહારમાં નહિ નભાય એવા શિયાળિયા જેવા છે, એ સાધુ નથી. માર્ગ આકરો બહુ બાપુ! વીતરાગ માર્ગને સાંભળવો બહુ કઠણ છે. આહાહા..!

જેને સિદ્ધપદ પ્રગટ કરવું છે એની અંતર દશા કેટલી રાગથી ભિન્ન પડેલી હોય છે! એને તો વર્તમાનમાં જ સિદ્ધ કીધા છે. લ્યો! ઓલા તત્ત્વાર્થસાર. પ્રવચનસારમાં પણ કહ્યું. છેલ્લી ગાથા. જેને આત્મદર્શન અને આત્મઅનુભવ સહિત ચારિત્ર છે એ કહે છે કે વર્તમાન મોક્ષતત્ત્વ છે ઈ અને એ સિદ્ધ છે વર્તમાન. એમ કહ્યું છે. તત્ત્વાર્થસાર. સમ્યગ્દૃષ્ટિને ઈશત્ સિદ્ધ કીધા છે. આહાહા..! જેણે સિદ્ધપદ સ્વરૂપ ભગવાન આત્માનું છે વર્તમાન એનો જેને અનુભવ અને દૃષ્ટિ થઈ એ સમ્યગ્દૃષ્ટિ ભલે ચોથે ગુણસ્થાન હો, એને ઈશત્ સિદ્ધ કીધા છે. નાના સિદ્ધ. આહાહા..! બીજી રીતે કહીએ, લઘુનંદન કીધા છેને. 'જિનેશ્વર કે લઘુનંદન.' સમ્યગ્દૃષ્ટિ જીવ તો વીતરાગના નાના પુત્ર કીધા છે. આહાહા..! જેનો વારસો એને મળ્યો છે. આહાહા..!

અહીં તો હજી આત્મા શું અને વીતરાગતા શું એની ખબરું ન મળે. આ ક્રિયા કરો અને આ કરો. એ તો બધી રાગ ક્રિયા છે, સાંભળને હવે. એવી ક્રિયા તો અનંત વાર

અભવિએ પણ કરી. ભવીએ પણ કરી. નવમી ગ્રૈવેયક અનંત વાર ગયો. આહાહા..! 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પૈનિજ આતમ જ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' પણ આત્મા સચ્ચિદાનંદ પ્રભુ સર્વજ્ઞે જે આત્મા જોયો, સત્ શાશ્વત એવા સ્વભાવના સ્પર્શ વિના એને સુખ ન મળ્યું. આહાહા..! દુઃખ મળ્યું. એ પંચ મહાવ્રત અને જૈનના વેષ ધારણ કરીને મુનિવ્રત ધારણ કર્યા એમાં દુઃખ મળ્યું. મુનિવ્રત એ પણ દુઃખ છે. વ્રત છેને વિકલ્પ. આહાહા..! ભારે માર્ગ ભાઈ! સાંભળ્યે પરસેવા ઉતરી જાય. આહાહા..!

એ આત્મા અંદર વસ્તુ સચ્ચિદાનંદ સ્વરૂપ છે. સચ્ચિદાનંદ એટલે? ઓલા અન્યમતિ કહે છે એમ નહિ. અહીં સત્ નામ કાયમ રહેનારું તત્ત્વ છે અને ચિદ્ નામ જ્ઞાન અને આનંદ જેનો ત્રિકાળી સ્વભાવ છે એવો જે ભગવાન આત્મા... આહાહા..! એનો જેને સમ્યગ્દર્શન-જ્ઞાન ભાવ નથી એ ધર્મભાવ વિનાના કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? કાંઈ સમજાણું? એમ કહેવામાં આવે છેને. મૂળ સમજાઈ જાય તો તો કલ્યાણ થઈ જાય. પણ આ શું કહેવા માગે છે એની ગંધ આવે છે? આહાહા..! અરેરે..! એણે અવતાર એમને એમ ગાળ્યા. જગતની મજૂરી અને રાગની ક્રિયા. અવતાર એમને એમ ગયા, એણે કાંઈ અવતારને સફળ ન કર્યો. સફળ કરવાનો પંથ તો આ એક જ છે. શુદ્ધ ભગવાન પવિત્ર આત્મા એની સન્મુખ થઈને એની દૃષ્ટિ, એની સમીપમાં એનું જ્ઞાન, એના સમીપમાં રમણતા. આહાહા..! આ ધર્મ અને આ દર્શન, જ્ઞાન અને ચારિત્ર વીતરાગ માર્ગમાં એને કહેવામાં આવે છે. આ તો વીતરાગમાર્ગ છે. આ કાંઈ રાગમાર્ગ નથી. (રાગ) એ તો બંધમાર્ગ છે. એઈ..! આવું ભારે ભાઈ! આ પાંચમા આરા માટે આવું હશે? આ કોની વાત ચાલે છે? આ પાંચમા આરાના સાધુ (કહે છે). 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ.'

અહીં કહે છે, જિનવરના માર્ગને ગ્રહણ કરી '**દિગંબરરૂપ કો ગ્રહણ કરકે લિંગીપને કે ભાવ કો ઉપહાસતા હૈ—હાસ્યમાત્ર સમજતા હૈ...**' એ કાંઈ કિંમત જ નથી જેને કહે છે. અરે! આહાહા..! નગ્ન થઈ જાય એની વીરાગતા કેટલી હોય? બહારમાં. અંતરમાં વીતરાગતા હોય. તો એ નગ્નપણું કહેવાય, નહિતર તો બધા ભેખ ખોટા. આહાહા..! '**વહ લિંગી અર્થાત્ ભેષી જિસકી બુદ્ધિ પાપ સે મોહિત હૈ વહ નારદ જૈસા હૈ...**' લ્યો! આહાહા..!

આ રામચંદ્રજી અને એમના પુત્ર હતાને? લવ અને કુશ. સીતાજીને બહાર ઉપાડી ગયા હતાને. જંગલમાં. ત્યાં એના મામા આવ્યા હતા. નીકળ્યા હતા હાથીએ ગોતવા. એમાં આ થયું. એ લઈ ગયા એને ઘરે. તો બે જીવ ... હતા. સમકિતી હતા, આત્મજ્ઞાની હતા, આત્માના અનુભવી જીવ હતા એ સીતાજી. ગૃહસ્થાશ્રમમાં હતા, પણ સમકિતી જ્ઞાની

હતા. પેટમાં લવ અને કુશ હતા. એનો જન્મ ત્યાં થયો મોસાળમાં. પછી મોટી ઉંમર થઈ અને પછી ખબર પડી કે તમારું રાજ તો રામચંદ્રજી તમારા પિતા છે. હેં! અમારી માતાને કેમ એણે આમ કર્યું? માતાજીને એને જંગલમાં મૂક્યા પરીક્ષા કરતા. આહાહા..! ચાલો લડાઈ કરીએ. નારદ મળ્યા નારદ. જુઓ! આ તમારા પિતા છે. ધ્યાન રાખજો બાણ મારતા. એ પિતાજી છે રામચંદ્રજી. એને ન કહ્યું કે આ તમારા છોકરાઓ છે. નારદ-નારદ. બેની લડાઈ થઈ. નારદ ઉભા હતા. કરતા... કરતા... કરતા... લવ અને કુશ તો ચરમશરીરી જીવ હતા, એ ભવે મોક્ષ જનારા. છેને? આ રહ્યા સામે જુઓ, લવ અને કુશ જુઓ આજ્ઞા માગે છે. પહેલા ફોટામાં છે. એ રામચંદ્રજીએ લક્ષ્મણને ઉપાડ્યા છે. ત્યારે લવ અને કુશ આજ્ઞા માગે છે, પ્રભુ! અમે મુનિપણું લેવા માગીએ છીએ. પિતાજી રજા આપો. એને કાંઈ ખબર નથી, એ તો મશગુલ છે ઓલા રાજમાં. છે તો ભાન હોં! લવ અને કુશ ઊભા છે આમ.

લડાઈ કરતા... કરતા... કરતા... રામચંદ્રજી અને લક્ષ્મણજીને એવું થઈ ગયું કે કોણ આ બળદેવ-વાસુદેવ બીજા પ્રગટ્યા? અમે બળદેવ-વાસુદેવ છીએ અને આ કોણ છે આ? અમે હારી જઈએ છીએ આની પાસે. કોણ પાક્યા આ? એવું જ્યારે થાય છે ત્યારે નારદ છોકરાઓને કહે છે કે તમારા પિતાજી છે, બાણ છોડી દ્યો અને જાવ પગે લાગો. લડાઈ કરતા હારી ગયા જ્યારે ઓલા, ત્યારે આવે છે. પિતાજી! માફ કરજો. અમારી માતાને તમે આ પ્રમાણે કર્યું હતું એટલે અમારે જરી આ કરવું પડ્યું. આ રાગના ચાળા. આહાહા..! ત્રણે ચરમશરીરી. રામચંદ્રજી એ ભવમાં મોક્ષ જનારા, લવ-કુશ પણ એ ભવે મોક્ષ જનારા. આહાહા..! આ રાગની દશા. ભાનવાળાને રાગની આવી દશા તો અજ્ઞાનીનું શું કહેવું? કહે છે. આહાહા..! એ નારદ જેવા છે કહે છે. આહાહા..!

**'ઈસ ગાથા કે ચૌથે પદ કા પાઠાંતર ઐસા હૈ -'** **'लिंग णासेदि लिंगीणं'** **'ઈસકા અર્થ—યહ લિંગી કોઈ અન્ય જો કઈ લિંગો કે ધારક હૈં ઉનકે લિંગ કો ભી નષ્ટ કરતા હૈ,...'** બીજાની આબરૂ એમાં જાય કે આવા સાધુ હશે બધા? આવા જ હશે? જૈન મુનિઓ કહેવાય છે વીતરાગી આનંદમાં ઝૂલતા, અતીન્દ્રિય આનંદમાં ઝૂલતા. આ સાધુ આવા હશે? એટલે સાચા સાધુની પણ ત્યાં લજ્જા કરાવે છે. આહાહા..! ઘરમાં પણ એક પાકે કોઈ એવું તો એમ કહેને અરે..! આવા ઘરના બધા માણસ હશે? એમ થાયને લોકોને? આહાહા..! લજવે છે ઘરને. એમ આ કહે છે કે ધર્મના લિંગને તું લજવે છો. સાચા સંત જે આત્મધ્યાની મુનિ એનું લિંગ દિંગબર હોય છે, પણ તારા જેવા લિંગ કરીને ચેષ્ટાઓ રાગની એકલી કરે કે ઓહો..! આહાહા..! સારા ભેખધારીઓની પણ કિંમત તારે

લઈને જાય છે એમાં. લોકો શું ગણે કે આવા બધા હશે? આહાહા..!

'**લિંગી કોઈ અન્ય જો કઈ લિંગો કે ધારક હૈં ઉનકે લિંગ કો ભી નષ્ટ કરતા હૈ, ઐસા બતાતા હૈ કિ લિંગી સબ ઐસે હી હૈં.**' એમ. આવા બધા ભેખી હશે? આહાહા..! અહીંયા તો એ પરમાત્મા કહેવા માગે છે, નગ્નપણું ધારણ કરીને, પંચ મહાવ્રત ધારણ કરીને, એ તો બધી રાગની, અજીવની ક્રિયા થઈ. એથી રહિત વીતરાગસ્વભાવ આત્માની ક્રિયા જે વીતરાગ ધર્મ, નિર્વિકલ્પ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જો પ્રગટ ન કર્યું તો આ તારું લિંગ કાંઈ કામ કરશે નહિ. આહાહા..! '**લિંગી સબ ઐસે હી હૈં.**' લ્યો ભાવાર્થ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ સુદ ૧૨, સોમવાર તા. ૦૧-૦૭-૧૯૭૪**
**ગાથા - ૩ થી ૭, પ્રવચન - ૧૮૮**

લિંગ પાહુડ. '**લિંગધારી હોકર ભી પાપબુદ્ધિ સે...**' આચાર્યને અહીંયા (એમ કહેવું છે કે) દિગંબર લિંગ ધારણ કરે જૈનનું, છતાં પાપમોહિત જેની બુદ્ધિ મિથ્યાત્વબુદ્ધિ છે. રાગના પ્રેમની બુદ્ધિ છે એ પાપબુદ્ધિ છે. દિગંબર લિંગ ધારણ કરીને પણ '**પાપબુદ્ધિ સે...**' રાગનો ભાવ એની જેને રુચિ છે, એની જેને એકતા છે એવી પાપબુદ્ધિથી '**કુછ કુક્રિયા કરે તબ ઉસને લિંગીપને કો હાસ્યમાત્ર સમજા,...**' એ લિંગપણાનું માહાત્મ્ય ન જાણ્યું એણે. હાસ્ય માટે કુતૂહલ જેવું કર્યું એણે. આહાહા..! '**કુછ કાર્યકારી નહીં સમજા.**' દિગંબર લિંગ ધારણ કરીને પણ જેને કષાયના પ્રેમની પાપબુદ્ધિ વર્તે છે, એ કુક્રિયા કરે એ લિંગને લજવે છે. એમ કહે છે.

'**લિંગીપના તો ભાવશુદ્ધિ સે શોભા પાતા હૈ,...**' શુદ્ધભાવ. શુદ્ધિનો અર્થ ચૈતન્ય સ્વરૂપ પવિત્ર એની રુચિ, બુદ્ધિ અને એના શરણવાળી જે બુદ્ધિ છે એને અહીંયા ભાવશુદ્ધિ કહે છે. ચૈતન્ય સ્વભાવ પૂર્ણ આનંદ શુદ્ધ ચૈતન્ય એની જેને દૃષ્ટિ છે, શુદ્ધતા પ્રગટી છે એવી ભાવશુદ્ધિ એનાથી લિંગ શોભે, એમ કહે છે. આહાહા..! દ્રવ્યલિંગપણું આ ભાવશુદ્ધિથી

શોભે. ભાવશુદ્ધિ એટલે ઈ. ત્રિકાળ ચૈતન્ય સ્વભાવભાવ એની દૃષ્ટિ અને એનો અનુભવ એનું નામ અહીંયા ભાવશુદ્ધિ કહે છે. એ ભાવશુદ્ધિ વિના કાર્યકારી નથી. '**ભાવશુદ્ધિ સે શોભા પાતા હૈ, જબ ભાવ બિગડે...**' ભગવાનસ્વરૂપ આત્માનો પ્રેમ જાય અને રાગનો પ્રેમ થાય એ ભાવ બગડ્યો એનો. જિનલિંગ તો વીતરાગભાવના ધારણ કરવાથી લિંગધારણની શોભા કહેવાય. એમ કહે છે. વીતરાગભાવ શુદ્ધ ઉપયોગ, અહીં તો મુનિપણાની મુખ્યતાથી (વાત છે), શુદ્ધ ઉપયોગ વીતરાગભાવ એનાથી લિંગની શોભા (છે). એ વીતરાગભાવ સમ્યગ્દર્શન આદિના ભાવથી શોભે છે, એના વિના એ શોભતું નથી.

'**ભાવ બિગડે તો બાહ્ય કુક્રિયા કરને લગ ગયા...**' અંતરનો જ્યાં ભાવ જ શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ અને અનુભવ ન રહ્યો, સમ્યગ્દર્શન ન રહ્યું, જેને બાહ્ય ક્રિયા જડની અને રાગની ઉપર જેને પ્રેમ થયો એનો ભાવ બગડી ગયો. વીતરાગ માર્ગની વાત છે અહીં. જેને રાગમાં... આહાહા..! રાગનો દોર જેણે પકડ્યો અને રાગની રુચિમાં રહ્યો એના ભાવ બગડ્યા, પછી એની કુક્રિયા જ થાય બધી. ધર્મક્રિયા એને સુશીલપણું આવે નહિ. '**તબ ઈસને ઈસ લિંગ કો લજાયા ઔર અન્ય લિંગિયોં કે લિંગ કો ભી કલંક લગાયા,...**' બીજા એવા મુનિઓ ધર્માત્મા જેને આનંદની દશા, સ્વભાવના પ્રેમની દશા પ્રગટી છે એના લિંગને પણ આવા કુલિંગીઓ લજાવે છે કહે છે. આહાહા..! આવા હશે બધા? એમ અજ્ઞાનીને ભાવ થાય. મૂળ તો અહીંયા પાપની-મિથ્યાત્વની પ્રધાનતાથી વર્ણન છે. શીલપાહુડમાં પણ એ જ લીધું છેને. લિંગ મૂળ પછી શીલ આવે છેને. જ્ઞાનનો ઉઘાડ હોવા છતાં જે રાગની રુચિના કુશીલમાં પ્રવર્તે છે એનું જ્ઞાન કુશીલ થઈ ગયું. વિષયની વાસનાના પ્રેમમાં જેનું જ્ઞાન વર્તે છે એ જ્ઞાન કુશીલ થઈ ગયું. આહાહા..! અને જેનું જ્ઞાન એ રાગના પ્રેમથી ખસીને સ્વભાવના પ્રેમમાં આવ્યું છે એને સુશીલ કહેવામાં આવે છે. ભલે એ સમ્યગ્દૃષ્ટિ હો, એવું સુશીલપણું તો નરકમાં પણ ગણ્યું છે. સમજાય છે કાંઈ?

નારકીના જીવો પણ સમ્યક્ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપની દૃષ્ટિ અને રુચિ એના પ્રેમમાં રાગનો પ્રેમ (નથી). રાગ હો, પ્રેમ ખસી ગયો છે. એથી એને અનંતાનુબંધીનો અભાવ થયો છે તેથી એ સુશીલ કહેવામાં આવે છે. ભલે ત્રણ કષાય છે એને. સમજાણું કાંઈ? પણ જેનું જ્ઞાનનો ઉઘાડ હોય, બાહ્યલિંગ ધારણ કર્યું છે, પણ વિષયના પ્રેમમાં જેણે જ્ઞાનને કુશીલ કરી નાખ્યું છે. પાપમોહિત બુદ્ધિ થઈ ગઈ છે એમ કહે છે. આહાહા..! આમ કહેવત નથી કે 'બગડ્યો પાન બગાડે ચોળીયું, બગડ્યો છાશ બગાડે ટોળી' નાગરવેલનું પાન હોયને પચીસ-પચાસનું, એ પાન એક બગડે તો આસપાસનું બગાડે. એમ સાધુ બગડ્યો હોય ચૈતન્યની દૃષ્ટિના પ્રેમ વિના રાગના પ્રેમમાં ફસાઈ ગયો. આહાહા..! એમ કહેવું છે અહીં. એ જીવની

ક્રિયાઓ બધી વિપરીત મિથ્યાત્વસહિત છે. આહાહા..! એ બીજા લિંગીઓને પણ બગાડે એવી લજ્જા ઉત્પન્ન કરે છે. આહાહા..! ઝીણો માર્ગ બહુ બાપુ!

'**કલંક લગાયા, લોગ કહને લગે કિ લિંગી ઐસે હી હોતે હૈં...**' આહાહા..! '**અથવા જૈસે નારદ કા ભેષ હૈ,...**' નારદ કલહ કરાવે, ભેષ ધરાવે, ત્યાગી નામ ધરાવે. આમ ત્યાગી કહેવાય, આમ બ્રહ્મચારી છે નારદ, પણ કલહ કરાવે, ક્લેશ કરાવે. એ લિંગને લજવ્યા છે. જેને આત્માના આનંદનો રસ નથી આવ્યો એ રાગના રસમાં પીલાઈ ગયા છે. આહાહા..! એવા પાપમોહિત બુદ્ધિ કુક્રિયા કરીને લજાવે છે કહે છે. આહાહા..! '**ઉસમેં વે અપની ઈચ્છાનુસાર સ્વચ્છંદ પ્રવર્તતા હૈ...**' કેમકે સ્વભાવ ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્મા એવો વીતરાગી ભાવ તો વીતરાગી ભાવમાં ભાસ્યો નથી. સમ્યગ્દર્શનમાં, એ સમ્યગ્દર્શન એ વીતરાગી ભાવ છે એમાં વીતરાગી સ્વભાવ ભાસ્યો નથી. એથી એને રાગના સ્વરૂપમાં ભાસ્યો અને રાગમાં જ રમતું કરી રહ્યો છે. ઈચ્છાનુસાર કરે સ્વેચ્છાનુચાર. આહાહા..! એ વખતે પણ બધું આવું હશેને થોડું? ઓહોહો..! બે હજાર વર્ષ પહેલા.

'**ઈચ્છાનુસાર સ્વચ્છંદ પ્રવર્તતા હૈ વૈસે હી યહ ભી ભેષી ઠહરા...**' નારદની જેમ ઈચ્છાનુસાર પ્રવર્તે છે, એમ આ ભેષી પોતાને શુદ્ધ ચૈતન્ય ભગવાનની તો શ્રદ્ધાની ભાવના નથી (તેથી) રાગી પ્રાણી થઈ, રાગનો રસિયો થઈને ભેખને લજવે છે એમ કહે છે. આહાહા..! વીતરાગનો ભેખ તો વીતરાગભાવથી શોભે છે. વીતરાગી લિંગ એ રાગથી તો અશોભે. આહાહા..! '**યહ ભી ભેષી ઠહરા. ઈસલિયે આચાર્યને ઐસા આશય ધારણ કરકે કહા હૈ કિ જિનેન્દ્ર કે ભેષ કો લજાના યોગ્ય નહીં હૈ.**' એમ કહે છે. ઓહો..! વીતરાગી ભેખ. દિગંબર ભેખ તો વીતરાગી છે. એને તો વીતરાગભાવથી શોભા દેવી. એકલો જ્ઞાતા-દૃષ્ટા આત્મા, ચારિત્રની અપેક્ષાએ વીતરાગભાવસ્વરૂપ, જ્ઞાન-દર્શનની અપેક્ષાએ જ્ઞાતા-દૃષ્ટા, ચારિત્રની અપેક્ષાએ વીતરાગસ્વરૂપ ત્રિકાળ એવા આત્માને આવો દિગંબર ભેખ ધારણ કરી લજાવવો ન જોઈએ. આહાહા..! બહુ આચાર્યનું હૃદય વીતરાગપણે દ્રવી રહ્યું છે. આહાહા..!

'**આગે લિંગ ધારણ કરકે કુક્રિયા કરે ઉસકો પ્રગટ કહતે હૈં :-**' એમ કે બહાર વાત આવી ગઈ. એના રાગના રસના મિથ્યાત્વભાવની ક્રિયા બહારમાં આવી ગઈ. આહાહા..!

**णच्चदि गायदि तावं वायं वाएदि लिंगरूवेण।**
**सो पावमोहिदमदी तिरिक्खजोणी ण सो समणो।।४।।**

આહાહા..! '**અર્થ :- જો લિંગરૂપ કરકે નૃત્ય કરતા હૈ,..**' નાચે. કાંઈક ધીમેથી શાંતિથી, ઈર્યા સમિતિથી જોવું, ચાલવું એ કાંઈ રહ્યું નહિ. ગતિમાં પણ નટની જેમ નાચે, કૂદે. આહાહા..! '**ગાતા હૈ,...**' ગાય. '**વાદિત્ર બજાતા હૈ,...**' .. હારમોનિયમ ને. નગ્ન

થઈને હારમોનિયમ વગાડે. આ ભટ્ટારક વગાડે અત્યારે. ભટ્ટારક વગાડે છે. બે વાજિંત્ર ઉપર. આહાહા..! '**સો પાપ સે મોહિત બુદ્ધિવાલા હૈ,...**' આહાહા..! જેને રાગમાં સાવધાનપણું છે એમ કહે છે. આવા જીવોને તો જેને રાગમાં સાવધાનીપણું છે. ભગવાન આત્માપણે સાવધાન છે નહિ. આહાહા..! '**પાપ સે મોહિત બુદ્ધિવાલા હૈ,...**' જોયું! રાગરૂપી પાપમાં મોહિત થઈ ગયો છે એ. આહાહા..! વીતરાગસ્વરૂપીમાં સાવધાનીની બુદ્ધિ જેને છે નહિ.

'**તિર્યંચયોનિ હૈ,...**' આહાહા..! એ તો તિર્યંચ છે, ઢોર છે કહે છે. લિંગ ધારણ કર્યા અને અંદર કષાયના પ્રેમનો ભાવ ગયો નહિ, છોડ્યો નહિ... આહાહા..! અને આવી ક્રિયામાં વર્તે, માયા-કપટી છે એમ કહે છે. તિર્યંચયોનિ છે. આહાહા..! '**પશુ હૈ,...**' પાઠ છને. '**तिरिक्खजोणी**' એનો અર્થ પશુ કર્યો. '**શ્રમણ નહીં હૈ.**' આહાહા..! શ્રમણની દશા વીતરાગથી ભીંજાયેલા જેના ચિત્ત છે. આહાહા..! વીતરાગભાવથી જેના રસબોળ જ્ઞાનાનંદ ઉપયોગ છે. આહાહા..! એનું આ દ્રવ્યલિંગ નગ્નપણું શોભે છે, કહે છે. આહાહા..! પણ જે એકલા વિષયકષાયના પ્રેમમાં પડ્યા, વિષય શબ્દે બાહ્ય ચીજ એમ, કષાયના પ્રેમમાં પડ્યા એ પશુ જેવા છે કહે છે. આહાહા..!

'**ભાવાર્થ :- લિંગ ધારણ કરકે ભાવ બિગાડકર નાચના,...**' ભાવ બિગાડનો અર્થ આ. કષાયના પ્રેમમાં ભાવ બગડી ગયો એનો. એમ વિષય, બાહ્ય વિષયોમાં રાગ થાય એના પ્રેમમાં બગડી ગયો ભાવ એનો. આહાહા..! '**નાચના,...**' પછી કાંઈ ઠેકાણું ન મળે કહે છે. '**ગાના, બજાના ઈત્યાદિ ક્રિયાયેં કરતા હૈ, વહ પાપબુદ્ધિ હૈ,...**' મિથ્યાબુદ્ધિ છે એ. આહાહા..! '**પશુ હૈ, અજ્ઞાની હૈ, મનુષ્ય નહીં હૈ,...**' આહાહા..! એ મનુષ્ય નથી. જેને જ્ઞાયતે ઈતિ મનુષ્ય. ચૈતન્યસ્વરૂપ વીતરાગભાવનો જેને રસ જામ્યો છે, રાગના રસ જેને ઊડી ગયા છે એને મનુષ્ય કહીએ, કહે છે. આહાહા..! બાકી 'મનુષ્યા સ્વરૂપેણ મૃગા ચરન્તી' મનુષ્યના રૂપે મૃગલા જેવા છે કહે છે. પશુ કીધુંને? આહાહા..!

'**મનુષ્ય હો તો શ્રમણપના રક્ખે.**' જોયું ભાષા! આહાહા..! મનુષ્યપણું જો હોય તો તો સાધુપણું રાખે કહે છે. આહાહા..! જ્ઞાયકપણું મારું સ્વરૂપ છે. વીતરાગી રસથી ભરેલું મારું તત્ત્વ છે. એવા વીતરાગી રસનો રસીલો એ મનુષ્ય હોય તો શ્રમણપણું રાખે કહે છે. એ મનુષ્ય છે એમ કહે છે. આહાહા..! જેને જ્ઞાનનો રસ છે. મનુષ્ય જ્ઞાયતે છેને? ગોમ્મટસારમાં છે, જ્ઞાયતે ઈતિ મનુષ્ય. એ જ્ઞાનસ્વરૂપ ભગવાન આનંદનો રસ પ્રભુ એનો જેને રસ છે એ મનુષ્ય છે અને એ શ્રમણપણું ચારિત્રના રસવાળું રાખે. આહાહા..! સમજાણું કાંઈ? જેને આનંદનો રસ છે, જેનો રાગનો રસ અસંખ્ય પ્રદેશથી ઉઠી ગયો છે. આહાહા..! અસંખ્ય પ્રદેશમાંથી રાગનો રસ ઊડી ગયો છે અને એ રસ જતાં ચૈતન્યનો રસ જેને જામ્યો છે.

એને મનુષ્ય કહીએ કહે છે અને એ આગળ વધીને ચારિત્રને રાખે એમ કહે છે. સમ્યગ્દષ્ટિ છે, આત્માનો રસીલો છે એ ચારિત્રમાં રમે અને ચારિત્રને એ રાખે. આહાહા..! જે પુણ્યના પ્રેમમાં પડ્યો છે એ તો વર્તમાન જ રાગનો રસીલો (છે). એ રાગરહિત ચારિત્રને શી રીતે ધારે? સમજાણું કાંઈ? લિંગ ધારે એટલે શું થયું? કહે છે. આહાહા..!

આનંદસ્વરૂપ ભગવાન આત્માના રસ જેને જામ્યા છે એને જ ચારિત્રનો રસ આવે છે એમ કહે છે. એને વીતરાગતા પ્રગટ થાય છે વિશેષ. પણ જેને પાપબુદ્ધિ, રાગબુદ્ધિ, પ્રેમબુદ્ધિ, કષાયબુદ્ધિ (છે), નાનામાં નાનો કણ.. આવે છેને? રાગ હોય તો આગમધર પણ જાણતો નથી આત્માને એ. ઈ રાગ આ. અણુમાત્ર રાગ પણ જેને વર્તે, આખા આગમનો જાણનાર... એનો અર્થ એ રાગનો પ્રેમ છે એ. અણુમાત્ર પણ રાગનો જેને રસ વર્તે છે એને આત્માના આનંદના રસની રુચિ અને દૃષ્ટિ નથી. આહાહા..! આવો માર્ગ ભારે.

શ્રાવક ગૃહસ્થ હોય એને વિષય-કષાય હોય છે, પણ એનો એને રસ નથી. આ વાતનું શું કહેવું? વિષય-કષાય. છન્નું હજાર સ્ત્રી ચક્રવર્તીને હોય લ્યોને. પણ એને રસ નથી. રસ ઊડી ગયો છે. આત્માના આનંદના રસ આગળ ... ભાવ પણ એને ત્રાસ લાગે છે, દુઃખ લાગે છે. આહાહા..! હો. અજ્ઞાનીને નાનામાં નાના રાગ પર વિષય તરફનો વળેલો (એમાં એને રસ છે). વીતરાગભાવનો રસીલો અને રાગનો રસીલો બેની વ્યાખ્યા કરી છે. આહાહા..! એ શ્રમણ નહિ.

**'લિંગ ધારણ કરકે ભાવ બિગાડકર નાચના, ગાના, બજાના...' 'મનુષ્ય હો તો શ્રમણપના રક્ખે.'** આહાહા..! પશુ સામે મનુષ્ય. **'જૈસે નારદ ભેષધારી નાચતા હૈ, ગાતા હૈ, બજાતા હૈ વૈસે યહ ભી ભેષી હુઆ તબ ઉત્તમ ભેષ કો લજાયા,...'** અહો..! દિગંબર ભેખ! વીતરાગભાવની ઉપશમરસની જ્યાં છાંયા, અંતરમાં જેને વીતરાગભાવનો ઉપશમભાવ ઢળી ગયો છે, ઉપશમના રસના ઢાળા જેને ઢળ્યા છે અંદર, એની છાયું જેના શરીરમાં ઉત્તમપણું દેખાય છે. આહાહા..! જેને અંદર અકષાયભાવના ઢાળા ઢળ્યા છે. આહાહા..! એવો જ શાંતરસ શરીરમાં પણ દેખાય. આ તો બધા કુતૂહલ. આહાહા..! **'ઉત્તમ ભેષ કો લજાયા, ઈસલિયે લિંગ ધારણ કરકે ઐસા હોના યુક્ત નહીં હૈ.'** કહો, આવું પણ હશે ક્યાંક. આહાહા..! પણ અંતરમાં દૃષ્ટિ ફરી ગઈ પછી એના ઠેકાણા ન રહે.

**'सम्मूहदि रक्खेदि य अट्टं झाएदि बहुपयत्तेण'** બધી ભાષા જ ઉપાડી છે. પાપમોહિત મતિ એમ ઉપાડ્યું છેને ત્રીજી ગાથાથી. પાપમોહિત મતિ ચોથી, પાપમોહિત મતિ પાંચમી. આહાહા..!

सम्मूहदि रक्खेदि य अट्टं झाएदि बहुपयत्तेण।
सो पावमोहिदमदी तिरिक्खजोणी ण सो समणो।।५।।

'**અર્થ :- જો નિર્ગ્રંથ લિંગ ધારણ કરકે પરિગ્રહ કો સંગ્રહરૂપ કરતા હૈ...**' પુસ્તક ભેગા રાખે, શિષ્યો ભેગા રાખે, એને દેવા-લેવાની વાતું કરે આ બધી, એ બધો પરિગ્રહ છે. આહાહા..! '**નિર્ગ્રંથ લિંગ ધારણ કરકે પરિગ્રહ કો સંગ્રહરૂપ કરતા હૈ...**' પરિગ્રહ શબ્દે એકલો પૈસો જ એમ કાંઈ નથી. નોકર-ચાકર રાખે, માણસ પાસે કામ કરાવે, એને પૈસા દેવરાવે માણસ પાસે, પુસ્તક વેચાવે કે બનાવીને વેચે, એના પૈસા લે એ બધો પરિગ્રહનો સંગ્રહ છે. આહાહા..! શું કહે છે?

મુમુક્ષુ :- મુનિએ અષ્ટપાહુડ નહિ વાંચ્યું હોય?

ઉત્તર :- વાંચ્યું ન હોય એનું શું કામ છે? રામજીભાઈએ ખુલાસો કર્યો. પૂછી જોજો. બીજું શું કરવું? વાંચે એટલે શું? અંતરમાં પરિણમ્યું નથી જ્ઞાન અને આનંદ એના વાંચન શા? એને કહેવું છે અષ્ટપાહુડને. પ્રાભૃત નામ સાર. દર્શનસાર, જ્ઞાનસાર, ચારિત્રસાર પહેલા આવી ગયું છે. પહેલા બોલ-ગાથા આવી ગઈ છે. આહાહા..! રાગના વિકલ્પ વિનાનું ચૈતન્યનું જ્ઞાન એ સાર, રાગના વિકલ્પ વિનાની આત્માની શ્રદ્ધા—સમકિત એ સાર, રાગ વિનાની સ્વરૂપની ચારિત્રદશા એ સાર. બધું પહેલા આવી ગયું છે. જ્ઞાનસાર, દર્શનસાર, ચારિત્રસાર, ભાવપાહુડમાં ક્યાંક આવ્યું હતું. આહાહા..! સાર તો એ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જુદો હોય. અપવાદ લિંગ તો એક મોરપીંછી રાખે, કમંડળ રાખે એ અપવાદ છે. આહાહા..! અરે! જ્યાં સમ્યગ્દર્શન થતાં આખી દુનિયાથી ઉદાસ છે. રાગના વિકલ્પથી માંડીને... આહાહા..! શુભરાગથી માંડીને આખી દુનિયાનો પરિગ્રહ દૃષ્ટિમાંથી છૂટી ગયો છે. ભાઈએ નથી કહ્યું મોક્ષમાર્ગપ્રકાશકમાં? ભાઈ! મુનિને પરિગ્રહ જો રહે આ, તો તો એમ કે બુદ્ધિ-મૂર્છા નથી માટે રાખ્યો છે. તો કહે, ભાઈ! મૂર્છા નથી તો દૃષ્ટિમાંથી તો ચોથે ગુણસ્થાનથી છૂટી ગયો છે પરિગ્રહ. એમાં આવે છે ભાઈ! મોક્ષમાર્ગપ્રકાશકમાં. ભારે વાત લીધી છે એણે. દૃષ્ટિ જ્યાં થઈ આત્મા ઉપર ત્યાં તો એ રાગમાત્રનો પરિગ્રહ મારો એ તો છૂટી ગઈ છે, હવે આસક્તિને છોડવી એનું નામ ચારિત્ર છે. નવ કોટીએ રાગનો ત્યાગ, પરિગ્રહનો ત્યાગ, પણ કાયાથી ત્યાગ પરિગ્રહનો ત્યારે કહેવાય કે કાયા ઉપર વસ્ત્રનો ધાગો ન રાખે, રખાવે નહિ એવો ત્યાગ. દૃષ્ટિમાંથી ત્યાગ તો પહેલેથી થઈ ગયો છે. આહાહા..! ચોથેથી થઈ ગયો છે. પરિગ્રહ રાગ મારો છે એ બુદ્ધિ તો ટળી ગઈ છે. આહાહા..!

પૂર્ણાનંદનો નાથ વીતરાગ સ્વભાવથી ભરેલો ભગવાન એના પ્રેમમાં પડ્યો પ્રભુ સમકિતી

એને રાગના રસ તો ઊડી ગયા છે. આહાહા..! રાગ હોય એ જુદી વાત છે. એને રાગનો ત્યાગ તો થઈ ગયો છે દૃષ્ટિમાં તો. હવે તો કહે કે વસ્ત્ર રાખે અને મૂર્છા ન હોય એમ કેમ બને? આહાહા..! મન, વચન, કાયાથી, કરણ, કરાવણ, અનુમોદનથી એમ ભાષા લીધી છે, હોં! ઓહોહો..! કાયાથી કપડું રહ્યું એ તારે કાયાથી કપડાનો ત્યાગ તો ન થયો. આહાહા..! તારું કરણ, કરાવણ, અનુમોદન કાયાનું તો આમ ને આમ રહ્યું બધું. આહાહા..! શું વીતરાગી વેણ! વીતરાગના માર્ગની શોભા વીતરાગભાવે છે. બહારના ઠાઠ મનાવવા અને એનાથી આ શોભે ધર્મ? આહાહા..! એમ કહે છે. આહાહા..! બહુ પૈસા ખર્ચીને, કરોડો અબજો રૂપિયા ખર્ચીને મોટી બહાર શોભા કરવી એ ધર્મની શોભા છે?

અહીં તો પ્રભુ આત્મા પૂર્ણાનંદ શુદ્ધ ચૈતન્ય વીતરાગમૂર્તિ, એવા વીતરાગસ્વભાવની જેને વીતરાગી દૃષ્ટિ થઈ છે એને આખી દુનિયાનો રસ, પરિગ્રહ ત્યાગ થઈ ગયો દૃષ્ટિમાંથી. 'મારા છે' એ બુદ્ધિ તો વઈ ગઈ છે એની. પછી અસ્થિરતાનો ભાવ નવ કોટીએ છૂટે ત્યારે ચારિત્ર કહેવાય. આહાહા..! આ તો છ પાહુડ થયા પછીની છેલ્લી વાતું છેને અહીં તો. ભાવપાહુડમાં મોક્ષપાહુડમાં, દર્શનપાહુડમાં ઘણી વાતો કહેવાઈ ગઈ. જ્ઞાનપાહુડ, ચારિત્રપાહુડ, બોધપાહુડમાં ઘણું કહેવાઈ ગયું, લ્યો નિશ્ચયની વાતું. ઓહોહો..!

કહે છે, '**નિર્ગ્રંથ લિંગ ધારણ કરકે પરિગ્રહ કો સંગ્રહરૂપ કરતા હૈ...**' આહાહા..! ઘાસ રાખે, કપડા થોડા રાખે પાછળ ધોવાના, લૂછવાના, શરીરને લૂછવાના, પુસ્તક બનાવે એને માટે કપડા બાંધવાના જોઈએને? એ બધો પરિગ્રહ છે. આહાહા..! આવે છેને પરમાત્મપ્રકાશમાં? ઝાઝા ચેલા-ચેલી દેખીને અજ્ઞાની ખુશી થાય છે, જ્ઞાની ઝાઝા ચેલા-ચેલી દેખીને એમ લજાય છે કે આ મારી ચીજ ક્યાં છે? પરમાત્મપ્રકાશમાં છે. આ ઘણાં શિષ્યોનો પરિવાર ને બહુ તમે તો. અરે..! પણ એ પરવસ્તુ મારી ક્યાં છે? એને લઈને હું મોટો છું એમ છે ક્યાં? એને લઈને મોટો માને એ પરિગ્રહી છે એમ કહે છે. આહાહા..! નટુભાઈ! બહુ ઝીણું.

એ કહે છે અહીંયા. '**અથવા ઉસકી વાંછા ચિંતવન મમત્વ કરતા હૈ...**' બાહ્ય પરિગ્રહની ઇચ્છા કરે કે આટલું હોય તો ઠીક, આટલું હોય તો ઠીક. આહાહા..! એવું ચિંતવન કર્યા કરે બાહ્ય પદાર્થનું, એની મમતા કરે. '**ઔર ઉસ પરિગ્રહ કી રક્ષા કરતા હૈ...**' આહાહા..! સાચવવાની, રાખવાની, એને વેચવાની, પુસ્તક-બુસ્તક વેચવાનું ધ્યાન તો રાખવું જોઈએને? આહાહા..! '**ઉસકા બહુત યત્ન કરતા હૈ,...**' બાહ્ય ચીજો રાખવાની, શિષ્યોને (રાખવા) એ પરિગ્રહ છે બધો. આહાહા..! એની યત્ના કરે. '**ઉસકે લિયે આર્તધ્યાન નિરંતર ધ્યાતા હૈ,...**' વિચાર, કલ્પના કર્યા કરે, આનું આમ થાય તો ઠીક, આ મકાનનું આમ

થાય તો ઠીક, આ શિષ્યનું આમ થાય તો ઠીક. આહાહા..! એ તો ગૃહસ્થ કરે છે એવી તારી દશા થઈ. ફેર શું પડ્યો? આહાહા..!

**'આર્તધ્યાન નિરંતર ધ્યાતા હૈ,...'** કલ્પના કર્યા જ કરે. ઈષ્ટની સામગ્રી અનુકૂળ રહે, અનિષ્ટની સામગ્રી દૂર હઠે એવી વિકલ્પની જાળ કર્યા કરે. એ તો આર્તધ્યાનમાં આવે છે. આહાહા..! **'વહ પાપ સે મોહિત બુદ્ધિવાલા હૈ,...'** આહાહા..! અહીં તો એ તો મિથ્યાત્વની બુદ્ધિ કહેવી છે. પરની ચિંતાના વિકલ્પમાં લીન છે. આહાહા..! પરવસ્તુની ચિંતા, ચિંતવન, વિકલ્પમાં લીન છે. પાપમોહિત બુદ્ધિ છે, મિથ્યાત્વમાં મોહિતબુદ્ધિ છે. આહાહા..! પિત્તમોહા આવ્યું હતુંને? કાલે નહોતું આવ્યું? આહાહા..! જેણે પુણ્યભાવને મોક્ષમાર્ગ માન્યો છે એણે મોહ પીધો છો. આહાહા..! મોહરૂપી દારૂ પીધો એણે, હોં! જેને એ શુભભાવ દયા, દાન, વ્રત, ભક્તિ ભાવ હોય, પણ એને એણે મોક્ષનો માર્ગ જાણ્યો છે (એણે) મોહ પીધો, મિથ્યાત્વ પીધો છે એણે. આહાહા..! એણે નિર્વિકલ્પ રસનો નાશ કરીને રાગના રસમાં ઘેલો થઈ ગયો છે. આહાહા..! આચાર્યોની રચના, દિગંબરના વચનો તીવ્ર. આવે છેને? તીવ્ર વચનોને લઈને રહસ્ય કાંઈક સમજી શકાય છે. શ્વેતાંબરની મોળાશને લઈને રસ ઠંડાતો ગયો. આહાહા..! આવો વીતરાગ માર્ગ, ચોથે ગુણસ્થાનથી વીતરાગતા ઉત્પન્ન થાય એમ કહે છે. આહાહા..!

ત્રણ લોકના નાથ પરદ્રવ્ય છે એના પ્રત્યે પણ રુચિનો જે ભાવ છે એનાથી પણ એકતા નથી. આહાહા..! એનું નામ સમ્યગ્દર્શનની વીતરાગતા છે. સમજાણું કાંઈ? આવી જેને દૃષ્ટિ અને પાપનો રસ છૂટ્યો નથી અને લિંગ ધારણ કર્યા આવા... આહાહા..! પછી ક્યાંક ક્યાંક એ પ્રવૃત્તિ કરીને એ જિંદગી ગાળશે. નિવૃત્તિનું સ્વરૂપ તો એને બેઠું નથી. આહાહા..! રાગ વિનાનો નિર્વિકલ્પ ભગવાન આત્મા એ સ્વભાવની હયાતીની દશા માની નથી, થઈ નથી એટલે પછી પ્રવૃત્તિમાં ગૂંચાશે જ ક્યાંક. આ કરું ને આ હું કરું ને આ કરું ને આ કરું. આહાહા..!

**'મોહિત બુદ્ધિવાલા હૈ,...'** આચાર્યને પાપ મિથ્યાત્વનું લેવું છે હોં અહીંયા. આહાહા..! નગ્નપણામાં માન મળે બહુ એમાં ગૂંચાય પાછો કે આ જુઓ અમે ત્યાગી છીએ. એ પરિગ્રહ છે. આહાહા..! મોહિતબુદ્ધિવાળા છે. **'તિર્યંચ યોનિ હૈ, પશુ હૈ, અજ્ઞાની હૈ, શ્રમણ તો નહીં હૈ, શ્રમણપને કો બિગાડતા હૈ...'** આ તો નગ્ન મુનિની વાત છે હોં! વસ્ત્રસહિતવાળાની તો વાત અહીં કરી જ નથી. કારણ કે એ તો મિથ્યાત્વથી બગડેલા છે. આહાહા..! વસ્ત્રનો ધાગો રાખીને મુનિપણું માને એ નિગોદમાં જાય, એ તો પહેલેથી વાત આવી ગઈ છે. એટલે એ તો દૃષ્ટિના બગડેલા જ છે. એના બગાડની વાતું અહીં નથી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! આચાર્યના હૃદયમાં નગ્નલિંગપણાની દશામાં આવું કરે

એની વાત કરે છે. ઓલાને તો કાઢી નાખ્યા છે. એ તો જૈનધર્મ જ નથી. આહાહા..!

તમારું સાંભળ્યું ત્યાં કાંઈ? પાલિતાણામાં. આચાર્યો વિચારે છે સવાસો ફૂટનો એક મહાસ્તંભ કરવો. છાપામાં આવ્યું. જમીન લીધી. જમીન લીધી એમ કહે છે. સરસ્વતી ભંડાર છે. સરસ્વતી મંદિર છેને. સરસ્વતી મંદિર લખ્યું છે. એની પાસે એમ કે જમીન લીધી. સો ફૂટની મૂર્તિ કરવી અને સવા સો ફૂટનો સ્તંભ, પાર્શ્વનાથનું મંદિર અને એક મોટો ઘંટ ઉપર કરવો કે બાર ગાઉમાં સંભળાય. એ છાપામાં આવ્યું કાલે. એવું વિચારે છે એમ. જૈન આચાર્યો વિચારમાં છે એમ.

મુમુક્ષુ :- નક્કી કર્યું છે એમ નહિ.

ઉત્તર :- એમ નથી. વિચારમાં છે.

મુમુક્ષુ :- જમીન લીધી છે તો નક્કી કર્યા વિના લીધી?

ઉત્તર :- આમાં લખ્યું છે કે મળશે. આહાહા..!

અહીં તો કહે કે એક રજકણનો અને એક રાગનો કણ એ મારો છે અને એને લઈને મારી શોભા છે. આહાહા..! એ પરિગ્રહધારી છે કહે છે. આહાહા..! રાગનો કણ અને રજકણ એ મારા છે એ જ મિથ્યાત્વનો ભાવ છે. એ જ પરિગ્રહમાં અભ્યંતર પરિગ્રહ લીધા છેને ચૌદ? એમાં મિથ્યાત્વનો પરિગ્રહ તો એ છે. આહાહા..!

મુમુક્ષુ :- મિથ્યાત્વ પહલા હૈ.

ઉત્તર :- પહલા હૈ? આહાહા..! વીતરાગનો માર્ગ અલૌકિક વાત છે, ભાઈ! આ વસ્ત્રના પોટલા રાખે, ત્રણ-ચાર કપડા રાખે અને સાધુ માને એ તો સાધુ છે જ નહિ. એની વાત તો લીધી જ નથી. આહાહા..! ઝીણી વાત છે, ભગવાન! આ વીતરાગના ઘરથી વાત છે આ તો.

કહે છે, વસ્ત્ર છોડીને નગ્ન મુનિ ધારણ થાય. જે જૈનના દિગંબર કહેવાય, જે સનાતન જૈનધર્મમાં નગ્નદશા તે હતી દશા, અનાદિનો માર્ગ એ હતો. એમાં આવીને પણ જે કાંઈ પરિગ્રહમાં પરવસ્તુ મારી એવી મમતા કરે... આહાહા..! અને એની વિચારણામાં રોકાય. ભગવાન આત્માના આનંદ તરફ તો જાતો નથી અને ત્યાંથી દૂર દૂર હટીને આવા વિચારમાં રોકાય છે કહે છે. આહાહા..! '**યહ પાપ સે મોહિત બુદ્ધિવાલા અજ્ઞાની હૈ,...**' '**શ્રમણ તો નહીં હૈ,...**' એને સાધુ ન કહીએ કહે છે. આહાહા..! આકરી વાતું બહુ. '**શ્રમણપને કો બિગાડતા હૈ ઐસા જાનના.**'

'**આગે ફિર કહતે હૈં :-**'

**कलहं वादं जूवा णिच्चं बहुमाणगव्विओ लिंगी।**
**वच्चदि णरयं पाओ करमाणो लिंगिरूवेण।।६।।**

જે કોઈ દિગંબર લિંગ ધારણ કરીને, '**અર્થ :- જો લિંગી બહુત માન કષાય સે ગર્વવાન હુઆ...**' અમે આવા મોટા છીએ એમ અભિમાનમાં ચડી ગયા હોય. બહુ માનકષાયથી ગર્વ કહે છેને. આહાહા..! એનાથી ગર્વ '**નિરંતર કલહ કરતા હૈ,...**' ક્લેશ કરાવે જ્યાં ત્યાં. આહાહા..! '**વાદ કરતા હૈ,...**' જે કોઈ એની સાથે વાદ કરે. તમારી વાત ખોટી છે. જુઓ આ ફલાણું. શું છે ક્લેશ કરીને તારે? અંદર જાને હવે, સમાને. કુંદકુંદાચાર્ય તો કહે છે, સ્વસમય-પરસમય રાખીને વાદ કરીશ નહિ. આવે છે? નિયમસારમાં. સ્વસમય-પરસમયથી (વાદ) કરીશ નહિ બાપુ! પૈસા મળ્યા હોય તો સધન માણસ ઘરમાં ગોપવીને વાપરે. બહાર ઢંઢેરો ન પીટે કે મને પૈસા મળ્યા છે. એમ જ્ઞાન-નિધાન ચૈતન્ય, રાગ વિનાનું ચૈતન્ય-નિધાન જો તને પ્રાપ્ત છે તો ભોગવને એકલો. આહાહા..! બીજા સાથે વાદ કરીને શું કામ છે ભાઈ? આહાહા..! ઈ કહે છે. આ તો વાદ. લાવો આમ કરીએ, ફલાણું કરીએ, કરો ચર્ચા. અરે! ભાઈ! ચર્ચા બાપુ! વીતરાગભાવના ભાસન વિના તારી ચર્ચા શું કામની? જેમાંથી વીતરાગભાવ ઊભો ન થાય એ ચર્ચા શું?

કેમકે ચારેય અનુયોગનો સાર તો વીતરાગતા છે. વીતરાગ ધર્મનો સાર વીતરાગતા છે. વીતરાગતા તો ક્યારે થાય? નિમિત્ત, રાગ અને પર્યાયની ઉપેક્ષા કરી ત્રિકાળીની અપેક્ષા કરે તેને વીતરાગની દૃષ્ટિ થાય. આહાહા..! કોને પકડે એ? જ્ઞાનસ્વભાવી આત્મા વીતરાગમૂર્તિ પ્રભુ એને પકડ્યે વીતરાગતા થાય. કાંઈ વાદવિવાદ કરીને અમે જીત્યા અને આ હાર્યા એ તો બધા હરખ-શોકને પોષવાની વાતું છે. આહાહા..! કોની ચર્ચા? બાપુ!

લિંગપણું ક્યાં બગડે ભાઈ! આહાહા..! પૂર્ણાનંદનો નાથ અવિકારી સ્વભાવ એને રાગની રુચિમાં કરવો એ બગાડ છે. જૈનધર્મમાં તો એ બગાડ છે. આહાહા..! એકલો જ્ઞાન અને દર્શન ને આનંદનો સાગર ભગવાન છે. આત્મા જ્ઞાતા-દૃષ્ટા અને ચારિત્ર એટલે વીતરાગ. જ્ઞાતા-દૃષ્ટા જ્ઞાન, દર્શન અને ચારિત્ર એટલે વીતરાગતા એવા સ્વભાવવાળું તત્ત્વ છે. આહાહા..! એમાં નાનામાં નાનો રાગનો કણ પણ ઊભો થાય એ દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો એ રાગના પ્રેમમાં, રાગની એકતામાં મિથ્યાત્વભાવ થાય છે. આહાહા..! આ વાતની ખબર ન મળે અને ચાલો કરો ધર્મ, કરો ધર્મ. ધર્મ ક્યાં થતા હશે ભાઈ? રાગથી ખસીને સ્વભાવમાં ઠરે એને ધર્મ થાય. બહારમાં આમ કૂદવામાં આ કર્યા ને આ કર્યા. આહાહા..!

કહે છે, એવા વાદ કરે '**દ્યુતક્રીડા કરતા હૈ,...**' લ્યો ઠીક! જુગટા રમે ને એવું કરે. '**વહ પાપી નરક કો પ્રાપ્ત હોતા હૈ...**' આચાર્ય કહે છે, નરકમાં જાશે ભાઈ એ તો.

આહાહા..! નગ્નપણું રહેશે ને નરકમાં જાશે. આહાહા..! **'ઔર પાપ સે ઐસે હી કરતા રહતા હૈ.'** નરકમાં જશે અને પાછું પાપથી એવું જ કર્યા કરશે. આહાહા..!

**'ભાવાર્થ :- જો ગૃહસ્થરૂપ કરકે ઐસી ક્રિયા કરતા હૈ, ઉસકો તો યહ ઉલાહના નહીં હૈ,...'** એને ઉલાહના-ઓળંભો નથી એને. **'ક્યોંકિ કદાચિત્ ગૃહસ્થ તો ઉપદેશાદિક કા નિમિત્ત પાકર કુક્રિયા કરતા રહ જાય...'** એ તો ઉપદેશ સાંભળીને રહી જાય. આ તો ઉપદેશ કરનારો પોતે સાધુ થયો એને ઉપદેશ બીજાનો કેમ લાગુ પડે? આહાહા..! મોટા માથા થયા હોય, ભણ્યા હોય, વાંચેલું હોય, ઘણાં પક્ષકાર શ્રાવકો થયા હોય એને ઉપદેશ શી રીતે કરવો? અને એ સાંભળવા ઊભા શેના રહે? બીજાને સંભળાવનારા એ સાંભળવા ઊભા કેમ રહે? આહાહા..!

કહે છે, એ **'કુક્રિયા કરતા રહ જાય તો નરક ન જાવે, પરંતુ લિંગ ધારણ કરકે ઉસરૂપ સે કુક્રિયા કરતા હૈ તો ઉસકો ઉપદેશ ભી નહીં લગતા હૈ,...'** ત્યાગી નથી અમે? અમે ત્યાગ કર્યો, નગ્નપણું તો કર્યું છે. એને ઉપદેશ ન લાગુ પડે. અને પંચમકાળ છે. એમાં કાંઈ દોષ હોય અને તમે જોઈને ઊભા રહો એ કામ આવે? એમ કહે છે. આહાહા..! ગૃહસ્થને તો ઉપદેશ આદિ અથવા બીજાનો વૈરાગ્ય સાંભળીને પણ એને તો ઓહોહો..! આ જીવો આવા વૈરાગી! અને અમે આ શું કરીએ છીએ ગૃહસ્થ? એને તો ઉપદેશ લાગુ પડે, પણ આ તો પોતે જ વૈરાગ્ય ધારણ કરીને બેઠા છે નગ્ન મુનિ. આહાહા..! **'તો ઉસકો ઉપદેશ ભી નહીં લગતા હૈ, ઈસસે નરક કા હી પાત્ર હોતા હૈ.'** આહાહા..! એની બુદ્ધિમાં પાપબુદ્ધિ ટકી રહી છે એમ કહે છે. જેથી નરકમાં જશે અને આગળ પણ એ જ કામ કરશે. આહાહા..! ઓહોહો..! કુંદકુંદાચાર્ય (આદિ) મુનિઓને જેને વિકલ્પ કરવો નથી એને પણ આવા એક વિકલ્પ આવીને શાસ્ત્ર રચાણા. એ કરૂણાબુદ્ધિથી આ રચાણા છે.

'આગે ફિર કહતે હૈં :-'

पाओपहदंभावो सेवदि य अबंभु लिंगिरूवेण।
सो पावमोहिदमदी हिंडदि संसारकंतारे।।७।।

**'અર્થ :- પાપ સે ઉપહત્ અર્થાત્ ઘાત કિયા ગયા હૈ આત્મભાવ જિસકા...'** આહાહા..! મિથ્યાત્વરૂપી ભાવથી આત્માનો જેને ઘાત થઈ ગયો છે. વિષયના ભાવમાં, કષાયના ભાવમાં, માન ભાવમાં જેના રેલમછેલ માન એકાકાર થઈ ગયો છે. એનો આત્મા મિથ્યાત્વથી હણાઈ ગયો છે. આહાહા..! **'પાપ સે ઉપહત્ અર્થાત્ ઘાત કિયા યા હૈ આત્મભાવ જિસકા ઐસા હોતા હુઆ જો લિંગી કા રૂપ કરકે...'** અને નગ્નરૂપ ધારણ કરીને **'અબ્રહ્મ કા સેવન કરતા હૈ...'** આહાહા..! આવું પણ. નગ્ન દિગંબર મુનિ થઈ અને અબ્રહ્મનું

સેવન કરે વિષયનું. '**વહ પાપ સે મોહિત બુદ્ધિવાલા...**' આહાહા..! '**લિંગી સંસારરૂપી કાંતાર-વન મેં...**' સંસારરૂપી કાંતાર-મોટો વન (એમાં) '**ભ્રમણ કરતા હૈ.**' આહાહા..! શાસ્ત્રમાં તો ભાઈ બધી વાતું આવે.

૮૬માં અહીં આવ્યા હતા નહિ એક? મુનિંદ્ર સાધુ શું નામ? ૮૬માં. ભાવનગર આવ્યા હતાને. મુનિંદ્રસાગર હતા નગ્ન દિગંબર. વિષય લેતો હતો નગ્ન મુનિ. અમે ત્યાં હતા. ૮૬ની વાત છે. આહાહા..! વૈરાગ્ય ન મળે, દૃષ્ટિની ખબર ન મળે અને બહાર નગ્નપણું દેખી લોકો તો ફિદા-ફિદા. વજુભાઈ જેવા ફીદા થઈ ગયા હતા તે દિ'. વજુભાઈ પણ વખાણ કરતા હતા. વજુભાઈ સુતરિયા. સુતરિયા નહિ વજુભાઈ? ભાવનગરના. મુંબઈ છે. આવા કુટુંબમાંથી નીકળેલા છેને. અમે તો બધો ગોટો સાંભળ્યો હતો ત્યાં જ તે. અમે ત્યાં હતા સ્થાનકવાસીને અપાસરે. એ નીકળ્યો હતો ધામધુમથી. શું કહે છે આ લોકો? ચાલો સાંભળવા જઈએ. જુઓ! આવા સ્થવિરકલ્પી હોય, આવા જિનકલ્પી હોય. એ બધી વાતું ગપ મારવા મંડ્યા. એમ કે વસ્ત્રસહિત હોય તો સ્થવિરકલ્પી સાધુ, ઓલા જિનકલ્પી સાધુ. આને કાંઈ ખબર નથી. વસ્ત્રસહિત સાધુ જ જૈનમાં હોય નહિ. આ ૮૬ની વાત છે હોં! સારું લગાડવા (બોલે). મોટી સભા હતી. આપણે કાંઈ ગયેલા નહિ.. વજુભાઈને કીધું, તમારા સાધુ આવે છે અહીં જોવા છે અમારે. (ઈ) વ્યાખ્યાનમાં ગયા હતા. બીજા કચ્છી હતા ત્યાં ભગવાનજી. કેવા? ભવાનજી-ભવાનજી મૂળીવાળા ત્યાં હતા. આહાહા..! અરેરે..! અંતે મરી ગયો. વેશ છોડીને દવાખાને વયો ગયો બીજે. એવું થાય છે.

જ્યાં અંદર આત્માના આનંદનો પ્રેમ આવ્યો (નથી), રસ નથી આવ્યો. એ બહારમાં સુખ ગોતવા મથ્યા જ કરે. બહારમાં અનુકૂળતા અનેક પ્રકારની આબરૂની, વિષયની, કષાયની, માનની, શિષ્યોની એ બહારમાં મંથન એનું ચાલ્યા જ કરે છે. અંદર ચૈતન્ય ભગવાન આનંદસ્વરૂપ છે એની શ્રદ્ધા હોય તો તો એની ભાવના રહે, પણ ઓળખ્યો નથી, જાણ્યો નથી ને શ્રદ્ધા વિના ભાવના કોની થાય? અને આ તો બધું ઓળખ્યું છે અનાદિથી. આહાહા..! એવા નગ્નપણું ધારણ કરીને અને અબ્રહ્મ સેવે '**પાપ સે મોહિત બુદ્ધિવાલા લિંગી સંસારરૂપી કાંતાર-વન મેં ભ્રમણ કરતા હૈ.**'

'**ભાવાર્થ :- પહલે તો લિંગ ધારણ કિયા...**' નગ્ન દિગંબર તો થઈ ગયા એમ કહે છે. '**પીછે ઐસા પાપ પરિણામ હુઆ કિ વ્યભિચાર સેવન કરને લગા,...**' લ્યો! ત્યાં સુધી વયો ગયો એમ કહે છે. '**ઉસકી પાપબુદ્ધિ કા ક્યા કહના? ઉસકા સંસાર મેં ભ્રમણ ક્યોં ન હો?**' આહાહા..! '**જિસકે અમૃત ભી ઝહરરૂપ પરિણમે...**' જેને અમૃતરૂપી ભાવ ઝેરરૂપે થાય '**ઉસકે રોગ જાને કી ક્યા આશા?**' કહે છે કે જેને

અમૃત પણ ઝેરરૂપે પરિણમે. રોગી હોય એને અમૃત આપ્યું હોય પણ ઝેરરૂપે પરિણમે. હવે એનો રોગ શી રીતે મટે? આહાહા..! એમ દિગંબર લિંગ તો ધારણ કર્યું બાહ્ય, પણ અંતરમાં આનંદના રસ વિના એનો રોગ કેમ મટે? ઝેરરૂપે પરિણમે. અમે સાધુ થયા, અમે આવા છીએ, અમે આવા છીએ. બાપુ!

**'વૈસે હી યહ હુઆ, ઐસે કા સંસાર કટના કઠિન હૈ.'** લ્યો! આવા જીવોનો સંસાર નાશ થવો કઠણ છે. જાણે પોતે જ ઉપદેશક થઈ ગયા અને વૈરાગી થઈ ગયા જાણે હવે. એટલે એને કોઈ ઉપદેશ તો લાગુ પડે નહિ. આહાહા..! મૂળ તો આત્માના ભાન વિના એવા બાહ્યલિંગ ધારણ કર્યા, એનો અંદરમાં બગાડ છે તો બહાર બગાડ આવ્યા વિના રહે નહિ એમ કહેવું છે. માટે એણે પ્રથમ સમ્યગ્દર્શન ધારણ કર્યા પછી બાહ્ય લિંગ નગ્નપણું ધારણ કરવું, એ વિના નગ્નપણું ધારણ કરવું નહિ. એમ વાત છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ સુદ ૧૩, મંગળવાર તા. ૦૨-૦૭-૧૯૭૪**
**ગાથા - ૮ થી ૧૦, પ્રવચન - ૧૮૯**

**दंसणणाणचरित्ते उवहाणे जइ ण लिंगरूवेण।**
**अट्टं झायदि झाणं अणंतसंसारिओ होदि।।८।।**

અહીંયા કહે છે કે જૈન લિંગ ધારણ કર્યું દિગંબર આદિ, ક્ષુલ્લક આદિ, પણ દર્શન-જ્ઞાન-ચારિત્રને તો ધાર્યા નથી, સેવ્યા નથી દર્શન, જ્ઞાન અને ચારિત્ર. આત્માનું અંતર્મુખ સ્વરૂપ જે પૂર્ણાનંદ એની અંતર્મુખ થઈને દૃષ્ટિ, જ્ઞાનની સેવના તો નથી. પછી બહિર્મુખની પ્રવૃત્તિનો એને રસ લાગે છે. જૈન લિંગ ધારણ કરવા છતાં, દિગંબર વેશ ધારણ કરવા છતાં જેણે દર્શન-જ્ઞાન-ચારિત્રને ધાર્યા નથી, સેવ્યા નથી, દર્શન-જ્ઞાન-ચારિત્ર જેણે અંતર સ્વરૂપમાંથી પ્રગટ કર્યા નથી. એને ખબર નથી કે અંતરમાંથી આ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય છે. અંતર્મુખના સ્વભાવથી આ થાય છે એની ખબર નથી. બાહ્યની પ્રવૃત્તિમાં પછી પડે.

એ **'अट्टं झायदि' 'આર્તધ્યાન કો ધ્યાતા હૈ...'** કારણ કે બીજી પ્રવૃત્તિનો રસ લાગી જાય એને. **'તો ઐસા લિંગી અનંતસંસારી હોતા હૈ.'** શ્રાવક નામ ધરાવે છે લ્યોને ક્ષુલ્લક. બાર વ્રત ધાર્યા છે અમે. વસ્તુની તો ખબર ન મળે. આત્મા અંતર્મુખ થાય તો

એને સમ્યગ્દર્શન થાય, અંતર્મુખ થાય તો એને જ્ઞાન થાય, અંતર્મુખમાં રમણતા કરે તો ચારિત્ર થાય. એવી ચીજની તો ખબર નથી. એ ચીજ ધારી નથી. ઉપધાન શબ્દ વાપર્યો છેને? લ્યો આ ઉપધાન આવ્યુંને? ચેતનજી! આ ઉપધાન. સમીપમાં રહેવું. આહાહા..!

ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્મા એ પુણ્ય અને પાપના વિકલ્પના રાગથી ભિન્ન તત્ત્વ છે. શરીર, વાણી, મન તો જડ છે, એનાથી તો જુદું તત્ત્વ છે, પણ દયા, દાન, વ્રત, ભક્તિ, તપના ભાવ થાય રાગ, એ રાગ છે. એનાથી તત્ત્વ ભિન્ન છે. એવા ભિન્ન તત્ત્વને અંતર્મુખ થઈને જેણે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું પ્રગટપણું કર્યું નથી, સેવા કરી નથી, આશ્રય કર્યો નથી, દર્શન-જ્ઞાન-ચારિત્રને અંતરમાંથી ધાર્યા નથી એ આર્તધ્યાન કરી બહારની ક્રિયાઓની પ્રવૃત્તિમાં પછી પડશે. અંતરના રસની તો ખબર નથી એટલે બહારના પછી પુણ્ય અને પાપના ભાવ અને એવા ભાવમાં રોકાઈ જશે આર્તધ્યાનમાં. એથી અનંત સંસારી થશે. આહાહા..!

મુમુક્ષુ :- લિંગ ધારણ કરવાનું ફળ શું આવ્યું?

ઉત્તર :- કોઈ કારણ ધારીને લિંગ ધાર્યું એમાં શું થયું ધૂળ? ફળ આવ્યું એને સંસાર.

મુમુક્ષુ :- લિંગ ...

ઉત્તર :- અનંત સંસારી લિંગ ધાર્યું એણે, અભિમાન આવ્યું એને. હું થયો મુનિ અને હું થયો ત્યાગી. સ્વરૂપની દૃષ્ટિ તો છે નહિ. ચૈતન્યસ્વરૂપ શું છે આત્મા? આનંદસ્વરૂપે ભગવાન આત્મા એની અનાકુળ શ્રદ્ધા, અનાકુળ જ્ઞાન, અનાકુળ શાંતિ એ તો રસ છે નહિ, ચાખ્યો નથી. બહારના રસમાં પછી ઉતરી જશે પછી.

'**ભાવાર્થ :- લિંગ ધારણ કરકે દર્શન જ્ઞાન ચારિત્ર કા સેવન કરના થા...**' જુઓ! લિંગ ધારણ કરીને તો કરવાનું આ હતું. અંતર્મુખ દર્શન, જ્ઞાન અને ચારિત્ર કરવાના હતા. જે કરવાલાયક તો એ હતા. એને એણે જાણ્યા નહિ, ઓળખ્યા નહિ, અંતરમાં આનંદનું સ્વરૂપ છે એનો રસ આવ્યો નહિ. આહાહા..! એમ કહે છે. '**વહ તો નહીં કિયા ઔર કુટુંબ આદિ વિષયોં કા પરિગ્રહ છોડા, ઉસકી ફિર ચિંતા કરકે...**' પછી ગૃહસ્થ ભક્તો એના વગેરે વગેરેની ચિંતામાં રોકાય કે આનું કેમ થાય? આનું કેમ થાય? આહાહા..! પોતાનું સ્વરૂપ જે અંતર રાગના ભાવથી પણ નિવૃત્ત ભિન્ન પડ્યું છે એની અંતર્મુખ થઈને તો દૃષ્ટિ કરી નહિ તો રસ આવ્યો નહિ. આહાહા..! બહારની પ્રવૃત્તિનો રસ ઘટે નહિ. પ્રવૃત્તિમાં એને ગોઠે. પુસ્તકો બનાવવા, પાઠશાળાઓ બનાવવી, પાઠશાળાઓ માટે પૈસા ભેગા કરવા એ બધા આર્તધ્યાનના લક્ષણ છે. આહાહા..! એમાં પડે. મંદિરો બનાવવા, આ બનાવવું, આ બનાવવું. એ બધા આર્તધ્યાન છે એ તો, કહે છે. આહાહા..! ભલે શુભ હો થોડું. એમાં આત્મા શુદ્ધ ચિદાનંદમૂર્તિ પ્રભુ એનો તો રસ ન આવ્યો, સ્વાદ ન આવ્યો. એથી

એ રાગનો સ્વાદિયો થઈને રાગની ક્રિયા કરશે. આહાહા..!

**'પરિગ્રહ છોડા, ઉસકી ફિર ચિંતા કરકે આર્તધ્યાન ધ્યાને લગા તબ તો અનંતસંસારી ક્યોં ન હો?'** કેમકે સંસારરહિત થવાની દશા તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે અને એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તો અંતર સ્વભાવને આશ્રયે થાય છે. એ તો પ્રગટ કર્યા નહિ. પછી સંસારની રુચિમાં રાગ ને પછી ભલે આ વ્યવહારની પ્રવૃત્તિ કરે શાસ્ત્રોની, મંદિરોની, કુટુંબ-કબીલાની ચિંતા કરે કે અરે! એને કેમ હશે? એને માટે અનુકૂળતા પૈસા-બૈસાના ખરડા કરે, બનાવે. આ બધી સંસારની પ્રવૃત્તિ છે કહે છે. આહાહા..! **'સમ્યગ્દર્શનાદિરૂપ ભાવ તો પહિલે હુએ નહીં...'** એમ કહે છે. તાત્પર્ય કહે છે. પહેલું જે આત્મા અંદર સચ્ચિદાનંદ સ્વરૂપ શાશ્વત વસ્તુ, શુદ્ધ ચૈતન્યઘન એની સત્તાનો સ્વીકાર તો થયો નહિ. કરવું તો એ હતું. બાહ્યલિંગ ધારણ કરીને પણ કરવાનું તો આ હતું. એ તો કર્યું નહિ. આહાહા..! **'ઔર કુછ કારણ પાકર લિંગ ધારણ કર લિયા,...'** નગ્ન મુનિ થઈ ગયો. વસ્ત્રવાળા જે છે એની તો અહીં વાત કરી જ નથી. કેમકે એ તો મુનિ જ નથી. દ્રવ્યલિંગ પણ જૈનનું નથી. ઝીણી વાત, ભગવાન! વસ્ત્ર-પાત્ર રાખીને જે સાધુ થાય છે એ તો સાધુ છે જ નહિ, એ તો મિથ્યાદષ્ટિ છે.

મુમુક્ષુ :- નમો લોએ સવ્વસાહુણંમાં એ આવી જાય છે.

ઉત્તર :- એમાં શું ધૂળમાં આવે? એમ કહે છે કેટલાક. ઓલા સુશીલકુમાર. સુશીલકુમાર? શું કહેવાય? નમો લોએ સવ્વસાહુણં. ત્યાં ક્યાં કહ્યા છે કે જૈનના સાધુ? આહાહા..! બાપુ! સાધુ કોને કહેવા ભાઈ ઝીણી વાતું બાપુ!

મુમુક્ષુ :- આત્માને સાધે તે સાધુ કહેવાયને.

ઉત્તર :- ત્યારે હજી આત્માના સાધનની તો ખબર નથી.

આત્મા આનંદસ્વરૂપ છે ચૈતન્યમૂર્તિ પ્રભુ વીતરાગ સ્વભાવે ભરેલો આત્મા છે. એનું સાધન તો વીતરાગભાવ છે. રાગની ક્રિયા એ એનું સાધન નથી. આહાહા..! વીતરાગસ્વભાવી આત્મા એનું સાધન પણ વીતરાગભાવે છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ બધો વીતરાગભાવ છે. એની તો એને ખબર નથી, પ્રગટ કર્યા નથી અને એક લિંગ ધારણ કરી લીધું. આ તો નગ્ન મુનિપણાની વાત કરે છે. વસ્ત્ર-પાત્રને રાખવા એ તો જૈન સાધુનું મૂળથી જ કર્તવ્ય નથી. ઝીણી વાત, ભાઈ! ત્યારે કહે, અમારા શાસ્ત્રમાં કહ્યા છેને? પણ એ શાસ્ત્ર જ ખોટા છે. જેમાં વસ્ત્ર રાખીને મુનિપણું માન્યું છે, મનાવ્યું છે એ શાસ્ત્ર જ કુશાસ્ત્ર છે. આકરી વાતું બહુ.

મુમુક્ષુ :- થોડીક તો રાખો પ્રભુ!

ઉત્તર :- શું કરવા થોડી રાખે? આખી રાખે નહિ. આહાહા..! માર્ગ આવો છે, ભાઈ!

આહાહા..! ભગવાન પછી ૬૦૦ વર્ષે પંથ (થઈ) ગયા બે. દિગંબર ધર્મ તો અનાદિ સનાતન ચાલ્યો આવતો હતો. બાર વર્ષના દુકાળ પડ્યા. આગળ આવશે આમાં પણ. નગ્નપણું નભી ન શક્યા, વસ્ત્રનો ટૂકડો રાખી થોડો અર્ધફાલક, આમાં છે આગળ, અને સાધુપણું મનાવવા લાગ્યા અને પછી બનાવ્યા શાસ્ત્રો પોતાની કલ્પના સિદ્ધ કરવા માટે. એની અહીં વાત લીધી જ નથી. અહીંયા તો જૈનસંપ્રદાયમાં જન્મીને નગ્નપણું ધારણ કરે કે ક્ષુલ્લકપણું ધારણ કરે કે શ્રાવક નામ ધરાવીને બાર વ્રત આદિને ધારણ કરે, પણ મૂળ સમ્યગ્દર્શન જ નથી જ્યાં, એ વિના બધા ફોગટ નિરર્થક છે કહે છે. આહાહા..!

**'કુછ કારણ પાકર લિંગ ધારણ કર લિયા,...'** કાંઈક એવું થયું રાગ મંદ થઈને વિચારણા થઈ, અરે! આ છોડો સંસાર. આ બધા જુઓને અત્યારે કેટલાય વેશ ધારે છે. બધાય બાહ્ય લિંગ જે નગ્નપણાની વાત હોં! આહાહા..! માર્ગ જુદો ભાઈ! વીતરાગ માર્ગને લોકોએ બગાડી માર્યો છે. અહીંયા તો દ્રવ્યલિંગ વીતરાગી દેખાય એવું લિંગ હોય, એવાને પણ જો અંદર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની સેવના નથી, સ્વસ્વરૂપનું ધારણ નથી, સ્વસ્વરૂપને ધાર્યું નથી અને લિંગ ધારણ કર્યું એ બાહ્યની પ્રવૃત્તિના રસમાં દોરાઈ જશે. આહાહા..! કરવાનું તો અંતરમાં ઉતરવાનું છે. લાખ વાતની, કરોડ વાતની વાત હોય, અંતરમાં ઉતરવાની વાત છે. પરને જોવાનું છોડીને અંતર જોવા જવાનું છે. આહાહા..! પરનો વિશ્વાસ મૂકીને અંતરનો વિશ્વાસ કરવાનો છે. રાગમાં રમતાં ભાવને છોડીને... આહાહા..! સ્વરૂપમાં રમણતા કરવા જેવી છે. એ તો કર્યું નહિ, લિંગ ધારણ થઈ ગયું. આહાહા..!

**'ઉસકી અવધિ ક્યા?'** એની હદ શું? કહે છે. અંતર દૃષ્ટિ જ્યાં ખીલી નથી. સમજાણું કાંઈ? શું કાલે પૂછ્યું હતુંને? શાંતિભાઈ! સાંજના શું હતી એક વાત, નહિ? ચાલતા પૂછ્યું હતુંને અહીં. ફેર હતો બોલવાનો. કાંઈક વાત હતીને કાલે. હા, યાદ આવ્યું. રાગને જ ભોગવે છે અનાદિથી. શાંતિભાઈ! પરને ભોગવી શકતો જ નથી. શરીર આ તો માટી જડ છે. લાડવા, દાળ-ભાત, શાક એ જડ, માટી-ધૂળ, અજીવ છે. પાણી એ ધૂળ છે અજીવ. મોસંબીના પાણી પણ અજીવ ધૂળ છે. એને આત્મા શું ભોગવે? સ્ત્રીનું શરીર હાડકા, માંસ ને જડ છે એને આત્મા શું ભોગવે? એના ઉપર લક્ષ કરીને રાગ કરે એ રાગને ભોગવે. આહાહા..! પ્રતિકૂળતામાં.. એ પ્રશ્ન કર્યો હતો. ધારણા બીજી થઈ ગઈ હતી એને. ખ્યાલ નથી. રાગ જ વેદાય છે. રાગ અને દ્વેષ બસ, એનું એને અનાદિથી વેદન છે. નથી એને વેદન શરીર, વાણી, પરનું, નથી એને વેદન આત્માનું. આહાહા..!

પાંચ-પચ્ચીસ લાખનું મકાન હોય મોટું હજીરા. એને આત્મા ભોગવી શકે? એ તો જડ છે, અજીવ છે. એમાં રહે છે એ પણ ક્યાં છે? એમાં ક્યાં રહ્યો છે? રહ્યો છે તો આત્મામાં

છે. મારું છે એવા રાગને ભોગવે. શાંતિભાઈ! આવી વાત છે. એમ શરીરમાં રોગ આવે, વીંછી કરડે, સર્પ કરડે તો એનો આત્માને અનુભવ નથી. એ તો જડ છે, પણ એ ઠીક નથી એવો જે દ્વેષ કરે એ દ્વેષને અનુભવે. આહાહા..! અનાદિ કાળથી એણે રાગ અને દ્વેષની ચીકાશ વેદી છે. ચીકાશ એટલે કે એને વીતરાગતાની ખબર નથી. આહાહા..!

મુમુક્ષુ :- જ્ઞાની શું કરે?

ઉત્તર :- જ્ઞાની આત્માને વીતરાગપણાને જાણે અને વેદે. રાગ આવે એને જાણે. આહાહા..! ઝીણી વાત, ભાઈ! અંતર મહાપ્રભુ ચૈતન્ય સૂક્ષ્મ છે. સૂક્ષ્મ જે વિકલ્પથી પણ પકડાય નહિ એવી ચીજ છે. આહાહા..! એને વર્તમાન પર્યાય ચાલતી, એને ભલે પર ઉપર લક્ષ હોય. ભાષા એમ છે એની જાતની પર્યાયને અંતરમાં વાળવી. આહાહા..! જે પર્યાય ચાલે છે એ તો પર ઉપર છે-રાગ ઉપર અને સંયોગ ઉપર. હવે એ પર્યાયને અંતરમાં વાળી નહિ શકાય. પણ ભાષા તો એમ જ કહેવાય કે જે પર્યાય પર તરફ વળી છે એને અંતરમાં એટલે પર્યાયની જાતને. એમ. એ પર્યાય ભલે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? એ પર્યાયની જાતની પર્યાયને અંતર વાળવાની છે. આહાહા..! આ તે કાંઈ વાત છે!

વર્તમાન જ્ઞાનની દશામાં એને ત્રિકાળી વસ્તુને જ્ઞેય બનાવવાની છે ત્યારે તેને સમ્યગ્દર્શન થાય. આહાહા..! આ તો થયું નથી અને વર્તમાનના રાગમાં એકલો રેલાઈ ગયો છે. આહાહા..! વિસ્તાર ત્યાં પામ્યો એમ કહે છે. આ રાગ કરું, શુભ કરું, દયા પાળું, વ્રત કરું, ભક્તિ કરું, પૂજા કરું, હિંસા ને જૂઠું ને ચોરી ને વિષય ને એવા રાગની ક્રિયાઓને કરે. આહાહા..! ઝીણી વાત બાપુ! સંસારથી મુક્ત થવાનો માર્ગ કોઈ ઝીણો છે. વીતરાગ પરમેશ્વર... અને એ જ એનો રોગ છે. 'આત્મભ્રાંતિ સમ રોગ નહિ'. આ શરીરના રોગ તો અનંત વાર આવ્યા અને ગયા, એની કોઈ વિશેષતા નથી. આહાહા..!

સાતમી નરકના નારકીને રોગની વાતું પૂછો તો ઓહોહો..! એ જન્મ્યો ત્યારથી સોળ રોગ એને. એ મહારોગ સોળ હોં! ક્ષય રોગ, તમારા કેન્સર. એ અત્યારે કેન્સર કહો, એના શરીર સડે કહો, એવા એવા શ્વાસનું દર્દ, તાવનું દર્દ ઉષ્ણ. ૧૧૦-૨૦-૨૦ ડિગ્રી તાવ. એ જન્મથી આવી પીડા એને. આહાહા..! એ રોગ આત્માને નુકસાન નથી કરતો, એ રોગ મને છે અને મને દુઃખ છે એવી માન્યતા એને નુકસાન કરે છે. અને એ રોગ અવસ્થામાં પણ ધર્મી સમકિત પામે છે. ઓહોહો..! સાતમી નરકમાં, ૨૫ ૨૫ નરકે, અપરીઠાણે નરકમાં. અરે! એનું અસ્તિત્વ તો સ્વીકારે કે આવી એક દશા છે મહાદુઃખની સાતમી નરકમાં. એવી દશામાં અપરીઠાણે નરકે દુઃખ. ૩૩ સાગરોપમ. પણ એ જીવ પણ... આહાહા..! એ રોગની હયાતી હો તો શરીરમાં છે, મારામાં નથી. રાગ થાય તો પણ એ વિભાવભાવ છે, એ

મારામાં નથી. આહાહા..! એટલે અજીવ અને આસ્રવ. એમ.

એ ચૈતન્ય ભગવાન આત્મા એવી વેદનાના કાળમાં પણ અંદર ઉતરે છે. આહાહા..! બહારના આવા સંયોગો, છતાં એ સંયોગની રુચિ, લક્ષ ને જ્ઞેય છોડી દઈને. આહાહા..! ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય એને એ જ્ઞેય બનાવે છે. આ તે કાંઈ વાત છે, બાપુ! આહાહા..! એ પરને જ્ઞેય બનાવીને જે જ્ઞાનમાં રોકાણો છે એ મિથ્યાત્વભાવ છે. એવા સંયોગમાં શું હશે બાપુ! આહાહા..! શૂળ આખા શરીરમાં શૂળ. શ્વાસ આમ કરતા શૂળ ઉઠે, એ નરકના શૂળ પાછા. અહીંના શૂળ હોય સાધારણ? આહાહા..! એ જ્ઞાન પરના જ્ઞેય ઉપર જે જુક્યું છે... આહાહા..! એ જ્ઞાનને અંતરમાં વાળ્યું. એવા દુઃખને રોગની સ્થિતિમાં ભાઈ! એ પ્રયત્ન અને પુરુષાર્થની ઉગ્રતા કેવી હશે! આહાહા..! સમજાણું કાંઈ? એટલે રોગરહિત થવું નથી એને. રોગ હો તો હો શરીરમાં. ભ્રાંતિના રોગરહિત એને તો થવું છે. એ રોગ મને છે અને મને દુઃખ કરે છે એવી જે ભ્રાંતિ. એ 'આત્મભ્રાંતિ સમ રોગ નહિ.' શ્રીમદ્ એમ કહે છે એ. એ ભ્રાંતિ છે એને. આહાહા..!

રાગનો રોગ છે, પુણ્યનો રોગ છે, પાપના ભાવનો રોગ છે, એ મારા છે એવી ભ્રાંતિ મોટો રોગ છે. 'આત્મભ્રાંતિ સમ રોગ નહિ, સદ્ગુરુ વૈદ સુજાણ.' જ્ઞાની સુજાણ પુરુષ એને આ બતાવે. એનો રોગ ન મટાડે, પણ એને આ બતાવે, બસ. હું દુઃખી છું, હું રોગી છું, છોડી દે એ દૃષ્ટિ. આહાહા..! હું સુખી છું, હું નિરોગી છું, હું આત્માની શાંતિથી ભરેલો (છું). અરે! એ વિશ્વાસ ક્યાંથી લાવે? એ વસ્તુ લક્ષમાં આવ્યા વિના એનો વિશ્વાસ ક્યાંથી આવે?

આવી બહિર્ વૃત્તિઓમાં, દુઃખના આવા સંગના પ્રસંગમાં અંતર વલણ કરવું એ શું હશે? બહારની સગવડતા, શરીરમાં નિરોગતા, પૈસા, આબરૂ, ધૂળ ને સરખી. હવે એમાં જો કે એમાંથી પાછું વાળવું એ તો ભારે વાત આકરી છે. એ પરમાં લક્ષ ગયું છે એ લક્ષને સ્વમાં વાળવું. એ તો એ બહારનો પ્રતિકૂળ સંયોગ કે અનુકૂળ એક જ જાતનું જ્ઞેય છે. એમ નહિ કે આ પ્રતિકૂળ સંયોગ વખતે સ્વને બનાવી ન શકે જ્ઞેય તરીકે અને અનુકૂળના સંયોગ વખતે સ્વને જ્ઞેય બનાવી શકે. એવું કાંઈ નથી. આહાહા..!

પશુ હોય. કોઈ ભુંડ હોય ભુંડ. લોઢાના સરીયા બાંધી પગમાં અને અગ્નિની ભઠ્ઠીમાં નાખે જીવતું. આહાહા..! એવા સંયોગમાં પણ ફેરવી શકે છે દૃષ્ટિ. એમ કહેવું છે, ભાઈ! ઓલા તો નરકની વાત કરી, આ તો સાધારણ છે. આહાહા..! કોઈ જીવે પૂર્વે સાંભળેલું હોય અને ભૂલી ગયો અને પછી આમાં જ્યાં શેકાય છે જ્યાં... આહાહા..! પોતાની ચીજને એ વખતે બનાવે છે જ્ઞેય. આ જ્ઞેય ભૂલી જાય છે. માટે સંયોગો એને રોકે છે કે અનુકૂળ

સંયોગો એને સહાય થાય છે, એવું કાંઈ છે નહિ.

શું કરીએ? રોટલા મળતા નથી. આ મોંઘવારી. પાણી હવે તો ક્યાંક મળતા નથી એવું કહે છે. કોક કહેતું હતું કાલે. માઈલ માઈલ છેટે પાણીનું બેડું ભરવા જાય. એવું ક્યાંક આવ્યું હશે. આત્મારામ કે કોક કહેતું હતું. પાણી ખુટ્યું હોય તો બેડું ભરીને બિચારા સાધારણ માણસ .. એક માઈલ છેટે પાણી ભરવા જાય અને માઈલ છેટેથી આવે. આ જુઓને. રાજકોટમાં પણ કાંઈક પાણી ઓછું થયું છે એમ કહે છે. નહિ? ઓછું થયું છે. આહાહા..!

મુમુક્ષુ :- નહેરુ...

ઉત્તર :- નહેરુ પાણીમાંથી કાઢે. આહાહા..! એવું છે. ઈ એવા સંયોગો હોય એની સાથે શું સંબંધ છે? ... આથી તો અનંતગુણા પ્રતિકૂળ સંયોગ નરકમાં છે. આહાહા..! એને શું કરવું છે? કહે છે કે અંતર્મુખ દૃષ્ટિ કરી નથી અને બાહ્ય લિંગ ધારણ કર્યા અને અનુકૂળ સંયોગોમાં સલવાઈ ગયો અને પ્રતિકૂળ સંયોગમાં દબાઈ ગયો. આહાહા..!

અહીં એ કહ્યું. સાધુ નામ ધરાવે, નગ્નપણું, ક્ષુલ્લકપણું, શ્રાવક નામ ધરાવે, પણ સમ્યગ્દર્શન-અંતર્મુખની દૃષ્ટિ તો પ્રગટી નથી. એને સમ્યક્ કોને કહેવું એની ખબર નથી. એ તો આ દેવ-ગુરુ-શાસ્ત્રને માનો એ સમકિત, નવ તત્ત્વને માનો ભેદવાળા એ સમકિત. બિલકુલ જૂઠી વાત છે. આહાહા..! ભગવાન આત્મા, નવ તત્ત્વમાં અનાદિ-અનંત સળંગ રહેલું જ્ઞાનતત્ત્વ. '**भूदत्थो**' ભાઈ આવ્યુંને, તેરમી ગાથા. '**भूदत्थो**' અર્થ આ છે મૂળ. ભૂતાર્થ બધામાં સળંગ રહેલો ભગવાન. આહાહા..! પુણ્ય, પાપ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ બધી પર્યાયમાં સળંગ રહેલો, એકરૂપ રહેલો એવા ભગવાન ઉપર નજર કરતાં જે પ્રયત્ન જાગે, એમાં સમ્યગ્દર્શન થાય, એણે આત્માને સેવ્યો કહેવાય. આહાહા..! એ વિના એકલા ભગવાનની સેવા કરીને મરી જાય ચોવીસ કલાક. ભગવાન... ભગવાન... ભગવાન... ભગવાન... ભગવાન... ભગવાન... ચોવીસ કલાક તો નવરો ક્યાંથી થાય? પણ કોઈ એવોય થાય લ્યોને. ભગવાનની સામે બેસીને મૂર્તિ સામે બરાબર (ભગવાન ભગવાન કરે). એ તો રાગ છે. ઘણાય મરી જાય છેને. એક શ્રાવક મરી ગયો. આ સણોસરાનો નહિ? સણોસરાનો શ્રાવક હતોને? નામ ભૂલી ગયો. ઉમરાળામાં દુકાન હતી. અહીંનો પ્રેમ હતો, આવતો બિચારો દેરાવાસી. એ ઋષભદેવ ભગવાનની બેઠો માળા ગણતો હતો ત્યાં દેહ છૂટી ગયો. અહીં... નામ ભૂલી ગયા. ઉમરાળામાં દુકાન હતી. પહોળું શરીર હતું જાડું. ... સણોસરાથી આવતો હતો. બિચારા બહારની પ્રવૃત્તિમાં (ગૂંચાઈ ગયા). આ તત્ત્વ શું છે એની કાંઈ ખબર ન મળે.

આ તો ભગવાનની ભક્તિ કરશું, કાંઈક વ્રતાદિ, તપાદિ કરશું તો કલ્યાણ થાશે આમ માનનારા. ધૂળેય નથી. તારા વ્રત ને તપ કરીને મરી ગયો અનંત વાર, એ તો રાગની ક્રિયા.

અંતર્મુખનો સ્વભાવ શું છે? આહાહા..! એ તો બહિર્મુખની ક્રિયાઓ છે બધી. આહાહા..! અંતર ચૈતન્યસ્વભાવ એના શ્રદ્ધા, જ્ઞાન થયા નથી, એને ધાર્યા નથી અને એકલા દ્રવ્યલિંગમાં પછી બીજી ચિંતામાં ઉતરી જશે કહે છે. આહાહા..!

**'પહિલે ભાવ શુદ્ધ કરકે લિંગ ધારણ કરના યુક્ત હૈ.'** લ્યો! આવા બાહ્ય લિંગની મુદત-હદ શું? અંતરના સ્વભાવની દૃષ્ટિ થયા વિના, ભગવાનને ભાળ્યા વિના. આહાહા..! વજુભાઈ! આવી વાત છે. એ ચૈતન્યસ્વભાવી ભગવાન આત્મા એ ભગવાન હોં. ઓલા ભગવાનને તો બહુ જોયા. તીર્થંકરના સમવસરણમાં બિરાજમાન અનંત વાર ભગવાનના દર્શન કર્યા અને આરતી ઉતારી ત્યાં ભગવાનની આમ સાક્ષાત્ તીર્થંકરની. કલ્પવૃક્ષના ફૂલ, હીરાના થાળ, મણિરત્નના દીવા. જય નારાયણ, જય પ્રભુ. એ શુભરાગ છે. એ ધર્મ નથી. બાપુ! એને ખબર નથી. એ તો બહિર્બુદ્ધિની વૃત્તિઓ કે વિકલ્પો છે. આહાહા..! અંતર્મુખ ભગવાન આત્મા એની તો દૃષ્ટિ કરી નથી, સેવા કરી નથી, ધાર્યા નથી અને આવા લિંગમાં રોકાઈ ગયો, એ પછી બીજે ઉતરી જશે. આહાહા..! કાં તો બધાનું ભલું કરી દઉં, હું આ કરી દઉં, ઢીંકણું કરી દઉં, બધાની સેવા કરું, બધાને જીવમંડળી દયાની મંડળી બનાવું, એમાં હું ધ્યાન રાખીશ બધું. એ બધા ઉતરી ગયા રાગમાં. ડાહ્યાભાઈ!

મુમુક્ષુ :- આમ જ ચાલ્યું છે.

ઉત્તર :- આમ જ ચાલ્યું છે. ભાઈ! બાપુ! તારો નાથ આત્મા મોટો અંદર છે એને તેં દૃષ્ટિમાં ધાર્યો નહિ, દૃષ્ટિમાં લીધો નહિ, દૃષ્ટિએ એની સેવા કરી નહિ અને આ બહાર લિંગમાં શું તને લાભ છે? બાપુ! એમ કહે છે. આહાહા..!

**'ભાવ શુદ્ધિ કે બિના ગૃહસ્થપદ છોડે તો યહ પ્રવૃત્તિ હોતી હૈ :-'** લ્યો! જોયું! એવી પ્રવૃત્તિ થશે પછી. ૯મી ગાથા.

**जो जोडेदि विवाहं किसिकम्मवणिज्जजीवघादं च।**
**वच्चदि णरयं पाओ करमाणो लिंगिरूवेण।।९।।**

આહાહા..! **'અર્થ :- જો ગૃહસ્થોં કે પરસ્પર વિવાહ જોડતા હૈ,...'** પછી તો કો'ક સારો ગૃહસ્થનો દીકરો કે દીકરી (હોય તો), આ છોકરો સારો છે હોં! કરવા જેવું છે. એમ કરીને વળગાડે. ત્યાં જાય. અરે! પણ આ તારા કામ? લ્યો! જુઓને, એક હમણાં માણસ આવ્યો હતો ગરીબ. છોડી હશે જુવાન. નહિ કોઈ લેતું હોય. મારી પાસે આવ્યો. ફોટો બતાવ્યો મને. મહારાજ! કો'ક બતાવજો, ફલાણાને કહેજો. આ શું કહો છો? કોની પાસે કહો છો? અત્યારે તો ભૂલી જાય બિચારા. આ દુકાન નહિ બાપુ! આ દુકાન નહિ. ફોટો બતાવ્યો હોં છોડીનો. આમ પૈસા સાધન નહિ, સાધન નહિ હોય ગરીબ માણસ. કાંઈક

બહારથી મને બતાવો છોકરો. આ કન્યા માટે ફલાણાને કહેજો સહેજ. મેં એની પાસે માગણી કરી છે, પણ એ ના પાડે છે. કહો, ઠીક! અરે..! ભગવાન! બાપુ! અહીં તો, કીધું, આત્માની વાત છે, ભાઈ! આહાહા..!

અહીં એ કહે છે, '**વિવાહ જોડતા હૈ,...**' બીજાને કહે, ઓલાની કન્યા સારી છે હોં, તમારે લેવા જેવી છે. એમ કહીને બતાવે. આ તે કર્તવ્ય તારા? પણ અંતરના રસમાં છે નહિ ત્યારે કરવું શું હવે એને? બહારના વૃત્તિઓમાં ઉતરી ગયો પછી આ જાતનો. આહાહા..! આ મારો શ્રાવક છે અને આ મારી શ્રાવિકા છે. જે અમને માનનારા હોય એમાં ને એમાં પરણે, જો લગન કરે તો ઠીક કહેવાય. લ્યો! આવી વાતું! આહાહા..! પણ અંતર દૃષ્ટિની ખબર ન મળે, પછી ક્યાંક ઉતરે તો ખરોને? ક્યાંક રસ તો આવે ને એને. '**વિવાહ જોડતા હૈ, સંબંધ કરાતા હૈ, કૃષિકાર્ય-ખેત બાહના કિસાન કા કાર્ય,...**' લ્યો ઠીક. આ જમીન આટલી લેવા જેવી છે, અહીં બહુ સારી છે. ત્યાં ફલાણું છે ઢીંકણું. જુઓને આ પણ કરેને સાધુ શ્વેતાંબર તો ઘણું કરે. ઓહોહો..! બધી જમીન લેવરાવે ને દેરાસર કરાવે. આહાહા..! જમીનમાં કેટલા પાપ લાગે! એ સાધુનું કામ છે? ગૃહસ્થો કરે એ જુદી વાત છે. આ સાધુ પડે. કરો ખરડા. તમારા બીજા નંબરના પૈસા ઘણા છે તમારી પાસે, એવું સાંભળ્યું છે. ભરો આમાં, બે લાખ ભરો, પાંચ લાખ ભરો. શું કરે પણ? તત્ત્વની વાતની તો ખબર ન મળે, પછી બહારમાં રસ એનો છૂટે નહિ. આહાહા..! મુનિમાર્ગ તો અંતર સ્વરૂપના સાધનને માટે છે. અંતર સાધન એ સાધન છે. આહાહા..! આ મંદિર બનાવવા અને આ કરવા એ કાંઈ સાધન નથી સ્વરૂપનું. આહાહા..! એ તો શુભરાગ હોય ત્યારે લક્ષ ત્યાં જાય એટલું. ધર્મીને પણ શુભરાગ આવે ત્યારે લક્ષ જાય, પણ છે એ શુભરાગ બંધનું કારણ. આહાહા..! આકરી વાતું બહુ, વજુભાઈ!

મુમુક્ષુ :- ... થઈ હોય એટલે ...

ઉત્તર :- ... સાચી વાત છે. એ તો તમે ઓલા ૧૧ હજાર ભાઈએ આપ્યાને. મને કાંઈ ખબર નહિ પણ મગજમાં આવ્યું કે આ રૂપિયા ૧૧ હજાર આપ્યા ચંદુભાઈએ. દીકરો-દીકરી નહિ હોય. ભાઈ! ત્યાં ભાઈને પૂછ્યું તો કહે, કાંઈ નથી. આ તો મગજમાં ઉઠ્યું. કીધું ૧૧ હજાર રૂપિયા આ હમણાં આપ્યાને તમારા વઢવાણ. દીકરો-દીકરી નથી. એ મગજમાં અમથું આવ્યું હોં અમથું. આપણને ખબર નહિ. પણ કીધું, આ ૧૧ હજારની રકમ એક સાથે (આપે છે), દીકરો-દીકરી નહિ હોય. વજુભાઈને કાલે પૂછ્યું હતું. ત્યારે કહે હા. ઘણાં પ્રકારો જગતના એવા પ્રકાર છે. આહાહા..!

અહીંયા તો લાખ મંદિરો કરે, લાખ પ્રતિમાઓ સ્થપાવે, એ ક્રિયા પરની તો કરી શકતો

નથી આત્મા, પણ એ વખતનો એનો ભાવ હોય તો એ શુભરાગ એ પુણ્ય છે, બંધનું કારણ છે, ધર્મ નહિ. આ કહે બહિર્વૃત્તિ છે એ તો. અને અંતર દૃષ્ટિ અને અંતર માર્ગ સિવાય આત્માનું કલ્યાણ છે જ નહિ કોઈ રીતે. આહાહા..! ભીખાભાઈ! અંતર સ્વભાવ ચૈતન્યમૂર્તિ ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ બિરાજે છે એમાં ઉતરી દર્શનથી, જ્ઞાનથી અને ચારિત્રથી અંદર ઉતરે જ કલ્યાણ છે. જ્ઞાનમાર્ગ રહી ગયો દૂર. આહાહા..! બહાર ધમાલ. મોટા મંદિરો બનાવવા, વરઘોડા કાઢવા, હાથીઓ ૨૫-૫૦ સાથે. આ જયપુરમાં ગયા હતાને. ૨૧ હાથી સાથે અને ૪૦ હજાર માણસ સાથે રથમાં. બાપુ! એ તો બહારની વાત છે બધી. એ કાંઈ અમે કરાવી નથી. બહારનું છે, ભાઈ! ૨૧ હાથી હોં! વરઘોડામાં. અને માણસ-માણસ ચાલીને. દિગંબર સાધુ પણ જોવા નીકળ્યા હતા કે આ છે શું આ? કોઈના કર્યા થાય નહિ, બાપુ! એ તો પરની ક્રિયા છે, ભાઈ! એ આત્માની કરેલી થાતી નથી. આત્મામાં ભાવ હોય શુભ તો એ પુણ્યબંધનું કારણ છે. આહાહા..!

મુમુક્ષુ :- પ્રભાવના થાય.

ઉત્તર :- એ પ્રભાવના અહીં થાય કે બહાર થાતી હશે? એય..! એ થાય તો એના ભાવે થયું, એમાં આને શું છે? આહાહા..! ઝીણી વાત બાપુ! સ્વતંત્ર સત્‌નો માર્ગ વીતરાગનો કોઈ જાત બીજી છે એની. આહાહા..! એને તો આત્માને વરઘોડે ચડાવવાનો છે. આહાહા..!

શ્રદ્ધા, જ્ઞાન અને રમણતામાં આત્માને જોડી દે. લ્યો ઓલી બીજી ગાથા આવી. '**जीवो चरित्तदंसणणाणठिदो तं हि ससमयं जाण।**' ભગવાન આત્માને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે નિર્વિકલ્પ વીતરાગ પર્યાય એમાં જોડી દે. એનો રથ હાંક. આહાહા..! ઓલામાં એમ આવ્યું, જગન્નાથનો રથ છે આ. એવું આવ્યું હતું. આપણે આવ્યું હતું આ. કીધું, જગન્નાથનો રથ ન્યાં હશે કે અહીં? આ બહારથી ભગવાનનો રથ ... આ ૨૫૦૦મું વર્ષ છેને. એમ કે રથ કાઢવો અને ગામોગામ શું કહેવાય એ? ધર્મચક્ર. હો, શુભભાવ હોય એનો. અને એવું થવું હોય તો થાય, પણ એથી એણે કલ્યાણ કરી નાખ્યું (એમ નથી). લાખ ધર્મચક્ર ચલાવે અને અબજો રૂપિયા ખર્ચે માટે ત્યાં ધર્મ થયો એ વાતમાં એકેય ગંધ વીતરાગમાર્ગમાં નથી. અજ્ઞાનીઓએ મનાવ્યું છે એ અજ્ઞાનીના ઘરની વાત છે. આહાહા..! સમજાણું કાંઈ? નવા માણસને તો એવું લાગે કે આ શું છે પણ? બધું ઉથાપી નાખે. ભગવાન! ભાઈ! તને ખબર નથી બાપુ! અંતર વસ્તુ વીતરાગમૂર્તિ પડી છે, ભાઈ! આહાહા..! અંતર્મુખના આશ્રયે ધર્મ થાય. બહારને આશ્રયે પુણ્ય અને પાપ થાય, એ સિવાય બીજી, ત્રીજી ચીજ છે નહિ. આહાહા..!

કહે છે, '**કૃષિકાર્ય-ખેતી બાહના કિસાન કા કાર્ય, વાણિજ્ય વ્યાપાર અર્થાત્**

**વૈશ્ય કા કાર્ય...**' કરે. રૂપિયા મૂકાવે ક્યાંક. ભેગા થાયને રૂપિયા કાંઈક કે ફલાણા નામના, ઢીંકણા નામના. આ પુસ્તક પધરાવવાના આટલા દ્યો, ફલાણું આટલા દ્યો. એ ભેગા કરીને કો'ક પાસે મૂકાવે. હોળી એની છે તારી. આહાહા..! અંતર્મુખ સ્વભાવને તો આદર્યો નહિ તેં, પછી આવામાં રસ પડીને ત્યાં રોકાઈ ગયો. વાણીજ્ય વેપાર કરે, એ પૈસાના નામે વેપાર-વ્યાજ ઉપજાવે. બે-પાંચ લાખ ભેગા થયા હોય તો વ્યાજ ઊપજાવે. આહાહા..!

એક તો ક્ષુલ્લક એનું નામું લખતો. પછી મારી પાસે પૂછવા આવ્યો અંદર. બહારમાં જરી ટીકા થવા લાગી. પૂછ્યું, મહારાજ! ઉદય તો ઘણા પ્રકારના હોયને. કેવળીને પણ ઉદય ઘણા પ્રકારનો. કીધું, શું કહો છો તમે આ? મારા ઉપર એને પ્રેમ. પણ ક્ષુલ્લક હતો. એ આ બચાવ માટે મને પૂછવા આવ્યો અંદર. કારણ કે એ ચોપડામાં નામા લખે. પૈસા-બૈસા હોયને ક્યાંક. એના સંસ્થાના ઉપરી હતા. ક્ષુલ્લક-ક્ષુલ્લક. લંગોટીને આ.. મેં કીધું, શું કહો છો આ તમે? ક્ષુલ્લકને આવો વિકલ્પ ઉદય હોય એવું અહીં કહેવા માગે છે? કીધું. ઓલી ચિઠ્ઠીમાં આવે છેને. પરમાર્થ વચનિકામાં. કેવળીનો ઉદય સરખો ન હોય. આવે છેને. એ બચાવ કરીને. અરે..! બાપુ! એવો ઉદય ન હોય. ક્ષુલ્લક જેને પાંચમા ગુણસ્થાનની દશા પ્રગટે એને એક લંગોટી. એ તો વનવાસમાં સાધુ, દિગંબર સંત હોય એની પાસે રહે. એને આવી ઉપાધિ ન હોય. એને આવો ઉદય કરીને તમે એમ કે પાંચમા ગુણસ્થાનમાં ક્ષુલ્લકને પણ આવો ઉદય હોય અને ક્ષુલ્લક રહે. રહેવા દ્યો બાપુ! ના, પછી તો માનતો હતો, ચોમાસું રહ્યો. બાપુ! અહીં માર્ગ એવો નથી. આહાહા..!

વેપાર કરે. '**જીવઘાત અર્થાત્ વૈદ્યકર્મ કે લિયે...**' લ્યો! વૈદું બતાવે. જુઓ, આ દવા કરો તમને આમ થાશે. આ દવા... એ સાધુનું કામ છે? એ દવાઓ બતાવે, ભસ્મ બતાવે. મોતીની ભસ્મ કરજો, તમને આ રોગ મટશે. આ તારા કામ છે? આહાહા..! લોઢાની ભસ્મ વાપરજો, ફલાણું કરજો. '**જીવઘાત કરના અથવા ધીવરાદિ કે કાર્યોં કો કરતા હૈ,...**' એ વળી કો'ક આવતો વળી. '**ઈસ કાર્યોં કો કરતા હૈ,...**' આહાહા..! '**વહ લિંગરૂપ ધારણ કરકે ઐસે પાપકાર્ય કરતા હુઆ પાપી નરક કો પ્રાપ્ત હોતા હૈ.**' અહીં તો '**पाओ करमाणो लिंगिरूवेण वच्चदि णरयं**' કુંદકુંદાચાર્ય આહાહા..! વીતરાગી મુનિ વસ્તુના સ્વરૂપનું વર્ણન કરે છે. કોઈ પ્રત્યે દ્વેષ એમ નથી.

ભાઈ! તને આત્માનો આનંદ તો ન આવ્યો, સમકિત તો ન થયું તને. અને સમકિત થયું હોય તો આત્માનો આનંદ આવે અને આત્માનો આનંદ આવે તો બીજા બધામાં રસ છૂટી જાય. એ તને ન થયું અને બહારનો રસ તને ન છૂટ્યો. આહાહા..! બહારના રસમાં ગળા સૂધી ગૂંચી જાય પછી ક્યાંક. મરતા મરતા સુધી એટલા બધા કામ હોય, ક્યાંય પહોંચી

વળે નહિ પછી. કલ્પનાની જાળ લંબાયા જ કરે. આહાહા..! **'લિંગરૂપ ધારણ કરકે ઐસે પાપકાર્ય કરતા હુઆ પાપી નરક કો પ્રાપ્ત હોતા હૈ.'**

**'ભાવાર્થ :- ગૃહસ્થપદ છોડકર શુભભાવ બિના લિંગી હુઆ થા,...'** ગૃહસ્થપદ છોડ્યું પણ શુભ એટલે આત્માનો સ્વભાવ હોં મૂળ તો. **'ઈસકે ભાવ કી વાસના મિટી નહીં...'** લ્યો! પરભાવની વાસના મીઠાશ તો ગઈ નહિ અંદરથી. આહાહા..! કષાયભાવ, વિષયવાસનાના ભાવની મીઠાશ ન ગઈ, ભલે વિષય છોડ્યો બહારથી સ્ત્રી આદિ. આહાહા..! પણ રાગની મીઠાશ ન ગઈ અંદરથી. કેમકે આત્માના અંદરની મીઠાશ સમ્યગ્દર્શનની આવ્યા વિના... આત્માની મીઠાશ સમ્યગ્દર્શનમાં આવે છે. આહાહા..! એ વિના બહારની મીઠાશ ટળે નહિ. તો આને તો કહે છે કે બહારનું લિંગ ધારણ કરી અંદરની મીઠાશ ગઈ નહિ. આહાહા..!

**'ગૃહસ્થી કે કાર્ય કરને લગા, આપ વિવાહ નહીં કરતા હૈ તો ભી ગૃહસ્થોં કે સંબંધ કરાકર વિવાહ કરાતા હૈ...'** આહાહા..! **'તથા ખેતી વ્યાપાર જીવહિંસા કરતા હૈ...'** એ પોતે કરાવે. ખેતી કરો, આવું કરો, આટલું લ્યો, આટલી જમીન અહીં લ્યો. આહાહા..! **'તબ પાપી હોકર નરક જાતા હૈ.'** આહાહા..! **'ઐસે ભેષ ધરને સે તો ગૃહસ્થ હી ભલા થા,...'** આ કરતા તો સમ્યગ્દર્શન સહિત ગૃહસ્થપણું હોય તોપણ એ ધર્મી છે. .. ગૃહસ્થાશ્રમમાં હોય પણ જો સમકિતી આત્માની દૃષ્ટિ અને રસ આવ્યો હોય તો એ ગૃહસ્થી ભલે હો સંસારમાં, તો એ ભલો છે. અને આ ગૃહસ્થનો ત્યાગ કરીને પણ આવા પાપના રસમાં પડ્યો. આહાહા..! **'તબ પાપી હોકર નરક જાતા હૈ. ઐસે ભેષ ધરને સે તો ગૃહસ્થ હી ભલા થા, પદ કા પાપ તો નહીં લગતા,...'** એ પદને ન શોભે એવા કર્તવ્ય કરવા. આહાહા..! કુંદકુંદાચાર્યના વખતમાં પણ જરી આવી (પ્રવૃત્તિ થઈ) હશે કાંઈક. આહાહા..! અનાદિનું બધે..

**'ઐસે ભેષ ધરને સે તો ગૃહસ્થ હી ભલા થા, પદ કા પાપ તો નહીં લગતા,...'** આ તો મોટા પદના નામ ધરાવે. આચાર્ય, ઉપાધ્યાય, સાધુ અને પાપ આવા બધા કરે. આહાહા..! અપવાસ કરીને એક ચોખાનો કણ ખાય તોપણ પાપી છે. એમ મોટી આવી પ્રતિજ્ઞાઓ લઈને આવા કામ કરવા એ મોટું પાપ છે. આહાહા..! મોક્ષમાર્ગપ્રકાશકમાં ઘણું આવ્યું છે. અરેરે..! આવા ઘણા પાપોને કરે અને ગૃહસ્થો સાધુ માને, કોઈ પૂછે છે? આ તે રાગ નથી, કોઈ નીતિ નથી, શું થયું આ? એક આજ્ઞા તોડે તોપણ પાપી, આ તો કેટલી આજ્ઞાઓ તોડી? એની તો ખબરું નથી.

**'ઈસલિયે ઐસે ભેષ ધારણ કરના ઉચિત નહીં હૈ-'** લ્યો! એવા લિંગ ધારણ કરવા

સમ્યગ્દર્શન વિના, આત્માના આનંદના રસ આવ્યા વિના, બહારના રસની ક્રિયાઓ આવી ધારણ કરવી ઠીક નથી.

'આગે ફિર કહતે હૈં :-'

**चोराण लाउराण य जुद्ध विवादं च तिव्वकम्मेहिं।**
**जंतेण दिव्वमाणो गच्छदि लिंगी णरयवासं।।१०।।**

**'અર્થ :- જો લિંગી ઐસે પ્રવર્તતા હૈ વહ નરકવાસ કો પ્રાપ્ત હોતા હૈ જો ચોરોં કે ઔર લાપર અર્થાત્ જૂઠ બોલનેવાલોં કે યુદ્ધ...'** લડાઈ કરાવે, વિવાદ કરાવે એકબીજાને. **'ઔર તીવ્રકર્મ જિનમેં બહુત પાપ ઉત્પન્ન હો ઐસે તીવ્ર કષાયોં કે કાર્યોં સે તથા યંત્ર અર્થાત્ ચૌપડ, શતરંજ, પાસા, હિંદોલા...'** લ્યો! શતરંજ રમે. રમે છેને કેટલાક? ખાનગી રમે સાધુ. આહાહા..! પાસા, આ પાસા નાખે. હિંડોળા **'ક્રિડા કરતા રહતા હૈ, વહ નરક જાતા હૈ. યહાં...'** 'लाउराण' **'કા પાઠાંતર ઐસા ભી હૈ...'** 'राउलाणं' **'ઈસકા અર્થ—રાવલ અર્થાત્ રાજકાર્ય કરનેવાલોં કે...'** રાજના કાર્યમાં પડે. સાધુ થઈને રાજના કાર્યમાં પડે. તારા કામ છે આ? સાધુને તો રાજાનો સંગ ન કરવો એવો શાસ્ત્રમાં પાઠ છે. મોટામાં દબાઈ જઈશ અને તારા પરિણામ બગડી જશે પછી. આ તો વીતરાગમાર્ગ વીતરાગપણું સાધવું છે. આહાહા..! **'નરક જાતા હૈ.'** લ્યો! **'રાવલ અર્થાત્ રાજકાર્ય કરનેવાલોં કે યુદ્ધ વિવાદ કરાતા હૈ, ઐસે જાનના.'** રાજમાં બતાવે કે આનું આમ કરવું, આનું આમ કરવું. યુદ્ધ આદિ ... શું કહેવાય યંત્ર? બતાવે આ યુદ્ધનું. આ મુહૂર્ત-મુહૂર્ત. આ મુહૂર્ત સારું છે યુદ્ધ કરવા જાશો તો. બધું ચાલે છે. આહાહા..!

**'ભાવાર્થ :- લિંગ ધારણ કરકે ઐસે કાર્ય કરે વહ તો નરક હી પાતા હૈ,...'** માટે આત્માનું સમ્યગ્દર્શન શું ચીજ છે એને પહેલી પ્રગટ કરવી અને આત્માની સેવાથી એ પ્રગટ થાય તો આત્મા શું ચીજ છે એને ઓળખીને સમ્યગ્દર્શન પહેલું કરવું એ જીવનું ધર્મ કર્તવ્ય છે. આહાહા..!

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ સુદ ૧૪, બુધવાર તા. ૦૩-૦૭-૧૯૭૪**
**ગાથા - ૧૧ થી ૧૩, પ્રવચન - ૧૯૦**

અષ્ટપાહુડમાં લિંગપાહુડ. ૧૧મી ગાથા. 'આગે કહતે હૈં કિ જો લિંગ ધારણ કરકે...' આ લિંગપાહુડ છેને, એટલે નગ્નપણું ધારણ કરીને **'લિંગયોગ્ય કાર્ય કરતા હુઆ દુઃખી રહતા હૈ, ઉન કાર્યોં કા આદર નહીં કરતા હૈ, વહ ભી નરક મેં જાતા હૈ-'**

दंसणणाणचरित्ते तवसंजमणियमणिच्चकम्मम्मि।
पीडयदि वट्टमाणो पावदि लिंगी णरयवासं।।११।।

**'અર્થ :- જો લિંગ ધારણ કરકે ઈન ક્રિયાઓં કો કરતા હુઆ બાધ્યમાન હોકર પીડા પાતા હૈ,...'** એમ લીધું છે જુઓ! એવી ક્રિયા કરતા (પોતે) દુઃખી-દુઃખી થાય છે. કેમકે આત્મરસ તો આવ્યો નથી અને આ ક્રિયા કરવામાં અંદર એને ક્લેશ લાગે છે, દુઃખ લાગે છે દુઃખ ભાર, બોજો લાગે. આવે છેને ક્લેશનો ભાર, નિર્જરામાં. આત્માના અંતર રસની ચીજ દૃષ્ટિ વિના, સમ્યગ્દર્શન વિના એટલે આત્મા આનંદસ્વરૂપ છે એનો જેને રસ રુચિમાં, દૃષ્ટિમાં આવ્યો નથી અને નગ્નપણું ધારણ કરે તો એની ક્રિયા કરવામાં એને કષ્ટ લાગે, બોજો લાગે અથવા એ ક્રિયાઓ કરતા પરને પીડા ઉપજાવે. વધારે અર્થ તો અહીં બેસતો લાગે છે. નરકમાં જાય છે... એ ક્રિયાઓ કરતા બીજા જીવને દુઃખ આપે.

**'લિંગ ધારણ કરકે ઈન ક્રિયાઓં કો કરતા હુઆ બાધ્યમાન હોકર પીડા પાતા હૈ, દુઃખી હોતા હૈ વહ લિંગી નરકવાસ કો પાતા હૈ.'** આહાહા..! બીજા જીવોને દુઃખ આપે ઘણું અને પોતે ક્રિયામાં, વાસ્તવિક છે એ ક્રિયાની તો એને ખબર ન હોય. સ્વભાવ ચૈતન્યમૂર્તિ... મુનિનું તો કર્તવ્ય એ છે કે આત્માના આનંદનું વેદન કરવું, શુદ્ધ ઉપયોગમાં રમવું એ એનું કર્તવ્ય છે. ઝીણી વાત. એવો શુદ્ધ ઉપયોગ અને આત્માના આનંદનો રસ તો આવ્યો નથી અને લિંગ ધારણ કરી લીધું નગ્નપણું. વસ્ત્ર સહિતના લિંગની તો અહીં વાત કરી નથી. કેમકે જે વસ્ત્ર સહિત લિંગ છે એ તો કુલિંગ છે. એ તો જૈનદર્શનનું વ્યવહાર લિંગ પણ નથી. આહાહા..! પણ જે નગ્નપણું એ જૈનદર્શનનું બાહ્ય લિંગ છે એવું લિંગ ધારણ કરીને પણ અંતરમાં જેને આનંદસ્વરૂપ પ્રભુ એનો જેને પ્રેમ આવ્યો નથી, રસ નથી આવ્યો, રુચિ નથી થઈ. આહાહા..! એને આવી ક્રિયાકાંડમાં દુઃખ થાય છે અને એ ક્રિયાકાંડમાં બીજાઓને દુઃખી કરે છે. તો એનું ફળ તો નરક છે એમ કહે છે. બહાર અમને પરિગ્રહનું .. છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નરક એટલે જરી આ લેવું. પીડા ને દુઃખી કરે છે વધારે અર્થ, બે અર્થ ભર્યો છે ટીકામાં. '**कम्मम्मि पीडयदि**' એટલે પરને પીડે છે બહુ જીવ. પોતે ઠીક ન પડે એ તો છ ઢાળામાં આવ્યું એ. ... 'આત્મહિત' એ તો એને કહે છે કે ચારિત્રને દુઃખરૂપ માને છે. એમ.

મુમુક્ષુ :- પોતા પૂરતું.

ઉત્તર :- બસ એ પોતા પૂરતું. ચારિત્ર છે એ તો આત્માના આનંદસ્વરૂપ છે. એ ચારિત્ર કોઈ દેહની ક્રિયા ને વેશ ને પંચ મહાવ્રત એ કાંઈ ક્રિયા ચારિત્ર નથી. ચારિત્ર તો આત્માના આનંદની રમતું અંદર આનંદની લહેર છે, અતીન્દ્રિય આનંદનું ચરવું, અતીન્દ્રિય આનંદનું અનુભવવું, શુદ્ધ ઉપયોગમાં રમવું એનું નામ ચારિત્ર છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પીડા કરે જીવને, મારે, દુઃખ આપે. કરે નહિ. પીડા કરે એકેન્દ્રિય જીવ, બે ઇન્દ્રિય, પંચેન્દ્રિય એ જીવને દુઃખ આપે. કરે વળી જુદું, કરાવે જુદું. આ તો પોતે કરે, પીડા આપે. તો એ નરકમાં જશે એમ કહે છે અહીં તો આચાર્ય.

'**वे क्रियायें क्या है?**' એ જરી મૂળ પાઠમાં છેને. પાઠમાં છેને. '**પ્રથમ તો દર્શન જ્ઞાન ચારિત્ર में ઇનકા નિશ્ચય વ્યવહારરૂપ ધારણ કરના,...**' પહેલું તો નિશ્ચય સમ્યગ્દર્શન, સાચું સમ્યગ્દર્શન. જે આત્મા શુદ્ધ ચૈતન્યઘન પૂર્ણ આનંદ, જે આનંદના રસથી ભરેલો આત્મા એની અંતરમાં આનંદની રુચિ થઈને આનંદનું વેદન થાય, એની પ્રતીતિ થાય એનું નામ સમ્યગ્દર્શન છે. આહાહા..! એ કહેશે આગળ એને, તિર્યંચમાં લેશે એ. '**આત્મભાવના કે રસ કો તો પહચાના હી નહીં હૈ,...**' બારમી ગાથામાં લેશે ભાવાર્થમાં. મૂળ તો હેતુ આ છે. આહાહા..! સાધુપણાના લિંગ ધારણ કર્યા નગ્ન, પણ અંતરમાં આત્મરસ તો આવ્યો નથી. સમ્યગ્દર્શન નથી એટલે રસ (આવ્યો નથી). આ આત્મા આનંદસ્વરૂપ છે એનું વેદન તો આવ્યું નથી અને લિંગ ધારણ કર્યું એટલે પરમાં પછી રસ જાય. અને પરમાં રસ જતાં છ કાયને દુઃખ થાય એવી પણ ક્રિયાઓ કરે. એના ફળમાં પણ નરક જાય. પંચેન્દ્રિય આદિને દુઃખ થાય.

'**દર્શન જ્ઞાન ચારિત્ર में ઇનકા નિશ્ચય વ્યવહારરૂપ ધારણ કરના,...**' આત્મા શુદ્ધ ચૈતન્ય પૂર્ણ સ્વરૂપ એનું નિશ્ચય સમ્યગ્દર્શન, સ્વનું અવલંબન લઈને, સ્વનો આશ્રય લઈને જે પૂર્ણ નિર્વિકલ્પ વીતરાગસ્વરૂપ પ્રભુ છે આત્મા, એનો આશ્રય લઈને જે વીતરાગી પર્યાય પ્રગટ થાય એનું નામ સમ્યગ્દર્શન. આહાહા..! કેમકે પોતે વીતરાગસ્વરૂપ છે આત્મા. એમાંથી

પૂર્ણ વીતરાગતા પ્રગટ થાય એ ક્યાંથી થાય? એ આત્મામાંથી થાય. ત્યારે પ્રથમ પ્રતીતમાં એની વીતરાગતા આવે છે કે આ આત્મા વીતરાગસ્વરૂપ છે. એવી પ્રતીતિ આવતા વીતરાગી પર્યાયનો અંશ સમ્યગ્દર્શનમાં આવે છે, એ નિશ્ચય સમકિત છે. અને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, નવ તત્ત્વની ભેદવાળી શ્રદ્ધા એ વિકલ્પ રાગ છે, એ વ્યવહાર સમકિતનો આરોપ એને દેવાય છે. સમજાણું કાંઈ? મારગડા વીતરાગના બહુ જુદા છે, ભાઈ! આહાહા..! દુનિયા કાંઈનું કાંઈ માનીને બેઠા અને ધર્મ થાય એમ માનીને જિંદગી ગાળે છે. ધર્મ તો ધર્મી વસ્તુ એમાં જે એનો ધર્મ જે ત્રિકાળી અને ધર્મી પદાર્થ આત્મા એનો આનંદ જ્ઞાન આદિ ત્રિકાળી ધર્મ, એનું ભાન થઈને, પ્રતીત થઈને આત્મામાં આનંદના વેદનસહિત શ્રદ્ધા થાય તેને સમ્યગ્દર્શન કહે છે. આહાહા..! અને એ આત્મા વસ્તુ છે એના અનંત ધર્મો છે. એ ધર્મોનું જ્ઞાન થાય, ધર્મોનું કે ધર્મનો ધરનાર ધર્મીનું, એ વસ્તુનું જ્ઞાન થાય એને મોક્ષમાર્ગમાં જ્ઞાન કહેવામાં આવે છે. એ જેને પ્રગટ્યું હોય, એવી ક્રિયા જે કરતો હોય તો એને તો દુઃખ થાય નહિ, પણ આવી ક્રિયા નથી પ્રગટી અંદર અને એ રીતે કરવું તો પડે વ્યવહાર આદિ બધો, એનું દુઃખ લાગે છે. આહાહા..!

દર્શન, જ્ઞાનના વ્યવહાર ... શાસ્ત્રનું જ્ઞાન એ વ્યવહારજ્ઞાન છે. આત્માનું જ્ઞાન એ નિશ્ચય જ્ઞાન છે. એટલે એ સાચું જ્ઞાન છે, સત્યાર્થ છે, શાસ્ત્રજ્ઞાન આદિ તે વ્યવહાર છે. ચારિત્ર. આનંદસ્વરૂપ ભગવાન આત્મામાં રમવું, આનંદમાં આનંદની લહેર કરવી, મોજ ઉડાવવી આનંદની... આહાહા..! એનું નામ ચારિત્ર છે. એ સાચું ચારિત્ર એને કહે છે. અને એ ચારિત્રની ભૂમિકામાં પંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ એવા તેર પ્રકારનો વિકલ્પ ઉઠે છે એને વ્યવહારચારિત્ર કહે છે. ચારિત્ર નથી, પણ એને વ્યવહારથી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**નિશ્ચય વ્યવહારરૂપ ધારણ કરના,...**' એમાં એને દુઃખ લાગે છે એમ કહેવું છે. સરવાળો તો લેવો છેને. એમાં એ પીડાય છે અથવા એ ક્રિયા કરતાં જગતના છ કાય જીવને પીડે છે. આહાહા..! '**તપ-અનશનાદિક બારહ પ્રકાર, શક્તિ કે અનુસાર કરના,...**' અનશન, ઉણોદરી, વૃત્તિસંક્ષેપ વગેરે શક્તિના સામર્થ્યના પ્રમાણમાં એને ઈચ્છા તપ કરવો, નિરોધરૂપ. '**સંયમ-ઈન્દ્રિયોં કો ઔર મન કો વશમેં કરના...**' પાંચેય ઈન્દ્રિયોને વશ કરવી. અણીન્દ્રિય ભગવાન આત્મા એમાં રહેવું એ એનું આચરણ છે. પણ એ આચરણ તો પ્રગટ્યું નથી, કહે છે, અંદરથી. નિશ્ચય એને આકરું લાગે, એને દુઃખ લાગે. આ શું? '**जीवादीसद्दहणं सम्मत्तं**' કીધું હતુને ૧૫૫ ગાથા, નહિ? '**जीवादीसद्दहणं सम्मत्तं**' કીધું ભાઈ! '**जीवादीसद्दहणं सम्मत्तं**'નો અર્થ જ્ઞાનનું નિર્વિકલ્પપણે પરિણમન થવું એનું નામ

'**जीवादीसद्दहणं**' સમકિત છે. એકલા જીવાદિની શ્રદ્ધા સમકિત છે એમ નથી. અને જીવાદિમાં પણ ત્રિકાળી જ્ઞાયક ટકતું જે ત્રિકાળ સળંગ બધી પર્યાયોમાં રહેનારું એનું જે પરિણમન થવું એનું નામ સમકિત છે. આહાહા..! હવે એ વાતની તો ખબર પણ ન હોય અને અમે આ દેવ-ગુરુને માનીએ છીએ અને સમકિત છે. હવે વ્રત પાળો.

મુમુક્ષુ :- સમકિતી માનો.

ઉત્તર :- એ તો.. સમકિતી હોય એ બધાને સમકિતી માને, મિથ્યાદષ્ટિ હોય એ બધાને મિથ્યાદષ્ટિ માને. હવે આ તે કઈ વાત? કાલે આવ્યું હતું. સમ્યગ્દષ્ટિ, જેને મિથ્યા દષ્ટિ હોય એને મિથ્યાદષ્ટિ માને.

મુમુક્ષુ :- હોય એમ માનેને.

ઉત્તર :- હોય એમ માને કે ઊંધુ માને. જે હજી પુણ્યમાં ધર્મ માને, પાપના ભાવમાં રસ મીઠાશ પડે એવા જીવને સમકિતી માને? આહાહા..! જેને વિષયવાસના આદિ ભાવમાં મીઠાશ લાગે છે એ તો મિથ્યાત્વભાવ છે. કુતૂહલતા થાય કે આમાં હજી મજા લાગે છે વાસનામાં, એ બધો મિથ્યાત્વભાવ છે. હોંશ થાય, હરખ થાય એને તો મિથ્યા દષ્ટિ છે. સમ્યગ્દષ્ટિ એને મિથ્યાદષ્ટિ માને, જાણે બરાબર જાણે. દેવને દેવ જાણે, કુદેવને કુદેવ જાણે. સમભાવની વ્યાખ્યા કરી છે કે નહિ? ડાહ્યાભાઈ! સમભાવની વ્યાખ્યા. ક્યાં? શ્રીમદ્માં. આત્મજ્ઞાન ... ત્યાં છેને. સમભાવ. સમદર્શિતા. 'આત્મજ્ઞાન સમદર્શિતા.' સમદર્શીની વ્યાખ્યા કરી છે શ્રીમદ્દે કે કુદેવ, કુગુરુને... સુદેવને કુદેવ કરીને માને, સુદેવ, સુગુરુ, સુશાસ્ત્રને એમ કહે કે આ સાચા છે, આ ખોટા છે. આહાહા..! એનું નામ સમભાવ છે. બેય સરખા છે એમ માને તો મૂર્ખાઈ-અજ્ઞાન છે. એને મિથ્યાત્વ છે. માને, જાણે એમાં શું છે? આહાહા..!

'**ઈન્દ્રિયોં કો ઔર મન કો વશ મેં કરના...**' ક્રિયા હોય એને. '**જીવોં કી રક્ષા કરના,...**' એવી ક્રિયા હોય એમાં એ દુઃખી થાય એમ કહે છે. અથવા એમાં જીવને દુઃખી કરે. '**નિયમ અર્થાત્ નિત્ય કુછ ત્યાગ કરના...**' મુનિઓને તો હંમેશા કંઈપણ વસ્તુનો રાગનો ત્યાગ ઘટે એવું કરે. '**ઔર નિત્યકર્મ અર્થાત્ આવશ્યક આદિ ક્રિયાઓં...**' સાંજ-સવાર સામાયિક આદિ રહેવું, છ આવશ્યક એ '**નિયત સમય પર નિત્ય કરના, યે લિંગ કે યોગ્ય ક્રિયાયેં હૈં, ઈન ક્રિયાઓં કરતા હુઆ દુઃખી હોતા હૈ...**' એ ક્રિયાઓ કરતાં દુઃખી થાય છે અને એ ક્રિયાઓ કરતાં જગતના જીવને દુઃખી કરે છે. સમજાણું કાંઈ? આહાહા..! માર્ગ ભારે ભાઈ! '**વહ નરક પાતા હૈ.**' નરકમાં જાશે કહે છે. આહાહા..! એ આધાર આપ્યો છે, પણ એની સાથે અહીં મેળ નથી. આત્મહિત... એ તો ચારિત્રને દુઃખદાયક જાણે એટલી વાત છે. ત્યાં ઈ મરીને નરકે જાય (એમ નથી). અહીં તો ખરેખર

આ છે. પાઠની સાથે એને મેળ નથી. પોતે પીડાય છે એમ. આત્માના શાંતરસને પીડે છે. એવી ક્રિયા કરવામાં દુઃખ થાય છે એને. એ તો આર્તધ્યાન છે. અને આટલું આર્તધ્યાન અને રૌદ્ર થઈ જાય એ નરકમાં જાય. આહાહા..!

'**ભાવાર્થ :- લિંગ ધારણ કરકે...**' એવો શ્લોક અહીં તરફથી ન નાખવો જોઈએ. એક તો જાણે ટીકા કરતા હોય અને એમાં અહીં કહે, જોયું! નરકમાં જાય એમ લખ્યું છે. એનો આધાર આપ્યો છે. '**લિંગ ધારણ કરકે યે કાર્ય કરતે થે, ઉસકા તો નિરાદર કરે...**' પોતાનો જે નિશ્ચય-વ્યવહાર સમકિત-દર્શન-જ્ઞાન-ચારિત્ર નિત્ય ક્રિયાઓ, આવશ્યક આદિ એનો તો અનાદર કરે. '**ઔર પ્રમાદ સેવે,...**' વધારે એ વાત છે ખરી. પ્રમાદને સેવે, પ્રમાદના પોટલા. બીજાને દુઃખ આપે. '**લિંગ કે યોગ્ય કાર્ય કરતા હુઆ દુઃખી હો તબ જાનો કિ ઈસકે ભાવશુદ્ધિપૂર્વક લિંગગ્રહણ નહીં હુઆ...**' એને જે શુદ્ધ ઉપયોગ જોઈએ તે એને નથી અને મુનિપણું તો શુદ્ધ ઉપયોગ છે. દયા, દાન, વ્રત આદિના વિકલ્પ એ કાંઈ મુનિપણું નથી, પંચ મહાવ્રતના પરિણામ એ મુનિપણું નથી. આહાહા..! અહીં તો હજી એને પાંચ મહાવ્રતના પણ ઠેકાણા ન હોય.

'**તબ જાનો કિ ઈસકે ભાવશુદ્ધિપૂર્વક લિંગગ્રહણ નહીં હુઆ ઔર ભાવ બિગડને પર તો ઉસકા ફલ નરક હી હોતા હૈ,...**' એમ. ભાવ બગડી જાય અને આકરા રૌદ્ર આદિ પરિણામ થઈ જાય એ '**નરક હી હોતા હૈ,...**' લિંગપાહુડ છેને. જેને ભાવલિંગની ખબર નથી, પ્રગટ્યું નથી. જે ગુણ જે છે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ તો અંતરનું લિંગ, ભાવલિંગ ગુણ છે. એની તો જેને પ્રગટ દશાની ખબર નથી અને આવા લિંગ ધારણ કરીને લિંગને બગાડે છે અને આકરા પરિણામ આકરા રૌદ્ર થઈ જાય, નરકમાં પણ જાય એમ.

મુમુક્ષુ :- એક-દો ભવ કે બાદ જાયે?

ઉત્તર :- નહિ... નહિ.. નહિ... સીધો નરકમાં જાય. તેથી અહીંયા કહ્યુંને. રૌદ્ર પરિણામ કહ્યાને. રૌદ્રધ્યાન થઈ જાય. રૌદ્રધ્યાન થઈ જાય આકરું. નરકે જાય સીધો, નગ્નપણું હોય છતાં. આહાહા..! ભાવ ઉપર આધાર છે કે બહારના આચરણ જડ ઉપર આધાર છે? આહાહા..! મોક્ષમાર્ગ એ શુદ્ધભાવ છે અને બંધના કારણ એ અશુદ્ધભાવ છે. અશુદ્ધભાવની તીવ્રતા થઈ જાય તો નરકમાં પણ જાય.

'**આગે કહતે હૈં કિ ભોજન મેં ભી રસોં કા લોલુપી હોતા હૈ...**' સાધુ થઈને આહારમાં લોલુપી થાય. સારો આહાર મળે. દૂધપાક ને પૂરી ને ભજીયા ને મેસુબ ને, ગૃદ્ધિ થઈ જાય. આહાહા..! એ લિંગને બગાડે છે. એવું કરે તો '**લિંગ કો લજાતા હૈ -**'

**कंदप्पाइय वट्टइ करमाणो भोयणेसु रसगिद्धिं।**
**मायी लिंगविवाई तिरिक्खजोणी ण सो समणो।।१२।।**

આહાહા..! નગ્નપણું ધારણ કરીને '**ભોજન મેં ભી રસ કી ગૃદ્ધિ અર્થાત્ અતિ આસક્તતા કો કરતા રહતા હૈ,...**' રસનો લોલુપી, આત્માના રસથી ખાલી. એ અર્થમાં કરશેને આમાં. આહાહા..! જેને આત્માના આનંદનો રસ આવ્યો એને ભોજનની ગૃદ્ધિ હોઈ શકે જ નહિ. આહાહા..! અરે! શ્રાવક ભલે હો ગૃહસ્થાશ્રમમાં, પણ જેને આત્માનો રસ આનંદનો આવ્યો એ વિષયના રસમાં કેમ એને આસક્તિ થાય રસની? આસક્તિની અસ્થિરતા જુદી વાત છે. રસની એમાં આસક્તિ જામી જાય અંદર પ્રેમમાં એવું કેમ હોય એને? આહાહા..! વીતરાગમાર્ગ ભારે છે ભાઈ! વીતરાગમાર્ગ વીતરાગભાવથી જ શરૂ થાય છે. સમ્યગ્દર્શન પણ શુદ્ધ ઉપયોગની ભૂમિકામાં પ્રગટ થાય છે, શુદ્ધ ઉપયોગ એ વીતરાગભાવ છે. આહાહા..! એવા આત્માથી રસના ખાલી અને ભોજનના રસમાં ગૃદ્ધિ એમ કહે છે.

'**આસક્તતા કો કરતા રહતા હૈ, વહ કંદર્પ આદિક મેં વર્તતા હૈ,...**' કુચેષ્ટા કરે વગેરે વગેરે. .. પાંચ બોલ છે. '**ઉસકે કામ સેવનકી વાંછા...**' એને અંદરમાં વિષય સેવનની વાંછા રહ્યા કરે. આહાહા..! આત્માના આનંદના રસના અનુભવ વિના, સમ્યગ્દર્શન વિના, કહે છે કે એ પર તરફની વાસના વિષયની વાસનામાં દોરાઈ જશે. આહાહા..! જેણે દૂધપાકના સ્વાદ લીધા હોય એને રાતી જારના ફોતરાના રોટલાનો રસ એને ન લાગે. રાતી જાર, ધોળી જાર કરતા મીઠી ઓછી હોય, એમાં એના ફોતરા, એમાં એના રોટલા. વિઠ્ઠલગઢમાં મળ્યું હતું અમારે ૭૬માં, ૭૬ની સાલ. વિઠ્ઠલગઢ છેને વિરમગામ પાસે. ત્યાં કોઈ વાણિયાના ઘર નહોતા. એમાંથી રાતી જારના રોટલા મળ્યા. પણ બધું એવું. એ ખાય એ આપેને બિચારા. વિરમગામથી ત્રણ ગાઉ આઘું છે વિઠ્ઠલગઢ. ૭૬માં. બીજે દિ' વિરમગામ જાવું હતું. ૭૬ની સાલ. ૨૪ ને ૩૦, ૫૪ વર્ષ થયા. એ તો રાતી જાર. કહેતા હતા કે નહિ? વશરામભાઈ કહેતા હતા હમણા કોણ? ઓલી રાતી જાર. રાતી જાર ગામમાંથી .. છે. રાતી જાર ધોળી જાર કરતા મીઠી ઓછી હોય. અમને તો બધી ૭૬ની સાલથી ખબર છે. અમે તો ખાધેલી છે. ૭૬માં. ૫૪ વર્ષ પહેલા. ભીક્ષા લેવા ગયા તો એને ત્યાં એ રાતી જુવારના રોટલા હતા તો બિચારાએ આપ્યા. ઘરમાં હોય એ આપે બિચારા. આહાહા..! વાણિયાનું એકાદ ઘર હશે કદાચ, પણ એ પાછું કરી રાખ્યું હોય. લઈએ નહિ અમે. કરી રાખ્યું હોય દાળ-ભાત રોટલી. અમે એ ઘર ન લઈએ. ઉદ્દિષ્ટ (થઈ જાય)

એટલે અહીં કહે છે કામસેવનની ઈચ્છા થઈ જાય એને. આત્માના રસનો પ્રેમ તો જાગ્યો નથી. ભગવાન આત્મા આનંદનો સ્વામી છે, અતીન્દ્રિય આનંદનો નાથ છે એ તો. આહાહા..!

એ રાગનો સ્વામી નથી, પરનો સ્વામી નથી, એ તો સ્વરૂપનો સ્વામી છે. આવે છેને સ્વસ્વામી અંશ. શું કહેવાય એ? ગુણ. સ્વસ્વામીસંબંધ. સ્વસ્વામીસંબંધ શક્તિ એક લીધી છેને આત્મામાં. ગુણ એવો છે સ્વસ્વામીસંબંધ. પોતાનું દ્રવ્ય શુદ્ધ, ગુણ શુદ્ધ, આનંદ, દ્રવ્ય આનંદ, ગુણ આનંદ અને પર્યાય આનંદ એ સ્વ એનો એ સ્વામી છે. આહાહા..! કહો, કાંતિભાઈ! આ છોકરાનો બાપ નહિ એમ કહે છે આ.

મુમુક્ષુ :- બનાવટી?

ઉત્તર :- બનાવટી નહિ. એ તો જાણનાર છે. છોકરો તો એનો પરદ્રવ્ય છે. એનું શરીર પરદ્રવ્ય છે, એને ઉત્પન્ન થવામાં શરીર નિમિત્ત છે, આત્મા તો છે જ નહિ. આહાહા..! ધર્મી છોકરાને મારો દીકરો એમ માનતો નથી અંદરથી.

મુમુક્ષુ :- કાગળ લખે ત્યારે કેમ લખતો હશે?

ઉત્તર :- એ લખે ત્યારે લખે ઉપરથી બધું. ચિરંજીવી ભાઈ આવા એમ લખે. લખે તો સમકિતી પણ એમ લખે. અંતરમાં ફેર છે. આહાહા..!

મુમુક્ષુ :- બે પડખા.

ઉત્તર :- હા, દૃષ્ટિમાં ફેર છે. ભાવમાં ફેર છે એમ કહેવું છે. વાણી તો હોય એવી. આ અમારો દીકરો છે. એટલે? અ-મારો એટલે મારો નહિ. એ શ્રીમદ્‌ને પ્રશ્ન પૂછ્યો હતો એકવાર. ઘણા વર્ષ પહેલાની વાત છે. અહીં લાઠીથી શું કહેવાય? વરસડા, વરસડા છેને. લાઠી અને અમરેલી વચ્ચે. ત્યાં અંદરજીભાઈ રહેતા એક ત્યાં. અંદરજીભાઈ હતા એના દીકરો અહીં ડોક્ટર છે ગોંડલમાં. એ અંદરજીભાઈએ વાંચેલું શ્રીમદ્‌નું બધું. એની સાથે વાત થઈ. અમારું-અમારું કેમ કહે છે? કીધું, અમારુંનો અર્થ એમ છે કે એ અમારા નહિ એમ છે. એવી વાત છે. આહાહા..!

અમારો તો આત્મા શાંતસ્વરૂપી ભગવાન નિર્મળપર્યાય એ અમારી ચીજ છે. રાગ જ્યાં આત્માનો નથી ત્યાં વળી પરચીજ ક્યાંથી થઈ ગઈ? આહાહા..! અધ્રુવ આવ્યું છેને પ્રવચનસારમાં, નહિ? હું તો ધ્રુવ છું. આ બધી છાયા અડે છે અધ્રુવની, એ મારી ક્યાં છે? મને ક્યાં છે? આહાહા..! ત્યાં ધ્રુવને એની ધ્રુવની પર્યાયસહિત લીધો છે. શુદ્ધ પર્યાયસહિત ધ્રુવ લીધો છે ત્યાં પ્રવચનસારમાં. અને આ બધી ચીજો શરીર, વાણી, મન, આ બધા સંયોગો. હું તો એક ચાલતો મુસાફર પરિણમતો ગતિ કરતો હું રહું છું. એમાં આ સંયોગો છે એ તો બધી પરચીજ છે. મુસાફર ચાલવા માંડ્યો અને એને રસ્તામાં ઝાડ ને મકાન ને બાયડી, છોકરા દેખાવા માંડ્યા એટલે એ એમ માનતો હશે કે મારા છે આ? આહાહા..!

**'નિદ્રાદિક પ્રચુર માત્રા મેં બઢ જાતે હૈં...'** જોયું! **'સેવન કી વાંછા તથા પ્રમાદ**

**નિદ્રાદિક પ્રચુર માત્રા મેં બઢ જાતે હૈં...**' એમ. આહારની ગૃદ્ધિ હોય, ખૂબ ખાય, પછી નિરાંતે સૂવે અને પછી અનેક પ્રકારના સ્વપ્ના માઠા આવે. એવા પ્રમાદમાં '**બઢ જાતે હૈં તબ લિંગવ્યવાયી અર્થાત્ વ્યભિચારી હોતા હૈ,...**' લિંગ વ્યભિચારી છે કહે છે. આહાહા..! વીતરાગી મુનિને તો વીતરાગભાવનો આનંદ હોય છે. એને ઠેકાણે આવા લિંગવાળાને આવો આનંદ માને છે આમાં (એ) વ્યભિચારી છે. આહાહા..! એક દયા, દાન, વ્રતના વિકલ્પને પણ પોતાના માને તો એ વ્યભિચારી જીવ છે. માર્ગ આવો છે ભાઈ! બહુ ઝીણો માર્ગ.

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવની વાણીમાં ધર્મનું સ્વરૂપ આવું આવ્યું છે. દુનિયા પાસે ભગવાનને નામે બીજું પીરસાણું છે. માર્ગ તો આ છે, પ્રભુ! આહાહા..! તારું અંદર સ્વરૂપ.. કેમકે અહીં તો વીતરાગ પરમેશ્વર વીતરાગ થયાને? વીતરાગ વિજ્ઞાની થયાને? તો એ વીતરાગી વિજ્ઞાનસ્વરૂપ જ આત્મા છે. એમાંથી વીતરાગી વિજ્ઞાન પર્યાય પ્રગટ થાય છે. એ ચોથે ગુણસ્થાને વીતરાગી વિજ્ઞાન પ્રગટ થયું છે. આત્માના આનંદના રસનું જ્ઞાન, ઈચ્છા વિનાનું જ્ઞાન થયું છે અને દૃષ્ટિ પણ ઈચ્છા વિનાની દૃષ્ટિ છે. આહાહા..! એવા આનંદરસવાળાને કામસેવનની ઈચ્છામાં રસ હોય નહિ એને. ગૃહસ્થાશ્રમમાં હો ભલે, પણ એને વિષયના રસમાં રસ ન હોય. દુઃખ લાગે. ધર્મીને વિષય-વાસનામાં દુઃખ લાગે. આહાહા..! જરી માન આવે એનું દુઃખ લાગે. ક્રોધ, માયા, લોભની વૃત્તિ ઉઠી(-જાગી) ગઈ એ ધર્મીને એનું દુઃખ લાગે છે. કેમકે એ આકુળતા છે. અને અનાકુળ ભગવાન આત્મા એના જેને રસ જામ્યા છે એને પરમાં રસ (નથી હોતા). એક મ્યાનમાં બે તલવાર કેમ રહી શકે? આહાહા..! એનો જેને રસ નથી, એને આવી કામ-પીડા અને પ્રમાદ થઈને નિદ્રામાં પડે, ઘોરે અને પાપ ઉત્પાદન કરે એમ કહે છે. એ લિંગ વ્યભિચારી છે.

'**માયાવી...**' છે. આહાહા..! '**કામસેવન કે લિયે અનેક છલ કરના વિચારતા હૈ,...**' પછી એ કામની સામગ્રીને મેળવવા અનેક કપટ, માયા આહાહા..! એ વિચારે છળ '**જો ઐસા હોતા હૈ વહ તિર્યંચયોનિ હૈ,...**' એ સાધુ નથી. તિર્યંચયોનિ છે. તિર્યંચ જેમ કાયમ આહારનો લોલુપી છે. તિર્યંચને આહારસંજ્ઞા બહુ હોય છેને. આહાર ખાધા જ કરે. એને પૂરું મળ્યું હોય તોપણ ખાધા જ કરે. સવારથી સાંજ સુધી પેટ ભરાણું હોય તો ચૂરમું મૂકો તો ખાય પાછું, દૂધપાક મૂકો તો ખાય. અરે..! સારું લીલું ઘાસ આવે તોપણ ખાય. એ જેમ તિર્યંચ આહારનો લોલુપી અને આહારસંજ્ઞામાં મશગુલ છે, એમ આ આહાર આદિના રસમાં મશગુલ છે. એ તિર્યંચ યોનિ છે. આહાહા..! આવી કડક ભાષા! મુનિ પોતે મુનિ છેને. વીતરાગી સંત છે. આહાહા..! સંત ભગવંતમાં એની પદવી છે એની. આહાહા..! આચાર્ય ભગવાન, અત્યારે બહુ ઓલા કહે. અરે! ભગવાન! બાપુ! આચાર્ય ભગવાન કોને કહેવા

ભાઈ? અને એ આચાર્ય ભગવાન તરીકે પૂજાવું આકરું પડશે પ્રભુ! આહાહા..!

ભગવાનને જેમ પૂજે એમ પૂજાવું પાછું. અમે આચાર્ય ભગવાન છીએ. અરે..! પ્રભુ! ગૃહીત મિથ્યાત્વ છે હજી તો. અનાદિનું અગૃહીત તો છે. એ ઉપરાંત પદવી નથી એને પદવી માની. આહાહા..! આકરી વાત, ભાઈ! આ કાંઈ મોટા પંડ્યા થઈ જાય ભણીને માટે સાધુ થઈ જાય એમ નથી. આ તો અંતર આનંદનો દરિયો એમાં ડૂબકી મારીને જેણે સમકિત કર્યું છે અને પછી સ્થિર થઈને જેણે ચારિત્ર પ્રગટ કર્યું છે. આહાહા..! એ બધી ક્રિયાઓ અંતર્મુખ થાય છે. અને એની છોડીને બહિર્મુખ ક્રિયામાં એકલો મશગુલ રહે છે, તિર્યંચ છે કહે છે. માયાવી છે. આહાહા..! ભાઈ! તને તારા ઘર ન રુચ્યા. તારું નિજઘર તને ન રુચ્યું. પરઘરની રુચિમાં પડ્યો. આહાહા..! તીવ્ર ભાવ થઈ જાય માયાના તો, કહે છે કે તિર્યંચયોનિ છે એ તો. આહાહા..!

'**પશુતુલ્ય હૈ, મનુષ્ય નહીં હૈ,...**' આહાહા..! મનુષ્ય તો એને કહીએ, પોતાનો જ્ઞાન આનંદ સ્વભાવ ઓળખીને જેણે પ્રતીત કરી છે, એમાં રમે છે એને સાધુ, એને મનુષ્ય કહીએ. આપણે આવી ગયું છે, નહિ? અષ્ટપાહુડમાં આવી ગયુંને, મનુષ્ય. બીજે નામ આવી ગયું છે. આહાહા..! અહીં તો પશુ કીધા. ગજબ વાત છે! નગ્ન મુનિ હોય, પણ જે રાગના રસમાં રસિક થઈ ગયો છે. ચાહે તો પુણ્યનો રાગ હોય લ્યોને. દયા, દાન, વ્રત, ભક્તિ એ પણ રાગ છે. એનો રસિક થઈને નિજરસને જેણે છોડી દીધો છે. એવા રાગના રસિયા એ રાગને અનુકૂળ સેવવા માટે સામગ્રી મેળવવામાં પ્રમાદ સેવે, ઈચ્છાઓ કરે અને એમાં એકાકાર થઈ જાય. આહાહા..! એ મનુષ્ય નથી. કુંદકુંદાચાર્યની શૈલી કડક. '**ઈસલિયે શ્રમણ ભી નહીં હૈ.**' સાધુ નથી કહે છે. તિર્યંચ છો. આહાહા..!

'**ભાવાર્થ :- ગૃહસ્થપદ છોડકર આહાર મેં લોલુપતા કરને લગા તો ગૃહસ્થપદ મેં અનેક રસીલે ભોજન મિલતે થે, ઉનકો ક્યોં છોડે?**' ગૃહસ્થમાં તો ઊની-ઊની તાવડીમાંથી ઉતરીને સીધી રોટલી પડતી હતી થાળીમાં. ઓસામણ પડ્યા હોય ઓલા ચૂલાના શું કહેવાય? ... આગળમાં ભઠ્ઠી મૂકીને ઓસામણ રાખેને ઊના-ઊના. ચોખા ને મગની દાળ લચકો અને એમાં ઓસામણ આપે. એ બધું ત્યાં હતું. તો છોડીને આ તેં શું કર્યું? એમ કહે છે. ધણી કહે બૈરાને કે હું આવું ત્યારે રોટલી કરજે. (લોટ) બાંધી રાખજે ભલે. હું આવું ત્યારે. હું આવું ત્યારે રોટલી ઠરી જાય પછી. ઓસામણનું હોય. ચોખા અને દાળનું ઓસામણ હોય છેને. ભઠ્ઠીમાં રાખજે તાજું. ચૂલાની આગમાં હોય મોઢા આગળ નીચે. શું કહેવાય એને? આગમણ-આગમણ. આગમણ કહે છે. ત્યાં નીચે ખૂણામાં રાખેને અગ્નિ મૂકે. તાજું રાખજે. એવું તો મળતું હતું, છોડીને શું કરવા બેઠો ત્યારે? વળી પાછો ગૃદ્ધિ થઈ

ગયો. આહાહા..! વાત સાચી છે. આહાહા..! '**ઉનકો ક્યોં છોડે? ઈસલિયે જ્ઞાત હોતા હૈ...**' જુઓ! એથી એવો અનુભવ થાય છે, જાણવામાં આવે છે '**કિ આત્મભાવના કે રસ કો પહિચાના હી નહીં હૈ,...**'

મુમુક્ષુ :- સ્વભાવને જાણ્યો જ નથી.

ઉત્તર :- નથી જાણ્યો. આત્મા આનંદસ્વરૂપ પ્રભુ અતીન્દ્રિય આનંદનો દરિયો છે. આહાહા..! અતીન્દ્રિય આનંદથી ભરેલો રસબોળ આત્મા છે. એને તેં ન જાણ્યો. એવા આનંદના રસને તેં ન જાણ્યો, ન માન્યો તેં ન માણ્યો. એ આનંદના રસને તેં માણ્યો નથી. એથી તને આ બહારના રસમાં ગૃદ્ધિ થઈ જાય એમ કહે છે. આહાહા..! એનો અર્થ એવો નથી કે બહારના ખાવા-પીવા છોડી દે તો રસ છૂટ્યો કહેવાય એમ નથી. ખાવા-પીવાની ક્રિયા મારી નથી અને એમાં જે આહાર આદિ આવે એમાં રાગનો રસ (એમાં) લીન થતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? એવો માર્ગ બાપુ આ. ધર્મીને નામે અમે ગૃહસ્થ છીએ, અમે ગમે તે સેવીએ, ગમે તે કરીએ, બાપુ! એમ ન હોય. સમ્યગ્દ્રષ્ટિને વિષયભોગની વાસના હોય, પણ રસ ન હોય. ઠીકબુદ્ધિ નથી. સુખબુદ્ધિ ઊડી ગઈ છે. સમ્યગ્દ્રષ્ટિને સુખબુદ્ધિ પરથી બધામાંથી ઊડી ગઈ છે. સ્ત્રી, કુટુંબ, પરિવાર, આબરૂ, મકાન, ગાય, ભેંસ, ઘોડા, હાથી, વખારું, દુકાન, પરથી રસ ઊડી ગયો છે એને અને પુણ્ય-પાપમાંથી પ્રેમ ઊડી ગયો છે એને. આહાહા..! એથી એને પરમાં રસ રહેતો નથી. આહાહા..!

તો કહે છે કે એવું જાણીએ છીએ કે તને '**આત્મભાવના કે રસ કો...**' ભગવાન આત્મા શાંતરસ અને આનંદરસવાળું તત્ત્વ એની ભાવના, ભાવની ભાવના, એવા ભાવની એકાગ્રતા એના '**રસ કો પહિચાના નહીં હૈ,...**' આહાહા..! '**આત્મભાવના કે રસ કો...**' ભગવાન આત્મામાં એકાગ્ર થવું એ ભાવના, એના રસને તેં જાણ્યો નથી. આહાહા..! આ સારો અર્થ કર્યો છે. '**ઈસલિયે વિષયસુખ કી હી ચાહ રહી...**' માટે વિષય ભોગવવાનો રસ તને રહી ગયો. આ રસ આવ્યો નહિ, આ રસ રહી ગયો. આહાહા..! '**વિષયસુખ કી હી ચાહ રહી તબ ભોજન કે રસ કી, સાથ કે અન્ય ભી વિષયોં કી ચાહ હોતી હૈ...**' લ્યો! ભોજનની રસની ગૃદ્ધિ ભેગી રૂપ, ગંધ, સ્પર્શ એની પણ ગૃદ્ધિ ભેગી હોય છે. એમ કહે છે. એક વિષયમાં ગૃદ્ધિ છે તો પાંચેયમાં એની ગૃદ્ધિ છે. અણીન્દ્રિયનો રસ એને નથી એમ કહે છે. આહાહા..!

દેહને છૂટવા ટાણે શરીર અનેક પ્રકારના રજકણોથી બદલીને કામ કરે. આહાહા..! ઊલટી થાય, અનાજ નાખે પેટમાં રહે નહિ અને મહિનાના મહિના... આહાહા..! એક જોયો હતો ત્યાં અમદાવાદમાં. નહિ અમદાવાદમાં? મેડી ઉપર એક ફેરી ગયા હતા, તમે નહોતા. મેડી

ઉપર ગયા અને એક શેઠ હતો. અનાજ પચતું નહિ. દર્શન માટે (બોલાવેલા). હતો દેરાવાસી. રહેતું નથી અનાજ. થોડી દિ' પછી મરી ગયો. કો'ક દેરાવાસી હતો. આપણા માંહ્યલાનો કો'ક ઓળખીતો હતો અમદાવાદમાં. અનાજ ટકે નહિ, ચેન પડે નહિ. એ વખતે ક્યાં જઈશ ભાઈ તું? ચેન પડવાનું સ્થાન તો તું આત્મા છો. આહાહા..! પછી વલખાં નાખે આમ આમ. આમ આપો, મને આમ કરો, મને આમ કરો. આહાહા..! કહે છે કે જેને આત્માના રસનો પ્રેમ નથી, રસ ચાખ્યો નથી એ આવામાં ગૂંચાઈ જશે. આહાહા..! એ તિર્યંચ જેવો થશે એમ કીધુંને? તિર્યંચ જેમ ભોજનનો ગૃદ્ધિ છે. એમ કહ્યુંને? તિર્યંચો ભોજનના ગૃદ્ધિ હોય. રાતે પણ ખાય તિર્યંચો. દસ વાગ્યા સુધી ખાતા હોય, બાયડીયુંને ઘાસ-બાસ વખારમાંથી લઈ આવીને ગાંસડી નાખવી જોઈએ વહેલી. ત્રણ-ચાર વાગે ઘાસ નાખે. શું કહેવાય એને? ગમાણ હોયને ગમાણ. બાંધેને ઢોર બાંધે. એમાં નાખે ઘાસ. ખલાસ થઈ જાય. દસ, અગિયાર, બાર વાગે તો ખલાસ થઈ જાય. ખલાસ થઈ ગયા એ વખતે કોણ નાખે? સૂતા હોય. વહેલા ઊઠે ચાર-પાંચે અને લઈ આવે વખારમાંથી ગાંસડી ભરી આવે અને નાખે ઢોરને. આ તો બધું જોયું છેને. આહાહા..!

એમ કહે છે કે જેમ તિર્યંચ ભોજનના ગૃદ્ધિ, એમ તું ભોજનનો ગૃદ્ધિ તિર્યંચ છો. આહાહા..! સારા સારા આહાર જ્યાં મળે ત્યાં જાવું. સાધારણ આહાર (મળતા હોય) ત્યાં જાવું નહિ. આ શું સૂચવે છે? બાપુ! આહાહા..! તને આત્માનો રસ આવ્યો નથી. આત્માનો પ્રેમ તને જાગ્યો નથી. આહાહા..! આવા શેના રસ? બહારના રસનો, જડના રસનો રસીલો એ ચૈતન્યના રસનો રસીલો તું નહિ, નાથ! આહાહા..! શું કહેવાય ગુલગુલા? શું કહેવાય ઓલા? રસગુલ્લા. રસગુલ્લા. રસગુલ્લા થાય છે એવા દેખીને આમ ગલગલિયા થઈ જાય અંદરથી. જાંબુના ઓલા શું કહેવાય? ઓલા જાંબુ નહિ. ગુલાબજાંબુ. ઘીમાં તળેલા કાળા હોય છેને બહુ, ગુલાબજાંબુ. રસ-બસ, રસ-બસ. શું છે પણ આ તને? ક્યાં ગયો તું? વ્યભિચારી થયો તું. આહાહા..! ખોવાઈ ગયો. પરના રસમાં તું ખોવાઈ ગયો પ્રભુ! આહાહા..! આ કેરીનો રસ હોયને. સાધુ જઈ આવે, પહેલા પાણી લઈ આવે. જાણે કે આ ઘરે રસ છે. આહાર વખતે ત્યાં જાય. આ તો શ્વેતાંબરને. દિગંબરને તો ક્યાં? એને તો આહાર અને પાણી ભેગા હોય. ત્યાંને ત્યાં આહાર અને ત્યાંને ત્યાં પાણી. ઓલા તો પહેલા પાણી લેવા જાય તો તપાસી આવે. આ ઠેકાણે આજે રસ છે, ત્યાં વહોરવા જાય.

મુમુક્ષુ :- એમના ગુપ્તચર હોય છે.

ઉત્તર :- એ બધું ચાલે છે. બધું જોયું છેને, બધું નજરે જોયું છે. આહાહા..! ભાઈ! તને શું થયું બાપુ? ગૃહસ્થાશ્રમમાં તો કહ્યું. ગૃહસ્થાશ્રમમાં તો બધા રસ હતા. આહાહા..!

પૈસા મળતા-દેતાની જુદી વાત, પણ આ રસ તેં છોડ્યો અને અહીં રસનો પાછો ગૃદ્ધિ થયો, આ શું કર્યું તેં? એમ કહે છે. ત્યાં તો સહેજે મળતા, ગૃહસ્થાશ્રમમાં તો સહેજે મળતા. અહીં તો બહાર એવું તપાસ કરવું પડે અને આ કરવું પડે ત્યારે મળે તને. આ શું કર્યું તેં? આવું શું કરવા કર્યું? એથી જણાય છે કે તને આત્માનો રસ આવ્યો નથી. આહાહા..!

'**વિષયોં કી ચાહ હોતી હૈ...**' '**ઈસલિયે વિષયસુખ કી ચાહ રહી તબ ભોજન કે રસ કી, સાથ કે અન્ય ભી વિષયોં કી ચાહ હોતી હૈ,...**' લ્યો! પાંચ ઇન્દ્રિયનું લીધું હતુંને? '**તબ વ્યભિચાર આદિ મેં પ્રવર્ત કર લિંગ કો લજાતા હૈ,...**' આહાહા..! '**ઐસે લિંગ સે તો ગૃહસ્થપદ હી શ્રેષ્ઠ હૈ,...**' એવું લિંગ ધારણ કરવા કરતાં ગૃહસ્થાશ્રમમાં સમકિતસહિત રહેવું એ પણ શ્રેષ્ઠ છે. આહાહા..! એમાં શું? સંયમી નથી અમે, ચારિત્ર નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સમજ્યા વિનાના બાવા બધા. બુદ્ધિ વિનાના બાવા થાય, ભવસાગરમાં બુડી મરે. આહાહા..!

'**આગે ફિર ઈસી કો વિશેષરૂપ સે કહતે હૈં -**' અહીં જરી બહારનું લીધું છે. આ શ્વેતાંબર આદિ સાધુનું.

**धावदि पिंडणिमित्तं कलहं काऊण भुञ्जदे पिंडं।**
**अवरपरुई संतो जिणमग्गि ण होइ सो समणो।।१३।।**

'**અર્થ :- જો લિંગધારી પિંડ અર્થાત્ આહાર કે નિમિત્ત દૌડતા હૈ,...**' આહાર લેવા જાય તો આમ શું કહેવાય? દોડે પણ આમ... આહાર લેવા જાય તો એ દોડે આમ. એકદમ મોઢા આગળ આવે, એકદમ દોડે. આહાહા..! '**આહાર કે નિમિત્ત કલહ કરકે...**' આહાર સરખો વહેંચવામાં ન આવે ત્યાં.. એની વાત લીધી જરી શ્વેતાંબરની. '**કલહ કરકે આહાર કો ભોગતા હૈ, ખાતા હૈ...**' આહાહા..! '**ઉસકે નિમિત્ત અન્ય સે પરસ્પર ઈર્ષ્યા કરતા હૈ,...**' લ્યો! આહાહા..! '**વહ શ્રમણ જિનમાર્ગી નહીં હૈ.**' લ્યો! અહીં તો એ જ કાઢી નાખ્યું. '**जिणमग्गि ण होइ**' એમ. અહીં તો જિનમાર્ગ જ નથી.

'**ભાવાર્થ :- ઈસ કાલ મેં જિનલિંગ સે ભ્રષ્ટ હોકર...**' ભગવાન મહાવીર પછી ૬૦૦ વર્ષ દુકાળ બાર-બાર વર્ષના પડ્યા. દિગંબર નગ્ન લિંગ હતું અનાદિનું. એનાથી '**જિનલિંગ સે ભ્રષ્ટ...**' થયા. એ નગ્નપણું છોડી દીધું. '**અર્ધફાલક હુએ,...**' થોડો કટકો રાખતા પહેલા. શરીર ઢંકાય એટલો કટકો રાખતા. શ્વેતાંબર પહેલા નીકળ્યા ઈ. આહાહા..! આકરી વાતું ભારે ભાઈ! કુંદકુંદાચાર્ય પહેલા સો વર્ષ પહેલા. સો વર્ષ પહેલા નીકળી ગયેલા. કુંદકુંદાચાર્ય સો વર્ષ પછી થયા. ત્યારે આ બધું લખાણ છેને. એની હયાતી પહેલાં, સો વર્ષ પહેલા. દિગંબર

ધર્મ અનાદિ સનાતન ચાલતો હતો એમાં બાર વર્ષના દુકાળ પડ્યા. એ તો બારોટના ઓલામાં પણ છે એ હોં. ત્યાં છે બારોટ. બોટાદમાં કાન્યારવાળા કહેવાય છે એક. મુંબઈમાં રહે છે. એના બારોટ પાસે બે હજાર વર્ષ પહેલાનું એક ઓલું મોટું ભુંગળું મોટું. એમાં એ લખેલું. બાર વર્ષનો દુકાળ પડેલો હતો. બે હજાર વર્ષ પહેલાની વાત છે. મોટું. પતરા મોટા રાખેને ભુંગળા મોટા-મોટા. બબ્બે હજાર વર્ષના લખાણ. બારોટ બહુ રાખે એ. એ કહ્યું હતું, સાંભળ્યું હતું. એમાં સાધુ થોડું વસ્ત્ર અડધું રાખીને નીકળ્યા.

'**પીછે ઉનમેં શ્વેતાંબરાદિક સંઘ હુએ,...**' લ્યો! એમાંથી શ્વેતાંબર સંઘ પ્રગટ થયો. એમાંથી આ સ્થાનકવાસી તો હમણા નીકળ્યા હજી શ્વેતાંબરમાંથી. બધાય જૈનમાર્ગથી ભ્રષ્ટ છે. આહાહા..! વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ વદ ૧, શુક્રવાર તા. ૦૫-૦૭-૧૯૭૪**
**ગાથા - ૧૩ થી ૧૮, પ્રવચન - ૧૯૧**

... (મહાવીર ભગવાનને) કેવળજ્ઞાન તો વૈશાખ સુદ દશમે થયું, પણ વાણી.. શ્રાવણ વદ એકમ છે આ. વાણી રાજગૃહીના વિપુલાચલ પર્વત ઉપર દિવ્યધ્વનિ ગણધરની હાજરી, ગૌતમસ્વામીની હાજરીમાં દિવ્યધ્વનિ આજે છૂટી-નીકળી અને ગણધરની રચના પણ આજે જ થઈ અને ગણધરે શાસ્ત્રની રચના પણ આજે જ કરી. એવો આજે શ્રાવણ વદ એકમ દિવ્યધ્વનિનો દિવસ છે. એ વાણીને ભગવાને શ્રુતજ્ઞાનથી પ્રરૂપી. પ્રરૂપણા શ્રુતજ્ઞાનની આવે, ભાવશ્રુતજ્ઞાનની પ્રરૂપણા કરી પ્રભુએ. એમને ભલે કેવળજ્ઞાન છે. કેમકે સાંભળનારા ગણધર છે એને ભાવશ્રુત પોતે પરિણમન થાય છે, એમાં આ વાણી નિમિત્ત છે, એટલે વાણીને પણ ભાવશ્રુત કીધું. ભાવશ્રુતની પ્રરૂપણા કરી એમ કીધું. આહાહા..! એ વાણી પરંપરા ચાલી આવતી ધરસેન આચાર્ય સુધી આવી. ગિરનાર પર્વતમાં ચંદ્રગિરી ગુફામાં એક મુનિ રહેતા.

ભાવલિંગી સંત હતા એકલા. એમને વિચાર આવ્યો. ભય આવ્યો એમ આવ્યું શાસ્ત્રમાં તો, કે આ વાણીનો વિચ્છેદ થશે. કોઈ મુનિને હું આપું. મારી સ્થિતિ અલ્પ છે. દેહની સ્થિતિ અલ્પ છે અને પાછળથી કોઈ (ધારી રાખનારા હશે) નહિ તો આ વિચ્છેદ જશે. એવો એક વિકલ્પ આવ્યો. મુનિને બોલાવ્યા. કોઈ નગરીમાં મુનિઓનો મેળો ભેગો થયો હશે. હજારો મુનિઓ હતા ત્યારે તો. ભાવલિંગી સંત હતા. આહાહા..!

લેખ મોકલ્યો ધરસેનાચાર્યે. હજારો મુનિ કાંઈક મેળે ભેગા થયા હશે (કે) કોઈ પ્રસંગ હશે. લેખ મૂક્યો. લેખ સાંભળીને અભિપ્રાય સમજ્યા. મહારાજ! બે મુનિ માગે છે સાધુ. બહુ વિનયવંત ભાવલિંગી સંત હતા એને મોકલ્યા. ધરસેન આચાર્યને પણ અહીં સ્વપ્નું આવ્યું રાત્રીના પાછલા ભાગમાં. કારણ કે પાછલા ભાગમાં જ એમને નિદ્રા હોય છેને. મુનિને તો પાછલા ભાગમાં જ જરી નિદ્રા થોડી હોય છે. એમાં સ્વપ્ન આવ્યું. બે બળદો, બૈલ ધોળા નમ્રભૂત-વિનયવાળા આવીને પગે લાગે છે. એથી એને એમ થયું કે ઓહો..! કોઈ સાધુ સારા આવવાના છે. સ્વપ્ન પૂરું થયું. શ્રુતદેવનો જય હો. શ્રુતદેવતા એટલે શ્રુતજ્ઞાન. લ્યો આ ધરસેન આચાર્યને પણ,... ગિરનાર આ સૌરાષ્ટ્ર ... એમાં બે મુનિ આવ્યા, પગે લાગ્યા. જુઓને નિઃસ્પૃહતા! ઓહોહો..! બે-ત્રણ દિ' સુધી તો મુનિએ કહ્યું નહિ કે મહારાજ! અમે આ કારણે આવ્યા છીએ.

વીતરાગી મુનિ છે ધરસેન આચાર્ય. આહાહા..! જેના ત્રણ કષાયના અભાવમાં, વીતરાગપણાના આનંદનું જેને ઘૂંટણ છે. આહાહા..! મુનિ આવ્યા એ વીતરાગી મુનિ છે. બે-ત્રણ દિ'એ કહ્યું, મહારાજ! અમે આ કારણે આવ્યા છીએ. ઓહોહો..! કાગળ લખ્યો છે જે નિમિત્તે આવ્યા છે, તોપણ તરત ને તરત ઉતાવળ કરીને પૂછ્યું નથી. આ જુઓને. આહાહા..! મહારાજ! અમે આ કારણે આવ્યા છીએ. શાસ્ત્રની રક્ષા આપો, અમને આપો. કલ્યાણ હો! આમ બોલ્યા મુનિ. આહાહા..! આ તે કાંઈ વાત છે! ગજબ કર્યો છે! વીતરાગીની શૈલી તો જુઓ! અચ્છા કલ્યાણ હો! લ્યો! મુનિ છે. એટલે કે જે આપને આ શ્રુતજ્ઞાન દેવું છે એ પાર પડશે, એમ. કલ્યાણ હો. આહાહા..! શુભ તિથિ ગોતે છે. ભાઈ! એમાં એમ લખ્યું છે. આ ઓલો કહે કે નક્ષત્ર ગોતે. શું કીધું? ભાઈએ ન કીધું? અમરમુનિ. નક્ષત્ર શું કહેવાય? મુહૂર્ત-મુહૂર્ત. મુહૂર્ત જોવે તો મિથ્યાત્વ. એમ નથી ભાઈ તમને. શુભતિથિ, શુભવાર, શુભનક્ષત્ર. ધરસેન આચાર્ય જેવા મહામુનિ વીતરાગી સંત છે. આહાહા..!

એ શાસ્ત્ર દેવા કાળે પરીક્ષા તો કરી હતી, પછી તો વિદ્યા આપી હતી બે જણાને. એક જણાને ઓછા અક્ષરવાળી, એક જણાને વધારે અક્ષરવાળી. વિદ્યા સાધી ત્યાં દેવી આવી એક કાણી આવી અને એક વધારે દાંતવાળી. આ શું? વિદ્યા બરાબર નથી એમ

પોતાને મુનિને લાગ્યું. મુનિને નામ પછી આપ્યા હતા. એ પછી નામ આપ્યા. એમ કીધું પછી નામ આપ્યા. એથી કહ્યું નહિ. પુષ્પદંત, ભૂતબલિ પછી નામ આપ્યા છે. ધરસેન આચાર્યે આપેલા છે. એ આ પ્રમાણે જ્યારે વિદ્યા જોઈ, વિદ્યાને... વ્યાકરણના પણ પૂરા પારગામી મુનિઓ. ઓહોહો..! એવું લખ્યું છે હોં! એમાંથી અક્ષરો ઓછા હતા એ પૂરા કર્યા, વધારે હતા એ કાઢી નાખ્યા. સરખી વિદ્યા કરી. દેવી બરાબર જેવી ... એટલે મહારાજ પાસે ગયા ધરસેન આચાર્ય પાસે. મહારાજ! આ રીતે વિદ્યાનું સાધન કર્યું એમાં આમ થયું. વૃતાંત પછી સંભળાવ્યું. આહાહા..! શાસ્ત્ર આપ્યા. એની રચના અંકલેશ્વરમાં કરેલી એ આ ષટ્‌ખંડાગમ. વીતરાગની પરંપરાની વાણી છે ઈ. ઠેઠ સર્વજ્ઞ પરમેશ્વરે વિપુલાચલ પર્વત ઉપર દિવ્યધ્વનિ દ્વારા આ જે કહ્યું હતું... આહાહા..! એ વાણીનો જ પ્રવાહ ઠેઠ આવ્યો ધરસેનાચાર્ય (સુધી).

એક મુનિને દાંત સરખા નહોતા તો ભૂતે આવીને દાંત સરખા કર્યા એટલે ધરસેનાચાર્યે પુષ્પદંત નામ આપ્યું અને એક મુનિને ... શૈલી તો જુઓ! કાળ પણ કેવો! એવા આગમ પૂરા થયા તો વ્યંતરો ખુશી થઈ ગયા. જંગલમાં વ્યંતર હોયને ત્યાં? આહાહા..! આસપાસમાં વ્યંતર હતા એ ખુશી થયા કે ઓહો..! આજ મુનિઓનું શાસ્ત્ર પૂરું થયું. કહો! આહાહા..! કાળ તે કેવો પણ! આવીને પૂજા કરી મુનિની. ભૂતબળી. ભૂતે બળી. વ્યંતરોએ પૂજા કરી એથી એનું નામ ભૂતબળી આપ્યું અને બીજાઓના દાંત સરખા નહોતા તો કર્યા. જુઓ! દેવો પણ કરે છે કે નહિ એવું? એ તો એના પુણ્યનો ઉદય હતો અને એવું થવાનું હતું. એમ કહેવાય. એને પુષ્પદંત નામ આપ્યું. એમણે શાસ્ત્ર રચ્યા. એ ષટ્‌ખંડાગમ પરંપરાએ ચાલ્યા આવે છે.

ભગવાન પછી તો શ્રુતજ્ઞાન પૂરા જ્ઞાનના ધરનારા તો હજારો ભાવશ્રુતજ્ઞાનવાળા હતા. હજારો. પાઠ તો એવો છે કે સંખ્યાત હજાર. એવો પાઠ છે ભાઈ! સંખ્યાત હજાર. એક-બે એમ નહિ. આહાહા..! સંખ્યાત હજાર પૂરા શ્રુતના ધરનારા. બાર અંગ, ચૌદ પૂર્વના ધરનારા. ભાવ હોં ભાવ. એવો પાઠ છે. સંખ્યાત હજાર પૂર્વ શ્રુતના ધરનારા. અરેરે..! આ કાળ એવો હલકો આવી ગયો કે મૂળ સમ્યગ્જ્ઞાનના જ આખા વાંધા આવ્યા. ઓલા તો સંખ્યાત હજાર ભાવશ્રુતના ધરનારા ભરતક્ષેત્રમાં વિચરતા હતા. આહાહા..! ભગવાનની દિવ્યધ્વનિ તો છૂટે છે મહાવિદેહમાં. એ દિવ્યધ્વનિમાં આ જ વસ્તુ આવતી હતી, આવે છે ત્યાં. આહા..! આ મુનિઓએ શાસ્ત્રની રચના કરીને શ્રુતને ધાર્યું. એ કુંદકુંદાચાર્ય થયા છે એમણે આ સમયસાર આદિ બનાવ્યા. એ શ્રુતનો પ્રવાહ ઠેઠથી યથાર્થ ચાલ્યો આવે છે જૈન માર્ગમાં. એમાં સંતો પાકે એ પણ સાચા પાકતા જાય છે, ગૃહસ્થો પણ સાચા પાકે. અત્યારે તો વિરહ પડી ગયો. સાચી વસ્તુનું સત્ય સ્વરૂપ.. છતાં પરંપરાનો માર્ગ રહ્યો છે.

ટોડરમલે કહ્યુંને, મને પણ કેટલાક સત્‌શ્રુતનું જ્ઞાન થયું છે. આવે છેને ભાઈ એમાં? શરૂઆતમાં આવે છે, આવે છે. એ પરંપરાનું જ છે મારી પાસે, એમ કે કાંઈ મારું ઘરનું નથી. એ શાસ્ત્રમાં જે બહુ ગૂઢ અને સામાન્યપણે હતું એનો મેં ખુલાસો કર્યો છે કે આમાં આ કહેવા માગે છે, સાધારણ માણસ પકડી શકે એવી રીતે મેં કહ્યું છે, બાકી છે વાત પરંપરાની. આહાહા..! સમજાણું કાંઈ? એવો આજ શ્રાવણ વદ એકમ સિદ્ધાંતની. આપણે અત્યારે અષાઢ વદ એકમ કહેવાય છે. વદ પહેલું આવે છેને, અને સુદ પછી. સુદમાં બે ભેગા થાય છે. વદ ... આજનો દિવસ પૂર્વના કાળનો આરોપ દઈને કહીએ તો ભગવાનની દિવ્યધ્વનિનો દિવસ, ગણધરની (બાર અંગ) રચનાનો દિવસ અને શાસ્ત્ર...

મુમુક્ષુ :- લખાય તો નહિને?

ઉત્તર :- ના ના. લખે ક્યાં? કંઠસ્થ. લખાણ તો ઘણા વર્ષો પછી. એ તો પછી ઘણાં વર્ષો પછી. આ તો કંઠસ્થ થઈને બાર અંગ અને ચૌદ પૂર્વની રચના આજ કરી અંતર્મુહૂર્તમાં. ભલે ક્રમે. છદ્મસ્થ છેને. શબ્દ એમ છે શાસ્ત્રમાં ભાઈ! અંતર્મુહૂર્તમાં પણ ક્રમે. શબ્દ તો એમ જ આવેને. અંતર્મુહૂર્ત. ક્રમ છેને. ભાષા તો... આહાહા..! બાર અંગની રચના ગણધરને ચાર જ્ઞાન અને ચૌદ પૂર્વની પ્રાપ્તિ અંદરમાંથી, દિવ્યધ્વનિનો દિવસ એ આજ છે. આજે મંગળિક છે આ. સમજાણું કાંઈ?

અહીંયા આપણે ૧૩મી ગાથા આવી છેને. ભાવાર્થ બાકી છે? ૧૩. ઓહો..! આવો માર્ગ પરંપરાથી ચાલ્યો આવે છે. એમાં કેટલાક એવા થયા કહે છે. આહાહા..! '**ઈસ કાલ મેં જિનલિંગ સે ભ્રષ્ટ...**' પાઠમાં એમ છેને. '**जिणमग्गि ण होइ सो समणो**' જૈનમાર્ગી નથી એમ કરીને એ વાત વર્ણવી છે આ કુંદકુંદાચાર્યે. નગ્ન લિંગવાળા જે ભાવલિંગ વિનાના એનું વર્ણન તો કર્યું, પણ આ તો જૈનમાર્ગમાં નથી એવાનું વર્ણન હવે કરે છે જરી. નામ જૈન તરીકે છે. છે પાઠ છેને. '**अवरपरुई संतो जिणमग्गि ण होइ**' એ જિનમાર્ગ પણ નથી, ડાહ્યાભાઈ! ઝીણી વાત છે. શ્વેતાંબર અને સ્થાનકવાસી એ જિનમાર્ગી નથી. આહાહા..! જૈનમાર્ગથી ભ્રષ્ટ થઈને નવા શાસ્ત્ર કલ્પિત બનાવીને પંથ નીકળ્યો છે. આ આકરું બહુ લાગે સંપ્રદાયના (માણસોને). ભાઈ! બીજું શું થાય? સત્ય તો આ છે.

'**જિન લિંગ સે ભ્રષ્ટ હોકર...**' એ અહીં લીધી જોયું વાત. એમાંથી આ નીકળે છે એમ કે. જે જિનલિંગ નગ્ન હતા એની વાત તો અમે કરી. એ ભાવલિંગ વિનાના બધા નટશ્રમણ આદિ કહેવાય. તિર્યંચ કહેવાય. નરકમાં જાય ત્યાં સુધી લઈ લીધી વાત. નારદ જેવા કહેવાય. આહાહા..! '**ઈસ કાલ મેં જિનલિંગ...**' એટલે હવે અહીં તો એ લેવું છે. જે નગ્નલિંગ હતું, અનાદિના વીતરાગમાર્ગમાં-પરમેશ્વરના પરંપરાના પંથમાં નગ્નપણું જ

હતું મુનિને. આહાહા..! એ મુનિ એટલે શું બાપુ! આહાહા..! ગ્રંથિ છેદીને જેણે સમ્યક્ પ્રગટ કર્યું છેને. ગ્રંથિનો નાશ કરીને વીતરાગતા જેણે પ્રગટ કરી છે. રાગની એકતાની ગાંઠ તોડીને જેણે સમ્યક્ પ્રગટ કર્યું છે અને રાગની અસ્થિરતાનો નાશ કરીને જેણે વીતરાગતાની દશા પ્રગટ કરી. એવો નિર્ગ્રંથ માર્ગ. મુખ્ય સાધુપણાથી ઉપડે છેને. એવા લિંગથી ભ્રષ્ટ થઈ. આહાહા..!

'**પહલે અર્ધફાલક હુએ,...**' થોડો કટકો રાખ્યો વસ્ત્રનો આટલો. બે હજાર વર્ષ પહેલા બાર વર્ષના દુકાળમાં એ નભી શક્યા નહિ એટલે નગ્ન લિંગ જે અનાદિનું જૈનનું હતું, જૈનનું લિંગ જ એ, એનાથી ભ્રષ્ટ થઈને અર્ધફાલક અહીંથી ઉપાડ્યું છે, કટકો લીધો એ ગ્રંથપણું ન રહ્યું. નિર્ગ્રંથદશા લિંગ ન રહ્યું, એ કુલિંગ થઈ ગયું. આહાહા..! કહો, ગીરધરભાઈ! બહુ આકરું પડે, પણ હવે તો અહીં ઘણા વર્ષ થઈ ગયા. આહાહા..! માર્ગ આ છે. વસ્તુનો સ્વભાવ આવો છે, ભાઈ! એમાં ક્યાંય ફેરફાર જરી પણ કર્યો, લિંગથી ભ્રષ્ટ થયા. આહાહા..! '**અર્ધફાલક...**' થોડો કટકો રાખતા આગળ. '**પીછે ઉનમેં શ્વેતાંબરાદિક સંઘ હુએ,...**' આ શ્વેતાંબર, સ્થાનકવાસી, આ તેરાપંથી અત્યારે. એ બધા એમાંથી થયા. આદિ શબ્દ છેને? '**ઉન્હોંને શિથિલાચાર પુષ્ટ કર...**' એણે શાસ્ત્રોમાં, કલ્પિત શાસ્ત્રોમાં શિથિલાચાર વસ્ત્રો સ્થાપ્યા, પાત્રો સ્થાપ્યા, એનાથી સાધુપણું મનાવ્યું. આહાહા..! એક વસ્ત્રનો ધાગો રાખીને મુનિ માને તો નિગોદમાં જાય એમ કુંદકુંદાચાર્યનું ફરમાન છે. નવ તત્ત્વની ભૂલ છે એમાં એકે એક તત્ત્વની. નવેયની ભૂલ છે. આહાહા..!

ધવલમાં એ આવ્યું છે, ભગવાનની વાણીમાં નવ પદાર્થની પ્રરૂપણા આવી, ભાઈ! આવી વાત છે. નવ પદાર્થની પ્રરૂપણા આવી. ધવલમાં છે પહેલા ભાગમાં. પહેલો ભાગને? નવ પદાર્થ. છ દ્રવ્યની વાત આવી, પણ નવ પદાર્થની પ્રરૂપણા આવી. બે દ્રવ્ય અને બીજી પર્યાયો એમ. એવી ભગવાનની પ્રરૂપણા એમાં આ લોકોએ ફેરફાર કરી નાખ્યો છે. શિથિલાચાર પોષ્યો. આહાહા..!

'**પ્રવૃત્તિ બિગાડી,...**' '**શિથિલાચાર પુષ્ટ કર લિંગ કી પ્રવૃત્તિ બિગાડી,...**' એમ કહ્યું છે. આહાહા..! વસ્ત્રો રાખવા, ધાબળીયું રાખવી, દંડ મોટા રાખવા. આહાહા..! અહીં પાછું રાખે છેને એક .. જેવું. એના ઉપર એક પાછું આ ધાબળી. એ બધું કુલિંગ છે. એક આમ રાખે અને વળી એક રાખે થોડું દેખાવ કે અમે સાધ્વી છીએ. આહાહા..! એ બધા કુલિંગ છે. વીતરાગ સર્વજ્ઞની દિવ્યધ્વનિમાં આવેલા માર્ગથી વિરુદ્ધ માર્ગ છે. આજ ભગવાનની દિવ્યધ્વનિનો દિવસ છે. આહાહા..! આ તો હિતને માટે છે હોં! કોઈને ઉતારી મૂકવા માટે નહિ. વસ્તુની સ્થિતિ આવી છે. આહાહા..! '**લિંગ કી પ્રવૃત્તિ બિગાડી,...**' એમ. શિથિલાચાર પુષ્ટ કરી વસ્ત્ર રાખવાના, પાત્ર રાખવાના. આહાહા..! લિંગની પ્રવૃત્તિ બગાડી.

'**ઉનકા યહ નિષેધ હૈ.**' એનો આ ગાથામાં નિષેધ છે.

'**ઈનમેં અબ ભી કઈ ઐસે દેખે જાતે હૈં જો આહાર કે લિયે શીઘ્ર દૌડતે હૈં,...**' નહિ ઈર્યાસમિતિ, નહિ કાંઈ. દોડે આમ એકદમ. જ્યાં જાવું હોય ત્યાં. સાથે શેઠિયા હોય એકાદ-બે વહોરાવવામાં, દોડે એના ઘરે. ... ફલાણા... નહિ. બોયકોટ. એ હોય છે. એના વિરોધી હોયને ભાઈ! આ બધું સાંભળેલું છે હોં! અત્યારે થાય છે. કોનું છે આ? વિરોધીઓનું. નહિ. બોયકોટ કરે. વળી અહીં શું કામ હોય બોયકોટનું? આવાને આવા બધા સુધરેલા જાણે અમે. સમજ્યાને? આરે..! માર્ગ તે માર્ગ પ્રભુનો! સમ્યગ્દર્શન માર્ગમાં જ્યાં રાગની એકતા તૂટીને ગ્રંથિભેદ થઈને જ્યાં સમ્યગ્દર્શન થાય છે એને જ્યારે મુનિપણું હોય એને કેટલી ગ્રંથિની અસ્થિરતાનો નાશ થઈ જાય. સમજાણું કાંઈ? આહાહા..! જેને પાંચ ઈન્દ્રિયનો ફેલાવનો વિસ્તાર બંધ થઈ જાય. આહાહા..! મુનિ કોને કહે? બાપુ! અરેરે..!

મુમુક્ષુ :- પ્રભુ! આપની કૃપા છે કે આ વાત મળી.

ઉત્તર :- વાત તો એવી છે બાપુ! આહાહા..! ભગવાન! ભગવાનનું તો આ છે. વસ્તુનું સ્વરૂપ આવું છે. ભગવાનની ધ્વનિમાં આ આવેલી વાત છે અને કુંદકુંદાચાર્ય એ કહે છે. ભાઈ! આવો માર્ગ જે પરમાર્થ સંતનો ચાલ્યો આવતો એનું લિંગ બગાડ્યું. આહાહા..! જૈનમાર્ગને બગાડ્યો.

'**આહાર કે લિયે શીઘ્ર દૌડતે હૈં, ઈર્યાપથ કી સુધ નહીં હૈ...**' નીચે જોવાની પણ દરકાર નહિ. આહાહા..! અરે..! અહીં નગ્ન સાધુ આવ્યા હતા. આ લીંબડાના કોરનો ઢગલો નીચે. આહાર લઈને આવ્યા તો કોર ઉપર ચાલે. અરેરે! કીધું, આ શું કરે છે? લોકોને બાહ્ય નગ્નદશા એમાં સંપ્રદાય જેને ... મોહી જાય. નગ્નપણું થયું એટલે શું થયું? આ લીંબડાના હતાને કોર બહુ. પગ મૂકે અંદર. એક એક પગમાં... આહાહા..! નિષ્પ્રયોજન, દરકાર ન મળે. અરેરે..! એક એક પગલે અનંત જીવ મરી જાય છે એની ખબર ન મળે.

અહીં કહે છે, '**આહાર ગૃહસ્થ કે ઘર સે લાકર...**' પાત્ર લેને. પાત્ર... '**આહાર ગૃહસ્થ કે ઘર સે લાકર દો ચાર શામિલ બૈઠકર ખાતે હૈં, ઉસમેં બંટવારે મેં સરસ, નીરસ આવે તબ પરસ્પર કલહ કરતે હૈં...**' આ તો નજરે જોયેલું છે હોં! બધું નજરે જોયું છે. શું કરો છો આ તમે? કીધું. વહેંચવામાં આ વાંધા આવે છે. તમે કરો છો શું? એમ કહેવાઈ ગયું હતું મારાથી. ૭૭માં. અરે..! તમને દીક્ષા કોણે આપી? કીધું. એમ ભાઈ કહેવાઈ ગયું. અરર..! આ શું કરો છો તમે? કીધું. અમારા સંપ્રદાયમાં થયું હતું. બે જણા આહાર લઈને આવ્યો હતો, આને ન આપ્યો કાંઈક. આ શું કરો છો તમે? મારાથી એમ કહેવાઈ ગયું. હું પાટે બેઠો હતો અને એ તકરાર કરતા હતા બે જણા. આ દીક્ષા કોણે

આપી તમને આવી લાઈનમાં? જેને હજી આવા તકરાર અને આ ક્લેશ શું છે? ખીજાણા તો ખરા, પણ મારી સામે શું બોલે? ૭૭ની વાત છે. આ શું તકરાર? આહારને માટે આ શું? આહાહા..! જેને પરિષહ અને ઉપસર્ગ આવતા પણ ખેદ ન થાય એવી દશા વીતરાગતાની, એને આવા શું? આ શું? આ માર્ગ છે કાંઈ? આ કહે છે એ સાચે સાચી (વાત) છે.

'**શામિલ બૈઠકર ખાતે હૈં, ઉસમેં બંટવારે મેં...**' વહેંચવામાં. '**સરસ, નીરસ આવે...**' કો'કને સારો આહાર આવી જાય અને કો'કને લૂખો રહે ભાગ પાડતા. પછી તકરાર. અરે..! આ શું કરો છો? '**પરસ્પર કલહ કરતે હૈં ઔર ઉસકે નિમિત્ત પરસ્પર ઈર્ષ્યા કરતે હૈં,...**' આહાહા..! '**ઈસપ્રકાર કી પ્રવૃત્તિ કરેં તબ કૈસે શ્રમણ હુએ?**' એમ કહે છે. '**ण होइ सो समणो**' એમ છેને ચોથું પદ. '**વે જિનમાર્ગી તો હૈં નહીં, કલિકાલ કે ભેષી હૈં.**' આહાહા..! '**ઈનકો સાધુ માનતે હૈં વે ભી અજ્ઞાની હૈં.**' માર્ગ તો આવો છેને ભાઈ. કરે, કરાવે અને અનુમોદે, ત્રણે એક જાતના શ્રદ્ધાની છે. ઓહો..! વીતરાગ પરમેશ્વરે તો આ માર્ગ કહ્યો હતો. અનાદિનો એ માર્ગ છે. ત્યારે વળી કોઈ હવે તો બચાવ કરે છે. આ બધું બહાર આવ્યુંને આમાં એટલે. કે અમારા શાસ્ત્રમાં એમ ક્યાં કહ્યું છે? અમે એ શાસ્ત્રને ક્યાં માનીએ છીએ? એમ કહે છે. અમારા શાસ્ત્રમાં તો આવાને સાધુપણા કીધા છે, દિગંબરના નહિ. એમ કરીને બચાવ કરે છે. શાસ્ત્ર જ તારા ખોટા છે કલ્પિત બનાવેલા બાપુ! આહાહા..! સાધુ માને એ અજ્ઞાની છે.

'આગે ફિર કહતે હૈં -' ૧૪.

गिण्हदि अदत्तदाणं परणिंदा वि य परोक्खदूसेहिं।
जिणलिंगं धारंतो चोरेण व होइ सो समणो।।१४।।

આ તો હવે જિનલિંગ ધારણ કરવાની... '**અર્થ :- જો બિના દિયા તો દાન લેતા હૈ ઔર પરોક્ષ પર કે દૂષણોં સે પર કી નિંદા કરતા હૈ વહ જિનલિંગ કો ધારણ કરતા હુઆ ભી ચોર કે સમાન શ્રમણ હૈ.**' આહાહા..! વાસ્તવિક સંતપણું કેવું હોય એને બતાવવા માટે આ વાત કરી છે. શ્રદ્ધામાં એને વાસ્તવિક સાધુ કેવા હોય એની એને શ્રદ્ધા વાસ્તવિક હોવી જોઈએ. એથી વિરુદ્ધ હોય તો એ શ્રદ્ધા ખોટી છે એમ. પાંચમા શ્રમણસૂત્રમાં નથી આવું? ... એમ આવે છે. પાંચમાંમાં આવે છેને?

મુમુક્ષુ :- શ્રમણસૂત્રમાં.

ઉત્તર :- હા, શ્રમણસૂત્ર પાંચમું. નમો લોએ સવ્વ, ... પાંચમું છે.

'**જિનલિંગ કો ધારણ કરતા હુઆ ભી ચોર કે સમાન શ્રમણ હૈ.**'

'**ભાવાર્થ :- જો જિનલિંગ ધારણ કરકે બિના દિયે આહાર આદિ કો ગ્રહણ**

**કરતા હૈ,...'** એટલે કે પરના પ્રાણ ઉપર જાય, દબાવીને આવે એમ. ... અને એને દેવાનો ભાવ ન હોય છતાં એને દેવું પડે એ અદત્ત કહેવાય છે એમ કહે છે. **'પર કે દેને કી ઈચ્છા નહીં હૈ,...'** જોયું! **'પરંતુ કુછ ભયાદિક ઉત્પન્ન કરકે લેના...'** એટલે એનો અર્થ કે ત્યાં જાય અને ન દે તો વળી આગળ-પાછળ ગૃહસ્થોને નિંદા થાય કે આ શું? આ તો સાધુને આહાર આપતા નથી, આ તો વિરોધી લાગે છે. એને દેવું પડે. **'તથા નિરાદર સે લેના,...'** આદર તો નહિ, ઓલામાં તો તિષ્ઠ... તિષ્ઠ... તિષ્ઠ... એવો પાઠ છેને? સાધુ આવે, નગ્ન મુનિ હોય એને તિષ્ઠ... તિષ્ઠ... તિષ્ઠ... પધારો મહારાજ પધારો. ... ત્યારે એ જાય, નહિતર જાય નહિ. આ માર્ગની રીત જણાવે છે. છ પાહુડ તો કહ્યા પણ સાતમું આ લિંગપાહુડમાં આવો માર્ગ છે (એમ કહ્યું). આહા...!

જેનું નગ્ન લિંગ હોય છતાં પરને ઘરે એની ઈચ્છા વિના પેસે ત્યારે.. બહુ બને સ્થાનકવાસીમાં. ગામડામાં જાય, ત્યાં વાણિયા ઘર ન હોય તો જ્યાં ત્યાં ઘરમાં પેસવું પડે. પછી કહે આહાર વહોરાવશો? ઓલાને ભાવ ન હોય, પણ વાણિયાના સાધુ આવ્યા. દે તો લેવું પડે. માર્ગ નથી, ઈ વ્યવહાર માર્ગ પણ નથી. આહાહા..!

મુમુક્ષુ :- ભક્તિ તો ક્યાં રહી.

ઉત્તર :- ભક્તિ ક્યાં હતી.

મુમુક્ષુ :- આવું વાંચતા નહિ હોય?

ઉત્તર :- ઈ તો વાંચે પણ એને બેસવું (જોઈએને). વાંચે ને સાંભળે છતાં એને ન બેસે.

મુમુક્ષુ :- મોટાભાગના તો વાંચે છે.

ઉત્તર :- મોટા વાંચે છે, ઘણાંય વાંચે છે હવે. હવે તો બહાર આવ્યું. ૪૦ વર્ષથી બહાર ઘણું (આવ્યું છે). વાંચે છે પણ અંદર .. એ તો એનું કહેલું છે. દિગંબરનું કહેલું છે, દિગંબરનું કહેલું છે. અને શ્રીમદ્‌માં કહ્યું છેને. શ્રીમદ્‌માં નોટ કરી હતી ભાઈએ દામોદર શેઠે. આ ઠીક છે. કરી હતી. ઘણી વાર કરી હતી. હા. હા. સંપ્રદાયને માન્ય છે. એમના પાડોશી ગોંડલના. દીક્ષા લીધી ... રાજકોટમાં નહિ? શીવીબહેન હતા એનો વર. શીવીબેન ગુજરી ગયા. એના ઓલા હતાને, લાતીવાળા શું કહેવાય? એના બાપ. કપુરચંદ. કપુરચંદભાઈ એની દીકરી. એના વરે દીક્ષા લીધી સ્થાનકવાસી.

મુમુક્ષુ :- અષ્ટપાહુડ વાંચ્યું હતું.

ઉત્તર :- હા, વાંચ્યું હતું. એમાં પાછી નોટ કરી કે આ બરાબર, આ ઠીક નથી. આ બરાબર છે. અહીં રહી ગયા છે હોં! રામજીભાઈને ત્યાં રહ્યા હતા. પણ એને બહારના ગાંધીની

લાઈનની વાત બધી. ભાઈ! અહીં તો માર્ગ બીજો છે. આહાહા..!

મુમુક્ષુ :- એમની દીકરી અહીં આવે છે.

ઉત્તર :- હા, એ તો દયાબહેનના બહેન છે. ત્યાં કલકત્તા. શાંતિલાલ વનમાળી, જેતપુરવાળા. દિલ્હી. એ બાઈને તો ખબર છે. હજી આ શાંતિલાલ ઓલામાં જાય, બધું ભેળસેળ થોડું. અરે..! મારગડા એવા આ તો વીતરાગના છે ભાઈ!

'**નિરાદર સે લેના, છિપકર કાર્ય કરના...**' એમ. '**યે તો ચોર કે કાર્ય હૈં.**' કહે છે. ખાનગી-ખાનગી લેવું ને દેવું. કોઈ વસ્તુ લેવી હોય તો ખાનગી લઈ લેવી. બહાર પડી ન જાય ફલાણું. '**યહ ભેષ ધારણ કરકે ઐસે કરને લગા તબ ચોર હી ઠહરા ઈસલિયે ઐસા ભેષી હોના યોગ્ય નહીં હૈ.**' લ્યો!

'**આગે કહતે હૈં કિ જો લિંગ ધારણ કરકે ઐસે પ્રવર્તતે હૈં, વે શ્રમણ નહીં હૈ :-**' આ તો લિંગપાહુડ છેને.

**उप्पडदि पडदि धावदि पुढवीओ खणदि लिंगरूवेण।**

**इरियावह धारंतो तिरिक्खजोणी ण सो समणो।।१५।।**

લિંગ ધારણ અહીં તો હોં! નગ્નપણું ધારણ કરીને.

'**અર્થ :- જો લિંગ ધારણ કરકે ઈર્યાપથ શોધકર ચલના થા ઉસમેં શોધકર નહીં ચલે,...**' કાંઈ જોવે નહિ. દોડાદોડ ચાલે આમથી આમ, આમથી આમ. વાતું કરતા. '**દૌડકર ચલતા હુઆ ઉછલે,...**' પછી આમ પગ થઈ જાય અને આમ પગ પડે. '**ગિર પડે,...**' પડી પણ જાય કોઈ વખતે. '**ફિર ઉઠકર દૌડે ઔર પૃથ્વી કો ખોદે,...**' પૃથ્વીમાં પગથી ખોદાય, ખાડો પડી જાય એમ. '**પૃથ્વી કો ખોદે, ચલતે હુએ ઐસે પૈર પટકે જો ઉસસે પૃથ્વી ખુદ જાય...**' પગ એવો મૂકે કે પૃથ્વીમાં ખાડો પડી જાય. આ ધૂળ-બુળ હોને આખી? '**ઈસપ્રકાર સે ચલે સો તિર્યંચયોનિ હૈ,...**' આહાહા..! મુનિ તો જોઈને, ઈર્યા શોધીને શાંત ચિત્તથી વીતરાગભાવે જ્ઞાતા-દ્રષ્ટા રહીને વિકલ્પ ઉઠ્યો હોય એને જાણે. આહાહા..! એવો માર્ગ વીતરાગનો એને એણે ઓળખવો તો પડશેને? સમજાણું કાંઈ? આહાહા..! '**પૃથ્વી ખુદ જાય ઈસપ્રકાર સે ચલે સો તિર્યંચયોનિ હૈ, પશુ હૈ, અજ્ઞાની, હૈ, મનુષ્ય નહીં હૈ.**' આહાહા..!

સંત તો વૈરાગે ઝૂલતા, આનંદમાં રમતા... આહાહા..! સ્વના અવલોકનમાં તો જેની દૃષ્ટિ પડી છે નિરંતર. સમ્યગ્દર્શન છે તો નિરંતર સ્વની પ્રતીતમાં નિરંતર છે. શ્રદ્ધા, શ્રદ્ધાનું કામ નિરંતર કરે છે, જ્ઞાન જાણવાનું કામ પણ નિરંતર કરે છે, સ્થિરતા પણ જે છે એ પણ નિરંતર છે. વિકલ્પ ઊઠે છે એને જાણે છે. આહાહા..! એની ઈર્યાસમિતિ, ભાષાસમિતિ

એ મનુષ્ય નથી કહે છે. આહાહા..!

'**આગે કહતે હૈં કિ જો વનસ્પતિ આદિ સ્થાવરજીવોં કી હિંસા સે કર્મબંધ હોતા હૈ ઉસકો ન ગિનતા...**' રસ્તામાં વનસ્પતિ કીધુંને, આ કોર લીંબડાના. આહાહા..! અરે..! એની ઝીણી શું કહેવાય? પીપળાની? કુંપણ. પીપળના કુંપણા હોયને ઝીણા. બહુ કુણાં. પેપા નહિ કુંપણા. પેપા તો ફળ. એના કુંપળ પાંદડા લીલા પહેલા ઊગેલા. બહુ ઝીણા હોય, બહુ લીલા અનંત હોય. કુણા અનંત. પહેલા ઉગમાણે અનંત આવ્યો પાઠ. ઉગમાણે અનંતા, ઉગે ત્યારે અનંતા હોય, પછી પ્રત્યેક થઈ જાય. એવા પણ નીચે પડે અને પગમાં આવે દોડે, વાતું કરતો જાય. આ તે કાંઈ સાધુ છે? આહાહા..! નગ્ન લિંગ ધારણ કરીને પણ હોં! એની વાત છે. આહાહા..! આકરું કામ બહુ ભાઈ!

'**કર્મબંધ હોતા હૈ ઉસકો ન ગિનતા સ્વચ્છંદ હોકર પ્રવર્તતા હૈ, વહ શ્રમણ નહીં હૈ :-**'

**बंधो णिरओ संतो सस्सं आखंडेदि तह य वसुहं पि।**
**छिंददि तरुगण बहुसो तिरिक्खजोणी ण सो समणो।।१६।।**

'**અર્થ :- જો લિંગ ધારણ કરકે વનસ્પતિ આદિ કી હિંસા સે બંધ હોતા હૈ,...**' પૃથ્વી, વનસ્પતિ આદિ પડી હોય ઝીણા કટકા આદિ. એના ઉપર પગ મૂકે '**ઉસકો દોષ ન માનકર બંધ કો નહીં ગિનતા હુઆ...**' આહાહા..! '**સસ્ય અર્થાત્ અનાજ કો કૂટતા હૈ...**' પગમાં પીલે. પગમાં અનાજ આદિ કુટાય. દાણા હોય, બાજરા હોય. '**ઔર વૈસે હી વસુધા અર્થાત્ પૃથ્વી કો ખોદતા હૈ તથા બાર-બાર તરુગણ અર્થાત્ વૃક્ષોં કે સમૂહ કો છેદતા હૈ,...**' વૃક્ષની ડાળી નીકળી હોયને નીચે? ઝાડની નીચે નીકળ્યા હોય એના ઉપર ચાલે એમ કહે છે. છેદે એને. મૂળિયા હોયને મૂળિયા? મૂળિયા બહાર નીકળે ને બહાર ચાલે તો એના ઉપર પગ મૂકીને ચાલે. બહાર ભલે ઝાડવું હોય, એના મૂળીયા બહાર નીકળ્યા હોય છેને ઘણા? પીપળાના, લીંબડાના બહાર મૂળિયા હોય ખુલ્લા. એને ખોદે, પગ ઉપર મૂકીને. '**વૃક્ષોં કે સમૂહ કો છેદતા હૈ, ઐસા લિંગી તિર્યંચ યોનિ હૈ, પશુ હૈ, અજ્ઞાની હૈ, શ્રમણ નહીં હૈ.**' આટલા તો શબ્દ વાપરે છે. તિર્યંચ યોનિ.. એના પછી બે અર્થ કર્યા એ અજ્ઞાની.

'**ભાવાર્થ :- વનસ્પતિ આદિ સ્થાવર જીવ જિનસૂત્ર મેં કહે હૈં...**' જીવ છે એ ભાઈ! આહાહા..! '**ઔર ઈનકી હિંસા સે કર્મબંધ હોના ભી કહા હૈ ઉસકો નિર્દોષ સમજતા હુઆ કહતા હૈ કિ ઈસમેં ક્યા દોષ હૈ? ક્યા બંધ હૈ?**' શું બંધ થયો ત્યાં? '**ઈસપ્રકાર માનતા હુઆ તથા વૈદ્ય કર્માદિક કે નિમિત્ત...**' લ્યો! વૈદ્ય માટે

કોઈ વનસ્પતિ મગાવે. આ ઔષધિ ઠીક, આ ઔષધિ ઠીક પડશે એને, ફલાણું, ઢીંકણું. **'વૈદ્ય કર્માદિક કે નિમિત્ત ઔષધાદિક કો, ધાન્ય કો, પૃથ્વી કો...'** લ્યો! આ અનાજ ને પૃથ્વી અને આ વનસ્પતિ ઔષધિ આદિ. **'પૃથ્વી કો તથા વૃક્ષોં કો ખંડતા હૈ, ખોદતા હૈ, છેદતા હૈ વહ અજ્ઞાની પશુ હૈ, લિંગ ધારણ કરકે શ્રમણ કહલાતા હૈ, વહ શ્રમણ નહીં હૈ.'** એ વખતે પણ કાંઈક ગોટા હશે ક્યાંક. કો'ક એવા હોય, કાંઈ બધા સરખા ન હોય. આહાહા..! હોય કો'ક એવા.

આમ તો ત્યાં સુધી આવ્યું છેને મોક્ષમાર્ગ પ્રકાશકમાં, કે સમવસરણમાં કાંઈ બધા ભાવલિંગી હોતા નથી. એવું આવ્યું છે. દ્રવ્યલિંગી હોય છે. હવે એ દ્રવ્યલિંગી ભલે ઓલા હોય, પણ બહાર નીકળીને કોઈ એવા પણ હોય. સમવસરણમાં એવો પાઠ છે. બધા સમકિતી નહોતા. કોઈ દ્રવ્યલિંગી પણ આવીને પડ્યા હોય. આહાહા..! મોક્ષમાર્ગપ્રકાશકમાં છે. અરે! માર્ગ બાપુ! સાધુનો માર્ગ તે આકરો ભાઈ! નગ્નપણું, વસ્ત્રનો ધાગો નહિ, ઈર્યાસમિતિએ જોવું અને એના માટે કરેલો આહાર પ્રાણ જાય તોપણ ન લે એવી તો એની એષણા સમિતી હોય. આહાહા..! આ તો એને માટે બનાવે. ખબર પડે કે અહીં મારા માટે બનાવ્યો છે. ત્યાં જઈને લઈ આવે. શું એનો અર્થ?

મુમુક્ષુ :- લઈ આવીને કહે.

ઉત્તર :- કહે પણ ખરા કો'ક વળી એવા. આ તો કોઈ ન પણ કહે. આહાહા..! એ તો અમારે ત્યાં વાત થઈ ગઈ પાલેજ. બરવાળાના સાધુ આવ્યા હતા. ઓલો કહે, અમારા સાધુ એવું પણ કહે અમારા પોલા કાનાના નહિ ગાંડાભાઈને? જોતું હોય તો કહી દે એમ કહેતા હતા. મણિલાલજી આવ્યા હતા. કણબી હતા .. દીક્ષા લીધી હતી. અહીં પણ મળ્યા હતા પહેલાં નાની ઉંમરમાં ઉમરાળા. ત્યાં આવ્યા હતા મુંબઈ. અમે તો .. કો'કને જોઈતું હોય તો ભજીયા-બજીયા. એમ કરીને અમને કહેતો હશે મને લાગે, પણ આપણે કાંઈ દરકાર કરી નહિ. આહાહા..!

**'આગે કહતે હૈં કિ જો લિંગ ધારણ કરકે સ્ત્રિયોં સે રાગ કરતા હૈ વહ પર કો દૂષણ દેતા હૈ, વહ શ્રમણ નહીં હૈ :-'**

**रागं करेदि णिच्चं महिलावग्गं परं च दूसेदि।**
**दंसणणाणविहीणो तिरक्खजोणी ण सो समणो।।१७।।**

**'અર્થ :- જો લિંગ ધારણ કરકે સ્ત્રિયોં કે સમૂહ મેં...'** બેસે અને રાગ કરે અને ભણાવે. આહાહા..! આ તે કાંઈ માર્ગ છે, બાપા! સાધુનો એ માર્ગ છે સ્ત્રીઓના ટોળા ભેગા કરીને બેસે? એને વંચાવે એ માર્ગ છે? કાંઈ? અહીં સાધુ આવ્યા હતા. સ્ત્રીના ટોળા

ભેગા થતાં. નગ્ન મુનિ હોં રાતે. સાંજ સુધી બેસે કલાક અંધારું... આહાહા..! '**સ્ત્રીયોં કે સમૂહ મેં જો નિરંતર રાગ-પ્રીતિ કરતા હૈ ઔર પર કો (કોઈ અન્ય નિર્દોષ હૈં ઉનકો) દોષ લગાતા હૈ...**' તમે એક તો ભણાવતા નથી, જ્ઞાન આપતા નથી અને અમારો દોષ કાઢો છો. અમે તો ભણાવીએ છીએ, જ્ઞાન આપીએ છીએ. એમ જ્ઞાન આપવાને નામે સ્ત્રીઓના સંગમાં રાગ કરે. આહાહા..! આચાર્યે તો ચીતરણ આપ્યું છેને બરાબર. '**ઔર પર કો (કોઈ અન્ય નિર્દોષ હૈં ઉનકો) દોષ લગાતા હૈ વહ દર્શનજ્ઞાન રહિત હૈ,...**' એ તો સમ્યગ્દર્શન અને જ્ઞાન વિનાના છે. લિંગ એકલા છે કહે છે. આહાહા..! '**ઐસા લિંગી તિર્યંચયોનિ હૈ, પશુ સમાન હૈ, અજ્ઞાની હૈ, શ્રમણ નહીં.**' આહાહા..!

'**ભાવાર્થ :- લિંગ ધારણ કરનેવાલે કે સમ્યગ્દર્શન-જ્ઞાન હોતા હૈ...**' એમ કહે છે. જેને નગ્નપણું હોય એને સમ્યગ્દર્શન-જ્ઞાન હોય તો એ લિંગપણું એનું. આહાહા..! પૂર્વભાવી આવ્યું હતુંને કાલે? પહેલી એને સમ્યગ્દર્શનની ભાવના પ્રગટ થયેલી હોય. આત્માનો અનુભવ, જેને આત્માના આનંદનો સ્વાદ પહેલો આવ્યો હોય એ સ્વાદ વધારવા માટે મુનિપણું લે છે.

મુમુક્ષુ :- બહાર દેખાડવા નહિ?

ઉત્તર :- ના. બીજાને શું દેખે? બીજો માને, ન માને શું કામ છે એને? કે ભાઈ અમે ત્યાગી થયા, અમે ... હવે. એ તો બધા લોભી થયા. આહાહા..! એ તો નગ્ન મુનિ દિગંબર હોય એની વાત છે. અને તે પણ પ્રથમ એને સમ્યગ્દર્શન થયું હોય. સમ્યગ્દર્શન અનુભવ વિના નગ્ન લિંગ ધારણ કરે અને સાધુપણા, એ તો બધા ભ્રષ્ટ છે. આહાહા..! મૂળ વજન તો અહીં છેને.

'**સમ્યગ્દર્શન-જ્ઞાન હોતા હૈ...**' પ્રથમ જ એને આત્મા વસ્તુ પરિપૂર્ણ. વિદ્યમાન કહ્યું હતુંને રાત્રે, નહિ? ઓલું નહોતું આવ્યું આપણે વિદ્યમાન? વિદ્યમાનનો અર્થ સત્યાર્થ, ભૂતાર્થ. એ ભૂતાર્થ આત્મા છે તે જ્ઞાની છે. આહાહા..! ભૂતાર્થ એક સમયમાં પૂર્ણ-પૂર્ણ જેની હયાતી, જેનું સત્યાર્થપણું, એનું ભૂતાર્થપણું જેને ભાસ્યું છે એને સમ્યગ્દર્શન-જ્ઞાન કહીએ. આહાહા..! ત્રિકાળ ભગવાન આત્મા પરમાનંદ સ્વરૂપે બિરાજમાન પ્રભુ એનું જેને વિદ્યમાનપણું ભાસ્યું છે પ્રતીતમાં, જ્ઞાનમાં. એ ભાસ્યું છે એમ કહે છે, પર્યાય ભાસી છે એમ નહિ. આહાહા..! પર્યાયમાં ભાસ્યું છે આ એમ કહે છે. આહાહા..! વર્તમાન પર્યાય—અવસ્થામાં ભાસ્યો છે વિદ્યમાન પદાર્થ ભૂતાર્થ. આહાહા..! અહીંથી શરૂઆત થાય છે. એવો જે ભગવાન આત્મા એને તો સમ્યગ્દર્શન-જ્ઞાન તો પહેલા પ્રગટ થયેલા જ હોય, તો એ નગ્નપણું ધારણ કરે. એકલા નગ્નપણાના ભાવ સમ્યગ્દર્શન વિના તો થોથા છે કહે છે. એવા દ્રવ્યલિંગ તો અનંત વાર ધાર્યા કે જેનો કોઈ પ્રદેશ બાકી નથી જન્મ્યા મર્યા વિનાનો. એમ પણ આવી ગયું

છેને? એવા દ્રવ્યલિંગ એટલા ધાર્યા કે જેના જન્મ-મરણનો પ્રદેશમાં ખાલી નથી ચૌદ બ્રહ્માંડમાં. આહાહા..! ક્ષેત્ર ખાલી નથી, અનંત ચોવીસીનો કોઈ એક સમય ખાલી નથી. એક ચોવીસીમાં અસંખ્ય સમય હોયને? એક એક સમયમાં અનંત વાર મર્યો છે. ઓહોહો..! કાળની આદિ ક્યાં? અનાદિ... અનાદિ... અનાદિ... કાળ એમાં, કહે છે કે દ્રવ્યલિંગ ધારણ કરીને કોઈ ક્ષેત્ર ને કોઈ સમય ને કોઈ પરિણામ શુભાશુભ બાકી નથી રાખ્યા એમ કહે છે. સમજાણું કાંઈ? શુભ-અશુભ પરિણામ પણ બાકી નથી રાખ્યા એટલા શુભ પરિણામ કર્યા છે. આહાહા..!

મુમુક્ષુ :- ત્યારે તો નવમી ગ્રૈવેયક જાય.

ઉત્તર :- નવમી ગ્રૈવેયક જાય. આહાહા..! એવો શુભભાવ બાકી નથી રાખ્યો તેં. સમય સમયમાં પરિણામે પરિણામે જન્મ્યો અને મર્યો છો. આહાહા..! પણ વસ્તુ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એની હયાતીપણાની પ્રતીત અને અનુભવ ન કર્યો. આહાહા..! અને જેને એ અનુભવ હોય એ જિનલિંગ ધારણ કરે એમ કહે છે અહીં તો. '**दंसणणाणविहीणो**' છેને? એટલે એને કહ્યું કે દર્શન-જ્ઞાનસહિત હોય એમ. એમાંથી કાઢ્યું.

'**ઔર પરદ્રવ્યોં સે રાગ-દ્વેષ નહીં કરનેવાલા ચારિત્ર હોતા હૈ.**' ત્રણ વાત થઈ. પહેલું તો જેને સમ્યગ્દર્શન અને જ્ઞાન હોય, પૂર્ણ પરમાત્મા પોતે તેની હયાતીનો સ્વીકાર અંદર વેદન—અનુભવમાં આવ્યો હોય અને એનું એને જેને વિદ્યમાનપણું છે ત્રિકાળનું એનું જેને જ્ઞાન હોય અને પછી '**રાગ-દ્વેષ નહીં કરનેવાલા...**' પછી રાગ અને દ્વેષ ન કરે તે ચારિત્ર છે. આહાહા..! પછી પંચ મહાવ્રતના પરિણામ ને એ તો રાગ છે. એ કાંઈ ચારિત્ર નથી. વળી કોઈ એમ કહે કે ભાઈ! પાંચમા આરામાં આવું બધું ગોતવા જાશું તો નહિ મળે. ન મળે એટલે કાંઈ બગલાને હંસલા મનાતા હશે? હંસ ન દેખાય એટલે કાંઈ બગલાને હંસ મનાય? જે મોતીના ચારા ચરનારા (હંસ અને) એ માંસના ખાનારા બગલા. આહાહા..! અનુભવના મોતી ચરનારા સંતો, મુનિઓ એ આ રાગના ચારા ચરે, રાગના અનુભવે એને કાંઈ સાધુ મનાય? આહાહા..! આચાર્ય તો બધી વાત મૂકે તો બધી મૂકેને ભાઈ! ભાવપાહુડ, મોક્ષપાહુડ, બોધપાહુડ, દર્શનપાહુડ અને જ્ઞાન, ચારિત્ર જુઓ! કેટલા અધિકાર લીધા!

મુમુક્ષુ :- ભાવ કીધો એટલે એના અનુસંધાનમાં લિંગની વાત કરી.

ઉત્તર :- હા, લિંગની વાત કરી. આવા ભાવવાળાનું લિંગ હોય એમ. જેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે એને તો લિંગ નગ્ન જ હોય. એ વિનાના લિંગ છે એ બધા નિરર્થક. હતું જે એ તો ફોતરા ખાંડ્યા. ફોતરા ખાંડ્યા, ચોખા તો ન રહ્યા અંદર. આહાહા..!

'**વહાં જો સ્ત્રીસમૂહ સે તો રાગ-પ્રીતિ કરતા હૈ...**' લ્યો! જોયુંને ઓલું? રાગ-દ્વેષ નહિ એવું ચારિત્ર સિદ્ધ કરવું છેને. સ્ત્રીના ઓલામાં રાગ-પ્રીતિ કરે '**અન્ય કે દોષ**

**લગાકર દ્વેષ કરતા હૈ...'** રાગ-દ્વેષ કરે એમ કહે છે. પછી રાગ કરે અને જે એને પોતાને ન ગોઠે એના ઉપર દ્વેષ કરે. આહાહા..! **'વ્યભિચારી કા સા સ્વભાવ હૈ તો ઉસકે કૈસા દર્શન-જ્ઞાન?'** એને કેવું વળી દર્શન-જ્ઞાન? આહાહા..! એને સમ્યગ્દર્શન અને જ્ઞાન ક્યાં છે? **'ઔર કૈસા ચારિત્ર? લિંગ ધારણ કરકે લિંગ કે યોગ્ય આચરણ કરના થા વહ નહીં કિયા, તબ અજ્ઞાની પશુ સમાન હી હૈ,...'** આહાહા..! નગ્નપણું ધારણ કરીને તો લિંગને યોગ્ય જે ચારિત્ર આચરણ જોઈએ, એ આચરણ જોઈએ. આહાહા..! આમાં ક્યાં મેળ ખાય એવું છે?

મુમુક્ષુ :- સગવડતા પ્રમાણે કરવા લાગી ગયા.

ઉત્તર :- એ સગવડતા તો અનાદિની કરેલી છેને. આત્માની સગવડતા શું એની તો ખબર ન મળે અને બહારની સગવડ શરીરની. આહાહા..!

**'શ્રમણ કહલાતા હૈ વહ આપ (સ્વયં) ભી મિથ્યાદષ્ટિ હૈ...' 'સમાન હી હૈ, શ્રમણ કહલાતા હૈ વહ આપ (સ્વયં) ભી મિથ્યાદષ્ટિ હૈ ઔર અન્ય કો ભી મિથ્યાદષ્ટિ કરનેવાલા હૈ...'** આહાહા..! એવું મનાવે કે અમે પણ સાધુ છીએ. બીજા એને માને એ તો મિથ્યાદષ્ટિ છે. આહાહા..! **'ઐસે કા પ્રસંગ ભી યુક્ત નહીં હૈ.'** એવા જીવોનો પ્રસંગ કરવો એ પણ વ્યાજબી નથી. આહાહા..! એ ૧૭ ગાથા કરી.

'આગે ફિર કહતે હૈં :-'

**पव्वज्जहीणगहिणं णेहं सीसम्मि वट्टदे बहुसो।**
**आयारविणयहीणो तिरिक्खजोणी ण सो समणो।।१८।।**

આહાહા..! કરૂણાથી વાત છે હોં! કરૂણા છે. બાપુ! તારા માર્ગમાં આ ન હોય. આવા હોય એને તો પશુ કહેવાય છે. પશુ જેમ આખો દિ' ચારો ચરે. એમ આખો દિ' તું રાગ અને દ્વેષ કર્યા કરે અને રાગ-દ્વેષમાં લીન રહ્યા કરે, પશુ જેવો છો. આહાહા..! પશુ જેમ આખો દિ' એ ખાય, તું આખો દિ' રાગ અને દ્વેષ, રાગ અને દ્વેષ. ઠીક પડે એના ઉપર રાગ અને ન ઠીક પડે એના ઉપર દ્વેષ. એ તો રાગનો અને દ્વેષનો કષાયનો ચારો તારો છે. આહાહા..! તને આત્માનો ચારો નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ વદ ૨, શનિવાર તા. ૦૬-૦૭-૧૯૭૪**
**ગાથા - ૧૮ થી ૨૧, પ્રવચન - ૧૯૨**

... સાધુનું લિંગ ધારણ કરીને, બાહ્યલિંગ નગ્નપણું. અને જેણે અંતરમાં જ્ઞાન, દર્શન, આનંદ આદિ આચરણને અંતરમાં મૂકી (-છોડ્યું) એ લિંગને લિંગ પણ કહેવાતું નથી. ... વસ્ત્રસહિતનું લિંગ, ગૃહસ્થ પોતાના માનનારા હોય ભક્તો એના ઉપર લાલપાલ બહુ કરે, સ્નેહ બહુ કરે, પ્રીતિ કરે. આ બધા લક્ષણો લિંગધારીઓના છે કહે છે. આત્મા આનંદસ્વરૂપ છે એવી જેને દૃષ્ટિ થઈ છે અને જેમાં એની પ્રવ્રજ્યા નામ આનંદની દશા અંગીકાર કરી એને આ શું હોય? એને માનનારા ઉપર બહુ લાલપાલ કરવું, સ્નેહ કરવો, રાગ કરવો, પ્રીતિ કરવી. ગૃહસ્થો અને શિષ્યો. પોતાના શિષ્ય હોય એના ઉપર બહુ પ્રેમ અને પ્રીતિ (રાખે). આત્માનો પ્રેમ તો જાગ્યો નથી. મૂળ તો એમ કહે છે. આત્મા આનંદસ્વરૂપ છે એનો પ્રેમ તો છે નહિ. એટલે આમ બહારમાં પ્રેમને વાળી દીધો છે, શિષ્યોમાં ને એમાં. એ તો રાગી પ્રાણી છે, એ મુનિ નથી. આહાહા..!

મુનિ તો વીતરાગી મુનિ હોય છે. જેને અંતરમાં વીતરાગતા પ્રચુર સ્વસંવેદન અતીન્દ્રિય આનંદનું સ્વરૂપ એનું પ્રચુર વેદન હોય છે. આનંદનું વેદન હોય છે એમ કહે છે. એવી પ્રવ્રજ્યા જ્યાં છે નહિ અને બાહ્ય નગ્નપણાનું લિંગ ધારણ કર્યું, એ બહારમાં શિષ્યો ને ગૃહસ્થોમાં એનો રાગ જાશે. એની લાલપાલ-સંભાળ, એને ઘરે જાવું, એને મીઠાશથી બોલાવવું, આવો... આવો... આવો... એવો બધો રાગી થાશે કહે છે. આ તો વીતરાગમાર્ગ છેને ભાઈ! વીતરાગમાર્ગ તો આત્મા શુદ્ધ ચૈતન્યસ્વરૂપ પવિત્ર એનો અનુભવ થવો પ્રથમ એનું નામ સમ્યગ્દર્શન છે. વીતરાગ માર્ગમાં તો આ દશા છે પહેલી.

હવે એ કહે છે કે આત્મા શુદ્ધ ચૈતન્ય એના આનંદની ખબર નથી. આવી ગયું છેને આપણે ત્યાં. '**આત્મભાવના કે રસ કો પહિચાના હી નહીં હૈ,...**' ૧૨મી ગાથામાં આવ્યું, ૧૨મી એના ભાવાર્થમાં આવ્યું. ૩૦૬. ભાવાર્થ છેને? ભાવાર્થની ત્રીજી લીટી. '**આત્મભાવના કે રસ કો પહિચાના હી નહીં હૈ, ઈસલિયે વિષયસુખ કી હી ચાહ રહી...**' છે? આત્મા અતીન્દ્રિય આનંદનો રસકંદ છે પ્રભુ. એવા અતીન્દ્રિય આનંદનો તો સ્વાદ આવ્યો નથી, એનો રસ તો જોયો નથી. આહાહા..! '**આત્મભાવના કે રસ કો પહિચાના હી નહીં હૈ,...**' ભગવાન આત્મા પૂર્ણસ્વરૂપ વીતરાગસ્વરૂપ, આનંદસ્વરૂપ છે. એવા આનંદના સ્વરૂપને, આત્મરસને તો જાણ્યો નથી અને દીક્ષિત થઈને બેઠા બહારમાં લિંગ

ધારણ કરીને, પછી બહારમાં રાગ પોષે એ તો.

મુમુક્ષુ :- હેરાન થવાનું...

ઉત્તર :- હેરાન જ તે, એ તો રખડવાનો. બાહ્યલિંગ ધારણ કરે અને અમે દિક્ષીત છીએ, અમે જૈનધર્મ પામ્યા છીએ, પાળ્યા છે. રખડી મરવાના એ બધા, એમ કહે છે. જેને આત્મ આનંદરસની તો ખબર પણ નથી. આ તો આ ક્રિયા ને આ ક્રિયા ને આ ક્રિયા એમાં મશગુલ થઈ ગયેલો છે. આહાહા..! વીતરાગમાર્ગ ઝીણો બહુ ભાઈ! સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવ પરમ આનંદ અને પરમ કેવળજ્ઞાનને પામ્યા, પછી જે વાણી નીકળી એ વાણીનું આ સ્વરૂપ છે. તીર્થંકરદેવ કેવળી પરમાત્મા ભગવાન બિરાજે છે. મહાવિદેહમાં તો સીમંધર ભગવાન કેવળજ્ઞાનીપણે અનંત આનંદ જેને પ્રગટ્યો છે એ બિરાજે છે. એની જ આ વાણી છે. આહાહા..!

લિંગ ધારણ કર્યા પણ આત્માનું ભાવલિંગ આનંદનો તો કાંઈ અનુભવ થયો નહિ એમ કહે છે. બાહ્યથી ત્યાગ કર્યા, પણ અંદરમાંથી મિથ્યાત્વનો ત્યાગ તો કર્યો નહિ. આહાહા..! અને મિથ્યાત્વનો ત્યાગ હોય ત્યાં તો સમ્યગ્દર્શન હોય અને સમ્યગ્દર્શન હોય ત્યાં તો આત્માના આનંદના રસનું જ્ઞાન હોય એને. આહાહા..! જ્ઞાનીને કોઈપણ જગતના પદાર્થમાં સુખબુદ્ધિ ઊડી ગઈ હોય છે, સમ્યગ્દર્શનમાં. આહાહા..! સમ્યગ્દર્શન થતાં આત્માના આનંદ, આત્મામાં આનંદ છે એવો જે આનંદનો જાણ અને વેદન થયું છે. સમ્યગ્દૃષ્ટિ ચોથે ગુણસ્થાને. આહાહા..! એને જગતના કોઈ પદાર્થમાં સુખ છે એ બુદ્ધિ રહેતી નથી એને. ઇન્દ્રના ઇન્દ્રાસનોમાં કરોડો અપ્સરાઓ સાથે રમે, એમાં સુખ ભાસતું નથી જ્ઞાનીને. આહાહા..! એ વિષયની વાસના એ દુઃખરૂપ છે. એ સ્ત્રી અને ઇન્દ્રાણીઓના ભોગ દુઃખરૂપ છે, આકુળતા છે, અશાંતિ છે. એમ સમ્યગ્દર્શન આત્માના ભાનમાં આત્માના રસનું જ્ઞાન થયું ત્યારથી એને જગતની રાગથી, પુણ્યની ક્રિયાથી માંડીને પરપદાર્થમાંથી આનંદબુદ્ધિ, સુખબુદ્ધિ, હિતબુદ્ધિ ઊડી જાય છે. આહાહા..!

અહીં તો ચારિત્રની વાત હવે. ઓહો..! જેણે સમ્યગ્દર્શન સહિત અંતરમાં આનંદની લહેરનું ચારિત્ર ગ્રહણ કર્યું છે. એનું નામ ચારિત્ર. જેમાં આનંદનો ખોરાક છે. ચરવું. ઢોર જેમ ઘાસ ચરે છેને, એમ ધર્મી આનંદને ચરે છે અંદર. આહાહા..! આ વીતરાગનો માર્ગ છે. આ પરમેશ્વર તીર્થંકરદેવ કેવળજ્ઞાનીના આ કહેણ છે. આહાહા..! ભાઈ! તું આત્મા છો. તારો આત્મા આનંદથી ખાલી નથી. આનંદથી ભરેલ છો. એવી તને દૃષ્ટિ થાય તો પરમાંથી સુખબુદ્ધિ ઊડી જાય. એ કરોડપતિ, અબજપતિ હોય તોપણ એને એ અબજ પૈસા હું નહિ. અંદર પુણ્યના પરિણામ, દયા, દાનના થાય એ હું નહિ, આ હું નહિ, એ તો રાગ છે. એ આત્મરસ નહિ. આહાહા..!

કહો, સમજાણું કાંઈ? આ સમ્યગ્દર્શનની દીક્ષા. દરબાર! હજી તો સમ્યગ્દર્શનની હોં આ. ચારિત્રની દીક્ષા જુદી. આહાહા..!

કહે છે કે એ પ્રેમ રાખે અને '**આચાર અર્થાત્ મુનિયોં કી ક્રિયા ઔર ગુરુઓં કે વિનય સે રહિત...**' એક તો અંદર જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર અંદર આત્મામાં એ તો છે નહિ. બહારના આચારના પણ ઠેકાણા નથી કહે છે જેને. બહારના પરપદાર્થના ગૃહસ્થો, ભક્તો ઉપર રાગના આલપાલમાં રોકાણો, એને નથી નિશ્ચયનો આચાર, એને નથી વ્યવહારના આચાર. આચરણ અંતરનું આનંદનું આચરણ. સ્વરૂપ ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ, એનું આચરણ જેને નથી એવા બહારમાં રાગમાં રોકાઈ ગયા છે અને અમે સાધુ છીએ એમ માને છે. માનો. આહાહા..!

જ્ઞાનાચાર, દર્શનાચાર. જ્ઞાનાચાર એટલે? નિશ્ચયથી આત્મા જ્ઞાનસ્વરૂપ છે એમાં એકાકાર થવું એ જ્ઞાનાચાર છે. સમ્યગ્દર્શનાચાર—આનંદના રસની પ્રતીતિ કરી અને સમ્યગ્દર્શનનું આચરણ કરવું અંદર. આહાહા..! આ આચાર છે. અને સ્વરૂપની રમણતારૂપ ચારિત્રનો આચાર, એમ ઈચ્છા નિરોધનો તપનો આચાર અને વીર્ય—શુદ્ધ ચૈતન્યની પરિણતિમાં વીર્યને સ્ફૂરીને શુદ્ધતાની રચના કરવી એનું નામ વીર્યાચાર છે. માર્ગ ભારે, ભાઈ!

મુમુક્ષુ :- ઊભા-ઊભા ક્રિયા કરી.

ઉત્તર :- ઊભા-ઊભા. એ કહેતા હતા ૯૦ની સાલમાં. ત્યાં અમે સદરમાં હતાને ત્યાં આ વાત ચાલતી હતી. ગામમાં કાંઈક શેઠિયાઓની વહુરુએ ઓલા અઠમ શું વર્ષીતપ કરેલા. કે જ્યાં ગૃહસ્થ ઊભા-ઊભા તપ કરે એને લાંઘણ કહે છે. ૯૦માં ભાઈ થયું હતું. પરષોતમજી હતાને ગામમાં. ૯૦ની સાલ. એ લોકો આમ કહે છે. બાપુ! તારી લાંઘણું જ છે, સાંભળને. એ વર્ષીતપના પારણા ને એક ટંક ખાવું નહિ. આત્માની ચીજની તો ખબર નથી. એ ક્રિયામાં કદાચ રાગની મંદતા કરી હોય તો પુણ્ય થાય, ધર્મ નહિ.

મુમુક્ષુ :- એને ક્રિયા ક્યાં સમજતા હતા?

ઉત્તર :- એને તો એ બધા.. એમ કહ્યું હતું તે દિ'. આવ્યું હતું સદરમાં. આ લાખોપતિની વહુરુ ઊભા-ઊભા બિચારા અપવાસ કરે અને એ કહે કે.. એવું બધું કાંઈક હતું. ઘણા વર્ષ થયા. ૯૦ની સાલની વાત છે. ૪૦ વર્ષ થયા. અહીં કાંઈક બીજું ચાલતું હતું અહીં સદરમાં. ત્યારે તો સંપ્રદાયમાં હતા એમાં. ચાલે ચાલે. શું કરે, આ ચીજની ખબર ન મળે ત્યાં.

જ્યાં આત્મપ્રભુ સચ્ચિદાનંદ સ્વરૂપ છે, સત્ શાશ્વત છે એ વસ્તુ ભગવાન. અવિનાશી અણ ઉત્પન્ન અને અવિનાશી એવો જે શાશ્વત એનો સ્વભાવ એ તો આનંદ ને જ્ઞાનસ્વભાવ છે. અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય પ્રતીતિ અને અતીન્દ્રિય ચારિત્ર શક્તિ,

એવો એનો અનાદિ અવિનાશી સ્વભાવ છે. એવા સ્વભાવને સ્પર્શ્યા વિના એકલું દ્રવ્યલિંગ નગ્નપણું ધારણ કરે એની વાત છે અહીં તો અત્યારે. વસ્ત્રસહિતવાળાને તો જૈનદર્શનમાં દ્રવ્યલિંગ પણ ગણ્યા નથી એને.

મુમુક્ષુ :- બીજા ગણાવે છેને.

ઉત્તર :- હા. વીતરાગ જે માર્ગ અનાદિનો હતો, સનાતન વીતરાગ કેવળીનો માર્ગ એમાં તો નગ્નપણું જ એને વેષમાં હોય છે. એવો જ વીતરાગ કેવળી પરમાત્માનો અનાદિનો પંથ ચાલ્યો આવે છે. મહાવિદેહમાં પણ ભગવાન પાસે એ જ પંથ ચાલે છે. એ તો આ પછી બધું આ નીકળ્યું પાછળથી. ઝીણી વાત છે, ભાઈ! પક્ષનો આગ્રહ બંધાઈ ગયો હોય એને આકરું પડે. પક્ષનો જેને.. બીજું સાંભળ્યું ન હોયને. આહાહા..!

કહ્યુંને પહેલું ૬૮માં. દુકાન છોડીને અહીં પાળિયાદમાં ત્રણ મહિના રહ્યા ગુરુ પાસે, ભણવા માટે. એક ઠેકાણે આહાર કરીએ અને પૈસા દઈએ. ત્યાં આવ્યા બોટાદ. ત્યાં ભાઈ ગુલાબચંદજીનું ચોમાસું. ગુલાબચંદજી ગાંધી હતા બોટાદના એક. જરીફ હતા. આ તમારે જરીફ હતાને. જેઠાફાઈ જરીફ. એ જરીફ હતા. ખબર છેને. ત્યાં આવ્યા અને ત્યાંથી પાલેજ જાવું હતું રજા લેવા દીક્ષાની. દીક્ષા લેવાનો ભાવ નક્કી થઈ ગયેલો. ત્રણ મહિના રહ્યા અને પછી ત્યાં આવ્યા બહાર. ત્યાં એણે એમ કહ્યું કે સાધુ માટે કરેલા અપાસરા સાધુ વાપરે તો એ સાધુ નહિ. ઓય માળા! આ શું? આ ૬૮ની વાત છે. આસો મહિનો. ત્રણ મહિના ત્યાં રહેલાને પાળિયાદ. પછી કીધું, હવે દીવાળી આવે છે, ચાલો ત્યાં જઈએ રજા લેવા. મોટા ભાઈ હતાને ખુશાલભાઈ. રજા લઈએ. ત્યાં આ વચમાં બોટાદ આવ્યું પાંચ ગાઉથી. ત્યાં એણે વાત કરી. કોઈ દિ' આપણે સાંભળેલી નહિ. સાધુને માટે મકાન કર્યું હોય, તો એ મકાન વાપરે તો એ સાધુ નહિ. આ શું કહે છે? આપણે હમણાં દીક્ષા નથી લેવી. નક્કી કરો કીધું આ શું છે? એવી વાત છે. પૂછ્યું. ગુલાબચંદજીએ કહ્યું. ગુલાબચંદજી ગાંધી બહુ આમ વૈરાગી હતા બિચારા. વસ્તુની કાંઈ ખબર ન મળે, બહારની ક્રિયા.

મુમુક્ષુ :- વાપરે કોણ?

ઉત્તર :- અપાસરો સાધુ માટે કરેલો સાધુ વાપરે જ નહિ. એના માટે કરેલો આહાર પણ ન લે અને એને માટે કરેલા મકાનમાં રહે જ નહિ. મુનિ તો નગ્ન હતા અને જંગલમાં રહેતા. ઝાડ નીચે, પર્વતમાં ક્યાંય એ તો જંગલમાં રહેતા. આ તો મુનિ છે જ ક્યાં એકેય? આહાહા..! નગ્નપણામાં પણ મુનિ એકેય નથી અત્યારે તો. આકરું લાગે બહુ. બાપુ! વસ્તુની સ્થિતિ આવી છે, ભાઈ! આહાહા..!

અહીં તો (આવો) આચાર છે જેને, એ આચાર વિનાનો છે કહે છે. આત્મા આનંદસ્વરૂપનું

આચરણ જોઈએ એ તો આચાર નથી. તેમ ગુરુનો વિનય નથી. જે સનાતન સંતો દિગંબર મુનિઓ ચાલ્યા આવે છે એનો એને વિનય નથી. એમ કહે છે.

**'રહિત હોતા હૈ વહ તિર્યંચયોનિ હૈ,...'** એ તો તિર્યંચ યોનિ છે. તિર્યંચ છે તિર્યંચ. આહાહા..! ઢોર છે એમ કહે છે. એનો અર્થ કે જેને આત્મદર્શન અને જ્ઞાનાનંદ સ્વરૂપનું ભાન નથી અને ચારિત્ર નથી એને બહારની ક્રિયાકાંડમાં રાગાદિમાં એકાકાર થયો છે એના ફળમાં તો નિગોદમાં જાશે. એ તિર્યંચ યોનિ થાશે. તો અત્યારે તિર્યંચ યોનિ છે એમ કહે છે. આહાહા..! આકરો માર્ગ ભાઈ! વીતરાગ પરમેશ્વર જેને એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકનું જ્ઞાન, સો ઇન્દ્ર જેને તળિયા ચાટે, એની રજું માથે ઉપાડે, એવા ભગવાન પરમાત્મા અરિહંતદેવ એની આજ્ઞામાં તો આ માર્ગ છે. એની જેને ખબરું નથી. એવા બાહ્યલિંગમાં પરમાં પ્રેમ કરીને શિષ્યો પ્રત્યે ગૃહસ્થો પ્રત્યે આદિમાં (રાગ કરે છે). આહાહા..!

મોટો પ્રશ્ન ઉઠ્યો હતો ૬૮માં એ. અપાસરાનો મોટો પ્રશ્ન ઉઠ્યો હતો. સાધુ જોડીને ગયા હતા બધા નક્કી કરવા. ભગવાનભાઈ હતા કચ્છી, મુળીવાળા ને બધા હતા. શું છે ભાઈ આ? આપણે સાંભળ્યું નથી. સાધુ માટે મકાન કરેલા વાપરે એ સાધુ નહિ. તો આ બધા સાધુ વાપરે છે એના માટે કરેલા. આ ૬૮ની વાત છે. સંવત ૧૯૬૮. ગયા, પણ એ મૂળચંદજી હતા એ ખીજાણા. એને એમ કે આ દીક્ષા લેવાના છે ને આ માંડી કોકે વચમાં, આ કોણે કર્યું? આ દીક્ષા નહિ લે હવે. ઘણો બચાવ કરતા હતા પછી. આપણને કંઈ બેસતું નહોતું. પણ પછી તો થયું. દીક્ષાનું નક્કી થઈ ગયેલું, બહારમાં દુકાન છોડીને દીક્ષા તો લ્યો, કીધું. ૭૦માં દીક્ષા થઈ. પણ એ બધી દીક્ષાઓ સમજવા જેવી છે. જેના બાહ્યલિંગ જ ખોટા છે. વસ્ત્રસહિત ... અહીં તો આચાર્ય મહારાજ કુંદકુંદાચાર્ય ભગવાનની આજ્ઞા અનુસારે (કહે છે) કે વસ્ત્રનો તલતુષમાત્ર પણ ધાગો રાખે, તલતુષ માત્ર જેટલો અને મુનિ છું એમ માને, મનાવે, નિગોદમાં જાશે. છે આમાં જુઓ. તમારે જોવું હોય તો. આ બાબુભાઈ નવા આવ્યા છેને. સૂત્રપાહુડ છેને સૂત્રપાહુડ. કેટલામું આવ્યું? સૂત્રપાહુડ ૧૮મી ગાથા. ૧૮-૧૮. આપણે આ ચાલે છે ૧૮. ઓલી ૧૮. એ ૫૩ પાનું છે. પાનું-૫૩. ૫૩ પાનું. ૫૦ અને ૩. ૧૮મી ગાથા છે ઉપર-ઉપર.

जहजायरूवसरिसो, तिलतुसमेत्तं ण गिण्हदि हत्थेसु।
जइ लेइ अप्पबहुयं, तत्तो पुण जाइ णिग्गोदम्।।१८।।

**'અર્થ :- મુનિ તો યથાજાતરૂપ હૈ...'** જેવા માતાએ જન્મ્યા એવા મુનિ હોય છે. **'જન્મતા બાલક નગ્નરૂપ હોતા હૈ, વૈસે હી નગ્નરૂપ દિગંબરમુદ્રા કા ધારક હૈ, વહ અપને હાથ સે તિલ કે તુષમાત્ર...'** તલનો ફોતરામાત્ર પણ **'કુછ ગ્રહણ નહીં કરતા**

**है और यदि कुछ थोडा बहुत लेवे-ग्रहण करने से निगोदमें जाता है.'** ઝીણી વાત છે. અહીં ૧૮મી આપણે ચાલે છે. આ સૂત્રની ૧૮મી. આહાહા..! માર્ગ અનાદિનો એવો જ છે. અનંત તીર્થંકરોએ એ માર્ગ પ્રરૂપ્યો છે. ભગવાન મહાવિદેહમાં પણ એ માર્ગ ચાલે છે ત્યાં. લાખો મુનિઓ છે. ઓહોહો..! કાલે નહોતું આવ્યું? એકમ કાલે હતીને? હજારો પૂર્ણ શ્રુતના ધરનારા સાધુ હતા. સંખ્યાત હજાર ભાઈ એમ હતું. ઓહોહો..! અહીં હોં! ભગવાન પછી પણ સંખ્યાત હજાર પૂર્ણ શ્રુતના ધરનારા સાધુ. આહાહા..! પાંચમા આરાની શરૂઆત, પાંચમા આરાની શરૂઆત. ભગવાન પરમાત્મા વીરપ્રભુ મોક્ષ પધાર્યા પછી પણ અમુક વર્ષો સુધી સંખ્યાત હજાર પૂર્ણ શ્રુતના ધરનારા, ભાવશ્રુતના ધરનારા સાધુ હતા. આહાહા..! પંચમ આરો બેઠો તોપણ. નગ્ન મુનિ હોં એ બધાય. દિગંબર મુનિઓ. માર્ગ એ જ હતો. એ તો બાર (વર્ષના) દુકાળ ૬૦૦ વર્ષ પછી પડ્યા એમાંથી આ શ્વેતાંબર પંથ નીકળ્યો એમાંથી. વાત આમ છે જરી હોં! કઠણ પડે. આહાહા..!

મુમુક્ષુ :- પહેલો દિગંબર.

ઉત્તર :- અનાદિનો ઈ. પહેલો નહિ, વસ્તુ ઈ. પછી શ્વેતાંબર બાર (વર્ષના દુકાળે) નીકળ્યા. વસ્ત્ર. કાલે આવ્યું હતું નહિ? ફાલ નહિ? એ ૧૩મી ગાથામાં આવ્યું હતું કાલે ૧૩-૧૩. આપણે ચાલે છે ૧૮મી. એની ૧૩. ભાવાર્થ છેને? ૧૩મી ગાથા. **'ईस काल में जिनलिंग से भ्रष्ट होकर पहिले अर्धफालक हुए,...'** પહેલાં તો અર્ધો કટકો રાખતા. નગ્નપણું છૂટી ગયું. બાર (વર્ષના) દુકાળ પડ્યા, ન નભી શક્યા. અડધું વસ્ત્ર રાખે ઢાંકવા. **'पीछे उनमें श्वेतांबरादिक संघ हुए,...'** પછી શ્વેતાંબર અને આ સ્થાનકવાસી તો હમણાં નીકળ્યા પાંચસો વર્ષ પહેલાં. એ શ્વેતાંબરમાંથી નીકળ્યા.

મુમુક્ષુ :- પીતાંબર.

ઉત્તર :- હા. પીળું લૂગડું. એ તો હમણાં થયા. અને પછી આ પીળા લૂગડા .. થયાને. ધોળા લૂગડાવાળા... એટલે પીળા લૂગડાને જુદા પાડવા પીળા લૂગડા રાખતા. શ્વેતાંબરમાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, અહીં જોયું હતુંને. .. પીળું આમ કપડું રાખ્યું. બાકી તો ક્યાં હતું કાંઈ એને? પણ એક પીળું રાખતા માથે દોરી ઉપર રાખી મૂકે. એ તો ઓલા બહુ જતિ થઈ ગયાને ધોળા લૂગડાવાળા, એટલે પીતાંબર. બધાય ભેખ એ જૈનના નહિ. એ અહીં લખ્યું જુઓને. અત્યારે તો નથી. છે. પીતાંબર પીળા લૂગડા. .. રાખે. પીળું લૂગડું પહેરે.

મુમુક્ષુ :- એ જતિ કહલાવે?

ઉત્તર :- જતિ નહિ સાધુ. જતિ તો ધોળા કપડા. સમજ્યા નહિ આ કીધું? ધોળા

કપડાવાળા જતિ બહુ થઈ ગયા એથી ભાઈએ કીધું એ ક્રિયા.. પીળા કપડા પહેર્યા સાધુ. જૈનના શ્વેતાંબર સાધુ.

અહીં તો કહ્યું કે '**ઉન્હોંને શિથિલાચાર પુષ્ટ કર લિંગ કી પ્રવૃત્તિ બિગાડી, ઉનકા યહ નિષેધ હૈ.**' આવો છે માર્ગ. નવા આવ્યા એને જરી આકરું પડે એવું છે. માર્ગ આ છે બાપા! શું થાય? અનાદિ વીતરાગ પરમાત્માની શૈલી જે અનાદિની છે એ તો આ છે. અહીં તો એમાં પણ લિંગ ધારણ કરીને જે... કહે છે એની વાત છે. જેને અંતર જ્ઞાનદર્શન-ચારિત્રના આચારના ઠેકાણા નથી, વ્યવહાર આચારના ઠેકાણા નથી અને એકલા રાગના પોષણની ક્રિયાઓ અશુભની, ગૃહસ્થોને, શિષ્યોને આલપાલ કરીને આ મારા-મારા, શિષ્યોને કેમ અનુકૂળ પડે, પોતાને કેમ માન જાળવી રાખે, એમ બીજાને બહુ માન આપે, જાળવે એ બધા લિંગધારીઓ. આહાહા..!

એ '**ગુરુઓં કે વિનય સે રહિત હોતા હૈ વહ તિર્યંચયોનિ હૈ, પશુ હૈ, અજ્ઞાની હૈ, શ્રમણ નહીં હૈ.**' આહાહા..! એણે ઓળખાણ તો કરવી પડશેને સાચી. સાધુપણું કેવું હોય એનું એણે જ્ઞાન તો કરવું પડશેને. દેવ કેવા હોય? ગુરુ કેવા હોય? શાસ્ત્ર કેવા હોય? અને પછી આત્મા કેવો હોય? આહાહા..!

'**ભાવાર્થ :- ગૃહસ્થોં સે તો બારંબાર લાલપાલ રખે...**' જોયું! એના માનનારા હોય એની સાથે બરાબર લાલપાલ હા-હા, હો-હા. એ પાછું ઓલું એને માનવામાં રહી શકે.

મુમુક્ષુ :- સંપ્રદાય વધે.

ઉત્તર :- વધે નહિ પણ એમ કે એ માનનારાઓ પોતાને માની શકે અને ટકે. ખસી ન જાય. એ માટે એને આમ કરે. આહાહા..! અરે! એ કાંઈ વીતરાગમાર્ગ છે? અને એવું કરું તો આ બધા માને એ માન્યતા જ મિથ્યાત્વ છે. મિથ્યાત્વ છે એ. આવી અનુકૂળતા રાખું તો એ મને માને એ માન્યતા જ મિથ્યાત્વ છે. આહાહા..! એ માને, ન માને એ તો એને કારણે છે. એ અહીં કહેવા માગે છે. જેની માન્યતામાં જ મિથ્યાત્વ ભર્યું છે. એ પરને અનુકૂળતા કરવા માટે આલપાલ કરે અને સ્નેહ બતાવે.

એ '**મુનિ કી પ્રવૃત્તિ આવશ્યક આદિ કુછ કરે નહીં,...**' પોતાની જે ક્રિયા છે છ આવશ્યકની સામાયિક આદિ એ તો કરે નહિ. '**ગુરુઓં કે પ્રતિકૂલ રહે,...**' ગુરુનો જે માર્ગ છે એનાથી એ વિરુદ્ધ રહે. આહાહા..! '**વિનયાદિક કરે નહીં,...**' લ્યો! ગુરુનું બહુમાન ક્યાંથી કરે? કારણ કે એને તો રાગનું પોષવું છે. પોતાના શિષ્યોને અને ગૃહસ્થોને અનુકૂળતા બતાવીને અનુકૂળતા મનાવવી છે. આહાહા..! '**ઐસા લિંગી પશુ સમાન હૈ, ઉસકો સાધુ નહીં કહતે હૈં.**' આહાહા..! બધું જોયું છે.

૧૯. 'आगे कहते हैं कि जो लिंग धारण करके पूर्वोक्त प्रकार प्रवर्तता है, वह श्रमण नहीं है, ऐसा संक्षेप में कहते हैं :- ' 'एवं सहिओ' એમ છેને? પૂર્વે જે કહ્યું એ સહિત.

एवं सहिओ मुणिवर संजदमज्झम्मि वट्टदे णिच्चं।
बहुलं पि जाणमाणो भावविणट्ठो ण सो समणो।।१९।।

'**अर्थ :- एवं अर्थात् पूर्वोक्त प्रकार प्रवृत्ति सहित...**' જેને આત્મજ્ઞાન-દર્શન-ચારિત્રના ઠેકાણા નથી, વ્યવહારના આચરણના પણ ઠેકાણા નથી અને બહારમાં અનુકૂળતા શિષ્યોને સાચવવાનો રાગ પોષે છે. આહાહા..! એવી '**प्रवृत्ति सहित जो वर्तता है वह हे मुनिवर! जो ऐसा लिंग धारी संयमी मुनियों के मध्य भी निरंतर रहता है...**' સાચા મુનિઓના ટોળામાં હોય '**और बहुत शास्त्रों को भी जानता है...**' આહાહા..! '**तो भी भावों से नष्ट है,...**' ઘણાં શાસ્ત્રને જાણે અને સાચા હોય એના મધ્યમાં રહે, પણ આવા પોતાના ગૃહસ્થોને, શિષ્યોને અનુકૂળ રાખવા રાગ પોષ્યા કરે એ બધા '**श्रमण नहीं है.**' એમ ગૃહસ્થ ક્ષુલ્લક હો કે .. પોતાની માન્યતા કરનારા જીવની સાથે અનુકૂળતા રાખે, રાગથી એને પોષે, એને બહુમાન આપે, બોલાવે. આવો... આવો... આવો.. તમે તો બહુ આવા છો ને ફલાણા છો. તો એ પણ, કહે છે કે શ્રદ્ધા ભ્રષ્ટ છે, એ પણ ક્ષુલ્લક આદિ છે નહિ એમ કહે છે. આહાહા..! આ તો મુખ્ય મુનિની વાત કરે છેને.

'**भावार्थ :- ऐसा पूर्वोक्त प्रकार का लिंगी जो सदा मुनियों में रहता है और बहुत शास्त्रों को जानता है...**' લ્યો! શાસ્ત્ર બહુ જાણે એમાં શું થઈ ગયું? '**तो भी भाव अर्थात् शुद्ध दर्शन ज्ञान चारित्र...**' દેખો! શુદ્ધ દર્શન—સમ્યગ્દર્શન. મન અને રાગના સંબંધ વિનાનો પ્રભુ આ આત્મા એના સમ્યગ્દર્શન તો છે નહિ કહે છે. આહાહા..! '**शुद्ध दर्शन...**' શુદ્ધ દર્શન એટલે આ. શુદ્ધ ચૈતન્ય વીતરાગમૂર્તિ અબંધસ્વરૂપ પ્રભુ એની દૃષ્ટિ અને રુચિ તો છે નહિ. '**ज्ञान...**' એ આત્માનું જ્ઞાન તો નથી, ભલે શાસ્ત્રનું જ્ઞાન હો. શાસ્ત્રમાં વધી ગયો હોય ભણતરમાં. પ્રશ્ન ઉત્તરમાં એ ચડી જતો હોય. આહાહા..! પણ આત્મજ્ઞાન નથી એને. અંતરનું જે આત્માનું જ્ઞાન જોઈએ તે નથી. તેમ '**चारित्र...**' સ્વરૂપમાં રમણતા એ ચારિત્ર. નગ્નપણું થઈ ગયું માટે ચારિત્ર થઈ ગયું એમ નથી.

'**चारित्ररूप परिणाम...**' દેખો! એવા '**शुद्ध दर्शन ज्ञान चारित्ररूप परिणाम से रहित है,...**' આહાહા..! '**ईसलिये मुनि नहीं है,...**' આહાહા..! કુંદકુંદાચાર્ય તો ભાઈ મૂળ ચીજને સ્થાપન કરે છેને. જેને અંતર સમ્યગ્દર્શન શુદ્ધ ચૈતન્ય એની તો પ્રતીતિની ખબર ન મળે, અનુભવ છે નહિ અને બહારમાં આવા રાગના પોષણમાં, પ્રવાહમાં ચાલ્યો જાય

છે એ મુનિ નથી કહે છે. પૈસા ખર્ચે વધારે એને માને, એને મોટો કહે, ઓહોહો..! તમે તો ધર્મી મોટા ધર્મધુરંધર. નામ લખો એનું નામ. તકતી-બક્તી આ શું કહેવાય? પત્થરની તકતી એમાં નાખો નામ. હમ તો સમજતે નહીં તુમ્હારી ભાષા કુછ. નાકમેં સે બોલતે હૈ ન. આહાહા..! સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન શુદ્ધ કીધુંને? શુદ્ધ દર્શન, શુદ્ધ જ્ઞાન અને શુદ્ધ ચારિત્ર એમ. એ આત્માનો, શુદ્ધ પવિત્ર ભગવાન આત્માનો સ્વભાવ શુદ્ધ ત્રિકાળ અવિનાશી એની શ્રદ્ધા શુદ્ધ-નિર્વિકલ્પ શ્રદ્ધા, શુદ્ધ જ્ઞાન, આત્માનું જ્ઞાન સ્વસંવેદન અને સ્વરૂપની રમણતારૂપ ચારિત્ર એ જેને નથી એ મુનિ નથી. આહાહા..!

**'ભ્રષ્ટ હૈ, અન્ય મુનિયોં કે ભાવ બિગાડનેવાલા હૈ.'** આહાહા..! બીજા મુનિઓના ભાવ પણ બગાડી નાખે. માન બહુ મળે છે આને, આને તો દુનિયા બહુ માને, શાસ્ત્રનું જાણપણું, બોલે, ચાલે, મોઢા આગળ પડે. બીજા મુનિઓને એમ થઈ જાય કે આપણે આવું કરીએ તો આપણને માન વધારે મળે. આ તો એક.. 'બગડ્યો સાધુ બગાડે ટોળી, બગડ્યું પાન બગાડે ચોળી.' આવે છે કે નહિ? આ નાગરવેલના પાન હોય છેને? નાગરવેલના પચ્ચીસ-પચાસ પાન. 'એક બગડ્યું પાન બગાડે ચોળી.' આખું બધું પાન બગાડે. એમ બગડ્યો સાધુ બગાડે ટોળી. એ કહેવત આવે છે. આહાહા..!

સાધુપણું વીતરાગનું. આહાહા..! મહા પરાક્રમી સિંહ જેવું પરાક્રમ જેણે કર્યું સ્વભાવમાં પુરુષાર્થ. આહાહા..! જેને આનંદની છોળું ઉઠતી હોય છે. આનંદ... આનંદ... આનંદ... આનંદ... આનંદ... અતીન્દ્રિય આનંદ જેને પ્રતિકૂળ-અનુકૂળતાનું લક્ષ પણ નથી. આહાહા..! એને આત્માના લક્ષ બાંધેલા, પૂર્ણાનંદનો નાથ એની સાથે જેણે દોર બાંધ્યા. બીજેથી દોર તૂટી ગયા છે. આહાહા..! એવું જે મુનિપણું ભાવલિંગ એ સહિત જેનું નગ્નપણું. બેય હોય છે. પણ આ ભાવ હોય તો નગ્નપણું વ્યવહારે, નહિતર એ પણ ખરાબ. આહાહા..!

**'આગે ફિર કહતે હૈં કિ જો સ્ત્રિયોં કા સંસર્ગ બહુત રખતા હૈ વહ ભી શ્રમણ નહીં હૈ :-'**

**दंसणणाणचरित्ते महिलावग्गम्मि देदि वीसट्ठो।**
**पासत्थ वि हु णियट्ठो भावविणट्ठो ण सो समणो।।२०।।**

**'અર્થ :- જો લિંગ ધારણ કરકે સ્ત્રિયોં કે સમૂહ મેં ઉનકા વિશ્વાસ કરકે...'** એનો વિશ્વાસ કરે અને વિશ્વાસ ઊપજાવે કે અમે તો તમને ભણાવીએ છીએ હોં! એમ કરીને સ્ત્રીઓના સંસર્ગ કરે, ટોળામાં બેસે, એ ભ્રષ્ટ છે કહે છે. સ્ત્રીઓના ટોળા ભેગા કરે, એને વિશ્વાસ કરે **'ઔર ઉનકો વિશ્વાસ ઉત્પન્ન કરાકે...'** અમે તો તમને દર્શન-જ્ઞાન-ચારિત્ર ભણાવીએ અને પોષતો હોય રાગ. સ્ત્રી સાથે વાતચીત-વાર્તાલાપમાં રાગનું પોષણ

કરવું હોય. આહાહા..! આવું બધું થાતું હશે તે દિ'. ત્યારે આ બધું લખ્યું હશેને? આહાહા..! અહીં અત્યારે પણ છેને જુઓને, ઘણા સાધુના ટોળા બાયું ભેગી હોય અને વચ્ચે બેઠો હોય. એને ભણાવાને બહાને રાગ પોષે. એ તો રાગની કથાઓ કરનારા છે એકલા. કુકથા કરનારા છે. આહાહા..! એને આત્માની પડી નથી કહે છે.

મુમુક્ષુ :- આવું કોઈ કહેનાર નથી.

ઉત્તર :- અમારે તો આ બધું બની ગયેલું હોં બની ગયેલું. ૭૪ની સાલ. હીરાજી મહારાજ ગુજરી ગયેલા. ચોમાસું બોટાદ. વાંચવાનું મારે માથે બધું. એટલે લોકો પછી એક ફેરી મૂળચંદજી... એક બાઈ હતા કસ્તુરબેન, કસ્તુરબેન. ઓલો નથી આવતો અમદાવાદથી? ગુણી. એની મા. કસ્તુરબેન એટલે સંતોકબાની દીકરી, રાયચંદ ગાંધીની બહેનની દીકરી હજી પરણી નહોતી કુંવારી જુવાન. મૂળચંદજી ત્યાં બેઠા હતા પાટે. હું તો બોટાદમાં સ્ત્રીનું બેસવાનું હોયને .. ખાલી એટલે એક કોર ખુણામાં બેઠો હતો. આને આપજે આ ગાથા. મેં કીધું મહારાજ! મને ફરીને કહેશો નહિ કોઈ દિ'. આ ૭૪ની વાત છે. એ છોડીયું મારી પાસે બેસે અને હું એને ગાથા દઉં (એ) મારું કામ નહિ એ. મને ફરીને કહેશો નહિ કીધું. હું વાંચવા બેસું છું અને લોકોને ઠીક પડે છે માટે હું ભણાવું આને (એમ મને કહેવું નહિ). કારણ કે એ વખતે વાંચનારું બીજું કોઈ હતું નહિ. મૂળચંદજી વાંચે, (પણ) આમ કષાય હતો તો મગજ ચડી જતું. એટલે બધું મને સોંપેલું હીરાજી મહારાજ કાળ થઈ ગયા એટલે. એટલે એ જાણે (કે આ ભણાવશે છોડીને). માણસ બહુ ભેગું થાય. માણસ કેટલા શેઠિયાઓ રાયચંદ ગાંધી, વિરચંદ ભુરા મારી પાસે બેસે. ઈ એને ઈર્ષ્યા પાછી. હું શું કરું? મારી પાસે આવીને બેસે એમાં હું શું કરું? અને આ છોડીઓને ભણાવ તું. મેં કીધું, કહેશો નહિ કોઈ દિ'. બાયુંને ભણાવવું અને છોડીયુંને ભણાવવું એ મારું કામ નહિ. ગીરધરભાઈ! આ તો ૭૪નો આસો મહિનો હશે લગભગ. બ્રહ્મચારીને એવા પ્રસંગમાં આવવું, ઊભું રહેવું એ સારું કહેવાય?

એ અહીં કહે છે જુઓને. ભણાવવાને નામે રાગ પોષવો છે. આહાહા..! બાબુભાઈ! બરાબર હશે આ? બધું ચાલે છે બધું ઘણું. આ તો વીતરાગદેવ તો સત્યના માટે વાત કરે છેને. સત્યને સેવ બાપુ! એવા રાગની સેવામાં જઈશ તો મરી જઈશ તું. ક્યાંય પત્તો નહિ ખાય. દુનિયા માનશે ભલે. આહાહા..!

મુમુક્ષુ :- એની સંખ્યા વધારે છે.

ઉત્તર :- એ પણ શું થાય? આ તો બનવાનું બને છે.

અહીં તો એ સાંભળીને એને પોતાને સુધારવો. આહાહા..! કહે છે કે '**લિંગ ધારણ કરકે સ્ત્રિયોં કે સમૂહ મેં ઉનકા વિશ્વાસ કરકે...**' એનો વિશ્વાસ કરે કે એ તો કાંઈ

વાંધો નહિ આવે, કાંઈ વાંધો નહિ આવે. અમારે સંગમાં આવે એમાં શું છે? અમે વિચારીએ છીએ એમાં શું વાંધો? પરદ્રવ્ય શું નુકસાન કરે છે? પરદ્રવ્ય નુકસાન કરતું નથી, પણ પરદ્રવ્યનો પ્રેમ કરે એવું તું કરે છેને આ? પરદ્રવ્ય નુકસાન ક્યાં કરે છે? તને ભાવ થયો એની સાથે વાર્તાલાપનો, સ્નેહનો ને રાગનો. આહાહા..! એના વિશ્વાસ કરીને અને '**વિશ્વાસ ઉત્પન્ન કરાકે**...' એમ. અમે તો તમને ભણાવવા માટે આમ બેઠા છીએ એમ. એટલે ઓલા બિચારા... અંદરમાં રાગપોષણનું કારણ હોય. હળવે-હળવે થાય પછી રાગ પોષે. આહાહા..! આ તો સાચા મુનિ નથી અને દ્રવ્યલિંગ ધારણ કર્યા એવાની વાત છે. આહાહા..!

જેને આત્મદર્શન અને આત્માના આનંદનો સ્વાદ આવ્યો છે... આહાહા..! એવા તો ચારિત્રવંત મુનિને કાંઈ દુનિયાની દરકાર નથી. ઈન્દ્રો આવીને પણ પગે લાગે તોપણ એની દરકાર નથી. એવી વાત છે. આહાહા..! આ તો બે હજાર વર્ષના શ્લોક છે હોં આ. બે હજાર વર્ષ પહેલાના કુંદકુંદાચાર્યના શ્લોક છે.

'**વિશ્વાસ ઉત્પન્ન કરાકે દર્શન જ્ઞાન ચારિત્ર કો દેતા હૈ**...' અમે આ શ્રદ્ધા આપીએ છીએ હોં! આ માર્ગ જુઓ આવો છે, ફલાણું આમ છે. આહાહા..! વાંચણી આપે એટલે એને પ્રેમ થાય, પ્રેમ માટે આવે. આહાહા..! '**ઉનકો સમ્યક્ત્વ બતાતા હૈ,**...' પોતાનું માનેલું બતાવે. જુઓ! દેવ-ગુરુ-શાસ્ત્રને માનવા, ગુરુ આવા હોય, શાસ્ત્ર આવા હોય, દેવ આવા એમ માનવા. આહાહા..! '**પઢના-પઢાના, જ્ઞાન દેતા હૈ,**...' લ્યો! ભણાવે. બે-પાંચ, દસ ગાથા દરરોજ આપે. દરરોજ આવજો હોં! પૂછીશ. ...ની ગાથા દરરોજ આપશું, સૂયગડાંગની ગાથા આપશું, ફલાણું આપશું. આહાહા..! '**પઢના**...' ભણે એના માટે. ભણાવે. '**જ્ઞાન દેતા હૈ, દીક્ષા દેતા હૈ,**...' પછી દીક્ષા તમને આપશું ને પછી આમ કરશું, પછી આમ કરશું, પછી તમે વાંચશો તો દુનિયામાં માન મળશે તમને. સભા આખી પસંદ કરશે. આવું જ્ઞાન પડે, દીક્ષા લે તો કેવું માન મળે અમને, જુઓ આમ બેઠા છીએ તો હજારો માણસોનું એવું માન મળશે. તમે દીક્ષા લ્યો. મારી નાખ્યા જગતને. માન માટે, દુનિયા માને અને એના માટે દીક્ષા લીધી. આહાહા..! અને કાંઈક રોટલાની સગવડતા થાય. એકલા હોય અને .. તો રોટલાની સગવડતા (રહે). પધારો... પધારો... પધારો... મહારાજ અમારે ત્યાં પધારો. આહાહા..! અરે! આવા રોટલાના અર્થીઓ એ આત્માના અર્થી છે નહિ. આહાહા..!

'રજકણ કે રિદ્ધિ વૈમાનિક દેવની, સર્વે માન્યા પુદ્ગલ એક સ્વભાવ.' આવે છે શ્રીમદ્માં. અપૂર્વ અવસર. એક રજકણ પરમાણુથી વૈમાનિકની રૂદ્ધિ બધા પુદ્ગલ જડ છે. 'સર્વે માન્યા પુદ્ગલ એક સ્વભાવ.' પુદ્ગલનો એક સ્વભાવ બધો એક જાતનો છે. આ મળે તો ઠીક અને શું ન મળે તો ઠીક એવું છે નહિ. આહાહા..! એવી દષ્ટિમાં જ્યાં આત્મા જ્યાં દષ્ટિમાં

રમતો હોય છે એને આ બહારની પરવાહ-દરકાર હોતી નથી. એ ત્યાંથી ખસી ગયો એટલે પછી દુનિયાની પરવામાં, અનુકૂળતામાં રખડી મર્યો. આહાહા..!

**'પ્રવૃત્તિ સિખાતા હૈ,...'** લ્યો! આમ ચાલવું, આમ કરવું, આમ વાંચવું, વાંચવા વખતે પગે લાગી ભગવાનને, ફલાણું કરીને-એવું શિખવાડે. **'ઈસપ્રકાર વિશ્વાસ ઉત્પન્ન કરાકે ઉનમેં પ્રવર્તતા હૈ...'** એની સાથે પ્રવર્તન કરે. **'ઐસા લિંગી તો પાર્શ્વસ્થ સે ભી નિકૃષ્ટ હૈ,...'** પાર્શ્વસ્થ સાધુ થાય છે. પોતાના સ્વરૂપથી ખસીને રાગની ક્રિયામાં રહ્યા છે એ પાર્શ્વસ્થ કહેવાય છે. એનાથી આ ભ્રષ્ટ છે કહે છે. **'પ્રગટ ભાવ સે વિનષ્ટ હૈ,...'** અંતર ભગવાન આત્મા એના સમીપમાં જવું નથી અને સ્ત્રીઓને સમીપમાં રાખવા છે. આહાહા..! પૂર્ણાનંદનો નાથ જ્યાં શુદ્ધ ચૈતન્યઘન પ્રભુ એના સમીપમાં તો જવું નથી અને સમીપ થઈને પણ પાછી સમીપની સ્થિરતા કરવી નથી અને આ બહારના આલપાલમાં રોકાઈ ગયો કહે છે. આહાહા..! પડવાના આ લક્ષણ ઘણા છે કહે છે. ચડવાનું એક અંદરમાં જવું એ. આહાહા..!

**'ભાવાર્થ :- જો લિંગ ધારણ કરકે સ્ત્રિયોં કો વિશ્વાસ ઉત્પન્ન કરાકર ઉનસે નિરંતર પઢના, પઢાના, લાલપાલ રખના,...'** લાલપાલ સમજાણું? કાંઈક બોલે અને આલ. સ્તુતિ બહુમાન જેવું એને બોલે, એને બહુમાન મળે એવા એ લાલપાલ કર્યા કરે. આહાહા..! મીઠી મીઠી પણ બોલવાનું આ એમ. બોલે એની સાથે અને બોલતા પણ એની મોટપ કેમ થાય, મોટપ કેમ એને દેખાય એવું બોલે. એટલે એને વ્હાલું લાગે. એમ. આહાહા..! **'લાલપાલ રખના, ઉસકો જાનો કિ ઈસકા ભાવ ખોટા હૈ.'** આહાહા..! જેને આત્માની પડી એને આવામાં ક્યાં એને રસ આવે? એમ કહે છે. આહાહા..! દુનિયા માને ન માને, સમજે ન સમજે એની સાથે સંબંધ શું છે? દુનિયાને જવાબ દેતા આવડ્યા તો એ હુશિયાર, ન દેતા આવડ્યા તો હુશિયાર નહિ, એ કાંઈ પરની સાથે સંબંધ છે? આહાહા..!

**'ઉસકો જાનો કિ ઈસકા ભાવ ખોટા હૈ. પાર્શ્વસ્થ તો ભ્રષ્ટ મુનિ કો કહતે હૈં...'** પાર્શ્વસ્થા કહેવાય છેને. ભ્રષ્ટ મુનિને પાર્શ્વસ્થા કહે છે. **'ઉસસે ભી યહ નિકૃષ્ટ હૈ,...'** સ્ત્રીઓ આદિના સંગમાં, ગૃહસ્થોના પ્રેમમાં ફસાઈ ગયો છે કહે છે. **'ઐસે કો સાધુ નહીં કહતે હૈં.'** આહાહા..! મુનિ તો જંગલમાં એકલા જ્યાં માણસનો પગરવ નથી... આહાહા..! એવામાં ધ્યાનમાં વિચરતા હોય છે આનંદમાં. મુનિ તો એને કહીએ. જંગલમાં એ તો વિચરે. આ તો બધો ફેરફાર બગડી ગયું બધું. કોઈ માણસનો પગરવ ન મળે, આ પૂછીએ તો જવાબ દેવો પડશે એટલો પણ બોજો જ્યાં નથી. આહાહા..! અને એનું સમાધાન નહિ કરું તો વળી એને એમ લાગશે કે આને કાંઈ આવડતું નથી. આવડત છે એમ બતાવવા એને આમ કરું એવી જ્યાં પડી જ નથી. આહાહા..! ભારે વાત કરી ભાઈ!

'આગે ફિર કહતે હૈં :-'

पुंच्छलिधरि जो भुञ्जइ णिच्चं संथुणदि पोसए पिंडं।
पावदि बालसहावं भावविणट्ठो ण सो समणो।।२१।।

**'અર્થ :- જો લિંગધારી પુંશ્ચલી અર્થાત્ વ્યભિચારિણી સ્ત્રી કે ઘર પર ભોજન લેતા હૈ,...'** ખબર છે એને કે આ વ્યભિચારી છે, પણ ત્યાં જઈને ભોજન લે, એના વખાણ કરે કે ઓહોહો..! તમે તો ધર્મદાતા, તમે તો આમ છો ને આમ છો. આહાહા..! **'વ્યભિચારિણી સ્ત્રી કે ઘર પર ભોજન લેતા હૈ, આહાર કરતા હૈ ઔર નિત્ય ઉસકી સ્તુતિ કરતા હૈ...'** આહાહા..! કારણ કે એને માને. પૈસાવાળા હોય, વ્યભિચારિણી સ્ત્રી પૈસાવાળી હોય, બે, પાંચ, દસ લાખ, પચાસ લાખ પડ્યા હોય, વળી આપણને માન આપીને કાંઈક આપશે. આહાહા..! **'યહ બડી ધર્માત્મા હૈ...'** એમ કહે. ઓહો..! **'સાધુઓં કી બડી ભક્તિ હૈ...'** એમ કહે. આને તો સાધુની બડી ભક્તિ છે. હોય ઠેકાણા વિનાની ભક્તિ. આહાહા..! જેના લૌકિક (આચારના) પણ ઠેકાણા ન મળે અને એવાની પાસે એના વખાણ કરે, સ્તુતિ કરે એ લક્ષણ બધા વ્યભિચારીના છે. આહાહા..!

**'યહ બડી ધર્માત્મા હૈ સાધુઓં કી બડી ભક્તિ હૈ ઈસપ્રકાર સે નિત્ય ઉસકી પ્રશંસા હૈ. ઈસપ્રકાર પિંડ કો (શરીર કો) પાલતા હૈ...'** આવી રીતે એને આહાર મળેને સરખો. **'ઐસા લિંગી બાલસ્વભાવ કો પ્રાપ્ત હોતા હૈ,...'** એ તો બાળ અજ્ઞાન સ્વભાવ છે ભાઈ! આહાહા..! **'અજ્ઞાની હૈ, ભાવ સે વિનષ્ટ હૈ,...'** આ તો મુનિપણાની મુખ્યતાથી વાત કરે છે, પણ એ બધા પ્રકારના ગૃહસ્થો, ક્ષુલ્લક એમાં બધાની વાત આવી જાય છે. **'બાળસ્વભાવ કો પ્રાપ્ત હોતા હૈ, અજ્ઞાની હૈ, ભાવ સે વિનષ્ટ હૈ, શ્રમણ નહીં હૈ.'** આહાહા..! વિશેષ કહેશે લ્યો!

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ વદ ૩, રવિવાર તા. ૦૭-૦૭-૧૯૭૪**
**ગાથા - ૨૧-૨૨, શિલપાહુડ-૧-૨ પ્રવચન - ૧૯૩**

૨૧મી ગાથા. એનો ભાવાર્થ છે. અહીંયા સાધુનું લિંગ તો નગ્ન હોય છે, પણ નગ્ન લિંગ ધારણ કરીને પણ જેને અંતરમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નથી એ બહારનું લિંગ બગાડે છે કહે છે.

'**ભાવાર્થ :- લિંગ ધારણ કરકે વ્યભિચારિણી કા આહાર ખાકર...**' વ્યભિચારિણી સ્ત્રી હોય એના વખાણ કરીને ત્યાંથી આહાર લે '**પિંડ પાલતા હૈ,...**' શરીરને પાળે છે. '**ઉસકી નિત્ય પ્રશંસા કરતા હૈ,...**' સાધુને ભાન નથી પોતાના સ્વરૂપનું, આનંદનું ભાન નથી અને લિંગ ધારણ કર્યું છે એથી પરમાં વ્યભિચારિણી આદિના વખાણ કરીને પોતાના શરીરને પોષે છે. '**નિત્ય પ્રશંસા કરતા હૈ, તબ જાનો કિ વહ વ્યભિચારી હૈ,...**' પોતે પણ વ્યભિચારી હોય તો એવું હોય એમ કહે છે. '**અજ્ઞાની હૈ, ઉસકો લજ્જા ભી નહીં આતી હૈ, ઈસપ્રકાર ભાવ સે વિનષ્ટ હૈ,...**' જેને આત્માના આનંદનો ભાવ આવ્યો નથી, સમ્યગ્દર્શન એટલે જેને આત્માની સન્મુખ થઈને સ્વભાવનો આનંદનો સ્વાદ આવ્યો નથી એવા મિથ્યાદષ્ટિ જીવ, ચાહે તો લિંગ ધારણ કરે તોપણ એ આત્માને ચાર ગતિમાં રખડાવે છે.

'**આગે ઈસ લિંગપાહુડ કો સંપૂર્ણ કરતે હૈં ઔર કહતે હૈં કિ જો ધર્મ કા યથાર્થરૂપ સે પાલન કરતા હૈ, વહ ઉત્તમ સુખ પાતા હૈ -**'

**इय लिंगपाहुडमिणं सव्वंबुद्धेहिं देसियं धम्मं।**
**पालेइ कट्ठसहियं सो गाहदि उत्तमं ठाणं।।२२।।**

'**देसियं**' ધર્મ (અર્થ) કર્યો છે. ઘણે ઠેકાણે '**सव्वंबुद्धेहिं देसियं धम्मं**' એવું આવે છે.

'**અર્થ :- ઈસપ્રકાર ઈસ લિંગપાહુડ શાસ્ત્ર કા-સર્વબુદ્ધ જો જ્ઞાની ગણધરાદિ ઉન્હોંને ઉપદેશ દિયા હૈ...**' સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવ એના વજીર-દિવાન ગણધર, એ ગણધરોએ આ લિંગપાહુડની વ્યાખ્યા કરી છે. આચાર્ય કહે છે, હું મારી કલ્પનાથી નથી કહેતો. ભગવાને કહ્યું છે એ પ્રમાણે હું કહું છું. '**ગણધરાદિ ઉન્હોંને ઉપદેશ દિયા હૈ ઉસકો જાનકર જો મુનિ ધર્મ કો કષ્ટસહિત...**' છેને '**धम्मं**' શબ્દ ત્યાં? મુનિ ધર્મ એટલે આત્માના આનંદ અને ચારિત્રસહિત. આહાહા..! આ વીતરાગનો ધર્મ આ છે. રાગરહિત આત્માની વીતરાગદશા એ રૂપ ધર્મ જેને પ્રગટ્યો છે એ ધર્મસહિત છે. ચારિત્ર એ ધર્મ છે મુખ્ય તો

અને એ ચારિત્ર એ સમ્યગ્દર્શન-જ્ઞાન વિના હોય નહિ. એવું આત્માનું દર્શન, આત્માનું જ્ઞાન અને આત્માનું ચારિત્ર એટલે સ્વરૂપની રમણતા એવા ધર્મને પામીને '**કષ્ટસહિત બડે યત્ન સે પાલતા હૈ,...**' કષ્ટ એટલે મહાપુરુષાર્થથી એ પોતાની ચારિત્રદશાને (પાળે છે). નગ્ન મુનિ હોય છે દિગંબર એની વાત છે. મુનિપણું તો નગ્નપણું જ હોય એને. અંતરમાં ત્રણ કષાયનો અભાવ હોય અને બાહ્યમાં નગ્નદશા હોય. ઊભા ઊભા આહાર લે ખડા-ખડા. આવી ગયું છે. દર્શનપાહુડમાં ૧૪મી ગાથામાં આવી ગયું છે. એવું જેને જૈનદર્શન પ્રગટ્યું છે અંતરમાં, એણે મહાપુરુષાર્થથી એને પાળવું. '**યત્ન સે પાલતા હૈ, રક્ષા કરતા હૈ...**' પોતાનો ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ ચૈતન્યની પ્રતીતનું જ્ઞાન અને રમણતા થઈ છે એની એણે રક્ષા કરવી કે જેથી જન્મ-મરણનો ઉદ્ધાર થાય. આ વાત છે.

'**ભાવાર્થ :- યહ મુનિ કા લિંગ હૈ વહ બડે પુણ્ય કે ઉદય સે પ્રાપ્ત હોતા હૈ...**' દિગંબર લિંગ પણ મહાપુણ્યને કારણે પ્રાપ્ત થાય એમ કહે છે. '**ઉન્હેં પ્રાપ્ત કરકે ભી ફિર ખોટે કારણ મિલાકર ઉસકો બિગાડતા હૈ તો જાનો કિ યહ બડા હી અભાગા હૈ...**' આહાહા..! '**ચિંતામણિ રત્ન પાકર કૌડી કે બદલે મેં નષ્ટ કરતા હૈ...**' ચિંતામણિ રત્ન ભગવાન આત્મા, જેને નગ્ન દશા પ્રાપ્ત થઈ એવું પ્રાપ્ત કરીને પણ કોડીને બદલે નષ્ટ કરે છે. કોઈ વિષયની રુચિ, માન-સન્માન એમાં બગાડે છે આત્માને. '**ઈસલિયે આચાર્યને ઉપદેશ દિયા હૈ ઐસા પદ પાકર ઈસકી બડે યત્ન સે રક્ષા કરના, કુસંગતિ કરકે બિગાડેગા...**' જો કુસંગતિ કરીને બગાડશે આ લિંગને, ભાવલિંગને '**તો જૈસે પહિલે સંસાર ભ્રમણ થા વૈસે હી સંસાર મેં અનંતકાલ ભ્રમણ હોગા ઔર યત્નપૂર્વક મુનિત્વ કા પાલન કરેગા તો શીઘ્ર હી મોક્ષ પ્રાપ્ત કરેગા,...**' ઓહોહો..! આત્માનું જ્ઞાન, આત્માનું દર્શન અને ચારિત્ર એવો જો માર્ગ રાખશે અને પાળશે તો '**શીઘ્ર મોક્ષ પ્રાપ્ત કરેગા,...**' '**ઈસલિયે જિસકો મોક્ષ ચાહિયે વહ મુનિધર્મ પ્રાપ્ત કરકે યત્નસહિત પાલન કરો, પરીષહ કા, ઉપસર્ગ કા ઉપદ્રવ આવે તો ભી ચલાયમાન મત હોઓ, યહ સર્વજ્ઞદેવ કા ઉપદેશ હૈ.**' લ્યો!

'**ઈસપ્રકાર યહ લિંગપાહુડ ગ્રંથ પૂર્ણ કિયા. ઈસકા સંક્ષેપ ઈસપ્રકાર હૈ કિ ઈસ પંચમકાલ મેં જિનલિંગ ધારણ કરકે ફિર દુર્ભિક્ષ કે નિમિત્ત સે ભ્રષ્ટ હુએ,...**' પહેલાં તો નગ્ન ધારણ કર્યું હતું. મુનિની સૌની સાથે. '**જિનલિંગ ધારણ કરકે...**' જિનલિંગ એટલે નગ્ન મુનિ દિગંબર. '**ફિર દુર્ભિક્ષ...**' બાર વર્ષનો દુકાળ પડ્યો. આહાહા..! એ '**દુર્ભિક્ષ કે નિમિત્ત સે ભ્રષ્ટ હુએ,...**' એમાંથી આ શ્વેતાંબર પંથ નીકળ્યો.

મુમુક્ષુ :- એ વખતમાં પણ દુકાળ પડતા હતા.

ઉત્તર :- બાર વર્ષ. એક સાથે બાર વર્ષ. એવા ત્રણ વાર એમ આવ્યા છે. એમાં શું છે? જગતના પુણ્ય હોય એ પ્રમાણે થાય. બારોટના ઓલામાં પણ છે ત્યાં. કાનિયાળના એક મોટા બારોટ છે એનામાં પણ છે. બાર વર્ષ દુકાળ પડ્યો. તે દિ'નું હોં! બે હજાર વર્ષનું લખાણ એના ઓલામાં ટીપણામાં. મોટું ટીપણું લાંબુ પતરામાં નાખ્યું. બે હજાર વર્ષનું લખાણ. એ કહેતા હતા કે એમાં બાર વર્ષનો દુકાળ પડ્યો હતો બે હજાર વર્ષ પહેલાં. અહીંયા આપણે તો ઈતિહાસમાં ત્રણ વાર બાર-બાર આવે છે. બાર-બાર વર્ષના ત્રણ વાર દુકાળ.

એ '**દુર્ભિક્ષ કે નિમિત્ત સે ભ્રષ્ટ હુએ,...**' સાધુપણું રાખી ન શક્યા, નગ્નપણું પાળી ન શક્યા. બાબુભાઈ! અને '**ભેષ બિગાડ દિયા...**' ભેખ બગાડ્યો. '**અર્ધફાલક કહલાયે,...**' લ્યો! થોડો વસ્ત્રનો કટકો રાખ્યો. એ ભેખ બગાડ્યો. વીતરાગનો અનાદિનો સનાતન માર્ગ હતો એ બગાડ્યો. આકરી વાત છે, ભાઈ! આખો એ તો પંથ છે. શ્વેતાંબર અને સ્થાનકવાસી ને આ તુલસી ત્રણે ભેખને બગાડીને નીકળેલા છે કહે છે. માર્ગ આ છે. '**ઈનમેં સે ફિર શ્વેતાંબર હુએ,...**' પહેલા થોડો કટકો રાખવા માંડ્યા, લિંગ બગાડ્યું '**શ્વેતાંબર હુએ, ઈનમેં સે ભી યાપનીય હુએ,...**' એક યાપનીય સંઘ હતો. નગ્ન રહે અને માને શ્વેતાંબર શાસ્ત્રને. રહે નગ્ન. એવો એક પંથ નીકળ્યો હતો. '**ઈત્યાદિ હોકર શિથિલાચાર કો પુષ્ટ કરને કે શાસ્ત્ર રચકર...**' શાસ્ત્રમાં સાધુને વસ્ત્ર ખપે, પાત્ર ખપે, એવા શાસ્ત્ર નવા રચ્યા. શાંતિભાઈ! આવો માર્ગ છે. વીતરાગ પરમેશ્વર તીર્થંકરદેવનો માર્ગ તો અનાદિ નગ્નપણાની દશા, જેવો માતાએ જન્મ્યો. પાઠ આવે છે શાસ્ત્રમાં. 'જન્મ્યા પ્રમાણે રૂપ ભાખ્યું.' આવે છેને પ્રવચનસારમાં. ભગવાને તો જન્મ્યા પ્રમાણે. માતાએ જન્મ્યો એવો જેનો દેખાવ અને અંતરમાં ત્રણ કષાયનો અભાવ. વીતરાગ... વીતરાગ... વીતરાગ... અને એનો ઉપદેશ પણ વીતરાગ... વીતરાગ... વીતરાગ... વીતરાગભાવનો એ ઉપદેશ આપે. આહાહા..! નિમિત્તથી, રાગથી હઠી સ્વભાવસન્મુખ થા, ત્યાં વીતરાગતા પ્રગટ થશે. એવો ઉપદેશ આપે. એ ઉપદેશ ફરી ગયો શ્વેતાંબરથી હોં!

'**શિથિલાચાર કો પુષ્ટ કરને કે શાસ્ત્ર રચકર સ્વચ્છંદ હો ગયે,...**' ભગવાનની આજ્ઞા બહાર સ્વચ્છંદી પંથને કાઢ્યો. કહો, ડાહ્યાભાઈ! બે હજાર વર્ષ પહેલાં શ્વેતાંબર પંથ નીકળ્યો. એ લિંગ બગાડી, ધર્મનો બગાડ કરીને બહાર નીકળ્યા છે એમ કહે છે. આહાહા..! '**ઈનમેં સે કિતને હી નિપટ-બિલ્કુલ નિંદ્ય પ્રવૃત્તિ કરને લગે,...**' એમ. એમાં પણ કેટલાક તો તદ્દન હલકા '**નિપટ-બિલકુલ નિંદ્ય પ્રવૃત્તિ કરને લગે, ઈનકા નિષેધ કરને કે લિયે તથા સબકો સત્ય ઉપદેશ દેને કે લિયે યહ ગ્રંથ હૈ,...**' આહાહા..! '**ઉસકો સમજકર શ્રદ્ધાન કરના. ઈસપ્રકાર નિંદ્ય આચરણવાલોં કો સાધુ-મોક્ષમાર્ગી ન માનના,...**' એવા વસ્ત્ર-પાત્ર રાખીને સાધુપણું માને છે એને માનવું નહિ, સાધુ ન માનવા.

એ મોક્ષમાર્ગી નથી. આહાહા..! '**ઈનકી વંદના વ પૂજા ન કરના...**' લ્યો! આવું છે, વજુભાઈ! રહેવું ક્યાં પણ બધામાં? '**યહ ઉપદેશ હૈ.**' આહાહા..! આ લિંગપાહુડમાં કહેવાનો આશય આ હતો એમ. લિંગ બગાડ્યા અને પોતાની (કલ્પનાએ) રચના કરી શાસ્ત્ર, એવા ભેખને સાધુપણું માન્યું છે એને માનવું નહિ, વંદન-પૂજા કરવી નહિ, એને સાધુ માનવા નહિ એમ કહે છે.

(छप्पय)

**लिंग मुनिको धारि पाप जो भाव बिगाड़ै**
**वह निंदाकूं पाय आपको अहित विथारै।**

'**લિંગ મુનિકો ધારિ પાપ જો ભાવ બિગાડૈ.**' આહાહા..! કુંદકુંદાચાર્ય તો કરુણા કરીને સત્ય ઉપદેશ આપ્યો છે જગતને. આ '**લિંગ મુનિકો ધારિ પાપ જો ભાવ બિગાડૈ વહ નિંદાકૂં પાય આપકો અહિત વિથારૈ.**' વિસ્તારે. અહિતનો વિસ્તાર કરે. ચાર ગતિમાં રખડવાના ભાવ કરે.

**ताकूं पूजै थुवै वंदना करै जु कोई**
**वे भी तैसे होइ साथि दुरगतिकूं लेई ।।**

સાથે લે. યજમાન અને ગુરુ બેય સાથે જાય, કહે છે. આહાહા..! એવાઓને સાધુ માને, વંદન કરે, પૂજે એ પણ દુર્ગતિમાં સાથે જનારા છે. આકરી વાત છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ગુરુ તરીકે, સાધુ તરીકે માનવું નહિ. એ તો આવે. એ પ્રશ્ન છે. શાંતિભાઈ! એ શાંતિભાઈનો. મોટું ઘર હોય ને આવે બહાર નીકળ્યા હોય તો. ચાલો. અનાદર કરીને તિરસ્કાર કરવાની તો વાત છે નહિ. એક માણસ ગરીબ આવે તો કેમ આપે છે કે નહિ? એમ જાણે કે આવ્યા છે. સાધુને વંદન ને વિનયથી બહુમાનથી દેવું એમ ન હોઈ શકે. બહુ માર્ગ આકરો. આહાહા..!

કીધું નહિ? ૬૮માં મોટો ખળભળાટ થઈ ગયેલો. દીક્ષા લેવાનું ... ત્રણ મહિના પાળિયાદ ભણ્યા. એમાં વળી જ્યાં બોટાદ આવ્યો. ૬૮ની વાત છે. ત્યાં ગુલાબચંદજી ગાંધી મળ્યા. એ કહે સાધુ માટે અપાસરા કર્યા હોય એ સાધુને ખપે નહિ. સાધુ જ નહિ. ઓય માળું આ શું? આપણે તો પહેલું વહેલું સાંભળેલું. ગુલાબચંદજી. ૬૮. આસો મહિનો હતો. સાધુનો અપાસરો કર્યો હોય મકાન એને ખપે નહિ. આપણને ખબર નહિ, આપણે પરદેશમાં રહેવું, પાલેજમાં રહીએ. કીધું, આ શું? આપણે નક્કી કરો બાપુ! સાધુ માટે મકાન કરેલા હોય અને વાપરે સાધુ તો એ સાધુ નથી. ઓય મારું ભારે ભાઈ! ગુરુને પૂછ્યું. જેની પાસે દીક્ષા

લેવી હતી, હીરાજી મહારાજને (પૂછ્યું), મહારાજ! આ શું છે? એ ૬૯માં રાણપુર પૂછ્યું. ત્યારે તો એમણે ઠીક ભદ્રિકપણે બિચારાએ એમ કહ્યું એણે જે માનેલું હોય એ પ્રમાણે. તમારા ભાઈએ મકાન કરાવ્યું હોય. એમ બોલ્યા હીરાજી મહારાજ. ખુશાલભાઈએ મકાન કરાવ્યું હોય તમારા માટે અને તમે વાપરો એમાં શું પાપ લાગ્યું? મેં કીધું ત્રણ કોણ તૂટે? હું તો એ પૂછું છું. સાધુ જો એના માટે કરેલી ચીજ વાપરે તો કરણ, કરાવન, અનુમોદન, મન, વચન અને કાયા એ નવમાંથી ક્યું કરણ તૂટે? એમ પ્રશ્ન કર્યો હતો. એ વખતે દશવૈકાલિક મોઢે કરેલું આઠ અધ્યયન. એમાં એ આવતું કે એ અનુમોદન લાગે. ભાઈ! આ તો શાસ્ત્ર તો આમ કહે છે. એને મોઢે ન કહ્યું. બહુ ગંભીર હતા. ગંભીર અને છાપ બહુ મોટી. પણ એમણે એમ કહ્યું કે ભાઈએ મકાન કરેલું હોય એ વાપરો તો... મનમાં કીધું કે ભાઈ એ વાપરે તો અનુમોદન થઈ ગયું. (અનુમોદન) કરણ તૂટ્યું નવ કરણમાંથી. એ નવ કોટી ત્યાગ ન રહ્યો. આ તો તે દિ'ની વાત છે, ૬૯. એય..! જયંતિભાઈ! પછી તો દુકાન છોડી દીધી હતી, પાછળ બહાર પડી ગયું હતું, ત્રણ મહિના અહીં રહ્યા હતા, બધું થયું હવે દીક્ષા લીધે છૂટકો. પછી થાય એ ખરું. ભણતર-બણતર થાશે આમાં ભેગા રહીને. ત્યાં તો બધું બીજું નીકળ્યું આખું.

મુમુક્ષુ :- પોલ નિકળી.

ઉત્તર :- આખી પોલ નિકળી. આ માર્ગ જ નહિ. ઓય માળા! આ શ્વેતાબર માર્ગ જ જૈન માર્ગ નહિ. અરેરે..! આહાહા..! શ્વેતાંબરના શાસ્ત્ર વાંચેલા દુકાન ઉપર. નિવૃત્તિ હતી. પિતાજીની દુકાન હતી પાલેજમાં. આ વાંચેલા બધા. દશવૈકાલિક, ઉત્તરાધ્યયન, આચારાંગ, સૂયગડાંગ. ઘરની દુકાન, નિવૃત્તિ હતી. ૬૫ની, ૬૪ની સાલથી ઘણી નિવૃત્તિ હતી.

મુમુક્ષુ :- અધ્યાત્મ કલ્પદ્રુપ.

ઉત્તર :- અધ્યાત્મ કલ્પદ્રુપ પહેલું મળ્યું. પહેલામાં પહેલું ઈ. મુનિસુંદરનું. એ અમારે ચુનિભાઈ હતા. કુંવરજીભાઈની દુકાનના શેઠ. એની પાસે હતું. અધ્યાત્મ કલ્પદ્રુપ. અઢાર અધિકાર છે. ઓહો..! બહુ અધિકાર, પણ તત્ત્વની દૃષ્ટિ નહિ. વૈરાગ્યની વાતું. પણ એ વખતે તો કાંઈ ખબર નહિ.

મુમુક્ષુ :- શ્વેતાંબરમાં રહેતા ખરા.

ઉત્તર :- કેમ એમાં ૨૧ વર્ષ રહ્યા હતાને. ૨૧ વર્ષ અને ૪ મહિના શ્વેતાંબર સાધુ સ્થાનકવાસી. એના કરોડો શ્લોકો જોયા કરોડો. ભગવતી સૂત્ર આદિના લાખો શ્લોક ૧૭ વાર વાંચ્યા. એક ભગવતીમાં ૧૬ હજાર શ્લોક અને સવા લાખ ટીકા, ૧૭ વાર વાંચી હતી. એવા એવા ૩૦ સૂત્રો તો વર્ષોવર્ષ વાંચતા. ચંદ્ર.. પણ એ વસ્તુ આ જ્યાં સમયસાર

હાથ આવ્યું ૭૮માં... ઓહો..! આ અશરીરી પુસ્તક છે. આ તો શરીરરહિત થવાની ચીજ આ છે. એમ કહ્યું મેં શેઠને. અમારા શેઠ હતાને સંપ્રદાયના અગ્રેસર, દામોદર શેઠ. પણ તે દિ' તો એને કાંઈ એમ ખબર નહિ કે અહીંથી આ બધું ફરી જાશે.

મુમુક્ષુ :- સમયસાર આપ્યું કોણે?

ઉત્તર :- એ ત્યાં સમયસાર હતું. ત્યાં દામોદર શેઠ છે ગૃહસ્થ. દામનગર. ગરાસ મોટો. ૧૦ લાખના આસામી. ૪૦ હજારની ઉપજ તે દિ' હોં ૭૦ વર્ષ પહેલા. ગરાસ ઘરે. એક મુળિયાપાટ ગામ ઘરે. દસ હજારનું ઉપજવું અને જમીન ઘણી. આ દામનગર છે. દામોદર શેઠ પૈસાવાળા પહેલેથી ઘણી પેઢીથી. સો વર્ષ. પેઢી મોટી હતી. અહીં જગજીવનજી ગોપાલજી. ભાવનગરમાં જગજીવન ગોપાલજી, પૈસાવાળા. દસ લાખ તો તે દિ' કહેવાતા. તે દિ' ૭૦ વર્ષ પહેલા. તે દિ'ના દસ લાખ એટલે! અને ૪૦ હજારની ઉપજ. ઘરે ઘોડાહાર. એક ઘોડો એમ નહિ. ઘોડાહાર. ઘોડીયું-ઘોડા ઘણા. આરબો મોઢા આગળ અને તલવાર ને બંદુકો. રાજા જેવો માણસ. વાણિયો અમારો દશાશ્રીમાળી વાણિયાની નાત છે. પણ ગરાસદાર. ચાવંડના મોટા ગરાસ. ચાવંડ ગામ છેને. પણ એની દૃષ્ટિ વિપરીત બધી. શાસ્ત્ર વાંચે બધા. વાંચેલું ઘણું નિવૃત્તિવાળો માણસ. એને કીધું મેં ૭૮માં, શેઠ! જુઓ આ સમયસાર શરીરરહિત થવાની ચીજ છે. હા મહારાજ! આ કોણ માનશે? ત્યારે તો એમ કહેને. આવું કોણ માનશે? માને ન માને પણ વસ્તુ આ છે. આહાહા..!

અહીંયા તો કહે છે કે એવા લિંગ ધારણ કરીને સાચો માર્ગ છોડી દે અને બગાડે એ ન કરવું.

**इससे जे सांचे मुनि भये भावशुद्धिमें थिर रहे।**

જોયું! સાચા સાધુ રહ્યા એ તો ભાવ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિર રહ્યા.

**तिनि उपदेश्या मारग लगे ते सांचे ज्ञानी कहे।।१।।**

એવા સંતોનો કહેલો માર્ગ એને પાળે '**ते सांचे ज्ञानी कहे**' લ્યો!

(दोहा)

**अंतर बाह्य जु शुद्ध जे जिनमुद्राकूं धारि।**
**भये सिद्ध आनंदमय बंदूं जोग सँवारि।।२।।**

અંતર અને બાહ્ય શુદ્ધ જિનમુદ્રા, નગ્નમુદ્રા. બાહ્યમાં નગ્નપણું, અંદરમાં વીતરાગતા. '**सम्यग्दर्शनज्ञानचारित्राणी मोक्षमार्गः**' એ ત્રણે જેને અંદર પ્રગટ થયા છે એવા માર્ગને જેણે ધાર્યો છે કહે છે. '**भये सिद्ध आनंदमय**' એ સિદ્ધ પરમાત્મા થયા. આનંદમય સિદ્ધ દશા થઈ. '**बंदूं जोग सँवारि**' મન, વચન, કાયાને સંભારીને વંદન કરું છું. ત્રણ .. એ અધિકાર પૂરો થયો લ્યો.

# શીલ પાહુડ
# ૮

શીલપાહુડ. શીલનું છે આઠમું. **'અબ શીલપાહુડ ગ્રંથ કી દેશભાષામયવચનિકા કા હિન્દી ભાષાનુવાદ લિખતે હૈં –'**

दोहा

भवकी प्रकृति निवारिकै, प्रगट किये निजभाव।

ह्वै अरहंत जु सिद्ध फुनि, बंदूं तिनि धरि चाव।।१।।

જેણે ભવની પ્રકૃતિ મિથ્યાત્વ અને રાગ-દ્વેષ અને અજ્ઞાનને ટાળ્યા, ભવનું કારણ એવું મિથ્યાત્વ, અજ્ઞાન અને રાગ-દ્વેષ જેણે ટાળ્યા એ ભવપ્રકૃતિ. આહાહા..! અને **'પ્રગટ કિયે નિજભાવ.'** ભગવાન આત્માનો ભાવ કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદ અરિહંત અને સિદ્ધે પ્રગટ કર્યા. આહાહા..! અરિહંત અને સિદ્ધ પરમાત્માએ ભવપ્રકૃતિનો નાશ કર્યો. ભાષા કેવી વાપરી છે જોયું! ભવનું કારણ મિથ્યાત્વ, અજ્ઞાન અને રાગ-દ્વેષ એ ભવપ્રકૃતિ, એ સંસારપ્રકૃતિ. આહાહા..! એને જેણે ટાળીને **'પ્રગટ કિયે નિજભાવ,...'** પોતાનો આનંદ, પોતાનું જ્ઞાન, દર્શન અને વીર્ય પૂર્ણ પ્રગટ કર્યું જેણે. એવા અરિહંત પરમાત્મા અને સિદ્ધ ભગવાન. **'હ્વૈ અરહંત જુ સિદ્ધ ફુનિ, બંદૂ તિનિ ધરિ ચાવ.'** પ્રેમથી તેને વંદન કરું છું. **'બંદૂ તિનિ ધરિ ચાવ.'** પ્રેમથી, પ્રેમથી હું વંદન કરું છું. આહાહા..! અરિહંત અને સિદ્ધ ભગવાનને વંદન કરું છું.

**'ઈસપ્રકાર ઈષ્ટ કે નમસ્કારરૂપ મંગલ કરકે શીલપાહુડ નામક ગ્રંથ શ્રીકુંદકુંદાચાર્ય કૃત પ્રાકૃત ગાથાબંધ કી દેશભાષામય વચનિકા કા હિન્દી ભાષાનુવાદ લિખતે હૈં. પ્રથમ શ્રી કુંદકુંદાચાર્ય ગ્રંથ કી આદિ મેં ઈષ્ટ કો નમસ્કારરૂપ મંગલ કરકે ગ્રંથ કરને કી પ્રતિજ્ઞા કરતે હૈં –'** લ્યો!

वीरं विसालणयणं रत्तुप्पलकोमलस्समप्पायं।

तिविहेण पणमिऊणं सीलगुणाणं णिसामेह।।१।।

**'અર્થ :- આચાર્ય કહતે હૈં કિ મૈં વીર અર્થાત્ અંતિમ તીર્થંકર શ્રી વર્ધમાનસ્વામી પરમ ભટ્ટારક...'** પરમપૂજ્ય. આ ભટ્ટારક હોં! ઓલા ભટ્ટારક નહિ. પરમસૂર્ય (એમ) ભટ્ટારકનો

અર્થ થાય છે. પરમસૂર્ય ભગવાન અરિહંત પરમાત્મા મહાવીરદેવ જેને ત્રણ કાળ ત્રણ લોકનું જ્ઞાન-નેત્ર ખુલી ગયા છે એવા પરમાત્મા એને વંદન કરીને **'મન વચન કાય સે નમસ્કાર કરકે શીલ અર્થાત્ નિજભાવરૂપ પ્રકૃતિ...'** જોયું! 'ઉસકે ગુણોં કો...' એટલે કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો ગુણ જે શીલસ્વરૂપ અકષાયભાવ. અહીં તો શીલ સમ્યગ્દષ્ટિને લેશે. નારકીમાં પણ શીલ છે. નરક છેને નરક? એને શીલ છે. શીલનો અર્થ કે જેને આત્મદર્શન થયું છે અને જેને અનંતાનુબંધીનો અભાવ થઈ, વિષયની રુચિ ગઈ છે, વિષયની રુચિથી વિરક્ત છે, રુચિથી વિરક્ત છે એને સમ્યગ્દર્શન સહિતને શીલ કહેવામાં આવે છે. આહાહા..! ભલે એ ચોથે ગુણસ્થાને હો, નરકમાં હો, પણ જેને આત્મદર્શન સમ્યક્ થયું છે અને જેને પાંચ ઇન્દ્રિયના વિષયોથી, રુચિથી વિરક્ત થયો છે. રુચિથી વિરક્ત થયો છે એટલી તો સમતા અને અવિષમભાવ પ્રગટ્યો છે. આહાહા..! સમજાણું કાંઈ?

ચોથે ગુણસ્થાને પણ શીલ છે. શીલનો અર્થ એ કે સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન સહિત વિષયની રુચિ, આખા સંસારની રુચિ ટળી ગઈ છે જેને. રુચિ ટળી ગઈ છે. આસક્તિ હો. સમજાય છે કાંઈ? એથી એને સમ્યગ્દષ્ટિને, સમ્યગ્દર્શન અને એનો ગુણ શીલ એમ બેય ભેગું કહેવામાં આવે છે. આ પાઠ છેને **'सीलगुणाणं'** શબ્દ છેને? એની વ્યાખ્યા પોતે કરશે. શીલ અને ગુણ. શીલના ગુણો એમ. જે આત્માનો શીલસ્વભાવ રાગરહિત સ્વભાવ એના ગુણો દર્શન-જ્ઞાન-ચારિત્રની દશાનું વર્ણન કરશે. આહાહા..! તિર્યંચ હોય સમકિતી. આ તો નરકની વાત કરી. તિર્યંચ હોય સમ્યગ્દષ્ટિ આત્મા પૂર્ણ આનંદ શુદ્ધ ચૈતન્ય એનો જેને અંતરમાં ભાવ નિજભાવ પ્રગટ્યો છે. એ નિજભાવ છે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિજભાવ છે. રાગાદિ ભાવ એ નિજભાવ નથી. આહાહા..! એવો ચૈતન્યસ્વભાવ જેનો નિજભાવ પ્રગટ્યો છે એને તિર્યંચમાં હો તોપણ તે શીલ ને સમ્યગ્દર્શન અને શીલસહિત છે. આહાહા..!

મુમુક્ષુ :- સમ્યગ્દષ્ટિ નરક ને તિર્યંચમાં...

ઉત્તર :- હોય છે. નરક અને તિર્યંચમાં પડ્યા સમ્યગ્દષ્ટિ થાય છે. ત્યાં સમ્યગ્દર્શન થાય. રાજા, મહારાજા અહીંથી સાંભળી ગયા હોય, સમજણમાં પ્રગટ્યું ન હોય, મરીને નરકમાં ગયા અને પછી યાદ કરીને આહાહા..! આ વેદન! આ શું? બે ઘડી સહી ન જાય એટલું વેદન. રાજા, મહારાજા બધા શિકાર કરીને (ગયા હોય). ત્યાં બધા પાર્લામેન્ટ ભરાય છે. એમાં કોઈ જીવને પૂર્વે સાંભળેલું હોય એ અંદર યાદ આવે. અરે..! અરે..! અમને સંતોએ કહ્યું હતું, અમે ન માન્યું. સર્વ આત્મા પૂર્ણાનંદસ્વરૂપ છે એની શ્રદ્ધા કર, અનુભવ કર. આ (રાગની) રુચિ છોડી દે એવું અમને સંતોએ મનુષ્યપણામાં કહેલું. અમે ન માન્યું અને આ નરકમાં આવવું પડ્યું. આહાહા..! એ નરકની વેદના, એના શીતની વેદના, એક આટલો

પવન આવે ત્યાંનો શીતનો અહીં આવે તો અનેક યોજનના માણસ મરી જાય. આટલો પવન આવે ત્યાંનો. એટલો અનંત પવનમાં પડ્યા છે દુઃખી. શીતળ શીતળતા. દુનિયાને ક્યાં (પડી છે). અનંત વાર ગયો છે ત્યાં. નરકમાં અનંત વાર ગયો છે. અને એ વેદના ભગવાન જાણે અને એણે વેદી છે, ભાઈ! આહાહા..!

જીવતો રાજકુમાર આજનો લગન કરેલો, ૨૦ વર્ષની ઉંમર, અબજોપતિનું રાજ હોય, નિરોગી શરીર હોય, લગનનો પહેલો દિવસ હોય એને જીવતો જમશેદપુરની ભઠ્ઠીમાં નાખે. લાકડું નાખે એમ નાખે જમશેદપુરની ભઠ્ઠીમાં, એને જે બળતા વેદન છે એથી અનંતગણું વેદન પહેલી નરકમાં છે. આહાહા..! શાંતિ... શાંતિ... અનંત છેને. વસ્તુના સ્વરૂપમાં અનંતી શાંતિ છે અને પર્યાયમાં શાંતિ પ્રગટે ત્યારે શાંતિ અનંત અનંત આવે છે. આહાહા..! આવ્યુંને આપણે નહિ દર્શન-જ્ઞાન-ચારિત્રમાં? અમિત અક્ષય. આહાહા..! પૂર્ણ શાંતિ અને પૂર્ણ આનંદ એનામાં ભરેલો ભંડાર આત્મામાં છે. એનું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થતાં એ પર્યાય પણ અક્ષય અને અમિટ, અમાપ આનંદ અને અમાપ શાંતિવાળી ચીજ છે. આહાહા..! અને એની ઊંધી દૃષ્ટિ જેણે કરી, એને અમાપ અશાંતિ અને અમાપ દુઃખ એ નરકમાં વેદન કરે. આહાહા..!

એ આ જામનગરના રાજા હતાને રણજીતસિંહ. પછી .. ગયેલા કો'ક વખતે. કહ્યું કે દરબાર! આવા પાપ. કુંજરા બહુ મારતા. દરબાર. કુંજરા-કુંજરા નહિ? ઓલા પક્ષી ઉપરના. બહુ મારે. પછી રાજાને દરબારને ખબર પડી આ ... કીધું. અરે..! મહારાજ! અમે તો ક્ષત્રિય છે આ હાથે કરશું અને આ હાથે વેદશું. એમાં શું છે? દરબાર! અત્યારે નરકમાં હશે. પહેલી નરકે. રણજીતસિંહ. રાડ નાખતો હશે પણ હવે કોણ માને? આહાહા..! છેવટે રાજનું અપમાન થયું. બહુ પૈસા ખરચેલા રાજ માટે, વાઈસરોય માટે. ત્યાં આવેલા વાઈસરોય. ત્યાં બે-ત્રણ લાખ ખરચેલા વાઈસરોય. એથી જાણે કે સરકારમાં આપણું માન છે. પૈસાવાળા. કરોડની ઊપજ બાર મહિને. એટલે એમાં બધા ભેગા થઈને કાંઈક બોલ્યા થોડું. બેસી જાવ. એવી ભાષા હશે અંગ્રેજીમાં.

મુમુક્ષુ :- પ્લીઝ સીટ.

ઉત્તર :- હા, એમ કો'ક બોલ્યું. બધા રાજા ભેગા થયેલા. ભાષણ પોતે આપવા ઊભા થયા. એમાં કાંઈક સરકારથી થોડો ફેરફાર થયો બોલવામાં. અપમાન... અપમાન... અપમાન... અનેક રાજાઓ વચ્ચે એનું અપમાન. ઘરે આવ્યા અપમાનમાં હાય.. હાય... છેવટે સાંભળ્યું છે કે ડોક્ટર તરફથી, સરકાર તરફથી ઈંજેક્શન આપી દીધું. ઉપડો. આહાહા..! આ ગરાસના વેદન અને આ કરોડો રૂપિયા ધૂળેય નથી હવે. આહાહા..! એવું સાંભળ્યું છે. ઈંજેક્શન આપ્યું. અપમાન.. અપમાન... થઈ ગયું હાય.. હાય..! હું આવો મહાન અને પૈસા ખર્ચ્યા વાઈસરોય

માટે અને મારું તો આમાં કાંઈ માન રહેતું નથી. એ ગયા નીચે. થોડામાં થોડી સ્થિતિ દસ હજાર (વર્ષની), થોડામાં થોડી. અહીં તો પાંચ-પચ્ચીસ વર્ષ રહશે, પચાસ વર્ષ. આહાહા..! આમ તો પરણ્યા નહોતા. જ્યોતિષે કહ્યું હતું કે પરણશો તો મરી જશો. એટલે નહોતા પરણ્યા. સગપણ કર્યું હતું ગરાસણી સાથે મોટા રાજમાં. પરણ્યા નહિ પછી. જ્યોતિષે ના પાડી. આહાહા..! આ દશા. એવા ભવ અનંતા કર્યા દરેક જીવે.

મુમુક્ષુ :- ભૂલી ગયો.

ઉત્તર :- હા.

એ ભવપ્રકૃતિનો જેણે નાશ કર્યો છે. આહાહા..! સમ્યગ્દષ્ટિએ પણ ભવપ્રકૃતિનો નાશ કર્યો. આ તો પૂર્ણ પદને પામ્યાની વાત કરી, પણ સમ્યગ્દષ્ટિએ ભવપ્રકૃતિનો નાશ કર્યો છે. ભવ થાય એ હવે ભાવ રહ્યો નહિ. આહાહા..! એને આત્મા આનંદનો નાથ પ્રભુ શુદ્ધ ચૈતન્યઘન એની દૃષ્ટિ અને એનો અનુભવ (થયો), કહે છે કે એને શીલ છે. એને શીલ-શીલ છે, શીલવાળો છે. એટલે કે જેને વિષયની વિરક્તતા છે. આખા ચક્રવર્તીમાં ઊપજે, પણ એ ચક્રવર્તીના રાજની અંદર વિરક્તતા વર્તે છે. આહાહા..! આ નહિ... આ નહિ... આ નહિ. હું તો આનંદસ્વરૂપ છું. સમકિતીને એને આનંદના અનુભવમાં, ઈન્દ્રના ઈન્દ્રાસનો કરોડો અપ્સરાઓ જેને હોય (છતાં) આ નહિ... આ નહિ.. આ નહિ. ઈન્દ્રો એકાવતારી છે શક્રેન્દ્ર. પહેલા દેવલોકમાં. એક ભવે મોક્ષ જનારા છે. શીલવાન છે. આ શીલ કહીએ એ શીલવાન છે. આહાહા..! નરકમાં શીલવાન છે તો તો સ્વર્ગની શું વાત કરવી? આહાહા..! જ્યાં અંતર આનંદની દૃષ્ટિ પડી છે અને જેને પરમાંથી સુખબુદ્ધિ ઊડી ગઈ છે, સારા સંસારની પ્રકૃતિનો નાશ કરી નાખ્યો છે. અસ્થિરતા જરી રાગ છે એ તો ગૌણ વાત છે. સમજાણું કાંઈ? જેણે વિપરીત દૃષ્ટિ અને વિપરીત સ્વરૂપનું આચરણ જે વિપરીત હતું એને ટાળ્યું અને જેણે સ્વરૂપની દૃષ્ટિ અને સ્વરૂપનું આચરણ પ્રગટ કર્યું, કહે છે કે એ ઈન્દ્રાણીમાં, કરોડો ઈન્દ્રાણીમાં વસતો વિષયથી વિરક્ત છે. સમજાણું કાંઈ? આહાહા..!

જેમ કોઈ વિષય લેવાનું કહે માતાની સાથે અને જેમ એ નબળો પડી જાય અંદરમાં. આહાહા..! ઓલામાં થયું હતુંને, નહિ? શું નોઆખલી? નોઆખલી. ગાંધીજી ગયા હતાને. મુસલમાનોએ.. ૨૨-૨૨ વર્ષનો ૨૫ વર્ષનો જુવાન છોકરો, મા ૫૦ વર્ષની ૪૫ વર્ષની. બેયને નાગા કરીને ભોગ લે. અરરર..! આ જમીન માર્ગ આપે તો સમાઈ જવું. આ શું સ્થિતિ? આ શું થાય છે? એવું કર્યું હતું. એને જેમ અંદર માતાની સામું જોતા પણ રુચિ નથી, આહાહા..! એમ સમ્યગ્દષ્ટિને વિષયમાં જોવાની રુચિ જ નથી એને. આહાહા..! કહો, બાબુભાઈ! આ નહોતું થયું? નોઆખલીમાં ગાંધી ગયા હતાને. એવું સાંભળ્યું હતું. બહુ

લેખ આવ્યા હતા આકરા, એવા આકરા લેખ. આહાહા..! બહેન-ભાઈ જુવાન નાગા કરે અને ઊભા કરીને બેયને ભેગા કરે, હડસેલે આમ ઓલી કોરથી. આહાહા..! આ જગત! અત્યારે કોણ છે? કોઈ નથી ક્યાંય. એમ સમ્યગ્દૃષ્ટિને રાગની સાથે એકતા તૂટી ગઈ છે. આહાહા..! એને ઈન્દ્રોના ઈન્દ્રાસનના ભોગ એની રુચિ તૂટી ગઈ છે. સમજાણું કાંઈ? એને સમ્યગ્દૃષ્ટિ અને શીલવાન કહીએ. આહાહા..! એ અહીં કહે છે જુઓ.

'**નિજભાવરૂપ પ્રકૃતિ...**' આહાહા..! શીલની વ્યાખ્યા કરી. '**શીલ અર્થાત્ નિજભાવરૂપ પ્રકૃતિ ઉસકે ગુણોં કો અથવા શીલ ઔર સમ્યગ્દર્શનાદિક ગુણોં કો...**' એમ બે વાત કરી. આ શીલગુણ શબ્દ છેને, એમાંથી આગળ એ લેશે. પોતે લેશે. એનું વિશેષણ વાપર્યું છે. એ બીજી ગાથામાં લેશે. '**યહાં ગુણશબ્દ ઉપકારવાચક લેના તથા વિશેષવાચક લેના, શીલ સે ઉપકાર હોતા હૈ તથા શીલ કે વિશેષગુણ હૈં વહ કહેંગે.**' બીજી ગાથામાં છેલ્લો પેરેગ્રાફ છે. બીજી ગાથા છેને. એમાં છેલ્લો પેરેગ્રાફ. આની કોર છેલ્લો. છેલ્લો. ઈ ઈ છેલ્લો. '**ગુણશબ્દ ઉપકારવાચક લેના તથા વિશેષવાચક લેના, શીલ સે ઉપકાર હોતા હૈ તથા શીલ કે વિશેષગુણ હૈં વહ કહેંગે. ઈસપ્રકાર જ્ઞાન મેં જો શીલ ન આવે તો કુશીલ હોતા હૈ,...**' સમ્યગ્જ્ઞાન થયું અને રાગની એકતા ન તૂટે તો કુશીલ્યો છે. આહાહા..! જ્ઞાનનો ઉઘાડ થાય, પણ વિષયની રુચિનો પ્રેમ ન જાય તો એ જ્ઞાન કુશીલ છે. આહાહા..! અને જે આત્માનું જ્ઞાન થઈને જેને વિષયની રુચિની વિરક્તતા થઈ છે એ જ્ઞાન સુશીલ છે. સમજાણું કાંઈ? આમ જાણપણા એકલા કરીને પાછી વિષયની રુચિ તો પડી હોય એને, તો એ જ્ઞાન કુશીલ છે કહે છે. આહાહા..! અધિકાર કેવો લે છે! તારો અધિકાર આત્મામાં નથી કહે છે. જેને પાંચ ઈન્દ્રિયના વિષયોનો પ્રેમ છે, રુચિ છે, ગોઠે છે, એવું ઉઘાડનું જ્ઞાન એ કુશીલનું છે. આહાહા..! ડાહ્યાભાઈ! આવી વાત છે.

અને જે જ્ઞાન એને કહીએ કે જે આત્માના સન્મુખ થઈને થયું, વિષયથી વિમુખ થઈ ગયો છે એ. ભલે આસક્તિનો રાગ છે પણ છે વિમુખ. આહાહા..! સ્વભાવ ચૈતન્યનો ભગવાન આત્મા એવો જે સ્વભાવ એના સન્મુખ જેની દૃષ્ટિ થઈ એને વિષયની વિરક્તતા એટલે એનાથી વિમુખ હોય છે. આહાહા..! એને સમ્યગ્દૃષ્ટિનું શીલ કહેવામાં આવે છે. આ બ્રહ્મચર્ય પાળે એ પ્રશ્ન અત્યારે નથી. એ તો ચારિત્રનું પછી વર્તન છે. સમજાણું કાંઈ?

જે વિષય પાંચ ઈન્દ્રિયના શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ, એની રુચિ છે એ ભવપ્રકૃતિ છે. ભવમાં રખડવાનો એ સ્વભાવવાળો છે. અને જેણે ભવપ્રકૃતિ છોડી છે અને જેને આત્મા સન્મુખ થઈને જ્ઞાન કર્યું છે તેથી તે જ્ઞાન સન્મુખ થયેલું વિષયની રુચિથી વિમુખ છે. આહાહા..! હીરાભાઈ! આ આવો માર્ગ છે. વીતરાગથી શરૂઆત કરી છે. આહાહા..! ચૈતન્યસ્વભાવ..

આઠ વર્ષની બાલિકા હો, હવે માણસ આવ્યો. નરકની વાત કરી, તિર્યંચની કરી. આઠ વર્ષની બાલિકા પણ સમ્યગ્દર્શન પામી છે તો એને વિષયની રુચિથી વિરક્તતા છે. આહાહા..! એટલું તો એને શીલપણું સમ્યગ્દર્શનમાં આવ્યું છે. ભલે પછી પરણશે, પણ રુચિ નથી, રસ નહિ. આહાહા..! રસ ઊડી ગયો રસ. જેમ જીભમાં રસ ઊડી જાય છેને સ્વાદનો. એને સ્વાદ આવે જ નહિ. જીભમાંથી રસ ઉડી ગયો કહે છે. નથી કહેતા? દરદ થાય. જીભમાંથી રસ ઊડી જાય. ગમે તે નાખો શીરો દૂધપાક સારો નાખો, રસ ઊડી ગયો. આહાહા..!

એમ જેને અહીં કુંદકુંદાચાર્ય કહે છે કે હું શીલ અને શીલના ગુણોની વ્યાખ્યા કરીશ. આહાહા..! જેને આખી દુનિયાનો રસ ઊડી ગયો છે અંદરથી. જેમ જીભમાં એને સ્વાદ આવતો નથી એમ આને સ્વાદ આવતો નથી. આહાહા..! આસક્તિ હોય, રાગ હોય, આચરણ પણ એવું હોય, પણ રસ ઊડી જાય છે. ફિક્કો રસ થઈ જાય છે. આહાહા..! એને અહીંયા સમ્યગ્દષ્ટિ સહિતનું શીલ કહેવામાં આવે છે. આહાહા..! પહેલેથી ઉપાડી છે વાત જુઓને. વિવિધ રીતે સત્યને સિદ્ધ કરવા ભિન્ન-ભિન્ન પ્રકારના લિંગપાહુડ ને શીલપાહુડ ને ભાવપાહુડ ને મોક્ષપાહુડ (રચ્યા). આહાહા..! '**ગુણોં કો કહૂંગા,...**' એટલી તો વાત શીલ અને ગુણની વ્યાખ્યા આવી.

'**કૈસે હૈં શ્રી વર્ધમાનસ્વામી** -' ભગવાનને હું વંદન કરું છું. ભગવાન પરમાત્મા વીર કેવા છે? '**વિશાલનયન હૈં,...**' પુણ્યવંત તીર્થંકર છેને. એની આંખ આમ કમળ, પદ્મકમળ જેવી હોય. પુણ્યવંત પ્રાણી છેને. તીર્થંકર છેને. વિશાળ નયન. એક તો બહારના વિશાળ નયનની વાત કરી પહેલી. પછી અંદરની કરશે. તીર્થંકર એટલે પરમ છેલ્લામાં છેલ્લું ઊંચામાં ઊંચું પુણ્ય. તીર્થંકર પરમાત્મા મહાવીર આદિ એની આંખો જ એવી મોટી કમળ જેવી. ખીલેલું કમળ હોયને એવી એની આંખ હોય છે. વિશાળ નયન. આહાહા..! '**ઉનકે બાહ્ય મેં તો પદાર્થોં કો દેખને કો નેત્ર વિશાલ હૈં, વિસ્તીર્ણ હૈં, સુંદર હૈં ઔર અંતરંગ મેં કેવલદર્શન કેવલજ્ઞાનરૂપ નેત્ર સમસ્ત પદાર્થોં કો દેખનેવાલે હૈં...**' આહાહા..! ભગવાન પરમાત્મા તીર્થંકરદેવ એની આંખ્યું કહે છે કે બાહ્યમાં દેખવામાં તો વિશાળ છે, પણ અંદરની આંખ જેને કેવલજ્ઞાન, કેવળદર્શન પ્રગટ્યા છે. આહાહા..! એ તો ક્ષત્રિયપુત્ર છે બધા. જ્ઞાન અને વીર્યમાં પુરુષાર્થમાં પાકી ગયેલા. આહાહા..! શરીર પણ પુણ્યવંત છે અને આત્મા પવિત્રવંત છે. એમ કહે છે. આવા બેય જેને પૂરા થયા છે. પુણ્ય પણ પૂરા અને પવિત્રતા પણ પૂરી. એને હું નમન કરું છું. ઓળખીને નમન કરું છું એમ કહે છે. આહાહા..!

એ શ્રદ્ધા કેવી હોય છે? કે જેને વિશાળનયન. અંતર આંખ એટલી ચૈતન્યની પ્રગટી, કેવળજ્ઞાન નેત્ર ખીલી ગયા છે જેને. કેવળદર્શન અને જ્ઞાન ખીલી ગયા છે. આહાહા..! એવા

વિશાળ તો જેની અંતર આંખ છે. ચક્ષુ કહે છેને. આગમચક્ષુ, સિદ્ધચક્ષુ આવે છેને. સર્વચક્ષુ સિદ્ધ. બધું ખુલ્લું થયું છે. આહાહા..! ચૈતન્ય અંતરચક્ષુ. જ્ઞાનની પૂર્ણ દશા પ્રગટ થઈ છે પરમાત્મા અરિહંતને અને શરીર પણ પવિત્ર. જેવું એ (દશા) પવિત્ર, એવું શરીર પુણ્યવંત હોય છે. આહાહા..! કેસર કોથળે ન રહે. કેસરને રાખવાના ડબ્બા જોઈએ. એમ પરમાત્મદશા તીર્થંકરને પ્રગટી એ પહેલા જ એનું શરીર એવું હોય છે. એ ડબો જ એવો હોય શરીરનો.

પાંચ ઈન્દ્રિયના વિષયની રુચિનું વિરક્તપણું હોય છે. એમ છે. વિષય-વિષય શબ્દ વાપર્યા છે ઠેઠ બીજેથી. વચ્ચે કેટલી ગાથામાં નથી. છેલ્લી ગાથામાં છે. એટલે કે જ્યારે શીલ અને જ્ઞાન જ્ઞાનીઓને વિરુદ્ધ નથી કહ્યા. એટલે? સમ્યગ્જ્ઞાન છે ત્યાં શીલ છે. એટલે? પરપદાર્થ જે છે પાંચ ઈન્દ્રિયના વિષયો એની વિરક્તતા હોય છે. નિર્જરામાં કહ્યુંને જ્ઞાન વૈરાગ્ય. જ્ઞાનીને જ્ઞાન અને વૈરાગ્ય બેય હોય છે. સ્વભાવમાં અસ્તિત્વનું જ્ઞાન અને રાગથી વિરક્તતા એ ધર્મીની મૂળ વસ્તુ છે.

તો અહીં કહે છે '**શીલ કે ઔર જ્ઞાન કે જ્ઞાનિયોં ને વિરોધ નહીં** કહા **હૈ. ઐસા નહીં હૈ કિ જહાં શીલ હો વહાં જ્ઞાન ન હો...**' એટલે જ્યાં પાંચ ઈન્દ્રિયના વિષયો જે પર તરફનું વલણ એની દૃષ્ટિ ખસી ગઈ છે, વૈરાગ્ય થયો છે, એને શીલ હોય ને જ્ઞાન ન હોય એમ ન હોય, એમ. સમજાણું કાંઈ? શીલ હોય એટલે પાંચ ઈન્દ્રિયના વિષયો તરફથી વિરક્તતા થઈ છે, એને જ્ઞાન ન હોય એમ હોઈ શકે નહિ. વિષયોની આસક્તિ એ જુદી વસ્તુ છે, પણ એ પાંચ ઈન્દ્રિયનો વિષયનો જે પ્રેમ છે એ પ્રેમ જેને છૂટી ગયો છે, એને જ્ઞાન હોય જ. '**શીલ હો વહાં જ્ઞાન ન હો..**' એમ નથી. એમ કહે છે. એ પુણ્ય અને પાપના રાગથી અથવા પરપદાર્થ સ્વદ્રવ્ય સિવાય જેટલા પરપદાર્થ પાંચ ઈન્દ્રિયના વિષયો છે એના તરફની જેને રુચિ, અંતર આશ્રય, અંતરનો પરનો પ્રેમ જેને છૂટ્યો છે એને જ્ઞાન ન હોય એમ ન હોઈ શકે. એમ કહે છે.

'**ઔર જ્ઞાન હો વહાં શીલ ન હો.**'-એમ નહિ. અને જેને સમ્યગ્જ્ઞાન છે એને શીલ ન હોય, એમ નહિ. એને એ પાંચ ઈન્દ્રિય વિષયો પરપદાર્થના વલણની રુચિ દૃષ્ટિ છૂટી ગઈ છે. એટલે '**જ્ઞાન હો વહાં શીલ ન હો.**'-એમ નહિ. એમ કહે છે. આહાહા..! જેને સ્વવિષયનું જ્ઞાન છે એને પરવિષય તરફની રુચિ છૂટી ન હોય એમ હોઈ શકે નહિ. એમ કહે છે. સમજાણું કાંઈ? જેને આત્માના આનંદરસનું જ્ઞાન છે એને શીલ ન હોય એમ ન બને કહે છે. એને રાગના રસનું રસપણું છૂટી ગયું હોય છે.

**અષાઢ વદ ૪, સોમવાર તા. ૦૮-૦૭-૧૯૭૪**
**ગાથા - ૨ પ્રવચન - ૧૯૪**

આચાર્યે શીલપાહુડ... જેણે આત્માનો જ્ઞાનને વિષય બનાવ્યો છે આત્માને, દૃષ્ટિનો વિષય સાથે છે એમાં જ્ઞાનનો વિષય સ્વ છે. એમ જેને થયું એને શીલ ન હોય એમ બની શકે નહિ એમ કહે છે. એને પર તરફનો અભાવ, પરના વિષયની રુચિનો અભાવ ન હોય એમ ન બની શકે. સમજાય છે કાંઈ?

**'णवरि'** **'અર્થાત્ વિશેષ હૈ...'** પાઠ છેને **'णवरि'**નો? **'વહ કહતે હૈં—શીલ કે બિના વિષય અર્થાત્ ઇન્દ્રિયો કે વિષય હૈં વહ જ્ઞાન કો નષ્ટ કરતે હૈં...'** પાંચ ઇન્દ્રિય શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ, પર તરફના વિષયનો ઝુકાવ એ, કહે છે **'શીલ કે બિના...'** પર તરફના ઝુકાવના અભાવ વિના **'ઇન્દ્રિયો કે વિષય હૈં વહ જ્ઞાન કો નષ્ટ કરતે હૈં...'** પરનો પ્રેમ કરીને જ્ઞાનને અજ્ઞાન કરી નાખે છે. આહાહા..! સમજાણું કાંઈ? **'શીલ કે બિના વિષય અર્થાત્ ઇન્દ્રિયો કે વિષય હૈં વહ જ્ઞાન કો નષ્ટ કરતે હૈં...'** બ્રહ્મસ્વરૂપ ભગવાન આત્મા એનો ... પર્યાયમાં રાગ અને પર એ પાંચેય ઇન્દ્રિયો અથવા પરદ્રવ્ય બધા એના પ્રત્યેની રુચિ છૂટી ન હોય તો તો જ્ઞાનને બગાડશે. **'વહ જ્ઞાન કો નષ્ટ કરતે હૈં...'** સમ્યગ્જ્ઞાન રહેવા દેતું નથી. આહાહા..! સ્વ તરફનું જ્ઞાન, પર તરફની રુચિનો અભાવ ન હોય તો એ સ્વ તરફનું સાચું જ્ઞાન રહી શકશે જ નહિ એમ કહે છે.

**'જ્ઞાન કો મિથ્યાત્વ રાગદ્વેષમય અજ્ઞાનરૂપ કરતે હૈં.'** દેખો! જાણપણું હો, ઉઘાડ હો, ક્ષયોપશમમાં જ્ઞાનનો વિકાસ હો, પણ પાંચેય ઇન્દ્રિયો, સ્વદ્રવ્ય સિવાય સર્વ પરદ્રવ્ય પાંચેય ઇન્દ્રિયનો વિષય, એના તરફની જેને રુચિ છૂટી નથી તો એ મિથ્યાત્વભાવ કરશે જ્ઞાન. એની રુચિથી જ્ઞાનને મિથ્યાત્વ કરી દેશે. આહાહા..! ભારે! આખો અધિકાર અહીંથી ઉપાડ્યો બધો વિષયથી બસ. **'विसया'**... **'विसया'**... **'विसया'**.. જુઓને બીજીમાં **'विसया'**, ત્રીજીમાં **'विसयेसु विरज्जए'**. ચોથીમાં **'विसयबलो'** બધું વિષય-વિષય છે. ... સિદ્ધ કરવું છેને. અમુક ગાથાઓમાં નથી. પછી પાછળથી ઘણી ગાથાઓમાં છે. સિદ્ધાંત તો એ અહીંથી શરૂ કરવો છે કે જેને ક્ષયોપશમ જ્ઞાન હો, પણ જેને પાંચેય ઇન્દ્રિય(નો વિષય) પરદ્રવ્ય તરફની રુચિ છૂટી નથી તો તે જ્ઞાન નષ્ટ થઈ જાય છે, તે જ્ઞાનમાં મિથ્યાત્વભાવ આવી જાય છે. એમ કહે છે.

મુમુક્ષુ :- ખરેખર જ્ઞાન નથી.

ઉત્તર :- એ વાત છે. તદ્દન અંતરથી રુચિ, વિષયોની આસક્તિ ન છૂટી હોય, પણ એની રુચિ રહે છે જ્યાં, ત્યાં જ્ઞાનને બગાડે, મિથ્યાત્વ બનાવી દે એમ કહે છે. આહાહા..! અહીં તો સ્પર્શ ઇન્દ્રિયની મુખ્યતાથી ભલે વાત હો, પણ અહીં તો પરદ્રવ્યના સંસર્ગની રુચિની જ વાત ઉપાડી છે. ભગવાન આત્મા ચૈતન્ય આનંદસ્વરૂપ એનું જેને જ્ઞાન હોય, એને પરદ્રવ્ય અનેક-અનંત, પાંચ ઇન્દ્રિયના વિષયો આબરૂ, રૂપ, સ્પર્શ વગેરે... આહાહા..! જેને બહારની આબરૂનો પણ અંતરમાં પ્રેમ છે એનું જ્ઞાન મિથ્યાત્વ-ભ્રષ્ટ થઈ જાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આબરૂ તો રાખવી જ પડે.

ઉત્તર :- કોની આબરૂ?

મુમુક્ષુ :- લેવું, દેવું, કામકાજ વગેરે.

ઉત્તર :- બીજાની સાથે કામ કરે તે કરી શકે છે ક્યાં? આ તો પર તરફની રુચિ જે પડી છે એ જ જ્ઞાનને બગાડે છે. આહાહા..! એવી શૈલી લીધી છે.

એક કોર ભગવાન આત્મા એનું બ્રહ્મ આનંદસ્વરૂપની જેને રુચિ અને જ્ઞાન છે એને વિષયોની રુચિનો ભાવ અંદર ઊડી જાય છે અને જો ઊડ્યો નથી તો જ્ઞાનને મિથ્યાત્વ કરી દેશે. ડાહ્યાભાઈ! આહાહા..! એ કાંઈ પણ એને આબરૂનો, સ્પર્શનો, રૂપનો, ગંધનો, પરદ્રવ્ય બધા એમાં આવી ગયા, એનો જેનો ઊંડે પ્રેમ છે, રુચિ છે એનું જ્ઞાન બગાડી નાખશે, મિથ્યાત્વરૂપ કરી નાખશે. સમજાય છે કાંઈ? છેને સામે પુસ્તક છે.

'**ઇન્દ્રિયોં કે વિષય હૈં વહ જ્ઞાન કો નષ્ટ કરતે હૈં-જ્ઞાન કો મિથ્યાત્વ રાગદ્વેષમય અજ્ઞાનરૂપ કરતે હૈં.**' આહાહા..! એ ઉઘાડ ભલે જ્ઞાનનો હો, પણ જેને પાંચ ઇન્દ્રિયના વિષયો તરફના ઝુકાવનો વિષયનો પ્રેમ છે એ જો ન છૂટ્યો તો જ્ઞાનને મિથ્યાત્વ કરી દેશે. આહાહા..! સમજાણું કાંઈ? જ્ઞાનીને છન્નું હજાર સ્ત્રી હોય છે, ફલાણું હોય છે એમ કરીને જેને પરમાં રસ પડ્યો છે રાગનો ... એને (-જ્ઞાનીને) તો રાગનો રસ નથી. આહાહા..! જેને રાગનો રસ ઊડી ગયો છે એની વાત છે ત્યાં. એ તો ત્યાં આગળ આસક્તિનો ભાવ છે એ જ્ઞાનને મિથ્યાત્વ નહિ કરે. સમજાણું કાંઈ? પણ જે જ્ઞાનમાં એ પાંચ ઇન્દ્રિય તરફના વિષયનો રસ અને પ્રેમ છે (એ જ્ઞાનને નષ્ટ કરે છે). અહીં તો (સ્વ) વિષય આ અને આ (પર) વિષય બે વચ્ચેની વાતું કરી છે, ભાઈ! આહાહા..! છેલ્લો પાહુડ પણ લીધો છેને. ભાઈ! તું આત્મા. આત્મા આનંદસ્વરૂપ એવું જેને જ્ઞાન થાય એને આખી દુનિયાનો પરદ્રવ્યનો વિષય, વિષય એટલે વલણ 'ઠીક છે' એ બુદ્ધિ ઊડી જાય છે. સમજાણું કાંઈ? એ '**જ્ઞાન કો મિથ્યાત્વ રાગદ્વેષમય અજ્ઞાનરૂપ કરતે હૈં.**' આહાહા..! જેને આત્માના રસનું જ્ઞાન

થયું હોય એને તો પરનો રસ અંતરથી ઊડી ગયો હોય, આખી દુનિયાનો. એ રાગથી, વિષયોથી અંતરમાં વિરક્ત છે. એમ કહે છે.

'**યહાં ઐસા જાનના કિ શીલ નામ સ્વભાવ કા પ્રકૃતિ કા પ્રસિદ્ધ હૈ, આત્મા કા સામાન્યરૂપ સે જ્ઞાન સ્વભાવ હૈ.**' શું કહ્યું જોયું! '**ઐસા જાનના કિ શીલ નામ સ્વભાવ કા પ્રકૃતિ...**' એટલે પ્રકૃતિ એટલે સ્વભાવ. એ પ્રસિદ્ધ છે. આત્માની પ્રકૃતિ જ્ઞાન છે. પ્રકૃતિ એટલે સ્વભાવ. એ તો જ્ઞાનસ્વભાવી ભગવાન આત્મા. '**ઈસ જ્ઞાનસ્વભાવ મેં અનાદિ કર્મસંયોગ સે મિથ્યાત્વ રાગદ્વેષરૂપ પરિણામ હોતા હૈ...**' '**(પર સંગ કરને કે પ્રવૃત્તિ સે)**' એ તો 'પરસંગ એવ' છેને. પર વડે નહિ. પરથી (નહિ), પણ પરનો સંગ કરે, સ્વસંગને છોડી અને પરદ્રવ્યનો સંગ કરે છે.

'**આત્મા કા સામાન્યરૂપ સે જ્ઞાન સ્વભાવ હૈ.**' '**ઈસ જ્ઞાનસ્વભાવ મેં અનાદિ કર્મસંયોગ સે મિથ્યાત્વ રાગદ્વેષરૂપ પરિણામ હોતા હૈ...**' એટલે? કર્મના નિમિત્તના સંગના પ્રેમમાં એને મિથ્યાત્વ અને રાગદ્વેષ પરિણામ છે અનાદિના. અહીં ભગવાન આત્માનો આનંદસ્વભાવ એનો પ્રેમ ઊડી ગયો છે અનાદિથી અને કર્મના સંગે થયેલા વિકારના ભાવો એનો જેને પ્રેમ પડ્યો છે. એ મિથ્યાત્વ અને રાગદ્વેષમય અજ્ઞાન છે. આહાહા..! '**ઈસલિયે યહ જ્ઞાન કી પ્રકૃતિ કુશીલ નામ કો પ્રાપ્ત કરતી હૈ...**' '**જ્ઞાન કી પ્રકૃતિ...**' એટલે જ્ઞાનનો સ્વભાવ જે જાણવું છે એ જાણવાને પર તરફના વિષયની પ્રેમની રુચિ એ જ્ઞાનનો સ્વભાવ છે તેને કુશીલ કરી નાખે છે. આહાહા..! વિષય લીધો છેને પણ! કુંદકુંદાચાર્યની શૈલી જ કોઈ અલૌકિક!!

ઓલામાં લે, '**परदव्वादो दुग्गइ सदव्वा दो हु सुग्गइ होइ।**' અહીં બીજી રીતે નાખ્યું કે આત્મા ચૈતન્ય ભગવાન સ્વદ્રવ્ય એની જેને રુચિ છે, એને પરદ્રવ્યની રુચિ છૂટી ગઈ છે એટલું શીલ એને હોય છે. એટલું શીલ એને હોય છે. એ તો આગળ કહેશે જ્ઞાન અને વૈરાગ્ય કીધું છેને નિર્જરામાં? એ વૈરાગ્ય એકદેશ શીલ છે. સમ્યગ્દૃષ્ટિને જ્ઞાન અને વૈરાગ્યની બે શક્તિઓ હોય છે. આગળ કહેશે ક્યાંક, કહેશે પોતે. સમજાણું? ન્યાય પડ્યો છેને. ત્યાં લીધો. ધર્મી જીવને સ્વરૂપનું જ્ઞાન અને પરપદાર્થની રુચિનો અભાવ એવો વૈરાગ્ય (બે શક્તિ ખીલી છે). આહાહા..! આખી દુનિયાથી જે ઉદાસ છે દૃષ્ટિમાં એમ કહે છે. સ્વદ્રવ્યના આશ્રયની પ્રતીતિ અને પરદ્રવ્યના આશ્રયની રુચિમાં ઉદાસભાવ છે. આહાહા..! અંતરની નાડ્યું પકડી છે. કહો, ચેતનજી! આ છે, વસ્તુ આ છે.

કહે છે, એ '**જ્ઞાન કી પ્રકૃતિ...**' એટલે એનો સ્વભાવ જે જાણવું છે એને ઠેકાણે '**કુશીલ નામ કો પ્રાપ્ત કરતી હૈ...**' આહાહા..! સ્વદ્રવ્ય સિવાય પાંચેય પરદ્રવ્ય. એ તો

ભાઈએ કહ્યું પહેલું નહિ ૩૧ ગાથામાં? '**जो इंदिये जिणित्ता**' ૩૧માં આવ્યુંને? '**जो इंदिये जिणित्ता**'નો અર્થ કર્યો કે દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય અને ઇન્દ્રિયના વિષયો. આખી દુનિયા વિષય. આહાહા..! વાણી ભગવાનની, તીર્થંકર એ બધા ઇન્દ્રિયો છે. ઇન્દ્રિયના વિષયો છે એ ઇન્દ્રિય છે. એને જેણે જીતી છે. એટલે કે એના આશ્રયે થતો જે રાગ એની એકતા જેણે તોડી છે. એ અણીન્દ્રિય ભગવાન આત્મા તરફ ઝુક્યો છે. સમજાણું કાંઈ? આહાહા..! એને સમ્યગ્દૃષ્ટિ કહીએ એમ કહ્યું છેને? જેણે આ જડ ઇન્દ્રિય, ભાવેન્દ્રિય અને એના વિષયો. વિષયોમાં તો બધું આવી ગયું. એ વિષયો છે એને ત્યાં ઇન્દ્રિય કીધી. અહીં એણે ખુલ્લા કર્યા કે બધા જેટલા વિષયો છે પર, એને જેણે જીત્યા નથી એટલે તે તરફની રુચિ ગઈ નથી, એણે ઇન્દ્રિયના વિષયને જીત્યા નથી. અને જેણે ઇન્દ્રિયના વિષયો જીત્યા છે એને પાંચેય ઇન્દ્રિય તરફના વલણની વૃત્તિઓ અને વસ્તુની રુચિ ખસી ગઈ છે. આહાહા..!

'**कुशील नाम को प्राप्त करती है ईससे संसार बनता है,...**' લ્યો! ભગવાન આત્મા જેનો સામાન્ય પ્રકૃતિ એટલે જ્ઞાનસ્વભાવ હોવા છતાં, એ જ્ઞાનસ્વભાવમાં પરપદાર્થના વલણનો રાગનો પ્રેમ છે એ પ્રેમ જ્ઞાનને કુશીલ બનાવે છે. ઓહોહો..! એ જ્ઞાનને કુશીલીયું જ્ઞાનને વ્યભિચારી બનાવે છે કહે છે. આહાહા..! '**ईससे संसार...**' એ સંસાર છે. ભગવાન આત્માનો આત્મસ્વભાવ એની જેને અંતરની રુચિ થઈ નથી એથી એને પાંચ ઇન્દ્રિયના વિષયો તરફની રુચિ ગઈ નથી, એ સંસાર છે. આહાહા..! વાત આમ છે. વસ્તુનું સ્વરૂપ આવું છે. આમ જાણપણાના નામ ધરાવે અને અંદર પર પ્રત્યેની રાગની વિષયની રુચિ ગઈ નથી તો એ જ્ઞાન કુશીલીયું છે કહે છે. આહાહા..! આગળ કહેશે. થોડું પણ જ્ઞાન એટલે જેને પર તરફની રુચિ છૂટીને જેમાં જ્ઞાનની સુશીલતા પ્રગટી છે એ જ્ઞાન થોડું હોય તોપણ એ સુશીલ જ્ઞાન છે. સમજાણું કાંઈ? આહાહા..! જ્ઞાનની વિચારશક્તિ ભલે થોડી હો, પણ જે જ્ઞાનમાં સ્વની રુચિ થઈને જ્ઞાન પ્રગટ્યું છે, એને થોડું જ્ઞાન હોય અને પરની રુચિ છૂટી ગઈ છે, તોપણ તે જ્ઞાનને સુશીલ કહેવામાં આવે છે.

'**ईसलिये ईसको संसार प्रकृति कहते हैं,...**' લ્યો ઠીક! આહાહા..! એક સ્વદ્રવ્ય સિવાય પરદ્રવ્ય અનંત, એના તરફનો (પ્રેમ), એ વિષય છે, એ પણ એક વિષય છેને, એ વિષયના પ્રેમમાં જે પડ્યો છે... આહાહા..! એને સંસાર પ્રકૃતિ કહીએ. એ તો સંસારનો પ્રકૃતિ સ્વભાવ છે, જ્ઞાનસ્વભાવ નહિ. આહાહા..! એમ કે આપણને તો જ્ઞાન છેને સાચું? ભલે વિષયો ગમે તેવા સેવીએ, એમાં ગમે તેવો રસ હોય પણ આપણને ક્યાં એનો બાદ છે. એમ. એમ નથી. આહાહા..!

મુમુક્ષુ :- જ્ઞાની તો આસ્રવ રહિત છે.

ઉત્તર :- એ કઈ રીતે? જેને પરની રુચિનો પ્રેમ છૂટી ગયો છે અને સ્વદૃષ્ટિની રુચિ અને સ્વનું સુશીલપણું પ્રગટ્યું છે એ આસ્રવરહિત મુખ્યપણે કહેવામાં આવે છે, મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો. અહીં તો ઠેઠની વાત લીધી છેને. મિથ્યાત્વવાળું જ્ઞાન થઈ ગયુંને. એમ કીધુંને. આહાહા..! જે જ્ઞાનસ્વભાવ પરદ્રવ્ય તરફના વલણના ભાવમાં જેને રસ પડ્યો છે એને એ જ્ઞાન મિથ્યાત્વ બનાવી દે છે. સમજાણું કાંઈ? એ જ્ઞાન સંસારપ્રકૃતિ થઈ ગઈ. આહાહા..!

'**ઈસ પ્રકૃતિ કો અજ્ઞાનરૂપ કહતે હૈં,...**' દેખો! કેટલા વિશેષણ આપ્યા જોયું! કુશીલ નામ કહીએ, એને સંસાર બંધતા હૈ, એને સંસાર પ્રકૃતિ કહીએ '**ઈસ પ્રકૃતિ કો અજ્ઞાનરૂપ કહતે હૈં,...**' આટલો ભારે ખુલાસો! ગૃહસ્થ છે છતાં. છેને? આ તો શાંતિથી ધીરજથી સમજવા જેવી વાત છે, ભાઈ! આહાહા..! આ કાંઈ ગોખી જવું જ્ઞાન ને પરનો પ્રેમ રહી જવો ને જ્ઞાન કહેવું. કહે છે કે ના. આહાહા..! એ ત્યાં ઈન્દ્રિયને જીતવાનું કહ્યું, અહીં પર ઈન્દ્રિયના વિષયમાં જેને પ્રેમ છે તે જીતાઈ ગયો છે. કુશીલ જ્ઞાન છે. ઓહોહો..! શૈલી તે પણ શૈલી! સંતોની શૈલી! પરથી વિમુક્ત અને સ્વથી સહિત એવું જે જ્ઞાન તેને સુશીલ જ્ઞાન કહીએ. પણ પરનું ... પુણ્યપણું, રાગમાં .. એમાં પોતાપણું એને ઊભું થાય છે. આહાહા..!

મુમુક્ષુ :- જરાક કરતા..

ઉત્તર :- જરાક નથી, મોટી છે. ક્ષય લાગુ પડ્યો છે. ક્ષયનો તો ઈલાજ છે, આ તો કેન્સર લાગુ પડ્યું છે. આહાહા..! સડો ઊભો થયો છે.

ચૈતન્ય ભગવાન જ્ઞાનસ્વભાવ અને આનંદસ્વભાવનો જેને પ્રેમ થયો છે એને આવો પ્રેમ કેમ રહે? અને એવો પ્રેમ જેને રહે એનું જ્ઞાન કુશીલ કેમ ન થાય? આહાહા..! એને સંસાર કેમ ઊભો ન રહે? આહાહા..! કેમકે '**પર્યાય મેં અપનત્વ માનતા હૈ...**' એ આબરૂ મારી થાય, મારી કીર્તિ વધે, મને સગવડતા બહારની વધી એટલે હું મોટો-એવો જેને અંતરમાં રસ અને પ્રેમ છે એ પરને પોતાનું માને છે. આહાહા..! બહુ વાત લીધી ભગવાન! એ '**સંસાર પર્યાય મેં અપનત્વ માનતા હૈ...**' જોયું! સરવાળો આ લીધો. '**તથા પરદ્રવ્યો મેં ઈષ્ટ-અનિષ્ટ બુદ્ધિ કરતા હૈ.**' મિથ્યાત્વને નાખ્યો ભેગો. પરદ્રવ્યમાં પોતાપણું માને એ મિથ્યાત્વ છે અને ઈષ્ટ-અનિષ્ટ (માને), ઈષ્ટ તે ઠીક, અનિષ્ટ તે અઠીક એ રાગ-દ્વેષ છે એ મિથ્યાત્વ સહિતના રાગ-દ્વેષ છે. આહાહા..! સમજાણું કાંઈ? આ અષ્ટપાહુડનો છેલ્લો પાહુડ છે. આહાહા..! કળશ ચડાવ્યો! આહાહા..!

'**તથા પરદ્રવ્યો મેં ઈષ્ટ-અનિષ્ટ બુદ્ધિ કરતા હૈ.**' એમ લેવું છેને? આહાહા..! જેને સ્વદ્રવ્યનું જ્ઞાન અને સ્વદ્રવ્યની દૃષ્ટિ થઈ હોય એને પરદ્રવ્યનો પ્રેમ અંદર ઊંડે અંશે ન રહે.

તેથી પર મારા એવું અપનત્વ ન રહે અને ઈષ્ટ-અનિષ્ટમાં રાગ-દ્વેષ કરવાનું એને રહેતું નથી. આહાહા..! પરમાત્મપ્રકાશમાં આવે છેને. ઘણા શિષ્યો અને પુસ્તક સારા એનાથી જ્ઞાની લજાય છે. આ શું? આ મારે પુસ્તક ને શિષ્ય એવું ક્યાં છે? અજ્ઞાની, એવા શિષ્યો ઘણા થાય, શાસ્ત્રો ઘણા બને એમાં પોતાપણું માનીને હરખ કરે છે. પરમાત્મપ્રકાશમાં છે. અહીં તો સ્વદ્રવ્ય અને પરદ્રવ્યની વહેંચણીની વ્યાખ્યા છે. આહાહા..! જેને સ્વપરનું ભેદજ્ઞાન નથી એના જ્ઞાનને કુશીલ કહીએ. જેને સ્વપરના ભેદજ્ઞાન છે તેના જ્ઞાનને સુશીલ કહીએ. પણ આ વિધિ અને આ રીતે. સમજાણું કાંઈ? આહાહા..!

'**યહ પ્રકૃતિ પલટે તબ મિથ્યાત્વ કા અભાવ કહા જાય,...**' દેખો! એ અજ્ઞાન જે પરને પોતાનું માનવાનો જે મિથ્યાત્વભાવ, પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં તેનો પ્રેમ એનો એ ભાવ, એનું પ્રેમપણું જેને મટી જાય એ પ્રકૃતિ પલટી જાય ત્યારે '**મિથ્યાત્વ કા અભાવ કહા જાય,...**' ત્યારે તો દ્રવ્ય ઉપર દૃષ્ટિ ગઈ. દ્રવ્યને પોતાનું માન્યું. દ્રવ્યને પોતે માન્યું અથવા દ્રવ્ય તે હું છું એમ માન્યું. આ હું છું એમ માન્યું એ ઊડી ગયું. સમજાણું કાંઈ? '**યહ પ્રકૃતિ પલટે તબ મિથ્યાત્વ કા અભાવ કહા જાય, તબ ફિર ન સંસાર પર્યાય મેં અપનત્વ માનતા હૈ,...**' લ્યો! એ સંસાર પર્યાય એટલે રાગનો અંશ કે પુણ્યના ફળ તરીકે મળેલી સામગ્રી એમાં 'આ મારા' એવું અપનત્વ તેને રહેતું નથી. આહાહા..!

'**ન પરદ્રવ્યોં મેં ઈષ્ટ-અનિષ્ટ બુદ્ધિ હોતી હૈ...**' ઓલામાં અવળું લીધું હતુંને કે આને મિથ્યાત્વ અને રાગ-દ્વેષ થાય છે, આને નથી થતું. આહાહા..! સંસારની કોઈપણ પર્યાય પુણ્યના વિકલ્પથી માંડીને એના ફળમાં ઢગલાઓ બહાર હોય, એમાં ધર્મીને પ્રકૃતિ પલટી ગઈ છે. એથી એને ક્યાંય પોતાપણું—આ મારું છે એમ એ માનતો નથી. અને તેને ઈષ્ટ-અનિષ્ટમાંથી રાગ-દ્વેષ થતાં નથી. એટલા રાગ-દ્વેષની વાત છેને અહીં. ઈષ્ટ-અનિષ્ટ માને છે તે મિથ્યાત્વ છે અને મિથ્યાત્વ સહિત ઈષ્ટનો રાગ અને અનિષ્ટનો દ્વેષ એ અનંતાનુબંધીનો રાગ-દ્વેષ છે. ઓહોહો..!

'**ન પરદ્રવ્યોં મેં ઈષ્ટ-અનિષ્ટ બુદ્ધિ હોતી હૈ ઔર (પર-અનુસાર અર્થાત્)**' પછી ખુલાસો કર્યો. '**ઈસ ભાવ કી પૂર્ણતા ન હો તબતક ચારિત્રમોહ કે ઉદય સે કુછ રાગ હોતા હૈ...**' રાગ હોય છે ધર્મીને. '**દ્વેષ કષાય પરિણામ ઉત્પન્ન હોતે હૈં ઉનકો કર્મ કા ઉદય જાને,...**' એ તો ઉદયની ઉપાધિ છે, મારા નહિ. એ કર્મની ઉપાધિ છે, મારો સ્વભાવ તો નિરૂપાધિ છે. આહાહા..! હોય છેને એ તો. ઉપાધિ છે એમ જાણે. રસ ઊડી ગયો છે. હજી વીતરાગ થયો નથી એટલે ત્યાંની... મુનિને પછી કાંઈ નથી. એને પણ જરી રાગ છેને હજી. આહાહા..! મહાવ્રત આદિનો રાગ છે, પણ એને કર્મનો ઉદય અને

ઉપાધિ જાણે. આહાહા..!

**'ઉન ભાવોં કો ત્યાગને યોગ્ય જાને,...'** એ રાગ થાય એને ધર્મી ત્યાગને—છોડવાયોગ્ય જાણે. રાગ રાખવા જેવો છે એ તો મિથ્યાદષ્ટિ છે. છોડવા જેવો છે એમ માને. માને એમ (ઉપરથી) માને નહિ, (પણ) અંદરમાં. માને ક્યારે કહેવાય? સ્વભાવને ઉપાદેય માને, એ દષ્ટિમાં રાગને હેય માને. આહાહા..! એમ માને. અંતરની વાત છે આ તો. ચૈતન્યસ્વભાવ પૂર્ણ આનંદ પ્રભુ એને જ્યાં ઉપાદેય માને છે વાસ્તવિક રીતે, એ રાગની ઉપાધિને હેય માને છે, ત્યાગવાયોગ્ય માને છે, લ્યો! સમજાણું કાંઈ?

**'ત્યાગના ચાહે ઐસી પ્રકૃતિ હો...'** દેખો! રાગ આવે ખરો, પણ એને **'ત્યાગના ચાહે ઐસી પ્રકૃતિ હો તબ સમ્યગ્દર્શનરૂપ ભાવ કહતે હૈં,...'** લ્યો! આહાહા..! રાગ હોય, પણ એ ત્યાગવા યોગ્ય છે. **'ત્યાગના ચાહે...'** પાછું એમ. ત્યાગને યોગ્ય છે અને ત્યાગવા ચાહે છે. ભાવના એને છોડવાની છે. આહાહા..! અજ્ઞાનીને તો રાગ પોતાનો છે એમ માને છે અને તે રાખવાલાયક છે એમ માને છે. લાભદાયક છે. શુભભાવ હોય એ લાભદાયક છેને. પ્રશસ્ત રાગ. મીઠાશ છે એને. આહાહા..!

મુમુક્ષુ :- ...

મુમુક્ષુ :- એ બધું એનું એ છે. બીજાને 'પૈસાવાળો છે, એ મોટો છે' એ માન્યતા મિથ્યાત્વ છે. એ તો એને બતાવીને વૈરાગ્ય કરાવવો હોય કે હવે ભાઈ આવા તો બધા ઘણા પડ્યા છે. દીન છે, ગરીબ છે બિચારા એમ કરીને એ ભાવની મહત્તતા, મોટપ છોડાવવી છે. પણ પરની લક્ષ્મી આદિથી એ મોટો છે એમ માને તો તો મિથ્યાદષ્ટિ છે. આહાહા..! જેને બે-પાંચ-દસ કરોડ રૂપિયા (હોય) માટે મોટો. એ તો પરદ્રવ્યને લઈને મોટો માન્યો. એ પોતે માનનાર મિથ્યાદષ્ટિ છે. આહાહા..! ઘણી જેની આબરૂ હોય માટે મોટો.

મુમુક્ષુ :- બધામાં?

ઉત્તર :- બધામાં એ છે. આહાહા..!

મુમુક્ષુ :- અજ્ઞાની અજ્ઞાનીને વખાણે.

ઉત્તર :- અજ્ઞાની વખાણે એ જુદી (વાત), પણ આ તો આ રીત છે એની. એમ. અજ્ઞાની કેમ વખાણે છે? કે એને એ પર વસ્તુની મોટપ ભાસે છે. એમ. પર વસ્તુની મોટપ ભાસે છે. આત્માની મોટપની એને ખબર નથી. આથી એવા રાજાઓ, શેઠિયાઓ, કરોડોપતિઓ કે સ્ત્રી, કુટુંબ-પરિવાર સારા દીકરા હોય.. આહાહા..! ભારે ભાઈ પુણ્યશાળી! એમ જે માને એ તો મિથ્યાત્વભાવ છે. આહાહા..!

**'ઐસી પ્રકૃતિ હો...'** કેવી? કે રાગનો ભાવ આવે ચારિત્રમોહના ઉદયથી, પણ એ

ઉપાધિ છે, ત્યાગવા યોગ્ય છે, ત્યાગની ચાહના છે એવો સ્વભાવ હો '**તો સમ્યગ્દર્શનરૂપ ભાવ કહતે હૈં,...**' એને સમ્યગ્દર્શનરૂપ ભાવ કહે છે. આહાહા..! '**ઈસ સમ્યગ્દર્શન ભાવ સે જ્ઞાન ભી સમ્યક્ જ્ઞાન પાતા હૈ...**' કેટલો ખુલાસો કર્યો! એ સમ્યગ્દર્શન ભાવથી જ્ઞાન પણ સમ્યક્ જ્ઞાન પામે છે. આહાહા..! પોતાના પુણ્યભાવને અને પુણ્યની સામગ્રીને પોતાની માને તો એ મિથ્યાત્વભાવ છે, એમ જગતના બીજા પ્રાણીના પુણ્યને અને પુણ્યના ફળેલા ભાવ વસ્તુને એનાથી મોટો છે એમ માને એ પણ મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! જ્ઞાનીને તો એ બધા રાજાઓ અને પૈસાવાળા ભિખારી દેખાય છે. પાગલ છે બિચારા પાગલ, એને કાંઈ ખબર નથી. અરેરે..! ક્યાં જઈશું? અને ક્યાં છું? ક્યાં હું છું અને આ રીતે ક્યાં હું રહીશ ભવિષ્યમાં? જશું એટલે ક્યાં જઈને રહીશ? એની એને ખબર નથી. આહાહા..!

મુમુક્ષુ :- કિંમત જ નહિને.

ઉત્તર :- છેને કિંમત. નરકમાં જવાની છે કિંમત. આહાહા..!

જેને સ્વદ્રવ્યની મોટપ સૂઝી છે એને પરદ્રવ્યથી આત્માની મોટપ એ કેમ માને? અને જેને પરદ્રવ્યથી મોટપ ભાસે છે એને સ્વદ્રવ્યની મોટપ કેમ ભાસે? આહાહા..! કહ્યું છેને શાસ્ત્રમાં? હરિજન હોય, ચંડાળ હોય, પણ જેને આત્મદર્શન છે, રાગના ભાવથી જેની વિરક્ત દૃષ્ટિ સુશીલ છે એ અગ્નિ ઢાંકેલી રાખ જેવી છે. અંદર અગ્નિ છે. બહારમાં રાખ ભલે ઉપર હો. એમ નીચ કુળમાં અવતાર, કાળુકુબડું (શરીર), હીનતા, રોટલો માંડ મળતો હોય, કોઈ ગણતું ન હોય, રહેવાની ઝૂંપડી ન હોય, પણ એને ધર્મી જીવ તો એને સુખી માને. એ મોટો છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દેવ છે એ દેવ છે. એમ માને. આહાહા..! જેને નીચગોત્રનો ઉદય ... હોય, શરીર જન્મતા મહિને-બે મહિને શીતળા નીકળ્યા હોય, ઘોબા પડ્યા હોય શરીરમાં અને દીકરો ન હોય, વાંઝીયા હોય, રહેવા ઝૂંપડી હોય, ખાવા રોટલો માંડ મળતો હોય, પાંચ રૂપિયા, દસ રૂપિયા રળીને. પણ જો એને આત્મદર્શન છે, જેને અંતરના આખા સંસારની રુચિ ઊડી ગઈ છે. ભલે એને બાયડી-છોકરા હોય... આહાહા..! પણ અંતરમાં જેને રુચિ ઊડીને જેને આત્મા પૂર્ણસ્વરૂપ ભગવાન એની રુચિ પ્રગટી છે. ગણધરો કહે છે કે એ દેવ છે. કહો, દરબાર! અને આ બધા બગીચા ને ફગીચા ને કરોડોપતિઓ ને ૪૦-૪૦ લાખના મકાનોમાં રહે એ બિચારા દુઃખી છે. સંસાર પ્રકૃતિમાં પડેલા છે. સંસાર પ્રકૃતિવાળા એ જીવ છે. એ સંસારમાં રહેનારા ભવિષ્યમાં પણ રહેનારા છે. આહાહા..!

મુમુક્ષુ :- આવું સાંભળે તોપણ?

ઉત્તર :- સાંભળે તોપણ ન બેસે. સાંભળે તો શું? સાંભળ્યું તો ઘણીવાર. એને અંદર બેસવું જોઈએને. અંદર ન બેસે ત્યાં શું કરે? એને ઊંધાઈ હોય ત્યાં. આહાહા..!

'**ઈસ સમ્યગ્દર્શન ભાવ સે જ્ઞાન ભી સમ્યક્ નામ પાતા હૈ ઔર પદ કે અનુસાર ચારિત્રકી પ્રવૃત્તિ હોતી હૈ...**' એટલે શું કહે છે? એ ચોથે ગુણસ્થાન આદિ છે. '**જિતને અંશ રાગદ્વેષ ઘટતા હૈ ઉતને અંશ ચારિત્ર કહતે હૈં...**' ઠીક! સમ્યગ્દષ્ટિને પણ જેટલો અનંતાનુબંધીનો ગયો છે એ તો ચારિત્રનો અંશ છે. લ્યો ઠીક! '**જિતને અંશ રાગદ્વેષ ઘટતા હૈ ઉતને અંશ ચારિત્ર કહતે હૈં ઐસી પ્રકૃતિ કો સુશીલ કહતે હૈં,...**' લ્યો! આહાહા..! ચારિત્રમોહનો રાગ છે, પણ જેની દૃષ્ટિ પરથી ઉઠી ગઈ છે એથી સ્વદૃષ્ટિ થઈ છે તેનું જ્ઞાન સુશીલ થયું છે. એ સુશીલ જીવ કહો, '**ઐસી પ્રકૃતિ કો સુશીલ કહતે હૈં, ઈસપ્રકાર કુશીલ વ સુશીલ શબ્દ કા સામાન્ય અર્થ હૈ.**' કુશીલ અને સુશીલ આ છે. આહાહા..! રાગની સાથે વ્યભિચાર કરે છે તે કુશીલીયો છે. પુણ્યના પરિણામ અને એના ફળને મારા માને એ કુશીલીયો છે. આહાહા..!

ભગવાન બ્રહ્મસ્વરૂપ, આનંદસ્વરૂપ એને પરપદાર્થના સંસર્ગવાળો માન્યો, પરપદાર્થોના સંગથી ઉત્પન્ન થયેલા રાગવાળો માન્યો એ કુશીલ જ્ઞાન થઈ ગયું, એ કુશીલીયો, બ્રહ્માનંદ પ્રભુ એને કુશીલ કરી નાખ્યો. એ બ્રહ્મસ્વરૂપ ભગવાન આનંદ એને એવા રાગ સાથે એકત્વ કર્યું એ જ એને વ્યભિચાર અને કુશીલ કહેવામાં આવે છે. આહાહા..! આ અધિકાર લીધો છેને પણ. અને અર્થ પણ કેવા સરસ કર્યા છે! ગૃહસ્થ છે અર્થ કરનાર. એમાં શું છે? ગૃહસ્થ હોય તો સમ્યક્ છે એ તો શુદ્ધ, સમ્યગ્દર્શન તો શીલ જેવું હોય છે, ઢોરને પણ ... આહાહા..! ઓછું-વત્તું જ્ઞાન હોય એની ઉપર કાંઈ મદાર નથી. એની અંતર દૃષ્ટિ અને પરથી દૃષ્ટિ ઊડી ગઈ છે એ ઉપર મદાર છે ધર્મનો. આહાહા..! ઓલા કહે કે વીરના વખતમાં હવે કાંઈક આચાર અને વ્યવહાર સુધારો.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— આ વાત છે. આહાહા..! આત્મા ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ છે, પવિત્ર છે, એનાથી વિરુદ્ધ જેટલો રાગાદિ અપવિત્ર છે અને એના ફળો એ આસ્રવ અને અજીવ છે. એનો પ્રેમ છોડે, એની રુચિ છોડે એ આત્માનું જ્ઞાન એને સુશીલ થયું, એ વીરને પંથે આવ્યો. એ વીરના માર્ગનો પુત્ર થયો, એ સર્વજ્ઞનો પુત્ર થયો. કેમકે સર્વજ્ઞસ્વભાવી આત્મા એના સ્વીકારમાં રાગ ને નિમિત્ત ને અલ્પજ્ઞતાનો જ સ્વીકાર ઊડી ગયો. આહાહા..! એ વીરને પંથે આવ્યો. વીરનું ૨૫૦૦ વર્ષનું ઉજવણું કરે છેને? એ આ ઉજવણું છે. આહાહા..! માણસને ન બેસે, પણ વસ્તુ તો આ છે, વસ્તુસ્થિતિ તો આ છે. હવે એને બીજી રીતે ચીતરવી

અને એમાંથી માનવું કે અમે આ વીરને માર્ગે છીએ. ભાઈ! એ તો સ્વતંત્ર જીવ છે. માને નહિ શું થાય? આહાહા..!

**'સામાન્યરૂપ સે વિચારે તો જ્ઞાન હી કુશીલ હૈ ઔર જ્ઞાન હી સુશીલ હૈ,...'** જોયું! એ જાણપણું છે એ પરવસ્તુને પોતાની માનવાનો જે ભાવ એ જ્ઞાન કુશીલ છે. પંડિતજી! આહાહા..! પરવસ્તુ હો, એની સાથે કાંઈ સંબંધ નથી. ઓલા લાલન કહેતાને કે અમારા જ્યોર્જને એક રાણી અને તમારા સમકિતી ચક્રવર્તીને છન્નું હજાર રાણી. પણ શું છે ભગવાન? દ્રવ્યની સંખ્યાએ રાગ વધ્યો અને રાગ છે એમ કોણે માન્યું? પરદ્રવ્યની સંખ્યા વધારે હોય એથી શું? એને પોતાનું માને અને એનાથી લાભ માને તો એ મિથ્યાદષ્ટિ છે. ભલે એક જ સ્ત્રીવાળો હોય, બીજી સ્ત્રીઓ ન કરે, પણ એ સ્ત્રી મને સુખરૂપ છે, એ મારી છે, એના સંસર્ગથી મને સુખ ઊપજે છે (એમ માનવાવાળો) મૂઢ છે, મિથ્યાદષ્ટિ છે. આહાહા..! એ કસાઈખાનું માંડ્યું છે એણે. આત્માની શાંતિને લૂંટી છે એણે. આહાહા..! આકરી વાતું બાપુ! ધર્મ માર્ગ એવો છે અને એ છન્નું હજાર સ્ત્રી...

એકને તો કાંઈ વધારે કહે છે ઓલા વાસુદેવનો બાપ. વસુદેવ નહિ? એને બહુ કાંઈક કહે છે. બહુ રૂપાળા હતા ને એવું આવે છે. વાસુદેવના બાપ વસુદેવ બહુ રૂપાળા હતા અને... કૃષ્ણ કે પિતા. બહુ કન્યાઓ હતી એમ કહે છે. એવું આવે છે કરોડો. એવું છે લખાણ ક્યાંક. બહુ રૂપાળા હતા અને ઘણા નીકળી ગયેલા રાજમાંથી. જ્યાં ત્યાં પછી પરણ્યા બધે. કેટલીય રાણીઓ. પણ એની સંખ્યાની સાથે શું સંબંધ છે. એકને પણ પોતાનું માને તો કુશીલ છે અને અનેક-અનંત દ્રવ્યને પણ પોતાનું ન માને અને પોતાના સ્વરૂપને (પોતાનું) માને તો સુશીલ છે. આહાહા..! ભાઈ! આ તો અંતરના કામ છે કે કાંઈ બહારના માપ છે આ? બહારના માપે કાંઈ આ માપ આવે એવું નથી.

**'સામાન્યરૂપ સે વિચારે તો જ્ઞાન હી કુશીલ હૈ ઔર જ્ઞાન હી સુશીલ હૈ, ઈસલિયે ઈસપ્રકાર કહા કિ જ્ઞાન કે ઔર શીલ કે વિરોધ નહીં હૈ,...'** જોયું! સમ્યગ્જ્ઞાન અને એની સાથે શીલ હોય છે, એને વિરોધ છે નહિ. **'વિરોધ નહીં હૈ,...'** સમ્યગ્જ્ઞાન એની સાથે સારી દુનિયા પ્રત્યેના રાગની રુચિ છૂટી ગઈ એટલો શીલભાવ છે. જ્ઞાન અને શીલને (સાથે) રહેવાનો વિરોધ નથી. **'જબ સંસાર પ્રકૃતિ પલટ કર...'** એ સંસાર પ્રકૃતિ હતી. આહાહા..! એ રાગના કણને પણ પોતાનો (માને), અપનત્વ—પોતાપણું માને છે એ પ્રકૃતિ સંસાર પ્રકૃતિ હતી. **'પલટ કર મોક્ષ સન્મુખ પ્રકૃતિ હો...'** દેખો! એ રાગ અને પુણ્યના ફળ અને એ તરફથી પ્રકૃતિ પલટી ગુલાંટ ખાઈ ગઈ. આહાહા..! **'મોક્ષ સન્મુખ પ્રકૃતિ હો...'** જ્ઞાનનો સ્વભાવ મોક્ષ સન્મુખ હવે થયો. જે ઓલો રાગ સન્મુખ હતો એ

પોતાનું શુદ્ધ મોક્ષસ્વરૂપ એના સન્મુખ થયો. '**तब सुशील कहते हैं,...**' લ્યો! એ જ્ઞાનને સુશીલ કહેવામાં આવે છે. ભલે એ ચોથે ગુણસ્થાને હો, પણ એ સુશીલ છે. આહાહા..!

આગળ આવશે ૩૨મી ગાથામાં (કે) નરકમાં પણ સુશીલ છે. નારકી જીવ પણ ત્યાંથી નીકળી અરિહંત થાય છે. એવું શીલપણું ત્યાં પણ છે એમ કહ્યું. આગળ આવશે. ૩૨મી ગાથા છે. સમજાણું કાંઈ? લ્યો શીલપણું નરકમાં પણ છે. વૃત્તિ અંદર વિરક્ત છે, વિષયોના રાગથી વિરક્ત છે. એ દુઃખનો ભાવ છે એનાથી વિરક્ત છે. આનંદસ્વરૂપ છે તેમાં રક્ત છે. એવું સુશીલપણું નરકમાં પણ છે. ત્યાંથી નીકળીને તીર્થંકર થશે એમ આવશે. ૩૨મું છેને. ૩૨ છે. ૩૨ ગાથા છે મારામાં. ૩૨ છે.

'**जाए विसयविरत्तो**' '**विसयविरत्तो**' ભાષા લીધી છે. એ નારકીમાં વિષયથી વિરક્ત લીધા. લે! '**सो गमयदि णरयवेयणा पउरा।**' જે વિષયથી વિરક્ત છે, પરથી ભિન્ન છે એ નરકની વેદના પ્રચુરને પણ ગમાવી એટલે ઓછી કરી નાખી. '**ता लेहदि अरुहपयं**' ત્યાંથી નીકળી તીર્થંકરપદ '**भणियं जिणवड्ढमाणेण**' મહાવીર ભગવાને એમ કહ્યું છે કે ... તીર્થંકર થશે. આહાહા..! '**विसयविरत्तो**' જોયું ભાષા અહીં? બધે શબ્દ વિષય વિષય બધે પડ્યા છે. ઘણે ઠેકાણે. આખી શૈલી એવી લીધી છે. સ્વવિષય અને પરવિષય. પરવિષયના ભાવનો પ્રેમ છે એ કુશીલ જ્ઞાન છે. સ્વવિષયના ભાવનો પ્રેમ છે તેને પરવિષયના ભાવનો પ્રેમ છૂટી જાય છે એ સુશીલ છે. આહાહા..!

ભલે આમ બાહ્યથી બ્રહ્મચારી હોય, પણ અંદરમાં જેને રાગનો પ્રેમ છે, પરવિષયનો પ્રેમ છે એ કુશીલ છે. આહાહા..! વીતરાગની રીત તો જુઓ! વીતરાગની વેણલાના કળા તો જુઓ! આહાહા..! અને ઓલો છન્નું હજાર સ્ત્રીનો આસક્તિનો ભોગ છે છતાં એ સુશીલ જીવ છે. કેમકે જેને રાગનો રસ અંતરથી ઊડી ગયો છે. ઝેરના અનુભવ દેખે છે ઈ. અને આત્માના આનંદનો જેને રસ અને પ્રેમ ઉત્પન્ન થયો છે. એવો એ છન્નું હજાર સ્ત્રીના વૃંદમાં પડ્યો એ સુશીલ (છે) અને બાળબ્રહ્મચારી હોય છતાં તે રાગના પ્રેમવાળો હોય તે કુશીલ (છે). આહાહા..!

આ વીતરાગની વાણી. કાલે આવ્યું હતુને નહિ ઓલું? પદ-પદ. વાણી કે પદ હૈ. રાગ-દ્વેષ રહિત વાણીના પદ છે. વીતરાગની વાણીમાં તો વીતરાગતા વર્તે છે કહે છે. પહેલી ગાથામાં આવ્યું હતું. જિનકે વાણીના પદ છે. આહાહા..! વીતરાગના વચન એક તો કઠોર ન હોય અને વીતરાગી ભાવવાળા હોય એમ કહે છે. રાગ-દ્વેષ રહિત. વીતરાગ... વીતરાગ... વીતરાગ... આહાહા..! જેને વીતરાગતા પ્રગટી છે એની વાણીમાં વીતરાગતાની વાત આવે એમ કહે છે. એની વાણીના પદોમાં વીતરાગતા આવે. આહાહા..! આખી દુનિયાના ભાવને

.. કરી અને સ્વભાવમાં આદર કરે છે એવી એની વાણી હોય છે. વીતરાગની વાણી આવી હોય છે. આહાહા..! જેમાં કઠોરતા નથી અને ... શરીર કોમળ હતું. અને લાલ કમળ જેવું શરીર. ભગવાનની વાણી ... વાણીમાં કઠોરતા નથી અને રાગ-દ્વેષ રહિત સમભાવના પદો બધા છે. આહાહા..! બધા પદો સમભાવના ભરેલા છે. ચાહે તો એ રાગની વાત કરે, પણ એ છોડાવવાની સમભાવની વાત કરે છે. આહાહા..! એને વીતરાગની વાણી કહેવામાં આવે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ વદ ૫, મંગળવાર તા. ૦૯-૦૭-૧૯૭૪**
**ગાથા - ૨ થી ૪, પ્રવચન - ૧૯૫**

... બીજી ગાથાનો ભાવાર્થ. 'યહાં કોઈ પૂછે :-' એ કેમ પ્રશ્ન ઉઠ્યો? કે એણે કુશીલ અને સુશીલનો ખુલાસો કર્યોને? જ્ઞાન કુશીલ છે અને જ્ઞાન સુશીલ છે એમ કહ્યું. ત્યારે પ્રશ્ન ઉઠ્યો. '**ગાથા મેં જ્ઞાન અજ્ઞાન કા ઔર સુશીલ કુશીલ કા તો નામ તો નહીં કહા, જ્ઞાન ઔર શીલ ઐસા હી કહા હૈ...**' જ્ઞાન અને શીલ એવું કહ્યું છે.

'**ઈસકા સમાધાન—પહિલે ગાથા મેં ઐસી પ્રતિજ્ઞા કી હૈ કિ મૈં શીલ કે ગુણોં કો કહૂંગા...**' શીલના ગુણોને કહીશ એટલે સુશીલપણું કહીશ, એમ. શીલ એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત જેનું જ્ઞાન છે એને સુશીલ કહીએ. જે જ્ઞાનમાં સમ્યગ્દર્શન અને સ્થિરતાનો અંશ આવે છે એને સુશીલ જ્ઞાન કહીએ. અને જે જ્ઞાનમાં રાગની એકતાનો, પાંચ ઈન્દ્રિયના વિષયનો રસ આવે છે એને કુશીલ જ્ઞાન કહીએ. ત્યાં શીલના ગુણો નથી. એમાંથી એમ કે મેં કાઢ્યું, એમ કહે છે. '**શીલ કે ગુણોં કો કહૂંગા...**' એમ હતુંને પહેલી ગાથામાં?

'**અતઃ ઈસપ્રકાર જાના જાતા હૈ કિ આચાર્ય કે આશય મેં કુશીલ હી કે કહને કા પ્રયોજન હૈ,...**' શીલના ગુણને કહીશ એમ આવ્યું હતુંને? એનો અર્થ કે સુશીલને કહેવા માગે છે. એમ. જે શીલ સાથે સમ્યક્જ્ઞાન, સમ્યગ્દર્શન, શાંતિ ભેગી હોય, વિષયની વિરક્તતા

અંતર દૃષ્ટિમાં હોય એને સુશીલ જ્ઞાન કહેવામાં આવે છે. આહાહા..! એમ કહેવા માગે છે. **'સુશીલ હી કો શીલ નામ સે કહતે હૈં,...'** પહેલો શબ્દ પડ્યો છે શીલ, પણ શીલના ગુણોને કહીશ માટે **'સુશીલ હી કો શીલ નામ સે કહતે હૈં, શીલ બિના કુશીલ કહતે હૈં.'** જ્ઞાનસ્વરૂપ આત્મા એનું જ્ઞાન થયું, પણ એ જ્ઞાનની સાથે સમ્યગ્દર્શનની અને વિષયની વિરક્તતારૂપ ચારિત્ર એનો અંશ જો હોય તો તે જ્ઞાનને સુશીલ કહેવામાં આવે. પણ જે જ્ઞાનની સાથે સમ્યગ્દર્શન નથી અને તેની સાથે વિષયની વિરક્તતારૂપ સ્વરૂપની અંશે સ્થિરતા નથી એ જ્ઞાનને કુશીલ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? **'શીલ બિના કુશીલ કહતે હૈં.'** લ્યો! શીલ એટલે આત્માનો શાંતસ્વભાવ, આત્માનું જ્ઞાન સ્વ ધ્યેયે થયું હોય એને પરની વિષયની વિરક્તતા તો અંદરમાં હોય જ એમ કહે છે. એને વિષયનો રસ હોય નહિ. જેને આત્માના આનંદનો રસ જ્ઞાનમાં આવ્યો છે એ જ્ઞાનમાં વિષયના રસનો અભાવ છે તેથી તે જ્ઞાનને સુશીલ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

**'યહાં ગુણ શબ્દ ઉપકારવાચક લેના...'** કહ્યુંને, 'શીલ ગુણાન' પહેલી ગાથામાં. ગુણ શબ્દે ઉપકારરૂપ. શીલના ઉપકારરૂપ શબ્દ છે એમ કહ્યું. શીલને ગુણ ઉપકારક છે. દર્શન અને વિષયની વિરક્તતાવાળું. **'તથા વિશેષવાચક લેના,...'** એ શીલનો ગુણ વિશેષવાચક છે. શીલની સાથે જે ગુણ શબ્દ છે એ શીલની વિશેષતા સમ્યગ્દર્શન સહિત અને વિષયની વિરક્તતા રહિત એવું વિશેષપણું બતાવે છે. **'શીલ સે ઉપકાર હોતા હૈ...'** આત્મામાં આત્માને સમ્યગ્જ્ઞાનસહિત જે શીલપણું છે એનાથી ભગવાન આત્માને ઉપકાર થાય છે. લ્યો! ત્યાં ઉપકાર છે. બીજાને ઉપકાર... **'તથા શીલ કે વિશેષ ગુણ હૈં વહ કહેંગે.'** એમ. એ તો એમ કહ્યું કે ગુણ ઉપકારકવાચક છે માટે. શીલ ઉપકાર થાય છે અને પછી વિશેષ કીધુંને વિશેષ વાચક? એ **'શીલ કે વિશેષ ગુણ હૈં વહ કહેંગે.'** શીલના વિશેષ ગુણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિ એને કહીશ એમ એમ કે આચાર્ય કહેવા માગે છે.

**'ઈસપ્રકાર જ્ઞાન મેં જો શીલ ન આવે...'** આહાહા..! જ્ઞાનના ઉઘાડમાં વિકાસમાં જો સમ્યગ્દર્શન અને વિરક્તતારૂપી શીલ ન આવે તો **'કુશીલ હોતા હૈ.'** એમ કહે છે. જ્ઞાન છે, અહીં સમ્યગ્દર્શન નથી, વિષય વિરક્તતા નથી તો કુશીલ છે. એમ કહે છે. અને જે જ્ઞાન છે એમાં સમ્યગ્દર્શન હોય, વિષય વિરક્તતા હોય તો સુશીલ કહેવામાં આવે છે. આહાહા..! સારો ખુલાસો કર્યો છે. આમાં નથી કાંઈ. શબ્દાર્થ છે. જયચંદ્ર પંડિતે બહુ સરસ અર્થ ભર્યા છે બધા. આમાં, સમયસારમાં, આત્મમીમાંસામાં, સ્વામી કાર્તિકિયાનુપ્રેક્ષામાં બહુ સારા ખુલાસા કર્યા છે. ...

**'ઈસપ્રકાર જ્ઞાનમેં જો શીલ ન આવે...'** જ્ઞાનમાં સમ્યગ્દર્શન અને વિષય વિરક્તતારૂપી

શીલ ન આવે તો કુશીલ જ્ઞાન છે. આહાહા..! એ બધી વિષયની વાત ઘણા પદમાં, ઘણી ગાથાઓમાં વિષય-વિષય કીધો. ૧૦-૧૨ ઘણે ઠેકાણે. મૂળ તો એમ કહેવું છે કે અંતર વિષયનું જ્ઞાન જેને પ્રગટ્યું હોય એને પર વિષયની વિરક્તતા હોય એમ કહે છે. ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મા એનું જેને જ્ઞાન થયું છે, એને પર વિષયની વિરક્તતા અંદર હોય જ. જ્ઞાન અને વૈરાગ્ય બે શક્તિ સાથે હોય જ. ... ગાથામાં.. નરકની વેદના નહિ? કાલે કહ્યું હતુંને? ૩૨ ગાથામાં. ત્યાં કહ્યું હતુંને? સમ્યગ્દર્શન છે અને સમ્યગ્જ્ઞાન છે અને વિષયની વિરક્તતા છે નરકમાં પણ. સ્વને વિષય બનાવ્યું જે જ્ઞાને એને પરવિષયની ઉદાસીનતા છે એમ કહે છે. આસક્તિ હોય એ જુદી વાત છે, પણ અંતરમાં એનાથી વિરક્ત છે એ. આહાહા..! ઈ કહે છે જુઓ!

૩૨માં છેલ્લી લીટી. '**સિદ્ધાંત મેં ઈસપ્રકાર કહા હૈ કિ સમ્યગ્દૃષ્ટિ કે જ્ઞાન ઔર વૈરાગ્ય કી શક્તિ નિયમ સે હોતી હૈ, વહ વૈરાગ્યશક્તિ હૈ વહી શીલ કા એકદેશ હૈ...**' ખુલાસો કર્યો. ત્યાંથી લીધું. નિર્જરા (અધિકારમાંથી). જ્ઞાન વૈરાગ્ય એનો અર્થ જ એ થયો કે જે જ્ઞાન સ્વને આશ્રયે ધ્યેય બનાવીને થયું એને પુણ્ય-પાપના વિકલ્પથી વિરક્તભાવ વૈરાગ્ય હોય જ. આમ અસ્તિ છે અને આમ નાસ્તિ છે એમ કહેવું છે. પૂર્ણ વસ્તુ જે પરમાત્મસ્વરૂપ ભગવાન એનું જેને જ્ઞાન થાય એને પરવસ્તુમાં આખી દુનિયાના વિકલ્પથી માંડીને શુભાશુભ ભાવ એનાથી એને વૈરાગ્ય હોય. એ વૈરાગ્ય. પુણ્ય-પાપથી હઠીને સ્થિરતા થવી એ વૈરાગ્ય. એ જ્ઞાન-અસ્તિ અને અહીંથી વૈરાગ્ય-નાસ્તિની શક્તિ સમકિતીને હોય છે. એને અહીંયા એકદેશ શીલ કહેવામાં આવે છે.

જ્ઞાન થયું અને વિષયો પ્રત્યે, પરપદાર્થ પ્રત્યે એકાકાર વર્તે એ જ્ઞાન જ નથી. આહાહા..! એ સ્વસન્મુખ થયેલું જ્ઞાન જ નથી. જ્ઞાન સ્વસન્મુખ થયું હોય તો એને પરસન્મુખની વિરક્તતા હોય જ. સમજાણું કાંઈ? અને સ્વસન્મુખ થયું નથી એ જ્ઞાનને ઉઘાડ ભલે હો, પણ વિષય વિરક્તતા એને નથી. માટે તે જ્ઞાનને કુજ્ઞાન અથવા કુશીલ જ્ઞાન કહેવામાં આવે છે. આહાહા..! આવી વાત છે. જ્ઞાન સાથે દર્શન અને ચારિત્રને જોડ્યું ત્યારે સુશીલ એમ કહે છે.

જે જ્ઞાન થયું હોય એ સમ્યગ્દર્શન એટલે સ્વસન્મુખથી થયું હોય. એને પરસન્મુખના વિકલ્પથી દયા, દાન, વ્રત આદિના પરિણામથી માંડીને બધા પ્રત્યે એને વૈરાગ્ય છે. પુણ્ય-પાપમાં પણ કહ્યું છેને? પુણ્ય-પાપથી વિરક્ત તે વૈરાગ્ય છે. પુણ્ય-પાપ નહિ? સમયસારમાં. શુભ-અશુભભાવ પરના વિષયે, પરના લક્ષે થાય એની જેને અંતર વિરક્તતા છે. આ તો અંતરની વાતું છે ભાઈ! જેના જ્ઞાનભાવમાં સ્વસન્મુખતા આવી હોય એટલે સમ્યગ્દર્શન, એને પરસન્મુખતાનું વિરક્તપણું થઈ જાય એમ કહેવું છે. સમજાણું કાંઈ? આસક્તિ હો ભલે.

એ આગળ લેશે. ૧૩મી ગાથામાં છે. ... ૧૩મીમાં છે. વિષયમાં આસક્તિ છે. '**कहियं मग्गं पि इट्ठदरिसीणं**' લક્ષ છે દ્રવ્યનું. લક્ષ છે, ધ્યેય છે દ્રવ્યનું એ '**कहियं मग्गं पि इट्ठदरिसीणं**' ઈષ્ટદર્શનને પામ્યો છે અથવા ઈષ્ટદર્શનને કહે છે. માર્ગ તો આ છે, ભાઈ! વિષયની વાસના એ દુઃખરૂપ ઝેર છે. સમજાણું કાંઈ? છેને જુઓને.

'**જો પુરુષ ઈષ્ટ માર્ગ કો દિખાનેવાલે જ્ઞાની હૈં ઔર વિષયોં સે વિમોહિત હૈં તો ભી ઉનકો માર્ગ કી પ્રાપ્તિ કહી હૈ,...**' આનો સાર. આસક્તિ છે પણ અંતર દૃષ્ટિમાં એની વિરક્તતા છે. સમજાણું? આણે એવો અર્થ કર્યો છે. ઈષ્ટદર્શન. ઈષ્ટદર્શનનું જેને લક્ષ છે એમ. એવો અર્થ કર્યો છે. ઈષ્ટદર્શન વસ્તુ એની જાણે રુચિનું લક્ષ કર્યું છે. એને વિષય ... હોવા છતાં એ માર્ગપ્રાપ્ત છે. સમજાણું? '**उम्मग्गं दरिसीणं णाणं पि णिरत्थयं**' પણ એ રાગને હિતકર અને પર વિષયવાળા ભાવને '**उम्मग्गं दरिसीणं**' ઉન્માર્ગ છે એ તો. એને ઠીક માને છે એ નિરર્થક એનું જ્ઞાન (છે). એનો ઉઘાડ ગમે તેટલો હો, તે બધુંય જ્ઞાન એને નિરર્થક છે. આહાહા..! બહુ સારો અધિકાર લીધો. સમજાણું કાંઈ?

જેને સ્વધ્યેયનું પ્રભુ આત્માનું જેને જ્ઞાન છે એને તો જ્ઞાન સાથે સમ્યગ્દર્શન પણ છે અને તેને તો વિષયની વિરક્તતાનો ભાવ પણ પડ્યો છે, માટે તે જ્ઞાનને સુશીલ જ્ઞાન કહીએ. આહાહા..! જે જ્ઞાન એમ મનાવે કે વિષયમાં શું છે? રાગાદિમાં શું છે? વ્યવહાર રાગ પરલક્ષી થાય એમાં વાંધો શું છે? એમ જે બતાવે એ કુદર્શન અને પરલક્ષીવાળો જીવ છે. એનું જ્ઞાન બધું કુશીલ છે. એને ઈષ્ટદર્શનનો પ્રેમ નથી. આહાહા..! કેવી શૈલી કરી છે! ગજબ કરી છેને! જ્ઞાન અને દર્શન અને ચારિત્ર એ ત્રણને ભેગું કરે છે. અને જે શીલમાં ત્રણ ભેગા નથી એ જ્ઞાન કુશીલ જ્ઞાન છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**જ્ઞાન મેં જો શીલ ન આવે તો કુશીલ હોતા હૈ,...**' આહાહા..! જે જ્ઞાનમાં સ્વધ્યેય, સ્વલક્ષ ન આવે અને જે જ્ઞાનમાં પર સારા—બધા પદાર્થ વિકલ્પથી માંડીને, પરથી ભિન્નતા ન આવે, વિરક્તતા એટલે ભિન્નતા. આ તો એકત્વ-વિભક્ત લ્યો એ આવ્યું. ક્યાંનું ક્યાં આવ્યું. જે જ્ઞાન સ્વની એકતામાં આવ્યું એ રાગથી વિભક્ત હોઈ શકે જ. અને રાગથી વિભક્ત નથી તો તે જ્ઞાન સ્વમાં એકપણે આવ્યું નથી. ઓહોહો..! શું શૈલી! આચાર્યની આવી શૈલી તો જુઓ! ઓહોહો..! ભાવને આમ કેવી રીતે ગોઠવે છે! કહો, એ ત્યાં આવ્યું મગજમાં. એકત્વ-વિભક્ત આવ્યું.

જેને ભગવાન આત્મા સ્વભાવની એકતામાં આવ્યો છે એ રાગથી વિભક્ત છે. અને રાગથી વિભક્ત નથી એને સ્વના આશ્રયનું જ્ઞાન જ નથી. સમજાય છે કાંઈ? આહાહા..! શું એની શૈલી! ... નહિ? મોક્ષમાળામાં.. શું વીતરાગના વચન... એમ કહે. મોક્ષમાળામાં

છે. છેને? મોક્ષમાળામાં છે. ભાઈ કહેતા હતા હિંમતભાઈ. ... આહાહા..!

વીતરાગ સંતોની વાણી તો જુઓ! કહે છે. જેનું જ્ઞાન, જેનું એટલે આત્માનું જ્ઞાન જો છે તો તો એ જ્ઞાન રાગથી વિરક્ત, વિષયથી વિરક્ત જ છે. આહાહા..! એને પાંચ ઇન્દ્રિયના વિષય હો. શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ પાંચેય તરફની વલણદશાનો રસ જેને છૂટી ગયો છે. ઓહોહો..! અને જેને પાંચ ઇન્દ્રિય તરફના વલણની વિરક્તતા નથી એને સ્વ ધ્યેયનું જ્ઞાન નથી. એને વર્તમાન અંતર ઉઘાડનું જ્ઞાન એ કુશીલ જ્ઞાન છે. આહાહા..! જેમાં સમ્યગ્દર્શન આવ્યું-ભળ્યું નથી, સ્વધ્યેય આવ્યું નથી, જેમાં વિષયની વિરક્તતા આવી નથી એ જ્ઞાનને કુશીલ જ્ઞાન કહેવામાં આવે છે. ઓહોહો..!

**'ઇન્દ્રિયો કે વિષયોં સે આસક્તિ હોતી હૈ...'** આસક્તિનો અર્થ રસ અહીં લેવો. **'તબ વહ જ્ઞાન નામ નહીં પ્રાપ્ત કરતા,...'** આહાહા..! જે જ્ઞાન સ્વજ્ઞેયને પકડીને જ્ઞાન થયું એને તો વિષયની વિરક્તતા અંદર અરુચિ હોય છે. એને વિષયની, પાંચ ઇન્દ્રિયના વિષયની રુચિ, પ્રેમ, વહાલપ હોતી નથી. આહાહા..! **'તબ વહ જ્ઞાન નામ નહીં પ્રાપ્ત કરતા, ઇસપ્રકાર જાનના ચાહિયે. વ્યવહાર મેં શીલ કા અર્થ સ્ત્રી સંસર્ગ વર્જન કરને કા ભી હૈ,...'** એ પણ એક છે ભેગું. વ્યવહારમાં **'શીલ કા અર્થ સ્ત્રી સંસર્ગ વર્જન કરને કા ભી હૈ, અતઃ વિષય-સેવન કા હી નિષેધ હૈ. પરદ્રવ્યમાત્ર કા સંસર્ગ છોડના,...'** લ્યો! એ કહ્યું. આહાહા..! સ્વદ્રવ્યના આશ્રયમાં જ્યાં આવ્યો એટલે સારા પરદ્રવ્યથી પોતે સંસર્ગથી છૂટી ગયો. ચૈતન્ય ભગવાન પોતાના જ્ઞાનપર્યાયમાં પોતાથી જ્યાં આવ્યો એને બધો પરદ્રવ્યમાત્રનો સંસર્ગ છૂટી ગયો. આહાહા..! રાગથી ભિન્ન ખસેડ્યો છે એને. આવે છે, ૨૫મી.. પ્રવચનસાર. જેણે જ્ઞાન દ્રવ્યનું કર્યું એણે જ્ઞાનને રાગથી ખસેડ્યો છે, ભિન્ન પડ્યો છે. સમજાણું કાંઈ? આવો માર્ગ છે. જ્ઞાનના શીલના ગુણોને કહીશ. એમ કહેતા કહે છે કે શીલ સાથે સમ્યગ્દર્શન, ચારિત્ર એટલે વિષયવિરક્તતા એ બધા ગુણો સાથે હોય છે. એ શીલના ગુણ છે.

**'પરદ્રવ્યમાત્ર કા સસંર્ગ છોડના, આત્મા મેં લીન હોના વહ પરમબ્રહ્મચર્ય હૈ.'** એકલો શુભ વિકલ્પ છે વ્યવહાર બ્રહ્મચર્યનો, એનાથી ખસી જઈને સ્વભાવમાં એકાગ્રતા થવી એને અહીંયા સુશીલ અને બ્રહ્મચર્ય કહેવામાં આવે છે. બ્રહ્મ નામ ભગવાન આત્મા આનંદસ્વરૂપ, એનું જેને જ્ઞાન થયું એ રાગના રસથી વિરક્ત થયું એને અહીંયા પરમબ્રહ્મચર્ય કહેવામાં આવે છે. એ પરમબ્રહ્મચર્ય તે સુશીલ જ્ઞાન છે. આહાહા..! **'ઇસપ્રકાર યે શીલ હી કે નામાંતર જાનના.'** એ શીલના બધા નામો છે આ. પરમબ્રહ્મચર્ય, સમકિત, વિષયવિરક્તતા એ બધા શીલના જ નામો છે. સમજાણું કાંઈ?

'આગે કહતે હૈં કિ જ્ઞાન હોને પર ભી જ્ઞાન કી ભાવના કરના ઔર વિષયોં સે વિરક્ત હોના કઠિન હૈ (દુર્લભ હૈ) :-'

दुक्खे णज्जदि णाणं णाणं णाऊण भावणा दुक्खं।
भावियमई व जीवो विसयेसु विरज्जए दुक्खं।।३।।

'**અર્થ :- પ્રથમ તો જ્ઞાન હી મહાપુરુષાર્થ સે દુઃખ સે પ્રાપ્ત હોતા હૈ,...**' દુઃખનો અર્થ ઈ. દુઃખ એટલે? માણસ નથી કહેતા કે મહાનહેનતથી પ્રાપ્ત થાય છે? મહાકષ્ટથી, મહામહેનતે, બાપુ! આહાહા..! આ જ્ઞાન થવું એ પણ મહાપુરુષાર્થ છે, મહાપ્રયત્નથી થાય છે. '**ઔર કદાચિત્ જ્ઞાન ભી પ્રાપ્ત કરે તો ઉસકો જાનકર ઉસકી ભાવના કરના,...**' જ્ઞાનની વારંવાર ચિંતવના (કરવી). વારંવાર ચિંતવન એટલે '**બારંબાર અનુભવ કરના દુઃખ સે હોતા હૈ...**' મહાપુરુષાર્થથી હોય છે. સમાધિશતકમાં આવે છે. ... પછી જ્ઞાન પ્રગટી જાય છે. સમાધિશતકમાં એવું આવે છે. શાતાશીળીયાપણે જે જ્ઞાન રહી ગયું હોય એ જ્યાં પ્રતિકૂળતા આવે ત્યાં એ જ્ઞાન ભ્રષ્ટ થઈ જશે. કેમકે સહનપણું, જ્ઞાતાપણે-દૃષ્ટાપણે રહેવું એવું સહનપણું પ્રગટ કર્યું નથી અને એટલું જ્ઞાન સુખશીળીયાપણે શાતાશીળ હોય છે એ અનુકૂળ એમાં .. હોય, પ્રતિકૂળતાના ગંજ જ્યારે આવે એ જ્ઞાન દુઃખાઈ જશે, ખેદાઈ જશે. સમજાણું કાંઈ?

આ તો અંતરના હિતની વાતું છે, ભાઈ! આહાહા..! આ કંઈ બહારથી કાંઈ સમાધાન થાય એવું નથી. બહારના કારણો સારા થાય માટે અંદર સારો, એવું નથી એમ કહે છે. આહાહા..! જેની દૃષ્ટિમાં ભગવાન આત્મા આવ્યો એનું જ્ઞાન સ્વધ્યેય નક્કી સારું થયું. એને તો પ્રતિકૂળતા આવતા પણ એને સહનશીલતા ત્યાં ઊભી છે. સમજાણું? પણ એકલું જ્ઞાન મેળવ્યું છે અને જ્યાં પ્રતિકૂળતા આવે ત્યાં એ નહિ નભી શકે, ટકી નહિ શકે. આહાહા..!

શરીરમાં રોગ આકરા આવે, શૂળ આવે એવા પ્રસંગો આવે અને એટલા બહારના અપમાન... અપમાન... અપમાન... એવા સાંભળવામાં કાને આવે. આવા પ્રસંગ શરીરમાં અને એમાં આવું સાંભળવાનું આવે. જ્ઞાન નહિ ઝીલી શકે. એ જ્ઞાન ખેદાઈ જશે, દુઃખાઈ જશે. આહાહા..! જેણે જ્ઞાનમાં પહેલેથી સ્વસ્વભાવમાં ધ્યેય બનાવીને જેને પર તરફના અનુકૂળ-પ્રતિકૂળને એકલું જ્ઞેય બનાવીને જ્ઞાતાપણે રહ્યો છે, સહનશીલતા જેણે એ જાતની પ્રગટ કરી છે, તેના મરણ વખતે જ્ઞાન સુશીલ થઈ જશે, એનું આરાધકપણું થશે. આહાહા..!

'**બારંબાર અનુભવ કરના દુઃખ સે હોતા હૈ ઔર...**' કદાચિત્ જ્ઞાનની વારંવાર ચિંતવના પણ કરે તો '**વિષયોં કો દુઃખ સે ત્યાગતા હૈ.**' વિષયની ભાવના જે આસક્તિ છે એ મહાપુરુષાર્થે છૂટે છે. સમજાણું કાંઈ? '**જ્ઞાનકી પ્રાપ્તિ કરના, ફિર ઉસકી ભાવના**

**કરના, ફિર વિષયોં કા ત્યાગ કરના યે ઉત્તરોત્તર દુર્લભ હૈ ઔર વિષયોં કા ત્યાગ કિયે બિના પ્રકૃતિ પલટી નહીં જાતી હૈ...'** અંતરમાં લઈ જાય છે હવે. કહે છે કે વિષયો પાંચ ઇન્દ્રિયના એના તરફનો રસ છોડ્યા વિના પ્રકૃતિ પલટી નહિ. આત્માનું જ્ઞાન સવળું નહિ થાય એમ કહે છે. **'વિષયોં કા ત્યાગ કિયે બિના પ્રકૃતિ પલટી નહીં જાતી હૈ,...'** જે જ્ઞાનનો સ્વભાવ પર તરફમાં વળેલી પ્રકૃતિવાળો છે એ વિષયની રુચિના ત્યાગ વિના એ પ્રકૃતિ સ્વભાવ તરફ ઢળશે નહિ, એટલે પ્રકૃતિ પલટી શકશે નહિ. આહાહા..!

**'ઇસલિયે પહિલે ઐસા કહા કિ વિષય જ્ઞાન કો બિગાડતે હૈં,...'** માન મળે, મોટા દેવો આવીને પ્રસન્ન થાય અને એના રૂપમાં મોહી જાય. એ પાંચ ઇન્દ્રિયના વિષય તરફની જેને વિરક્તિ પલટી નહિ જાતી. આહાહા..! કહે છે કે ભગવાન આત્મા, જે પર તરફના વલણવાળી પ્રકૃતિ છે એ પાંચ ઇન્દ્રિયના વિષયો પ્રત્યેની રુચિને છોડ્યા વિના એ પ્રકૃતિ પલટશે નહિ. સ્વ તરફ આવશે નહિ. આહાહા..! ઊંડાણમાં જેને પરપદાર્થની અનુકૂળતા, રૂપ આદિની ચેષ્ટા એવા આબરૂ આદિના ભાવ એ સાંભળીને, દેખીને જેને અંતરમાં ઉલ્લસિત વીર્ય થાય છે, ઉલ્લસિત વીર્ય થાય છે, એ વીર્ય હોંશમાં જે આવી જાય છે એનું જ્ઞાન બગડી જશે. સમજાણું કાંઈ? આવું છે આ. આહાહા..!

**'વિષયોં કા ત્યાગ કિયે બિના પ્રકૃતિ પલટી નહીં જાતી હૈ...'** આહાહા..! **'ઇસલિયે પહિલે ઐસા કહા કિ વિષય જ્ઞાન કો બિગાડતે હૈં,...'** 'વિષય બિગાડતે હૈ નો' અર્થ? પરપદાર્થ તરફના વિષયનો જે રસ, પ્રેમ છે એ જ્ઞાનને બગાડી નાખે છે. સ્વ તરફના ધ્યેયવાળું એનું જ્ઞાન નહિ રહે. આહાહા..! સમજાણું કાંઈ? જેને વિષયનો રસ અંદર આવ્યો એનું જ્ઞાન બગડી જશે, એ જ્ઞાન સ્વના ધ્યેયને નહિ પકડી શકે. આહાહા..! એ પ્રકૃતિ પલટી નહિ શકે. એ સ્વભાવ જે પર તરફની રુચિવાળો છે એ નહિ પલટી શકે. એને એનો પ્રેમ છે. આહાહા..! પાંચ ઇન્દ્રિય માંહ્યલો કોઈપણ વિષય લ્યો, એનો એને પર્યાયમાં દેખી, સાંભળી, ... આદિ ઉપર લક્ષ કરીને, લક્ષ કરીને ઉલ્લસિત વીર્યમાં અંદર ઉલ્લસિત હોંશ આવે, હરખ આવે એની પ્રકૃતિ નહિ પલટે. સમજાણું કાંઈ? (પ્રકૃતિ પલટી) **'નહીં જાતી હૈ.'** આહાહા..!

**'ઇસલિયે પહિલે ઐસા કહા હૈ કિ વિષય જ્ઞાન કો બિગાડતે હૈં, અતઃ વિષયોં કો ત્યાગના હી સુશીલ હૈ.'** વિષયનો રસ પાંચ ઇન્દ્રિય તરફ, આખી દુનિયા એક કોર રામ અને એક કોર ગામ. એક કોર આતમરામ અને એક કોર વિકલ્પથી માંડી આખું ગામ. એક અંશના રાગમાં પણ જો રસ રહી ગયો તો જ્ઞાન બગડી જશે. આહાહા..! જ્ઞાન પરલક્ષી એકલું થશે અને સ્વલક્ષ છૂટી જશે એમ કહે છે. સમજાણું કાંઈ? આ તો અષ્ટપાહુડ છેને. શીલપાહુડ—શીલ સાર. શીલનો સાર. શીલપાહુડ છેને. **'વિષયોં કા ત્યાગના સુશીલ હૈ.'**

'**આગે કહતે હૈં કિ યહ જીવ જબતક વિષયોં મેં પ્રવર્તતા હૈ...**' પ્રવર્તે છે ત્યાં. જ્ઞાની રાગમાં પ્રવર્તતો નથી, જ્ઞાની રાગ આવે છે તેને જાણે છે, ભિન્ન રહીને જાણે છે. અજ્ઞાની રાગમાં પ્રવર્તે છે. આહાહા..! આવશ્યકમાં નથી આવતું? આવશ્યક આવે છે, નિયમસાર. વર્તે છે એમ આવે છે. વિકલ્પમાં વર્તે છે. વર્તે છે એનો અર્થ ઈ કે એ તરફ જ એકલું જેનું ધ્યેય છે. આહાહા..! .. બહિર્ અભ્યંતર .. વિકલ્પમાં વર્તે છે. અંતર-બહિર્ આત્મા એના વિકલ્પમાં વર્તે છે. એમ છે. અંતરાત્મા અને બહિર્આત્મા. વિકલ્પમાં વર્તે છે બહિર્આત્મા છે. ઈ આવે છે એમાં. આ તો વીરોના માર્ગ છે ભાઈ! કાયરના કામ નથી. કાયર ખેદાઈ જશે ત્યાં. એ તો અનાદિનું છે કહે છે. એ એને ચેતાવે છે. આહાહા..!

'**જીવ જબતક વિષયોં મેં પ્રવર્તતા હૈ...**' એમ આવ્યુંને પ્રવર્તતા હૈ. '**તબતક જ્ઞાન કો નહીં જાનતા હૈ...**' જ્યાં સુધી આત્મા સિવાય પાંચ ઈન્દ્રિયના વિષયો તરફનો જેને વિષયનો ઝુકાવ છે એ આત્માને નહિ જાણે, '**જ્ઞાન કો નહીં જાનતા હૈ...**' આહાહા..! '**ઔર જ્ઞાન કો જાને બિના વિષયોં સે વિરક્ત હો...**' જોયું! અંતર્મુખના જ્ઞાન થયા વિના વિષયથી વિરક્ત થાય, '**તો ભી કર્મોં કા ક્ષય નહીં કરતા હૈ -**' આહાહા..! કેવી વાણી છે જુઓ તો ખરા! વાણીના પદો, ન કહ્યું? કઠોરતા વિનાની, મધુર, મીઠી અને સમભાવવાળી. એટલે રાગદ્વેષ વિનાના જેના પદો છે. આહાહા..! જેનો રાગરસ ઊડી જાય છે એવી વાત કરે છે એ તો. વીતરાગની વાણી આહાહા..! મીઠી, કઠોરતા વિનાની અને સમભાવવાળી એટલે રાગદ્વેષ વિનાની (હોય છે). આહાહા..! એવા વાણીના પદો એવા હોય છે. એ વાણીની ધારા વીતરાગની વાણીમાં આવું હોય છે. ભલે ચાર અનુયોગ હો. આહાહા..! જુઓને! ત્યાં એ નાખ્યું છે. ચાર અનુયોગ ગમે તે વાણી હો, એમાં તો વીતરાગતા જ વરસાવી છે. પર તરફથી પાછો વાળીને સ્વ તરફમાં સમાઈ જવાની વાત કરી છે. આહાહા..! વાણીના પદો. ઓહોહો..! ગૃહસ્થે પણ જયચંદ્ર પંડિતે અર્થ કેવો કાઢ્યો છે! પગ છે એ કોમળ છે. ભગવાન તો પુણ્યશાળી પુરુષ, પરમ ઔદારિક શરીર, જેના પગના તળિયા લાલ કમળ જેવા છે. ત્યારે વાણીના પદો? એ તો શરીરની વાત આવી. વાણીના પદો કોમળ છે અને રાગ-દ્વેષ વિનાના સમભાવને સ્થાપનારા છે. આહાહા..! પરીક્ષા કરવાની વાત કરી છે.

ચારેય અનુયોગોમાં જેમાંથી વીતરાગતા પ્રગટ થાય. પંચાસ્તિકાયમાં એમ કહ્યુંને? વીતરાગતા શાસ્ત્રનું તાત્પર્ય છે. આહાહા..! શું શૈલી! શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગતા છે. એનો અર્થ કે પર તરફથી વલણ ખસી અને સ્વમાં આવવું દૃષ્ટિથી, જ્ઞાન અને રમણતાથી એ એને વીતરાગતા તાત્પર્ય બતાવવું છે. આહાહા..! સમજાણું કાંઈ? '**કર્મોં કા ક્ષય નહીં કરતા હૈ :-**'

**ताव ण जाणदि णाणं विसयबलो जाव वट्टए जीवो।**

विसए विरत्तमेत्तो ण खवेइ पुराइयं कम्मं।।४।।

'**અર્થ :- જબતક યહ જીવ વિષયબલ અર્થાત્ વિષયોં કે વશીભૂત રહતા હૈ...**' આહાહા..! પાંચેય ઈન્દ્રિયના વલણમાં તાબે થઈને રહે છે. આહાહા..! '**તબતક જ્ઞાન કો નહીં જાનતા હૈ...**' ક્યાં રહે? એ આત્માના વલણવાળું જ્ઞાન એને નહિ હોય. આહાહા..! '**જબતક યહ જીવ વિષયબલ...**' બળ શબ્દ વાપર્યો છેને? '**विसयबलो**' એનું બળ વધી ગયું રાગના રસનું. આહાહા..! પાંચ ઈન્દ્રિયના વિષયના ઝુકાવનું બળ વધી ગયું. '**વિષયોં કે વશીભૂત...**' એ તો થઈ ગયો. '**તબતક જ્ઞાન કો નહીં જાનતા હૈ...**' ત્યાં સુધી ભગવાન આત્મા આનંદ સ્વરૂપના ધ્યેયથી થયેલું જ્ઞાન એને હોઈ શકે નહિ. પણ એનું ધ્યેય તો ત્યાં ગયું છે આખું. આહાહા..! ભારે વાત ભાઈ! એકલા જાણપણા કરીને મદમાં, ગર્વમાં ચડી જાય છેને એની વાત છે. છે આગળ આવશે. જ્ઞાન .. ક્યાંક છે. ગર્વ-ગર્વ શબ્દ વાપર્યો છે દસમામાં. '**णाणगव्विदा**' ૧૦મી ગાથામાં. '**जे णाणगव्विदा होऊणं विसएसु रज्जंति**' જ્ઞાનના મદમાં ચડી ગયેલા અને પર તરફના વિષયોના રસમાં રંજન થઈ ગયેલા. આહાહા..! દસમી ગાથામાં છે. બહુ સરસ વાત. આહાહા..! આહાહા..!

મૂળ તો સ્વ અને પરની વચ્ચેની વહેંચણીની વાત છે. પર તરફના ઝુકાવવાળા સ્વ તરફ ઝુકી શકશે નહિ એમ કહે છે. જેને પાંચ ઈન્દ્રિયના વિષયનો રસ ચડી જાય છે, એનું બળ વધી જાય છે, એ સ્વ તરફ નહિ ઝુકી શકે. એને ધ્યેયનું જ્ઞાન સ્વનું નહિ થાય. આહાહા..! સમજાણું કાંઈ? ઓહોહો..! એવી વાત શ્વેતાંબરમાં મોટા ભગવતી વાંચે તોપણ નીકળે એવું નથી. આહાહા..! કેવી વાત પણ!

'**તબતક જ્ઞાન કો નહીં જાનતા હૈ ઔર જ્ઞાન કો જાને બિના કેવલ વિષયોં મેં વિરક્તમાત્ર હી સે...**' અને સ્વધ્યેયનું જ્ઞાન કર્યા વિના, એમ. સ્વધ્યેય-દ્રવ્યનું જ્ઞાન કર્યા વિના વિષયોની એકલી વિરક્તતા, વિષય પ્રત્યેનો વૈરાગ્ય, ઉદાસભાવ એ કર્મને નહિ તોડી શકે. '**પહિલે બાંધે હુએ કર્મોં કા ક્ષય નહીં કરતા હૈ.**' આહાહા..! છેને? '**ण खवेइ पुराइयं कम्मं**' પુરાના કર્મ એને નહિ ખપે. ભાઈ! વર્તમાનમાં જ અટક્યો છે એના ક્યાંથી ખરે? આહાહા..! જો '**કેવલ વિષયોં મેં વિરક્તમાત્ર હી સે...**' સ્વધ્યેય દ્રવ્યનું જ્ઞાન નથી અને એકલા વિષયો પર તરફના લક્ષે છોડ્યો છે. વિષયોનો રસનો પ્રેમ છૂટ્યો છે કહે છે. એ તો એકલો એકાંત થઈ ગયો. આહાહા..! '**વિરક્તમાત્ર હી સે પહિલે બાંધે હુએ કર્મોં કા ક્ષય નહીં કરતા હૈ.**' એની નિર્જરા કર્મની નહિ થાય. આહાહા..! જેને આત્માના ધ્યેયનું જ્ઞાન અને વિષયની વિરક્તતા (છે) એને કર્મ ખપશે. જાણપણાના .. કર્યા હોય, મોટી વાતું કરતો હોય ને... ઓહોહો..! પણ પર તરફનો રસ એને (ગયો) નથી એથી

સ્વધ્યેયમાં એ આવ્યો નથી. આહાહા..! આવો માર્ગ છે.

વીતરાગ પરમાત્મા એમાં પણ આ દિગંબર સંતો ઓહોહો..! એમાં પણ કુંદકુંદાચાર્ય, ગજબ શૈલી છે! આહાહા..! ... પક્ષ કરીને કંઈ વાત કરે છે? ના, ના, અમારું જાણપણું છેને શાસ્ત્રનું. માટે એ કાંઈક છે. એમ નહિ. આહાહા..! એમ કે અગિયાર અંગનું, નવ પૂર્વનું... તીર્થંકર. દાખલો આવે છેને. રુદ્ર અગિયાર અંગ અને નવ પૂર્વ ભણ્યો. એટલું જ્ઞાન હતું અને નરકે ગયો છે. છેને એ ક્યાંક? ... અહીં દસ પૂર્વ લીધું. ૨૦મી ગાથા છે. 'જો વિષયો મેં લોલ અર્થાત્ લોલુપ આસક્ત ઔર જ્ઞાનસહિત ઐસા જ્ઞાનીઓને મોક્ષ સાધા હો તો દસ પૂર્વકો જાનનેવાલા રુદ્ર નરક કો ક્યોં ગયા?' દસ પૂર્વનું જ્ઞાન અહીંયા. ઓલામાં નવ પૂર્વનું આવે છે. દસ પૂર્વનું હોય તો સમ્યગ્જ્ઞાન હોય. આ તો મિથ્યાજ્ઞાન છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દસ પૂર્વ નાખ્યું ... પણ એ લઈ લેવું દસ આવેને. આ માતાના પેટમાં આવે છેને. નથી આવતું? નવ-દસ મહિના એમ આવે છેને પાઠ? નહિતર સવા નવ મહિના, પણ પાઠ એવો છે. એમાં મૂળ પાઠ છે (કે) નવ-દસ મહિના માતાના પેટમાં રહ્યો. ન આવ્યું ઈ? આવે. સવા નવ છે એના દસ કરી નાખ્યા. એવું આવે છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ વળી જુદી. છે જ્ઞાન ને નરકે ગયો. જાણપણું પૂર્ણ છે, પણ દૃષ્ટિ નથી, ચારિત્ર નથી. એની સાથે તો ...

'જ્ઞાનસહિત ઐસા...' છેને જુઓને. 'વિષયોં મેં લોલ આસક્ત ઔર જ્ઞાનસહિત ઐસા જ્ઞાનિયોંને મોક્ષ સાધા હો...' જોયું! એવા જ્ઞાનીએ જો મોક્ષ સાધ્યો હોય તો દસ પૂર્વ કો જાનનેવાલા રુદ્ર નરક કો ક્યોં ગયા? અર્થમાં પણ કહ્યું છે બહુ સરસ. 'શુષ્ક કોરે જ્ઞાની સે .. દો દસ પૂર્વ કા પાઠી રુદ્ર નરક ક્યોં ગયા? ઈસલિયે શીલ કે બિના કેવલ જ્ઞાન સે મોક્ષ નહીં હૈ. રૌદ્ર કુશીલ સેવન કરનેવાલા હુઆ. મુનિપદસે ભ્રષ્ટ હોકર કુશીલ સેવન કિયા ઈસલિયે નરકમેં ગયા, પુરાણોં મેં કથા હૈ.' આહાહા..!

**'વિરક્તમાત્ર હી સે પહિલે બાંધે હુએ કર્મોં કા ક્ષય નહીં હોતા હૈ.'**

**'ભાવાર્થ :- જીવ કા ઉપયોગ ક્રમવર્તી હૈ ઔર સ્વસ્થ (-સ્વચ્છત્વ) સ્વભાવ હૈ, અતઃ જૈસે જ્ઞેય કો જાનતા હૈ, ઉસ સમય ઉસસે તન્મય હોકર વર્તતા હૈ, અતઃ જબતક વિષયોં મેં આસક્ત હોકર વર્તતા હૈ,...'** એમ એ સિદ્ધ કરવું છે. વિષયોમાં વશિભૂત વર્તતો એમ લેવું છેને? **'વિષયોં મેં આસક્ત હોકર વર્તતા હૈ, તબતક જ્ઞાન કા અનુભવ નહીં હોતા હૈ,...'** ત્યારે વિષયનો જ અનુભવ છે રાગનો. આહાહા..! રાગથી

ભિન્ન પડેલું હોય તો તો એ સ્વમાં રક્ત છે. આ તો રાગની એકતામાં પડ્યું છે તેને જ્ઞાન નથી. આહાહા..! વિષયના રસમાં પડેલું જ્ઞાન એ જ્ઞાન અંતરમાં નથી આવતું કહે છે. માટે એને જ્ઞાન નથી. આહાહા..!

'**ઈષ્ટ અનિષ્ટ ભાવ હી રહતે હૈં...**' લ્યો! એને તો આ ઈષ્ટ છે એ ઠીક છે, મજા છે, શબ્દ, રૂપ, રસ, સ્પર્શ ... રસ, રૂપ, ગંધ એના તરફની કંઈ પણ મીઠાશ રહી જાય છે કહે છે... આહાહા..! તો એને જ્ઞાનનો અનુભવ નથી હોતો. તો એને ભગવાન આત્મા, આત્માના અનુભવનું જ્ઞાન એને હોતું નથી. આહાહા..! કાંઈક મીઠાશમાં અટક્યો છે એમ કહે છે. આત્માનો અનુભવ કેમ નથી? કે એ ક્યાંક અટક્યો છે મીઠાશમાં, રાગના પ્રેમમાં કે વિષયમાં, એથી એને જ્ઞાનનો અનુભવ નથી, તેથી આત્માનો અનુભવ નથી. આહાહા..! હાંટા પકડ્યા છે. હાંટા સૂક્ષ્મ ક્યાં ગરી ગયા છે (ઈ કહે છે). આહાહા..!

લિંગપાહુડમાં તો દ્રવ્યલિંગ અને ભાવલિંગ એની વાત હતી. ભાવલિંગ વિના લિંગ જ ન કહેવાય એમ હતું. અહીં કહે છે કે જે જ્ઞાન સ્વ તરફ ઢળ્યું નથી અને પરના એકલા વલણમાં રહ્યું છે, ઉઘાડ ભલે હો, તો તેને જ્ઞાન જ કહેતા નથી. આહાહા..! જેમ ભાવલિંગ વિના દ્રવ્યલિંગને લિંગ જ કહેતા નથી. આહાહા..! ભગવાન આત્મા જે વિષય પાંચ ઈન્દ્રિયના રસમાં રોકાઈ ગયો છે એને સ્વ તરફનું જ્ઞાન જ નથી. સમજાણું કાંઈ?

'**ઈષ્ટ અનિષ્ટ ભાવ હી રહતે હૈં...**' એને તો અનુકૂળતામાં રસ ઈષ્ટતા અને પ્રતિકૂળતામાં અનિષ્ટતા, એ પરજ્ઞેય તરફના વલણવાળાને આવું જ રહ્યા કરે છે એમ કહે છે. સમજાણું કાંઈ? સ્વજ્ઞેય તરફનું વલણ નથી એથી રાગના રસમાં રોકાઈ ગયો છે એને ઈષ્ટ-અનિષ્ટપણે જ એને બધું રાગદ્વેષ પરિણમે છે, ઈષ્ટ-અનિષ્ટપણાનું રાગદ્વેષનું જ પરિણમન હોય છે. આહાહા..! સાંભળ્યું હોયને એમાંથી પોરો ચડી જાયને અંદરથી. ભાઈ! જેમાં વિષયનું બળ જ વધી ગયું, આત્મબળ ન આવ્યું. આહાહા..! '**विसयबलो**' શબ્દ છેને? આમ બાજુમાં ઢળીને રસમાં રોકાઈ ગયો એને આ બાજુ ઢળવાનું નહિ થાય. આહાહા..!

'**ઈષ્ટ અનિષ્ટ ભાવ હી રહતે હૈં ઔર જ્ઞાન કા અનુભવ કિયે બિના કદાચિત્ વિષયોં કો ત્યાગે...**' એમ. કદાચિત્ વિષયો છૂટી જાય બહારથી આ બધું છોડેને બાહ્ય વિષય. આ બધું છોડે, હજારો રાણી છોડે. '**વર્તમાન વિષયોં કો છોડે, પરંતુ પૂર્વ કર્મ બાંધે થે ઉનકા તો જ્ઞાન કા અનુભવ હુયે બિના ક્ષય નહીં હોતા હૈ,...**' આહાહા..! પણ આત્માના સ્વભાવનું અનુભવનું જ્ઞાન એના વિના દર્શનમોહ આદિ ચારિત્રમોહ નષ્ટ થાતો નથી. અંતરના અંતર આશ્રયના ભાન વિના કર્મનો અભાવ થતો નથી એમ કહે છે. બહારથી ભલે વિષય છોડ્યા હોય વર્તમાન પૂરતા. વર્તમાન પૂરતા સમજ્યા? પણ અંદરમાં રાગના

રસવાળું છે, રસ તો ત્યાં પડ્યો છે. બહાર ભલે ચીજો છૂટી ગઈ એને. નિમિત્તો છોડવાનો પ્રયત્ન કરે છે. આવે છેને મોક્ષમાર્ગ પ્રકાશકમાં. મોક્ષમાર્ગ પ્રકાશકમાં આવે છે. .. નિમિત્તને છોડવાનો પ્રયત્ન કરે છે, પણ વાસ્તવિક પરમાં રાગનો રસ એકતા છે એને છોડવાનો પ્રયત્ન કરતો નથી. આ બાયડી છોડો, છોકરા છોડો, ઘર છોડો, દુકાન છોડો, ફલાણું છોડો. આહાહા..! પણ એના લક્ષે થતો રાગ અને રાગની જે એકતા એને છોડતો નથી.

‘**અનુભવ કિયે બિના ક્ષય નહીં હોતા હૈ, પૂર્વ કર્મ કે બંધ કા ક્ષય કરને મેં જ્ઞાન હી કા સામર્થ્ય હૈ...**’ જ્ઞાન એટલે આ સ્વસન્મુખનું. એને જ જ્ઞાન કહીએને. ‘**ઈસલિયે જ્ઞાનસહિત હોકર વિષય ત્યાગના શ્રેષ્ઠ હૈ, વિષયોં કો ત્યાગકર જ્ઞાન કી હી ભાવના કરના યહી સુશીલ હૈ.**’ લ્યો! જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા એની એકાગ્રતા કરવી એને અહીંયા સુશીલ કહેવામાં આવે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ વદ ૬, બુધવાર તા. ૧૦-૦૭-૧૯૭૪**
**ગાથા - ૫ થી ૭, પ્રવચન - ૧૯૬**

શીલપાહુડ. પાંચમી ગાથા. ‘**આગે જ્ઞાન કા, લિંગગ્રહણ કા તથા તપ કા અનુક્રમ કહતે હૈં :-**’

**णाणं चरित्तहीणं लिंगग्गहणं च दंसणविहूणं।**
**संजमहीणो य तवो जइ चरइ णिरत्थयं सव्वं।।५।।**

જાણપણું—જ્ઞાન તો હોય કહે છે, પણ એમાં ચારિત્રરહિત હોય, રાગનો અભાવ ન હોય તો એ જ્ઞાન નિરર્થક છે. રાગની એકતા તૂટે નહિ અને એકલું જ્ઞાન-જ્ઞાન કરે એ જ્ઞાન નિરર્થક છે એમ કહે છે. જ્ઞાન ચરિતરહિત છે. સ્વરૂપમાં...

મુમુક્ષુ :- જ્ઞાન સાથે વૈરાગ્ય તો હોયને.

ઉત્તર :- એની સાથે નહિ. એમ જ કીધું, વૈરાગ્ય ન હોય તો એ જ્ઞાન નથી એમ કહે છે. એ તો વાત લેશે. વૈરાગ્ય એટલે ચારિત્ર. વૈરાગ્ય એ ચારિત્ર. રાગની એકતા તૂટે અને સર્વ રાગાદિથી માંડીને પરથી જેને વૈરાગ્ય હોય એ ચારિત્ર. જ્ઞાન સાથે આ ચારિત્ર હોય અને જ્ઞાન હોય અને આ ન હોય તો જ્ઞાન નિરર્થક છે એમ કહે છે. એ અર્થમાં છે. હેય-ઉપાદેય. જાણવામાં હોય હેય ઉપાદેય, પણ ઉપાદેય આત્મા પૂર્ણ આનંદ એને ઉપાદેય ન કરે અને રાગની હેયતા ન કરે તો એ જ્ઞાન જ્ઞાન જ નથી એમ કહે છે. અને એ નિરર્થક છે.

**'ઔર લિંગ કા ગ્રહણ યદિ દર્શનરહિત હો તો વહ ભી નિરર્થક હૈ...'** નગ્નપણું ધારણ કર્યું, પંચ મહાવ્રતના વિકલ્પ પણ હો, પણ સમ્યગ્દર્શન નથી તો એનું લિંગ નિરર્થક છે. **'લિંગ કા ગ્રહણ...'** પંચ મહાવ્રત આદિ, અઠ્યાવીશ મૂળગુણ સાધુના અને નગ્નપણું- એવું લિંગ ગ્રહણ હો, પણ દર્શનરહિત હો. શુદ્ધ ચૈતન્ય સ્વભાવને ઉપાદેયપણે જાણ્યો, માન્યો, અનુભવ્યો નથી તો એ બધું દ્રવ્યલિંગ નિરર્થક છે. આહાહા..! **'તથા સંયમરહિત તપ...'** સમ્યગ્દર્શન સહિત ઇન્દ્રિયનું દમન, છકાયની હિંસાનો ત્યાગ એવો સંયમ ન હોય અને એકલો અપવાસ આદિ તપ કરે એ નિરર્થક છે. સંયમ હોય અને તપ કરે એ તો સાર્થક છે, પણ સંયમ એટલે ઇન્દ્રિયોનું દમન અને છકાયની જીવની હિંસાનો ત્યાગ અંદર ભાવમાં, એવો જે સંયમ, સમ્યગ્દર્શન-જ્ઞાન ઉપરાંત સંયમની વાત છે હોં! જેને સંયમ હોય એને સમ્યગ્દર્શન જ્ઞાન હોય જ અને એવા સંયમ ન હોય અને તપ આદિ, અપવાસ આદિ કરે એનું મુનિપણું નિરર્થક છે. **'ઇસપ્રકાર યે આચરણ કરે તો સબ નિરર્થક હૈ.'** એ સંયમરહિત તપ, વૈરાગ્ય એટલે રાગની એકતા તૂટ્યા વિનાનું એકલું જ્ઞાન અને સંયમ વિનાનું એટલે સંયમ તો નથી અને તપ કરે છે ઇ, એ બધા નિરર્થક છે.

**'ભાવાર્થ :- હેય ઉપાદેય કા જ્ઞાન તો હો...'** જ્ઞાન ચારિત્રરહિત નિરર્થક છે. એની વ્યાખ્યા કરે છે. હેય, રાગ તે હેય છે, ભગવાન આત્મા તે ઉપાદેય છે એવું જ્ઞાન હો, પણ રાગ ત્યાગ કરીને, સ્વભાવને ઉપાદેય કરીને અનુભવે નહિ તો એ જ્ઞાન નિરર્થક છે. જે જ્ઞાનમાં વસ્તુ ઉપાદેય છે આત્મા ત્રિકાળ અને રાગ હેય છે એવું જ્ઞાન થયું, પણ હેય કરીને ઉપાદેયને ગ્રહણ કરીને અનુભવતો નથી તો એ જ્ઞાન જ્ઞાન નથી. એ **'ત્યાગ ગ્રહણ ન કરે...'** એમ કહે છે. હેય ઉપાદેયનું જ્ઞાન કરે ધારણામાં, પણ ત્યાગ-ગ્રહણ ન કરે. એટલે? રાગનો ત્યાગ અને સ્વભાવને ઉપાદેય એ ન કરે તો એ નિરર્થક જ્ઞાન છે. આહાહા..!

**'યથાર્થ શ્રદ્ધાન કે બિના ભેષ લે તો વહ ભી નિષ્ફલ હૈ...'** વસ્તુ પૂર્ણ પ્રભુ એની પ્રતીતિ સ્વસન્મુખ થઈને તો થઈ નથી. એ વિના પરસન્મુખના લિંગ ધારણ કરે, પંચ મહાવ્રત આદિ એ બધું નિરર્થક છે. કહો, કેવી સરસ વાત લીધી! **'શ્રદ્ધાન કે બિના...'**

અંતર વિશ્વાસ-પ્રતીતિ તો સ્વરૂપ પૂર્ણ છે એની તો આવી નથી. એટલે સ્વસન્મુખ તો થયો નથી અને એકલો ભેખ ધારણ કરે, આહાહા..! પંચ મહાવ્રત પાળે એ બધું, સ્વસન્મુખની પ્રતીતિ વિના એ બધું નિરર્થક છે. આહાહા..!

શીલપાહુડમાં બહુ સરસ વાત લીધી છે. જ્ઞાન હોય ત્યાં શીલ હોય એ કઈ અપેક્ષા? કે જે સ્વસન્મુખ થયો છે અને એને રાગની એકતા તૂટી ગઈ છે એવું જ્ઞાન હોય ત્યાં શીલ હોય જ તે. આ જ્ઞાન. અને શીલ હોય ત્યાં જ્ઞાન હોય જ. આ શીલ. રાગની એકતા તૂટી અને સ્વસન્મુખ થયો છે એવું જે શીલ એ જ્ઞાન વિના ન હોય. આહાહા..! યથાર્થ શ્રદ્ધાન એટલો અર્થ કર્યો. મૂળ પાઠમાં આટલું. '**दंसणविहूणं**' સમ્યગ્દર્શન એટલે યથાર્થ શ્રદ્ધા. યથાર્થ શ્રદ્ધા એટલે વસ્તુની પરિપૂર્ણ, પરિપૂર્ણ પરમાત્મા, પરિપૂર્ણની પ્રતીતિ—શ્રદ્ધા તો આવી નથી અને એકલા પરલક્ષી નગ્નપણું અને પંચ મહાવ્રત ધારણ કર્યા એ તો બધા નિરર્થક છે. ચાર ગતિ એને અટકતી નથી.

'**ઇન્દ્રિયોં કે વશ મેં કરના,...**' સમ્યગ્દર્શન સહિતની વાત છે આ. સમ્યગ્દર્શન થયું એ ઉપરાંત જેણે ઇન્દ્રિયને વશ કરી છે, સંયમ એમ કહે છે. આ સંયમ તો વિશેષ છે. સ્વરૂપ આચરણ સિવાયની સ્થિરતા. વસ્તુની દૃષ્ટિ થઈ અને ઇન્દ્રિયોનું દમન અને છકાયની હિંસાના ભાવથી અંદર વૈરાગ્ય છે, પરથી વિરક્ત છે. એવો જો સંયમ હોય તો તો એનું તપ આદિ હોય એ ઉગ્ર પુરુષાર્થ છે એ સફળ છે. પણ એ જીવોની રક્ષા, ઇન્દ્રિયોનું દમન-વશ કરવું કે સંયમ '**ઇસકે બિના કુછ તપ કરે તો અહિંસાદિક વિપર્યય હો...**' અપવાસ આદિ કરે, પણ અંદર રાગની એકતા તો તૂટી નથી અને સંયમ તો થયો નથી. એનું તપ તો નિરર્થક છે. બહુ સરસ વાત કરી છે.

'**ઇસકે બિના કુછ તપ કરે તો અહિંસાદિક વિપર્યય હો...**' કેમ કે રાગમાં તીવ્રતા તો વર્તે છે અને રાગની એકતા તો તૂટી નથી. તો એવા અહિંસાભાવની વિપરીતતા થઈ જાય એને. રાગની જ વૃત્તિ ઉત્પન્ન થઈને હિંસા થાય, અસંયમ થાય. અસંયમ અને રાગનો ત્યાગ નથી ત્યાં આગળ આ અપવાસ આદિ તપ નિરર્થક છે. '**ઇસપ્રકાર સે ઇનકા આચરણ નિષ્ફલ હોતા હૈ.**' લ્યો!

'**આગે ઇસીલિયે કહતે હૈં કિ ઐસા કરકે થોડા ભી કરે તો બડા ફલ હોતા હૈ :-**' એની સામે છે. પાંચ ગાથા થઈ એની સામે છે.

**णाणं चरित्तसुद्धं लिंगग्गहणं च दंसणविसुद्धं।**
**संजमसहिदो य तवो थोओ वि महाफलो होइ।।६।।**

આહાહા..! '**અર્થ :- જ્ઞાન તો ચારિત્ર સે શુદ્ધ...**' કહે છે કે જ્ઞાન તો રાગના અભાવવાળું-

વૈરાગ્યવાળું એવું જ્ઞાન તો શુદ્ધ છે. આહાહા..! પુણ્ય-પાપના વિકલ્પથી માંડીને બધી ચીજો પ્રત્યેનો જેને વૈરાગ્ય છે. એવું જ્ઞાન તો વૈરાગ્યસહિત છે એટલે શુદ્ધ છે. આહાહા..! **'ઔર લિંગ કા ગ્રહણ દર્શન સે શુદ્ધ...'** છે. **'ઐસે જ્ઞાન થોડા ભી...'** હોય એમ કહે છે મૂળ તો. ભલે જાણપણું થોડું હોય, પણ સ્વનું હોય. જ્ઞાન થોડું હોય પણ સ્વનું હોય અને આચરણ શુદ્ધ કરે વૈરાગ્યથી. રાગથી રહિત એમાં વૈરાગ્ય હોય. આહાહા..! તો બડા ફલ હો. મોટું ફળ છે. જાણપણું વિશેષ ન હોય, સ્વસન્મુખની દૃષ્ટિ સહિતનું જ્ઞાન થોડું હોય પણ એ વૈરાગ્યસહિત છે, રાગની એકતા તૂટીને વૈરાગ્યસહિત જ્ઞાન છે. આહાહા..! મોટું ફળ છે.

**'ઔર યથાર્થ શ્રદ્ધાપૂર્વક ભેષ લે...'** સમ્યગ્દર્શન હો અને પછી સાધુપણું વ્યવહારે પંચ મહાવ્રતને નગ્નપણું ગ્રહણ કરે તો **'બડા ફલ હૈ...'** કેમકે મૂળ ચીજ તો અનુભવમાં આવી ગઈ છે. ભગવાન આત્મા પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાયકસ્વભાવ એનું સમ્યગ્દર્શન હો, શ્રદ્ધાપૂર્વક ભેખ લે. પછી ભેખ હો તો એ સફળ છે. એનું ફળ મોટું છે એમ કહે છે. આહાહા..! **'સમ્યગ્દર્શનસહિત શ્રાવક હી હો તો શ્રેષ્ઠ...'** શ્રેષ્ઠ અર્થ કર્યો છે. સમ્યગ્દર્શન સહિત શ્રાવક હો, **'શ્રાવક હી હો તો શ્રેષ્ઠ હૈ...'** ભલે ગૃહસ્થાશ્રમમાં હો, પણ આત્માના દર્શનપૂર્વક-સમ્યગ્દર્શનપૂર્વક ગૃહસ્થાશ્રમમાં હોય, ગૃહસ્થાશ્રમના પાપના પરિણામસહિત હો, તોપણ એ શ્રેષ્ઠ છે. ભારે વાતું! તો આ એમ કહે, હિંસા છોડો, છકાયની હિંસા છોડો, આ છોડો, આરંભ છોડ્યો કહેવાય. પણ પહેલો રાગની એકતાબુદ્ધિનો આરંભ એને તો છોડ. આહાહા..! રાગ મહા આરંભ અને એની એકતાબુદ્ધિ મહાપાપ. એનું જ્યાં ભેદજ્ઞાન નથી, રાગની એકતા તૂટીને ભેદજ્ઞાન નથી એમાં સાધુપણું શું? કહે છે. એનું મુનિપણું. એકતા તૂટી અને સમ્યગ્દર્શનસહિત હોય, ગૃહસ્થાશ્રમમાં હો, શ્રાવક હો, તો પણ સમ્યગ્દર્શનસહિત એ સફળ છે, શ્રેષ્ઠ છે. કહો. ... ગૃહસ્થાશ્રમમાં પણ શુદ્ધ સમ્યગ્દર્શન સહિત હોય અને એને ભલે ગૃહસ્થાશ્રમના પાપના પરિણામસહિત હો, તોપણ એ શ્રેષ્ઠ છે. ... અને સાધુ થઈને પણ મોહો-પરમાં સાવધાન છે, સ્વની સાવધાનીની ખબર નથી એવા સાધુ થઈને પણ મોક્ષમાર્ગી નથી. આહાહા..! એ સંસાર માર્ગે પડ્યા છે.

ભગવાન આત્માના સ્વસન્મુખ જે મોક્ષમાર્ગ, ભવના અભાવસ્વરૂપ વસ્તુ અને ભવના અભાવસ્વરૂપની દૃષ્ટિ, જ્ઞાન એ તો નથી, કહે છે. એ નિરર્થક છે. એ હોય તો તો પંચ મહાવ્રતના સંયમ અને તપ સફળ છે. આહાહા..! સમ્યગ્દર્શનસહિત શ્રાવક હો તો શ્રેષ્ઠ છે. ઓલો તો કહે, એ સમ્યગ્દર્શન-બર્શન કાંઈ નહિ. ... એ તો ચારિત્રની અપેક્ષાએ. ... પણ અહીં તો સમ્યગ્દર્શનની અપેક્ષાએ ચારિત્ર ભલે ઉત્કૃષ્ટ ન હો, પણ એને એ જાતની યોગ્યતાનું

ચારિત્ર હોય તો એ સફળ છે. સમજાણું? આત્મદર્શન-સમ્યગ્દર્શન, આત્મા આનંદસ્વરૂપ અતીન્દ્રિય જ્ઞાન અને આનંદની મૂર્તિ પ્રભુ છે એનો જેને અનુભવ હો, એ સમ્યગ્દર્શન હો તો તો લિંગ ધારણ કરે નગ્નપણું બાહ્ય, પંચ મહાવ્રત લે તો શ્રેષ્ઠ છે. એ ન હોય અને એકલું સમકિતસહિત શ્રાવકપણું હોય આહાહા..! તો શ્રેષ્ઠ છે. જેને આત્મદર્શન જ નથી અને બાહ્ય ત્યાગ કરી બેસે, નગ્ન થઈને બેસે, પંચ મહાવ્રત લઈને બેસે એ બધા નિરર્થક છે. કારણ કે મૂળ ભગવાન આત્માના તો ભેટા થયા નથી. આહાહા..! એ તો રાગની ક્રિયાના ભેટા છે એકલા. આહાહા..! અને કહે છે કે રાગનો ત્યાગ વિશેષ થયો નથી, છતાં સમ્યગ્દર્શનસહિત જીવ હોય તોપણ એ ગૃહસ્થાશ્રમમાં રહેલો જીવ પણ શ્રેષ્ઠ છે. બાહ્ય ત્યાગી સમ્યગ્દર્શન વિનાના, આત્માના ભાન વિનાના ત્યાગીઓ એના કરતા સમકિત સહિત આત્મજ્ઞાની ગૃહસ્થાશ્રમમાં પણ શ્રેષ્ઠ છે એમ કહે છે. સમજાણું કાંઈ?

'**ઉસકે બિના મુનિ કા ભેષ ભી શ્રેષ્ઠ નહીં હૈ,...**' આહાહા..! આ વાત કેમ જગતને બેસે? નગ્ન થાય, કપડું રાખે નહિ, પંચ મહાવ્રત હોય, છ પ્રકારના આવશ્યક કરે, અદંતધોવન, લોચ કરે, પણ કહે છે જ્યાં આત્મદર્શન નથી... આહાહા..! જે એને વર જોઈએ એ તો નથી અને એકલી જાન જોડી દીધી. એ જાન કહેવાય નહિ, એ તો માણસના ટોળા કહેવાય. જાન તો ત્યારે કહેવાય કે જો અંદર વર હોય તો. એમ આત્મદર્શન, શુદ્ધ ચૈતન્યમૂર્તિ એના અનુભવરૂપી દર્શન હો તો તો ચારિત્રની શુદ્ધતા ઓછી હો, તોપણ એ સફળ છે કહે છે. આહાહા..! જુઓને, આ વાત. મુદ્દાની રકમ તો પકડી નથી કહે છે. અને આ ઉપરથી માંડ્યા બધા બાહ્ય ત્યાગ, પંચ મહાવ્રત ને અહિંસા, સત્ય, દત્ત ને બ્રહ્મચર્ય. શરીરનું બ્રહ્મચર્ય આખી જિંદગી પાળે. એ શું છે? એ તો શુભરાગ છે. આહાહા..! જેને બ્રહ્માનંદ પ્રભુ એનો જેને ભેટો થયો નથી, એના એ બધા પંચ મહાવ્રત અને નગ્નપણા, જંગલમાં રહેવા એ બધા નિરર્થક છે. આહાહા..! સમ્યગ્દર્શનસહિત રાજપદમાં હોય, ગૃહસ્થાશ્રમના પદમાં હોય, ગૃહસ્થાશ્રમના પાપ એ આવી ગયું પહેલું. એક ફેરી આવી ગયું છે. ગૃહસ્થાશ્રમના પાપસહિત હોય તોપણ (તે શ્રેષ્ઠ છે). ... સમજાણું?

અંતર આત્મા સચ્ચિદાનંદ પ્રભુ સત્-શાશ્વત જ્ઞાન અને આનંદની ખાણ છે પ્રભુ. એવા આનંદના નાથને તો પકડ્યો નથી. એવા આનંદસ્વરૂપ ભગવાન આત્માના તો ભેટા કર્યા નથી અને એકલા મહાવ્રત અને નગ્નપણા જંગલમાં રહેવા એ તારા બધા નિરર્થક છે. અને આત્મદર્શન સમ્યક્ સહિત મહેલમાં રહે તો પણ ... એ મોટા કરોડો અબજોના મહેલ હોય એમાં રહેતો હોય. આહાહા..! શ્રાવક છેને? બાયડી-છોકરાની આસક્તિનો ભાવ પણ હોય. આસક્તિ હોં! છતાં જેને આત્મદર્શન-સમ્યગ્દર્શન છે, આહાહા..! એ જીવ શ્રેષ્ઠ છે. ઇન્દ્રિય સંયમ અને પ્રાણસંયમ

સહિત. જેને ઈન્દ્રિયોનું દમન છે, છ કાય જીવના પ્રાણના સંયમસહિત છે. એવા '**ઉપવાસાદિક તપ થોડા ભી કરે તો બડા ફલ હોતા હૈ...**' અને જેને હજી સ્વસન્મુખની દૃષ્ટિ સહિતનો સંયમ જ નથી એ અપવાસ આદિ કરે, તપસ્યાઓ કરે, આઠ-આઠ અપવાસ, દસ-દસ અપવાસ, મહિના-મહિનાના અપવાસ થોથા છે. આહાહા..! અરે! એને સ્વની કિંમત ક્યારે આવશે? એમ કહે છે. જેને આવા અપવાસ ને તપસ્યાઓ ને એની કિંમત આવે છે પણ આ ચૈતન્યની કિંમત આવતી નથી.

ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ શુદ્ધ ચૈતન્ય આનંદઘન એનો જેને સાક્ષાત્કાર—અનુભવ, સમ્યગ્દર્શન નથી એના ભેખ નિરર્થક છે અને સમ્યગ્દર્શનસહિત ભેખ અને સંયમ હોય તો એનું તપ પણ સાર્થક છે. થોડું ભલે તપ કરે એમ કહે છે. આહાહા..! મૂળ તો અહીં સ્વસન્મુખથી અને પરથી વિમુખ એના માહાત્મ્યની વાતું છે. જેને અંદર ઈન્દ્રિયોના વિષય તરફનો રસ તો પડ્યો છે. પાંચેય ઈન્દ્રિય. અહીં તો પરદ્રવ્યનું લીધું છેને બધું. સ્વદ્રવ્ય સિવાય પરદ્રવ્ય અનંત છે એનો એને અંતરમાં તો પ્રેમ, રસ પડ્યો છે. હવે એ સંયમ એટલે ઈન્દ્રિયનું દમન કદાચિત્ બાહ્યથી કરે અને અપવાસ આદિ કરે એ બધું નિરર્થક છે. સંસાર ઘટાડે એવું નથી. આહાહા..! આ તો આત્માનું હિત કેમ થાય એની વાત છે.

મુમુક્ષુ :- આચરણમાં લે તો.

ઉત્તર :- એ આચરણનો અર્થ આ. રાગથી વિરક્તતા અને સ્વરૂપમાં રક્તતા એ આચરણ. શુદ્ધ ચૈતન્યસ્વરૂપનું રક્તપણું એમાં.. આવે છેને? આમાં સદા સંતુષ્ટ, આમાં સદા પ્રીતિ.. કલ્યાણ થશે તારું. આહાહા..! આમાં. આમાંનો અર્થ ઈ છે. આત્મા પ્રભુ મહા એમાં પ્રીતિ કર, રતિ કર, એમાં સંતોષ કર, એમાં તૃપ્તિ પામ. આહાહા..! બાકી બધી બાહ્યની ક્રિયાઓ. આ હોય તો એને વ્યવહારની ક્રિયા સફળ એમ કહેવામાં આવે, તો વ્યવહાર કહેવામાં આવે છે. આ નથી ત્યાં એકલી વ્યવહાર ક્રિયા એને (નિરર્થક છે). ભાવલિંગ વિનાના દ્રવ્યલિંગને લિંગ જ કહેતા નથી. એ આવી ગયું છે આપણે. આહાહા..!

અંતરનો ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ શુદ્ધ આનંદના સ્વરૂપના ભાન વિના, એના વેદન વિના, એની સ્વસન્મુખતાના સ્વીકાર વિના જે કંઈ ક્રિયાકાંડ અપવાસ બાર-બાર મહિના, છ-છ મહિનાના, બબ્બે મહિનાના સંથારા કરે છેલ્લે. મરણ છેલ્લું. આહાર-પાણી ન કરે. એ બધું નિરર્થક છે, એકડા વિનાના મીંડા છે. અને સ્વસન્મુખ સહિત થોડું પણ તપ હોય, થોડો પણ સંયમ હોય તો પણ એ શ્રેષ્ઠ છે. આહાહા..! આ કિંમત કોણ કરે? કહો, સમજાણું કાંઈ? બહારના મહાત્મ્ય. આણે આટલા અપવાસ કર્યા, આણે આ દીક્ષા લીધી. બાયડી છોડી, દુકાન છોડ્યા, પૈસા છોડ્યા. એમાં શું થયું પણ હવે? એ તો છૂટેલા જ પડ્યા હતા.

અંદરમાં રાગની એકતા તોડ્યા વિના બહારનો ત્યાગ અસદ્‌ભુત વ્યવહારથી પણ કહી શકાય નહિ એને. આહાહા..!

**'વિષયાભિલાષ તથા દયારહિત બડે કષ્ટ સહિત તપ કરે તો ભી ફલ નહીં હોતા હૈ,...'** આહાહા..! ... ફેર એટલો ... એટલું. થોડું પણ તપ હોય, થોડું જ્ઞાન હોય, પણ સ્વસન્મુખની દૃષ્ટિ અને રાગની વિરક્તતા હોય. એ માપ હોય છે એમ કહે છે. સમજાણું કાંઈ?

**'આગે કહતે હૈં કિ યદિ કોઈ જ્ઞાન કો જાનકર ભી વિષયાસક્ત રહતે હૈં વે સંસાર હી મેં ભ્રમણ કરતે હૈં :-'** ત્રણે ન-ન.

**णाणं णाऊण णरा केई विसयाइभावसंसत्ता।**
**हिंडंति चादुरगदिं विसएसु विमोहिया मूढ़ा।।७।।**

જોયું! એકમાં બે બોલ આવ્યા. **'विसयाइ'** અને **'विसएसु'** શબ્દ. ૨૩ વાર આવે છે એવા. ૪૦ ગાથામાં 'વિષય' શબ્દ ૨૩ વાર આવે છે. મૂળ વસ્તુ પરવિષયને છોડાવી સ્વવિષય ઉપર લાવવો છે. એક ગાથામાં બે. ક્યાંક એક ગાથામાં બીજામાં બે આવે છે. કોઈ ઠેકાણે કાંઈ આવતું નથી. ૪૦ ગાથામાં ૨૩ વાર તો વિષય-વિષય. સ્વવિષયને પામ્યા વિના એમ અહીં તો કહેવું છે.

**'અર્થ :- કઈ મૂઢ મોહી પુરુષ જ્ઞાન કો જાનકર ભી...'** જાણપણા હોય, શાસ્ત્ર ભણે, હેય-ઉપાદેયને જાણે, પણ **'વિષયરૂપ ભાવોં મેં આસક્ત હોતે હુએ...'** પણ એની રાગના રસમાં રુચિ છે. આહાહા..! એણે ધ્યેય પલટાવ્યું નથી એમ કહે છે. રાગને ધ્યેય બનાવીને રાગના રસમાં પડ્યો છે. આહાહા..! ભગવાન આત્મા ચૈતન્યસ્વરૂપ એને ધ્યેય બનાવ્યું નથી, ભલે જાણપણું હો, કહે છે. આહાહા..! એને તો રાગનો વિષયનો પર તરફના વલણનો રાગનો રસ છે. એટલે એને ધ્યેય આત્મા રહ્યો નહિ, ધ્યેય તો એ રહ્યું. આહાહા..! રાગને સાધવો, રાગની ક્રિયાને સાધવી.

**'મૂઢ મોહી પુરુષ જ્ઞાન કો જાનકર ભી વિષયરૂપ ભાવોં મેં આસક્ત હોતે હુએ...'** પરપદાર્થ તરફના પછી શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ એ પાંચેય વિષયો છે. પરદ્રવ્ય છેને અહીંયા તો? પરદ્રવ્ય લેવું છેને. પરદ્રવ્યમાં પાંચેય વિષયો આવી જાય છે. પરદ્રવ્યનો સંસર્ગ એમાં આવ્યું હતુંને આપણે. પરદ્રવ્યનો સસંર્ગ આવી ગયું. બે દિ' પહેલા આવી ગયું છે. 'પરદ્રવ્યમાત્રકા સંસર્ગ છોડના.' પણ પરદ્રવ્યમાત્રકા સંસર્ગ છોડના. છેલ્લા પેરેગ્રાફમાં છે. બીજી ગાથા. આખો ભગવાન પૂર્ણ આત્માસ્વરૂપ એને પડખે આવ્યો નથી અને રાગને (પડખે ઊભો છે), ભલે શુભ રાગ હો, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો રાગ શુભ હો, બધો

એ પર વિષય છે. આહાહા..! એની જેને આસક્તિ છે.

'**વિષયરૂપ ભાવોં મેં આસક્ત હોતે હુએ ચતુર્ગતિરૂપ સંસાર મેં ભ્રમણ કરતે હૈં,...**' આહાહા..! રૂપ, ગંધ, રસ, સ્પર્શ, શબ્દ. આબરૂના શબ્દો, એના વખાણના શબ્દો એને સાંભળીને જેને રસ આવે છે, મજા લાગે છે. જેનું વીર્ય ઉલ્લસિત ત્યાં થાય છે કહે છે. આહાહા..! એ તો વિષયમાં આસક્ત છે. આહાહા..!

મુમુક્ષુ :- અહીં તો શુભભાવ કરીને પછી વિદેહક્ષેત્રમાં જવાના.

ઉત્તર :- વિદેહક્ષેત્ર જાય ત્યાં ક્યાં ભગવાન હતા? ભગવાન તો અહીં છે. અહીં નકાર કરે ત્યાં પણ નકાર કરશે. ભગવાન તો અહીં છે અંદર, એની પાસે જાતો નથી, પછી શુભભાવ એનાથી વેગળા કરી એની પાસે જાશે. અહીં તો ત્યાં સુધી કહ્યું, એ શુભભાવના ફળ તરીકે વર્તમાન દુઃખ છે, દુઃખનું ફળ છે. એટલે કે શુભભાવથી વાણી અને ભગવાન મળે કદાચિત્, તો એના ઉપર લક્ષ જાશે તો શુભરાગ થશે એટલે દુઃખ થાશે. આહાહા..! આ વીતરાગની વાણી. શુભરાગ વર્તમાન દુઃખ છે અને એનું ફળ મળશે એમાં પણ દુઃખ છે. કારણ કે ફળ તો સામગ્રી મળશેને. તો સામગ્રી ઉપર લક્ષ જશે તો રાગ જ થશે એને. ભલે શુભ થાવ. આહાહા..! વીતરાગતાની શૈલી તો જુઓ! વીતરાગતાની પ્રસિદ્ધિ રાગના અભાવથી થાય છે એમ કહે છે. પાંચેય ઇન્દ્રિયના વિષયના પ્રેમના ભાવથી રહિત સ્વસન્મુખથી વીતરાગની પ્રસિદ્ધિ થાય છે. ત્યારે આત્મા પ્રસિદ્ધિમાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

વીતરાગસ્વરૂપી ભગવાન આત્મા એને પાંચ ઇન્દ્રિયોના વિષયોનો વિકલ્પ છે એનો પ્રેમ જેને રસ તૂટ્યો છે એ સ્વધ્યેયમાં આવે છે. સ્વધ્યેયમાં આવે એને રાગની એકતા અને રસ તૂટ્યા વિના રહે નહિ. પણ જેને, કહે છે કે જ્ઞાન જાણ્યું, પણ રાગની એકતા તોડી નથી એ બધું નિરર્થક છે. આહાહા..! ચાર ગતિમાં રખડશે અહીં તો કહે છે. નિરર્થક તો ભલે સ્વભાવ માટે નિરર્થક હો, રખડવા માટે સાર્થક છે એમ કહે છે. આહાહા..! વિષય શબ્દે આ બધા સ્ત્રી અને એ બધા તો સ્થૂળ છે, પણ આખો આ આત્માનો વિષય છોડીને પરપદાર્થ જે અનંત એના ઉપર જેનું લક્ષ અને રસ છે એ ચાર ગતિમાં રખડવાના. '**परदव्वादो दुग्गइ**' આવ્યુંને? '**परदव्वादो दुग्गइ**' કહો એ બધી એક જ શૈલી છે. આહાહા..! '**सदव्वा दा हु सुग्गइ**' '**परदव्वादो दुग्गइ**'. ચાહે તો ત્રણ લોકના નાથ તીર્થંકર હો અને એની વાણી, પણ પરદ્રવ્ય ઉપર લક્ષ જતાં એને શુભરાગ જ થશે. આકરી વાતું બહુ. એમાં ચૈતન્યની ગતિ નહિ રહે. રાગની ગતિ થશે એને. આહાહા..!

એકલો અકષાય સ્વભાવભાવ એનો જેને રસ ચડ્યો, એને રાગનો રસ, પરદ્રવ્યનો રસ રહેતો જ નથી એમ કહે છે. અને જેને પરદ્રવ્યનો રસ રહ્યો એ ચાર ગતિમાં રખડનારા

છે એમ કહે છે. અહીં તો એમ લીધું છે. સ્વદ્રવ્ય તરફ ઢળ્યો નથી, એનો રસ આવ્યો નથી અને વિષયાસક્ત છે. પરદ્રવ્યના રાગમાં આસક્ત છે. બસ, એ તો સંસાર છે. શીલપાહુડમાં આવો અધિકાર છે. સમજાણું કાંઈ? વિષયરૂપ ભાવ પાછો આટલો અર્થ કરે કે બાયડીનો વિષય, સ્ત્રીનો વિષય એ છોડે એટલે વિષય છોડ્યા. એમ નથી. એવા તો સ્ત્રીના વિષય તો અનંત વાર છોડ્યા છે. આહાહા..! પણ આખા આત્મા સિવાયના જેટલા પરદ્રવ્ય છે તેના તરફના વલણનો જે રાગ તે વિષયનો રાગ છે. આહાહા..! એણે ઇન્દ્રિય જીતી નથી. બહારના ત્યાગથી દુનિયા પ્રશંસે, બાહ્યના જાણપણાથી દુનિયા પ્રશંસે, એ પ્રશંસાનો રસ એને અંદરથી છૂટે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

વસ્તુની દૃષ્ટિનો આશ્રય નથી એને પરનો રસ છૂટતો નથી. એની જન્મજયંતિ કરે, એના સંથારાના મહોત્સવ કરે. આહાહા..! એનો એને રસ રહે છે પરનો. એ ચાર ગતિમાં રખડશે. સુગતિ નથી પણ રખડવાનો છે. '**हिंडंति चादुरगदिं**' એમ છેને? જેમ ઓલામાં આવે છેને, પુણ્ય-પાપમાં વિશેષ જાણે, એ '**हिंडंति**' ચાર ગતિમાં રખડશે. પુણ્ય ઠીક છે અને પાપ અઠીક છે એમ ભેદ પાડે છે. '**हिंडंति**' ઘોર સંસાર. અહીં એના એ કુંદકુંદાચાર્યના શબ્દ છે આ.

જેને આત્મદ્રવ્યના વિષયને છોડી દઈને જેટલા પરદ્રવ્યો છે તેના લક્ષમાંથી થતો રાગ એની જેને આસક્તિ છે એટલે એકત્વબુદ્ધિ છે એ ચાર ગતિમાં રખડશે. ભલે એ ત્યાગી હોય, મુનિ હોય, નગ્ન દિગંબર હો. આહાહા..! એ ચાર ગતિમાં રખડવાના છે કહે છે. બહુ આકરી વાતું માણસને લાગે. બહારના માહાત્મ્ય છેને જગતને. પચાસ વર્ષની દીક્ષા થઈ, કરો.. શું કહેવાય? મહોત્સવ કરો. શેના મહોત્સવ બાપા? આહાહા..! જ્યાં આત્માના આનંદરસનો સ્વાદ આવ્યો નથી એને આ પરમાં સ્વાદ આવ્યા વિના રહેતો નથી. આહાહા..! અને એને લઈને એ ચાર ગતિમાં રખડશે. આહાહા..! ત્યાં ક્યાં કોઈની સિફારીશ લાગુ પડે એવી નથી. સમજાણું કાંઈ? આહાહા..!

'**મૂઢ મોહી પુરુષ...**' એ શબ્દ પોતે વાપર્યો છે. '**मूढ़ा**' છેને છેલ્લે? '**मूढ़ा**' એથી એને '**મૂઢ મોહી પુરુષ જ્ઞાન કો જાનકર ભી વિષયરૂપ ભાવોં મે આસક્ત હોતે હુએ...**' ભલે ક્ષયોપશમમાં જ્ઞાનમાં આવ્યું કહે છે. આહાહા..! પણ જેને પરપદાર્થના વલણમાં રસ રહે છે... આહાહા..! એ ચાર ગતિમાં સંસારમાં ભ્રમણ કરશે. આહાહા..! '**ક્યોંકિ વિષયોં સે વિમોહિત હોને પર યે ફિર ભી જગત મેં પ્રાપ્ત હોંગે...**' કેમકે પરવિષયની વાતમાં જેનો રસ છે એ સંયોગનો રસ છે એ સંયોગથી નહિ છૂટે. જેને સંયોગભાવનો રસ છે એ સંયોગના ભાવથી નહિ છૂટે ઈ. એને સંયોગ ભવો મળ્યા જ કરશે. આહાહા..! આવી વાત છે.

'**ફિર ભી** જગત **મેં પ્રાપ્ત હોંગે...**' 'ફિર...' એટલે? અત્યાર સુધી તો રખડે જ છે, એમ. પણ એ ફરીને પણ રખડશે જ એમને એમ. આહાહા..! જેને વિષય પરપદાર્થના પ્રેમમાં પડ્યો... આહા..! એને પ્રભુનો પ્રેમ આવ્યો નથી. ભગવાન આત્મા આનંદસ્વરૂપ એનો જેને પ્રેમ આવ્યો નથી, તેથી પરના પ્રેમ આહા..! શરીર નહિ છૂટે એને. શરીરનો યોગ નહિ છૂટે એને. શરીરના સંબંધમાં જ રહેવાનો પરિભ્રમણમાં. આહાહા..! '**ઈસમેં ભી વિષય કષાયોં કા હી સંસ્કાર હૈ.**' દેખો! '**જગત મેં પ્રાપ્ત હોંગે ઈસમેં ભી વિષય કષાયોં કા હી સંસ્કાર હૈ.**' પરપદાર્થના સંસ્કાર. સ્વપદાર્થના સંસ્કાર તો છે નહિ. આહાહા..! પરપદાર્થના વિષય અને એના તરફ થતો કષાય એના એ સંસ્કાર છે. આહાહા..! ચાહે તો એ પંચ મહાવ્રત પાળે એ કષાયના સંસ્કાર છે. ઓહોહો..! અને પર તરફના વલણવાળા વિષયનો એ સંસ્કાર છે. સ્વ તરફના વિષયના એને સંસ્કાર નથી. આહાહા..! ગજબ શૈલી! એકત્વ વિભક્ત. સ્વથી એકત્વ થયો નથી, પરથી વિભક્ત છે નહિ. એને પરમાં એકત્વ છે, સ્વથી વિભક્ત છે.

પરદ્રવ્યના સંસર્ગનો જેને રસ છે, પ્રેમ છે, એને કષાયના જ સંસ્કાર છે. અરે! એ મને લાભ કરશે એ બુદ્ધિ મિથ્યાત્વના સંસ્કાર છે. સ્વસન્મુખની દૃષ્ટિ વિના આ પરથી મને લાભ થશે એ બધા મિથ્યાત્વના સંસ્કાર છે. એ પરિભ્રમણનું કારણ છે. મિથ્યાત્વ એ પરિભ્રમણનું કારણ છે એમ કહે છે. આહાહા..! મીંદડીને ડાંગ વાગતા કડ છૂટી જાય. પછી ચાલે ખરી પણ એ લૂલે પગે ચાલે, ઢસડાતા ચાલે. આ મીંદડી. એમ એક વાર સમ્યગ્દર્શનના ભાનથી મિથ્યાત્વની ડાંગ તોડી નાખી મિથ્યાત્વના ભાવની, પછી રાગ થોડા રહે એ ઢસરડા જેવા રહે. આહાહા..! અને જેણે રાગની એકતા તોડી નથી એનો રાગ પુષ્ટ તરીકે એકલા રાગના મિથ્યાત્વના જ સંસ્કાર પુષ્ટ થાય છે. આહાહા..! એ અપવાસ કરે, તપસ્યાઓ કરે, વ્રત પાળે, પણ ત્યાં તો કષાયની જ પુષ્ટિ થાય છે. મેં આ કર્યું... મેં આ કર્યું... મેં આ કર્યું... આહાહા..!

કહે છે, '**વિષયોં સે વિમોહિત હોને પર ભી** જગત **મેં પ્રાપ્ત હોંગે...**' જગત મેં પ્રાપ્ત હોંગે. કેમકે અત્યારે જગતમાં જગતને પ્રાપ્ત કર્યું છે. જગત શબ્દે રાગ. રાગને જ જેણે પ્રાપ્ત કર્યું છે. એ જગત છે, એ સંસાર છે. આહાહા..! વીતરાગમાર્ગ અપૂર્વ પ્રયત્નથી થાય છે. આહાહા..! અને થયા પછી પણ એને ટકાવી રાખવું, અપૂર્વ પુરુષાર્થ છે. એ કોઈ સાધારણ વાત નથી. કહે છે... આહાહા..! એને તો વિષય કષાયોના જ સંસ્કાર. 'હી' છેને? રાગ છે ભલો, પર તરફનું વલણ ઠીક... આહાહા..! અને અમે આવો ત્યાગ કર્યો એથી લોકો અમારી પ્રશંસા કરે છે. એ ત્યાગ કરી શકતો નથી એથી એ અમારી પ્રશંસા કરે છે.

આહાહા..! એ પ્રશંસા સાંભળીને જેને રસ પડે છે. ઓળખ્યા ઓળખ્યા, અમને ઓળખ્યા છે એણે. અને જેને વિરોધ પડે ત્યાં ઓળખ્યા નથી અમને. અરે..! સાંભળને હવે તારે પરનું શું કામ છે? આહાહા..! કહે છે કે એ... આહાહા..!

સ્વામીનારાયણમાં એવું આવે છે. બેની ચર્ચા ચાલી હતી. કૃષ્ણ અને.. કૃષ્ણ તો ... છે અને એક સેવક એવો જાગ્યો એમાં કે આમાં મોટા કોણ? સ્વામીનારાયણને પકડ્યા. ત્યારે સ્વામીનારાયણ કહે, આણે મને ઓળખે છે. એ વાત આવે છે. નાગરભાઈ બધું કહે. નાગરભાઈને બહુ આવેને ત્યાં. સમઢિયાળા. હરજીવનભાઈ સ્વામીનારાયણના હતાને. મોટા ભાઈ સ્વામીનારાયણના. હવે લોકો ઢીલા પડી ગયા, ઢીલા પડી ગયા. થોડો અહીં રસ કરતા ગયા છે. એ બધી વાતું કરે. ત્યાં સાધુ આવે ખરાને. એ આમ કરતા હતા, વાતું આમ કરતા હતા. સ્રીવાળો અવતાર સારો કે સ્રી વિનાનો અવતાર સારો? આ અવતાર ધારણ કર્યાને? સ્વામીનારાયણનો અવતાર, કૃષ્ણ અવતાર, રામ અવતાર એ બધા અવતારમાં સ્રીવાળાના અવતાર સારે કે સ્રી વિનાના અવતાર સારા? એમ કરતા સાધુ .. સ્વામીનારાયણના. આ ઊંચા કહેવાય. ત્યારે એને થાય કે આણે મને ઓળખ્યો.

અહીં તો સ્રી વિનાના હોય તોપણ જેને પરદ્રવ્યના સંસ્કાર રાગના પડ્યા છે... આહાહા..! અને હજારો સ્રીઓ હોય, છતાં રાગના સંસ્કાર છૂટી ગયા છે, રાગનો રસ છૂટી ગયો છે. સ્વના રસે રાગના રસમાં ... એવો જેને રસ તૂટ્યો નથી એને તો રસ કષાયના જ સંસ્કાર છે. આહાહા..! એ અપવાસના પણ અભિમાન, એ જ્ઞાનના ઉઘાડના પણ અભિમાન. આહાહા..! ઉઘાડના પણ અભિમાન જ ત્યાં પોષાય છે. કારણ કે એને ક્ષયોપશમની પર્યાયમાં રોકાઈ ગયો છે. આખો ત્રિકાળી ભગવાન જેના માહાત્મ્યનો પાર નથી એના તો રસ આવ્યા નહિ, આ જ્ઞાનના ક્ષયોપશમના ગર્વે ચડી ગયો. આહાહા..! કહે છે કે એને કષાયના સંસ્કાર છે. આહાહા..! અને આ અકષાયસ્વરૂપ ભગવાન આત્મા એના સંસ્કાર થયા નથી.

'**विसयाइभावसंसत्ता**' એમ છેને? વિષય આદિ ભાવમાં સંસક્ત છે એમ કહ્યુંને? આસક્ત છે. આ રીતે આસક્ત હોં! આહાહા..! આ તો મરજીવાના માર્ગ છે, ભાઈ! આહાહા..! બહારથી મરી જાય, અંદરમાંથી જીવતો થાય એના માર્ગ છે. રાગને મારી નાખીને. આહાહા..! ઉદયભાવને મારી નાખ્યો છે. અજ્ઞાનીએ ઉદયભાવને જીવતો રાખ્યો છે. આહાહા..! '**ઈસમેં ભી વિષય કષાયોં કા હી સંસ્કાર હૈ.**'

'**ભાવાર્થ :- જ્ઞાન પ્રાપ્ત કરકે વિષય કષાય છોડના અચ્છા હૈ,...**' પર તરફનું વલણ અને કષાયભાવ છોડવો એ બરાબર છે. આહાહા..! '**નહીં તો જ્ઞાન ભી અજ્ઞાનતુલ્ય હી હૈ.**'

મુમુક્ષુ :- એકમાં બધું આવી ગયું.

ઉત્તર :- બધું આવી ગયું? આ તો મોક્ષના માર્ગની વાત છેને ભગવાન! જેના માર્ગમાં મોક્ષ ન આવે, ભગવાન આત્મા ન આવે, જેના માર્ગમાં ભગવાન ન ભળાય. આહાહા..! જે માર્ગે ભગવાનના ધ્યેયને ન રખાય એને તો રાગનું ધ્યેય અને રાગનો રાગ છે. આહાહા..! સૂક્ષ્મ સૂક્ષ્મ... એમ કહે છે.

'**જ્ઞાન પ્રાપ્ત કરકે...**' હેય-ઉપાદેયને જાણતા એનું જ્ઞાન થયું. વિષય કષાય છોડવો એટલે સ્વને ઉપાદેય કરીને પકડવો અને રાગને હેય કરીને છોડવો એમ. આહાહા..! '**નહીં તો જ્ઞાન ભી અજ્ઞાનતુલ્ય હી હૈ.**' એવા ક્ષયોપશમ જ્ઞાન તો નવ પૂર્વના અને અગિયાર અંગના અનંત વાર કર્યા, પણ જેમાં આ ઉપાદેય છે અને આ હેય છે એવો વિવેક ન આવ્યો અંદરથી. જાણ્યું, લક્ષમાં આવ્યું એને જ્ઞાનમાં, પણ લક્ષ આવ્યું એટલે શું થયું? લક્ષે લક્ષે લક્ષને ફેરવ્યું નહિ. આ વસ્તુ ભગવાન પૂર્ણાનંદ છે એ આદરણીય અને ઉપાદેય અંગીકાર કરવાલાયક છે અને રાગાદિ ચાહે તો શુભરાગ ભગવાનની ભક્તિનો હો, તીર્થંકરગોત્રનો હો, એ તો છોડવાલાયક છે સંસ્કાર. એ ઝેરના ઝાડના ફળ છે. ભગવાન આત્માનો આશ્રય કરીને થાય એ તો અમૃતના ફળ છે. આત્મા અમૃતસ્વરૂપ છે ભગવાન. એ અમૃતસ્વરૂપનું ભાન થતાં તેની પર્યાયમાં અમૃતના ફળ પાકે છે. રાગ પાકે એ કાંઈ આત્માનું ફળ કહેવાય? આહાહા..!

મુમુક્ષુ :- રાગ મીઠો તો લાગે છે.

ઉત્તર :- હા, ઈ જ કહે છે. મીઠો લાગે એ... ઈ જ કહે છે કે રાગની મીઠાશ છે તેને ઝેરની મીઠાશ છે, એને પર વિષયની આસક્તિ પડી છે. આહાહા..! ભગવાનની ભક્તિનો રાગ પણ એ રાગની જેને આસક્તિ છે એને વિષયની આસક્તિ છે. આહાહા..! આ તે કાંઈ માર્ગ! એવો માર્ગ છે. એટલે જ્ઞાન તો એને કહીએ કે જેણે સ્વને ઉપાદેય માન્યો, અનુભવ્યો અને રાગને હેય તરીકે જાણ્યો, છોડવા તરીકે જાણ્યો એમ. એને જ્ઞાનનું યથાર્થ ફળ આવી શકે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ વદ ૯, ગુરુવાર તા. ૧૧-૦૭-૧૯૭૪**
**ગાથા - ૮ થી ૧૦, પ્રવચન - ૧૯૭**

આઠમો શ્લોક છે. શીલપાહુડ. '**આગે કહતે હૈં કિ જબ જ્ઞાન પ્રાપ્ત કરકે ઈસપ્રકાર કરે તબ સંસાર કટે** :-'

जे पुण विसयविरत्ता णाणं णाऊण भावणासहिदा।
छिंदंति चादुरगदिं तवगुणजुत्ता ण संदेहो।।८।।

જે કોઈ આત્મા '**જ્ઞાન કો જાનકર ઔર વિષયોં સે વિરક્ત હોકર...**' ત્યારે તેને જ્ઞાન કહેવાય. વસ્તુસ્વભાવ સન્મુખ જ્ઞાન થયું તે પરપદાર્થના વિષયના રસથી વિરક્ત થયું. જ્ઞાન એને કહીએ કે સ્વસન્મુખ થયું હોય, એટલે એનો અર્થ થયો કે વિષયથી વિરક્ત થયો. જ્ઞાનસ્વભાવ એવી ચીજ આત્મા એનું જ્ઞાન થયું ક્યારે કહેવાય? કે એ પર તરફથી પાછો હઠ્યો છે એથી એ સ્વ તરફમાં આવ્યો છે. એને અહીંયા જ્ઞાન કહેવામાં આવે છે. એકલું જાણપણું છે ઓછું-વત્તું એનો પ્રશ્ન નથી અહીં. એ વસ્તુ છે એનું જ્ઞાન હોય, તો એ વિષયથી વિરક્ત જ હોય. એટલે? કે એનું જ્ઞાન હોય તે જ્ઞાન તો સ્વસન્મુખનું હોય. એથી જ્ઞાનને જાણીને, વાસ્તવિક સ્વરૂપ ચૈતન્યસ્વરૂપ છે એનું જ્ઞાન કરીને '**વિષયોં સે વિરક્ત હોકર...**' પોતાના દ્રવ્ય સિવાય બીજા બધા દ્રવ્યોના સંસર્ગથી વિરક્ત છે.

'**ઉસ જ્ઞાન કી બારંબાર અનુભવરૂપ ભાવનાસહિત...**' એમ. એવું જ્ઞાન થયું, રાગથી વૈરાગ્ય. નાસ્તિ થઈ. એણે જ્ઞાનનો વારંવાર અનુભવ કરવો. '**ભાવનાસહિત હોતે હૈં...**' અનુભવરૂપ ભાવના. એકલી કલ્પના એમ નહિ, એમ કહે છે. એ આનંદસ્વરૂપ ભગવાન એના જ્ઞાનમાં એની ભાવના એટલે કે એકાગ્રતા. અનુભવરૂપ ભાવના કીધી છેને? જ્ઞાન એટલે આત્માના સ્વભાવમાં વારંવાર અનુભવરૂપ ભાવના. એમાં અંતરમાં એકાગ્રતારૂપ ભાવના(સહિત) '**હોતે હૈં...**' એક વાત. '**વે તપ ઔર ગુણ અર્થાત્ મૂલગુણ ઉત્તરગુણયુક્ત હોકર...**' આગળ વધીને લેશે. જેને મુનિપણું તપ એટલે ચારિત્ર હોય છે અને ગુણ એટલે મૂળગુણ અને ઉત્તરગુણ હોય છે. એમ. સ્વરૂપની જ્ઞાનની એકાગ્રતાની ભાવનામાં વિશેષતા અંદર ચારિત્રની હોય છે એને અને મૂળગુણ ઉત્તરગુણ સહિત હોય છે. '**ચતુર્ગતિરૂપ સંસાર કો છેદતે હૈં,...**' એ ચાર ગતિમાં... એમ પાછું નથી લીધું કે દેવગતિને પામે. ચારેય ગતિના સંસાર છેને ભાષા. ચતુર્ગતિ. એ .. ચતુર્ગતિ શબ્દ છે, પણ અહીં લીધું ચતુર્ગતિરૂપ સંસાર એમ. ચાર ગતિરૂપ સંસારને એ છેદે છે. ઉપદેશની શૈલીથી એમ સમજાવેને.

સ્વભાવ સન્મુખની ભાવના, વારંવાર અનુભવ એ પણ ચારિત્રને મૂળગુણ ઉત્તરગુણ સહિત એમ. એવી સ્થિતિમાં એ ચાર ગતિના સંસારભાવને છેદે છે. અને અસંસારભાવને ઉત્પન્ન કરે છે. આહાહા..! '**સંસાર કો છેદતે હૈં, કાટતે હૈં, ઈસમેં સંદેહ નહીં હૈ.**' એમાં સંદેહને સ્થાન નથી કહે છે. જે કોઈ ભવ અને ભવના ભાવ વિનાની ચીજ એનું જેણે જ્ઞાન કર્યું છે એટલે એનો અર્થ કે સ્વસન્મુખ થઈને જ્ઞાન કર્યું છે. એથી પરથી વિમુખ થયો છે. એટલું પહેલું છે. પછી વારંવાર જ્ઞાનની ભાવના ચારિત્રસહિત કરે છે. એમ લેવું. સ્વરૂપની રમણતા એવી સહિત જે ચારિત્ર અંદર ભાવના—આત્મામાં એકાગ્રતા એ સંસારને છેદે છે. ચાર ગતિરૂપ સંસાર દુઃખરૂપ ગતિ એને એ કાપે છે. ચારેય ગતિ દુઃખરૂપ છે. '**ઈસમેં સંદેહ નહીં હૈ.**' જેણે ભવ અને ભવ-ભાવ વિનાની ચીજનું જ્ઞાન કરી અને ચારિત્રસહિત જેણે ભાવના અંતર એકાગ્રતા કરી છે એને ભવ છેદાઈ જાય છે. એનો ભવનો અંત આવી જાય છે. આહાહા..!

'**ભાવાર્થ :- જ્ઞાન પ્રાપ્ત કરકે વિષય કષાય છોડકર...**' જોયું! પાઠમાં એટલું છેને. '**विसयविरत्ता**' એનો અર્થ એ. પર તરફનો જે ભાવ કષાય આદિ એને છોડીને '**જ્ઞાનકી ભાવના કરે...**' ભગવાન આત્મામાં અનુભવ કરે, એકાગ્ર થાય '**ઔર મૂલગુણ ઉત્તરગુણ ગ્રહણ કરકે...**' લ્યો! ગ્રહણ કરવું. '**તપ કરે વહ સંસાર કા અભાવ કરકે મુક્તિરૂપ નિર્મલદશા કો પ્રાપ્ત હોતા હૈ—યહ શીલસહિત જ્ઞાનરૂપ માર્ગ હૈ.**' એ શીલસહિત જ્ઞાન થયું એમ કહે છે. એકલું જ્ઞાન એમ નહિ. જેની સાથે શીલ છે, સ્વભાવની સ્થિરતા છે, સ્વભાવમાં એકાગ્રતા છે. અહીં તો વધારે લીધું છે ભાઈએ. વિશેષ જેની સ્વભાવમાં એકાગ્રતા છે એ મુક્તિને પામે છે લ્યો! એ સંસારને છેદે છે. આ એની રીત છે. બહારની કોઈ પ્રવૃત્તિ ક્રિયાકાંડ ને એ કોઈ સંસારને છેદવાનું કારણ નથી. પોતે સંસાર છે એ તો. આહાહા..! શુભરાગ એ તો સંસાર છે. એ ચાર ગતિમાં રાગ પછી અશુભ હો તો.. .. ચાર ગતિ સંસારનું કારણ છે. ત્યારે ભગવાન આત્મા રાગથી રહિત એનું જ્ઞાન કરીને એમાં એકાગ્ર થાય અને તે પણ ચારિત્રસહિત એકાગ્ર થાય એ ચાર ગતિને કાપી નાખે છે. લ્યો! શીલ છેને? શીલ. એક તો શીલ, વૈરાગ્ય, રાગથી વૈરાગ્ય તો થયો, પણ એ ઉપરાંત અસ્થિરતા છોડીને જેણે સ્થિરતા પ્રગટ કરી એમ કહે છે. એ તો જરૂર ચાર ગતિના છેદને-મુક્તિને પામે એમાં સંદેહ છે નહિ. આહાહા..! આ માર્ગ છે. આહાહા..!

'**આગે ઈસપ્રકાર શીલસહિત જ્ઞાન સે જીવ શુદ્ધ હોતા હૈ ઉસકા દૃષ્ટાંત કહતે હૈં :-**'

**जह कंचणं विसुद्धं धम्मइयं खडियलवणलेवेण।**
**तह जीवो वि विसुद्धं णाणविसलिलेण विमलेण।।९।।**

'**અર્થ :- જૈસે કાંચન અર્થાત્ સુવર્ણ...**' સોનું '**ખડિય અર્થાત્ સુહાગા (ખડિયા ક્ષાર)...**' ખડિયોખાર એમ. '**ઔર નમક કે લેપ સે વિશુદ્ધ નિર્મલ કાંતિયુક્ત હોતા હૈ,...**' સોનું. સોનાને એ ખડિયો ખાર લગાડે અને મીઠું અંદર લગાડે. સોનું ઓપે, શોભે, કાંતિવાળું થાય એ. '**વૈસે હી જીવ ભી...**' આ તો દૃષ્ટાંત હતો. '**જીવ ભી વિષયકષાયોં કે મલરહિત...**' પર તરફના વલણવાળો વિષયનો ભાવ અને રાગનો ભાવ એનાથી રહિત '**વિષયકષાયોં કે મલરહિત નિર્મલ જ્ઞાનરૂપ જલ...**' એવું જે નિર્મળ જ્ઞાનરૂપી જળ. એકલું જાણવું એમ નહિ કહે છે. જેમાં વિષયકષાયના મળરહિત નિર્મળ એવું જે જ્ઞાન. આહાહા..! એવા '**જ્ઞાનરૂપ જલસે પ્રક્ષાલિત હોકર...**' ભગવાન આત્માનો મેલ આવા જ્ઞાનરૂપી જળથી પ્રક્ષાલિત થયું, સ્નાન કર્યું, સ્નાન કરાવ્યું. આહાહા..! '**કર્મરહિત વિશુદ્ધ હોતા હૈ.**' લ્યો! એ કર્મરહિત થઈને અનંત ચતુષ્ટયરૂપી શુદ્ધતાને પામે છે. લ્યો, અહીં વિશુદ્ધતા એના અર્થમાં લીધી. કોઈ વખતે શુભભાવને વિશુદ્ધ કહે, કોઈ વખતે મોક્ષમાર્ગને વિશુદ્ધ કહે, કોઈ વખતે કેવળજ્ઞાન અહીં પામે એને વિશુદ્ધ કીધા. કર્મરહિત કીધુંને. '**तह जीवो वि विसुद्धं णाणविसलिलेण विमलेण**' ભગવાન આત્મા જ્ઞાનમાં કષાયના મેલરહિત નિર્મળ જ્ઞાન દ્વારા આત્માને પ્રક્ષાલતા, સાફ કરતા, ધોતાં તે કર્મરહિત થઈ અને મુક્તિને પામે છે, વિશુદ્ધતાને પામે છે. આહાહા..! આ વાત.

ધર્મ ધર્મ તો ભાઈ બધા ઘણા કરે છે. 'ધર્મ ધર્મ સહુ કોઈ કહે, ધર્મ ન જાણે મર્મ, ધર્મ જિનેશ્વર ચરણ ગ્રહ્યા પછી કોઈ ન બાંધે કર્મ.' ધર્મ એને કહીએ. વસ્તુ જે સ્વભાવ આત્માનો જે ધર્મ-સ્વભાવ એ તો શુદ્ધ ચૈતન્યઘન ભવ-ભાવરહિત છે. એવો જે સ્વભાવ એટલે આત્માનો ધર્મ, એ ધર્મમાં એકાગ્ર થઈને જે ધર્મની પર્યાય પ્રગટ થાય એ નિર્મળ પર્યાય છે. એ વીતરાગી દશા છે, એ વીતરાગી દશાથી કર્મનો છેદ થઈ ભવનો અભાવ થઈને મુક્તિ થાય. આહાહા..! ચોર્યાસી લાખના અવતાર, અગ્નિથી બળી રહ્યા છે, સળગી રહ્યા છે. કષાયથી દુઃખી છે. વિષયકષાય દુઃખરૂપ છે. અને જેણે આત્માનું જ્ઞાન કર્યું એ દુઃખથી હઠીને, આનંદમાં એકાગ્ર થઈને, શુદ્ધતાને પ્રગટ કરીને, કર્મનો અભાવ કરીને વિશુદ્ધતાને પામે છે. આ એની રીત અને પદ્ધતિ છે.

સોનાને જેમ ક્ષાર નાખીને ઓપે છે, એમ ભગવાન આત્મામાં નિર્મળ સ્વરૂપ પોતે છે. પણ એ તો શક્તિ અને સ્વભાવરૂપે છે. એને વર્તમાનમાં જ્ઞાનજળ કેવું? કે કષાયના મળરહિત એવું. આહાહા..! એવા જ્ઞાનથી, એમ. એકલી ધારણાના જ્ઞાનથી એમ નહિ એમ કહે છે.

જેના ફળમાં વિષયકષાયના મળથી રહિત એવું જ્ઞાન એનાથી આત્મા શોભે છે, કર્મરહિત થાય છે અને વિશુદ્ધતાને પામે છે. આહાહા..! લ્યો!

'**ભાવાર્થ :- જ્ઞાન આત્મા કા પ્રધાન ગુણ હૈ,...**' ત્યાંથી ઉપાડ્યું છેને? જ્ઞાન આત્માનો મુખ્ય સ્વભાવ છે, ગુણ છે. '**પરંતુ મિથ્યાત્વ વિષયોં સે મલિન હૈ...**' પર્યાયમાં. આહાહા..! જ્ઞાન તો આત્માનો મુખ્ય-પ્રધાન ગુણ છે. પ્રધાન એટલે રાજા ને પ્રધાન એમ અહીં પ્રધાન છે? અહીં પ્રધાન એટલે મુખ્ય. એ જ્ઞાન તે જ આત્મા. એ તો સ્વભાવજ્ઞાન તે આત્મા. એનો જ્ઞાન એ મુખ્ય સ્વભાવ અને મુખ્ય ગુણ છે. એ ગુણની પર્યાયમાં અનાદિથી પર તરફના વિકારીભાવોની એકતારૂપી જે મિથ્યાત્વભાવ અને '**વિષયોં સે મલિન હૈ...**' એ પર તરફના વલણવાળા રાગથી તે મલિન છે. મિથ્યાત્વ અને વિષયો બે લીધાને? વિપરીત માન્યતા એનો અર્થ કે પર તરફના વલણવાળો એકલો વિષય. એવો મલિન પર્યાયમાં છે. ભગવાન આત્મા એ જ્ઞાનગુણ તો ત્રિકાળ મુખ્ય વસ્તુ, પણ એની પર્યાયમાં રાગની એકતારૂપી મિથ્યાત્વ અને એ પર તરફના વલણવાળો જે ભાવ એનાથી તે મલિન છે. સ્વ તરફના વિષયવાળો ભાવ એ તો સમકિત છે. સમજાણું?

મિથ્યાત્વ અને '**વિષયોં સે મલિન હૈ ઈસલિયે મિથ્યાત્વ-વિષયરૂપ મલ કો દૂર કરકે ઈસકી ભાવના કરે...**' કોની? જ્ઞાનસ્વભાવ ધર્મની. આત્માનો જ્ઞાનસ્વભાવ નિત્ય જ્ઞાન જાણવું એવો જે સ્વભાવ એની પર્યાયમાં મિથ્યાત્વ અને વિષયકષાય (હોવાથી) એ પર્યાય મલિન છે. એને અંતરના જ્ઞાનસ્વભાવની દૃષ્ટિએ ભાવના કરે. વિષયકષાયના મિથ્યાત્વ અને પર તરફના વિષયની અને રાગની એકત્વબુદ્ધિ છોડીને સ્વ તરફના વિષયમાં એકાગ્ર થાય એમ કહેવું છે. આહાહા..! આવો ધર્મ. પર તરફના વિષયથી, તે જ્ઞાન આત્માનો મુખ્ય ગુણ હોવા છતાં પર્યાયમાં એ મલિન છે. એને સ્વ તરફનો વિષયનો ભાવ પ્રગટ કરી એ મલિનતાને ટાળી અને આત્મામાં વારંવાર ભાવના કરવી એ સંસારથી છૂટવાનો માર્ગ છે. જેને સંસાર પ્રિય લાગતો હોય એટલે કે જેને પર તરફના વિષયવાળો શુભભાવ જેને પ્રિય લાગતો હોય એ એને કેમ છોડે? એ વ્હાલી ચીજને કેમ મૂકે? પણ કહે છે કે એ પરના વિષયવાળો રાગ એનાથી મલિન છે એવો જો એને ખ્યાલ આવે તો તો એને સ્વભાવની એકાગ્રતાથી ટાળે. પણ મલિન જ છે એમ ન ભાસે, શુભરાગ પોતે મલિન છે, દુઃખરૂપ છે, પર તરફના આશ્રયવાળો, વિષયવાળો એ ભાવ છે, એ સ્વનો ભાવ નથી. એથી દુઃખરૂપ જો એને લાગે તો તેને મળવાળો જાણીને સ્વભાવ જે પ્રધાન જ્ઞાનગુણ છે એના તરફની એકાગ્રતા ભાવના કરીને એને ટાળે. આહાહા..!

ઓલા કહે છે કે તમારા અધ્યાત્મમાં તો એક જ વાત વારંવાર આવે. મખનલાલજી

ફિરોદાબાદવાળા. શું નામ? અમે તો કેટલાય ભિન્ન ભિન્ન... ભઈ, હવે ભિન્ન ભિન્ન કરતા અભિન્ન જ્ઞેયની ભાવના કરને. ભલે એનું એ હોય, પણ વારંવાર એ જ દૃષ્ટિમાં લેવાલાયક છે. આહાહા..! ચૈતન્ય ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ મહા તત્ત્વ છે, મહા સત્ત્વ છે, મહા કસવાળું, કસવાળું એ નિધાન છે. ખાલી નથી એ. આહાહા..! એના ઉપર વારંવાર વળવું અને પરથી હઠવું એ તો વસ્તુની સ્થિતિ છે મોક્ષમાર્ગમાં. એ વારંવાર આવે તો એ જ આવે, બીજું આવે શું? એમ ત્યાં નથી ભાઈ કે બીજાને બહુ સમજાવતા આવડે માટે એનું કલ્યાણ થઈ જશે. કોણ સમજાવે?

મુમુક્ષુ :- થોડું ઘણું તો મળેને.

ઉત્તર :- મળેને. હું બીજાને સમજાવું છું એમ માને તો મિથ્યાત્વ મળે. એવી વાત છે. આહાહા..! પરને સમજાવું છું તો એનું લક્ષ પર ઉપર છે સાંભળનારનું.

મુમુક્ષુ :- ભાવના ... અમે તો અમારો સ્વાધ્યાય કરીએ.

ઉત્તર :- સ્વાધ્યાય કરીએ પણ સ્વાધ્યાય સ્વલક્ષે હોય કે પરલક્ષે? એવી વાત ઝીણી છે. આહાહા..! જેનો સ્વદોષ છૂટે નહિ અને વિકલ્પ આદિ હોય... આહાહા..! સ્વદોષ છૂટે નહિ જેને. સ્વનું ધ્યાનનું ધ્યેય જે છે, ધ્યાનનો ધ્યેય જે છે એ કદી છૂટે નહિ. તો એને વિકલ્પ આદિ વખતે પુણ્ય બાંધે પણ ઓલું લક્ષ છે એટલે આશ્રય કરીને શુદ્ધતા વધે છે. આહાહા..! ઈ વાત છે. પણ જેનું લક્ષ જ હજી પર ઉપર છે, રાગ ઉપર છે, પર્યાય ઉપર છે ત્યાં લક્ષ છે તો થઈ રહ્યું. આહાહા..!

'**ઈસકી ભાવના કરે ઈસકા એકાગ્રતા સે ધ્યાન કરે...**' જુઓ! ભગવાન સ્વરૂપમાં અંતર એકાગ્ર થાય એ બંધના નાશનો ઉપાય છે. આહાહા..! '**અનંત ચતુષ્ટય પ્રાપ્ત કરકે...**' લ્યો! એ વિશુદ્ધની વ્યાખ્યા કરી. કર્મોનો નાશ કરી, વિશુદ્ધ જ્ઞાન.. '**અનંત ચતુષ્ટય પ્રાપ્ત કરકે...**' પર્યાયમાં અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત દર્શન, વીર્ય પ્રાપ્ત કરે. એ શક્તિમાં અનંત ચતુષ્ટય હતા, ગુણરૂપ હતા, સ્વભાવરૂપ હતા એની એકાગ્રતાથી જે શક્તિમાંથી વ્યક્તતા પ્રગટ કરે. એ કાંઈ બહારથી આવે એવી ચીજ નથી. આહાહા..!

સમયસાર-સમયસાર. આ શું છે આ તો? અષ્ટપાહુડ છે. વાત હોય ત્યાં તો આત્માની જ હોય. કહ્યું નહિ? સમભાવના જ વીતરાગના પદો હોય છે. આહાહા..! કઠોરતા વિનાના, મધુર, મીઠાં એ તો પંચાસ્તિકાયમાં આવે છે પહેલી ગાથામાં નહિ? સુમધુર વીતરાગની વાણી. આહાહા..! અને જેના પદોમાં વીતરાગતા વરસે છે. એમાં પણ આવે છે ચાર ગતિના નાશનું નિવારણ. નાશ કહો કે નિવારણ કહો. ચાર ગતિનું નિવારણ કરે છે. એવી વીતરાગની વાણી છે. વાણીમાં, ગતિ મળે એવું વાણીમાં હોય નહિ. આહાહા..! શું એની વાત! કુંદકુંદાચાર્ય

શૈલી. સમયસાર... પણ પંચાસ્તિકાય લે, પ્રવચનસાર લે, ઈષ્ટોપદેશ લે, સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા લે, દ્રવ્યસંગ્રહ લે, ગમે તે લે નહિ. આહાહા..! મુનિઓના વાક્યો અહીંયા એકદમ સંગ્રહ કરીને થોડામાં સમાડી દીધા. બીજા આચાર્યે એનો વિસ્તાર કરીને કહ્યું છે તો એ જ. વિસ્તાર કરીને બહુ જ યુક્તિ આદિથી, દૃષ્ટાંત આદિથી કહ્યું છે તો વીતરાગતા. આહાહા..! સ્વ તરફ...

મુમુક્ષુ :- પરનું ભલું કે દિ' કરે?

ઉત્તર :- કોણ ભલું કરતો હતો? બધાને એ છે કે લોકોનું ભલું કરો, લોકોનું ભલું કરો. પણ ભલાની વ્યાખ્યા શું? એને સુખના સાધન દેવા એ ભલું? ઈ એમ કહે છે એને સાધન આપ્યા. સાધન ઈ છે? પુણ્યને લઈને કાંઈક સંયોગો મળે એનાથી, તો આ કહે કે મેં આપ્યા. અને એ સંયોગો મળે એમાં એ માને કે મને ઠીક છે એ તો મિથ્યાત્વભાવ છે. એ તો દુઃખી થયો. એમાં સુખી ક્યાં થયો? સાધન અનુકૂળ મળ્યા, પૈસા, આબરૂ, અનાજ, સ્ત્રી-કુટુંબ, લૂગડા, મકાન એનાથી મને ઠીક પડે છે એમ માને તો તો મિથ્યાત્વ છે. એ તો દુઃખી થયો. એને સગવડ સાધન મળ્યું માટે સુખી થયો એમ ક્યાં આવ્યું? આહાહા..! પૈસા મળ્યા, બાયડી, છોકરા, કુટુંબ બધું અનુકૂળ એ મળ્યું એ તો વસ્તુ સંયોગ છે. એ સંયોગ મને મળે છે, કર્મનો બધો વેપાર, કર્મના એ બધા પ્રકાર એ મને છે, એ તો મિથ્યાત્વભાવથી દુઃખી થયો. સગવડતાથી સુખી થયો એ ક્યાં છે એમાં? આહાહા..! મારગડા જુદા, ભાઈ! આ કહે કે બીજાને આપણે સુખી કરીએ તો એના આશીર્વાદ મળે. અહીં તો કહે છે કે પણ પરને સગવડતા તું ક્યાં આપી શકે? અને એને સગવડતા પૂર્વના પુણ્યથી મળે તો એથી એ સુખી ક્યાં છે? આહાહા..!

ભલું કરવું એટલે શું? આહાહા..! એનો ઉપદેશ આવે, એમાં એ ઉપદેશથી સમજે અને એ રાગનો અભાવ કરીને સ્વભાવ સન્મુખ જાય તો એનું ભલું થાય. ભલું તો ત્યાં એનાથી થાય છે કે પરથી થાય છે? આહાહા..! ભલું તો એ છે. રોગી છે એને દવા આપો, ભૂખ્યાને અનાજ આપો, તરસ્યાને પાણી, નાગાને કપડા, રહેવાને સ્થાન નહિ એને કાંઈક નાના ઝૂંપડા બનાવીને આપો તો એ સુખી થાય એમ હશે? આખી દુનિયા તો આમ કહે છે બધી. વીતરાગ તો બીજું જ કહે છે આથી. આખી દુનિયાથી જુદું કહે છે. આહાહા..!

ત્યાં તો એમ કહ્યું કે હું બીજાને મોક્ષ કરાવું એ તારો ભાવ મિથ્યા ભ્રમ છે. કેમકે એના વીતરાગભાવ વિના એ મોક્ષ ક્યાંથી કરશે? એના વીતરાગભાવે મોક્ષ થાય અને તું કહે હું એને મોક્ષ કરાવું. આવે છેને બંધ (અધિકારમાં)? હું બીજાને બંધ કરાવું. બાપુ! બીજાને રખડાવી દઉં. એથી રખડશે? એ તો એ રખડવાનો ભાવ કરશે તો રખડશે. આહાહા..!

અહીં કહે છે, '**શુદ્ધાત્મા હોતા હૈ,...**' લ્યો એ વિશુદ્ધની વ્યાખ્યા કરી. જેણે એકાગ્રતારૂપી

ધ્યાન કર્યું. દેખો! ભાવનાસહિત ... ભાવના કરે એટલે ત્યાં એકાગ્રતા સહિત ધ્યાન કરે એમ. ભાવના શબ્દમાં એકલો વિકલ્પ અને ચિંતવના એમ નહિ. અંતર સ્વરૂપની ભાવના એટલે ભાવની ભાવના. એટલે ભાવમાં એકાગ્રતા એ ભાવની ભાવના. આહાહા..! એ '**કર્મરહિત વિશુદ્ધ હોતા હૈ.**' લ્યો! '**એકાગ્રતા સે ધ્યાન કરે...**' '**અનંતચતુષ્ટય પ્રાપ્ત કરકે મુક્ત હોકર શુદ્ધાત્મા હોતા હૈ, યહાં સુવર્ણ કા તો દૃષ્ટાંત હૈ...**' લ્યો! એ તો સોનાનો દાખલો આપ્યો છે. પોતે પોતાને સુધારી શકે છે, બીજાને એ સુધારી શકતો નથી.

મુમુક્ષુ :- બીજાને શીખવાડવા જાશે તો પ્રભાવના તો થાયને.

ઉત્તર :- પ્રભાવના ક્યાં થાતી હતી? એનો શુભ વિકલ્પ હોય એને વ્યવહાર પ્રભાવના કહેવાય. એ પામે એમાં એની સાથે શું સંબંધ છે? પરદ્રવ્યની પર્યાય કેમ થાય એની સાથે શું છે? આહાહા..! વિકલ્પ હોય. પોતાની પ્રભાવના કરી છે, પછી એને શુભવિકલ્પ હોય એને વ્યવહાર પ્રભાવના કહેવાય. એનાથી બીજાઓ સમજ્યા તો પ્રભાવના .. થયો એવું કાંઈ છે નહિ. આહાહા..! બીજાને પ્રભાવ પડે. કોઈને પ્રભાવ પડે નહિ, અહીં પ્રભાવ કેમ પડ્યો? કરણી અને કથનીમાં ફેર પડી ગયો. એઈ..! પોતે કહે કોઈનો પ્રભાવ પડે નહિ. તો આ ૨૫-૨૫ હજાર માણસ નાના ગામમાં પ્રભાવ નથી આ? એમ કહે છે. એ પ્રભાવ તો એની યોગ્યતાથી આવ્યા છે. પ્રભાવ પડ્યો તો આખી દુનિયા કેમ નથી આવતી? એવી પોતાની યોગ્યતાવાળા જીવ છે એ આવે છે. એમાં પ્રભાવ પડ્યો ક્યાં થયો? આકરી વાત છે. પ્રભાવ એટલે શું? કોઈ ત્યાં પર્યાય જાય છે અહીંની? આહાહા..! શેનો પ્રભાવ?

સાગરમાં એક પ્રશ્ન થયો હતો નહિ રાતે? પંડિતો સાથે દામોદર પંડિત. પ્રભાવ પડે છે, પ્રભાવ પડે છે. નહિ? ... તમે હતા. સાગર-સાગર. હતા તમે? પહેલા વહેલા રાતે દામોદર.. પંડિત-પંડિત. એની સાથે થઈ હતી. પ્રભાવ એટલે શું? એ પ્રશ્ન થયો હતો. રાતે ચર્ચાણો. પ્રભાવ એટલે કોઈ અહીંની પર્યાય ત્યાં જાય છે? એની પર્યાય અહીં આવે છે? પ્રભાવની વ્યાખ્યા શું? એ પ્રશ્ન થયો હતો. દામોદર પંડિત છે. રામજીભાઈને કહ્યું હતું. રામજીભાઈએ .. કર્યો હતો. પ્રભાવ એટલે શું? ખબર છે. સાગર તો એક જ વાર ગયા છેને. એક જ વાર ગયા. શેઠની મેડીએ ઉતર્યા હતા. ભગવાનદાસની મેડીએ. આનો અહીં પ્રભાવ પડ્યો એટલે શું? એની વ્યાખ્યા શું? શબ્દ છે એનું વાચ્ય શું? આની પર્યાયે ત્યાં કાંઈ અસર કરી?

મુમુક્ષુ :- એ તો અસર પડે.

ઉત્તર :- અસર શેનો પણ અસર? અસરની વ્યાખ્યા શું? એના પર્યાયને કાંઈ ફેરવી? અસર-ફસર શું થાય? આહાહા..! કહે છેને. ભાઈ! મારગડા એવા છે. એક દ્રવ્યની પર્યાય

બીજા દ્રવ્યને શું કરે? અને સંક્રમ્યા વિના... એ તો ૧૦૩મી ગાથા છે મોટી. કોઈપણ દ્રવ્ય પોતાની પર્યાયને પરમાં ફેરવ્યા વિના પરનું કરે શી રીતે? પરમાં તો કાંઈ સંક્રમણ થાતું નથી. પોતામાં પર્યાય રહે છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કાંઈ પડતો નથી. આકર્ષણ એને ક્યાં? આકર્ષણની વ્યાખ્યા શું? એ તો ... છે. આહાહા..! એવી વાતું છે.

મુમુક્ષુ :- સાહેબ! મૈસુરમાં વાઘ પણ શાંત થઈ ગયો.

ઉત્તર :- એ તો બધા એના.. એ બધા નબળા હતા બિચારા. એણે તો મારી સામું જોયું નહોતું. એક માણસ ઊભો હતો એનો. વાઘ તો ખરોને. વાઘ હતો. ઊભો હતો એટલે હાથ આમ રાખ્યો. મેં આમ હાથ મૂક્યો હતો. મોઢું ઓલીકોર રાખ્યું હતું વાઘે. હં.. એમ કર્યું. આહાહા..! કોને કરે? કોણ કરે? ફોટો પાડી લીધો. વાઘ હતો મોટો સાચો. ફોટો હતો. પહેલા ગયા હશે. જોયો હતો ... પછી આવ્યો. બહાર નીકળ્યા તો એ કહે, મહારાજ! પાછા આવો. શું છે? કે વાઘની ઉપર હાથ મૂકો, ફોટો પાડવો છે. ચાલો, કીધું. વાઘ આવ્યો, બેઠો આમ પછી. ચિત્તો બેસેને જેમ એમ બે પગ આમ રાખીને. એક માણસ હતો. મેં હાથ મૂક્યો આમ. ફોટો પાડી લીધો. છૂટો વાઘ. એમાં શું? એ જાતની ... આને લઈને ત્યાં થાય (એમ છે નહિ). આહાહા..! ભગવાનનો અતિશય લાગુ પડ્યો. બધી વાતું છે. એવી વાતું છે ભાઈ! આહાહા..! તું તારામાં સમા એ સિવાય બીજો કોઈ ઉપાય નથી. બીજાને સમજાવી દઈએ, બીજાને આમ કરી દઈએ. આહાહા..! શુદ્ધાત્મા હોતા હૈ લ્યો! એ નવ (થઈ).

૧૦મી. '**આગે કહતે હૈં કિ જો જ્ઞાન પાકર વિષયાસક્ત હોતા હૈ વહ જ્ઞાન કા દોષ નહીં હૈ, કુપુરુષ કા દોષ હૈ :–**' આહાહા..! એણે એમ કહ્યું (કે) આ તો જાણપણું થયું ઘણું માટે ઘણામાં રંજાયમાન થઈ જાય. એમ નથી. જ્ઞાનનો દોષ નથી. જ્ઞાન તો જાણવાનું કામ કરે છે, પણ કુપુરુષને ગર્વ થઈ ગયો છે કે હું જ્ઞાની છું, હું આમ છું, અમારે હવે વિષયમાં શું વાંધો છે? એ પાઠ લેવો છેને. ગર્વ લેવો છેને.

**णाणस्स णत्थि दोसो कुप्पुरिसाणं वि मंदबुद्धीणं।**
**जे णाणगव्विदा होऊणं विसएसु रज्जंति।।१०।।**

એમ કહેવું છે કે ઉઘાડ જ્ઞાન છે એનો અહીં દોષ નથી. જ્ઞાન ઉઘાડ થયો વિશેષ ભલે, એનો દોષ નથી, પણ '**कुप्पुरिसाणं**' કાયર અજ્ઞાનીઓનો પુરુષાર્થ ઊંધો '**मंदबुद्धीणं णाणगव्विदा होऊणं**' જ્ઞાનમાં ગર્વ કર્યો છે એણે. અમને જ્ઞાન છે, અમારે વિષયમાં શું

વાંધો છે? જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ છે. મરી જઈશ.

'**અર્થ :- જો પુરુષ જ્ઞાનગર્વિત હોકર...**' જોયું! '**णाणगव्विदा**' જ્ઞાનના જાણપણાનું અભિમાન થઈ ગયું એને. એટલો ઉઘાડ.. એટલો ઉઘાડ... આહાહા..! અગિયાર અંગ અને નવ પૂર્વનો ઉઘાડ. અહીંયા તો દસ પૂર્વ સુધી લીધું નહિ? ઓલામાં દસ પૂર્વ ગણ્યા છે. ૧૩મી ગાથામાં. દસ પૂર્વ નાખ્યા. શ્વેતાંબરમાં આવે છે કે દસ પૂર્વ તો સમકિતીને જ હોય. પણ અહીં નાખ્યું. છેને કેટલામી ગાથા નહિ? ૩૦-૩૦. દસ પૂર્વ. '**तो सो सच्चइपुत्तो दसपुव्वीओ**' જ્ઞાન દસ પૂર્વનું, છતાં વિષયનો લોલુપી. આહાહા..! વિષયના રસનો રસિક મરીને નરકે ગયો. ... આહાહા..!

મુમુક્ષુ :- .. પાછો પડી ગયો.

ઉત્તર :- .. જાણપણું હતુંને. જાણપણું ભલે હોય એમ કહે છે. અહીં તો '**दसपुव्वीओ वि किं गदो णरयं**' એમ છે. '**દસ પૂર્વ કો જાનનેવાલા રુદ્ર નરકકો ક્યોં ગયા?**' એ વળી જુદું. મુનિ નહિ પણ આ જાણપણાની એકલી. '**મુનિપદસે ભ્રષ્ટ હોકર કુશીલ સેવન કિયા...**' એકલું જ્ઞાન. મુનિપદ એટલે ભાવલિંગ નહિ. જ્ઞાનમાં વધી ગયેલા દ્રવ્યલિંગ ધારણ કર્યું એટલું.

અહીંયા તો જ્ઞાન એને કહીએ કે જે જ્ઞાન સાથે શીલ હોય. પાંચેય ઇન્દ્રિયના વિષયોના સર્વ દ્રવ્ય પ્રત્યેના સંસર્ગમાં દુઃખ છે એવી જેની દૃષ્ટિ થઈ હોય. પરદ્રવ્યના સંસર્ગમાં કોઈ દ્રવ્ય, કોઈપણ દ્રવ્ય એમાં દુઃખ છે એવી વિરક્ત દશા જેને થઈ દૃષ્ટિમાં. એમ કહે છે. એ થયું નથી અને એકલા જ્ઞાનના જાણપણાના અભિમાનમાં, અમને આ આવડે છે, અમે આ જાણીએ છીએ, એમ અભિમાનમાં ને અભિમાનમાં જિંદગી વઈ જાય, સ્વરૂપનું સાધન કરે નહિ એને માટે વાત છે. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે, '**જો પુરુષ જ્ઞાનગર્વિત હોકર...**' ભાષા એમ છેને. '**णाणगव्विदा**' જ્ઞાન તો છે, ઉઘાડ તો છે, પણ એને ગર્વ થઈ જાય છે. કેટલું જાણપણું અમને જુઓ! હજારોમાં નથી એવું મારું જ્ઞાન છે. તારું જ્ઞાન શું? તું વિષયમાં લોલુપી થઈ ગયો એ તારું જ્ઞાન ક્યાં રહ્યું? આહાહા..! જેને અંદર પાંચ ઇન્દ્રિયના વિષય તરફનો રસ ચડ્યો છે રસ, રાજીપો. જ્ઞાન ક્યાં રહ્યું તારું? આહાહા..! ઉઘાડનું જ્ઞાન છે એકલું એમ કહે છે. શ્રાવકને સમ્યગ્દર્શન છે, જ્ઞાન છે, છતાં વિષયની આસક્તિ છે એ જુદી ચીજ છે. રસ નથી, રસ નથી, પણ નબળાઈને લઈને એમાં એવો ભાવ આવે છે. આગળ કહેશે વિમોહ.. વિષયમાં વિમોહ.. છતાં જે સમ્યગ્દર્શન અને ભાન છે એને તો એ માર્ગને પામેલા છે. એને વિષયનો રસ નથી, છતાં વિમોહિત છે, આસક્તિ છે એ ચારિત્રદોષ છે. અહીં તો હજી મિથ્યાત્વનો દોષ છે.

જેને સ્વદ્રવ્યના સ્વભાવ સિવાય પરદ્રવ્યના સંસર્ગની વૃત્તિમાં જેને સુખબુદ્ધિ લાગે એ તો મિથ્યાત્વભાવ છે. એમ કહે છે.

એ '**જ્ઞાનમદ સે વિષયોં મેં રંજિત હોતે હૈં...**' જોયુંને! પાઠ એ છેને? '**विसएसु रज्जंति**' આહાહા..! એ રાગમાં રંગાઈ જાય છે. ચૈતન્યનો રંગ એને નથી. આહાહા..! જેને ચૈતન્યના રંગ છે એ રાગમાં રંગાતો નથી. આસક્તિ છે પણ રંગાતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? અને જે રાગમાં રંગાણો છે એનું જ્ઞાન જ મેલું છે. કહે છે પણ એ જ્ઞાનનો દોષ નથી એમ કહે છે. ઉઘાડ થયો એનો દોષ નથી. મંદબુદ્ધિ, વિષયના આસક્તનો રસ ચડ્યો છે એનો એ દોષ છે. આહાહા..! એમ કે વધારે ઉઘાડ થયો માટે આવું થયું? ના. વધારે ઉઘાડ થયો તો કેવળજ્ઞાન થશે. એ કાપુરુષ, કાયર પુરુષ છે, મંદ પુરુષ છે, મંદબુદ્ધિ છે. ઉઘાડ હોવા છતાં એ મંદ બુદ્ધિ છે એમ કીધુંને? એની બુદ્ધિ વિષયના રસમાં લેપાઈ ગઈ છે. આહાહા..! એ મંદ બુદ્ધિ છે.

'**જો પુરુષ જ્ઞાનગર્વિત હોકર જ્ઞાનમદ સે...**' જ્ઞાનના મદથી '**વિષયોં મેં રંજિત હોતે હૈ...**' એમ કહ્યું. આહાહા..! '**સો યહ જ્ઞાન કા દોષ નહીં હૈ...**' એ ઉઘાડનો દોષ નથી. કાપુરુષનો દોષ છે. કાપુરુષ એનો દોષ છે. સિદ્ધાંત આ સિદ્ધ કરવો છે. ઉઘાડ થયો છે એ દોષ નથી. એ તો કહ્યુંને ઓલામાં? જ્ઞાનનો અભાવ છે એ બંધનું કારણ નથી અને ઉઘાડ છે એ બંધનું કારણ નથી. આવે છેને. વાત બરાબર છે. એ કંઈ બંધનું કારણ છે? જ્ઞાન નથી એ બંધનું કારણ નથી અને જ્ઞાનનો ઉઘાડ છે એ બંધનું કારણ નથી. બંધનું કારણ મિથ્યાશ્રદ્ધા અને મિથ્યાદષ્ટિપણું તે છે બંધનું કારણ. વિષયમાં રસ આવે છે એવો મિથ્યાત્વભાવ બંધનું કારણ, એ તો કાપુપુરુષનું કામ છે. એ જ્ઞાનનું કાર્ય નથી. આહાહા..! ઉઘાડ જ્ઞાનને રાખી અને જેની મંદ બુદ્ધિ છે અને વિષયના રસમાં રંગાઈ જાય છે એ જીવનો દોષ છે, એ કાયરપુરુષનો દોષ છે, જ્ઞાનનો દોષ નથી એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? એ જ્ઞાન પણ છે વિપરીત ભલે. એમ. એ દોષ કુપુરુષનો છે એમ કહેવું છે. ... ઉઘાડ છેને, વિકાસ છેને એટલો. હોવા છતાં એનો એ દોષ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. નહિ. જ્ઞાની એને કહીએ અને એ જ્ઞાન હોય તો તો વિષયમાં રસ થાય જ નહિ. એને શ્રદ્ધાની ખબર નથી. એટલો પરમાં આસક્ત થઈ ગયો, રક્ત થઈ ગયો. એટલે એને જ્ઞાનમાં સ્વવિષય આવ્યો નથી. ફક્ત ઉઘાડ છે એટલી વાત અહીં છે. છતાં એ ઉઘાડનો એ દોષ નથી એમ કહેવું છે. જે જ્ઞાન સ્વ વિષયવાળું હોય એ જ્ઞાન તો દોષવાળું હોય નહિ, પણ એને તો કુપુરુષને એ હોઈ શકે નહિ. વિષયની વિરક્તતા એને હોઈ શકે

નહિ. જેને સ્વ વલણવાળું જ્ઞાન છે એને તો વિષયની રક્તતા હોય શકે નહિ અને જે જ્ઞાનનો વિકાસ છે એટલું ભલે એ જ્ઞાન સમ્યક્ એનો પ્રશ્ન નથી. આ તો જ્ઞાન ઉઘડ્યું છે, વિકાસ છે એનો દોષ નથી. વિષયમાં રસ થાય છે એવી કુબુદ્ધિનો એ દોષ છે. આહાહા..! ઉઘાડ તો ઉઘાડ, ઉઘાડ હોય તો શું છે? આહાહા..! ...

'**જ્ઞાનગર્વિત હોકર જ્ઞાનમદ સે વિષયોં મેં રંજિત હોતે હૈં સો યહ જ્ઞાન કા દોષ નહીં હૈ...**' જોકે આ જ્ઞાન સમ્યક્ નથી, પણ અહીં તો ઉઘાડ છે એનો દોષ નથી એટલું કહેવું છે. '**વે મંદબુદ્ધિ કુપુરુષ હૈં, ઉનકા દોષ હૈ.**' જેની બુદ્ધિ ભ્રમ છે. વિષયમાં આસક્ત રક્તમાં પ્રેમ છે. એ અજ્ઞાનીનો પોતાના મિથ્યાત્વના દોષ છે. એ કુપુરુષનો દોષ છે, જ્ઞાનનો દોષ નથી કહે છે. આહાહા..! છેલ્લા અધિકારમાં કેટલી વાત કરે છે! કોઈ માની બેસે ... આહાહા..!

'**ભાવાર્થ :- કોઈ જાને કિ જ્ઞાન સે બહુત પદાર્થોં કો જાને તબ વિષયોં મેં રંજાયમાન હોતા હૈ સો યહ જ્ઞાન કા દોષ હૈ,...**' અહીંયા આચાર્ય કહે છે, એક કોઈ કહે એમ હોં! '**કોઈ જાને કે જ્ઞાન સે બહુત પદાર્થ કો જાને તબ વિષયોં મેં રંજાયમાન હોતા હૈ સો યહ જ્ઞાન કા દોષ હૈ,...**' એમ કોઈ કહે એમ કહે છે. '**આચાર્ય કહતે હૈં કિ ઐસે મત જાનો,...**' આહાહા..! '**જ્ઞાન પ્રાપ્ત કરકે વિષયોં મેં રંજાયમાન હોતા હૈ સો યહ જ્ઞાન કા દોષ નહીં હૈ,...**' આહાહા..! '**યહ પુરુષ મંદબુદ્ધિ હૈ...**' આહાહા..! એને આત્માના આનંદનો રસ આવ્યો નથી અને તેને વિષયનો રસ છૂટતો નથી. એવા મંદબુદ્ધિનું એ કામ છે. આહાહા..!

'**ઐસે મત જાનો, જ્ઞાન પ્રાપ્ત કરકે વિષયોં મેં રંજાયમાન હોતા હૈ સો યહ જ્ઞાન કા દોષ નહીં હૈ,...**' એ મંદબુદ્ધિનો દોષ છે. આહાહા..! '**ઔર કુપુરુષ હૈ ઉસકા દોષ હૈ,...**' એ તો કુપુરુષનો પોતાની પર્યાયનો દોષ છે, ઉઘાડને કારણે નથી. '**પુરુષ કા હોનહાર ખોટા હોતા હૈ...**' આહાહા..! નાખે છે. '**તબ બુદ્ધિ બિગડ જાતી હૈ...**' આહાહા..! એટલો ઉઘાડ હોવા છતાં બુદ્ધિ ખોટી થઈ જાય છે. '**ફિર જ્ઞાન કો પ્રાપ્ત કર ઉસકે મદ મેં મસ્ત હો વિષયકષાયોં મેં આસક્ત હો જાતા હૈ...**' આહાહા..! માનમાં, મોટપમાં, વિષયમાં જ માન અને મોટપમાં. માન, મોટપ ને મોભો. આહાહા..! '**ઉસકે મદ મેં મસ્ત હો વિષયકષાયોં મેં આસક્ત હો જાતા હૈ તો યહ દોષ-અપરાધ પુરુષ કા હૈ, જ્ઞાન કા નહીં હૈ. જ્ઞાન કા કાર્ય તો વસ્તુ કો જૈસી હો વૈસી બતા દેના હી હૈ,...**' જ્ઞાનનું કાર્ય તો એ છે. '**પીછે પ્રવર્તના તો પુરુષ કા કાર્ય હૈ.**' પ્રવર્તવું કેમ એ તો એનું કામ છે, એ જ્ઞાનનું કામ નથી. જ્ઞાન તો જાણે છે.

જેમ છે એમ જણાવે છે. આહાહા..! **'જ્ઞાન કા કાર્ય તો વસ્તુ કો જૈસી હો વૈસી બતા દેના હી હૈ, પીછે પ્રવર્તના...'** પરમાં મીઠાશ કરવી એ કોઈ જ્ઞાનનું કાર્ય નથી. આહાહા..! રાગમાં મીઠાશ લેવી એ કોઈ જ્ઞાનનું કાર્ય નથી. જ્ઞાન તો જણાવે છે જેમ છે એમ. આહાહા..! પણ રાગ મીઠો લાગે એ જ્ઞાનનું કાર્ય નથી, એ કુપુરુષની પર્યાયનું કામ છે. આહાહા..! શીલપાહુડ છેને, આ શીલપાહુડ છે. સીલ માર્યું છે.

જેને આત્માનું જ્ઞાન થાય એને તો શીલ સાથે હોય જ. કષાયનો રસ હોય જ નહિ એમ કહે છે. એવું શીલ છે. આહાહા..! આખી દુનિયાનો રસ જેને ઉઠી ગયો છે. આહાહા..! ભગવાન આત્માના આનંદના રસ આગળ જ્ઞાનમાં પરનો રસ ફિક્કો પડી ગયો છે. આહાહા..! જીભમાંથી રસ ઉડી જાયને પછી કોઈ ચીજ રસવાળી, સ્વાદવાળી લાગે જ નહિ. જીભમાંથી રસ ઉડી જાય પછી સ્વાદ લાગે જ નહિ. એમ જેને દૃષ્ટિમાંથી પરનો સ્વાદ ઉઠી ગયો છે અને પોતાનો જ્યાં સ્વાદ આવ્યો છે... આહાહા..! એને કોઈ વસ્તુમાં સ્વાદ બહારમાં આવતો નથી. યશકીર્તિ હો, યશકીર્તિ હો. **'પુરુષ કા કાર્ય હૈ, ઈસપ્રકાર જાનના ચાહિયે.'** લ્યો! એ જ્ઞાનનો દોષ છે નહિ પણ એની ઊંધી બુદ્ધિનો... ઊંધી બુદ્ધિ અને મિથ્યા પ્રવૃત્તિ એનો દોષ છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ વદ ૭, શુક્રવાર તા. ૧૨-૦૭-૧૯૭૪**
**ગાથા - ૧૧ થી ૧૩, પ્રવચન - ૧૯૮**

૧૧. ૧૦ ચાલી છે. **'આગે કહતે હૈં કિ પુરુષ કો ઈસપ્રકાર નિર્વાણ હોતા હૈ'**

णाणेण दंसणेण य तेवेण चरिएण सम्मसहिएण।
होहदि परिणिव्वाणं जीवाण चरित्तसुद्धाणं।।११।।

**'અર્થ :- જ્ઞાન દર્શન તપ ઈનકા સમ્યક્ત્વ ભાવસહિત...'** સમ્યક્ત્વસહિત એમ છેને છેલ્લો શબ્દ? જેને સ્વનો આશ્રય થયો છે એવા સમ્યગ્દૃષ્ટિને જ્ઞાન, દર્શન, તપ એ

સમકિતભાવ સહિત આચરણ હો એ તપ શીલ છે. એ શીલનો પરિવાર છે. '**તબ ચારિત્ર સે...**' પછી પણ ચારિત્રથી એટલે રમણતાથી '**શુદ્ધ જીવોં કો નિર્વાણકી પ્રાપ્તિ હોતી હૈ.**' શુદ્ધ જીવોં કો... જેને શુદ્ધ સ્વરૂપ પવિત્ર એની દૃષ્ટિ થઈ છે, એનું જ્ઞાન છે, એની રમણતા છે અને તપ છે એવા જીવની મુક્તિ હોય છે. વ્યવહાર હોય છે આવો, તો મુક્તિ હોય એમ નહિ. વ્યવહાર હોય છે વચમાં, પણ એ તો બંધનું કારણ છે. ચૈતન્યવસ્તુને ... આ તો બધા અંતરના વિચાર .. સમ્યગ્દર્શન સહિત જ્ઞાન, દર્શન એ ઉપયોગ છે. તપસ્યા અને ચારિત્ર એ સમકિત સહિત. આહાહા..! એ નિર્વાણની પ્રાપ્તિ હોય છે.

'**ભાવાર્થ :- સમ્યક્ત્વ સહિત...**' જુઓ! ખુલાસો. મૂળ તો પાઠ જ છેને '**सम्यक्त्वसहितेन**'. સમ્યગ્દર્શન એ તો મુખ્ય ચીજ છે. સ્વરૂપ પૂર્ણ આનંદ, પૂર્ણ સ્વરૂપ એનું જેને દર્શન છે, શ્રદ્ધા છે, પ્રતીત છે એવા સમકિતસહિત જ્ઞાન, દર્શન, તપ અને ચારિત્ર એ સહિત આટલું શીલ હોય તો એને મુક્તિ થાય છે. '**તબ ચારિત્ર શુદ્ધ હોકર રાગ-દ્વેષભાવ મિટ જાવે તબ નિર્વાણ હોતા હૈ, યહ માર્ગ હૈ. (તપ=શુદ્ધોપયોગરૂપ મુનિપના, યહ હો તો ૨૨ પ્રકાર વ્યવહાર ભેદ હૈં.)**' બાર પ્રકાર જોઈએ તપની સાથે. ૨૨ છેને? ૧૨-૧૨ તપ. '**(તપ=શુદ્ધોપયોગરૂપ મુનિપના, યહ હો તો ૨૨ પ્રકાર વ્યવહાર ભેદ હૈં.)**' એમ કહ્યું છે. તપ-તપની વ્યાખ્યા. સહિત એટલે તપ છેને મૂળમાં તો. બાર. એ વ્યવહાર. નિશ્ચય તો આત્માનો શુદ્ધ ઉપયોગ એ તપ છે. આત્માનું સ્વરૂપ જ, શુભ ઉપયોગ એનું સ્વરૂપ જ નથી. અલિંગગ્રહણમાં કહ્યું છેને. શુભ ઉપયોગ એ સ્વરૂપ જ એનું નથી. સૂરજમાં જેમ મેલ નથી એમ આત્મામાં શુભ ઉપયોગરૂપી મેલ જ નથી એમ કહે છે. આવી વાત છે.

મુમુક્ષુ :- શુભ ઉપયોગને મેલ કહ્યો છે.

ઉત્તર :- મેલ છે એ. સૂરજમાં, દાખલો આપ્યો નહિ ઉપરાગનો? નહિ? સૂરજમાં ઉપરાગ છે, મેલ છે એ સૂરજનું સ્વરૂપ નથી, જેમ સૂરજમાં ઉપરાગ નથી એમ આત્મામાં શુભ ઉપયોગ રાગ નથી એમ કહે છે. માર્ગ વીતરાગ છે આ. એ શુદ્ધ ઉપયોગ સ્વભાવી આત્મા છે. શુદ્ધ ઉપયોગ સ્વભાવી જ આત્મા છે. એની દૃષ્ટિ સહિત જ્ઞાનનું આરાધન કરવું શુદ્ધ ઉપયોગનું એ મોક્ષનું કારણ છે.

'**આગે ઈસી કો શીલ કી મુખ્યતા દ્વારા નિયમ સે નિર્વાણ કહતે હૈં :-**'

सीलं रक्खंताणं दंसणसुद्धाणं दिढचरित्ताणं।
अत्थि धुवं णिव्वाणं विसएसु विरत्तचित्ताणं।।१२।।

એ '**विसएसु**' શબ્દ ઘણી વાર આવે છે. ૪૦ ગાથામાં ૨૩ વાર આવે છે.

'**અર્થ :- જિન પુરુષોં કા ચિત્ત વિષયોં સે વિરક્ત હૈ,...**' એનો અર્થ એ કે

જેનું ચિત્ત પરદ્રવ્યથી વિરક્ત છે એમ કહેવું છે. પરદ્રવ્યના ગ્રાહકથી જેનું ચિત્ત વિરક્ત છે એ સ્વદ્રવ્યને ગ્રહણ કરે છે. એ વાત છે. માર્ગ ઝીણો છે બહુ. જે પુરુષનું ચિત્ત પરદ્રવ્યના વિષયનું વલણ એના તરફથી વિરક્ત છે એમ કહેવું છે. સ્વદ્રવ્યના આશ્રય સિવાય અનંત પરદ્રવ્ય છે એનો જેને આશ્રય વિરક્ત છે, આશ્રયથી વિરક્ત છે. આસક્તિ ભલે હો. પણ પરદ્રવ્યથી મને લાભ થશે, ચાહે તો દેવ, ગુરુ અને શાસ્ત્ર હો (એનાથી મને લાભ થશે એનાથી વિરક્ત છે).

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પૈસા તો ક્યાંય રહી ગયા ધૂળ. એય..! ક્યાં ગયા ગગિરધરભાઈ? એને વાપરવું છેને. આહાહા..! કહે છે કે પૈસાથી થાય કે નહિ? એમ કહે છે. પૈસાથી થાય તો પૈસા ભેગા કરે. લઈને આવ્યા હતા. બાપુ! એ તો શુભભાવ હોય તો પૈસાની અંદર મમતા ઘટાડવા માટે. એ શુભભાવ છે એ પુણ્ય છે. કારણ કે પરદ્રવ્ય તરફના વલણવાળી વૃત્તિ છેને ઈ? અહીં તો પરદ્રવ્ય તરફનું આખું વલણ જેને વિષય નામ પરદ્રવ્યનો વિષય છૂટી ગયો. અસ્થિરતા ભલે હો. એ કહેશે પછી ૧૩મીમાં. પણ સ્વદ્રવ્યનો જેને આશ્રય અને ધ્યેય (છે), જેની દૃષ્ટિમાં અને જ્ઞાનમાં સ્વદ્રવ્યનું ધ્યેય છે એથી એને પરદ્રવ્યની એકતા, રાગની એકતા કે પરદ્રવ્યથી લાભ થાશે એ વિષયથી વિરક્ત થઈ ગયો છે. આહાહા..!

'**જિન પુરુષોં કે ચિત્ત વિષયોં સે વિરક્ત હૈ,...**' છેલ્લા શબ્દનો ખુલાસો. '**विसएसु विरत्तचित्ताणं**' '**શીલ કી રક્ષા કરતે હૈં,...**' એ સ્વસ્વભાવની દૃષ્ટિ અને અનંતાનુબંધીનો અભાવ એવું જે પોતાનું શીલ એની એ રક્ષા કરે છે. એવો પોતાનો બ્રહ્મસ્વભાવ એની જેને રક્ષા છે એને શીલવંત કહેવામાં આવે છે. આહાહા..! '**દર્શન સે શુદ્ધ હૈં...**' વિષયથી વિરક્ત છે તો આ બાજુથી લીધું. હવે અહીં કહે છે, '**દર્શન સે શુદ્ધ હૈં...**' સ્વદ્રવ્યની દૃષ્ટિથી શુદ્ધ છે. સ્વદ્રવ્યનો જ જેને આશ્રય છે, સ્વદ્રવ્યનું જ જેને ધ્યેય છે. એ આગળ કહેશે ઈષ્ટદર્શન. ધર્મીને ઈષ્ટદર્શન તો સ્વનું જ છે. પ્રિય એ છે. 'આમાં સદા પ્રીતિવંત બન' આવે છેને? નિર્જરા અધિકારમાં આવે છે. 'આમાં સદા પ્રીતિવંત બન, આમાં સદા સંતુષ્ટ ને,...' આમાં સદા તૃપ્તિ તને (સુખ ઉત્તમ) થશે.

'**દર્શન સે શુદ્ધ હૈં...**' આ મૂળ ચીજ છે. જેનું સ્વચૈતન્ય વસ્તુ એની પ્રતીતથી શુદ્ધ છે. આ ચોથાથી વાત છે. એ ન કહ્યું ચોથે? નારકી જીવને શીલ છે. નારકીને શીલ છે એનો અર્થ શું થયો? વ્યવહાર સમકિત થયું? એઈ..! વીતરાગભાવ છે. એ તો વીતરાગભાવ છે. ભાઈ! તને ખબર નથી. સ્વદ્રવ્ય જે વીતરાગમૂર્તિ પ્રભુ એને ધ્યેય બનાવીને જે પર્યાય પ્રગટ થાય એ વીતરાગી પર્યાય હોય છે. ચોથે ગુણસ્થાને. સમ્યગ્દર્શન વીતરાગી દશા છે.

આહાહા..! સમજાણું કાંઈ? '**ઔર જિનકા ચારિત્ર દૃઢ હૈ...**' વિશેષ લેવું છેને હવે? એનાથી સહિત ચારિત્ર જેનું સ્વરૂપમાં રમણતા જેની દૃઢ છે. આનંદસ્વરૂપ ભગવાન એનો અનુભવ અને પ્રતીતિ થઈ એની રમણતામાં દૃઢ છે. આહાહા..! મહાવ્રતના પરિણામ ને એ અહીં લીધા નથી. એ તો આસ્રવ છે. વસ્તુ ભગવાન પૂર્ણ સ્વરૂપ એના પ્રતીત સહિતમાં એની રમણતા દૃઢ છે. મોક્ષ લેવો છેને! '**ઐસે પુરુષોં કો ધ્રુવ અર્થાત્ નિશ્ચય સે-નિયમ સે નિર્વાણ હોતા હૈ.**' અરે..! પણ તમે પાંચમા આરાના સાધુ, તમારે નિર્વાણ નથી અને જગતને નિર્વાણની વાત કરો છો, આ શું?

મુમુક્ષુ :- સમ્યગ્દર્શન એ નિર્વાણ જ છે.

ઉત્તર :- નિર્વાણ જ છે, સાંભળને! દૃષ્ટિએ જો વસ્તુને જાણી તો વસ્તુ તો મુક્ત છે. તો દૃષ્ટિ અપેક્ષાએ વસ્તુ મુક્ત તો થઈ ગયો. હવે જેટલો રાગથી રહિત થાય છે એટલી પર્યાયમાં મુક્તિ છે. આહાહા..! આહાહા..! ત્રિકાળ મુક્તસ્વરૂપ છે આત્મા એની અંતર એને ધ્યેય નામ ધ્યાનનો વિષય બનાવી, જ્ઞેય નામ જ્ઞાનનો વિષય બનાવી એની જેને અંતર પ્રતીતિ નિર્વિકલ્પ થઈ છે, એનું જે ચારિત્ર છે દૃઢ શીલમાં, એની મુક્તિ થાય છે કહે છે. વાત તો આમ છે. મોક્ષ જ છે, પણ આ પાંચમા આરાના સાધુ આ વાત કરે. નિર્વાણ નથી માટે અત્યારે શુભ ઉપયોગ હોય. મોક્ષ જ છે. મિથ્યાભ્રાંતિ અને અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનીય, પ્રત્યાખ્યાનીય નથી. એટલી પર્યાયમાં મુક્તિ છે. વસ્તુ તો મુક્ત છે એ દૃષ્ટિ તો થઈ, પણ જેટલો રાગથી છૂટ્યો સ્વભાવને આશ્રયે, એટલી તો પર્યાયમાં મુક્તિ છે. આહા..! '**નિશ્ચય સે-નિયમ સે...**' એ ધ્રુવનો અર્થ કર્યો. નિશ્ચયથી ધ્રુવ—નક્કી તે નિર્વાણને પ્રાપ્ત થાય છે એમ કહે છે.

'**ભાવાર્થ :- વિષયોં સે વિરક્ત હોના હી શીલ કી રક્ષા હૈ,...**' લ્યો ઠીક! પર તરફના સંસર્ગની રુચિથી વિરક્ત થવું એ જ શીલની રક્ષા છે. પરદ્રવ્યના સંસર્ગમાં આવવું એ અશીલભાવ છે. આહાહા..! '**ઈસપ્રકાર સે જો શીલ કી રક્ષા કરતે હૈં,...**' ઈસપ્રકારસે. વિષય શબ્દે પરદ્રવ્ય. પછી વિષય .. એવું કાંઈ નહિ. સ્વવિષય દ્રવ્ય દૃષ્ટિનો વિષય, પરદ્રવ્ય રાગનો વિષય છે. ચાહે તો ગમે તે હો. એટલે પરદ્રવ્યની વિષયથી જેની એના લક્ષમાં લાભ છે એ દૃષ્ટિ છૂટી ગઈ છે. પરદ્રવ્યના લક્ષે લાભ છે એ દૃષ્ટિ છૂટી ગઈ છે. એ જ વિષયથી વિરક્ત થવું એ શીલની રક્ષા છે. આહાહા..! આ તો શ્વેતાંબર પંથ નીકળ્યો સો વર્ષ પહેલા, પછી ભગવાન કુંદકુંદાચાર્ય થયા. એ વખતે આ બનાવ્યું હતું.

'**ઉન્હી કે સમ્યગ્દર્શન શુદ્ધ હોતા હૈ...**' એટલે? જેને પરદ્રવ્યના વિષયથી લાભ છે લક્ષથી એ દૃષ્ટિ જેને છૂટી ગઈ છે. એને સમ્યગ્દર્શન શુદ્ધ હોય. પરદ્રવ્યના લક્ષે, પરદ્રવ્યના

આશ્રયે, પરદ્રવ્યને ધ્યેય બનાવીને બનતો રાગ એનાથી લાભ થશે એ દૃષ્ટિ છૂટી ગઈ છે. અહીં તો સ્વદ્રવ્ય અને પરદ્રવ્યની વચ્ચેની રમતું છે. આહાહા..! '**परदव्वादो दुग्गइ**' એ વાત કરીને. એ ચૈતન્યની ગતિ નહિ. એ પરદ્રવ્યના સંસર્ગથી રુચિ જેની છૂટી ગઈ છે. એ પર જે વિષય છે એનાથી વિરક્ત છે, એના સ્વવિષયવાળી દર્શન શુદ્ધ એને હોય છે એમ કહે છે. '**ઉન્હી કે સમ્યગ્દર્શન શુદ્ધ હોતા હૈ...**' એમ કહ્યુંને? આહાહા..! મૂળ તો '**विसएसु विरत्तचित्ताणं दंसणसुद्धाणं दिढचरित्ताणं सीलं रक्खंताणं अत्थि धुवं णिव्वाणं**' એનો નિર્વાણ થાય છે. આહાહા..!

'**ઈસપ્રકાર સે જો શીલ કી રક્ષા કરતે હૈં, ઉન હી કે સમ્યગ્દર્શન શુદ્ધ હોતા હૈ ઔર ચારિત્ર અતિચારરહિત શુદ્ધ-દૃઢ હોતા હૈ...**' જેને પર તરફના વલણમાં પ્રેમ છે એ છૂટી ગયો છે એને સ્વદ્રવ્ય તરફની શ્રદ્ધા અને સ્વદ્રવ્યની લીનતા શુદ્ધ હોય છે, એમ કહે છે. સમજાણું કાંઈ? પડખું ફેરવી નાખ્યું છે આખું. એને દૃઢ શુદ્ધ ચારિત્ર હોય છે. '**ઐસે પુરુષોં કો નિયમ સે નિર્વાણ હોતા હૈ.**' નિશ્ચયથી એની મુક્તિ જ છે. '**જો વિષયોં મેં આસક્ત હૈ,...**' પણ જે કોઈ પરદ્રવ્યમાં આસક્ત છે, પરદ્રવ્યથી કંઈ પણ એનું લક્ષ કરવાથી મને લાભ થશે... આકરી વાત બહુ. '**ઉનકે શીલ બિગડતા હૈ...**' એના સ્વભાવનો આશ્રય અને સ્થિરતા એ બધી બગડે છે. આહાહા..! પરદ્રવ્યનો આશ્રય લેતા ચિત્ત અસ્થિર થઈ જાય છે, રાગવાળું થાય છે. એનાથી લાભ માને તો મિથ્યાત્વ થઈ જાય છે.

'**ઉનકે શીલ બિગડતા હૈ તબ દર્શન શુદ્ધ ન હોકર...**' ત્યારે આત્માનો સ્વ આશ્રય થઈ શુદ્ધતા એને રહેતી નથી. સ્વના આશ્રયે લાભ છે એ દૃષ્ટિ રહેતી નથી. આહાહા..! '**ચારિત્ર શિથિલ હો જાતા હૈ,...**' એટલે ચારિત્ર એને હોતું નથી. '**તબ નિર્વાણ ભી નહીં હોતા હૈ, ઈસપ્રકાર નિર્વાણ માર્ગ મેં શીલ હી પ્રધાન હૈ.**' મોક્ષમાર્ગમાં તો શીલ, સ્વના આશ્રયની દૃષ્ટિ અને સ્વના આશ્રયની સ્થિરતા એ મોક્ષનું કારણ છે. આહાહા..! આવો માર્ગ!

'**આગે કહતે હૈં કિ કદાચિત્ કોઈ વિષયોં સે વિરક્ત ન હુઆ...**' આસક્તિ છે એટલે હોં. '**માર્ગ વિષયોં સે વિરક્ત હોનેરૂપ હી કહતા હૈ...**' વિરક્તની વ્યાખ્યા આટલી. આસક્તિ છૂટી નથી, વિમોહિત છે. પણ દૃષ્ટિ છે દ્રવ્ય ઉપર શુદ્ધ. સ્વ આશ્રયની દૃષ્ટિ છે, ઈષ્ટદર્શન છે. ઈષ્ટદર્શનને દેખે છે માર્ગને. જે પોતાનો શુદ્ધ સ્વભાવ ઈષ્ટ એને એ માર્ગ તરીકે, એનો આશ્રય માર્ગ તરીકે દેખે છે. પરના આશ્રય જે આસક્તિ ઊભી ચોથે ગુણસ્થાને, પાંચમે ... '**માર્ગ વિષયોં સે વિરક્ત હોનેરૂપ હી કહતા હૈ...**' આસક્તિ છૂટી નથી, પણ

પરથી વિરક્ત થવું એ જ માર્ગ પ્રરૂપે છે. એટલે કે પરદ્રવ્યના સંસર્ગને લક્ષે લાભ છે નહિ. ચાહે તો ત્રણલોકના નાથ તીર્થંકર હો એના તરફની ભક્તિથી જીવને મોક્ષ અને ધર્મ છે નહિ. આહાહા..! માણસને (એમ થાય) આવું બધું.. તો પછી આ મંદિર ને... એ તો મંદિર એને કાળે, એને કારણે હોય છે. ભાઈ! તારે કારણે નહિ. એને શુભભાવ હોય. એ આવે વ્યવહાર, પણ છે એ પરના આશ્રયના લક્ષવાળો રાગ બંધનું કારણ છે. આહાહા..! એવી પ્રરૂપણા માને છે ભાવ અને એવી પ્રરૂપણા કરે છે એમ કહે છે. આહાહા..!

**'માર્ગ તો વિષયોં સે વિરક્ત હોનેરૂપ હી કહતા હૈ...'** પર તરફથી છૂટવું, પરનો આશ્રય ન કરવો એમ માર્ગ બતાવે છે. ભલે એ આસક્ત છે પણ પરના આશ્રયથી, પરના લક્ષે લાભ છે એ વાત નથી કહેતા એ. આહાહા..! માર્ગ આવો છે, સુજાનમલજી! આહાહા..! **'ઉસકો માર્ગકી પ્રાપ્તિ હોતી ભી હૈ,...'** એમ કે માર્ગમાં છે ઈ. **'પરંતુ જો વિષય સેવન કો હી માર્ગ કહતા હૈ,...'** એટલે કે પરદ્રવ્યના લક્ષે મોક્ષનો માર્ગ થાય એમ જે બતાવે છે **'તો ઉસકા જ્ઞાન નિરર્થક હૈ.'** સમજાણું કાંઈ? એ પહેલા આવ્યું હતું વિષય.. પછી પરદ્રવ્યનો સંસર્ગ. આવી ગયું છે આપણે. એમાં આવ્યું હતુંને. **'પરદ્રવ્ય માત્ર કા સંસર્ગ છોડના.'** છેલ્લા પેરેગ્રાફની બીજી લીટી. બીજી ગાથાના છેલ્લા પેરેગ્રાફની બીજી લીટી. મૂળ તો એ વાત છે, સ્વદ્રવ્ય અને પરદ્રવ્ય વચ્ચેની. આશ્રયથી લાભ થાય. અહીંથી લાભ થાય, ઓલો કહે અહીંથી લાભ થાય. બહુ. આહાહા..!

विसएसु मोहिदाणं कहियं मग्गं पि इट्ठदरिसीणं।
उम्मग्गं दरिसीणं णाणं पि णिरत्थयं तेसिं।।१३।।

વિષયમાં મોહિત નામ આસક્તિ છે.

આહાહા..! **'અર્થ :- જો પુરુષ ઈષ્ટ માર્ગ કો દિખાનેવાલે જ્ઞાની હૈં...'** એનો અર્થ કે ઈષ્ટ માર્ગને જે દેખે છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ઈષ્ટ માર્ગ છે અને એ માર્ગનું ધ્યેય છે એ તો ત્રિકાળી સ્વરૂપ છે. ઈષ્ટ-અનિષ્ટ આવે છેને પ્રવચનસારમાં, નહિ? જેણે અનિષ્ટનો નાશ કર્યો. ભાઈ! આવે છે. અનિષ્ટનો નાશ કરીને ઈષ્ટની પ્રાપ્તિ (કરી) એ પર્યાયની વાત છે. અહીં તો કહે છે કે ઈષ્ટ સમ્યગ્દર્શન આદિ, એનો વિષય દ્રવ્ય છે એ જે દેખે છે, માને છે અને જગતને એ વાત કહે છે. એમ છે. સમજાણું કાંઈ? **'मग्गं पि इट्ठदरिसीणं'** **'જો પુરુષ ઈષ્ટ માર્ગ કો દિખાનેવાલે જ્ઞાની હૈ...'** અને દેખનેવાલા હૈ. એમ બે છે. **'इट्ठदरिसीणं'** દેખનાર પોતે છેને અને દેખાડનાર છે. આહાહા..! પૂર્ણસ્વરૂપ ભગવાન આત્મા એને જેણે ઈષ્ટ કર્યો છે, એની જેને પ્રતીતિ અને સમ્યગ્દર્શન છે એ ઈષ્ટમાર્ગને પ્રરૂપે છે. જગતને પણ એમ કહે છે કે ઈષ્ટ સ્વભાવ સન્મુખની પ્રતીત, સ્વભાવનો આશ્રય તે મોક્ષનું

કારણ છે. એ ઈષ્ટમાર્ગ આ છે. પૂર્ણ પરમાત્મા પોતે એને આશ્રયે, એના ધ્યેયે જ મોક્ષમાર્ગ પ્રગટ થાય છે, પરના ધ્યેયે પ્રગટ થતો નથી. આ એવી વાત જરી છે. તીર્થંકર એમ કહે કે મારે ધ્યેયે પણ તને મોક્ષમાર્ગ પ્રગટ થતો નથી. આહાહા..! તારા ધ્યેયે તને, તારો ઈષ્ટ પદાર્થ એના ધ્યેયે તને મોક્ષનો માર્ગ છે.

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણનું ધ્યેય તો દ્રવ્યસ્વભાવ છે, પર નહિ. પરને આશ્રયે નિશ્ચય સમ્યગ્દર્શન, પરને આશ્રયે સમ્યગ્જ્ઞાન, પરને આશ્રયે ચારિત્ર છે જ નહિ. આહાહા..! મહાવ્રતના પરિણામ પણ એ તો પરના લક્ષે જ આશ્રય છે. કહ્યુંને ૮૩ ગાથામાં આવી ગયું છે. .. વ્રત, તપ આદિ તો પુણ્ય છે, એ જૈનશાસન નથી, એ જૈનધર્મ નથી. આહાહા..! ત્યાં તો અર્થ ઘણો કર્યો છે. વ્રત, દયા નાખી ... દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ ... પરદ્રવ્યની ભક્તિ છે એ તો પુણ્ય છે. એ પવિત્રતા નહિ. વળી એને પુણ્ય માટે પવિત્રતા એમ વળી ... એ જુદી વસ્તુ છે. એ તો આત્માને આશ્રયે જે પવિત્રતા પ્રગટી એને પુણ્ય કહીએ તો એને પવિત્રતા કહીએ. આહાહા..!

અહીં તો વીતરાગ એમ કહે છે, અમારે આશ્રયે પણ તારી મુક્તિ થાય કે માર્ગ થાય એમ છે નહિ. આહાહા..! મોઢા સામે કોળિયો કોને ગોઠે નહિ? ભગવાનને. આહાહા..! બાપુ! તારી વીતરાગ શ્રદ્ધા, વીતરાગી જ્ઞાન ... વીતરાગી સ્થિરતા એ દ્રવ્યને ધ્યેયે થાય એમ છે. એ અમારા ધ્યેયે અને અમારા આશ્રય અને લક્ષે છે નહિ. આહાહા..! આકરું. એકાંત છે એમ કરી નાખે લોકો. શ્રીમદ્‌માં એવું આવે છે. દયા, દાન, વ્રત આદિ .. કરવું શું રહે? લોકો બહુ સ્વચ્છંદી થઈ જાય ... અધ્યાત્મવાળા પોતાની મેળાએ વાંચન કરીને આવી વાતને ઉથાપે છે. એવું આવે છે. એક પત્રમાં આવે છે. આહાહા..! દેવની ભગવાનની ભક્તિ એ એને ધુરંધર માર્ગ જોયો છે. એ બધું આમાં નાખ્યું છે. ... પછી એના વખાણ કર્યા, ઓલા સાધુએ વખાણ કર્યા. ... મોહનવિજય હતા, પછી પ્રતાપવિજય મોટા, ... ૬૯. આ ધર્મવિજય .. એનો શિષ્ય આવ્યો હતો ઉપધાન કરવા. એના .. એના વખાણ કરે. ... એવો માર્ગ બાપુ!

વીતરાગ એમ કહે... આહાહા..! પરદ્રવ્યના સંસર્ગથી મુક્તિ ત્રણ કાળમાં નથી. આહાહા..! પ્રતિમાને આશ્રયે મુક્તિ, દેરાસરને આશ્રયે મુક્તિ. અહીં સ્વને આશ્રયે મુક્તિ છે. પરનો આશ્રય આવે વચમાં, પણ એ પુણ્યનું કારણ છે, એ વ્યવહાર છે. જ્યાં સુધી પૂર્ણતા ન હોય તો આવે, પણ એ મુક્તિનું કારણ નથી. આવો ધોખ માર્ગ અનાદિનો તીર્થંકરનો છે. આહાહા..! આમાં કાંઈપણ ફેરફાર કરે, વીતરાગમાર્ગ નહિ રહે. એ રાગીનો માર્ગ થઈ જશે. છેને? '**मग्गं पि इट्ठदरिसीणं उम्मग्गं दरिसीणं**' એમ છેને સામે સામે? ઉન્માર્ગને દેખનારા એનું જ્ઞાન

નિરર્થક છે અને ઈષ્ટ માર્ગને દેખનારા એ માર્ગમાં છે. આહાહા..!

'**જો પુરુષ ઈષ્ટ માર્ગ કો દિખાનેવાલે જ્ઞાની હૈં...**' ઔર દિખાનેવાલા જ્ઞાની. દિખાનેવાલા છે એનો અર્થ ઈષ્ટ માર્ગ એણે દેખ્યો છેને સ્વને આશ્રયે. સમજાણું કાંઈ? '**જો પુરુષ ઈષ્ટ માર્ગ કો દિખાનેવાલે જ્ઞાની હૈં ઔર...**' ઈષ્ટ માર્ગ દિખાનેવાલે જ્ઞાની હૈ '**ઔર વિષયોં સે વિમોહિત હૈં...**' વિષયમાં હજી આસક્તિ છે ચારિત્રદોષ. વિષયમાં સુખબુદ્ધિ છે એ વાત ઊડી ગઈ. પરને આશ્રયે મોક્ષનો માર્ગ છે એ દૃષ્ટિ ઊડી ગઈ છે. બે વાત. વિષયમાં સુખ છે એ બુદ્ધિ ઊડી ગઈ અને પરને આશ્રયે જે રાગાદિ થાય એનાથી લાભ થાય એ દૃષ્ટિ ઊડી ગઈ. આહાહા..! જેણે ભગવાનને વ્હાલા કર્યા એને વ્હાલો રાગ કેમ હોય? એમ કહે છે. જેણે સ્વદ્રવ્ય વ્હાલું કર્યું એને પરદ્રવ્ય વ્હાલું એ રીતે કેમ હોય? આસક્તિ તરીકે હોય ... એ તો બંધનું કારણ છે. આહાહા..!

'**વિષયોં સે વિમોહિત હૈં...**' એટલે? પાંચેય વિષયો છે, પરદ્રવ્ય તરફની હજી આસક્તિ છૂટી નથી. આસક્તિ એને હોય છે. આકરી વાત છે બાપુ! પણ એ પર તરફની આસક્તિ તે ધર્મનું કારણ છે એમ નથી માનતો ઈ. દુઃખનું કારણ છે, બંધનું કારણ છે. આહાહા..! સમજાણું કાંઈ? '**તો ભી ઉનકો માર્ગ કી પ્રાપ્તિ કહી હૈ,...**' છે? જે સ્વદ્રવ્યની ઈષ્ટતા દેખી છે અને સ્વદ્રવ્યના આશ્રયે ઈષ્ટતાને દેખવાની વાત કરે છે. આહાહા..! વીતરાગ માર્ગમાં તો સ્વદ્રવ્યને આશ્રયે વીતરાગતા થાય, પરદ્રવ્યને આશ્રયે રાગ થાય. આ બે વાત છે આખી. ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્ર હો, ચાહે તો સ્ત્રી, કુટુંબ, પરિવાર હો, પણ પરદ્રવ્યને આશ્રયે તો રાગ થાય. એકને શુભ થાય અને બીજાને અશુભ ભલે થાય. નિશ્ચયે તો બેય.. પરના તરફના વલણનો રાગ છેને. આહાહા..! પુણ્ય પણ નિશ્ચયથી પાપ છે એમ કીધું છે. વ્યવહાર રત્નત્રય છે એ પાપ કીધું છે. આહાહા..! દેવ-ગુરુ-શાસ્ત્ર પરદ્રવ્ય છે... કીધું હતું વીરચંદભાઈએ. કે દેવ-ગુરુ-શાસ્ત્ર એ પરદ્રવ્ય? એ તો શુદ્ધ છે. ૨૦૧૦ વર્ષે. ૨૦ વર્ષ થયા. ૧૦ની સાલ. દેવ-ગુરુ-શાસ્ત્ર તો શુદ્ધ છે એ પરદ્રવ્ય? મૂળ ત્યાં એ વાત જ ચાલતી નહોતી અગાસ ને બધે. એટલે ત્યાં અગાસમાં બહુ રહેતા. દેવ-ગુરુની શ્રદ્ધા, ગુરુને પકડો તમારું કલ્યાણ થાશે. અહીં કહે છે કે ગુરુને પકડવામાં તો રાગ આવે છે.

મુમુક્ષુ :- ગુરુ પણ પકડાય એવા જ ક્યાં છે?

ઉત્તર :- એવી વાત છે.

મુમુક્ષુ :- નજીક તો આવે.

ઉત્તર :- જરીએ નહિ. એવી વાત છે. આ તો વીતરાગ માર્ગ છેને. વીતરાગતા તો સ્વને આશ્રયે થાયને. પર આશ્રય વ્યવહાર, સ્વ આશ્રય નિશ્ચય એનો અર્થ શું થયો? પર

આશ્રયે વ્યવહાર અને સ્વ આશ્રય નિશ્ચય. વસ્તુ તો આ છે.

'**જો પુરુષ ઈષ્ટ માર્ગ કો દિખાનેવાલે જ્ઞાની હૈં ઔર વિષયોં સે વિમોહિત હૈં...**' વિમોહિતનો અર્થ ... લેવો. '**તો ભી ઉનકો માર્ગ કી પ્રાપ્તિ કહી હૈ,...**' તોપણ એ માર્ગમાં છે. ... મોક્ખમગ્ગો. ભલે વિષયની વાસના પડી છે, પણ એને હેય માનીને દુઃખરૂપ લાગે છે. આહાહા..! '**માર્ગ કી પ્રાપ્તિ કહી હૈ, પરંતુ જો ઉન્માર્ગ કો દિખાનેવાલે હૈં...**' આહાહા..! પરપદાર્થના આશ્રયે મોક્ષમાર્ગ થશે એમ જે પરનો વિષય બતાવે છે અને પરના વિષયથી ધર્મ બતાવે છે... આહાહા..! એ પણ પરના વિષયથી માનવાવાળો મિથ્યાદષ્ટિ છે અને પરના વિષયથી લાભ મનાવે એ પણ મિથ્યાદષ્ટિની પ્રરૂપણા છે. આવી ભારે વાત. આ બહુ કઠણ પડે. આ શ્રીમદ્‌ના અનુયાયીઓને પણ બહુ કઠણ પડે છે. શ્રીમદ્ ભલે પોતે કામ કરી ગયા, પણ એની શૈલીને શાસ્ત્રની શૈલીને સમજ્યા નથી. ઈ એમ કહે, વિશાળ બુદ્ધિ હતી એમની, ફલાણું હતું. આમાં ખબૂ લખ્યું છે. કોઈ ધર્મનો એમણે નિષેધ નથી કર્યો. બધાને ઊભા રાખ્યા છે ત્યાં. તમે ગમે તે ધર્મ માનતા હો, પણ હું કહું છું .. ભગવાનનો માર્ગ... તમે એક વાર વિચારજો એમ કીધું. ગમે તે માનતા હો, એનાથી ધર્મ છે એ... અહીંયા તો એમણે ખરેખર તો શ્વેતાંબર અન્ય મત છે એની સાથે માંડી છે. એ પછી તરત જ કહે છેને, '**कुमयकुसुदपसंसा**' ૧૪મી આવે છેને. આહાહા..! આકરું કામ. વાડા નભાવવા હોય એને પરને આશ્રયે લાભ થાય એવું મનાવ્યા વિના ચાલે નહિ.

અહીં કહે છે '**જો ઉન્માર્ગ કો દિખાનેવાલે હૈં...**' પરદ્રવ્યના લક્ષે, પરદ્રવ્યને આશ્રયે, પરદ્રવ્ય જે પર વિષય છે, પર વિષય છે, સ્વવિષય દ્રવ્ય એમાં નથી, એનાથી એને લાભ મનાવે એ ઉન્માર્ગને દેખાડનારા છે. ડાહ્યાભાઈ! આવી વાત છે, ભાઈ! કુંદકુંદાચાર્ય આમ જ્યારે પોકાર કરે છે. ૧૪મી ગાથામાં આવી ગયુંને દર્શનપાહુડમાં. બાહ્ય અભ્યંતર ગ્રંથનો ત્યાગ આ જૈનમાર્ગ. બાહ્ય અભ્યંતર. બાહ્યમાં વસ્ત્રનો ધાગો નહિ, અભ્યંતરમાં રાગનો કણ નહિ, ... બાહ્ય અભ્યંતર ગ્રંથનો ત્યાગ છે અને ઊભા ઊભા આહાર લે છે અને જ્ઞાનમાં કરણ, કરાવણ, અનુમોદનથી જેની શુદ્ધિ છે. એમ. .. મોટા જાણપણા સામા આવતા હતાને. જાણપણું ઠીક છે એમ માને છે એ જૈનદર્શન નથી. કરણ, કરાવણ, અનુમોદનથી જેના જ્ઞાનમાં શુદ્ધિ આવી છે કે કોઈપણ કુદર્શન, કુશાસ્ત્ર એના માનનારા, એના ઉઘાડવાળા ઠીક છે એ દષ્ટિ જેની છૂટી ગઈ છે. આહાહા..! એને પણ એ વખતે .... પુણ્યશાળી હતા, પવિત્ર હતા, માનનારા ઘણા લાખો હતા. વાત તો અમે આ રીતે કરી છે. ... મોટો પંથ સામો પડ્યો છે. ... વધારે વજન તો ઈ છે આમાં.

'**ઉન્માર્ગ કો દિખાનેવાલે...**' પરદ્રવ્યના લક્ષે લાભ મનાવે. આહાહા..! પરવિષયથી

લાભ મનાવે (એ) ઉન્માર્ગ બતાવે છે. સમજાણું કાંઈ? .. આવો માર્ગ છે. બેય સરખા છે, સમદૃષ્ટિથી ... બેયને સરખા દેખે છે એવું આવે છે એમાં. પણ ક્યાંય વાત રહેતી નથી. એ વખતે લોકોની સ્થિતિ એવી... આહાહા..! મૂળ વાતમાં વર્તમાનમાં મેળ ખાય એમાં વાંધો નથી. જે વાત ગૌણ છે, મેળ ન ખાય એ વાત અત્યારે નથી એમ કરીને ... માટે બેય પંથમાં ઉપજેલા ... દેખે. અહીં તો ના પાડે છે. એય..! કાંતિભાઈ!

'**ઉનકો તો જ્ઞાન કી પ્રાપ્તિ ભી નિરર્થક હૈ.**' આહાહા..! જેણે પરદ્રવ્યને આશ્રયે લાભ મનાવ્યો છે એના ઉઘાડ પણ નિરર્થક ખોટા છે. આહાહા..! એના જાણપણા લાખોને સમજાવતા હોય, હજારો શાસ્ત્ર બનાવતા હોય એના માનેલા. બનાવેને પુસ્તક બહુ બનાવે. ગ્રંથો ઘણા. હરિભદ્રે ઘણા બધા .. સાધુ ને બાવા .. ગ્રંથ છે. પ્રાયશ્ચિત... આહાહા..! આચાર્ય ઘણું જ કામ લે છે. '**मोहिदाणं**' છેને? વિમોહિત એમ નથી ખાલી. ... સાવધાની છે. એમાં એકત્વબુદ્ધિ નથી. એમણે '**कहियं मग्गं**' એમનો દીઠેલો માર્ગ કહે છે ઈ અને એ દેખાડે છે ઈ તો એ માર્ગમાં છે. આહાહા..! '**कहियं मग्गं पि इट्ठदरिसीणं**' પણ પરદ્રવ્યથી લાભ મનાવે એવા ઉન્માર્ગના દેખનારા, પોતે એમ દેખાડનારા. '**णाणं पि णिरत्थयं**' એની વિચિક્ષણતા અને જ્ઞાનનો ક્ષયોપશમ ઘણો હો, તો એ નિરર્થક છે એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ તો ઉઘાડ કેટલો ઓલા કળિકાળ સર્વજ્ઞનું પદ આપ્યું છે. એય..! કળિકાળ સર્વજ્ઞ. બાપુ! માર્ગ આવો નથી ભાઈ! કોઈ પ્રત્યે વિરોધ ને વેરની વાત નથી. વ્યક્તિ પ્રત્યેનો વિરોધ નહિ, પણ ભાવ છે એ તો આ વસ્તુ છે. પરમાત્માના વિરહ પડ્યા, જ્ઞાન ઘટી ગયું, તેથી કાંઈ વિપરીત માર્ગ કહેવાય? આહાહા..! ભાઈએ કહ્યું હતુંને? મનોહરલાલજી. ઉદ્દેશિક આ આહારનો જો ખુલાસો થઈ જાય તો પ્રેમ બહુ થઈ જાય. નહિતર એમ કે તમારું જુદું પડી જાય છે. બાપુ! વીતરાગના વિરહ પડ્યા. એ વીતરાગના માર્ગમાં ઉદ્દેશિક-એને માટે કરેલું કોઈએ કર્યું હોય, ભલે એણે કર્યું ન હોય અને કરાવ્યું ન હોય, કર્યું હોય ને લે એ માર્ગ નથી, બાપુ! માર્ગને બીજી રીતે મરડી નાખવો એ માર્ગ નથી. પળી ન શકે... એ આવ્યું છેને નિયમસારમાં? પળી ન શકે તો શ્રદ્ધા કરજે. સ્વભાવનો આશ્રય ધ્યાન જ મોક્ષનું કારણ છે. સ્વભાવને આશ્રયે ધ્યાન જ મોક્ષનું કારણ છે એ શ્રદ્ધા રાખજે. ગોટા વાળીશ નહિ કે વચ્ચે પણ એના વિકલ્પ આવ્યા, વ્યવહાર આવ્યો, ભક્તિ આવી, વ્રત આવ્યા ને તપ આવ્યા એનાથી પણ કંઈક લાભ એમ કરીશ નહિ. પળી ન શકે તો એમ ન માનીશ. આહાહા..! કરૂણા તો જુઓ! સંતો જગતને ધર્મ બતાવીને કરૂણા કરે છે, ભાઈ! તું આમ ન કરીશ. આહાહા..! બાપુ! અવસર આવા મળ્યા. આ જિંદગીમાં ભવના અભાવ કરવાના કાળ મળ્યા.

પરિભ્રમણ... પરિભ્રમણ... પરિભ્રમણ... પરિ-વિશેષે પરિભ્રમણ તારું છે. ભાઈ! એને ટાળવાનો માર્ગ તો સ્વદ્રવ્યનો આશ્રય લેવો એ માર્ગ છે. આહાહા..! તીર્થંકરો એમ કહે છે, કુંદકુંદાચાર્ય એમ કહે છે હવે પછી...

'**ઉન્માર્ગ દિખાનેવાલા હૈં ઉનકી તો જ્ઞાન કી પ્રાપ્તિ ભી નિરર્થક હૈ.**' ઉઘાડ છે એમ કહે છે. ઉઘાડ છે તો શું થયું પણ? ઉઘાડ તો હોય. અભવિને નવ પૂર્વનું થઈ ગયેલું, દસ પૂર્વનું. માર્ગની જે દિશા છે તેને ફેરવીશ નહિ. માર્ગની દિશા એની દશા, દિશા સ્વદ્રવ્ય છે એને માર્ગની દશા છે. જેને પરદ્રવ્યની દિશા છે એને માર્ગની દશા એ નથી. આવું છે. દુનિયા ઝાઝા હોય, ન હોય એની સાથે શું સંબંધ છે? સત્‌ને સંખ્યાની જરૂર શું છે? હમણાં કો'ક કહેતું હતું, ત્યાં ઉજ્જૈનમાં. ઉજ્જૈનમાં બાબુભાઈ ગયા હતાને. ઉજ્જૈનમાં. બાબુભાઈ આવ્યા ત્યારે બીજા દેરાસર માટે... અહીં નહિ પ્રવચન કરવા દઈએ. કાંઈ નહિ. ઝાઝા માણસ સાંભળનારા હોય તો સત્ય છે એવું કાંઈ છે નહિ. એ કહ્યું હતું ત્યાં. સત્‌ને સંખ્યાની જરૂર નથી એમ કહ્યું હતું. એમાં આવ્યું હતું. સંખ્યાની જરૂર નથી. ત્યારે અમે નહિ સાંભળવા આવીએ. ઠીક ભાઈ!

'**ભાવાર્થ :- પહિલે કહા થા કિ જ્ઞાન ઔર શીલ કે વિરોધ નહીં હૈ ઔર યહ વિશેષ હૈ કિ જ્ઞાન હો ઔર વિષયાસક્ત હોકર...**' વિષયની આસક્તિનો રાગ હો, ટાળી શકે નહિ, પુરુષાર્થ ત્યાં કામ કરે નહિ. ન ટાળી શકે તો આસક્તિ રહે. આહાહા..! '**જ્ઞાન બિગડે તબ શીલ નહીં હૈ.**' '**જ્ઞાન હો ઔર વિષયાસક્ત હોકર જ્ઞાન બિગડે તબ શીલ નહીં હૈ.**' એમ કહ્યું. ... '**અબ યહાં ઈસપ્રકાર કહા કિ જ્ઞાન પ્રાપ્ત કરકે કદાચિત્ ચારિત્રમોહ કે ઉદય સે વિષય ન છૂટે...**' પુરુષાર્થની કમી છે. વિષયની આસક્તિનો રાગ ન છૂટે કદાચ, પણ વસ્તુને અંદર રાખજે. આહાહા..! ભગવાન આત્મા પૂર્ણાનંદ સ્વરૂપ એના આશ્રયથી લાભ એ વાત છોડીશ નહિ. આહાહા..! ... સત્ય છે માટે ત્યાં .. છે એમ બુદ્ધિ તો નથી, પણ છૂટી શકતી નથી આસક્તિ એટલો પુરુષાર્થ નબળો છે. .. કાંઈ માર્ગની પ્રાપ્તિ છે? આહાહા..! સ્વદ્રવ્યને આશ્રયે લાભ છે એ દૃષ્ટિ તો પડી જ છે. એમ કહે છે મૂળ. ચૈતન્ય ભગવાન મહાપ્રભુ છે, આહાહા..! એનો આશ્રય કરતા લાભ છે, બાકી કાંઈ લાભ છે નહિ. એ દૃષ્ટિ તો પડી છે કહે છે. એ માર્ગમાં છે ઈ. સમજાણું કાંઈ?

'**છૂટે વહાં તક તો ઉનમેં વિમોહિત રહે ઔર માર્ગ કી પ્રરૂપણા વિષયોં સે ત્યાગરૂપ હી કરે...**' માર્ગ તો એ કહે, પર તરફના વિષયવાળો ભાવ તે બંધનું કારણ છે, એ આત્માને લાભનું કારણ નથી. આહાહા..! અરે! કોણ નવરા? આવું કરવા નવરા કોણ થાય? પ્રવૃત્તિ જગતની. એકાંત થઈ જાય છે વળી એમ કહે કેટલાક. સ્વદ્રવ્યથી જ

લાભ થાય. કથંચિત્ સ્વદ્રવ્યથી અને કથંચિત્ પરદ્રવ્યથી (લાભ થાય). એય..! એવા અનેકાંત કરી નાખ્યા. એમ અનેકાંત ન હોય, એ તો ફુદડીવાદ છે ભાઈ! આહાહા..! સ્વદ્રવ્યને આશ્રયે જ લાભ છે. પરદ્રવ્યને આશ્રયે ચાહે તો ભક્તિ, પૂજા, આદિ ગમે તે હો, એ બંધનું કારણ છે. હો ભલે. પણ એ મોક્ષનું કારણ નથી. આહાહા..!

અરે..! આત્મા પરિભ્રમણ કરતો ચોર્યાશીના અવતારમાં રખડતો-રખડતો દુઃખી છે ઈ. એના દુઃખને ટાળવા માટે ભગવાન પોતે એક જ આશ્રય છે એનો. પોતાનું સ્વરૂપ જે આનંદસ્વરૂપ છે એનો જ આશ્રય દુઃખના નાશનું કારણ છે. બાકી વીતરાગ પરમેશ્વર કહે કે મારે આશ્રયે પણ તને તો રાગ થાશે અને જ્યાં સુધી મારો આશ્રય છોડીશ નહિ ત્યાં સુધી મુક્તિ નહિ થાય. મારે આશ્રયે લાભ થાશે એમ માનીશ તો મિથ્યાત્વ છે. પણ મારે આશ્રયે જ્યાં સુધી રાગ રહેશે ત્યાં સુધી મુક્તિ નહિ થાય. આહાહા..! આ વીતરાગના વચનો નિર્મળ શુદ્ધ ચૈતન્યને બતાવનારા. આહાહા..! આવી વાત છે, ભાઈ! દુનિયાને પસંદ પડે, ન પડે. એકાંત છે કહે છે. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિથી લાભ નહિ? ભાઈ! સ્વભક્તિથી લાભ અને પરભક્તિથી રાગ છે. હો, પણ બંધનું કારણ છે. આવો માર્ગ છે.

**'ત્યાગરૂપ હી કરે ઉસકો માર્ગ કી પ્રાપ્તિ હોતી ભી હૈ, પરંતુ જો માર્ગ હી કો કુમાર્ગરૂપ પ્રરૂપણ કરે...'** એમ. એ પરને આશ્રયે પણ મુક્તિ થાય. દેવ-ગુરુને આશ્રયે મુક્તિ થાય. પરદ્રવ્યને આશ્રયે વ્યવહાર એનો તો નિષેધ કર્યો છે આચાર્યે તો. પરને આશ્રયે થતો વ્યવહાર એનો તો નિષેધ કર્યો છે. સ્વભાવમાં નિશ્ચળપણે કેમ રહેતા નથી? એમ નથી કહ્યું? બંધ અધિકાર. આહાહા..! ભગવાન આચાર્યોએ તો એમ કહ્યું કે પરને જીવાડી શકું, મારી શકું, બચાવી શકું એ તો મિથ્યાત્વભાવ છે. કંઈ પરને કરી શકતો નથી કાંઈ. એવા અધ્યવસાયનો જ્યારે નિષેધ કર્યો, પરને જીવાડી (શકું), સુખી-દુઃખી (કરી શકું), એવો નિષેધ કર્યો તો હું તો એમ કહું છું... અને કહેવાના હતા એનો ઉપોદઘાત કર્યો છે. પરને આશ્રયે જેટલો વ્યવહાર તે બધો છોડાવ્યો છે. આહાહા..! પરદ્રવ્યને આશ્રયે જેટલો વ્યવહાર થાય એ છોડાવ્યો છે. એમ આવ્યું છે કે નહિ? આહાહા..! અને 'નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની.' આહાહા..! સ્વસ્વભાવ ચિદાનંદ પ્રભુ મહા પરમાત્માની ઓથે મુક્તિ થાય છે. ભગવાનની ઓથ લીધે મુક્તિ ન થાય એમ કહે છે. એઈ..! આહાહા..! એકાંત લાગે માણસને. બહુ ... ફેરફાર થઈ ગયોને એટલે લાગે. આ તો એકાંત છે, એકાંત નિશ્ચય, એકાંત નિશ્ચય. એકાંત જ નિશ્ચય હોય. આહાહા..!

**'કુમાર્ગ પ્રરૂપણ કરે, વિષય-સેવન કો સુમાર્ગ બતાવે...'** જે પરદ્રવ્યના વલણના ભાવથી મોક્ષમાર્ગ બતાવે. વિષયસેવનનો અર્થ આ. પરદ્રવ્યના સંસર્ગ અને પરદ્રવ્યની પ્રીતિથી

મોક્ષમાર્ગ બતાવે. આહાહા..! **‘ઉસકો તો જ્ઞાન-પ્રાપ્તિ ભી નિરર્થક હી હૈ,...’** એના જાણપણા ભલે મોટા હોય. એ નિરર્થક છે. **‘જ્ઞાન પ્રાપ્ત કરકે ભી મિથ્યામાર્ગ પ્રરૂપે...’** આહાહા..! **‘ઉસકે જ્ઞાન કૈસા?’** આહાહા..! શું કુંદકુંદાચાર્યની શૈલી! શું વીતરાગ માર્ગના રક્ષણની રીત! કહે છે, જેણે જ્ઞાન પ્રાપ્ત કરીને આવી ઊંધી પ્રરૂપણા કરે, પરદ્રવ્યને આશ્રયે લાભ થાય, મુક્તિ થાય, ધર્મ થાય એ જ્ઞાન નિરર્થક છે. એ જ્ઞાન તો મિથ્યાજ્ઞાન છે. આહાહા..! વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પ્રવચન નં. ૧૯૯ થી ૨૦૨માં અવાજ અસ્પષ્ટ હોવાથી લેવામાં આવેલ નથી.**

**અષાઢ વદ ૧૪, ગુરુવાર તા. ૧૮-૦૭-૧૯૭૪**
**ગાથા - ૨૪ થી ૨૬, પ્રવચન - ૨૦૩**

‘આગે કહતે હૈં કિ વિષયોં કો છોડને સે કુછ ભી હાનિ નહીં હૈ -’

तुसधम्मंतबलेण य जह दव्वं ण हि णराण गच्छेदि।
तवसीलमंत कुसली खवंति विसयं विस व खलं।।२४।।

‘कुसली’ એટલે ડાહ્યો છે એમાં હોં! કુશળ છેને.

કહે છે કે **‘જૈસે તુષોં કે ચલાને સે,...’** ચોખાના ફોતરા-ફોતરા. એમ કોઈપણ તલનું ફોતરું, શેરડીના રસનો કુચો. શેરડી-શેરડી કહે છેને? ગન્ના. એ કુચો કાઢી નાખવામાં કાંઈ નુકસાન છે? કહે છે. આ તો દૃષ્ટાંત છે. **‘તુષોં કો ચલાને સે, ઉડાને સે મનુષ્ય કા કુછ દ્રવ્ય નહીં જાતા હૈ...’** એમાં મનુષ્યની કોઈ લક્ષ્મી કે કોઈ પદાર્થ જાતો નથી. **‘વૈસે હી તપસ્વી ઔર શીલવાન પુરુષ...’** એટલે કે જેણે આત્માના આનંદનો રસ ચાખ્યો છે, આત્મા આનંદસ્વરૂપ છે... આહાહા..! એના આનંદના રસનો જે સ્વાદિયો તપસી, તપસીનો અર્થ આ છે. જેણે ભગવાન આત્મા, જેના ઊંડે તળિયે જઈને જેણે આનંદનો સ્વાદ લીધો છે એને આત્માનું જ્ઞાન છે કહે છે. આહાહા..!

વર્તમાન પર્યાય જે અવસ્થા એને પૂર્ણ આનંદસ્વરૂપ જે આત્મા એમાં એણે પર્યાયને સ્પર્શી છે. પર્યાયે ગુણમાં પ્રસાર કર્યો છે એથી એને તપસ્વી અથવા એને ધર્મી કહેવામાં આવે છે. આહાહા..! એ '**तपस्वी और शीलवान पुरुष...**' શીલ નામ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપનો જ્યાં અનુભવ છે, એને વિષયોના રસનો રાગ જેને ઊડી ગયો છે. વિષયનો રસ ઊડી ગયો છે. આ ધર્મની મૂર્તિ છે ભાઈ! આ ધર્મની વાત છે. જેને આત્માના શાંતરસ, વસ્તુ સ્વરૂપ ભગવાન આત્માનું એનું જેને પૂર્ણ અસ્તિત્વનું પૂર્ણ હયાતીનું જ્યાં અંદર ભાન થયું એથી એ શીલવાન થઈ ગયો. પોતાના સ્વભાવનું ભાન અને આ બાજુ આખી દુનિયા રાગથી માંડીને એના પ્રત્યેનો રસ ઊડી ગયો. ધર્મીને ક્યાંય આત્માના આનંદ સિવાય, ભલે ગૃહસ્થાશ્રમમાં હો, વિષયોની વાસનાના પરિણામ પણ હો, પણ રસ ઊડી ગયો છે કહે છે. આહાહા..!

મુમુક્ષુ :- અમૃતરસ આવી ગયોને.

ઉત્તર :- અમૃત ચૈતન્યમૂર્તિ ભગવાન જેને કોઈ દિ' સ્વીકાર્યો નથી એવા મહાપ્રભુ ચૈતન્ય એનો જેને સ્વીકાર થયો એટલે એમાં એકાકાર થયો, એમ. એને પાંચ ઇન્દ્રિયના વિષયો તરફનો રાગ, તેનો રસ જેને નીકળી ગયો છે. આહાહા..!

એ જીવને '**विषयों को खल की तरह क्षेपते हैं,...**' ખળ-ખળ. આ ખોળ થાય છેને. તલમાં ખોળ. તલ નહિ તેલ હોય છેને. કુચા. શેરડીના કુચા, તલના કુચા. આહાહા..! એ શીલવાન પુરુષ... આ શીલવાન હોં! આમ એકલું શરીરથી બ્રહ્મચર્ય પાળે એ શીલવાનની અહીં વાત નથી. એ તો અનંત વાર એવું કર્યું છે. અંતરમાં આત્માનો આનંદ, એનો સ્વાદમાં આવેલો ભાવ, એને પાંચ ઇન્દ્રિયના વિષયનો રસનો સ્વાદ જેને છિલકા જેવું લાગે એને છોડી દે છે. આહાહા..! વાતું આવી જરી ઝીણી છે. આહાહા..!

એ '**विषयों को खल की तरह...**' ખોળ અથવા ફોતરાં. આમ વિષયનો ત્યાગ કરીને બ્રહ્મચર્ય પાળે શરીરથી એ વાત નહિ. એવું તો અનંત વાર કર્યું છે. પણ અંતર સ્વરૂપ ભગવાન બ્રહ્માનંદ આત્મા સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરે જે આત્મા અનુભવીને જેણે કેવળજ્ઞાન પ્રગટ કર્યું છે. એવો જે આત્મા એને (જે) આત્માના સ્વભાવમાં સમીપ થયો છે અને વિભાવમાંથી વિરક્ત થયો છે. સમજાણું કાંઈ? એને એ વિભાવની પર્યાય છોડવી કહે છે, એ તો ખલની પેઠે-ખોળની પેઠે છોડી દે છે. એમાં નુકસાન નથી, પણ એમાં લાભ છે એમ કહે છે. એમ કીધુંને? '**य जह दव्वं ण हि णराण गच्छेदि**' એનો કોઈ પદાર્થ જાતો નથી. આહાહા..! વિષયની રુચિ અને રસ છોડતા એને કોઈ વસ્તુની હાનિ થાતી નથી, પણ વસ્તુમાં પુષ્ટિ થાય છે. આહાહા..! માર્ગ વીતરાગનો એટલે કે આત્માનો.

જેને આમ પરવિષયોમાં રસ હતો, શબ્દમાં, રૂપમાં, રસમાં, ગંધમાં, સ્પર્શમાં, એ આત્માના આનંદના સ્પર્શ કરનારને એ પરનાં રસ ઊડી જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? એ ખોળની પેઠે. ખોળ સમજો છોને? માણેકચંદજી! એ તલનો હોય છેને ખોળ. ખલી બોલે છે ખલી. કુચો નાખે એમાં નુકસાન શું છે? આહાહા..! અહીં તો શીલ એને કહે છે કે આત્મા પૂર્ણ આનંદનો નાથ જેને શ્રદ્ધામાં જેણે કબજો લીધો છે. સમ્યગ્દર્શનમાં એણે આત્મા પોતે શુદ્ધ ચૈતન્યઘન આનંદ એને જેણે કબજે લીધો છે, એને રાગના કબજા છૂટી જાય છે કહે છે. વિષયનો રસ એને છૂટી જાય છે. સમજાય છે કાંઈ?

એને '**કુછ દ્રવ્ય નહીં જાતા હૈ...**' પણ દ્રવ્યની નિર્મળતા વધે છે. આહાહા..! આ તો અંતરની વાતું છે. આ કાંઈ બહારથી મિલાન (થાય) એવી વાત નથી. બહારથી ત્યાગી અનંત વાર થયો. 'મુનિ વ્રતધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો.' મુનિવ્રત ધારણ કર્યા, પંચ મહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ અનંત વાર લીધા. એ તો રાગ છે. એને છોડવા કાળે આત્માના આનંદનો અનુભવ હોય ત્યારે એને છોડી શકે. આહાહા..! પરમેશ્વર પરમાત્મા પોતે ઈશ્વર ભગવાન, પોતે જ ઈશ્વર, એવા ઈશ્વરનો જ્યાં અનુભવ આવ્યો એના ફોતરા વિષયના રસના કૂચા છોડી દે છે. એમાં કોઈ હાનિ નથી થતી કહે છે. '**ખલકી તરહ ક્ષેપતે હૈં, દૂર ફેંક દેતે હૈં.**' આહાહા..!

'**ભાવાર્થ :- જો જ્ઞાની તપ શીલ સહિત હૈં...**' આ વિશેષે આગળની વાત લીધી છેને. આસક્તિ પણ છોડી દે છે, પણ અહીં તો પહેલો આ રસ છોડે છે એ આસક્તિ છોડી શકશે. પણ જેને હજી રસ જ છૂટ્યો નથી એ વિષયની આસક્તિને છોડી શકશે નહિ અને ખરી આસક્તિ તો વિષયનો રસનો પ્રેમ છે એ જ આસક્તિ છે. '**જ્ઞાની તપ શીલ સહિત હૈં ઉનકે ઇન્દ્રિયોં કે વિષય ખલ કી તરહ હૈં,...**' ખોળ-ખોળ. ખલી-ખલી. આહાહા..! અરે..! એને પોતાનું સ્વરૂપ શું છે? એક જણે પૂછ્યું હતુંને કે ભાઈ આ છોકરો મગજમાં ઉતરે એવો આવ્યો છે. કૈસા હૈ આત્મા? જોવા જેવો છે આત્મા. બીજી ચીજ જોવે છેને, આમ સારી ચીજ જોવે છે. કૈસા હૈ આત્મા? જોવા જેવો છે આત્મા. આહાહા..! જેની જ્ઞાનની દશામાં જોવા જેવો હોય તો એ ભગવાન છે. આહાહા..! કહો, ચેતનજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ પૂછ્યું હતું. ઉત્તર નહોતો આપ્યો એને, પણ મનમાં આવ્યું હતું. જોવા જેવો છે આત્મા. એવું એ ચૈતન્યરત્ન છે. તમારા ધૂળના રત્ન, માણેક ને મોતી ને અબજોપતિના અબજો રૂપિયા ધૂળના રત્ન છે. આ તો અમૃતનું રત્ન છે. ચીમનભાઈ! આહાહા..! ઓલા રત્નનું જોખમ દેખાય તો કોઈ માણસ મારી નાખીને લઈ લ્યે. આ રત્નને કોણ લૂંટે? આહાહા..!

એવો જે ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદના રસવાળો જીવ, '**ઇન્દ્રિયોં કે વિષય ખલ કી તરહ હૈં, જૈસે ઈખ કા રસ નિકાલ દેને કે બાદ...**' ઈખ-શેરડી, ગન્ના-ગન્ના. એનો રસ '**નિકાલ દેને કે બાદ ખલ નીરસ હો જાતે હૈં...**' કુચા-કુચા. આ શેરડીના રસ કાઢે છેને કુચામાં? સંચાના ઢગલા પડ્યા હોય. અમારે ત્યાં રસ્તામાં બહુ આવેને ત્યાં. હાથી ખાય બધા હાથી ખાતા હોય હાથી. અહીં ભંડારિયા છેને અહીંયા. શું કહેવાય ઈ? .. ભંડારીયા. ત્યાં મોટા કુચા કાઢી નાખ્યા હોય અને હાથી આવે જામનગરના, (તો) ખાય. પહેલા હતા. હવે તો બધું ઘટી ગયું. પણ આ તો અમે જોયેલું પહેલા. ખાતા હતા. મોટા કુચા પડ્યા હોય, રસ કાઢી નાખ્યો હોય. આહાહા..! જેણે સમ્યગ્દર્શનમાં આત્માના આનંદના રસનો અનુભવ કર્યો... આહાહા..! એને વિષયના રસના કુચા છોડવા સહેલા છે. આહાહા..!

'**જૈસે ઈખ કા રસ નિકાલ દેને કે બાદ ખલ નીરસ હો જાતે હૈં...**' એ કુચા તો નીરસ છે. કીડીયું ખાય કીડીયું-કીડીયું. કુચા પડ્યા હોયને? એ જરી-જરી કીડીયું બહુ હોય એકદમ વધારે વાર રહે તો. આહાહા..! એમ આત્મા આનંદના રસ આગળ ઇન્દ્રના ઇન્દ્રાસનોના રસ પણ જેણે ખડની પેઠે, કૂચાની પેઠે છોડી દીધા છે. આહાહા..! અરે..! એના માહાત્મ્યની એને ખબર ન મળે. કેવડો હું છું એની એને ખબર ન મળે. સારું એક કપડું હોયને. પાંચ હજારનું કપડું લાવ્યા હોય સાડલો, તો એ જોવા ભેગા થાય ઘરના. દાગીનો લાવ્યા હોય દસ હજારનો સોનાનો. ઘણા બધા ભેગા થાય જોવા. શું છે? ધૂળ છે. એય..! ચંદુભાઈ! આ ભગવાન આત્મા આનંદરસનો ધણી.. આહાહા..! જોવા જેવો છે, લેવા જેવો છે, અનુભવવા જેવો છે. આહાહા..! એ જેણે જોયો, લીધો અને અનુભવ્યો એને તો વિષયના કુચા છોડવા લાયક છે. એ છોડે એમાં એને નુકસાન નથી, પણ સમુળગો લાભ છે. તત્ત્વજ્ઞાન તરંગિણીમાં મૂક્યું છે. ... ભાઈ! તને ભોગના છોડવામાં શું નુકસાન છે? તને શું અલાભ છે? તત્ત્વજ્ઞાન તરંગિણી છેને શુભચંદ્રાચાર્યની.

અને એ ભોગને છોડવામાં તને લક્ષ્મી જરૂર નથી. શરીર સારું હોય તો છૂટાય એમ પણ નથી. શરીર ગમે તેવું હો. આહાહા..! આગળ આવ્યું હતુંને પહેલું. કાળુંકુબડું શરીર હોય, શીતળા નીકળ્યા હોય શીતળા અને દાણે દાણે ઈયળ પડી હોય. કીડા છોટા કીડા હોતા હૈ ન. આહાહા..! એ વખતે એ આત્માને કાંઈ નડતું નથી. આહાહા..! કેમ કે આત્મા તો તેનાથી તદ્દન ભિન્ન છે. ભિન્નને ભિન્ન ચીજ કેમ નુકસાન કરે? ઈ એને રોકતી નથી. એ પોતે રોકાય છે કે આ મને, આ મને એમ કરીને રોકાય છે એ તો અજ્ઞાન છે. એ તો શરીરમાં છે, કાંઈ આત્મામાં નથી એ તો રોગ અને એ બધું. આહાહા..! પણ જેને ભેદજ્ઞાન નથી એને એ વિષયનો રસ મીઠો સાકર જેવો લાગે. કારણ કે બધો રસ જ ત્યાં છે એને

અજ્ઞાનીને તો. આહાહા..!

ધર્મી જીવને **'ઈખ કા રસ નિકાલ દેને કે બાદ ખલ નીરસ હો જાતે હૈં તબ વેં ફેંક દેને કે યોગ્ય હી હૈં, વૈસે હી વિષયોં કો જાનના, રસ થા...'** **'જાનના, રસ થા વહ તો જ્ઞાનિયોં ને જાન લિયા...'** એનું જે સ્વરૂપ છે એવું તો જાણી લીધું કહે છે. અજ્ઞાની શું કરે છે? વિષયને જાણીને રાગ કરે છે. અને જ્ઞાનીએ રાગના રસને જાણી લીધો છે. આહાહા..! સમજાણું કાંઈ? **'વિષયોં કો જાનના, રસ થા...'** બસ એમ અહીં તો કહેવું છે. વિષયોને જાણવું એ જ રસ હતો. કાંઈ એને ભોગવવું એ રસ નહોતો. ભોગવવામાં તો રાગ આવે અને રાગનો રસ છે. એ તો જાણી લીધું કે આ રાગ આમાં છે. કાંઈ છે નહિ. રાગમાં હું નથી. હું નથી ત્યાં રસ નથી મારો. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! આહાહા..!

**'જ્ઞાનિયોં ને જાન લિયા તબ વિષય તો ખલ કે સમાન રહે,...'** એનું જ્ઞાન થઈ ગયું કે આ ઝેર છે. આત્મા અમૃત છે અને વિષયનો રસ ઝેર છે. આહાહા..! આવી વાતું છે, ભાઈ! આહાહા..! એ જ્ઞાનીએ તો રસ જોઈ લીધો કહે છે. આત્માનો રસ જાણ્યો એટલે ઝેરનો રસ જાણ્યો એણે કે ઝેર છે એમ. આહાહા..! **'તબ વિષય તો ખલ કે સમાન રહે, ઉનકે ત્યાગને મેં ક્યા હાનિ?'** આ અંતરની ધર્મદૃષ્ટિવંતની વ્યાખ્યા છે. આહાહા..! જેને ધર્મદૃષ્ટિ થઈ નથી, અંતર આનંદને જાણ્યો નથી, જોયો નથી... આહાહા..! એ વિષયને છોડે છે, એ બહારના વિષયને છોડે છે. એનો રસ છોડ્યો નથી. આહાહા..! માન મળે જ્યાં અનુકૂળતા, એમાં રાજી થાય એ વિષયના રસનો રાગી છે. આહાહા..! માન તો આત્માનું છે. આહાહા..! એ માનની તો એને ખબર ન મળે. બહાર દુનિયા માન આપે ત્યાં રાજી થઈને એ વિષયના રસમાં લોલુપી થઈ ગયો. આહાહા..! સમજાણું કાંઈ?

**'ઉનકે ત્યાગને મેં ક્યા હાનિ? અર્થાત્ કુછ ભી નહીં. ઉન જ્ઞાનિયોં કો ધન્ય હૈ જો વિષયોં કો જ્ઞેયમાત્ર...'** જોયું! જાણ કીધું હતુંને? વિષયને જ્ઞેયમાત્ર જાણ્યો છે. વિષય મને સુખરૂપ છે એમ નથી જાણ્યું. માથે કીધું હતુંને? **'વિષયોં કો જાનના, રસ થા...'** જાણે કે જ્ઞેય છે. આહાહા..! જેમ સર્પને જાણે છે, વીંછીને જાણે છે જ્ઞાન, એમ જ્ઞાન વિષયના રસને જાણે છે કે આ એક ઝેર છે. આહાહા..! આકરી વાત છે, ભાઈ! ધર્મ કોઈ સાધારણ ચીજ નથી. આહાહા..! **'જ્ઞેયમાત્ર જાનકર આસક્ત નહીં હોતે હૈં.'** આહાહા..! ભગવાન અણીન્દ્રિય આત્મા. આ કહ્યું હતુંને કાલે કે આત્મા ઇન્દ્રિયના વિષયોનો ભોક્તા છે નહિ. એને આત્મા કહીએ. આહાહા..! જે આત્માના આનંદનો ભોક્તા છે તેને આત્મા કહીએ. આત્મા વિષયના ભોગને એ ભોગવે એ રાગ છે, એ તો અચેતન છે, જડ

છે. એને ભોગવે એ આત્મા નહિ. આહાહા..! વીતરાગની વાતું ઝીણી બહુ ભાઈ! દુનિયાથી નિરાળી.

'**જો આસક્ત હોતે હૈં, વે તો અજ્ઞાની હી હૈં,...**' આસક્તિની વ્યાખ્યા આટલી કે ભગવાન આત્માના અણીન્દ્રિય આનંદનો અનાદર કરી અને પાંચ ઈન્દ્રિયના વિષય તરફની વૃત્તિ ઉઠે છે એમાં એકાકાર છે એ અજ્ઞાની છે. આહાહા..! '**આસક્ત હોતે હૈં, વે તો અજ્ઞાની હી હૈં,...**' પરવસ્તુમાં આસક્તિ નથી કરતો, પરના લક્ષે થતો રાગ એમાં રસ એકાકાર થાય છે. આહાહા..! આંતરા! કહ્યું હતુંને વિષય કિં કરે? નથી આવ્યું પ્રવચનસારમાં? વિષયો શું કરે? પાંચ ઈન્દ્રિયના વિષયો તો પર જડ છે ઈ શું કરે? પોતે કલ્પના કરે છે કે આમાં મને ઠીક પડે છે. એ તો મિથ્યાદષ્ટિની કલ્પના છે. આહાહા..! જડ વસ્તુ છે, પાંચ ઈન્દ્રિયના વિષયો આબરૂ, વખાણ, પ્રશંસા, શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ એ તો જડ વસ્તુ છે. એ આત્માને સુખની કલ્પના કેમ કરાવે? એમ કહે છે. એમાં સુખ છે (એવી) કલ્પના એ કેમ કરાવે? અજ્ઞાની કલ્પના કરે છે. આહાહા..!

'**વે તો અજ્ઞાની હી હૈં, ક્યોંકિ વિષય તો જડપદાર્થ હૈં,...**' જુઓ આવ્યું. એ તો જડ છે. એ શું કરે? એ માને કે મને ઠીક પડે છે એ તો એની કલ્પના છે. એને વિષયે કરાવ્યું છે ઈ? આહાહા..! આ શરીર, વાણી... આજે આવશે. ૨૫માં જ આવશે બધું. સુંદર હોય, સુઘટ હોય, નમણા હોય દરેક અવયવ શરીરના. એ શરીરના અવયવ એમ કહે છે કે એ અવયવો ઠીક છે મને એવી કલ્પના એ કરાવે છે ઈ? આ તો જડ છે. છેને? '**ક્યોંકિ વિષય તો જડપદાર્થ હૈં,...**' આ પણ વિષય છેને, અત્યારે આ માટી છે. આહાહા..! એ કાંઈ આત્માને 'ઠીક છે' એવી માન્યતા એ કરાવતું નથી. ચીમનભાઈ! આવી વાતું બહુ ઝીણી. એ તો અજ્ઞાની કલ્પના કરે છે કે આહા..! એવું મારું શરીર, એવું સુઘટ. સુઘટ એટલે? ઘડાયેલું સરખું એમ. દરેક અવયવો. એ તો માટી છે આ તો. ભૂતાવળ છે. એ કાંઈ એને સુખની કલ્પના નથી કરાવતું. છે?

'**સુખ તો ઉનકો જાનને સે જ્ઞાન મેં હી થા,...**' વિષયોને જાણતા જે પોતાને જ્ઞાન જાણે એમાં સુખ હતું. '**અજ્ઞાની ને આસક્ત હોકર વિષયોં મેં સુખ માના.**' એ પરમાં સુખ છે એ અજ્ઞાની માને છે કહે છે. આહાહા..! '**જૈસે શ્વાન સૂખી હડ્ડી ચબાતા હૈ...**' કુત્તા-કુત્તા, કૂતરા. સુકું હાડકું '**ચબાતા હૈ તબ હડ્ડી કી નોંક...**' હાડકાની અણી દાઢને વાગે. અણી '**મુખ કે તલવે મેં ચુભતી હૈ,...**' મુખનું તાળવું એમાં એને ચુભે હાડકાની સુકી અણી. '**ઈસસે તાલવા ફટ જાતા હૈ...**' તાળવું ફાટી જાય છે. '**ઔર ઉસમેં સે ખૂન બહને લગતા હૈ...**' લોહી નીકળે એમાંથી. આહાહા..! '**તબ અજ્ઞાની**

**શ્વાન જાનતા હૈ કિ યહ રસ હડ્ડી મેં સે નિકલા હૈ...'** આહાહા..! **'ઔર ઉસ હડ્ડી કો બારબાર ચબાકર સુખ માનતા હૈ,...'** મોઢામાં હાડકું દાબ્યા કરે અને જાણે રસ એમાંથી આવે છે. આહાહા..!

**'વૈસે હી અજ્ઞાની વિષયોં મેં સુખ માનકર બારબાર ભોગતા હૈ,...'** એ તો જડ પદાર્થ છે. એને સુખ માનવાની કલ્પના એણે નથી કરાવી. આહાહા..! **'બારબાર ભોગતા હૈ,...'** પ્રશંસા સ્પર્શની, રૂપ, રસ, ગંધ એ ચીજ તો જડ છે, પણ તેમાં એકાકાર થઈને જે રાગ થાય છે એ રાગનો રસ છે એ ઝેર જેવો છે એને અનુભવે છે. અને માને છે કે આમાંથી મને રસ આવે છે. કૂતરો એમ માને કે હાડકામાંથી મને રસ આવે છે. આ પૈસામાંથી આનંદ આવતો હશે કે નહિ? દિવાળીનો દિવસ હોય, નામા કર્યા હોય, ૨૦ લાખ, ૨૫ લાખ હતા, ૫૦ લાખ, ઓણ પાંચ લાખ ભળ્યા ખર્ચ કાઢતા. એ લક્ષ્મી કરાવે છે? કહે છે. મૂકો લાપસીના આંધણ, હમણાં પેદાશ બહુ થઈ છે. અને બૈરા-બૈરા, છોકરાઓને પણ સૌને આપશું. દાગીના કરાવી દઈશું સૌને હોં! છોકરાઓને કહે. બધાને દાગીનો બબ્બે હજાર, પાંચ-પાંચ હજારનો કરાવશું, ઓણ આપણે પેદાશ ઘણી થઈ છે. બધાય રાજી થાય લ્યો! કહે છે, એ ચીજે એને રાજીપો નથી કરાવ્યો. ચીજ તો જડ છે.

મુમુક્ષુ :- એની કલ્પના.

ઉત્તર :- એની કલ્પના કે આહા. એય..! કાંતિભાઈ! આ જગતના સુખ આહાહા..! મૂઢે માની લીધેલા. આહાહા..! આખી માન્યતામાં ફેર છે ઈ અહીં બતાવવું છે હોં!

**'વૈસે હી અજ્ઞાની વિષયોં મેં સુખ માનકર બારબાર ભોગતા હૈ, પરંતુ જ્ઞાનિયોં ને અપને જ્ઞાન હી મેં સુખ જાના હૈ,...'** આત્મા જાણનાર છે એને જોતાં સુખ થાય છે. આત્મા જાણનાર છે, એ બધા જ્ઞેયો છે એ તો. શરીર, વાણી, મનથી માંડીને બધી ચીજો એ તો જણાવાલાયક છે. સુખ આપવા લાયક છે? દુઃખ આપવા લાયક છે? બહારની સગવડતા એ સુખ દેવા લાયક છે? બહારની અગવડતા એ દુઃખ દેવા લાયક છે? એ તો જ્ઞેય છે. આહાહા..! પણ એની માન્યતા (છે કે) 'આ અગવડતા આવી, હું દુઃખી થઈ ગયો' એ કલ્પના એની છે. સમજાણું કાંઈ? આહાહા..! **'સુખ જાના હૈ, ઉનકો વિષયોં કે ત્યાગ મેં દુઃખ નહીં હૈ,...'** ધર્મી જીવે તો આત્મામાં જોતાં સુખ જોયું છે. જોવાયોગ્ય જોનારને જોયો, જોનાર જોવાયોગ્ય એને જોયો એમાં સુખ જોયું છે. આહાહા..! એને પરના વિષયોના ત્યાગનું દુઃખ નથી. એ તો જાણે છે કે એ તો ઝેર છે. મેં માન્યું હતું. એ વસ્તુ એને છૂટી ગઈ છે. આહાહા..! **'ઐસે જાનના.'** લ્યો!

**'આગે કહતે હૈં કિ કોઈ પ્રાણી શરીર કે સબ અવયવ સુંદર પ્રાપ્ત કરતા હૈ...'**

શરીરના દરેક અવયવ નમણા, કોમળ, સુંવાળા, રૂપાળા એવા શરીરના અંગો ઉત્પન્ન થાય છે. જડના રજકણો સ્કંધોનું-પરમાણુના પિંડનું એવું પરિણમન હોય તો બને. પણ '**તો બી સબ અંગો મેં શીલ હી ઉત્તમ હૈ** –' પણ જેને આત્મદર્શન અને આત્મજ્ઞાન (થયું છે) એને રાગનો વૈરાગ્ય એ શીલ જ ઉત્તમ છે. બાકીના બહારના અંગો એ કાંઈ ઉત્તમ છે નહિ. આહાહા..! કહો, સમજાણું કાંઈ? એ કહે છે.

**वट्टेसु य खंडेसु य भद्देसु य विलासेसु अंगेसु।**
**अंगेसु य पप्पेसु य सव्वेसु य उत्तमं सीलं।।२५।।**

'**અર્થ :- પ્રાણી કે દેહ મેં કઈ અંગ તો વૃત્ત અર્થાત્ ગોલ સુઘટ પ્રશંસાયોગ્ય હોતે હૈં, કઈ અંગ ખંડ અર્થાત્ અર્ધગોલ સદશ પ્રશંસા યોગ્ય હોતે હૈં,...**' આખું મોઢું એ ચંદ્ર સમાન આખું અને અડધું આ કપાળ આદિ અર્ધચંદ્રને આકારે એવું બરાબર જેવું હોય એવું શરીર સુંદર હોય, સુઘટ શરીર હોય એમ કહે છે. નાક પણ જેવું જોઈએ આમ લાંબુ સરખું. કાન પણ સરખા છૂટા લટકતા. ઘણાને આમ ચોંટી ગયેલા હોય છે. છૂટા કાન હોય આમ. એ પોતે દાગીનો જાણે લટકતો હોય. આહાહા..! વળગાડે છેને અહીં. શું કહેવાય તમારે? એરીંગ શું કહેવાય? એરીંગ. એરીંગ અહીં લટકાવેને. અહીં નાખે ફૂલ કાણું પાડીને. આની કોર કે આની કોર આપણને બહુ ખબર ન હોય. એક કોર નાખે કાણું પાડીને. અમારા ગાંડાભાઈ નાખતા હતા. એ કાનમાં રાખતા હતા. આહાહા..!

કહે છે '**કઈ અંગ તો ખંડ અર્થાત્ અર્ધગોલ સદશ પ્રશંસા યોગ્ય હોતે હૈં, કઈ અંગ તો વૃત્ત અર્થાત્ સુઘટ પ્રશંસાયોગ્ય હૈ...**' વૃત્ત એટલે ગોળ. '**કઈ અંગ ભદ્ર અર્થાત્ સરલ સીધે પ્રશંસા યોગ્ય હોતે હૈં...**' હાથ અને પગ ને એવા હોય સીધા સરળ. કેળના ઓલા હોય છેને સ્તંભ જેવા એવા હોય. આમ સરખા પગ ને હાથ ને. '**ઔર કઈ અંગ વિશાલ અર્થાત્ વિસ્તીર્ણ ચૌડે...**' આ છાતી. છાતીમાં ઘણાં ફેર હોય છે. કેટલાકને આમ છાતી પહોળી સરખી હોય અને કેટલાકને આમ વળી ગયેલી હોય, ઘણા પ્રકારની. '**કઈ અંગ વિશાલ અર્થાત્ વિસ્તીર્ણ ચૌડે પ્રશંસા યોગ્ય હોતે હૈં, ઈસપ્રકાર સબ હી અંગ યથાસ્થાન...**' યથાસ્થાન. અને '**સુંદર પાતે હુએ ભી સબ અંગો મેં યહ શીલ નામ કા અંગ હી ઉત્તમ હૈ,...**' આહાહા..! સમ્યગ્દર્શન અને પરથી વૈરાગ્ય એ શીલ ઉત્તમ અંગ છે. આહાહા..! પહેલા સંહનનના ધણી, પહેલા સમચતુરસ્ર સંસ્થાનના ધણી મરીને સાતમી નરકે ગયા. બ્રહ્મદત્ત સમચતુરસ્ર સંસ્થાન. સમચતુરસ્ર. આમ, આમ, આમ બધા સરખા હોય એ સમચતુરસ્ર કહેવાય. પણ એ મરીને નરકે ગયા. આહાહા..! સાતમી નરકે હોં! બ્રહ્મદત્ત (ચક્રવર્તીની) સોળ હજાર દેવ સેવા કરે. જેની એક રાણીની હજાર દેવ

સેવા કરે. રાણીની! એ મરીને પોઢ્યા નરકે. જેને શીલ ન મળે અંદર. સમ્યગ્દર્શન અને પરથી વૈરાગ્ય એવું શીલ નથી તો મરીને ગયા ન્યાં. આહાહા..!

અરે..! કોઈ શુભભાવવાળા હોય તો સ્વર્ગમાં પણ જાય, પણ એ શીલ નથી એને. આહાહા..! શીલ એટલે? સ્વભાવની સન્મુખતા અને રાગની વિમુખતા એ જેને નથી એ શુભભાવથી ભલે સ્વર્ગમાં જાય, એમાં કાંઈ છે નહિ. આહાહા..! ઓહો..! આચાર્યોએ કેટલી વાત કરી છે! એક એક વાત શરીર સુધીની લઈ ગઈ વાત. લ્યો! બધા શબ્દો ને યાદ પાછા. આ વૃત્તેષુ ને આ ભદ્રેસુ. આહાહા..! ભાઈ! તારો આત્મા અંદર જુદો છે, પ્રભુ! આહાહા..! એ આત્માને આ આકાર કાંઈ લાગુ પડતા નથી. આ તો જડ છે, માટી ધૂળ છે. આહાહા..!

એવા બધા અંગ સુંદર હોવા છતાં જેને ભગવાન આત્માની દૃષ્ટિ થઈ છે અને પરથી જેને વૈરાગ્ય છે એ શીલને શોભાવાન કહેવામાં આવે છે. બાકી એકલા ત્યાગી બહારના હોય, પણ જેને હજી સમ્યગ્દર્શન અને રાગથી વૈરાગ્ય અંદર-બે ચીજ નથી એ બધા કુશીલિયા છે. આહાહા..! સમજાણું કાંઈ? એ શુભની રાગની ક્રિયા મને લાભ કરશે એ કુશીલિયો છે. કારણ કે એના એ સ્વભાવમાં નથી અને એનાથી એ માન્યું. વિભાવ મને સ્વભાવમાં મદદ કરશે. કુશીલ છે. સમજાણું કાંઈ? ભલે એ અગિયાર અંગ ભણ્યો હોય, નવ પૂર્વ ભણ્યો હોય, અબજો શ્લોક જેને કંઠે હોય અને નવમી ગ્રૈવેયક જાય એવો સાધુ. પંચ મહાવ્રત ચોખ્ખા, અઠ્યાવીશ મૂળગુણ ચોખ્ખા, પણ મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. કેમકે શુભભાવ રાગ છે એને એણે ધર્મ માન્યો છે અને રાગમાં એકતા છે એનું નામ મિથ્યાત્વ છે. આહાહા..!

મુમુક્ષુ :- રાગથી લાભ માને એ જ મિથ્યાત્વ.

ઉત્તર :- એ જ મિથ્યાત્વ. કુશીલિયો છે કુશીલિયો, વ્યભિચારી છે. શુભરાગ દયા, દાન, વ્રતના પરિણામ મને લાભદાયક છે એ કુશીલિયો છે. આહાહા..! એ વ્યભિચારી છે. ભલે એ સ્ત્રીને સેવતો ન હોય અને જ્ઞાનીને કદાચિત્ સ્ત્રીને સેવવાની વૃત્તિ હોય, પણ જેને રસ ઊડી ગયો છે. આહાહા..! આવો આંતરો! '**गृहस्थो मोक्षमार्गस्थो**' આવે છેને? રત્નકરંડ શ્રાવકાચાર. ગૃહસ્થાશ્રમમાં રહેલો હજારો રાણીના સંગમાં હોય, પણ છતાં જેને આત્મદર્શન સમ્યક્ છે અને પરથી જેને વૈરાગ્ય વર્તે છે અંદર... આહાહા..! એ મોક્ષના માર્ગે છે. ભલે સંસારમાં હોય એ. એને રાગનો ભાવ પણ હોય રળવાનો, વિષયનો, છતાં એ મોક્ષને માર્ગે છે. અને ત્યાગી થાય મુનિ. આહાહા..! શું કહ્યું પછી? મોહી અણગારો? એ મોહી મુનિ છે એ મિથ્યાદૃષ્ટિ. આહાહા..! પડિમાધારી નામ ધરાવ્યા, સાધુ નામ ધરાવ્યા, છે રાગના પ્રેમવાળો, આત્માના આનંદની તો ખબર પણ નથી.

મુમુક્ષુ :- અનંત વાર આચાર્ય થયો.

ઉત્તર :- અનંત વાર દીક્ષા લીધી. શ્રીમદ્‌માં આવે છેને. અનંત વાર આચાર્ય થયો એવું આવે છે. જૈનની દીક્ષા અનંત વાર લીધી. એ દીક્ષા ક્યાં હતી ધૂળ. આચાર્ય થયો જૈનનો. શાસ્ત્ર ભણ્યો અનંત વાર, પણ જેને ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો નાથ જેનો ભેટો થયો નથી, એના આનંદના સ્વાદ જેને આવ્યા નથી, એ રાગના સ્વાદને અનુભવી રહ્યો છે. આહાહા..! એ પંચ મહાવ્રતનો પાળનાર દુઃખી છે. કારણ કે પંચ મહાવ્રત રાગ છે, આસ્રવ છે. આહાહા..! આવી વાતું છે.

'**સબ હી અંગ શોભા નહીં પાતે હૈં, યહ પ્રસિદ્ધ હૈ.**' લ્યો!

'**ભાવાર્થ :- લોક મેં પ્રાણી સર્વાંગ સુંદર હો, પરંતુ દુઃશીલ હો...**' દેખો! '**તો સબ લોક દ્વારા નિંદા કરને યોગ્ય હોતા હૈ, ઈસપ્રકાર લોક મેં ભી શીલ હી કી શોભા હૈ...**' બહાર. '**તો મોક્ષ મેં ભી શીલ હી કો પ્રધાન કહા હૈ, જિતને સમ્યગ્દર્શનાદિક મોક્ષ કે અંગ હૈં,...**' આ, આ શીલ. સમ્યગ્દર્શન (એટલે) દેવ-ગુરુ ધર્મ સાચા, આ આત્મા છે એને સાચા માનીએ છીએ. એ સમ્યગ્દર્શન નહિ. જોયું! આ મોક્ષના અંગ કીધા. ઓલા શરીરના અંગ લીધા. શરીરના અંગ બધા સુંદર હોવા છતાં જેને મોક્ષનું અંગ નથી એ બધી શોભા પામતો નથી. આહાહા..! બહુ વાતું ફેર. નાનામાં નાનો શુભ રાગનો કણ, મહાવ્રતનો એનો જેને પ્રેમ છે કે એ મારું કર્તવ્ય છે, એ મિથ્યાદષ્ટિ કુશીલિયો છે. આહાહા..! એ કહે છે જુઓ!

'**સમ્યગ્દર્શનાદિક મોક્ષ કે અંગ હૈં, વે શીલ હી કે પરિવાર હૈં,...**' આહાહા..! એ પહેલા આવી ગયું છે આપણે પરિવારનું નહિ? પરિવારનું આવી ગયું છે પહેલા. એ ૧૯. ૧૯-૧૯.

**जीवदया दम सच्चं अचोरियं बंभचेरसंतोसे।**
**सम्मद्दंसण णाणं तओ य सीलस्स परिवारो।।१९।।**

પણ ઓલું સમ્યગ્દર્શન હોય તો. એ વિના બધા કુશીલિયાના અંગ છે. આહાહા..! સમ્યગ્દર્શન પૂર્ણ આનંદનો નાથ પરમાત્મા પોતે (છે) એવું જેને સ્વસન્મુખની સમીપનું દર્શન થયું છે, સ્વસન્મુખના સમીપમાં સ્વસંવેદન આત્માનું જ્ઞાન થયું છે. બીજું જ્ઞાન ઓછું-વત્તું એની સાથે સંબંધ નથી. અને આત્માનું ચારિત્ર. એ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાનસહિત, સ્વરૂપમાં રમણતારૂપી ચારિત્ર આદિ. ઈન્દ્રિય દમન, વગેરે-વગેરે કીધાને બધા ૧૯માં કીધા. ૧૯માં કીધુંને. '**જીવદયા, ઈન્દ્રિયોં કા દમન, સત્ય, અચૌર્ય,...**' સત્યભાવ પ્રગટ્યો હોય એ '**सम्मद्दंसण**' આદિ શીલનો પરિવાર છે એ, પણ ઓલું સમ્યગ્દર્શન આદિ હોય તો. એ વિના બધે થોથે થોથાં

છે. સમજાણું કાંઈ? 'ઐસા પહિલે કહ આયે હૈં.' ૧૯માં.

'આગે કહતે હૈં કિ જો કુબુદ્ધિ સે મૂઢ હો ગયે હૈં વે વિષયોં મેં આસક્ત હૈ, કુશીલ હૈં, સંસાર મેં ભ્રમણ કરતે હૈં -'

**पुरिसेण वि सहियाए कुसमयमूढेहि विसयलोलेहिं।**
**संसारे भमिदव्वं अरयघरट्टं व भूदेहिं।।२६।।**

'**અર્થ :- જો કુસમય અર્થાત્ કુમત સે મૂઢ હૈં...**' આહાહા..! એક વીતરાગ માર્ગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથે કહ્યો એ સિવાયના માર્ગ બધા કુસમય છે. આહાહા..! લ્યો! એ બધા વિષયના લોલુપી છે કહે છે. પરમાં લોલુપી છે એમ કહે છે. સ્વનું તો એને ભાન હોતું નથી. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર, એમાં પણ એક દિગંબરદર્શન એ જ જૈનધર્મ એક છે. સમજાણું?

મુમુક્ષુ :- ધર્મ એક જ હોય.

ઉત્તર :- એક જ ધર્મ એ જૈનધર્મ છે. બાકી કોઈ જૈનધર્મ છે જ નહિ દુનિયામાં. આહાહા..! માણેકચંદજી! એ કહે છે મૂળ વાત. કુમત-કુશાસ્ત્ર કહ્યુંને? '**कुसमयमूढेहि**' ખોટા મતમાં મૂઢ થઈ ગયેલા એ બધા વિષયના લોલુપી છે. એટલે એ બહારના જ લોલુપી છે એમ કહે છે. પાંચ ઈન્દ્રિયના વલણવાળા લોલુપી છે. આહાહા..! જેણે દેવ-ગુરુની ભક્તિથી ધર્મ મનાવ્યો છે એ બધા વિષયના લોલુપી છે કહે છે. બહુ આકરી વાત. નાગા બાદશાહથી આઘા. નગ્ન મુનિ છે, નાગા છે, બાદશાહથી આઘા છે. આહાહા..!

કહે છે, '**કુસમય અર્થાત્ કુમત સે મૂઢ હૈં...**' આહાહા..! જેણે દેવના સ્વરૂપ ફેરવી નાખ્યા, ગુરુના ફેરવી નાખ્યા શાસ્ત્રમાં, એવા જે કુમતવાળા. આહાહા..! મૂળ તો આ કહેવું છે હોં! દુઃખ લાગે માણસને. ... માર્ગ તો આ છે. એ આમ ભલે વિષય છોડીને બેઠા બહારના, સાધુ નામ ધરાવે, લૂગડા પહેરે અને અમે સાધુ છીએ. કહે છે કે કુમતમાં રાચેલા, પરના પદાર્થ તરફના વલણના લોલુપીઓ છે. આહાહા..!

મુમુક્ષુ :- રાગથી ધર્મ માને છે.

ઉત્તર :- રાગથી ધર્મ. આહાહા..! શુભરાગની ક્રિયા એ ધર્મ. એ તો પરવિષય છે. અને એ ધર્મ કરતાં-કરતાં આગળ થાશે. એ બધા કુમત છે. વીતરાગ પરમાત્માનો મત નહિ.

ત્રિલોકનાથ તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમેશ્વર દિગંબર હતા એ. તીર્થંકરોને વસ્ત્ર ન હોય. આ તો મુનિ થયા ત્યારે વસ્ત્ર ન હોય. પછી કેવળ થયા પછી તો આહાર પણ ન હોય. આહાહા..! એવી દશા. એને મૂકીને જેણે કલ્પનાથી શાસ્ત્રો બનાવ્યા અને ધર્મ મનાવ્યો. આહાહા..! લૂગડા સહિત સાધુપણું મનાવ્યું, કપડાસહિત સાધુ એ બધા કુમત સાધુ છે. આવો માર્ગ છે, ભાઈ!

કોઈ વ્યક્તિ પ્રત્યેનો વેર ન હોય, વિરોધ ન હોય, પણ વસ્તુસ્થિતિ તો આવી છે. સત્ત્વેષુ મૈત્રી. લાલચંદભાઈ! આ પણ ધર્મ છે અને આ પણ ધર્મ છે. એમ સમન્વય કરે છેને અત્યારે? તદ્દન ખોટી વાત. આહાહા..! એક કોર રેશમી લૂગડાનો પટ્ટ હોય બે હાથનો પહોળો અને એક કોર આ શણ હોય કોથળો. ચોખા રહે. એ કપડું કહેવાય? બારદાન કહેવાય. ગાંડા માણસ હોય પાગલ. આહાહા..! એમ સત્ય માર્ગ વીતરાગ પરમેશ્વરે જે આ દિગંબર ધર્મ એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહ્યું, એ સિવાય બીજાનો માર્ગ સાથે મેળ કરવા જાશે (તો) બિલકુલ મેળ નહિ ખાય. આહાહા..! એ અહીં નાખ્યું ભેગું જુઓને. નહિતર વળી કહે શીલ-શીલ એટલે ઓલું બ્રહ્મચર્ય પાળે છેને. કુમતના સાધુઓ બધા કુશીલિયા છે કહે છે. ભલે બ્રહ્મચર્ય પાળતા હોય શરીરથી.

'**જો કુસમય અર્થાત્ કુમત સે મૂઢ હૈ વે હી અજ્ઞાની હૈં ઔર વે હી વિષયોં મેં લોલુપી હૈં, આસક્ત હૈં,...**' આહાહા..! સ્વદ્રવ્યનો વિષય તો એને હાથ આવ્યો નથી અને એ વાત તો એમાં છે નહિ. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર સિવાય, સ્વદ્રવ્ય વિષય તે સમ્યગ્દર્શન, સ્વને આશ્રયે સમ્યગ્દર્શન થાય એ વાત તો છે નહિ. પરને આશ્રયે થાય. હે ભગવાન! તમે વીતરાગ છો, અમે તમારા ભગત છીએ, તમને અમે માનીએ છીએ એ અમારું સમકિત છે. દુનિયાની સાથે ભાઈ આકરી વાત છે. આ તો વીતરાગ કુંદકુંદાચાર્ય નગ્ન મુનિ મહા સ્વસંવેદનમાં ઉગ્રપણે પડ્યા છે એ આ કહે છે. સ્વસંવેદન આનંદની લહેરમાં પડ્યા છે ઈ. મુનિ તો આનંદ અને અતીન્દ્રિય આનંદના ઝૂલે ઝૂલતા હોય છે. આહાહા..! એકલા પંચ મહાવ્રત અને નગ્નપણું એ કાંઈ મુનિપણું નથી. આહાહા..! બહુ વાત! આ બચ્ચા સમજે છે? ભાષા ગુજરાતી નહિ બરાબર સમજતા હોય. હિન્દી છેને ત્યાં? પુસ્તક તો હિન્દી છે.

મુમુક્ષુ :- હવે તો ગુજરાતી સમજે છે.

ઉત્તર :- સમજે છે ગુજરાતી?

મુમુક્ષુ :- પંડિતજી જઈને આવ્યા.

ઉત્તર :- હા, ત્યાં ગયા હતા?

મુમુક્ષુ :- પંડિતજી હિન્દી બોલેને.

ઉત્તર :- ત્યાં તો હિન્દી બોલેને પણ. અને આ ગુજરાતી સાદી ભાષા છે. અને સામે હિન્દી પુસ્તક હોય તો તો તરત સમજાય. બપોરે વળી શું આવે? બપોરે ગુજરાતી નથીને? ગુજરાતી છેને. કળશટીકા. એ ગુજરાતી છે.

આ નાખ્યું વચમાં કે વળી એકલા કુમતના સાધુઓ કદાચિત્ બ્રહ્મચર્ય પાળતા હોય ને કષાય મંદ હોય, પણ એ સુશીલ છે એમ નથી. આહાહા..! આ તો સત્ય અને સત્ય તરીકેની

પ્રસિદ્ધિ છે. '**લોલુપી હૈં,...**' આહાહા..! એનો કહેવાનો અર્થ એવો છે કે જેને દ્રવ્યદૃષ્ટિનો વિષય જ નથી એનામાં. દ્રવ્ય વસ્તુ જે અખંડ એને આશ્રયે ધર્મ થાય એ વિષય (જ નથી). અહીંથી થાય.. અહીંથી થાય.. અહીંથી થાય.. એ બધા પરના વિષયમાં લોલુપી છે એમ કહે છે. આહાહા..! કહો, ચીમનભાઈ! આવું બધું ઝીણું છે. '**વે જૈસે અરહટ મેં ઘડી ભ્રમણ કરતી હૈ...**' એ અરહટ જેમ.. અરહટ હોયને? ઉપર પાણી નીકળે અને નીચે ભરાય. કૂવામાં હોયને. ઉપરથી નીકળે હેઠેથી ભરાતું જાય. '**ભ્રમણ કરતી હૈ વૈસે હી સંસાર મેં ભ્રમણ કરતે હૈં, ઉનકે સાથ અન્ય પુરુષોં કે ભી સંસાર મેં દુઃખસહિત ભ્રમણ હોતા હૈ.**' એવાને માનનારા જીવો પણ ચાર ગતિમાં રખડશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પ્રવચન નં. ૨૦૪માં અવાજ અસ્પષ્ટ હોવાથી લેવામાં આવેલ નથી.**

**શ્રાવણ સુદ ૨, રવિવાર તા. ૨૧-૦૭-૧૯૭૪**
**ગાથા - ૩૦ થી ૩૨, પ્રવચન - ૨૦૫**

આ શીલપાહુડ છે. ૩૦મી ગાથા. '**આગે કહતે હૈં કિ શીલ કે બિના જ્ઞાન હી સે મોક્ષ નહીં હૈ, ઈસકા ઉદાહરણ કહતે હૈં -**'

**जइ विसयलोलएहिं णाणीहि हविज्ज साहिदो मोक्खो।**
**तो सो सच्चइपुत्तो दसपुव्वीओ वि किं गदो णरयं।।३०।।**

'**અર્થ :- જો વિષય મેં લોલ અર્થાત્ લોલુપ આસક્ત...**' એટલે? આત્મા આનંદસ્વરૂપ છે એને છોડીને જેને રાગના વિષય ... છે તેની એકતાબુદ્ધિ છે અને જેને સ્વભાવની એકતા નથી. ચૈતન્યસ્વભાવ, ચૈતન્ય ધ્રુવ એ શુદ્ધ અને પવિત્ર છે અનાદિ-અનંત, એની જેને એકતા નથી અને સ્વસન્મુખમાં એકતા નથી, પરમુખથી જેને વિરક્તતા નથી. સમજાણું કાંઈ? શું કહેવાય? ... આત્મા જે આત્મા વસ્તુ છેને આત્મા પદાર્થ, એ તો ચૈતન્ય અને આનંદના સ્વભાવથી ભરેલો પદાર્થ છે. ભગવાન આત્મા બાળગોપાળ બધાનો. બાળગોપાળ એટલે? બાળક હોય કે વૃદ્ધ હોય કે યુવાન હોય. એ તો બધી શરીરની અવસ્થા છે. એમાં રહેલો

જે આ આત્મા છે એ તો શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદ છે. એવા સ્વભાવની જેને એકતા નથી અને પરથી જેને વિમુખતા નથી, સ્વની સન્મુખતા નથી, પરથી વિમુખ નથી, એવો જીવ ગમે એટલું જાણપણું કરે, શાસ્ત્રના જાણપણા કરે .. પણ એ શીલ વિનાના છે.

શીલ એટલે આ. ચૈતન્ય પ્રભુ ચૈતન્યધાતુ, જેણે ચૈતન્ય જ્ઞાન અને આનંદ, દર્શન ચૈતન્ય.. એને જેણે ત્રિકાળ સામાન્ય સ્વભાવ ધારી રાખ્યો છે, એણે વિકાર નથી ધાર્યો. કર્મ ને શરીર એણે નથી ધાર્યા. ઝીણી વાત છે. એ ચૈતન્ય વસ્તુ છે આત્મપદાર્થ એ તો શુદ્ધ જ્ઞાન અને આનંદ આદિ શુદ્ધ સ્વભાવ દ્રવ્યે શુદ્ધ છે, ભાવે શુદ્ધ છે. ઓલામાં એમ કહ્યું, ... આ દ્રવ્ય એટલે વસ્તુ અને ગુણ એટલે એના સ્વભાવભાવ. એ શુદ્ધ છે, પવિત્ર છે, એવા શુદ્ધ સ્વભાવમાં જેની દૃષ્ટિ નથી અને અશુદ્ધ એવા રાગથી વિમુખ નથી એવા પ્રાણીને ગમે એટલું જ્ઞાન ઉઘાડ હોય, પણ એને ધર્મ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? ઝીણી વાત.

**'વિષયોં મેં લોલ અર્થાત્ લોલુપ આસક્ત ઔર જ્ઞાનસહિત,...'** ભલે કહે છે કે જ્ઞાનનો વિકાસ-ઉઘાડ નવ પૂર્વનો (હોય), અહીં તો દસ પૂર્વ કહેશે. પણ અર્થમાં ઓલો કહે છે નવ પૂર્વ ભણ્યો. .. આવે છેને? નવ પૂર્વનું જ્ઞાન એટલે? ઊભો હાથી હોય અને એટલી સ્શનાઈ હોય અને કલમોથી લખે તો એ પૂર્વનું જ્ઞાન લખ્યું ન જાય. એટલું જેને જ્ઞાન એટલે ક્ષયોપશમનો વિકાસ એટલો હોવા છતાં જેને આત્મદર્શન નથી એ કુશીલ. ચૈતન્ય ભગવાન પૂર્ણ શુદ્ધ આનંદ એનો જ્યાં અંતરમાં સ્વીકાર નથી અને પુણ્ય અને પાપના વિકલ્પ નામ રાગથી માંડીને આખી દુનિયા એનાથી જે વિમુખ અને વિરક્ત નથી તો એ ધર્મી નથી. વસ્તુનો અભ્યાસ નહિને.

મુમુક્ષુ :- વારંવાર અમારી વૃત્તિ જાય છે, પણ અહીં જાતી નથી.

ઉત્તર :- એ કરતો નથી. ઓલા છોકરાના ને એના રસ છે વધારે. ઊંડે-ઊંડે હજી રસ પણ .. મજા. બાપુજી-બાપુજી કરે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... રોટલા ખાઈને પડ્યા છેને. આ શાંતિભાઈ પડ્યા છેને એકલા લ્યોને, છોકરાને મૂકીને. એ કહેતા હતા...

પણ અહીં તો પ્રભુ એમ કહે છે, ભાઈ! જન્મ-મરણના ચોર્યાશીના અવતારથી છૂટવું હોય, ચોર્યાશીના અવતાર ભાઈ! તેં અનંતા કર્યા અને જ્યાં સુધી મિથ્યાત્વ છે ત્યાં સુધી અનંતા સંસારનો ભવ છે. મનુષ્યપણું પામ્યો અને કાંઈક પાંચ ઇન્દ્રિય ઠીક મળી અને આ કાંઈક મળ્યું માટે અમે કાંઈક ચડ્યા છીએ, વધ્યા છીએ. એમ નથી. અહીંયા તો શાસ્ત્રનું

જ્ઞાન નવ પૂર્વનું કરે. કેટલું જ્ઞાન! ઓહોહો..! ઊભો હાથી હોય એટલી જે રુશનાઈ-શાહી શાહી. શું કહે છે? અને કલમથી લખે. તો એ પૂરું થઈ જાય તો પૂર્વનું જ્ઞાન પૂરું ન લખાય. એટલું તો જેને ઉઘાડ જ્ઞાન હોય. એનું શું ...? એમ કહે છે. આહાહા..! એ વિષયનો લોલુપી છે. રાગના પુણ્યનો ભાવ એનો લોલુપી છે. આહાહા..! એને અંદર શુભભાવમાં સુખબુદ્ધિ છે. સુખ તો ભગવાન આત્મામાં છે, અતીન્દ્રિય આનંદ આત્મામાં છે. અને પોતાની .. આ બહાર કારખાના ને બે-પાંચ લાખ પેદા કરતા હોય એથી સો, બસ્સો, પાંચસો માણસ નોકર કામ કરતા હોય, ખુરશીએ બેઠો હોય, ઠીક છે, હમણા ઠીક છે. મૂઢ છે, પાગલ છે કહે છે. આહાહા..! ત્યાં સુખ છે કાંઈ? આહાહા..! આ શરીર માટી આ તો હાડકા છે, ચામડા છે. આમાં સુખ છે?

મુમુક્ષુ :- એની તંદુરસ્તીમાં સુખ છે.

ઉત્તર :- તંદુરસ્તીમાં સુખ છે જડમાં? આ તો જડ .. જુઓ .. આમાં સુખ છે? આ તો માટી છે, હાડકા છે, ચામડા છે, લોહી છે. આટલી ચામડી જરી ઉપરથી કાઢી નાખે તો સમજવા જેવું દેખાય. આહાહા..! નથી શરીરમાં સુખ, નથી બાયડીમાં સુખ, નથી એના પૈસામાં સુખ, નથી એના કારખાનામાં સુખ, નથી એની આબરૂમાં સુખ. એ પરમાં સુખ માને છે એ વિષયના લોલુપી છે કહે છે. ભલે વિષય સેવતો ન હોય બહારથી ક્રિયામાં, સંયોગ ન હોય, પણ અંતરમાં એ રાગને વિષય બનાવીને જેને રસ પડ્યો છે એ વિષયનો લોલુપી છે. ભગવાન આત્મા પર તરફના વિષયના વલણની વૃત્તિ વિનાનો છે. પર તરફના વિષયના વલણની લાગણી વિનાનો આત્મા છે. આહાહા..! એવા આત્માનું જેને શીલ નથી. શીલ એટલે આ શરીરથી બ્રહ્મચર્ય પાળવું એ નહિ. એ શરીરથી બ્રહ્મચર્ય પાળે તો પણ એને અંદરમાં રાગભાવ છે એને પોતાનો માને અને એમાં જેનો પ્રેમ છે એ શીલ વિનાનો પ્રાણી છે. આહાહા..! આવી વાત છે, ભાઈ!

કહે છે કે વિષયનો લોલુપી એટલે પરપદાર્થના વલણમાં ... ભગવાન આત્મા અંદર ચૈતન્ય આનંદસ્વરૂપ એની એને ખબર નથી. અને અત્યારે તો આ બધા જુઓને પાંચ-પચ્ચીસ હજાર, પચાસ હજાર મૂડી થાય કારખાનું... કારખાનું... એવું સાંભળીએ છીએ બહુ. એ ૨૫-૫૦ માણસ નોકર થઈને કરે એમાં કારખાનું. ધનજીભાઈ! તમારે છે કે નહિ ત્યાં? વડોદરા. ઝવેરભાઈને છે. ઝવેરચંદભાઈ આવ્યા છેને. એને ત્યાં છે વડોદરામાં. .. નહિ? આ તો સાંભળ્યું ફલાણાને તો કારખાનું, ફલાણાને કારખાનું. પચ્ચીસ હજાર થયા એને કારખાનું, પચાસ હજાર થયા એને કારખાનું, લાખ-બે લાખ. શું છે પણ? એ તો ઝેર છે, પર છે. આહાહા..! એમાં જેને મીઠાશ છે એ વિષયના લોલુપી છે. ભગવાન આત્મા આનંદનો નાથ પ્રભુ અતીન્દ્રિય

આનંદનો રસકંદ છે. એની જેને આસક્તિ એટલે એકાગ્રતા નથી. અને રાગાદિ આ ભાવથી જેને વિમુખતાને વિરક્તતા નથી. આહાહા..! અહીં તો મોહ ને રાગ-દ્વેષરહિત પરિણામ તેને શુભ કહે છે. બહારની વાત છે નહિ. અંદરમાં પર તરફના વલણવાળી વૃત્તિનો નિષેધ, સ્વસન્મુખની દૃષ્ટિ, એવું જે સમ્યગ્દર્શન અને પરથી વિમુખતા એવો જે વૈરાગ્ય. આહાહા..! એ રાગ-દ્વેષ-મોહરહિતના એ પરિણામ છે. એને અહીંયા શીલ કહેવામાં આવે છે. એવું જેને રાગ-દ્વેષ-મોહના પરિણામરહિત શીલ નથી અને ... વધી ગયું ..

'**જ્ઞાનસહિત, ઐસે જ્ઞાનિયોં ને મોક્ષ સાધા હો...**' જોયું! જ્ઞાની એટલે ઉઘાડવાળો એમ. '**જ્ઞાનિયોં ને મોક્ષ સાધા હો તો દશપૂર્વ કા જાનનેવાલા રુદ્ર નરક કો ક્યોં ગયા?**' આહાહા..! જેને નવપૂર્વનું જ્ઞાન હતું. રુદ્ર. એ નરકમાં ગયા. આહાહા..! ઝીણી વાત બાપુ બહુ ઝીણું. અરે! મનુષ્યપણું પામીને જે આ ચીજ છે અંતર ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ, એનો જેણે પ્રેમ કર્યો નથી અને જેણે રાગનો પ્રેમ છોડ્યો નથી એ ..રાગવાળા હોય આ રુદ્ર નરકમાં ગયા. ... ... ...એ તો .. વસ્તુનો .. એ ચૈતન્યનો નહિ. એવા શીલ વિનાના પ્રાણી આવા જ્ઞાનથી તો નરકમાં ગયા. આહાહા..! કેમકે આત્માનો સ્વભાવ મોહ અને રાગદ્વેષરહિત છે. એવા સ્વભાવને પામ્યા નહિ અને વિભાવથી વિરક્ત અંદર થયા નહિ એટલા જ્ઞાનવાળા તો નરકમાં ગયા છે. આહાહા..! કાંતિભાઈ! આ બધા તમારા ડોક્ટરના જ્ઞાન અને આ વકીલના જ્ઞાન, ઈજનેરના જ્ઞાન શું કહેવાય? ઈંજિનિયર એમાં તો મુંડાવે અહીં. એ કુજ્ઞાન છે. આહાહા..! એલ.એલ.બી. થયા હોય, એમ.એ. થયા હોય મોટા પૂંછડા વળગાડ્યા હોયને ઓલા. એ તો કુજ્ઞાન છે. આહાહા..! જે જ્ઞાન આત્માને તારે નહિ, એ જ્ઞાનને જ્ઞાન શું કહેવું? જે જ્ઞાન આત્માને ચાર ગતિમાં બુડાડે એ જ્ઞાનને જ્ઞાન કેમ કહીએ? આહાહા..! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરનો આ હુકમ છે.

'**ભાવાર્થ :- શુષ્ક કોરે જ્ઞાન હી સે મોક્ષ કિસી ને સાધા કહેં...**' કોરું જ્ઞાન. સમજાણું કાંઈ? કોરું જ્ઞાન એટલે લુખ્ખું જ્ઞાન. જેમાં આત્મા આનંદસ્વરૂપ છે એનો તો અંદરમાં રુચિ અને પ્રેમ તો જાગ્યો નથી. આહાહા..! અને પ્રેમે ઘર લીધા રાગના. રાગના પ્રેમમાં ઘૂંટાણો છો. એવા જીવ '**શુષ્ક કોરે જ્ઞાન હી સે મોક્ષ કિસી ને સાધા કહેં તો દશ પૂર્વ કા પાઠી રુદ્ર નરક ક્યોં ગયા? ઈસલિયે શીલ કે બિના કેવલજ્ઞાન હી સે મોક્ષ નહીં હૈ,...**' એ સમ્યગ્જ્ઞાન વિનાની વાત છે હોં આ. સમ્યગ્જ્ઞાનમાં સ્વસન્મુખ દૃષ્ટિ હોય અને આત્માનું જ્ઞાન હોય અને રાગથી વિરક્તતા હોય એ સમ્યગ્જ્ઞાન છે. આહાહા..! સમજાણું કાંઈ? જ્ઞાનીને રાગ રુચતો નથી, રાગ હોય એને જ્ઞાની રોગ સમાન જાણે છે. રાગ હોય એને ધર્મી રોગ સમાન જાણે છે. આહાહા..! અજ્ઞાની રાગને પ્રેમથી આદર કરીને

તેનો રસ લે છે. આહાહા..! સમજાણું કાંઈ? બહારની ક્રિયાકાંડ છોડીને પ્રવૃત્તિ છોડી એ ભેખ લીધો, સાધુ થયો, માટે તે સમ્યગ્દષ્ટિ છે એમ છે નહિ. અને ગૃહસ્થાશ્રમ કદાચિત ન છૂટ્યો માટે એ ધર્મી નથી એમ નહિ. ધર્મની વ્યાખ્યા તો આ છે.

**'મોક્ષ કિસીને સાધા કહે તો દશ પૂર્વ કા પાઠી રુદ્ર નરક ક્યોં ગયા? ઈસલિયે શીલ કે બિના...'** આ ધર્મ. આહાહા..! મહાપ્રભુ ચૈતન્ય. .. ચૈતન્યધાતુ. અંદર ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... જ્ઞાનદર્શન એવા સ્વભાવથી ભરેલો ચૈતન્યધાતુ આત્મા છે. એમાં આવ રે આવ જીવ ત્યાં આવ. આહાહા..! રાગ આદિમાં રહેવું એ તારું સ્થાન નહિ, ભગવાન! એ તારું પદ નહિ. આહાહા..! દારૂ પીને સૂતો હોય. દારૂ પીને પછી ભાન ન હોય, વિષ્ટા પડી હોય ત્યાં જઈને સૂઈ જાય. એને કોઈ એમ કહે કે અરે..! આ શું તું અહીં સૂતો છ? ભાઈ! તારા સ્થાન તો જો ... હાથીના દાંતની .. હીરા-માણેક જડેલા, મહેલમાં તારો વાસ હોય. આ વાસ હોય તારો? એમ અજ્ઞાનમાં રાગના પ્રેમમાં પડેલા દારૂ પીધા છે કહે છે. મિથ્યાત્વરૂપી દારૂ પીધો છે અને સૂતો છે વિકારમાં મને મઝા છે. આહાહા..! એને કહે છે કે અરે..! જીવ! આ તારું સ્થાન નહિ હોં! એ તારે રહેવાના આ સ્થાન નહિ. તારું શીલ આનંદ ... બ્રહ્માનંદ આત્માનો આનંદ અતીન્દ્રિય આનંદનો અક્ષય ભંડાર ભર્યો છે. અરે..! એમાં એનો તો સ્વીકાર કર. એની સામું તો જો. બહારની સામું જોવું છોડી દે. સમજાણું કાંઈ? આવો માર્ગ ભારે ભાઈ!

આ બધા પૈસા-બૈસા ભેગા થાય, થોડા ઘણા દાન આપે. એમાં ધર્મ થાય? ધૂળમાંય ધર્મ નથી. એ તો ઈષ્ટોપદેશમાં કહ્યું હતુંને ભાઈ! ઈષ્ટોપદેશમાં કહ્યું હતું નહિ? એમ કે પૈસા રળશું અને પછી દાન કરશું. એમ કાદવે લેપાયેલા, પછી સ્નાન કરશું. ઈષ્ટોપદેશમાં છે. ઈષ્ટોપદેશ એને કહીએ કે પાપ જ કરવું નહિ, દાન દેવું એ પછી પાપ કરીને પૈસા ભેગા કરવા અને પછી દેશું દાન. ગાયને મારીને કૂતરા ધરવવા. આહાહા..! આ પૈસા ખરચીને. ૨૫-૫૦ હજાર પેદા થાય એમાં .. દાન નહિ? શું કહેવાય એ? શુભ ખાતા. શુભ ખાતે કાઢો એટલા. ઓલા ... આવ્યા. મોટા મોટા .. એક એક ડબ્બે .. કાઢે. પૈસો ... એટલો મોટો વેપાર છે. આ ગઢડાવાળા આ બહારમાં છેને. બધા .. નાનચંદભાઈના દીકરા. ખબર છેને. ... એ .. આપે ... પછી અમે છોડીએ છીએ. પુણ્યને લીધે. .. ખાતે ગયા. રતલામ. .. એની સાથે રહેતા. હું દુકાન ખોલીને આવું ને એ પાઠશાળા ભણાવે. નવરા બેઠા.. શું ભણાવે? કે કાંઈ ઠેકાણા ન મળે. પૈસા.. એ મરી ગયો. રતલામમાં. ત્યાં શું થયું ધૂળમાં?

મુમુક્ષુ :- એ તો રાજા થાય.

ઉત્તર :- રાજા... નીચે નરકે જાય. રાજી .. નરકે .. આહાહા..!

ચૈતન્ય રાજ ભગવાન પૂર્ણાનંદનો નાથ રાજ્યતે શોભતે ઈતિ રાજા. પોતાના શુદ્ધ સ્વભાવથી શોભે છે એવો જે રાજા આત્મા, એનું જેને શીલ નથી એટલે કે એના સન્મુખનો અનુભવ નથી અને વિમુખનો વૈરાગ્ય નથી. આહાહા..! ... લાખો માણસોને સમજાવે .. બધા થોથા છે. આહાહા..! આત્મા સચ્ચિદાનંદ પ્રભુ-સત્ નામ છે જ્ઞાન. ચિદ્ નામ જ્ઞાનને અતીન્દ્રિય આનંદ. એવા સ્વભાવ સ્વરૂપ પ્રભુ એની સન્મુખતાનું સમ્યગ્દર્શન અને રાગાદિથી બધાથી વિમુખ વૈરાગ્ય, એને અહીંયા શીલ કહેવામાં આવે છે.

એ '**બિના કેવલ જ્ઞાન હી સે મોક્ષ નહીં હૈ, રુદ્ર કુશીલ સેવન કરનેવાલા હુઆ, મનુપદ સે ભ્રષ્ટ હોકર કુશીલ સેવન કિયા ઈસલિયે નરક મેં ગયા, યહ કથા પુરાણોં મેં પ્રસિદ્ધ હૈ.**'

૩૧. '**આગે કહતે હૈં કિ શીલ કે બિના જ્ઞાની સે હી ભાવ કી શુદ્ધતા નહીં હોતી હૈ -**'

**जइ णाणेण विसोहो सीलेण विणा बुहेहिं णिद्दिट्ठो।**
**दसपुव्वियस्स भावो य ण किं पुणु णिम्मलो जादो।।३१।।**

'**અર્થ :- જો શીલ કે બિના જ્ઞાન હી સે વિસોહ અર્થાત્ વિશુદ્ધ ભાવ પંડિતોને કહા હો...**' ભગવાને શીલ વિના એકલા જ્ઞાનથી શુદ્ધતા, નિર્મળતા કહી હોય તો '**દશ પૂર્વ કો જાનનેવાલા જો રુદ્ર ઉસકા ભાવ નિર્મલ ક્યોં નહીં હુઆ,...**' ... અર્થમાં પણ દશ લે છે. ... એમ કહેવાય. માતાના પેટમાં રહે છે તો નવ-દસ મહિના રહ્યો એમ કહે. સવા નવ મહિના હોય તો દસ મહિના કહેવાય. નવ-દસ મહિના આવે છે. એ કહે.

મુમુક્ષુ :- સમ્યગ્દૃષ્ટિ હોય છે.

ઉત્તર :- દસ પૂર્વ હોય તો સમ્યગ્દૃષ્ટિ હોય છે અને ઓછું હોય તો મિથ્યાદષ્ટિ .. થઈ જાય છે. એમાં ઠીક પણ નિર્મળ પરિણામ ન થયા એમ કહેવું છે. નિર્મળ પરિણામનો અર્થ મિથ્યાત્વ અને રાગ-દ્વેષરહિતના વીતરાગી પરિણામ એને ન થયા. આહાહા..! આત્માનો સ્વભાવ જે વીતરાગ સ્વરૂપ આત્મા છે એનું અંતર દર્શન થતાં વીતરાગી પરિણામ થાય છે. અને રાગાદિથી વિરક્ત થતાં વૈરાગ્યના વીતરાગી ભાવ થાય છે. એને શીલ કહેવામાં આવે છે. આહાહા..!

એ '**શીલ કે બિના જ્ઞાન હી સે વિસોહ અર્થાત્ વિશુદ્ધ ભાવ પંડિતોને કહા હો...**' એના વિના પંડિતોને વિશુદ્ધ ભાવ કહ્યા નથી એમ કહે છે. '**દશ પૂર્વ કો જાનનેવાલા જો રુદ્ર ઉસકા ભાવ નિર્મલ ક્યોં નહીં હુઆ,...**' આહાહા..! '**ઈસલિયે જ્ઞાત હોતા હૈ કિ ભાવ નિર્મલ શીલ હી સે હોતે હૈં.**' ચૈતન્યના સ્વભાવની પવિત્રતાનો અનુભવ

એનાથી પવિત્ર પરિણામ થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? **'ઈસલિયે જ્ઞાત હોતા હૈ કિ ભાવ નિર્મલ શીલ હી સે હોતે હૈં.'** એવા જાણપણાના પલાખા શીખે .. માટે એના ભાવ નિર્મળ છે. એમ નથી એમ કહે છે. નિર્મળ ભાવ તો એને કહીએ કે ભલે પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું જ્ઞાન થોડું હોય, પણ સ્વભાવ સન્મુખની જેને સમ્યગ્દર્શન દશા પ્રગટ થઈ છે અને રાગથી વિમુખ થયેલો જે વીતરાગભાવ એને અહીંયા શીલ કહેવામાં આવે છે. આહાહા..!

રાગની એકતામાં નવ પૂર્વનું જ્ઞાન હોય તોપણ તેને કુશીલ કહેવામાં આવે છે. એટલે કે આ .. વાતું કરવી એ માને કે આપણા પરિણામ નિર્મળ છે-એમ નથી. આહાહા..! ભગવાન આત્મા... દેહ તો માટીનું આ પૂતળું જડ છે. માટી ધૂળ .. ચાલ્યા જાય. એ કાંઈ આત્મા નથી. આ તો માટી છે. અંદરના કર્મ જે છે આઠ કર્મ એ પણ જડ છે, માટી છે, ધૂળ ઝીણી છે. આ જાડી ધૂળ છે, ઓલી ઝીણી છે. અને દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ, કામ, ક્રોધના ભાવ એ વિભાવરૂપ મલિન પરિણામ છે. એ મલિન પરિણામનો જેને પ્રેમ છે, તેને સ્વભાવનો ધર્મ નથી. એ કુશીલિયો છે. ઓહોહો..! શુભરાગ છે એનો પણ જો પ્રેમ છે તો મિથ્યાદષ્ટિ કુશીલિયો છે એમ કહે. આહાહા..! માર્ગ બહુ બાપુ એવો. તરવાનો માર્ગ. ધર્મ માર્ગ કોઈ અલૌકિક વાત છે. લોકોએ બહારથી કલ્પ્યો છે ધર્મ. એ સામાયિક કરીને બેસે ને થઈ ગયો ધર્મ. પડિકમણું કર્યું સાંજ-સવારને થઈ ગયો ધર્મ. બાપુ! ધર્મ બાપુ ઝીણી ચીજ છે. વીતરાગ પરમેશ્વર તીર્થંકરદેવ કેવળજ્ઞાની ભગવાને જે ધર્મ કહ્યો એ બાપુ ઝીણી વાત છે. સમજાય છે કાંઈ? એ બધી સામાયિક ને પોષા ને પડિક્કમણા ને અપવાસ એમાં રાગની મંદતા કરી હોય તો શુભ છે અને એ શુભનો પ્રેમ છે તે મિથ્યાદષ્ટિ છે. એના પરિણામ મલિન છે.

**'ઈસલિયે જ્ઞાત હોતા હૈ કિ ભાવ નિર્મલ શીલ હી સે હોતે હૈં.'** જુઓ! નિર્મળ ભાવ તો શીલથી જ થાય. શીલ એટલે આ વીતરાગભાવ. વીતરાગભાવ એટલે પૂર્ણ શુદ્ધ ચૈતન્યઘનની દૃષ્ટિ થવી એ વીતરાગભાવ અને રાગના શુભરાગથી પણ વિરક્ત થવું એ વૈરાગ્યભાવ એ પણ વીતરાગભાવ છે. ઓહોહો..! આવો માર્ગ! કેટલાકે તો સાંભળ્યો પણ નહિ હોય. સામાયિક કરવી, પોષા કરવા, પડિક્કમણા કરવી. તસ્સ ઉતરી કરણેણં ... જિવીયા વહોરવિયા આવે છેને? તસ્સ મિચ્છામી દુક્કડમ લ્યો! અહીં તો કહે છે કે તારા તસ્સ મિચ્છામી દુક્કડમ લાખ કરોડ કરને, એ તો શુભરાગ છે. એ તાવકાયં ઠાણેણં માણેણં જાણેણં ને કાયોત્સર્ગ કરે એ પણ શુભરાગ છે. કેમ કે આત્મા તો હજી વિકલ્પની ક્રિયા વિનાની ચીજ છે. એ ચીજની સન્મુખ થઈને એનું સમ્યગ્દર્શન નથી એને આ બધા પરિણામ રાગના એ કુશીલિયા

છે. ભારે કામ આકરું! પંચ મહાવ્રત પાળે તોપણ કહે છે કુશીલિયો છે એ. મિથ્યાદૃષ્ટિ છે. એય..! શાંતિભાઈ! આવી વાતું ઝીણી બહુ. વીતરાગ પરમેશ્વર તીર્થંકર. આમ તો કહે ને મંગળિકમાં બોલે છેને સાંજ-સવાર નહિ? 'કેવળી પણ્ણંતો ધમ્મો શરણં.' ગાડા હાંકે રાખે કાંઈ ખબર ન મળે. અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં કહે છેને? 'કેવળી પણ્ણંતો ધમ્મો મંગલં.' પણ કેવળીએ પ્રરૂપેલો ધર્મ કહેવો કોને? .. જૈનમાં આવ્યા, ભગવાનનું નામ લઈએ, પૂજા કરીએ, ભક્તિ કરીએ, પોષા કરી એ જૈન ધર્મ. એ જૈનધર્મ નથી. એ તો પુણ્યભાવ છે. પુણ્યભાવ એ જૈનધર્મ નથી. એ ૮૩માં આવી ગયું છે. ૮૩માં. ભાવપાહુડ ૮૩.

પૂજા, વ્રત, અપવાસ એ ધર્મ નથી. એવો ધર્મ હોય તો એવું તો અનંતવાર કર્યું છે. આહાહા..! આઠ વર્ષની છોડી પણ સામાયિક કરી નાખે. એક પથરણે પાંચ કરે, આઠ કરે, દસ કરે એમાં શું છે? બેસી રહેવું. એમાં રાગની મંદતા કરી હોય તો પુણ્ય છે અને પાછું લેવા માટે કર્યું હોય કે આ વહેંચશે માટે આપણે આઠ સામાયિક કરો. બબ્બે રૂપિયા આપશે કે રૂપિયો આપશે. એ તો મિથ્યાત્વ છે. આહાહા..! કહે છે કે '**ભાવ નિર્મલ શીલ હી સે હોતે હૈં.**' આહાહા..!

'**ભાવાર્થ :- કોરા જ્ઞાન તો જ્ઞેય કો હી બતાતા હૈ,...**' જોયું! એ જ્ઞેયને બતાવે કે આ આ છે. આ આ છે. '**ઈસલિયે મિથ્યાત્વ કષાય હોને પર વિપર્યય હો જાતા હૈ,...**' જોયું! બે વાત લીધી. વિપરીત શ્રદ્ધા અને કષાય (એટલે) વૈરાગ્યનો અભાવ. એ '**મિથ્યાત્વ કષાય હોને પર...**' મિથ્યાત્વ નામ વિપરીત શ્રદ્ધા-એ રાગની ક્રિયા એ ધર્મ છે, એ પુણ્ય ક્રિયા એ જૈનધર્મ છે એવી માન્યતા તે મિથ્યાત્વ છે અને કષાય. રાગનો પ્રેમ છે એ કષાયભાવ છે. અનંતાનુબંધીનો. એવા '**હોને પર વિપર્યય હો જાતા હૈ,...**' એ જ્ઞાન ઊલટું થઈ જાય છે કહે છે. જ્ઞાન જણાવે વસ્તુને પણ આ મિથ્યાત્વસહિત છે તો જ્ઞાન ઊલટું થઈ જાય છે. '**અતઃ મિથ્યાત્વ કષાય કા મિટના હી શીલ હૈ,...**' દેખો! આહાહા..! દેહની ક્રિયા હું કરું, વાણીને હું બોલું, રાગનો ભાવ દયા, દાન, એ ધર્મ એ બધી માન્યતા મિથ્યાત્વ છે. મિથ્યાદર્શન શલ્ય છે. આહાહા..!

'**ઈસપ્રકાર શીલ કે બિના જ્ઞાન હી સે મોક્ષ કી સિદ્ધિ હોતી નહીં, શીલ કે બિના મુનિ ભી હો જાયે...**' દેખો! સમ્યગ્દર્શન વિના આત્માનું દર્શન જેને થયું નથી. આત્મા આનંદનો ધામ પ્રભુ નાથ, એનું જેને અંતર જ્ઞાનમાં જ્ઞેય બનીને એને પકડ્યો નથી, એને અનુભવ્યો નથી. એના વિના એ મુનિ થઈ જાય '**તો ભ્રષ્ટ હો જાતા હૈ.**' બહારમાં ભલે ટકી રહે પણ અંદર તો ભ્રષ્ટ થઈ જાય. આહાહા..! વીતરાગ તીર્થંકર પરમેશ્વર ત્રિલોકનાથનો ધર્મ આખી દુનિયાથી જુદી જાતનો છે. '**ઈસલિયે શીલ કો પ્રધાન જાનના.**' લ્યો! ..

જાણપણું હો અને ક્રિયા પણ રાગની મંદતાની પંચ મહાવ્રત આદિની હોય, પણ એ શીલ નહિ. શીલ તો ચૈતન્ય પૂર્ણાનંદ પ્રભુ ઈશ્વરસ્વરૂપ ભગવાન આત્મા. એ રાગની આડમાં પ્રભુ બિરાજે છે અંદર. આહાહા..! રાગની રુચિવાળા એની આડમાં એને ભગવાન આત્માનું માહાત્મ્ય આવતું નથી. આહાહા..! અહીં તો સમ્યગ્દર્શન ઉપર જોર છે.

'**શીલ કે બિના...**' એટલે સમ્યગ્દર્શન વિના, એ સમ્યગ્દર્શન કોને કહેવું એ લોકો માને કે દેવ-ગુરુ-ધર્મને માનીએ એ સમ્યગ્દર્શન, નવ તત્ત્વને માનીએ એ સમ્યગ્દર્શન. ધૂળેય નથી સમ્યગ્દર્શન. એ તો મિથ્યાદર્શન છે. આહાહા..! સમ્યગ્દર્શન તો આત્મા આનંદ અને પૂર્ણ શુદ્ધ છે એની સન્મુખ થઈને, એને જ્ઞેય બનાવીને, જ્ઞાનનો અનુભવ થઈને પ્રતીત થાય એને સમ્યગ્દર્શન કહે છે. આહાહા..! એની તો ખબર નથી. ભગવાનની શ્રદ્ધા અમારે ધર્મ. દેવ-ગુરુ-શાસ્ત્રને અમે માનીએ છીએ અમને સમકિત થયું. હવે એવું તો અભવિએ પણ અનંતવાર માન્યું. સાંભળને. કેમ ચીમનભાઈ? બધા એમ માનતા હતા કે નહિ? તમારા બાપ પણ એમ માનતા હતા. ધર્મ માનતા, ખબર છેને. આ ધર્મ છે. લક્ષ્મીચંદભાઈ, મગનભાઈ, રતિભાઈના બાપનું શું નામ? લક્ષ્મીચંદભાઈ. રતિભાઈ નહિ નથુભાઈ. નટુભાઈ એ તો હજી આવતા. અહીંયા બેસતા હતા. ખબર છેને.

અહીં તો કહે છે કે જ્યાં આગળ શાસ્ત્રનું જાણપણુ નવપૂર્વ જેટલું હોય અને નવમી ગ્રૈવેયક જાય એવા શુક્લલેશ્યાના ભાવ શુભભાવ હોય. જેને ચામડા ઉતરડીને ખાર છાંટે તોપણ ક્રોધ ન કરે. એવો શુભભાવ હોય. છતાં એ મિથ્યાદૃષ્ટિ છે. કારણ કે શુભરાગને જ એ ધર્મ માને છે. આહાહા..! એ શુભરાગની ક્રિયા એ ધર્મ. 'દયા ધર્મ કો મૂલ હૈ' એમ બોલે છેને? પહેલી દયા પાળવી એ ધર્મનું મૂળ છે. મિથ્યાત્વ છે.

'**શીલ કો પ્રધાન જાનના.**' અહીં તો એ કહે છે. આહાહા..! એ દયા નહિ, બાપુ! પરની દયાના ભાવ તો અનંતવાર કર્યા. એ તો શુભરાગ છે. એ પણ દયા પાળી શકતો નથી કાંઈ પરની. અહીં તો આત્માની દયા. આહાહા..! એનું જીવન જેટલું જેવડું છે. પૂર્ણ જ્ઞાન, પૂર્ણ આનંદનું જીવન એનું પૂર્ણ છે. એને એવો જીવતો માનવો એ આત્માની દયા કહે છે. આહાહા..! આવું એનું જીવન-વસ્તુસ્વરૂપનું જીવન. શુદ્ધ પૂર્ણ જ્ઞાન, દર્શન, આનંદ આદિથી ભરેલો એવું એનું જીવતર છે એટલે વસ્તુ છે એ તત્ત્વનું સત્ત્વ છે એવા તત્ત્વને ટકતું એવું જીવન છે એને અંતર અનુભવવું એ '**શીલ કો પ્રધાન જાનના.**' આવા શીલને પ્રધાન કહ્યો છે. આહાહા..! આ તો શરીરે બ્રહ્મચર્ય પાળ્યું, થઈ ગયું શીલ. શરીર તો જડ છે આ. એની ક્રિયા ન થઈ એ તો જડની થઈ. પણ તારામાં જે રાગ છે એ રાગની એકતાબુદ્ધિ એ જ વ્યભિચાર અને મિથ્યાત્વ છે. આહાહા..!

'આગે કહતે હૈં કિ યદિ નરક મેં ભી શીલ હો જાયે ઔર વિષયો મેં વિરક્ત હો જાયે તો વહાં સે નિકલકર તીર્થંકર પદ કો પ્રાપ્ત હોતા હૈ -'

**जाए विसयविरत्तो सो गमयदि णरयवेयणा पउरा।**
**ता लेहदि अरुहपयं भणियं जिणवड्ढमाणेण।।३२।।**

વર્ધમાન તીર્થંકર પરમાત્મા. આ ચોવીસમાં મહાવીર ભગવાન. ૨૫૦૦ વર્ષ પૂરા થયા છેને ભગવાનના. ૨૪.. ભગવાન. એ મહાવીર પરમાત્માનું નામ અહીં વર્ધમાન હતું. વર્ધમાન પરમાત્માએ એમ કહ્યું છે કે '**વિષયોં સે વિરક્ત હૈ...**' નરકમાં પણ જીવ વિષયથી વિરક્ત છે સમકિતી. આહાહા..! શ્રેણિક રાજા અત્યારે નરકમાં છે, પણ ક્ષાયિક સમકિતી છે. અંતરમાં રાગના વિષયથી વિરક્ત છે. આહાહા..! એને કાંઈ બાયડી, છોકરા નથી ત્યાં. વિષયથી વિરક્ત છે. છે? '**विसयविरत्तो**' એક આત્માના અંતર સ્વરૂપ તરફની દૃષ્ટિ થઈ છે અનુભવની, એથી એ પાંચ ઇન્દ્રિયના જે વિષયો છે એમાં રાગનો રસ જેને ઊડી ગયો છે, એ વિષય વિરક્ત કહેવામાં આવે છે. એ નરકમાં પણ આવા હોય છે એમ કહે છે. છે તો ચોથું ગુણસ્થાન એકલું. સમજાણું કાંઈ? એને શીલ કહ્યું. શ્રેણિક રાજા અત્યારે પહેલી નરકમાં છે. ચોર્યાસી હજાર વર્ષની સ્થિતિ. ત્યાંથી નીકળીને તીર્થંકર થવાના છે. પહેલા તીર્થંકર આવતી ચોવીસીના. તેથી શીલવાન છે ત્યાં. આહાહા..! શીલવાનની વ્યાખ્યા તો રાગના વિકલ્પ જે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, નામસ્મરણ એવો રાગ છે એનાથી તેની વિરક્ત બુદ્ધિ છે. રાગમાં રક્ત નથી. આહાહા..! અહીં ચૈતન્ય સ્વરૂપ જે વીતરાગ આનંદમાં એ રક્ત છે. આહાહા..! આવી વ્યાખ્યા!

'**વિષયોં સે વિરક્ત હૈ સો જીવ નરક કી બહુત વેદના કો ભી ગંવાતા હૈ...**' નરકની તીવ્ર વેદના પણ એને કમ થઈ જાય છે. આહાહા..! જેટલો અનંતાનુબંધીનો કષાય ગયો છે અને સમ્યગ્દર્શન થયું છે, મિથ્યાત્વનો ભાવ ગયો છે અને અનંતાનુબંધીનો કષાય ગયો છે, એથી એને વેદના નથી. આહાહા..! '**વિષયોં સે વિરક્ત હૈ...**' ત્યાં વિષયથી વિરક્ત .. સાધુને એવું નથી કાંઈ ત્યાં. વિષયથી વિરક્તની વ્યાખ્યા આટલી કે પાંચે ઇન્દ્રિયના વિષયો જે છે બધા તેના તરફના વલણનો રાગ, એનાથી તે રાગમાં રક્ત નથી, રાગથી વિરક્ત છે. એ વિષયથી વિરક્ત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એ વિષયથી વિરક્ત છે, પર તરફના રાગથી રક્ત નથી, વિરક્ત છે, .. છે કહે છે. આહાહા..!

'**સો જીવ નરક કી બહુત વેદના કો ભી ગંવાતા હૈ...**' તીવ્ર વેદના પણ એને થાય નહિ. આવી વ્યાખ્યા ભારે ભાઈ! નરકના જીવ હોય નારકી. આહાહા..! જેને જન્મતા સોળ રોગ. એને સૂવાના સ્થાન...નીચે આવી ગયું છે. કે શીતળ ઠંડી. ઓલી જે પડેને શિયાળામાં

હિમ... હિમ... શું કહેવાય? શિયાળામાં હિમ પડેને. એ હિમમાં આખા ઝાડ હોયને એ સુકાઈ જાય. એવી ગરમી પડે તો સુકાઈ જાય. એથી અનંતી હહિમની પીડા પહેલી નરકે છે. એમાં શ્રેણિક રાજાનો જીવ છે ત્યાં. પણ સમ્યગ્દૃષ્ટિ હતા, અને અહીં પણ સમ્યગ્દૃષ્ટિ છે. આહાહા..! જેને આત્મા શુદ્ધ ચૈતન્યનો સ્વીકાર થઈ ગયો છે અને રાગનો અસ્વીકાર થઈ ગયો છે. ચાહે તો ભગવાનની ભક્તિનો રાગ કે દાન-દયાનો રાગ હોય એ વ્રતનો, તપનો રાગ એ બધો રાગ એનો એને સમકિતીને અસ્વીકાર છે. એ ... આહાહા..! એવી વિરક્તતા તો નરકમાં પણ પહેલી નરકે. છેક સાતમી નરક સુધી. સાતમી નરકમાં સમકિતી છેને. આહાહા..! .. જાય ત્યારે નીકળી જાય. પણ આ તો તીર્થંકરની વાતું કે જેને સમ્યગ્દર્શન અપ્રતિહત હોય એમ.

શ્રેણીક રાજા સમકિત લઈને ગયા નરકે. નરકનું આયુષ્ય બંધાઈ ગયેલું પહેલા. લાડવે ઘી નાખ્યું હોય એ ઘી કાઢીને શીરો ન થાય. એમાંથી ઘી કાઢીને શીરો ન થાય, એમાંથી લોટ કાઢીને રોટલી ન થાય એ તો ખાધે છૂટકો. એમ જ્યાં આયુષ્ય બંધાઈ ગયું .. એ તો ત્યાં જાવું જ પડે. આહાહા..! તીર્થંકરગોત્ર જેણે બાંધ્યું છે. શ્રેણિક રાજાએ ભગવાનના સમીપમાં તીર્થંકરગોત્ર બાંધ્યું છે. આવતી ચોવીસીમાં પહેલા તીર્થંકર થશે. રાણીની કૂખે આવશે ત્યારે ઈન્દ્રો પહેલા માતાની સેવા કરવા આવશે. એ પ્રતાપ તો, કહે છે, સમ્યગ્દર્શન શીલનો છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન અને પરથી વિરક્તતાના ભાવ જેટલા કાંઈ રાગાદિની ક્રિયા કરે અને જાણપણા એ બધા નિરર્થક છે. આહાહા..! બહુ જાણપણું હોય તો દુનિયાને હજારો લોકોને રીઝવી દે. એ શું જ્ઞાન છે? કહે છે. તારો આત્મા રીઝ્યો નથી ત્યાં એ જ્ઞાન કહેતા નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'**विषयों से विरक्त है...**' વિષય ભોગવે તોપણ એ વિષયથી વિરક્ત હોય સમકિતી. છન્નું હજાર સ્ત્રીના વૃંદમાં ચક્રવર્તી હોય, છતાં અંતરમાં એ વિષયની વાસનાથી વિરક્ત છે. આહાહા..! સમ્યગ્દૃષ્ટિને એ વિષયની વાસના કાળા નાગ જેવી, રોગ જેવી લાગે, એમાં રક્ત નથી. આહાહા..! અજ્ઞાનીને વિષય-વાસનાનો રસ ચડે છે, રંજાઈ જાય છે એટલે રાગમાં રક્ત છે. આહાહા..! જ્ઞાની ભોગને કાળે પણ રાગમાં રક્ત નથી. આહાહા..! સમજાણું કાંઈ? અને અજ્ઞાનીએ ભોગ છોડ્યા હોય બહારમાં, તોપણ અંદરમાં રાગનો પ્રેમ છે તો એ વિષયથી વિરક્ત નથી, વિષયમાં રક્ત છે. આહાહા..! આ ... માને. બહારની પ્રવૃત્તિ, બહારના આ અમે છોડ્યા, આ અમે સાધુપણા લીધા, આણે દીક્ષા લીધી આટલાએ, બાળબ્રહ્મચારીએ દીક્ષા લીધી. ધૂળેય નથી દીક્ષા, દખ્યા છે કહે છે. દુઃખની ક્રિયા છે. એ રાગની ક્રિયા એ દુઃખ છે. આહાહા..!

અહીં તો કહે છે '**સો જીવ નરક કી બહુત વેદના કો ગંવાતા હૈ વહાં ભી અતિ દુઃખી નહીં હોતા હૈ...**' આહાહા..! કેમકે સમ્યગ્દર્શનનું ભાન છે અને અનંતાનુબંધીનો અભાવ છે. આહાહા..! '**અતિ દુઃખી નહીં હોતા હૈ ઔર વહાં સે નિકલકર તીર્થંકર હોતા હૈ...**' ત્રીજી નરક સુધીનો જીવ તીર્થંકર થાય. '**ઐસા જિન વર્ધમાન ભગવાન ને કહા હૈ.**' આચાર્ય પણ ભગવાનનું નામ લઈને કહે છે. ભાઈ! હું કહેતો નહોતો વીતરાગ પરમાત્મા કહે છે. વીતરાગ દેવ ચોવીસમા તીર્થંકર. ચોવીસમા તીર્થંકર અને ૨૪ લાખ થયા. એમ કહેતા હતા ભાઈ .. કહેતા હતા. એમ નથી કે આ ચોવીસ તીર્થંકર.. બિરાજમાન કર્યાને. ૨૪ લાખ. ૨૪ .. છેને? આ મંદિરમાં. અહીંયા તો કહે છે એ શ્રેણિક રાજા આદિ નીકળીને ત્યાંથી તીર્થંકર થશે એવું ભગવાને કહ્યું છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ સુદ ૪, સોમવાર તા. ૨૨-૦૭-૧૯૭૪**
**ગાથા - ૩૨ થી ૩૪, પ્રવચન - ૨૦૬**

શીલપાહુડ. ૩૨મી ગાથાનો ભાવાર્થ. ૩૨મી. ૩૨મી ગાથાનો ભાવાર્થ. '**જિનસિદ્ધાંત મેં...**' વીતરાગે કહેલા સિદ્ધાંતમાં '**ઐસે કહા હૈ...**' એમ કહ્યું છે '**કિ તીસરી પૃથ્વી સે નિકલકર તીર્થંકર હોતા હૈ...**' તીર્થંકર થવાના જીવ ત્રીજી નરકમાં હોય, એ ત્યાંથી નીકળીને તીર્થંકર થાય. '**યહ ભી શીલ હી કા માહાત્મ્ય હૈ. વહાં સમ્યક્ત્વ સહિત હોકર વિષયોં સે વિરક્ત હુઆ ભલી ભાવના ભાવે તબ નરક વેદના ભી અલ્પ હો જાતી હૈ...**' શું કહે છે? નરકમાં પણ આત્માને આશ્રયે જે સમ્યગ્દર્શન થયું એણે અંતરમાં પાંચ ઈન્દ્રિયના વિષયોથી અરુચિ થઈને રુચિનો નાશ કર્યો છે. એટલે પાંચ ઈન્દ્રિયના વિષયની વિરક્તતા છે. આત્મા પૂર્ણ સ્વરૂપ એની શ્રદ્ધા, એનું જ્ઞાન અને પાંચ ઈન્દ્રિયના વિષયની વિરક્તતા. એ શીલ. એનું નામ શીલ કહે છે. પુસ્તક છે કે નહિ સામે?

એ ત્રિકાળી વસ્તુનો સ્વભાવ એવો જે સત્‌નો અનુભવ થઈને પ્રતીત થઈ છે એથી પરતરફથી એની વિરક્તતા થઈ. સ્વભાવ શુદ્ધ ચૈતન્ય એમાં શીલમાં રક્ત થઈ તે રક્તતા અને રાગથી થઈ છે વિરક્તતા. એનું નામ શીલ કહે છે. એ શીલ નરકમાં પણ હોય છે

એમ કહે છે. સમ્યગ્દૃષ્ટિ શ્રેણિક રાજા અત્યારે નરકમાં છે. આવતી ચોવીસીમાં પહેલા તીર્થંકર થવાના. એનો પ્રતાપ ચૈતન્ય સ્વભાવમાં શીલને જેણે અનુભવ્યો, શીલ સ્વભાવ જે ચૈતન્ય પ્રભુ એનો જેને વર્તમાન પર્યાયમાં સ્વીકાર થયો, પૂર્ણ સ્વરૂપનો સ્વીકાર થયો, રાગથી એની વિરક્તતા થઈ. ત્યાં તો બાયડી, છોકરા, કુટુંબ નથી, ઘર પણ નથી. પણ આ પાંચ ઈન્દ્રિય તરફના વલણની રુચિ જે રાગ એનાથી તે અંતરમાં વિરક્ત છે. વૈરાગ્ય છે-અને સ્વભાવ તરફના અસ્તિની શ્રદ્ધાનું જ્ઞાન છે. એ જ્ઞાન અને વૈરાગ્ય બે થઈને શીલ કહેવામાં આવે છે. અહીં વૈરાગ્યને શીલ કહેશે. અંતરની વસ્તુ છે આ તો.

જેને ભગવાન ઈશ્વર પરમાત્મ સ્વરૂપના ભેટા થયા અંદરમાં. આહાહા..! દૃષ્ટિમાં દોલત નજરે પડી એમ કહે છે. આહાહા..! આત્માની દોલત જે અતીન્દ્રિય આનંદ અનંત, અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય કર્તાકર્મ આદિ એના સ્વભાવો એવું જે ચૈતન્યદળ નિધાન એવી જે નિજદોલત એ દૃષ્ટિમાં આવી અને એ દૃષ્ટિમાં આવી દોલતના ભાનથી એને પરવસ્તુ રાગાદિની સંપદાની વસ્તુ રહી ગઈ. આખી દુનિયાના ઈન્દ્રના ઈન્દ્રાસનો પણ જેને લૂખ્ખાં ભાસે છે. આહાહા..! એવું જે '**નરક વેદના ભી અલ્પ હો જાતી હૈ...**' એમ કહે છે. એક તો વસ્તુ સમ્યગ્દર્શનમાં સ્વવિષયને દૃષ્ટિમાં લીધો અને વૈરાગ્યમાં પરવિષયની રક્તતા છૂટી ગઈ છે. સમજાણું કાંઈ? આવો માર્ગ છે, ભાઈ! એમ માને, સર્વજ્ઞ પરમેશ્વર એટલી પરમેશ્વરતા પ્રગટ થઈ દશામાં એ બધી પરમેશ્વરતા આત્મામાં પડી છે. દરેક આત્મામાં છે. એવી પરમેશ્વરતાની સંપદા એવી આત્માની નિજસંપદા એને દૃષ્ટિમાં મળી, દૃષ્ટિથી પ્રાપ્ત થઈ, એથી એને રાગાદિમાં રાગમાં .. એમાંથી તેની દૃષ્ટિ ઉઠી ગઈ, વિરક્ત થયો. ભલે સાધુ ન થયો હોય, પણ અંતરમાંથી દૃષ્ટિની અપેક્ષાએ વિરક્ત થઈ ગયો છે. આહાહા..! સમજાણું કાંઈ?

એ '**વિરક્ત હુઆ ભલી ભાવના ભાવે...**' એને તો ત્યાં .. શુદ્ધસ્વરૂપ તરફ જવું, ઢળવું એવી એને ભાવના હોય. રાગ કરું અને રાગમાં રહું એવી ભાવના સમ્યગ્દૃષ્ટિને હોય નહિ. આહાહા..! સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન કોઈ અલૌકિક ચીજ છે. .. સાધારણને એ માની બેઠા છે. બાપુ! કોઈ અલૌકિક ચીજ છે. જ્યાં સમ્યગ્દર્શન પ્રાપ્ત થયું એને નિત્ય સ્વભાવ હાથ આવ્યો. નિત્ય સ્વભાવ હાથ આવ્યો છે. એથી બંધસ્વભાવ તરફ એની દૃષ્ટિ છે. સમજાણું કાંઈ? એથી નરકમાં પણ આનંદનો નાથ ભગવાન એના જેને અંતરમાં ભેટા થયા, ભાન થયું, 'આ સંપદા એ હું' એવી અંદર પ્રતીતિ, જ્ઞાન થઈને થઈ અને તેથી તેની રાગથી વિરક્તતા, એને રાગથી વિરક્તતાની જ ભાવના હોય. સ્વભાવમાં જવું-આવવું એની ભાવના હોય છે. સ્વભાવ તરફ જાવું ... અને રાગથી રક્ત થવું, વિરક્ત દૃષ્ટિથી છે. પણ અસ્થિરતાથી પણ વિરક્ત થાઉં એવી એની ભાવના સમ્યગ્દૃષ્ટિને નરકમાં પણ હોય છે. આહાહા..! એ

નરકની વેદના ન હોય. સાંભળી જાય નહિ એ વેદના પણ .. જ્યાં આત્માનો આશ્રય લઈને દર્શન થયા અને જેને પરના આશ્રયની વૃત્તિથી ઉદાસીન થયો, એ જીવને વેદના પણ ઉત્પન્ન ન થાય કહે છે. સમજાણું કાંઈ? છે?

**'ભાવે તબ નરક વેદના ભી અલ્પ હો જાતી હૈ.'** આહાહા..! વેદના તીવ્ર તો રાગની એકતા અને એ રાગ હું એવા મિથ્યાત્વમાં વેદના તીવ્ર હતી. ..ગમે ત્યાં હોય. આ વેદના હતી. એ વેદનામાંથી મિથ્યાત્વ વેદના ટળી ગઈ, સમ્યક્ વેદના પ્રગટી આત્માના આશ્રયે. અનંતાનુબંધીના કષાયની આકુળતાની વેદના એ ગઈ. અને એને ભાવના શુદ્ધમાં આનંદ શુદ્ધ કરું એવી એને ભાવના હોય છે. રાગ કરવાલાયક છે અને રાગ કરું એ દૃષ્ટિ ધર્મીને હોતી નથી. આહાહા..! આવો માર્ગ! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથના માર્ગનો આ માર્ગ છે ભાઈ! બીજે ક્યાંય છે નહિ. આહાહા..! એથી કહ્યું જૈન સિદ્ધાંતમાં ... વીતરાગ પરમેશ્વરે કહ્યા સિદ્ધાંતમાં એમ કહ્યું છે કે, આહાહા..! ત્રીજી નરકમાંથી પણ તીર્થંકર થાય. આહાહા..! એ તીર્થંકરગોત્ર તો અહીંથી બાંધીને ગયા છે, પણ ત્યાં આગળ પણ સમ્યગ્દર્શન અને રાગની વિરક્તતાની ભાવના લઈને વેદના ઓછી રહે છે અને શુદ્ધની ભાવનાની ભાવના રહે છે એ ત્યાંથી નીકળીને તીર્થંકર થાય છે. આહાહા..!

**'ઔર વહાં સે નિકલકર અરિહંતપદ પ્રાપ્ત કરકે મોક્ષ પાતા હૈ,...'** આહાહા..! જુઓ! આ ભગવાન આત્માની સંપદાની પ્રાપ્તિનું સ્થળ આ ધૂળની સંપદા. એય..! પૂનમભાઈ! ક્યાં ગયા? ...ધૂળની સંપદા પામીને તો કહે મમતા થાય છે. આહાહા..! જે એની નથી એની માન્યતા ત્યાં ઊભી થાય છે. શરીર, વાણી, લક્ષ્મી, આબરૂ, કીર્તિ જે આત્માના નથી, આત્માના નથી, એ મારા છે એવી માન્યતા મિથ્યાત્વની છે. આહાહા..! એની એને રાગની મિથ્યાત્વની તીવ્ર વેદના વેદે છે એ. એ દુઃખી છે એમ કહે છે. આહાહા..! પૈસાને લઈને નહિ, પૈસા મારા એવી માન્યતાને લઈને. અને પૈસા મારા એ ઉપરાંત તે મને લાભ કરશે એવી જે મમતા એનું એને વેદન છે. આહાહા..! ત્યારે નરકમાં રહેલા જીવ. આહાહા..! એને સગવડતાનો એક અંશ નથી બહારથી. શીતનો પીડાનો પાર નથી ભાઈ! એની શીતનો એક... અહીં લાવે તો એક યોજનના માણસ એ ઠંડીમાં મરી જાય. એટલી ઠંડી. ત્યાં અનંતવાર ગયો છે. અનંતભવમાં અનંતવાર ગયો છે. આ જે ગયો છે આત્મજ્ઞાન લઈને, આત્માનું દર્શન, એ સમકિત એટલે કે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કે નવ તત્ત્વની શ્રદ્ધા વ્યવહારની એ સમકિત નહિ. એને સમકિત ભગવાન કહેતા નથી. આહાહા..! ભગવાન તો એને સમ્યગ્દર્શન કહે છે. છેને? પૂર્ણ સ્વરૂપ ભગવાન આત્મા જેમાં પૂર્ણ ઈશ્વરતા, પૂર્ણ પરમેશ્વરતા, પૂર્ણ પ્રભુતા પડી છે. આહાહા..! એની પ્રભુતાની વાત શું કરવી? કહે છે. એવો જે ભગવાન

આત્મા એક એક ગુણની પ્રભુતાએ પૂરો છે કહે છે. એ અનંતાગુણની પ્રભુતાનો પિંડ એ છે આત્મા. એની સામું જેણે જોયું એને એ મળે. એની સામું જોવે એને મળે. જયંતિભાઈ! આ બીજી વાતું છે જગતથી. આહાહા..!

વીતરાગ તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ, એની આજ્ઞામાં તો આ આવ્યું છે. ભાઈ! નરકમાં ગયો સમ્યગ્દૃષ્ટિ. શ્રેણિક રાજા અત્યારે નરકમાં છે. પહેલી નરકે છે. ચોર્યાસી હજારની વર્ષની સ્થિતિ છે. અઢી હજાર વર્ષ ગયા છે. સાડી (હજાર વર્ષ) હજી બાકી છે. પણ ત્યાં આત્માના આનંદના રસમાં, એ આનંદના આત્માના રસમાં એ મશગુલ છે. આહાહા..! અને રાગાદિના ભાવથી અંતર આ નહિ... આ નહિ... એમ સહેજે નાસ્તિ થઈ ગઈ છે. સમજાણું કાંઈ? પૂર્ણ શુદ્ધ સ્વભાવના ભાનમાં અશુદ્ધતાની નાસ્તિ સહજ થઈ ગઈ છે એથી તે શુદ્ધતાની જ ભાવના ભાવે છે. આહાહા..! ભલે શુદ્ધતા આગળ વધી ન શકે ત્યાં, પણ ખ્યાલમાં તો આને ચૈતન્યમાં જઉં, ચૈતન્યમાં રહું, ચૈતન્યનો અનુભવ વેદન કરું વધારે. સમ્યગ્દૃષ્ટિની તો આવી ભાવના હોય છે. આહાહા..! એને લઈને ત્યાં વેદના પણ ઓછી દેખાય, ઓછું વેદાય અને ત્યાંથી નીકળીને તીર્થંકર થાય. જુઓ! આ શીલના માહાત્મ્ય અને શીલની કિંમત. આ શીલ હોં! આવું. આહાહા..!

**'ઐસા વિષયોં સે વિરક્તભાવ વહ શીલ કા હી માહાત્મ્ય જાનો.'** દેખો! જ્યાં ભગવાન પૂર્ણ આનંદ શાંત સ્વરૂપ છે. શાંત અને .. પૂર્ણ શાંતિનું ધામ આત્મા છે. પૂર્ણ આનંદનું ધામ પ્રભુ, પોતે પ્રભુ હોં! પૂર્ણ વીતરાગતાનું ધામ પ્રભુ. આહાહા..! પૂર્ણ સ્વચ્છતા, પૂર્ણ સ્વચ્છતાનું ધામ, એ સ્વચ્છતાનું સ્થાન પોતે. આહાહા..! એવા ભગવાને.. જણે પ્રાપ્ત કર્યા દૃષ્ટિમાં એની વિષયની વિરક્તતા ભાવ રહે છે એ શીલનું માહાત્મ્ય છે. આહાહા..! એને રાગ હોવા છતાં રાગ રાખવાની ભાવના નથી. સમજાણું કાંઈ? અને પૂર્ણ સ્વભાવ પ્રગટ્યો નથી સમ્યગ્દર્શનમાં હજી પૂર્ણ, પણ પૂર્ણને પકડ્યો છે એટલે પૂર્ણ તરફની જ એની વલણદશા છે. આહાહા..! આવો માર્ગ ભારે ભાઈ! લોકોને બહારનું ... પૂજા, ભક્તિ, વ્રત ને તપ ને એ ધર્મ અજ્ઞાનીએ માન્યો છે. એ તો બધા વિકલ્પ છે, રાગ છે. એ શુભભાવ છે, પુણ્ય છે, ધર્મ નહિ. આહાહા..!

વીતરાગ અરિહંત પરમેશ્વર ત્રિલોકનાથનો ઈન્દ્ર અને ગણધરોની હાજરીમાં ભગવાનનો આ હુકમ હતો. આહાહા..! ભગવાનનો આ આદેશ હતો. આહાહા..! ભાઈ! નરકમાં રહેલા જીવો ત્યાં વેદનાની .. કરો છે એ સ્વભાવની અનુભવની, રાગની વિરક્તતાના માહાત્મ્યને લઈને. આહાહા..! અને ત્યાંથી નીકળીને તીર્થંકર થાય છે એ શીલનું માહાત્મ્ય છે. શીલ એટલે આ. જ્ઞાનસ્વરૂપનું ભાન, પ્રતીત, પૂર્ણાનંદનો નાથ હું છું એવી પ્રતીત ભાનમાં. ભાનમાં

પ્રતીત. એકલી પ્રતીત નહિ. અને રાગનો વિકલ્પમાત્ર વર્તે શુભ હો, પણ એનાથી વિરક્ત પૂર્ણ ભાવના છે. એમાં રહેવાની ભાવના જ્ઞાનીને હોતી નથી. એ બધું શીલનું માહાત્મ્ય જાણો કહે છે. આહાહા..! ભારે વાત!

'**સિદ્ધાંત મેં ઈસપ્રકાર કહા હૈ...**' સિદ્ધાંતમાં આ પ્રકારે કહ્યું છે સમયસારમાં '**કિ સમ્યગ્દૃષ્ટિ કે જ્ઞાન ઔર વૈરાગ્ય...**' ... '**સમ્યગ્દૃષ્ટિ કે જ્ઞાન ઔર વૈરાગ્ય શક્તિ નિયમ સે હોતી હૈ,...**' આહાહા..! સમયસારમાં નિર્જરા અધિકારને ભગવાનનું ફરમાન છે કે સમ્યગ્દૃષ્ટિ છે. આહાહા..! આત્મા અખંડાનંદ પ્રભુ એનું જેને પ્રતીત, જ્ઞાનમાં જ્ઞેય તરીકે ભાન થયું એવો જે સમ્યગ્દૃષ્ટિ, એને જ્ઞાન અને વૈરાગ્ય-શક્તિએ ખીલી ગયો છે. પ્રગટ થઈ ગયો છે. આહાહા..! સ્વસ્વરૂપનું જ્ઞાન અને રાગની વિરક્તતા એ જ્ઞાન અને વૈરાગ્ય બે સામર્થ્ય ચોથે ગુણસ્થાને સમ્યગ્દૃષ્ટિ ચોથે અવિરત (દશા)માં. આ બે શક્તિઓ એને પ્રગટ થઈ ગઈ છે. સમજાણું કાંઈ? અને જે સાધુ થઈને બેસે બહારથી, અઠ્યાવીશ મૂળગુણ પાળે, પંચ મહાવ્રત પાળે, પણ અંદરમાં જેને રાગથી લાભ થાય, પુણ્યભાવથી લાભ થાય એવો જે મિથ્યાત્વભાવ છે એને સમ્યક્ ચૈતન્યનું ભાન નથી અને રાગથી વિરક્તતા નથી. રાગમાં રક્ત છે એ. આહાહા..! ભલે હજારો રાણી છોડીને સાધુ થાય, પંચ મહાવ્રત પાળે, પણ એ બધી રાગની ક્રિયા છે. અને એ અજ્ઞાની રાગમાં રક્ત છે. શાંતિભાઈ! આવી વાતું. વીતરાગ સિવાય ક્યાંય છે નહિ એટલે વીતરાગના માર્ગમાં એ પણ દિગંબર સંતના માર્ગમાં. આહાહા..! દિગંબર સંતો એ વીતરાગના થાંભલા, વીતરાગના સ્તંભ ધુરંધર, વીતરાગ ભાવને થંભાવી રાખે છે. જુઓને. છે મુનિ પણ વાત કરે છે ચોથા ગુણસ્થાનની. એ વીતરાગભાવ છે, ભાઈ! આહાહા..! ચોથે ગુણસ્થાને પણ સ્વભાવની શ્રદ્ધા એ પણ વીતરાગી પર્યાય છે અને રાગાદિ પુણ્યના પરિણામથી પણ એ ખસી ગયો છે એટલે એ વીતરાગભાવ છે. આહાહા..! અને અજ્ઞાની પંચ મહાવ્રત પાળે, નગ્નપણે રહે, બબ્બે મહિનાના સંથારા કરે. સંથારા સમજ્યા? છેલ્લું મરણ, પણ એને રાગથી, પુણ્યથી, ક્રિયાથી એને ધર્મ થાય છે એવી જેને દૃષ્ટિ એટલે મિથ્યાદૃષ્ટિ (છે એ) રાગમાં રક્ત છે અને વીતરાગભાવથી ખસી ગયો છે. આહાહા..! લાલચંદભાઈ! આવી વાતું છે. આહાહા..!

'**જ્ઞાન ઔર વૈરાગ્ય કી શક્તિ નિયમ સે હોતી હૈ,...**' સહજ સ્વભાવ એવો પ્રગટી ગયો છે કહે. હજી ચોથું ગુણસ્થાન હોં સમ્યગ્દર્શન. ભલે ચક્રવર્તીના રાજમાં પડ્યો હોય ભરત ચક્રવર્તી, સમકિતી. છન્નું હજાર રાણી, છન્નું કરોડ પાયદળ. આહાહા..! છતાં હું છું જ્યાં ત્યાં રાગ નથી અને રાગ જ્યાં છે ત્યાં હું નથી. એવી દૃષ્ટિ (કે) હું જે છું તેમાં સંસારમાં રાગ અને વિકલ્પ નથી અને જ્યાં વિકલ્પ રાગ છે ત્યાં હું નથી. આહાહા..! આટલો ભાવ

જેને સમ્યગ્દર્શનમાં વીતરાગભાવ પ્રગટ્યો છે એ શીલ છે. એનું શીલ અત્યારે આમાં આવ્યું. બ્રહ્મચર્ય એકલું શરીરથી પાળે એ નહિ. એ તો અનંતવાર પાળ્યા એણે તો. આહાહા..! એ તો શુભરાગ છે. શરીરથી બ્રહ્મચર્ય પાળે, સ્ત્રીને છોડે એ તો શુભરાગ છે, એ કોઈ નવી ચીજ બ્રહ્મચર્ય નહિ. આહાહા..! બ્રહ્માનંદ પ્રભુ આત્મા બ્રહ્મ, આનંદ સ્વરૂપ ભગવાન, એના બ્રહ્મ આનંદમાં રમવું, ઠરવું એનું નામ બ્રહ્મચર્ય છે. આહાહા..! સમજાય છે કાંઈ? જેનો રસ બહારથી ઉડી ગયો અને અંદરમાં રસ આવી ગયો છે. આહાહા..! રસનો અર્થ ...

કહે છે કે ધર્મી જીવને-સમ્યગ્દષ્ટિને આ જ્ઞાન અને વૈરાગ્ય બે નિશ્ચયથી-નિયમથી, બે ગુણ નિયમથી પ્રગટેલા હોય છે. આહાહા..! સમજાણું કાંઈ? એ '**વહી શીલ કા એક દેશ હૈ...**' વૈરાગ્ય કહ્યુંને? એ '**વહ વૈરાગ્ય શક્તિ વહી શીલ કા એક દેશ હૈ...**' આહાહા..! '**ઈસપ્રકાર જાનના.**' આ પ્રકારે વીતરાગે કહ્યું છે, પરમેશ્વરે કહ્યું છે એમ જાણવું. આહાહા..!

હવે કહે છે, ... સંકોચે છે કથનને હવે. થોડી ગાથા રહી છેને? ૩૨ થઈ ગઈ. હવે પછી શું વાંચવું એ વિચારે છે. કોઈ કહે કે પ્રવચનસાર વાંચવું, કોઈ કહે કે મોક્ષમાર્ગ (પ્રકાશક) વાંચવું. એય..! તમારે શું છે? .. ... ... આ લાગે છે. શાસ્ત્ર છેને. પ્રવચનસાર છેને. .. છે એ. શીલ બગડી ગયું. પ્રવચનસારની ... પ્રવચનસાર ...

'**આગે ઈસ કથન કા સંકોચ કરતે હૈં -**'

एवं बहुप्पयारं जिणेहि पच्चक्खणाणदरसीहिं।
सीलेण य मोक्खपयं अक्खातीदं य लोयणाणेहिं।।३३।।

'**અર્થ :- એવં અર્થાત્ પૂર્વોક્ત પ્રકાર તથા અન્ય પ્રકાર જિનકે પ્રત્યક્ષ જ્ઞાન દર્શન પાયે જાતે હૈં...**' ભગવાન કેવળજ્ઞાનીને તો પ્રત્યક્ષ જ્ઞાન અને દર્શન છે. ત્રણ કાળ ત્રણ લોક ભગવાનના જ્ઞાનમાં એક સમયમાં આવી ગયા છે. એવા પરમેશ્વર તીર્થંકરદેવ કેવળજ્ઞાની પ્રત્યક્ષ.. ભાષા એવી છેને. '**पच्चक्खणाणदरसीहिं**' પ્રત્યક્ષ જેને થઈ ગયું છે ત્રણ કાળ. આહાહા..! કોઈ કહે વર્તમાન પર્યાયથી નવી ચીજ જાણે... મૂઢ છો. આ તો '**पच्चक्खणाणदरसीहिं**'. આહાહા..! પ્રત્યક્ષ જેને ત્રણ કાળ ત્રણ લોક દ્રવ્ય, ગુણ અને પર્યાય એક સમયમાં જેને પ્રત્યક્ષ થઈ ગયું. ભૂતની પર્યાય ભવિષ્યમાં થશે અને ભૂતની થઈ ગઈ એ એના જ્ઞાનમાં તો છે. ભગવાનના જ્ઞાનમાં. પછી જણાય છે એમ નહિ... શક્તિ અહીં છે માટે ભવિષ્યનું જાણ્યું છે. એમ નહિ. ભગવાનનું જ્ઞાન તો પ્રત્યક્ષ છે. કહે છે જુઓને પ્રત્યક્ષ નથી. ત્રણ કાળ ત્રણ લોક પરમાત્મા અરિહંતદેવ તીર્થંકરદેવે એક સેકન્ડના અસંખ્ય ભાગમાં-એક સમયમાં જેણે પ્રત્યક્ષ બધું થઈ ગયું છે. આહાહા..! ... જાણ્યું એ તો પરોક્ષ છે... પ્રવચનસારમાં. ... આહાહા..! અરે! કેવળજ્ઞાનની પણ પ્રતીતિ થવી એ તો અલૌકિક વાત છે. એ એમ

માને કે ભગવાન છે એમ નહિ. પણ કેવળજ્ઞાન એક સમયના શું શક્તિ! એક ત્રણ કાળ અને ત્રિકાળી ભગવાનનો એક સમય એટલે ત્રિકાળીનો એક સમય. આ ત્રિકાળીને જાણે એક સમયમાં, ત્રિકાળી આને જાણે એક સમયમાં. એવા કેવળજ્ઞાનની પ્રતીતિ જેને સર્વજ્ઞ સ્વભાવી હું છું... આ તો એક સમયની પર્યાય છે, પણ હું તો સર્વજ્ઞસ્વભાવી ત્રિકાળ છું. એવા સર્વજ્ઞસ્વભાવની અનુભવમાં પ્રતીત થાય એને વાસ્તવિક કેવળજ્ઞાનની પ્રતીત થાય. આવી વાત છે. આહાહા..!

શું શબ્દ આચાર્યે વાપર્યો છે કે આ કહ્યું. ..ગાથાથી. અન્ય પ્રકાર પણ '**જિનકે પ્રત્યક્ષ જ્ઞાન દર્શન પાયે જાતે હૈં...**' ભગવાન અરિહંત પરમાત્મા તીર્થંકરદેવને તો પ્રત્યક્ષ જ્ઞાન દર્શન છે. .. કહેવાય છે. '**ઔર જિનકે લોક અલોક કા જ્ઞાન હૈ...**' .. એમ કહ્યુંને. '**જિનકે લોક અલોક કા જ્ઞાન હૈ ઐસે જિનદેવ ને કહા હૈ શીલ સે-અક્ષાતીત...**' એ શીલથી, ઇન્દ્રિયાતીત અતીન્દ્રિય સુખને, મોક્ષને પામે છે. આહાહા..! '**શીલ સે-અક્ષાતીત જિસમેં ઇન્દ્રિયરહિત અતીન્દ્રિય જ્ઞાન સુખ હૈ ઐસા મોક્ષપદ પાતા હૈ.**' આહાહા..! શીલ એ અતીન્દ્રિય સ્વભાવ છે. સમ્યગ્દર્શન, રાગની વિરક્તતા એ બધો અતીન્દ્રિય ભાવ છે. એવો શીલ હોવાથી અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય સુખની પૂર્ણતાને પામે છે એમ કહે છે. સમજાણું કાંઈ? ભારે સમજવું કઠણ. બહારથી આવું કહે કે આ વ્રત પાળો, બ્રહ્મચર્ય પાળો, દાન કરો, લીલોતરી ન ખાવી. એ સમજાય ખરું. એય..! ચીમનભાઈ! હવે આવી વાતું ભાઈ! બાપુ! માર્ગ તો આ છે, ભાઈ! બહારમાં ભરમાઈને ચાલ્યો ગયો છે. પતો નહિ ખાય ક્યાંય... આહાહા..! .. આ માણસપણામાં આવ્યા છે. આહાહા..!

કહે છે, ભગવાન ત્રણ લોકના નાથે એમ કહ્યું કે શીલ એટલે કે સ્વભાવ પૂર્ણાનંદનો નાથ એને અનુભવમાં પ્રતીતિ, એને રાગ હોવા છતાં તેમાં વિરક્તતા, રાગમાં રક્તતા જ્ઞાનીને ન રહે. જ્ઞાની રાગમાં રહ્યો નથી. આહાહા..! ધર્મી તો દ્રવ્ય, ગુણ અને પર્યાય શુદ્ધ એમાં રહેલો છે. સમજાણું કાંઈ? એ શુદ્ધ ચૈતન્યદ્રવ્ય, શુદ્ધ ગુણ અને શુદ્ધ નિર્મળ વીતરાગી પર્યાય, એ એનો સ્વ અને એ એનો સ્વામી. એ સ્વસ્વામી સંબંધ એવો એક આત્મામાં ગુણ છે. આહાહા..! સમ્યગ્દષ્ટિનું સ્વ શુદ્ધ ચૈતન્યદ્રવ્ય, શુદ્ધ ગુણ અને શુદ્ધ પર્યાય એનું સ્વ અને એનો એ સ્વામી. આહાહા..! એનો એ માલિક છે, એનો એ ધણી. આ પૈસા-બૈસાનો ધણી, કારખાના નહિ એમ કહે છે. વ્યવહાનો ધણી છે એમ છે નહિ. આહાહા..! ધણી તો પોતાની ચીજનો હોય કે પારકી ચીજનો ધણી હોય? રાગ સર્વથા આત્માનું સ્વરૂપ નથી. એમાં લક્ષ્મી, બાયડી, છોકરા તો પર રહી ગયા બહાર. એ તો એના થઈને રહેલા, જડ થઈને રહેલા છે એ. આત્મા એનો આત્મા થઈને રહેલો છે. એ તારા થઈને રહ્યા છે એ? આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એક સમયમાત્ર નહિ. ... કરી નાખ્યા, પાંચ, પચ્ચીસ, પચાસ વર્ષ પૈસા આબરૂ, મકાન, બાયડી, છોકરા.. આહાહા..! અરે..! ભગવાન! તારી ચીજ હોય એ તારામાં રહે. એ કાંઈ તારી ચીજ છે? એ જગતની ચીજ છે. આહાહા..! અજીવને અજીવ તરીકે માને એ અજીવને જીવ તરીકે મારી ચીજ છે એમ ન માને. એમ જીવને જીવ તરીકે માને, જીવ દ્રવ્ય શુદ્ધ અને ગુણ પર્યાય એને જીવ તરીકે માને. આહાહા..! પુણ્યના, દયા, દાનના ભાવમાં પણ આસ્રવ તરીકે માને, મારા જીવ તરીકે માને નહિ એ. ઓહોહો..! કહે છે, એ '**શીલ સે-અક્ષાતીત જિસમેં ઇન્દ્રિયરહિત અતીન્દ્રિય જ્ઞાન સુખ હૈ ઐસા મોક્ષપદ હોતા હૈ.**'

'**ભાવાર્થ :- સર્વજ્ઞદેવ ને ઈસપ્રકાર કહા હૈ કિ શીલ સે અતીન્દ્રિય જ્ઞાન સુખરૂપ મોક્ષપદ પ્રાપ્ત હોતા હૈ, અતઃ ભવ્યજીવ ઈસ શીલ કો અંગીકાર કરો,...**' આહાહા..! એ પૂર્ણ શુદ્ધ ચૈતન્યઘન આનંદનો નાથ એને આદરો, આહાહા..! એનો સત્કાર કરો, સ્વીકાર કરો, એ હું છું એમ આદરો. ભગવાનની આ આજ્ઞા છે. '**જ્ઞાન સુખરૂપ મોક્ષપદ પ્રાપ્ત હોતા હૈ, અતઃ ભવ્યજીવ ઈસ શીલ કો અંગીકાર કરો,...**' પૂર્ણ શુદ્ધ સ્વરૂપ સન્મુખ થાવ. અને રાગાદિથી વિમુખ થાવ. આહાહા..! દિશા ફેરવી નાખ. સ્વભાવથી વિમુખ છે અને રાગથી સન્મુખ છે એ દશા મિથ્યાત્વની છે. ભલે એ જૈન કહેવાતો હોય, સાધુ કહેવાતો હોય, પણ ચૈતન્ય ભગવાનથી જે વિમુખ છે અને રાગની ક્રિયા અને શરીરની ક્રિયાથી સન્મુખ છે એમ માનનારા મિથ્યાદૃષ્ટિ જીવો, આહાહા..! એ સ્વભાવથી વિમુખ છે. ધર્મી સ્વભાવથી સન્મુખ છે, એ રાગાદિથી વિમુખ છે. આહાહા..! આવો ધર્મ ભારે ભાઈ! પણ આ બાયડી, છોકરા નાખવા ક્યાં, પકડ્યા એને હવે? આહાહા..! .. શું થયું તારે? પાંચ-પાંચ છોકરા, છ-છ છોકરા હોય, ત્રણ-ચાર છોડીયું હોય. એ ૨૦-૨૦ વર્ષની થઈ હોય. .. શું કરવું? અજ્ઞાનીની ભ્રમણા છે બધી. હું આનું કરી શકું, હું આનું રાખી શકું, ભ્રમણા છે અજ્ઞાનીની. જ્ઞાનીને એ હૃદયમાં વાત હોતી નથી. આહાહા..! એને તો, મારો જ્ઞાન આનંદ સ્વભાવમાં પરનો તો ત્રણે કાળે અભાવ છે. રાગનો જ્યાં અભાવ છે ત્યાં પરની વાત શું કરવી? એવા શીલથી, એવા શીલના સ્વભાવથી ભગવાને '**ઉપદેશ કા આશય સૂચિત હોતા હૈ,...**' કે આ શીલનો અંગીકાર કરે.

'**બહુત કહાં તક કહે ઈતના હી બહુત પ્રકાર સે કહા જાનો.**' છેને? '**बहुप्पयारं जिणेहि**' થોડું કહ્યું ઘણું કરીને જાણજો. એમ કહે છેને? એમ વીતરાગદેવ થોડા શબ્દોમાં કહેલી વાત પૂર્ણ તરીકે જાણજો. બહુ એવી વાત. આખું પડખું ફેરવી નાખવું. બહારને પડખે

દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના પરિણામ મારા અને એ હું, એ મને લાભ કરે એ પડખું મિથ્યાત્વનું છે. આહાહા..!

'**આગે કહતે હૈં કિ ઈસ શીલ સે નિર્વાણ હોતા હૈ ઉસકા બહુત પ્રકાર સે વર્ણન હૈ વહ કૈસે?**'

**सम्मत्तणाणदंसणतववीरियपंचयारमप्पाणं।**

**जलणो वि पवणसहिदो डहंति पोरायणं कम्मं।।३४।।**

આહાહા..! એને ચારિત્ર નથી .. સમ્યગ્દર્શનમાં .. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, વીર્ય અને એ તપ. દર્શન એટલે દેખવું. દર્શન દેખવું છે. તપમાં.. એને સમકિતનું ચારિત્ર નથી અર્થમાં. સમકિતનું ચારિત્ર નથી.

'**અર્થ :- સમ્યક્ત્વ, જ્ઞાન, દર્શન, તપ, વીર્ય -...**' એ ચારિત્રથી ભિન્ન ચીજ છેને. ' **એ આત્મા કા આશ્રય પાકર...**' અહીં વિશેષ વાત છે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ અને વીર્ય, એવી જે દશા-પર્યાય એ આત્માનો આશ્રય પામીને મુક્તિનું કારણ થાય છે. એના એ પાંચ આચાર પરનો આશ્રય પામીને પુણ્યબંધનું કારણ કરે છે એમ કહે છે. સમજાણું કાંઈ? '**પંચ આચાર હૈં વહ આત્મા કા આશ્રય પાકર...**' એ પાંચ નિર્મળ પર્યાયને ભગવાન આત્માનો આધાર છે. આશ્રય આત્માનો છે. આહાહા..! જે જ્ઞાન સમકિત ચારિત્ર અને તપ, વીર્ય આત્માનું ત્રિકાળી .. એ અહીં નાખ્યું છે. .. ભાઈ! જયચંદ પંડિતે. આત્માનો શુદ્ધ સ્વભાવ તે શીલ, એટલું. ...

મૂળ તો એમ કહેવું છે કે જે આત્મા વસ્તુ છે એમાં પાંચ પર્યાય જે છે એને આશ્રય મળે, આશ્રય હોય તો તે મોક્ષનું કારણ થાય. અહીં તો જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, આચાર વ્યવહાર તે મોક્ષ. પરના આશ્રયે શાસ્ત્રનું જ્ઞાન, ભગવાનની શ્રદ્ધા, પંચ મહાવ્રતના ભાવ એ બધો પરાશ્રિતભાવ એ તો બંધનું કારણ છે. એમ કહ્યું છે. કેમકે આચારમાં આત્માનો આશ્રય મળે તે ... આત્માના આશ્રય છે તેને પુણ્ય કહેશે. જ્યાં અગ્નિ હોય ત્યાં ... વધારે. આહાહા..! આત્માનો સ્વભાવ એ પરમ સ્થાને અને પાંચ પર્યાય આચાર એ અગ્નિ સ્થાને. એ પાંચ પર્યાય આત્માના સ્વભાવનો આશ્રય મળે તો કર્મનો નાશ કરે. સમજાણું કાંઈ?

સમ્યકૃત્વ એટલે આત્માનો આશ્રય થયેલી દૃષ્ટિ, સમ્યગ્જ્ઞાન-આત્માને આશ્રયે થયેલું જ્ઞાન, દર્શન-ઉપયોગ, તપ-ઈચ્છા નિરોધ અમૃત સ્વરૂપ ભગવાન આત્માની દશા એ આત્માને આશ્રયે થઈ. અને વીર્ય. પુરુષાર્થ જે થયો એ પણ આત્માને આશ્રયે થયો છે. એવા પંચાચાર એ આત્માને આશ્રયે પામીને '**પુરાતન કર્મબંધ કો દગ્ધ કરકે...**' એમ બાળે છે. '**જૈસે કિ પવન સહિત અગ્નિ પુરાને સૂખે ઈંધન કો દગ્ધ કર દેતી હૈ.**' એટલે સૂકા લાકડાં

સમકિતી જેવા છેને? .. સુકા લાકડા એમ કહે છે. આહાહા..! વાત છે એ કર્મના નાશનો ઉપાય અથવા અશુદ્ધતાના ભાવના અભાવનો ઉપાય એ તો ભગવાન આત્માના આશ્રયે જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તપ થાય એવો .. આશ્રય. બાકી આત્માનો જ્યાં આશ્રય મળ્યો નથી અને બીજા .. હો, એ તો મૂઢનું કામ છે. એ શીલ નહિ એમ કહે છે. શીલ તો જેને આત્માનો સ્વભાવ ભળે. આહાહા..! જેમાં આત્માનો આશ્રય મળે એને શીલ કહીએ, એ શીલ મોક્ષનું કારણ છે. એને શીલ કહ્યું. આ જ્ઞાન આચાર ને દર્શન આચાર પાળે છેને વ્યવહાર? .. ન કરે, નિર્જરા ન કરે, એ તો બંધનું કારણ છે. ભારે ભાઈ! પંચ મહાવ્રત પાળે એ બંધનું કારણ છે, પરનો આશ્રય છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પાળવાનું ત્યાં વ્યવહારે કહેવાય છે. .. કહેવાય. પાળે તો આત્માને પાળે. પરચીજ છે એ તો. ખરેખર તો મુનિપણું તો શુદ્ધ ઉપયોગને વિકાસ કરે એને મુનિપણું કહીએ. મોક્ષમાર્ગ પ્રકાશકમાં લીધું. આ પ્રવચનસારમાં આવશે. આચાર્ય, ઉપાધ્યાય, સાધુ એને કહીએ કે જેને શુદ્ધ-પરમ શુદ્ધ ઉપયોગ પ્રગટ્યો છે. શુભરાગ પંચ મહાવ્રતનો .. લીધો છે એમ નહિ. આહાહા..! મોક્ષમાર્ગ પ્રકાશકમાં એમ લીધું. આહાહા..! બહુ ફરી ગઈ વાત આખી. શું કહે છે? ... એ તો આ ... આચાર્ય, ઉપાધ્યાય, સાધુ. .. સમસ્ત પરદ્રવ્યસ્વરૂપ. જેને વસ્ત્રનો ધાગો ન હોય, નગ્નદશા હોય બહાર અને શુદ્ધ ઉપયોગ મુનિધર્મ અંગીકાર કરી. શુદ્ધ ઉપયોગરૂપ મુનિધર્મ અંગીકાર. મોક્ષમાર્ગપ્રકાશરમાં ટોડરમલજીએ બહુ કામ કર્યું છે. શાસ્ત્રના રહસ્યને ખોલ્યા છે. લોકોને ન દેખે એટલે .. મોક્ષમાર્ગપ્રકાશક. અહીંયા તો સિદ્ધાંતમાં છે એ વાતને એણે ખોલી. ... અને પ્રવચનસારમાં એમ છે કે પરમ શુદ્ધ ઉપયોગ એવા જે આચાર્ય, ઉપાધ્યાય, સાધુ એમાં એકદમ ન સમજે. .. કે શુદ્ધ ઉપયોગરૂપ મુનિધર્મ. મુનિધર્મ એ શુદ્ધ ઉપયોગ. પંચ મહાવ્રત એ મુનિધર્મ નથી. આહાહા..! આવી વાતું છે. આ તો વીતરાગમાર્ગ છે ભાઈ! રાગ નથી, અવકાશ નથી કે એનાથી લાભ થાય. હો એ જુદી વાત છે, એનું જ્ઞાન કરાવ્યું છે. આ મોક્ષમાર્ગપ્રકાશક. વિરાગી મુનિ વૈરાગ્ય ઉદાસ.. ઉદાસ.. .. બધાથી ઉદાસ. સમસ્ત પરિગ્રહ છોડી. જેને વસ્ત્રનો ધાગો પણ ન હોય. તલતુષમાત્ર પણ પરિગ્રહ ન હોય એને બહારમાં. તલતુષમાત્ર પરિગ્રહ રાખે અને મુનિ મનાવે નિગોદમાં જાશે એમ કહ્યું. એને માનનારા મુનિને માને એ પણ નિગોદમાં જાશે. કુંદકુંદાચાર્યે કહ્યું. આહાહા..!

કહે છે, શુદ્ધ ઉપયોગ રૂપ મુનિધર્મ અંગીકાર કરી ... અંતરંગમાં તો એ શુદ્ધ ઉપયોગને પોતે પોતાને અનુભવે છે. ભાષા જુઓ! મુનિ એને કહીએ, આચાર્ય એને કહીએ ... ઉપાધ્યાય એને કહીએ એ પદ તો પરમેશ્વર પદ છે. કહે છે કે શુદ્ધ ઉપયોગરૂપી મુનિધર્મ. એ વ્યવહાર

પંચ મહાવ્રતને મુનિધર્મ અહીંયા ન કહીએ. આવે છે, હોય છે. પણ શુદ્ધ ઉપયોગરૂપ મુનિધર્મ અંગીકાર કરી અંતરંગમાં તો એ શુદ્ધ ઉપયોગ પોતે પોતાને અનુભવે છે. પરદ્રવ્યને .. ભાવતા નથી. પોતાના જ્ઞાનાદિ સ્વભાવને પોતાના માને છે. જોયુંને! આ વ્યવહાર રત્નત્રયના રાગને પોતાના માનતો નથી. આહાહા..! કહો, ચેતનજી! છે તમારી પાસે? .. માર્ગ છે. મોક્ષમાર્ગ પ્રકાશકમાં ટોડરમલજી જેવા .. મૂક્યા છે અહીંયા. મુનિધર્મ તો એને કહીએ બાપા! મુનિધર્મ એટલે પરમેશ્વર થયો. પરમેષ્ઠી છેને.

.. મુનિ કરતા નથી. પરદ્રવ્યને તો એના સ્વભાવરૂપ જ્ઞાનમાં પ્રતિભાસે. જોયું! .. એ તો જ્ઞાનનો સ્વભાવ છે એને જાણે. પરંતુ ઈષ્ટ-અનિષ્ટ ... એટલે રાગદ્વેષ કરતા નથી. આહાહા..! શરીરની અનુકૂળતા એ નહિ. ... પોતાને યોગ્ય બાહ્ય ક્રિયા જેમ બનવી હોય એમ બને. કારણ કે એ સમકિત પામીને કરતા નથી. માળે કેટલું સ્પષ્ટ છે! આ ટોડરમલ. એ તો આચાર્ય કલ્પ છે એમ કહે છે. મુનિની વાત છે. શુદ્ધ ઉપયોગ આવે કહે છે. કદાચિત્ મંદરાગના ઉદયથી શુભ ઉપયોગ થાય, એ શુભ ઉપયોગને બાહ્ય સાધન અંગીકાર કરે, પરંતુ એ રાગભાવને પણ હેય જાણે છે. હેય જાણીને દૂર કરવા ઈચ્છે છે. આહાહા..! આ તો મોક્ષમાર્ગ પ્રકાશક છે. '**વૈસે હી દગ્ધ કરતે હૈં જૈસે કિ પવન સહિત અગ્નિ પુરાને સૂખે ઈંધન કો દગ્ધ કર દેતી હૈ.**'

'**ભાવાર્થ :- યહાં સમ્યક્ત્વ આદિ પંચ આચાર તો અગ્નિસ્થાનીય હૈં...**' પંચ આચાર .. દર્શન-જ્ઞાન-ચારિત્ર તપ ને વીર્ય '**આત્મા કે ત્રૈકાલિક શુદ્ધ સ્વભાવ કો શીલ કહતે હૈં,...**' ભાઈએ એટલું મૂક્યું છે જયચંદ પંડિતે. આત્માના શુદ્ધ સ્વભાવનું શીલ એટલું છે. મૂળ તો એમ છે કે આત્માના શુદ્ધ સ્વભાવ જે ત્રિકાળ છે એ શીલ છે. અને એને આશ્રયે પ્રગટદશા થાય એ શીલ છે. ત્રિકાળી વસ્તુ ભગવાન પૂર્ણ શુદ્ધ છે એ શીલ છે. એનાથી શીલ પ્રગટ થાય એમ કહે છે. એને આશ્રયે પ્રગટ થાય છે. પ્રાયશ્ચિત નથી લીધું નિયમસારમાં? પ્રાયશ્ચિત છે તે પ્રાયશ્ચિત સ્વરૂપ જ છે, ચૈતન્ય સ્વરૂપ. એને આશ્રયે પર્યાય પ્રગટ થાય છે. આહાહા..!

'**સમ્યક્ત્વ આદિ પંચ આચાર તો અગ્નિસ્થાનીય હૈં...**' કેમ? કે જે ચૈતન્યના દ્રવ્યસ્વભાવને આશ્રયે પ્રગટ્યું .. એનો આત્માનો ત્રણે કાળનો શુદ્ધ સ્વભાવ તે શીલ કહીએ. '**યહ આત્મા કા સ્વભાવ પરમસ્થાનીય હૈ...**' લ્યો! એ પર્યાયમાં અગ્નિપણું પ્રગટ્યું, પણ એમાં આત્માનો આશ્રય મળ્યો એટલે પૂર્ણ થયું એટલે અગ્નિ ઝળહળ બળી અને કર્મને બાળે છે. આહાહા..! આવી વાતું ભાઈ! કુંદકુંદાચાર્યને કથનને ... છેને આમાં જુઓને. '**આત્મા કા સ્વભાવ પરમસ્થાનીય...**' એમાં એ પાંચ છે તે અગ્નિસ્તંભ છે. આહાહા..! '**આચારરૂપ**

**અગ્નિ ઔર શીલરૂપી પવન કી સહાયતા પાકર પુરાતન કર્મબંધ કો દગ્ધ કરકે...'** આહાહા..! કહેવાનો આશય તો એ છે કે જે જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્ય પાંચ આચાર-નિર્વિકલ્પ વીતરાગી પર્યાય એ આત્માને આશ્રયે પ્રગટેલી છે એ પર્યાય મોક્ષનું કારણ છે. એ શીલ છે શીલ. એ શીલ છે. એકલા પંચ મહાવ્રત આદિ એ શીલ નહિ. સમજાણું? આહાહા..! કેવો અધિકાર છે જુઓને!

ત્રિકાળી આત્માનો સ્વભાવ શુદ્ધ જે છે તે શીલસ્વરૂપ છે. એ ત્રિકાળી છે. એનો આશ્રયે જે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ અને શીલ છે એ અગ્નિપણું છે. એને ... મળ્યો એટલે આશ્રય મળ્યો એટલે પવિત્રતા થઈ. એ પવિત્રતાથી કર્મને બાળે છે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? **'પવનકી સહાયતા પાકર પુરાતન કર્મબંધ કો દગ્ધ કરકે આત્મા કો શુદ્ધ કરતા હૈ, ઈસપ્રકાર શીલ હી પ્રધાન હૈ.'** અહીં તો ભગવાન આત્માના ચૈતન્ય સ્વભાવના આશ્રયથી પ્રગટેલી દશા એ વસ્તુ શુદ્ધ અને એની પર્યાય પણ શુદ્ધ એની અહીં પ્રધાનતા છે. પ્રધાન એટલે મુખ્યતા. **'પાંચ આચારોં મેં ચારિત્ર કહા હૈ ઔર યહાં સમ્યક્ત્વ કહને મેં ચારિત્ર હી જાનના, વિરોધ ન જાનના.'** એ પાંચ આચાર અંતરના દ્રવ્યના સ્વભાવથી પ્રગટે એ મોક્ષનું કારણ અને સમભાવનું કારણ છે. એકલા આત્માના આશ્રય વિના વ્યવહાર જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ ને વિકલ્પ એ બધા કર્મ બંધના કારણ છે. એમ અહીં સિદ્ધ કરવું છે. વિશેષ કહેશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)



: પ્રકાશક :

**શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ**

વિલે પાર્લા, મુંબઈ.

www.vitragvani.com